# ગુરુકહાન । દૃષ્ટિમહાન



આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના
દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો

## ભાગ-૧૩

: પ્રસ્તુતકર્તા :

**શારદાબેન કિશોરભાઈ શાહ**
મુંબઈ

सर्वज्ञ वीतरागाय नमः।

# ગુરુ કહાન : દૃષ્ટિ મહાન

## (ભાગ–૧૩)

**આધ્યાત્મિક સત્પુરુષ શ્રી કાનજીસ્વામીના**
**દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો**


-: સંકલનકાર :-

**જિતુભાઈ નાગરદાસ મોદી**

(નિવૃત્ત સંપાદક : આત્મધર્મ)


**પ્રશમ જિતુભાઈ મોદી**


**નોંધ : આ પુસ્તક પ્રિન્ટીંગ કરવામાં આવેલ નથી.**
**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**


-: પ્રકાશક :-

**શારદાબેન કિશોરભાઈ શાહ**

**મુંબઈ**



ભરતક્ષેત્રના મહાસમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

# અર્પણ

જેઓ વર્તમાનયુગમાં ક્રમબદ્ધપર્યાયનો શંખનાદ કરનાર તરીકે જૈનજગતમાં પ્રસિદ્ધ છે; જેઓ જૈનજગતમાં સમયસારના પ્રખર પ્રચારક તરીકે મશહૂર છે; જેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જનહાર છે; જેઓએ શાસ્ત્રોના શબ્દોમાં છૂપાયેલા આચાર્યોના ગૂઢ ભાવોને ખોલવાની અદ્‌ભુત શક્તિ વડે ભવ્યજીવો ઉપર વચનાતીત પરમ ઉપકાર કર્યો છે; જેઓની શીતળ છત્રછાયામાં ૫૭ વર્ષ સુધી સોનગઢમાં જીવન વીતાવવાનું પરમ સૌભાગ્ય અમારા પિતાશ્રીને પ્રાપ્ત થયું હતું તે અસીમ કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ ધર્મપિતા પૂજ્ય ગુરુદેવશ્રીને તેમના જ દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનોના અમૂલ્ય ખજાનામાંથી ચૂંટેલાં ૨૫ પ્રવચનનાં સંકલનરૂપ આ 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન' ભાગ-૧૨ અર્પણ કરતાં અમે જીવનની ધન્યતા અનુભવીએ છીએ.

–સંકલનકાર

# * શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ *

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો! ગુરુ કૂહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના!
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)


હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે, પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં–અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી!


પુરુષાર્થ પ્રેરણામૂર્તિ પૂજ્ય
સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી
## (સંપૂર્ણ જીવન-દર્શન, સંક્ષિપ્તમાં)

એવા એ કળિકાળમાં જગતનાં કંઈ પુણ્ય બાકી હતાં,
જિજ્ઞાસુ હૃદયો હતાં તલસતાં સદ્‌વસ્તુને ભેટવા;
એવા કંઈક પ્રભાવથી ગગનથી ઓ કૂહાન ! તું ઊતરે,
અંધારે ડૂબતાં અખંડ સત્‌ને તું પ્રાણવંતું કરે.

વર્તમાન ચોવીસીના પ્રથમ તીર્થંકરદેવના પૂર્વના ભોગભૂમિના એક ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઊતરે છે. અંતિમ તીર્થંકરદેવના પૂર્વના સિંહના ભવમાં, સમ્યક્‌ત્વપ્રાપ્તિની તેમની કાળલબ્ધિ પાકતાં, ગગનમાંથી બે-બે મુનિરાજ ઘોર જંગલમાં ઊતરે છે. ઉપાદાન તૈયાર થતાં જાણે કે નિમિત્તને સ્વયં હાજર થવું પડે છે—તે ન્યાયે, લાખો ભવ્ય જીવોની તત્ત્વજિજ્ઞાસા-તૃપ્તિનો કાળ પાકતાં, સીમંધરસભામાં દેશનાનું શ્રવણ-પાન કરીને સ્વર્ગે જવા સક્ષમ એવા રાજકુમારનો જીવ, જાણે કે ભવિજન ભાગ્યવશ પોતાનો માર્ગ બદલીને, ગગનમાંથી અહીં ભરતભૂમિમાં ઊતર્યો !

ભગવાન શ્રી મહાવીરસ્વામી દ્વારા સમુપદિષ્ટ તથા આચાર્યશિરોમણિ શ્રીમદ્‌ ભગવત્કુંદકુંદાચાર્યદેવ તેમજ શ્રીમદ્‌ અમૃતચંદ્રાચાર્યદેવ આદિ નિર્ગ્રંથ દિગંબર સંતો દ્વારા શાસ્ત્રમાં સુરક્ષિત વીતરાગમાર્ગ જ્યારે રૂઢિચુસ્ત સાંપ્રદાયિકતાની દેહાશ્રિત બાહ્યક્રિયા અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનશૂન્ય ભક્તિમાર્ગના અંધકારમાં ડૂબી રહ્યો હતો એવા કળિકાળમાં, વીતરાગમાર્ગના અખંડ સત્‌ને પ્રાણવંતું કરવા ભારતદેશના ગુજરાત રાજ્યમાં ભાવનગર જિલ્લાના ઉમરાળા ગામમાં સ્થાનકવાસી સંપ્રદાયના દશાશ્રીમાળી પરિવારના શ્રેષ્ઠીવર્ય પિતાશ્રી મોતીચંદભાઈ ગીગા કુરા ગાંડાણીના ઘેર, માતા ઉજમબાની કૂંખે, વિક્રમ સંવત ૧૯૪૬ના વૈશાખ સુદ બીજ, તા. ૨૧-૪-૧૮૯૦, રવિવારે વહેલી સવારે તેજસ્વી કહાનસૂર્યનો ઉદય થયો.

સાત વર્ષની ઉંમરે નિશાળમાં લૌકિક શિક્ષા લેવાનું શરૂ કર્યું. દરેક વસ્તુના હાર્દ સુધી પહોંચવાની તેજસ્વી બુદ્ધિપ્રતિભા, મધુરભાષીપણું, શાંતસ્વભાવ, ગંભીર મુખમુદ્રા તથા જતું કરવાનો સ્વભાવ હોવાથી બાળ 'કાનજી' શિક્ષકોમાં તથા વિદ્યાર્થીઓમાં પ્રિય થઈ ગયા.

નિશાળમાં તથા જૈન પાઠશાળાના અભ્યાસમાં પ્રાયઃ પ્રથમ નંબર આવતો, પરંતુ નિશાળના લૌકિક અભ્યાસથી તેમને સંતોષ થયો નહિ અને ઊંડે ઊંડે એમ લાગતું કે હું જેની શોધમાં છું તે આ નથી.

તેર વર્ષની ઉંમરે માતુશ્રીના અવસાનથી પિતાજી સાથે પાલેજ જવાનું થયું. ચાર વર્ષ બાદ પિતાજીનો સ્વર્ગવાસ થતાં સત્તર વર્ષની ઉંમરે ભાગીદાર સાથે વેપારમાં જોડાયા.

વ્યાપારની પ્રવૃત્તિ વખતે પણ તેઓ જરા પણ અપ્રમાણિકતા ચલાવી લેતા નહિ. સત્યનિષ્ઠા, નીતિમત્તા, નિખાલસતા અને નિર્દોષતાથી તેમનું વ્યાવહારિક જીવન સુગંધિત હતું; તે સાથે તેમનો આંતરિક વ્યાપાર અને ઝુકાવ તો સતત સત્યની શોધ તરફ જ હતો. દુકાનમાં પણ ધાર્મિક પુસ્તકો વાંચતા. વૈરાગી ચિત્તવાળા કહાનકુંવર રાત્રિના રામલીલા કે નાટક જોવા જતાં ત્યારે તેમાંથી વૈરાગ્યરસનું ઘોલન કરતાં જેના ફળસ્વરૂપે સત્તર વર્ષની ઉંમરે ઉજ્જવળ ભવિષ્યની આગાહી કરતાં બાર લીટીના કાવ્ય–'શિવરમણી રમનાર તું, તું હી દેવનો દેવ.'–ની રચના કરી હતી.

ઓગણીસ વર્ષની ઉંમરથી તો રાત્રિના આહાર, પાણી તથા અથાણાંનો ત્યાગ કર્યો હતો. સત્યની શોધ માટે, દીક્ષા લેવાના ભાવથી ૨૨ વર્ષની યુવા વયે દુકાનનો પરિત્યાગ કર્યો અને ગુરુ પાસે આજીવન-બ્રહ્મચર્ય વ્રત અંગીકાર કર્યું હતું. પછી ૨૪ વર્ષની વયે (વિ.સં. ૧૯૭૦) જન્મનગરી ઉમરાળામાં ૨૦૦૦ જેટલા સાધર્મીઓના વિશાળ જનસમુદાયની હાજરીમાં સ્થાનકવાસી સંપ્રદાયના વૈરાગી સાધુ હીરાજી મહારાજ પાસે દીક્ષા અંગીકાર કરી હતી. દીક્ષા સમયે હાથી પર બેસવા જતાં ધોતિયું ફાટતાં તીક્ષ્ણબુદ્ધિના ધારક ગુરુવરને શંકા પડી જાય છે કે કંઈક ખોટું થાય છે.

દીક્ષા લીધાં બાદ સત્યના ખોજક આ મહાત્માએ સ્થાનકવાસી તથા શ્વેતામ્બર સંપ્રદાયના સમસ્ત આગમોનો ગહન અભ્યાસ માત્ર ચાર વર્ષમાં જ પૂરો કર્યો. સંપ્રદાયમાં મોટી ચર્ચાઓ ચાલી – કર્મ છે તો વિકાર થાય ને? જોકે ગુરુદેવશ્રીને હજી દિગંબર શાસ્ત્રો તો મળ્યા નહોતાં છતાં પૂર્વના સંસ્કારના બળે તેઓએ દૃઢતાપૂર્વક સિંહગર્જના કરેલી કે– 'જીવ પોતાથી સ્વતંત્રપણે વિકાર કરે છે; કર્મથી કે પરથી નહિ. જીવ પોતાના ઊંધા પુરુષાર્થથી વિકાર કરે છે અને સવળા પુરુષાર્થથી નાશ કરે છે.'

વિ.સં. ૧૯૭૮મા મહાવીરપ્રભુના શાસન-ઉદ્ધારનો અને લાખો મુમુક્ષુઓનો મહાન પુણ્યોદયસૂચક એક મંગલકારી પવિત્ર પ્રસંગ બન્યો :

૩૨ વર્ષની ઉંમરે વિધિની કોઈ ધન્યપળે દામનગરમાં દામોદર શેઠ દ્વારા શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત સમયસાર નામનું મહાન પરમાગમ દામનગરમાં દામોદર

શેઠ દ્વારા ગુરુદેવશ્રીના કરકમળમાં આવ્યું અને તેનું અધ્યયન અને ચિંતન કરતાં કરતાં પૂર્વના સંસ્કારના બળે અંતરમાં આનંદ અને ઉલ્લાસ ઉભરાતાં આ પવિત્ર પુરુષના અંતરમાંથી સહજ જ ઉદ્ગાર નીકળ્યા – 'શેઠ! આ તો અશરીરી થવાનું શાસ્ત્ર છે.' આ મહાપુરુષના અંતરંગ જીવનમાં પણ પવિત્ર પરિવર્તન થયું. ભૂલી પડેલી પરિણતિએ નિજઘર દેખ્યું અર્થાત્ તેઓશ્રીને વૈશાખ વદ ૮ના રોજ સમ્યગ્દર્શન થયું.

વિ.સં. ૧૯૮૨ના ચાતુર્માસ પહેલાં રાજકોટમાં શ્રી દામોદરભાઈ લાખાણીએ 'મોક્ષમાર્ગપ્રકાશક' ગ્રંથ પૂજ્ય ગુરુદેવશ્રીને આપ્યો જે વાંચતાં, પોતાના હૃદયની અનેક વાતોનું સમર્થન આ ગ્રંથમાંથી મળી આવતાં, તેઓ તેના વાંચનમાં એટલા ઓતપ્રોત થઈ જતાં કે તે વખતે તેમને ખાવું-પીવું કે સૂવું પણ ગમતું નહીં. ત્યારબાદ અંતરંગ શ્રદ્ધા કંઈક અને બહારમાં વેષ કંઈક એવી સ્થિતિ તેમને અસહ્ય થઈ પડી. તેથી અંતરમાં ખૂબ જ મનોમંથન બાદ સંપ્રદાય છોડવાનો નિર્ણય કર્યો.

પરિવર્તન માટે યોગ્ય સ્થળની તપાસ કરતાં કરતાં સોનગઢ આવી 'સ્ટાર ઑફ ઈન્ડિયા' નામના એકાંત મકાનમાં ૧૯૯૧ના ફાગણ વદ પાંચમના દિને નિવાસ કર્યો અને મહાવીર જન્મકલ્યાણકના દિવસે (વિ.સં. ૧૯૯૧, ચૈત્ર સુદ ૧૩) બપોરે સવા વાગે ભગવાન પાર્શ્વનાથના ફોટા સમક્ષ સંપ્રદાયના ચિહ્ન મુહપત્તિનો ત્યાગ કર્યો અને જાહેર કર્યું કે–'હવે હું સ્થાનકવાસી સાધુ નથી, હું સનાતન દિગંબર જૈનધર્મનો શ્રાવક છું.' સિંહ સમાન વૃત્તિના ધારક આ મહાપુરુષે, ૪૫ વર્ષની ઉંમરે અંતરમાં મહા વીર્ય ઉછાળીને આ અદ્ભુત પરાક્રમી કાર્ય કર્યું.

'સ્ટાર ઑફ ઈન્ડિયા'માં સવા ત્રણ વર્ષ દરમ્યાન જિજ્ઞાસુ ભક્તજનોનો પ્રવાહ દિન-પ્રતિદિન વધતો જ ગયો, જેના કારણે આ મકાન ખૂબ જ નાનું પડવા લાગ્યું. તેથી ભક્તોએ આ પરમપ્રતાપી સત્પુરુષ માટે નિવાસ અને પ્રવચનનું મકાન 'શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર'નું નિર્માણ કરાવ્યું. ગુરુદેવશ્રીએ વિ.સં. ૧૯૯૪ના વૈશાખ વદ ૮ના રોજ આ નિવાસસ્થાનમાં મંગળ પદાર્પણ કર્યું. આ 'સ્વાધ્યાયમંદિર' જીવનપર્યંત આ મહાપુરુષની આત્મ-સાધના અને વીરશાસનની પ્રભાવનાનું કેન્દ્ર બની રહ્યું.

અહીં દિગંબર ધર્મના ચારે અનુયોગના નાના-મોટા ૧૮૩ જેટલા ગ્રંથોનો ઊંડાણથી અભ્યાસ કર્યો. તેમાંથી ૩૮ ગ્રંથો પર સભામાં પ્રવચનો કર્યાં, જેમાં સમયસાર ઉપર તો ૧૯ વખત અધ્યાત્મવર્ષા કરી હતી. પ્રવચનસાર, નિયમસાર, પંચાસ્તિકાયસંગ્રહ, અષ્ટપાહુડ, પરમાત્મપ્રકાશ, સમયસાર કળશ-ટીકા વગેરે ગ્રંથો પર પણ અનેકવાર પ્રવચનો કર્યાં.

વિ.સં. ૧૯૮૧મા ગઢડામાં ૧૫ વર્ષની ઉંમરે પૂજ્ય શાંતાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન ને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૫મા વઢવાણમાં ૧૫

વર્ષની ઉંમરે પૂજ્ય બહેનશ્રી ચંપાબેનને પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રથમ દર્શન અને પ્રવચન-શ્રવણનો લાભ પ્રાપ્ત થયેલો. વિ.સં. ૧૯૮૬મા વિંછીયામાં પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શન ને પ્રવચન-શ્રવણ માટે બંને બહેનોને જવાનું થતાં ત્યાં પ્રથમવાર બંને બહેનોને પરિચય થયેલો. પૂજ્ય ગુરુદેવશ્રીએ 'પરિવર્તન' કર્યા બાદ સોનગઢમાં બંને બહેનોએ સાથે રહેવાનું શરૂ કરીને, જીવનપર્યંત સાથે રહીને, પૂજ્ય ગુરુદેવશ્રીની દેશના વડે પોતપોતાની આત્મસાધના કરતાં રહીને, શાસનની અત્યંત ભક્તિપૂર્વક સેવા કરી હતી. ગુરુ-શાસન પ્રભાવનામાં બંને બહેનોનું નોંધનીય વિશેષ યોગદાન રહ્યું હતું.

સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ના ફાગણ સુદ બીજના રોજ શ્રી નાનાલાલભાઈ વિગેરે જસાણી ભાઈઓના યોગદાન દ્વારા નવનિર્મિત શ્રી દિગંબર જિનમંદિરમાં કહાનગુરુના મંગલ હસ્તે શ્રી સીમંધરાદિ ભગવંતોની પંચકલ્યાણક-વિધિપૂર્વક પ્રતિષ્ઠા થઈ. તે સમયે સૌરાષ્ટ્રમાં માંડ ચાર-પાંચ દિગંબર જિનમંદિરો હતા અને દિગંબર જૈનો તો ભાગ્યે જ જોવા મળતા હતા. આવા ક્ષેત્રે ગુરુદેવશ્રીની પાવન પ્રેરણાથી પ્રથમ જિનમંદિર બન્યું. રોજ બપોરે પ્રવચન બાદ જિનમંદિરમાં અડધો કલાક ભક્તિમાં જિનવરભક્ત ગુરુરાજ હંમેશા હાજર રહેતાં. ઘણીવાર તેઓશ્રી અતિભાવવાહી ભક્તિપાન કરાવતાં. આમ, ગુરુદેવશ્રીનું જીવન નિશ્ચય-વ્યવહારની અપૂર્વ સંધિપૂર્વકનું હતું.

વિ.સં. ૧૯૯૭મા દિગમ્બર જૈન સમાજના તત્કાલીન પ્રમુખ દિગમ્બર જૈનાચાર્ય શ્રી શાંતિસાગરજી મહારાજ શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્રની યાત્રા કરીને સોનગઢ આવેલા; પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન સાંભળીને તથા તત્ત્વચર્ચા કરીને એટલા પ્રભાવિત થયેલા કે તેઓએ ગુરુદેવશ્રીને ઉદ્દેશીને કહેલ કે 'તીર્થંકર અકેલે મોક્ષ નહીં જાતે; યહાં કુછ ઐસા યોગ હૈ—ઐસા હમે લગતા હૈ'—અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રી ભવિષ્યમાં તીર્થંકર થશે એવું દિગમ્બર જૈન સમાજના પ્રમુખ આચાર્યને લાગ્યું હતું.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા દિગંબર આચાર્યો-મુનિવરો તેમજ આત્માનુભવી પંડિતવર્યોના ગ્રંથો, પંડિત શ્રી હિંમતભાઈ જે. શાહના ગુજરાતીમાં અનુવાદિત શ્રી સમયસાર આદિ પરમાગમો અને પૂજ્ય ગુરુદેવશ્રીના તે ગ્રંથો પરના પ્રવચનોના પુસ્તક છપાવવાનું કાર્ય વિ.સં. ૧૯૯૯ (ઈ.સ. ૧૯૪૩) થી શરૂ થયું. આ સત્-સાહિત્ય દ્વારા વીતરાગી તત્ત્વજ્ઞાનની દેશ-વિદેશમાં અપૂર્વ પ્રભાવના થઈ, જે આજે પણ અવિરતપણે ચાલી રહી છે. પરમાગમોનું ઊંડું રહસ્ય સમજાવીને કૃપાળુ કહાનગુરુદેવે આપણા સહુ ઉપર કરુણા વરસાવી છે. તત્ત્વજિજ્ઞાસુ જીવો માટે આ એક મહાન આધાર છે અને દિગંબર જૈન સાહિત્યની આ એક અમૂલ્ય સંપત્તિ છે.

આ મહાપુરુષનો ધર્મસંદેશ દેશ-વિદેશના સમસ્ત મુમુક્ષુઓને નિયમિત મળતો રહે તે હેતુથી સૌ પ્રથમ વિ.સં. ૨૦૦૦ના માગશર (ડિસેમ્બર ૧૯૪૩) માસથી 'આત્મધર્મ' નામની માસિક અધ્યાત્મિક-પત્રિકાનું પ્રકાશન સોનગઢથી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર

ટ્રસ્ટના સ્થાપક આદ્યપ્રમુખ મુરબ્બી શ્રી રામજીભાઈ માણેકચંદ દોશીના સંપાદન હેઠળ શરૂ થયું. આજે પણ 'આત્મધર્મ' ગુજરાતી તેમજ હિન્દી ભાષામાં નિયમિત રીતે પ્રકાશિત થઈ રહ્યું છે. પૂજ્ય ગુરુદેવશ્રીના દૈનિક પ્રવચનોને પ્રસિદ્ધ કરતું 'શ્રી સદ્‌ગુરુ પ્રવચન પ્રસાદ' સપ્ટેમ્બર ૧૯૫૦ થી નવેમ્બર ૧૯૫૬ સુધી પ્રકાશિત થયું. સ્વાનુભૂતિવિભૂષિત આ ચૈતન્ય-વિહારી મહાપુરુષની મંગલવાણી વાંચીને તેમજ સાંભળીને હજારો સ્થાનકવાસી, શ્વેતામ્બર તથા અન્ય કોમના ભવ્યજીવો પણ તત્ત્વની સમજણ પૂર્વક સાચા દિગંબર જૈનધર્મના અનુયાયી થયા. અરે....! મૂળ દિગંબર જૈનો પણ સાચા અર્થમાં દિગંબર જૈન બન્યા.

બાળકોમાં તત્ત્વજ્ઞાનના સંસ્કારોનું સિંચન થાય તે હેતુથી સોનગઢમાં વિ.સં. ૧૯૯૭ (ઈ.સ. ૧૯૪૧)ના મે માસના વેકેશનથી ૨૦ દિવસના ધાર્મિક શિક્ષણ વર્ગ શરૂ થયા. વડીલો માટેનો પ્રૌઢ શિક્ષણ વર્ગ વિ.સં. ૨૦૦૩ના શ્રાવણ માસમાં શરૂ કરવામાં આવેલ હતા.

પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાનું સામર્થ્ય પ્રસિદ્ધ કરતો એક પ્રસંગ ઈ.સ. ૧૯૪૬મા બન્યો. અજમેરનિવાસી શ્રી ન્યાલચંદભાઈ સોગાની સોનગઢ આવ્યા અને પ્રથમવાર જ પૂજ્ય ગુરુદેવશ્રીના દર્શનનો લાભ સંપ્રાપ્ત થયો. પૂજ્ય ગુરુદેવશ્રીનું એક જ પ્રવચન સાંભળી રાતભર આત્મમંથન કરતાં કરતાં સવાર સુધીમાં અતીન્દ્રિય આનંદનો અનુભવ પ્રાપ્ત કરીને જૈનજગતને પ્રતીત કરાવી કે જો તમારો પુરુષાર્થ અને ગુરુપ્રતિ અર્પણતા ગાઢ હોય તો આ મહાપુરુષની દેશના એટલી પ્રખર છે કે તેમનું એક જ પ્રવચન-શ્રવણ ભવ્યોના ભવાંતનું પ્રબળ નિમિત્ત બનવાનું સામર્થ્ય ધરાવે છે.

વિ.સં. ૨૦૦૩મા બંધાયેલ 'ભગવાન શ્રી કુંદકુંદ પ્રવચન મંડપ'ના શિલાન્યાસ પ્રસંગે ઈન્દૌરના સર શેઠ હુકમચંદજી પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અત્યંત અહોભાવથી બોલ્યા હતા કે 'આપકે પાસ મોક્ષ જાનેકા સીધા રાસ્તા હૈ.'

વિ.સં. ૨૦૦૩મા પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ છત્રછાયામાં, 'ભારતવર્ષીય દિગમ્બર જૈન વિદ્વત્ પરિષદ'નું ત્રીજું અધિવેશન પં. શ્રી કૈલાશચંદ્રજી (બનારસ)ની અધ્યક્ષતામાં ભરવામાં આવ્યું હતું જેમાં દિગમ્બર જૈન સમાજના સુપ્રસિદ્ધ ૩૨ વિદ્વાનોએ લાભ લીધો હતો. પૂજ્ય ગુરુદેવશ્રીની દેશનાથી પ્રભાવિત થઈને તેઓએ સર્વસંમતિથી એક વિશાળ પ્રસ્તાવ પારિત કરેલો હતો જેમાં સ્પષ્ટપણે ઉલ્લેખ કરાયેલ કે "....ભગવાન કુંદકુંદની વાણી સમજીને મહારાજશ્રીએ માત્ર પોતાને જ ઓળખ્યા છે એમ નહીં પણ હજારો લાખો મનુષ્યોને એક જીવન ઉદ્ધારના સત્ય માર્ગ પર ચાલવાનો ઉપાય દર્શાવી દીધો છે....."

દિગંબર જૈન સમાજના તત્કાલીન મૂર્ધન્ય પંડિત શ્રી કૈલાસચંદજીએ પોતાની પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષતા દર્શાવતા લખેલ કે જો કાનજીસ્વામી ઈસ યુગમેં ન હુએ હોતે તો હમારે લિયે સમયસાર ગ્રંથ માત્ર દર્શનીય રહ જાતા અર્થાત્ પૂજ્ય ગુરુદેવશ્રીના કારણે સમયસાર જેવા મહાન ગ્રંથનો પોતાને અભ્યાસ કરવાનો સુયોગ પ્રાપ્ત થયો હતો. ફરીથી

એ જ પત્રિકાના સંપાદકીય લેખમાં પૂજ્ય ગુરુદેવશ્રીનો દૃષ્ટિકોણ રજૂ કરતા તેમણે લખેલ કે કાનજીસ્વામી નિમિત્તકો નહીં માનતે ઐસા નહીં હૈ લેકિન વે નિમિત્તસે કુછ હોતા નહીં હૈ ઐસા માનતે હૈં. એ રીતે મૂળ દિગંબર સંપ્રદાયમાં પણ સમયસાર-સ્વાધ્યાયયુગસર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની પ્રતિભા પ્રસિદ્ધિ પામી હતી.

લાડનૂનિવાસી શ્રી રતનલાલ ગંગવાલના પિતાશ્રી શ્રી વચ્છરાજજી પૂજ્ય ગુરુદેવશ્રીનો મહિમા સાંભળીને સોનગઢ આવેલા; અત્યંત પ્રભાવિત થઈને તેઓએ પૂજ્ય બહેનશ્રીબેનની છત્રછાયામાં બાળબ્રહ્મચારી બહેનોના આવાસ માટે 'શ્રી ગોગીદેવી દિગમ્બર જૈન શ્રાવિકા બ્રહ્મચર્યાશ્રમ'નું વિ.સં. ૨૦૦૮મા નિર્માણ કરેલું.

શ્રી કુંદકુંદાચાર્યદેવ વિરચિત શ્રી સમયસાર આદિ પાંચેય પરમાગમો આરસમાં ઉત્કીર્ણ કરેલ 'શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર'નું ઉદ્‌ઘાટન વિ.સં. ૨૦૩૦મા સોનગઢમાં ૨૬,૦૦૦ ભક્તોની ઉપસ્થિતિમાં શ્રી શાંતિપ્રસાદજી સાહુના હસ્તે થયું હતું.

ટ્રસ્ટી શ્રી નેમિચંદજી પાટની (આગ્રા)ના સફળ સંચાલનમાં શ્રી સમ્મેદશિખરજીની યાત્રા નિમિત્તે વિ.સં. ૨૦૧૩ (ઈ.સ. ૧૯૫૭) તથા વિ.સં. ૨૦૨૩ (ઈ.સ. ૧૯૬૭)મા—એમ બે વખત સમગ્ર ઉત્તર અને પૂર્વ ભારતમાં મંગલ વિહાર થયો હતો. તે જ રીતે વિ.સં. ૨૦૧૫ (ઈ.સ. ૧૯૫૯) અને વિ.સં. ૨૦૨૦ (ઈ.સ. ૧૯૬૪)મા—એમ બે વખત દક્ષિણ અને મધ્ય ભારતમાં મંગળ વિહાર થયો હતો. આ મંગલ તીર્થયાત્રાના વિહાર દરમ્યાન લાખો જિજ્ઞાસુ જીવોએ આ સિદ્ધપદના સાધક સંતના દર્શન કર્યાં અને તેઓશ્રીની ભવાંતકારી અમૃતમય વાણી સાંભળીને અનેક ભવ્ય જીવોના જીવનની દિશા આત્મ-સન્મુખ થઈ ગઈ. ફળસ્વરૂપે ભારતભરમાં મહતી ધર્મપ્રભાવના થઈ અને સોનગઢના આ સંત પ્રત્યે લોકોમાં શ્રદ્ધાભક્તિનો જુવાળ જાગી ઊઠ્યો. યાત્રા દરમ્યાન અનેક સ્થાનોએથી લગભગ ૮૦ જેટલા અભિનંદન પત્ર અર્પણ થયા.

પોણા છ માસની ૮૦૦ મુમુક્ષુ-યાત્રાળુઓ સાથે નીકળેલી વિ.સં. ૨૦૧૩ની શ્રી સમ્મેદશિખરજીની પ્રથમ યાત્રા વખતે ઈસરી આશ્રમમાં દિગમ્બર જૈન સમાજના અનેક પ્રસિદ્ધ વિદ્વાનોની હાજરીમાં ક્ષુલ્લક શ્રી ગણેશપ્રસાદજી વર્ણીજી સાથે પૂજ્ય ગુરુદેવશ્રીની વાત્સલ્યતાભરી વાતચીત થયેલી; ત્યારે વર્ણીજીએ પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું કે ''સ્વામીજીકી પ્રસન્નમુદ્રા મુઝે બહોત પસંદ આઈ; ઔર મુઝે ઐસા લગા કિ ઈસ આત્માકે દ્વારા સમાજકા કલ્યાણ હોગા.'' ત્યારબાદ મધુવન (શિખરજી)માં અનેક દિગંબર મુનિઓ, વિદ્વાનો, વર્ણીજી સહિત અનેક ત્યાગીઓ અને પાંચ હજારથી અધિક શ્રોતાગણની સમક્ષ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન થયેલું. પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-શ્રવણથી પ્રભાવિત થઈને સેંકડો પંડિતોના વિદ્યાપતિ પં. બંસીધરજી (ઈન્દૌર)એ હિંમતપૂર્વક સ્પષ્ટ જાહેર કરેલું કે

'.....આપકી વાણીમેં તીર્થંકરોંકા ઔર કુંદકુંદસ્વામીકા હી હૃદય હૈ.' ભારતવર્ષીય દિ. જૈન વિદ્વત્પરિષદના અધ્યક્ષ પં. ફૂલચંદજી સિદ્ધાંતશાસ્ત્રી પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન-સત્સમાગમથી એટલા બધા પ્રભાવિત થયા કે તેઓ પોતાની રૂઢિગત્ માન્યતા છોડીને પૂજ્ય ગુરુદેવશ્રીના અનુયાયી બની ગયા.

દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર તેમજ કુંદકુંદાદિ આચાર્યોના ગહન શાસ્ત્રોનું રહસ્યોદ્ઘાટન કરનાર આ મહાપુરુષની ભવતાપવિનાશક અમૃતવાણીને શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિને કારણે શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ દ્વારા ઈ.સ. ૧૯૫૯થી નવેમ્બર ૧૯૮૦ સુધી ટેપમાં ઉતારી લેવામાં આવી, જેના પ્રતાપે આજે આપણી પાસે ૯૦૦૦ થી વધુ પ્રવચનો સુરક્ષિતપણે ઉપલબ્ધ છે. પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં જ ભારતભરમાં—વિશેષરૂપે હિન્દી સમાજમાં તેમજ નાઈરોબી, લંડન, સ્વીત્ઝરલેન્ડ, હોંગકોંગ, અમેરિકા, કેનેડા ઈત્યાદિ વિદેશોમાં, અગણિત સંખ્યામાં ટેપરીલો તથા કેસેટોથી ટ્રસ્ટના કેસેટ-વિભાગ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનોનો મુમુક્ષુઓએ લાભ પ્રાપ્ત કર્યો હતો. હાલમાં **CD** યુગ શરૂ થતાં સ્વ. શાંતિલાલ રતિલાલ શાહના પરિવાર દ્વારા આ મંગલવાણી દેશ-વિદેશના તમામ મુમુક્ષુમંડળોમાં તેમજ લાખો જિજ્ઞાસુ મુમુક્ષુઓના ઘેર-ઘેર ગુંજતી થઈ ગઈ છે, તે એમ પ્રસિદ્ધ કરે છે કે ભરતક્ષેત્રના ભવ્યજીવોને પંચમકાળના અંત સુધી આ દિવ્યવાણી ભવના અભાવમાં પ્રબળ નિમિત્ત થશે.

દશલક્ષણ પર્યુષણપર્વ દરમ્યાન ભારતભરમાં અનેક સ્થળોએ પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલાં તત્ત્વજ્ઞાનના પ્રચાર માટે પ્રવચનકારો મોકલાય છે. પર્યુષણમાં સૌ પ્રથમ બહારગામ—રાજધાની દિલ્હીમાં—વાંચન કરવા માટે સોનગઢથી શ્રી ખીમચંદભાઈ શેઠ ગયા હતા. તેઓ તેમ જ શ્રી લાલચંદભાઈ મોદી અને શ્રી યુગલકિશોરજી (કોટા), પૂજ્ય ગુરુદેવની સૂક્ષ્મ તત્ત્વ-પ્રરૂપણાનો પ્રચાર કરનાર અગ્રેસર વક્તાઓ હતા/છે. પ્રવચનકારોને મોકલવાની આ પ્રવૃત્તિથી ભારતભરના સમસ્ત દિગંબર સમાજમાં જાગ્રતિ આવી હતી અને આજે પણ દેશ-વિદેશમાં પર્યુષણપર્વમાં સેંકડો પ્રવચનકાર વિદ્વાનો આ વીતરાગી વાણીનો ડંકો વગાડે છે. ડૉ. હુકમચંદજી ભારિલ્લના નિર્દેશનમાં નવા નવા વિદ્વાનો તૈયાર કરવા માટે શ્રી પૂનમચંદજી ગોદિકા દ્વારા આચાર્યકલ્પ પંડિત શ્રી ટોડરમલજીની સ્મૃતિરૂપે જયપુરમાં શ્રી ટોડરમલ સ્મારક ભવનનું ઈ.સ. ૧૯૬૭મા નિર્માણ થયું જેનું ઉદ્ઘાટન પૂજ્ય ગુરુદેવશ્રીની મંગલ ઉપસ્થિતિમાં તેઓશ્રીના આશીર્વાદથી થયું હતું. નવા પ્રવચનકાર વિદ્વાનોને પ્રવચન-પદ્ધતિ માટે પ્રશિક્ષિત કરવા દર વર્ષે પ્રશિક્ષણવર્ગ જયપુરથી શરૂ કરવામાં આવ્યા હતા. ઉત્તર ગુજરાત તેમજ હિન્દી પ્રાંતમાં પૂજ્ય ગુરુદેવશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર-પ્રસારમાં પંડિત શ્રી બાબુભાઈ ફતેપુરવાળાનું વિશેષ યોગદાન રહ્યું હતું.

ભગવાન શ્રી મહાવીરસ્વામી પછીના આ યુગમાં જ્યારે બૌદ્ધ સંપ્રદાયનો ઘણો પ્રભાવ હતો ત્યારે સમર્થ આચાર્ય શ્રી અકલંકદેવે તત્કાલીન પ્રમુખ બૌદ્ધ આચાર્ય સાથે વાદવિવાદ કરીને તેમનો પરાજય કરતાં જૈન સમાજમાં જયજયકાર થયેલો; તેવી જ રીતે ઓક્ટોબર ૧૯૬૩મા ખાનિયા (જયપુર)માં દિગમ્બર સમ્પ્રદાયના પ્રખર પંડિતો અને કાનજીસ્વામીના અનુયાયી તરીકે પ્રસિદ્ધ પં. શ્રી ફૂલચંદજી સિદ્ધાન્તશાસ્ત્રી વચ્ચે કેટલાક દિવસો સુધી લેખિત પ્રશ્નોત્તર દ્વારા તત્ત્વચર્ચા થતાં, પં. શ્રી ફૂલચંદજી દ્વારા તે પંડિતોની રૂઢિગત્ માન્યતાનો શાસ્ત્રોના આધારો દ્વારા પરાજય થતાં, પૂજ્ય ગુરુદેવશ્રીએ અત્યંત ભાવવિભોર થઈને જૈનદર્શનના સત્યમાર્ગની જીત સંબંધી પં. ફૂલચંદજી માટે અત્યંત પ્રસન્નતા વ્યક્ત કરતાં કહ્યું હતું કે—પંડિત ફૂલચંદજીએ બહુ કાર્ય કર્યું છે, બહુ મહેનત કરી છે. શાસ્ત્રથી આધાર આપીને બરાબર સાચી શ્રદ્ધાને થંભાવી રાખી છે. એવો એ એક પંડિત નીકળ્યો ! શાસ્ત્રના પંડિતપણે ભણીને સ્વ-આશ્રય અને પર-આશ્રય આ બે બોલને ટકાવી રાખ્યા; બહુ જબ્બર વાત છે. હજારો બોલ ઓહોહો....! ઘણું જ્ઞાન છે. અત્યારે ચાલતો આ પંથ-વિપંથ, તેમાં આ વાત બહાર મૂકવી ! ઘણી હિંમત કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પૂજ્ય ગુરુદેવશ્રીની અત્યંત ભાવવિભોર પ્રસન્ન મુખમુદ્રા દેખીને ભક્તો રોમાંચિત થઈ ગયેલા. આ ઐતિહાસિક પ્રસંગ પછી તેઓ સોનગઢ આવ્યા ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીએ મુરબ્બી શ્રી રામજીભાઈ દોશીને આજ્ઞા કરેલી કે તમો આખાય મંડળને લઈને તેમને વાજતે-ગાજતે લઈ આવો. તેથી તે મુજબ અમે બધા શોભાયાત્રાપૂર્વક પં. ફૂલચંદજીને બજારેથી સ્વાધ્યાયમંદિર લઈ આવેલા હતા.

કાઠિયાવાડમાં દિગમ્બર શાસ્ત્રોના સૌથી જૂના વિશેષ અભ્યાસી, પૂજ્ય ગુરુદેવશ્રીના વિશેષ કૃપાપાત્ર, જામનગરનિવાસી શ્રી વીરજીભાઈ વારીયા કે જેઓ સંપ્રદાય સમયના બહુ જૂના અનુયાયી હતા તેમના માટે એક રાત્રિના પાછલા પહોરે પૂજ્ય ગુરુદેવશ્રીને સ્વપ્ન આવ્યું કે વીરજીભાઈની તબિયત વિશેષ નાદુરસ્ત છે ને તેમને અમારા દર્શનની અભિલાષા છે. સવારે ઉઠતાં જ પૂજ્યશ્રી પાસે સમાચાર આવ્યા કે વીરજીભાઈની તબિયત ઘણી જ નાજુક છે ને આપના દર્શનની ભાવના છે. વાત પૂરી થાય તે પહેલાં જ પૂજ્ય ગુરુદેવશ્રીએ ફરમાવ્યું કે ચાલો જામનગર! અને જામનગરમાં ગુરુ-શિષ્યનું વાત્સલ્ય—ભક્તિપૂર્ણ મિલન થયું હતું. શ્રી વીરજીભાઈ ઉંમરમાં પૂજ્ય ગુરુદેવશ્રી કરતાં મોટા હતા, સંપ્રદાય-સમયથી જ તેમને પૂજ્ય ગુરુદેવશ્રીનો વિશેષ પરિચય હતો તેથી તેમને પૂજ્ય ગુરુદેવશ્રીની વિશેષ કૃપાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું હતું.

જન્મમરણથી રહિત થવાના સંદેશા નિરંતર સંભળાવનાર આ ચૈતન્યવિહારી પુરુષના મંગલકારી જન્મોત્સવો ઉજવવાની શરૂઆત ૫૯મા વર્ષથી થઈ. ૭૫મા

હીરકજયંતી પ્રસંગે સમગ્ર ભારતના જૈન સમાજ દ્વારા ચાંદી-જડિત આઠસો પાનાનો એક દળદાર 'અભિનંદન ગ્રંથ' આ ભાવી તીર્થાધિનાથને ભારત સરકારના તત્કાલીન મંત્રી શ્રી લાલબહાદુર શાસ્ત્રી દ્વારા દેશભરના હજારો ભક્તોની હાજરીમાં મુંબઈમાં અર્પણ થયો હતો. જોગાનુજોગ થોડા જ દિવસોમાં તેઓ ભારતના વડાપ્રધાન બન્યા.

વિ.સં. ૨૦૩૭ના કારતક વદ ૭, તા. ૨૮-૧૧-૧૯૮૦, શુક્રવારના રોજ આ પ્રબળ પુરુષાર્થી આત્મજ્ઞ સંતપુરુષ દેહાદિનું લક્ષ છોડી પોતાના જ્ઞાયક ભગવાનના અંતરધ્યાનમાં એકાગ્ર થયા, અતીન્દ્રિય આનંદકંદ નિજ જ્ઞાયકમાં લીન થયા. સાંજે આકાશનો સૂર્ય અસ્ત થયો, ત્યારે સર્વજ્ઞપદના સાધક સંતે ભરતક્ષેત્રમાંથી સ્વર્ગપુરીમાં પ્રયાણ કર્યું. જેમ નવપલ્લવિત વટવૃક્ષ શરૂઆતમાં સ્વયં પોતાની વિશાળતાને સમૃદ્ધ કરતો થકો વિશાળકાય બની ગયા બાદ તેમાંથી અનેક વટવૃક્ષનું નવસર્જન કરતો હોય છે, તેમ સોનગઢના આ સંતે શરૂઆતમાં સ્વયંભૂપણે અધ્યાત્મયુગનું નવસર્જન કર્યું અને તેમની વિશાળ પ્રભાવના-છાયામાં દેશ-વિદેશમાં—જયપુર, દેવલાલી, અલિગઢ, દિલ્હી, ગાંધીનગર, સોનાગિર, બાંસવાડા, ઈન્દૌર, દ્રોણગિરિ, નાગપુર, ગજપંથા, કોટા ઈત્યાદિ તથા નાઈરોબી, લંડન, અમેરિકા ઈત્યાદિ ક્ષેત્રોમાં—સ્થપાયેલ સંસ્થાઓ દ્વારા, તેઓશ્રીએ પ્રરૂપેલ તત્ત્વજ્ઞાનના પ્રચાર વડે તેઓશ્રી દ્વારા નવસર્જિત અધ્યાત્મયુગને યુગના અંત સુધી ટકાવી રાખવાનું પણ તેઓશ્રીના પુણ્યપ્રતાપે બન્યું. એ રીતે તેઓશ્રી વીરશાસનને પ્રાણવંતું કરતા ગયા.

પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી આ યુગના એક મહાન અને અસાધારણ વ્યક્તિ હતાં. તેમના બહુમુખી વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ છે કે તેમણે સત્યથી ખૂબ દૂર જન્મ લઈને સ્વયંબુદ્ધની જેમ સત્યનું અનુસંધાન કર્યું અને પોતાના પ્રચંડ પુરુષાર્થથી આત્મસાત પણ કર્યું.

શ્રી વીરપ્રભુના નિર્વાણ બાદ, આ સળંગ ૪૫ વર્ષનો સમય (વીર સંવત ૨૪૬૧ થી ૨૫૦૭ અર્થાત્ ઈ.સ. ૧૯૩૫ થી ૧૯૮૦) વીતરાગમાર્ગની પ્રભાવનાનો સુવર્ણકાળ હતો. જે કોઈ મુમુક્ષુ અધ્યાત્મ તીર્થધામ સુવર્ણપુરી જતા, તેમને તો ત્યાં ચતુર્થકાળનો જ અનુભવ થતો.

ઈ.સ. ૧૯૪૧ થી ઈ.સ. ૧૯૮૦ દરમ્યાન પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના નિર્દેશનમાં તથા પૂજ્ય શાંતાબેનના ભક્તિ-ઉલ્લાસભર્યા સંચાલનમાં સૌરાષ્ટ્ર-ગુજરાત ઉપરાંત ભારતદેશના અનેક શહેરોમાં તથા નાઈરોબીમાં—એમ કુલ ૬૬ દિગંબર જિનમંદિરોની મંગલ પ્રતિષ્ઠા આ ધર્મયુગસ્રષ્ટા સત્પુરુષના કરકમળ દ્વારા થઈ હતી.

તેઓશ્રીની અધ્યાત્મ-દેશનાના પ્રભાવથી શ્રી સીમંધરસ્વામી દિગમ્બર જિનમંદિર, શ્રી સમવસરણ મંદિર, શ્રી માનસ્તંભજી, શ્રી મહાવીર કુંદકુંદ પરમાગમ મંદિર, શ્રી

પંચમેરુ-નંદીશ્વર જિનાલય જેવા જિનાયતનોના નિર્માણથી આજે સુવર્ણપુરી જૈનજગતમાં આત્મસાધનાનું તીર્થધામ બની ગયું છે અને નજીકના ભવિષ્યમાં ૪૧ ફૂટના ભગવાન શ્રી બાહુબલીના ખડ્ગાસન જિનબિંબની તેમજ જમ્બૂદ્વીપના અનેક જિનબિંબોની સ્થાપના થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની સાધનાભૂમિ સુવર્ણપુરી આકર્ષક અજાયબી તરીકે વિશ્વના નકશામાં સ્થાન પામશે.

આ વિદેહ દશાવંત મહાપુરુષનું અંતર જેટલું ઉજ્જ્વળ હતું તેટલું બાહ્યજીવન પણ પવિત્ર હતું. પવિત્રતા અને પુણ્યનો સહજ યોગ આ કળિકાળમાં ભાગ્યે જ જોવા મળે છે. તેમની અત્યંત નિયમિત દિનચર્યા, સાત્વિક અને પરિમિત આહાર, આગમ સંમત સંભાષણ, કરુણ અને સુકોમળ હૃદય તેમના વિરલ વ્યક્તિત્વના અભિન્ન અવયવો હતા. શુદ્ધાત્મતત્ત્વનું નિરંતર ચિંતન અને સ્વાધ્યાય એ જ તેમનું જીવન હતું. જૈન શ્રાવકના પવિત્ર આચાર પ્રત્યે તેઓશ્રી હંમેશા સતર્ક અને સાવધાન હતા. તેઓ જગતની પ્રશંસા કે નિંદાથી અપ્રભાવિત, માત્ર પોતાની સાધનામાં જ તત્પર રહ્યા. ભાવલિંગી મુનિઓના તેઓ પરમ ઉપાસક હતા.

પોતે ચતુર્થ ગુણસ્થાનવર્તી સાધક હોવા છતાં તેમનો જીવન-વ્યવહાર અને પરિણામની સ્થિતિ અત્યંત ઉચ્ચ કોટિના હતા. તીર્થંકરનું દ્રવ્ય હોવાથી જગતના જીવો આત્મકલ્યાણને પામો એવી કરુણા વર્તતી હોવાથી ૯૧મા વર્ષે પણ ગામોગામ વિહાર કરીને ભવ્યજીવોની તત્ત્વજિજ્ઞાસા છીપાવતા હતા છતાં તેઓ એટલા નિસ્પૃહી હતા કે તેઓશ્રીએ ક્યારેય કોઈને પણ જિનમંદિર બંધાવો કે સ્વાધ્યાયમંદિર બંધાવો એવું કહેવું તો દૂર રહ્યું, ઈશારો સુદ્ધાં કરેલ ન હતો.

જીવોના આત્મકલ્યાણની કરુણા હોવા છતાં એટલા નિર્મમત્વી હતા કે ક્યારેય કોઈને પણ પૂછેલ ન હતું કે તમે રોજ સ્વાધ્યાય કરો છો ને?

કોઈ વ્યક્તિ જીવનપર્યંત તત્ત્વજ્ઞાન ન સમજવાથી પૂજ્ય ગુરુદેવશ્રીનો વિરોધ કરતો હોય ને તે વ્યક્તિને પોતાના અજ્ઞાન માટે પશ્ચાતાપ થતાં પૂજ્ય ગુરુદેવશ્રીની ક્ષમા માગતો ત્યારે પૂજ્ય ગુરુદેવશ્રીને શરમ.....શરમ..... અનુભવાતી અને કહેતાં કે ભૂલી જાઓ.....ભૂલી જાઓ.... ભગવાને પણ પોતાના ભૂતકાળમાં ભૂલો કરવામાં કાંઈ બાકી રાખ્યું ન હતું. તમે ભગવાન છો એમ અમે દેખીએ છીએ અને તમે પણ તમને ભગવાન તરીકે દેખો.—આવી તો નિર્માનતા હતી.

તત્ત્વવિરોધના કારણે કોઈ દૈનિકપત્રમાં કે પત્રિકામાં પૂજ્ય ગુરુદેવશ્રી પ્રતિ અનુચિત લખાણ છાપે તો ભક્તો તેનો વિરોધ કરવાના હોય તો તેઓશ્રી કહેતાં કે ભાઈ! અમારું કોઈ વિરોધી નથી. અમારો કોઈ વિરોધ કરતો નથી. અમે કોઈને વિરોધી દેખતા નથી. અમે

તો બધાને ભગવાન તરીકે દેખીએ છીએ. ગમે તેવું લખાણ લખીને વિરોધ કરનાર પણ જો પ્રવચન સાંભળવા આવતો તો તેને સભામાં આગળ બેસવા બોલાવતાં ને પ્રવચનમાં વાત્સલ્યભાવે તેમને સંબોધિત કરતાં. પૂરા જીવન દરમ્યાન કોઈપણ વ્યક્તિએ ગમે તેવો વિરોધ કર્યો હોય તે પણ જો એકવાર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન–સત્સમાગમાં આવતો તો તે જીવનભર તેમનો અનુયાયી બની જતો. ક્ષમાપના દિને પ્રવચનસભામાં જાહેરમાં કહેતાં કે કોઈ જીવને અમારાથી પર્યાયદ્દષ્ટિથી જોવાઈ ગયું હોય તો અમે ક્ષમા માગીએ છીએ. સૌ જીવો ભગવાન છે.—આવી તો તેમની કરુણામય ક્ષમાભાવના હતી.

જીવનમાં નિસ્પરિગ્રહી તો એવા કે ૪૫-૪૫ વર્ષો સુધી સ્વાધ્યાયમંદિરના એક જ રૂમમાં રહેલાં કે જ્યાં જિનવાણી-સ્વાધ્યાય માટે એક બેઠક, સૂવા માટે એક ગાદલાવાળી બેંચ ને ત્યાગીને યોગ્ય માત્ર ચાર જોડી કપડા! અને સ્વાધ્યાય અર્થે સેંકડો શાસ્ત્રોથી ભરેલા કબાટો !!

દેશ અને દુનિયામાં શું ભજી રહ્યું છે તે જાણવાનું કૂતુહલ નહીં હોવાથી ક્યારેય ન્યૂઝપેપર સુદ્ધાં વાંચ્યું ન હતું.

રસના અલોલુપી–નિઃસ્વાદી તો એટલા કે જીવનમાં ક્યારેય બે ત્રણ શાક સિવાય ન તો કોઈ શાક ચાખ્યું હતું, મગની દાળ સિવાય ન તો કોઈ દાળ કે કઢી ચાખ્યા હતા, ન તો કોઈ ચટણી, મરચાં ચાખેલા, ન તો કોઈ મીઠાઈ કે ફરસાણ કે મુખવાસ ચાખેલા. જાણે કે કોઈ ત્યાગી-વ્રતી હોય તેવું તેમનું જીવન હતું.

કરુણાશીલતાનો સાગર હોવા છતાં તત્ત્વમાં એટલા નિર્ભીક ને સત્યમાર્ગ પ્રવક્તા હતા કે કોઈપણ લૌકિક મહાનુભાવનો તેમના પર પ્રભાવ પડતો ન હતો. એક પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી તથા એક ત્યાગી-વ્રતી દ્વારા ઉદ્દિષ્ટ ભોજન માટે કાંઈક જતું કરવા સંબંધી પૂજ્ય ગુરુદેવશ્રીને ઈશારો કરવામાં આવતાં, તેઓશ્રીએ બહુ સ્પષ્ટપણે કહ્યું કે પોતાના માટે બનેલો આહાર–ઉદ્દિષ્ટ ભોજન–પ્રાણ જાય તોપણ મુનિરાજ લ્યે નહીં. દેશકાળના નામે સર્વજ્ઞકથિત શુદ્ધ આમ્નાયનું ઉલ્લંઘન કેમ કરાય? ભાવનગરના મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી (દેશના પ્રથમ રાજ્યપાલ-મદ્રાસના) સોનગઢ આવેલા; તેમને તેઓશ્રીએ પ્રવચનમાં કહેલ કે થોડું માગે તે નાનો માગણ, ઘણું માગે તે મોટો માગણ—વર્ષે પાંચ હજાર જોઈતા હોય તે નાનો માગણ અને વર્ષે પાંચ લાખ જોઈતા હોય તે મોટો માગણ! શ્રીમદ્ રાજચંદ્રજીને પોતાના ધર્મગુરુ માનનાર રાષ્ટ્રપિતા ગાંધીજી વિ.સં. ૧૯૯૫મા રાજકોટમાં પ્રવચનમાં આવેલા. પૂજ્ય ગુરુદેવશ્રીએ પોતાની તત્ત્વની મસ્તીમાં કહેલ કે હું બીજાની સેવા કરી શકું છું એમ માનનાર મૂઢ છે. આ વાત ગાંધીજીને એટલી બધી સ્પર્શી ગયેલ કે કેટલાક વર્ષો પછી તેમણે કોઈને પૂછેલ કે મને મૂઢ કહેનાર મહારાજ હાલ ક્યાં વિચરે છે ?

ગુણ પ્રશંસક તો એટલા કે કોઈએ પણ શાસન-સંબંધી પ્રશંસનીય કાર્ય કર્યું હોય–ચાહે તે પોતાનો શિષ્ય ભલે હોય તોપણ–તેની મુક્તકંઠે પ્રશંસા કરતા હતાં.

—આવી અનેક ઉચ્ચ કોટિની પરિણતિ અને અધ્યાત્મતત્ત્વજ્ઞાનથી ભરપૂર ઉપદેશના સુસંગમના કારણે પ્રથમ પરિચયમાં જ શ્રોતાઓ તેમના પ્રતિ ભાવવિભોર બનીને તેમના અનુયાયી બની જતાં.

આચાર્ય ભગવંતોએ જે મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે તેને આ અનુભૂતિ-વિભૂષિત સંતપુરુષે પોતાના શુદ્ધાત્મતત્ત્વની અનુભૂતિના આધારે, સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા, યુક્તિ ને ન્યાયથી સર્વપ્રકારે સમજાવ્યો હતો. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, ક્રમબદ્ધપર્યાય, કારણશુદ્ધપર્યાય, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન અને તેનો વિષય, સમ્યગ્જ્ઞાન અને જ્ઞાનનું સ્વ-પરપ્રકાશકપણું ઈત્યાદિ સમસ્ત તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું હતું. "સેંકડો શાસ્ત્રોના અમારા મંથનનો આ સાર અંદરથી આવ્યો છે"–એ "ક્રમબદ્ધપર્યાય"ના શંખનાદ વડે તેઓશ્રીએ જૈનજગતને આંદોલિત કર્યું. જેમ શ્રી સમયસારનું સ્મરણ કરે અને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેતું નથી, તેમ "ક્રમબદ્ધપર્યાય" શબ્દ કાને પડે ને કાનજીસ્વામીનું સ્મરણ થયા વિના રહેવું અસંભવ છે. આજે દેશ-વિદેશમાં લાખો જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે તેઓશ્રીનો જ પરમ પ્રતાપ છે.

કરુણાસાગર, પુરુષાર્થપ્રેરણામૂર્તિ, સમ્યગ્જ્ઞાનવિભૂષિત આ ધર્માત્માના મહિમાનું વર્ણન શબ્દાતીત છે; માત્ર અહોભાવથી અનુભવગમ્ય છે.

"તું પરમાત્મા છો–એમ નક્કી કર ! તું પરમાત્મા છો–એમ નક્કી કર !"–એવો મહામંત્ર મુમુક્ષુઓને આપીને ભક્તોને ભગવાન બનવાની પ્રેરણા કરનાર આ મહાપુરુષે પ્રકાશેલો સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો !

તીર્થંકર શ્રી મહાવીર ભગવાનની દિવ્યધ્વનિનું રહસ્ય સમજાવનાર શાસન-સ્તંભ શ્રી કહાનગુરુદેવ ત્રિકાળ જયવંત વર્તો !

ભવભીરૂ ભવ્યાત્માના ભવનો અભાવ કરનાર સત્પુરુષનો પ્રભાવના-ઉદય જયવંત વર્તો !

હે જ્ઞાનપોષક સુમેઘ તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી તને નમું હું.

—સંકલનકાર

# પ્રકાશકીય નિવેદન

તીર્થંકરદેવનો જન્મ જગતના કલ્યાણ માટે થતો હોય છે, તેમ અનંત અનંત ઉપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો જન્મ, આ નિષ્કૃષ્ટકાળે અહીં જન્મેલા અને ભવિષ્યમાં પણ અહીં જન્મ લેનારા અલ્પસંસારી જીવોને ભાગ્યશાળી બનાવવા માટે તથા તેઓને સંસારસમુદ્રથી પાર ઉતારવા માટે થયો હતો. છેલ્લા સેંકડો વર્ષોનો જૈન ઈતિહાસ કહે છે કે ભવ્ય જીવોના તારણહાર આવા મહાન સંતો જે કોઈ થયા હોય તેમાં કૃપાસિંધુ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રધાન પુરુષ છે. તેઓશ્રીએ આ ભૌતિકયુગને અધ્યાત્મયુગમાં પરિવર્તીત કરીને પંચમ આરાના અંત સુધી ટકી રહે તેવો અધ્યાત્મયુગ સર્જ્યો છે.

આવા અધ્યાત્મયુગસ્રષ્ટા, અધ્યાત્મક્રાંતિવીર પૂજ્ય ગુરુદેવશ્રીની ૪૫-૪૫ વર્ષ વહેલી અધ્યાત્મગંગાનું અમૃતપાન કરનાર મહાભાગ્યશાળી ભવ્ય મુમુક્ષુઓને તો તેઓશ્રી દ્વારા પ્રરૂપિત તત્ત્વજ્ઞાનના અભ્યાસ વડે આજે પણ પૂજ્ય ગુરુદેવશ્રી સાક્ષાત્‌રૂપે અનુભવાઈ રહ્યા છે, પરંતુ તેઓશ્રીના દર્શન-શ્રવણ કે સત્સંગનો જેઓને સાક્ષાત્ લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને, આ મહાપુરુષે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવેલો તેનો સાક્ષાત્‌વત્ લાભ મળે તે આ **''ગુરુ કહાન : દૃષ્ટિ મહાન''** પ્રકાશનહેતુ છે.

આ જીવ અનંતવાર નવમી ગ્રૈવેયક જઈ આવ્યો, અનંતવાર નગ્ન દિગંબર દ્રવ્યલિંગ ધારણ કર્યાં, અનંતવાર સમવસરણમાં જઈ આવ્યો છતાં કોરો રહી ગયો તેનું મુખ્ય કારણ જો કોઈ હોય તો આ એક જ કે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાને આ જીવે કદી ગ્રહણ ન કરી—એમ પૂજ્ય ગુરુદેવશ્રી કરુણાથી વારંવાર કહેતાં અને તેથી જ તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન દેશનાનો તેઓશ્રીએ જીવનપર્યંત ધોધ વહેવડાવ્યો છે. પૂજ્ય બહેનશ્રી પણ કહેતાં કે ''જાણે કોઈ મોટા આચાર્ય ઉપદેશ આપતાં હોય તેમ દૃષ્ટિના વિષયનો અપૂર્વ ખુલાસો થતો.''.....''દૃષ્ટિનો વિષય આવે ત્યારે ઊછળી જતાં.'' જોકે તેઓશ્રીની સર્વાંગી ઉપદેશગંગામાં ઓછી-વધતી યોગ્યતાવાળા સર્વ જીવોને આત્મલાભ થાય તેવો નિશ્ચય-વ્યવહારનો સઘળોય ઉપદેશધોધ વહ્યો છે. મુમુક્ષુની પાત્રતા કેવી હોય, અશુભથી બચવા શુભમાં જોડાણ કેવું હોય, ઈત્યાદિ ઉપદેશ આપવા છતાં ક્યાંય કોઈને મુખ્યતા ન થઈ જાય તેમ તેમાં જોર આપ્યા વિના તે વ્યવહારમાર્ગ-પ્રકાશન સાથે મુખ્યપણે તો દ્રવ્યદૃષ્ટિમાર્ગપ્રકાશક નિશ્ચયની જ ધોધમાર વર્ષા વરસાવી છે જેથી ભદ્ર જીવો અનાદિના સંસ્કારવશ મંદકષાય આદિ વ્યવહારમાર્ગમાં અટકી ન જતાં નિશ્ચયમોક્ષમાર્ગને યથાર્થ સમજીને, તેનું જ ગ્રહણ કરીને, આ ભવ સફળ કરવા સ્વાનુભૂતિનો સત્ પુરુષાર્થ અપનાવે.

પૂજ્ય ગુરુદેવશ્રીએ અધ્યાત્મયુગનું સર્જન કર્યું જ છે પણ વધુ સ્પષ્ટ કરીએ તો ખરેખર તો તેઓ દ્રવ્યદૃષ્ટિપ્રધાન-અધ્યાત્મયુગના સર્જક છે કેમ કે જે દ્રવ્યદૃષ્ટિપ્રધાન નિશ્ચયના બોધથી

જીવો નિશ્ચયાભાસના ડરથી ડરતાં હતા તેના બદલે તેઓશ્રીના પ્રતાપે ભવ્ય જીવો દિવસ-રાત એ નિશ્ચયનું શ્રવણ, ચિંતન ને ઘોલન કરવામાં જ જીવનની ધન્યતા અનુભવે છે.

દ્રવ્યદૃષ્ટિપ્રધાન અધ્યાત્મયુગના સર્જક પૂજ્ય ગુરુદેવશ્રીની ઉપદેશ-અમૃતવાણીને શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટે, તત્કાલિન પ્રમુખ શ્રી નવનીતભાઈ ઝવેરીની દીર્ઘદૃષ્ટિથી ટેપમાં સંગ્રહિત કરીને ચિરકાળપર્યંત સુરક્ષિત બનાવી તેમજ લગભગ ૯૨૦૦ કલાકની આ ગુરુવાણીને સ્વ. શ્રી શાંતિલાલ રતિલાલ શાહ–પરિવારે અદ્યતન ટેકનોલોજી વડે માત્ર ૧૬ **DVD**માં તેમજ **3 B.D. (Blu-ray Disc)**માં પ્રસિદ્ધ કરીને મુમુક્ષુઓના આત્મહિતનું સાધન પ્રદાન કર્યું છે કે જેના કારણે ભાવિના ભવ્યજીવો પણ આત્મહિતના માર્ગે સરળપણે પ્રયાણ કરતાં રહી શકશે. તેમ છતાં પંચમકાળના પ્રભાવવશ કેટલાક તત્ત્વના અભ્યાસીઓ વડે દૃષ્ટિપ્રધાન તત્ત્વજ્ઞાનના પુરુષાર્થમાં ભય પ્રકાશન કરાતો દેખીને પૂજ્ય ગુરુદેવશ્રીના ૯૨૦૦ ટેપ-પ્રવચનોમાંથી દ્રવ્યદૃષ્ટિપ્રધાન વિશેષ પુરુષાર્થ પ્રેરણાદાયક પ્રવચનો ચૂંટીચૂંટીને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'** રૂપે સીડી પ્રવચનો તેમજ અક્ષરશઃ ગુરુવાણીનું પુસ્તક મુમુક્ષુસમાજને ઉપલબ્ધ કરાવવાની અમને ભાવના જાગ્રત થતાં શ્રી જયસુખભાઈ ભાયાણી, શ્રી ન્યાલચંદભાઈ હરજીવનદાસ સંઘરાજકા, સ્વ. જયંતીલાલ ચમનલાલ દોશી-પરિવાર, શ્રીમતી પ્રવીણાબેન શશીકાંતભાઈ ખારા–પરિવાર, શ્રીમતી ઉષાબેન રમેશચંદ્ર શાહ-પરિવાર તથા નિરૂબેન વિનુભાઈ ભક્ત-પરિવાર, ઓમકારભાઈ જયકિશનભાઈ ભક્ત-પરિવાર, "સહજ ચિદાનંદ" પરિવાર, સોનગઢ/મુંબઈ/જામનગર, શારદાબેન કિશોરભાઇ શાહ(મુંબઈ)પરિવાર દ્વારા પ્રકાશન માટે પ્રમોદ બતાવતા અત્યાર સુધીમાં ભાગ-૧ થી ભાગ-૧૨ સુધી પ્રકાશિત કરવામાં આવ્યા છે જેનો વ્યકિતગત ઉપરાંત કેટલાક મુમુક્ષુ-મંડળોમાં સભામાં નિયમિત લાભ લેવામાં આવે છે. શારદાબેન કિશોરભાઇ શાહ(મુંબઈ)પરિવાર દ્વારા અભ્યાસી મુમુક્ષુઓના દ્રવ્યદૃષ્ટિપ્રધાન પુરુષાર્થની અભિવૃદ્ધિની અનુમોદનાનો લાભ લેવાની ભાવના થતાં 'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન, ભાગ-૧૩' તેમના દ્વારા માત્ર **PDF** રૂપે પ્રકાશિત થઈ રહ્યું છે.

**આ શાસ્ત્ર vitragvani app તથા vitragvani website**
**ઉપર ઉપલબ્ધ છે. જે તમે downlod કરી શકો છો.**

આ પુસ્તક-પ્રકાશનના મુખ્ય બે પ્રયોજનો છે : (૧) જેઓને કરુણાસાગર ગુરુદેવશ્રીના પ્રત્યક્ષ દર્શન-શ્રવણનો લાભ મળ્યો નથી તેવા ભવ્ય જીવોને ગુરુદેવશ્રીનું દ્રવ્યદૃષ્ટિપ્રધાન અંતઃકરણ સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થાય તથા (૨) પંચમકાળના પ્રભાવમાં આવી જઈને પ્રમાણના લોભમાં અટકીને દ્રવ્યદૃષ્ટિના માર્ગે નિઃશંકપણે પ્રયાણ કરતા અચકાય નહીં અને એ રીતે પૂજ્ય ગુરુદેવશ્રીની ભવ્ય જીવોને સંસારસમુદ્રમાંથી ઉગારી લેવાની કરુણા સફળતાને પામે.

અંતમાં, પૂજ્ય ગુરુદેવશ્રી ૯૧ વર્ષની ઉંમરે પણ જે દ્રવ્યદૃષ્ટિની પ્રરૂપણા કરતાં અંદરથી ઊછળી પડતા હતા તે દ્રવ્યદૃષ્ટિપ્રધાન ઉપદેશને **'ગુરુ કહાન : દૃષ્ટિ મહાન'**ના માધ્યમથી આપણે સૌ ત્વરાએ ગ્રહણ કરીને ભાવિ અનંતકાળ ગુરુના સાન્નિધ્યને પામીએ એવી ભાવના સહ—

—સંકલનકાર

# અનુક્રમણિકા

## ગુરુ કહાન : દૃષ્ટિ મહાન (ભાગ–૧૩)


| ક્રમ | શાસ્ત્ર | ગાથા/શ્લોક | તારીખ | પ્રવચન નં. | પેઈજ નં. |
|---|---|---|---|---|---|
| ૧. | શ્રી સમયસાર | ગાથા-૪૫-૪૬ | ૨૮-૧૨-૧૯૬૮ | ૯૬ | 1 |
| ૨. | શ્રી સમયસાર | ગાથા ૩૩૨ થી ૩૪૪ શ્લોક-૨૦૫ | ૨૭-૦૭-૧૯૯૦ | ૪૩૮ | 14 |
| ૩. | શ્રી સમયસાર | ગાથા-૯૧-૯૨ | ૭-૧૧-૧૯૬૬ | ૧૮૦ | 29 |
| ૪. | શ્રી સમયસાર | ગાથા ૨૦૩, કળશ ૧૩૯ | ૨૨-૧૦-૧૯૬૯ | ૨૯૧ | 44 |
| ૫. | શ્રી સમયસાર | ગાથા ૧૩૨ થી ૧૩૬ કળશ-૬૮ | ૨૩-૦૭-૧૯૬૯ | ૨૦૨ | 59 |
| ૬. | શ્રી સમયસાર | ગાથા-૧૬૧ થી ૧૬૩ કળશ-૧૦૯ | ૩૧-૦૮-૧૯૬૯ | ૨૪૧ | 73 |
| ૭. | શ્રી પંચાસ્તિકાય | ગાથા-૧૨૬ થી ૧૩૦ | ૨૪-૦૯-૧૯૬૪ | ૨૯ | 87 |
| ૮. | શ્રી પંચાસ્તિકાય | ગાથા-૧૭૨ | ૩૦-૦૫-૧૯૭૦ | ૮૧ | 103 |
| ૯. | શ્રી કળશટીકા | શ્લોક-૧૭૩ થી ૧૭૫ | ૧૨-૦૯-૧૯૬૫ | ૧૫૭ | 117 |
| ૧૦. | શ્રી સમયસાર | ગાથા-૫૬-૫૭ | ૧૩-૦૧-૧૯૬૯ | ૧૧૦ | 132 |
| ૧૧. | શ્રી સમયસાર | ગાથા-૫૮-૬૦ | ૧૪-૧૧-૧૯૬૯ | ૧૧૧ | 145 |
| ૧૨. | શ્રી કળશટીકા | શ્લોક-૧૬૩ | ૩૦-૦૮-૧૯૬૫ | ૧૪૪ | 159 |
| ૧૩. | શ્રી કળશટીકા | શ્લોક-૧૮૦ | ૧૮-૦૯-૧૯૬૫ | ૧૬૩ | 172 |
| ૧૪. | શ્રી કળશટીકા | શ્લોક-૧૯૩-૧૯૪ | ૦૫-૧૦-૧૯૬૫ | ૧૭૯ | 186 |
| ૧૫. | શ્રી કળશટીકા | શ્લોક-૧૯૪-૧૯૫ | ૦૬-૧૦-૧૯૬૫ | ૧૮૦ | 199 |
| ૧૬. | શ્રી કળશટીકા | શ્લોક-૪૧-૪૪ | ૧૬-૦૫-૧૯૬૫ | ૪૧ | 212 |
| ૧૭. | શ્રી સમયસાર | ગાથા-૭૫ | ૨૮-૦૫-૧૯૬૮ | ૫૨૦ | 228 |
| ૧૮. | શ્રી સમયસાર | શક્તિ ૧૫-૧૬ | ૧૩-૧૨-૧૯૭૦ | ૫૪૪ | 243 |
| ૧૯. | શ્રી સમયસાર | શક્તિ ૨૧-૨૨ | ૧૭-૧૨-૧૯૭૦ | ૫૪૮ | 256 |
| ૨૦. | શ્રી કળશટીકા | કળશ-૧૨૯-૧૩૦ | ૨૩-૧૦-૧૯૭૭ | ૧૨૯ | 270 |
| ૨૧. | બહેનશ્રીનાં વચનામૃત | બોલ-૧૦૭ થી ૧૦૯ | ૧૫-૦૭-૧૯૭૮ | ૩૮ | 2 8 3 |
| ૨૨. | શ્રી નિયમસાર | ગાથા-૦૦ | – | – | 295 |
| ૨૩. | શ્રી સમયસાર | ગાથા-૩૯૦ થી ૪૦૪ | ૩૦-૦૧-૧૯૬૮ | ૪૭૨ | 311 |
| ૨૪. | શ્રી સમયસાર | શ્લોક-૨૬૨ | ૩૧-૧૦-૧૯૭૦ | ૫૨૨ | 328 |
| ૨૫. | શ્રી સમયસાર | ગાથા-૨ | ૧૬-૦૬-૧૯૭૮ | ૯ | ૩૪૨ |
| | | | | | |

પ્રવચન શરૂ કરતાં પહેલાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા કરવામાં આવતું

# માંગલિક

॥ णमो लोए सव्व अरिहंताणम् ॥

॥ णमो लोए सव्व सिद्धाणम् ॥

॥ णमो लोए सव्व आयरियाणम् ॥

॥ णमो लोए सव्व उवज्झायाणम् ॥

॥ णमो लोए सव्व त्रिकाळवर्ती साहूणम् ॥

ओंकारं बिन्दुसंयुक्तं नित्यं ध्यायन्ति योगिनः।
कामदं मोक्षदं चैव ॐकाराय नमो नमः॥

मङ्गलं भगवान् वीरो मङ्गलं गौतमो गणी।
मङ्गलं कुन्दकुन्दार्यो जैनधर्मोऽस्तु मङ्गलम्॥

नमः समयसाराय स्वानुभूत्या चकासते।
चित्स्वभावायभावाय सर्वभावान्तरच्छिदे॥

त्रिकाळ दिव्यध्वनि दातार....

❀

ॐ

શ્રી પરમાત્મને નમઃ

# ગુરુ કહાન–દૃષ્ટિ મહાન

(ભાગ–૧૩)

(અધ્યાત્મયુગપુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના દ્રવ્યદૃષ્ટિપ્રધાન આધ્યાત્મિક પ્રવચનો)

**શ્રી સમયસાર, ગાથા-૪૫-૪૬**
**પ્રવચન નં.૯૬, તા.૨૮-૧૨-૧૯૬૮**
**(૧)**

આ સમયસાર જીવ-અજીવ અધિકાર છે, ૪૫ ગાથા.

अट्ठविहं पि य कम्मं सव्वं पोग्गलमयं जिणा बेंति।
जस्स फलं तं वुच्चदि दुक्खं ति विपच्चमाणस्स।।४५।।

રે! કર્મ અષ્ટ પ્રકારનું જિન સર્વ પુદ્ગલમય કહે,
પરિપાક સમયે જેહનું ફળ દુઃખ નામ પ્રસિદ્ધ છે. ૪૫.

'ટીકા :- અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.' શું કહે છે? કે પુણ્ય-પાપના વિકલ્પો, શુભ-અશુભના ભાવો કે હરખ-શોકના ભાવો એ જે ઉત્પન્ન થાય છે એ બધા આઠેય પ્રકારનું કર્મ છે એનાથી ઉત્પન્ન થાય છે. તેથી તે પુદ્ગલમય છે, અજીવભાવ છે. સમજાય છે કાંઈ? આઠ કર્મના સંગથી ઉત્પન્ન થયેલો શુભ-અશુભનો ભાવ, શુભોપયોગ, અશુભોપયોગ વગેરે. દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ બધાં પુદ્ગલના

સંગે ઉત્પન્ન થયેલાં, પુદ્ગલના ભાવોથી ઉત્પન્ન થયેલાં તે બધા પુદ્ગલ જ છે. આહાહા..! એ અજીવ છે, એ અચેતન છે, વસ્તુના સ્વભાવની અપેક્ષાએ તે અવસ્તુ છે. સમજાણું કાંઈ?

આત્મામાં જે આમ દેખાય છે... એ શિષ્યનો પ્રશ્ન હતો કે આ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રતાદિ વ્યવહારરત્નત્રયાદિના વિકલ્પો કહેવાય છેને એ બધો જીવની સાથે સંબંધ રાખે છેને એમ તો ભાસે છેને. કહે છે કે, ભાઈ! એમ નથી. કેમકે ભગવાન આત્મા તો અનાકુળ આનંદ સ્વભાવસ્વરૂપ છે. એમાં જે આ કર્મના નિમિત્તથી પાક થયેલો ભાવ હરખ-શોક અથવા શુભ-અશુભ વ્યવહારભાવ એ બધો પુદ્ગલમય અજીવ ને અચેતન સર્વજ્ઞ પરમાત્માએ કહ્યો છે. ઓહોહો..! સમજાય છે કાંઈ?

'**અધ્યવસાન આદિ સમસ્ત ભાવોને...**' આઠ કહ્યા હતા તે. એને '**ઉત્પન્ન કરનારું...**' દેખો! ભગવાન આત્માથી ઉત્પન્ન થયેલું નહિ. આત્મા તો આનંદસ્વરૂપ છે, અનાકુળ સ્વભાવ આત્મા એનાથી ઉત્પન્ન થાય તો અનાકુળ આનંદની ઉત્પત્તિ થાય. ઝીણી વાત છે જરી. સમજાય છે કાંઈ? એથી એ આત્મામાં સંબંધરૂપે ભ્રમ ઉપજાવે છે કે એ પુણ્ય-પાપના ભાવ જીવના છે એ અજ્ઞાનીને ભ્રમ થાય છે. ખરેખર એ '**સમસ્ત ભાવોને ઉત્પન્ન કરનારું જે આઠે પ્રકારનું જ્ઞાનાવરણ આદિ કર્મ છે તે બધુંય પુદ્ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.**' નિશ્ચય.

પરમાત્માએ, વીતરાગદેવે અને આગમમાં... વચન છે એ આગમ કહો. આગમની અંદર પરમાગમની અંદર ભગવાને એમ કહ્યું કે જેટલો વિકલ્પ આદિ વ્યવહાર ઉત્પન્ન થાય એ બધો પુદ્ગલમય છે, જીવમય નહિ. એ જડ છે, અચેતન છે, એ અજીવ છે. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે એ પુણ્ય-પાપના શુભ-અશુભભાવ જે છે એમાં જ્ઞાન ચૈતન્યજ્યોતિનું કિરણ નથી. ભગવાન આત્મા ચૈતન્ય અને આનંદસ્વરૂપ છે એમાં એ વ્યવહાર જેને કહે છે, ચરણાનુયોગમાં જેને વ્યવહાર કહ્યો, એ વ્યવહારને અહીંયાં પુદ્ગલના પરિણામ કહ્યા છે. આહાહા..! ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? એને આઠ કર્મથી ઉત્પન્ન થયેલો પાક એનો ભાવ છે, ભગવાન આત્માનો એ ભાવ નહિ. સમજાય છે?

આ અધિકાર શું છે? જીવ-અજીવ અધિકાર છે. એટલે એ આત્માની પર્યાયમાં જે ભાસ થાય છે શુભ-અશુભભાવ એ અજીવભાવ છે, એ પુદ્ગલમય છે, એ જડ છે, એ કર્મજન્ય છે, અજીવ અને અચેતન છે. આહાહા..! એમ સર્વજ્ઞનું વચન છે. એટલે સર્વજ્ઞે એમ જાણ્યું છે અને વાણીમાં, આગમમાં આમ કહ્યું છે. પછી કહેશે, શાસ્ત્રે વ્યવહારમાં પણ એમ કહ્યું છેને કે જીવના છે? એ તો ભગવાને જણાવ્યું છે, દેખાડ્યું છે. એમાં એક વ્યવહાર-વિકલ્પ છે એ ખરેખર તારો સ્વભાવ નથી, પણ પર્યાયમાં એનું જ્ઞાન કરાવ્યું છે કે છે એટલું, સ્વભાવની સાથે સંબંધ છે એમ નહિ. આહાહા..! અરે..! ભગવાન! એને આત્મા કોને કહેવો એની એને ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, ખરેખર તો શાસ્ત્ર સંબંધીનું જ્ઞાન જે છે એ પણ પરસંબંધીથી ઉત્પન્ન થયેલું છે, સ્વભાવમાંથી નથી આવ્યું. સમજાણું કાંઈ? કેમકે જો સ્વભાવનું જ્ઞાન હોય તો એમાં આનંદ આવવો જોઈએ. અને જે જ્ઞાન એકલું શાસ્ત્રનું છે એમાં જ્ઞાન નથી એટલે આનંદ નથી. આનંદ નથી તેથી તે જ્ઞાન નથી, તેથી તે આત્માનો સ્વભાવ નથી, તે આત્માનું જ્ઞાન નથી. શેઠી! ભગવાન! તારી ચીજ બહુ ઝીણી છે, ભાઈ! આ કેવી રીતે કથન છે! સર્વજ્ઞનું વચન છે એમ કહ્યુંને? **'जिणा बेंति'** જિનેશ્વર તીર્થંકરો કેવળજ્ઞાની પરમાત્મા જેણે એક સમયમાં ત્રણકાળ, ત્રણલોક પૂરા જાણ્યા છે એ ભગવાનના જ્ઞાનમાં એમ આવ્યું છે અને એની વાણીમાં પણ એમ આવ્યું છે કે એ શુભ-અશુભભાવ વ્યવહારરત્નત્રયનો વિકલ્પ જે કહેવાય, જેને ચરણાનુયોગની અપેક્ષાએ વ્યવહાર કહેવાય એ આત્માના સ્વભાવમાં નથી, એ તો પુદ્ગલ સ્વભાવમાં છે એમ કહે છે અહીં. ભારે વાત, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ?

હવે કહે છેને કેટલાક કે એ વ્યવહાર સાધન છે અને નિશ્ચય સાધ્ય છે. આહાહા..! ભગવાન! એ તો નિમિત્તનું કથન છે. અજીવ સાધન અને જીવસ્વભાવ સાધ્ય એમ હોઈ શકે નહિ. આહાહા..! ભારે વાત આકરી. સર્વજ્ઞ પરમેશ્વરે એવું જાણ્યું છે, ભગવાને એમ જાણ્યું છે અને એમ કહ્યું છે કે ભાઈ! એ જેટલા વિકલ્પો પુણ્ય-પાપની વૃત્તિઓ ઉઠે છે એ સ્વભાવમાંથી નથી આવી. એ કર્મના સંગે ઉત્પન્ન થયેલો ભાવ તે અજીવ અને કર્મનો અને પુદ્ગલનો જ છે. એ પુદ્ગલના ભાવ દ્વારા આત્માને લાભ થાય, બહુ વિપરીત છે. સમજાણું કાંઈ? શાંતિની વાત છે, આ તો ભાઈ! આ કોઈ શાસ્ત્રના ભણતર કરીને વાદવિવાદ કરવા ને આ કરવું ને તે કરવું એ કોઈ ચીજ જુદી છે, આ ચીજ જુદી છે. સમજાય છે કાંઈ?

કહે છે કે એ રાગાદિ અધ્યવસાય. પહેલો બોલ અધ્યવસાય લીધો હતોને આઠમાં? વિભાવપરિણામ તે મારા એવી એકત્વબુદ્ધિ એ એકત્વબુદ્ધિ જૂઠી છે. કેમકે પુણ્ય-પાપ તારા સ્વભાવમાં નથી. એવી એકત્વબુદ્ધિ કે મારું ચૈતન્યસ્વરૂપ છે એ અધ્યવસાય મિથ્યાત્વભાવ છે અને એ મિથ્યાત્વભાવ પુદ્ગલમય છે. આહાહા..! ભગવાન આત્મા આનંદના કંદથી ભરેલો સ્વભાવનું સ્વરૂપ ચિદાનંદ આનંદ છે, અતીન્દ્રિય આનંદ છે. એ આનંદમાંથી એ દશા નથી આવી. આનંદસ્વરૂપ તે આત્મા. અતીન્દ્રિય આનંદસ્વરૂપ તે આત્મા. એવા આનંદસ્વરૂપની દૃષ્ટિ થતાં તો અંતર દશામાં આનંદ આવે એને જીવભાવ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

**'તે બધુંય પુદ્ગલમય છે એવું સર્વજ્ઞનું વચન છે.'** આહાહા..! એટલે ખરેખર તો એવું કહ્યું કે જીવસ્વભાવ આનંદમૂર્તિ તેને આત્મા કહીએ તો આ શુભ-અશુભ પરિણામ જે શુભ આદિ છે તેને પુદ્ગલ કહીએ. જીવસ્વભાવની અપેક્ષાએ તેને અવસ્તુ કહીએ. એની અપેક્ષાએ તેને વસ્તુ કહો. સમજાય છે? કારણ કે છે એમ કહ્યું છેને? આઠેય પ્રકારનું કર્મ છે. ઉત્પન્ન એ બધું છે એમ કહ્યું છે. છે એમ કહ્યું છે એટલે એ અપેક્ષાએ, તેની અપેક્ષાએ તે વસ્તુ છે. અજીવભાવની અપેક્ષાએ એ ભાવ છે, પણ જીવસ્વભાવની અપેક્ષાએ એ વસ્તુ અવસ્તુ

છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા શાંત અનાકુળ વીતરાગ આનંદમય વસ્તુ છે. તેને આત્મા કહેવાય છે. સમજાય છે કાંઈ? પછી કહેશે ૪૬માં. વ્યવહાર ભગવાને દર્શાવ્યો છેને અભૂતાર્થ અને અપરમાર્થ હોવા છતાં? એ જાણવાલાયક છે એની અવસ્થામાં, પણ એ પર તરીકે જાણવાલાયક છે, સ્વભાવ તરીકે જાણવાલાયક નથી. જાણવાલાયક છે. વ્યવહાર નથી એમ નહિ. સમજાય છે કાંઈ? જેમ આત્મા છે તેમ અજીવ પણ વસ્તુ છે કે નહિ પુદ્ગલ? પુદ્ગલ છે ખરી ચીજ. એમ. આત્મા છે તો પુદ્ગલ છે, પણ આત્માની અપેક્ષાએ પુદ્ગલ તો અવસ્તુ છે, અજીવ છે, અચેતન છે. સમજાય છે કાંઈ? પણ છે ખરાને એ. એમ આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ વસ્તુ એ વસ્તુના સ્વભાવની દૃષ્ટિ થતાં સ્વભાવમાં એ રાગાદિ નથી તેથી તેને અચેતન કહીને, અવસ્તુ કહીને પુદ્ગલ કીધું છે, પણ એના ભાવ તરીકે એ ભાવ છે. સમજાણું કાંઈ?

તેથી કહે છે જુઓ, '**ઉત્પન્ન કરનારું...**' એટલે કે વસ્તુમાં નથી. વસ્તુ ચૈતન્ય ભગવાન આનંદસ્વરૂપમાં એ પુણ્ય-પાપનો વિકલ્પ ઉઠે એવું વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? એ આઠ કર્મ જે જડ છે તેનાથી ઉત્પન્ન થતો આખો ઉદયભાવ જે સંસારભાવ, જે ઉદયભાવ અસિદ્ધભાવ એ બધો પુદ્ગલમય છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**વિપાકની હદે પહોંચેલા...**' કેમ છે હવે એ પુદ્ગલ? એમ કહે છે. એ શુભ-અશુભભાવો પુદ્ગલના કર્મના નિમિત્તથી ઉત્પન્ન થયેલા એથી એ પુદ્ગલ છે, અચેતન છે, અજીવ છે, જડ છે. કેમ? '**વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' આઠ કર્મ છે એનો પાક થઈ, એના ક્ષેત્રનો પાક થઈ એમાં એ ઉદય છે એ જડની પર્યાય છે કર્મની, એમ જે રાગાદિ ને દુઃખાદિ પરિણામ થયા એ પણ કર્મના પાકથી થયેલો એ કર્મનું ફળ અને પાક છે. ત્યારે વળી કોઈ એમ કહે કે ભાઈ! કર્મને લઈને વિકાર થાય એમ તો નથી. વિકાર તો પોતાથી થાય છે. એ તો વળી એમ કહો, વિકાર પોતાથી થાય, કર્મ તો નિમિત્તમાત્ર છે. વાત એમ છે. એ પર્યાયને વિકારપણું નિમિત્તથી નથી, પણ પોતાથી છે ત્યારે નિમિત્ત છે એમ જણાવવા. પણ એ વિકાર છે એ ખરેખર આત્મસ્વભાવ (નથી), હવે એનાથી ભિન્ન પાડે છે.

પહેલો તો નિમિત્તથી ભિન્ન પાડ્યું કે વિકારની વૃત્તિઓ ઉઠે છેને? એ કર્મની છે, કર્મને લઈને છે, પુદ્ગલની છે?-કે ના. એ તો વિકારની પર્યાય તો એની અવસ્થાની છે. એ જડમાં નથી, જડથી થયેલી નથી. એ આત્માની પર્યાયના અસ્તિત્વમાં છે અને આત્માની વિભાવદશાનું ઉત્પન્ન તેની પર્યાયમાં એનાથી થયું છે. એટલી વાત. પણ હવે જ્યારે જીવસ્વભાવ લેવો છે, જે કાયમી ચિદાનંદ ભગવાન અનાકુળ આનંદમય છે એ જીવ એ દૃષ્ટિએ અંતર જોતાં એ પુણ્ય-પાપના ભાવ, વ્યવહારભાવ એ બધો પુદ્ગલનો છે, ચૈતન્યના પાકની એ દશા નહિ. ભગવાન આનંદમૂર્તિ પ્રભુ એનો એ પાક નહિ. જે ખેતરે ચોખા થાય એ ખેતરમાં અફીણ

ન થાય. સમજાય છે કાંઈ? આત્માનું ખેતર તો અતીન્દ્રિય આનંદનું ખેતર છે એ. આહાહા..! એનું સમ્યગ્દર્શન થતાં, એનો સ્વીકાર ચિદાનંદનો થતાં એની પર્યાયમાં તો આનંદ પાકે. એ ખેતર આત્મા છે. પુણ્ય-પાપના ઝેર પાકે એવું ખેતર આત્મા નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાતું, ભાઈ!

કહે છે, '**વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' ભગવાન પરમેશ્વરે ત્રિલોકનાથ પરમાત્માએ તો '**વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે...**' એ તો કર્મના ફળ તરીકે છે. ભગવાન આત્માના પાક અને ફળ તરીકે નથી. સમજાણું કાંઈ? આહાહા..! શેઠી! '**વિપાકની હદે પહોંચેલા તે કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે...**' એમ. જે કર્મના ફળ તરીકે કહેવામાં આવે છે તે. એટલે કે કર્મફળ. એમ. શુભ-અશુભભાવ. આહાહા..! ગજબ વાત છેને! વ્યવહારરત્નત્રયનો ભાવ જે શુભોપયોગ તે કર્મના ફળ તરીકે છે એમ અહીંયાં સિદ્ધ કરે છે. ભાઈ! એ આત્માનો સ્વભાવ નથી. ભગવાન! તારી દૃષ્ટિમાં એ અશુદ્ધતા આવે તો એ આત્મા નહિ એમ કહે છે. સમજાણું કાંઈ? તારી દૃષ્ટિમાં તો આનંદ અને શુદ્ધ ચૈતન્યમૂર્તિ આવે ત્યારે આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? અશુદ્ધતાની દૃષ્ટિએ આવે એ તો પુદ્ગલની દૃષ્ટિ, અચેતનની દૃષ્ટિ તારી થઈ. આહાહા..! ભારે વાતું, ભાઈ!

કહે છે કે એ તો '**કર્મના ફળપણે જે કહેવામાં આવે છે તે (એટલે કે કર્મફળ), અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' લ્યો! ભગવાન આત્મા અનાકુળ આનંદનો રસકંદ પ્રભુ આત્મા, એ આત્મા. આત્મા સચ્ચિદાનંદ. સત્ શાશ્વત જ્ઞાન અને આનંદની મૂર્તિ તે આત્મા. એવો જે '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...**' આત્મસ્વભાવ. જુઓ, એ આત્મસ્વભાવ '**તેનાથી વિલક્ષણ હોવાથી,...**' ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વભાવભાવ આત્મા એનાથી વિલક્ષણ, વિપરીત લક્ષણવાળું એ દુઃખ છે. આહાહા..! વિલક્ષણ કહો, આ ચૈતન્ય તો તેને અચેતન કહો, એમ આનંદ તો તેને દુઃખ કહો, આને આત્મા કહો તો તેને અણાત્મા કહો, આને નિશ્ચય કહો તેને નિશ્ચયથી પર અવસ્તુ કહો. સમજાય છે કાંઈ? એટલે એમ કહ્યું કે એ વ્યવહાર છે તો નિશ્ચય છે એમ નથી. સમજાય છે? અને અહીં નિશ્ચય છે તો અહીં વ્યવહાર છે એમ નથી, એમ કહે છે. આહાહા..! બે વસ્તુ જ તદ્દન જુદી છે. સમજાણું કાંઈ? જેમ આત્મા છે તો પુદ્ગલ છે એમ નથી કાંઈ. પુદ્ગલ પુદ્ગલથી છે, આત્મા આત્માથી છે.

એમ ભગવાન આત્મા અનાકુળ આનંદસ્વભાવભાવ છે, તો એને લઈને આ પુણ્યનો વિકલ્પ વ્યવહારનો છે એમ છે? કે ના, એમ નથી. કેમકે આ સ્વભાવથી તો એનું વિલક્ષણ છે, વિપરીત લક્ષણ છે, એની જાત વિપરીત છે. સમજાણું કાંઈ? આહાહા..! ભગવાન આત્મા અનાકુળ આનંદલક્ષણ સંપન્ન પ્રભુ એનાથી જે આત્મસ્વભાવ એવો છે એનાથી. એનાથી તો

વિલક્ષણ છે. જ્યારે આ ચૈતન્યસ્વભાવ છે તો એ અચેતનસ્વભાવ છે, આનંદસ્વભાવ છે તો વ્યવહાર તે દુઃખભાવ છે, આ જીવ છે તો એ અજીવ છે, આ જાગૃતભાવ છે તો એ અજાગૃતભાવ છે. સમજાણું કાંઈ?

'**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી...**' તો પુણ્યના વિકલ્પો શુભભાવ તે '**વિલક્ષણ હોવાથી...**' જાત જ બીજી છે કહે છે અહીં તો. સમજાણું કાંઈ? એ બંધભાવ રાગ જેનો બંધભાવ એનું લક્ષણ છે. રાગનું લક્ષણ બંધભાવ તો રાગ લક્ષણ છે. ભગવાનનું લક્ષણ તો અનાકુળ આનંદ સ્વભાવલક્ષણ છે. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા અનાકુળલક્ષણ એવો ભગવાન આત્મસ્વભાવ એ તો સ્વભાવભાવ પોતાનો છે. એનાથી જે પુણ્યનો વિકલ્પ શુભ-અશુભાદિનો ઉઠે છે એ બધો વિલક્ષણ ચૈતન્યના આનંદલક્ષણવાળા સ્વભાવથી વિપરીત લક્ષણવાળું અચેતનતત્ત્વ છે એ. આહાહા..! ભગવાનજીભાઈ! ભારે. આહાહા..! શરીર અચેતન, આ પૈસા અચેતન, આ બધું અચેતન. એ બધું અજીવ એને પુણ્યના પરિણામને પણ એ અજીવના કોઠામાં નાખ્યા. ભગવાનમાં ક્યાં છે? એ પ્રભુમાં ક્યાં છે? આહાહા..! સમજાય છે કાંઈ? કહો, સુમનભાઈ! ભારે ઝીણું આવું. હવે તો જાવું છે આઘે ક્યાંક પાછું. ત્યાં તો આવું સાંભળવાનું પણ નહિ મળે. આહાહા..!

પ્રભુ! તારા ઘરની વાત તો જો. એ સાંભળ તો ખરો પ્રભુ તારી વાત. તારી પ્રભુતા તો અનાકુળ આનંદને લઈને છે. એ વિકલ્પના પરિણામને લઈને તારી પ્રભુતાની તારી મોટપ ને તારી અધિકાઈ એને લઈને નહિ. આહાહા..! શું કહે છે? અરે..! શાસ્ત્રના એકલા જાણપણા અને પાંચ મહાવ્રતના પરિણામ એ બધા તારા નહિ, ભાઈ! તારા હોય તો એમાં આનંદસ્વભાવ આવવો જોઈએ એમ કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ? આવા આનંદસ્વભાવરૂપ ભગવાન આત્મા એને છોડીને જે આ રાગાદિ, આ શાસ્ત્રના જાણપણા કે એનાથી અઠીકપણે પોતાને મનાવવો છે, ખતવવો છે અને બીજા પાસે અધિક છું, હું કાંઈક ઠીક છું એમ બતાવવું છે. કહે છે કે ભગવાન એ અચેતનપણે તું છો એમ બતાવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી...**' જુઓ, શું કહે છે? જે ભાવમાં આનંદ નથી.. ભાઈ! શું કહે છે સમજાય છે કાંઈ? આહાહા..! પુણ્યના ભાવમાં આનંદ નથી, શાસ્ત્રના એકલા ભણતરમાં આનંદ નથી. સમજાય છે કાંઈ? '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ હોવાથી, દુઃખ છે.**' આહાહા..!

**શ્રોતા :-** વ્યવહાર એ દુઃખ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બધું દુઃખ. જેમાં આનંદ ન આવે એ બધું દુઃખ. આનંદનો અભાવ તે દુઃખ. દુઃખનો અભાવ તે સુખ. સમજાણું કાંઈ?

કહે છે '**અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ તેનાથી વિલક્ષણ**

**હોવાથી,..'** એટલે કે એ લક્ષણ આનંદથી વિરૂદ્ધ છે, એ બધા ભાવો દુઃખ છે. આહાહા..! અને દુઃખ ન હોય તો કહે છે કે આનંદ જોઈએ આત્મામાં અને આત્માનો આનંદ નથી તો જેટલા ભાવો બધા છે એ બધા ભાવો દુઃખરૂપ છે, એ અજીવભાવ છે, એ અચેતનભાવ છે, એ વસ્તુની અપેક્ષાએ અવસ્તુભાવ છે એટલે પરભાવ, છે ખરા. આહાહા..! સમજાણું કાંઈ? અરે..! સત્ય વસ્તુને જ્યાં જેવી છે તેવી સાંભળવા પણ ન મળે એને સાંભળવામાં વિચાર પણ કે દી આવે સાંભળ્યા વિના? અને વિચાર વિના એની રુચિ ક્યાં ઢળે એની એને ખબર પણ ન મળે. સમજાણું કાંઈ?

આ કો'કને સમજાવાનો ભાવ કહે છે કે વિકલ્પ છે. લે. આહાહા..! એ અજીવભાવ છે. એનાથી તને લાભ થાય? ભાઈ! બીજાને ધર્મ પમાડે તો તીર્થંકરગોત્ર બાંધે. એ આવે છેને. ભાઈ! પણ એ ભાવ છે એ તો દુઃખરૂપ છેને. એનાથી બંધાય તીર્થંકરગોત્ર એમાં તને શું? કહો, સમજાણું કાંઈ? તીર્થંકરગોત્ર બંધાયને? અબંધ નહિને? એ તો અજીવભાવ થયો અને એનું કારણ જે છે ભાવ એ પણ અજીવભાવ છે. આહાહા..! કેમકે જીવસ્વભાવ નથી. આનંદનો ભાવ એમાં આવ્યો નથી. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ અંતરનો એવો છે ભાઈ! એ કોઈ બહારથી પ્રગટ થાય એવો નથી.

જેને કંઈ પણ આત્માના અનાકુળ આનંદ સિવાય કોઈપણ પર્યાયમાં, રાગમાં, જ્ઞાનના ઉઘાડમાં કાંઈક ઠીક છે એવી મીઠાશ આવે, તો કહે છે કે એ બધી દુઃખની મીઠાશ, જડની મીઠાશ ચૈતન્યનો ઘાત કરે છે. સમજાણું કાંઈ? એ કાંઈ શબ્દ સાંભળીને જ્યારે એને હરખ આવે કે આહાહા..! મારી પ્રશંસા. કહે છે કે એવો જે વિકલ્પ ઉઠે છેને એ દુઃખરૂપ છે, અજીવ છે. એમાં તને હરખ આવ્યો છે એ આત્માનો આનંદ ત્યાં લુટાણો છે, ભાઈ! આહાહા..! સમજાણું કાંઈ? કહો, સમજાણું કાંઈ?

મહાસિદ્ધાંત સર્વજ્ઞ પરમેશ્વરે ફરમાવ્યો અને એમ છે. ભગવાન! તારો સ્વભાવ તો અનાકુળ આનંદ છે, અને એ સ્વભાવની દશામાં ઉત્પન્ન થાય તો તો આનંદ જ ઉત્પન્ન થાય. તો તો એ આત્મા ખરો. તો તો એ આત્મા ખરો, પણ જો કાંઈ પણ આનંદ ન ઉત્પન્ન, અનાકુળ આનંદની ઉત્પત્તિ ન થતાં બીજા પ્રકારનો પ્રકારનો કોઈપણ જ્ઞાનનો ક્ષયોપશમ, રાગની મંદતા, પરમા હોંશ આદિ જે ભાવ ઉત્પન્ન થાય, ભગવાન! એ બધો દુઃખરૂપ ભાવ અચેતન છે હોં! સમજાણું કાંઈ?

**'અનાકુળતાલક્ષણ જે સુખ નામનો આત્મસ્વભાવ...'** બહુ ટૂંકામાં ઘણું ભર્યું છે. ગાગરમાં સાગર ભરી દીધો છે. કહે છે કે ભાઈ! અમે તો આત્મા અને આત્માનો સ્વભાવ એને કહીએ. આત્મા અને આત્માનો સ્વભાવ એટલે આત્મા તો સ્વભાવવાન. એનો સ્વભાવ. એ આત્માનો આત્મસ્વભાવ અને સ્વભાવવાન તો આનંદમૂર્તિ આત્માસ્વભાવ તે આત્મા અને તે આત્માનો સ્વભાવ. એવો આત્મા છોડીને જેને પરના લક્ષે ઉત્પન્ન થયેલા શુભ-અશુભભાવો

અરે..! ભગવાનની ભક્તિ ત્રિલોકનાથ તીર્થંકરની ભક્તિનો પર તરફનો વિકલ્પ, કહે છે કે ભગવાન! એ દુઃખરૂપ ભાવ છે. આહાહા..! રાડ નાખેને. અજ્ઞાની તો રાડ નાખે છે. એ અજીવ છે હોં! ત્યારે થાય છેને? હો. હો. તે અજીવ તરીકે જાણવાલાયક છે, પોતાના જીવસ્વભાવ તરીકે જાણવાલાયક નથી. આહાહા..! સમજાણું કાંઈ? કેમકે ભગવાન સર્વજ્ઞ પરમેશ્વરે તો આત્મા એવો કહ્યો અને છે. એ તો અનાકુળ આનંદસ્વભાવસ્વરૂપ ભગવાને કહ્યો છેને? કહ્યો છે એવો જાણ્યો છે અને એવો છે. તો એવો અનાકુળ આનંદસ્વભાવ ભગવાન, એનાથી ઊલટો જે વિકલ્પાદિ કોઈપણ ભાવ, આહાહા..! સમજાણું કાંઈ? એ વિલક્ષણ છે.

ભગવાન આત્માના આનંદ અતીન્દ્રિય રસકંદ સ્વરૂપ ચૈતન્ય એનાથી વિકલ્પો બધા વિલક્ષણ છે, તેથી દુઃખ છે. આત્મસ્વભાવ આનંદ એનાથી વિલક્ષણ તેથી દુઃખ છે. આત્મસ્વભાવ ચેતન તેનાથી વિલક્ષણ દુઃખ તે અચેતન છે. આત્મસ્વભાવ તે આનંદ, તે આત્મા તેનાથી રાગ તે વિલક્ષણ તેથી અણાત્મા છે, અજીવ છે. સમજાણું કાંઈ? સાધારણ માણસને તો આમ સહ્યું ન જાય હોં એવું થાય. ભાઈ! એ એમ નથી. ભાઈ! એ વસ્તુ આમ છે હોં. ગમે તેટલા કૂદકા તું માર. નવ પૂર્વનું જાણ્યું અનંતવાર, અગિયાર અંગ જાણ્યા પણ એ દુઃખરૂપ છે, સુખરૂપ ન થયો. આહાહા..! એ જાણ્યું પણ એમાં આનંદ ન આવ્યો. એ દુઃખરૂપ જ છે. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, એક વિલક્ષણ શબ્દ વાપરીને ચૈતન્ય ભગવાન સ્વભાવથી તે વિલક્ષણ. હવે આને આત્મા કહો, તેને અણાત્મા કહો, આને આનંદ કહો, તેને દુઃખ કહો. ભગવાન આત્મ સ્વભાવને જ્યારે શાંતિ કહો (તો) તે અશાંતિ કહો, એને ચૈતન્ય કહો તો તે રાગના વ્યવહાર ભાવના ભાવને અચેતન કહો. કારણ કે બેના લક્ષણો તદ્દન જુદી જાતના છે. સમજાણું કાંઈ?

'**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' જુઓ, શું કહે છે? એ દુઃખમાં અનાકુળતાલક્ષણથી વિપરીત આકુળતાલક્ષણ અધ્યવસાન, શુભ-અશુભનો વિકલ્પ જે અજ્ઞાનભાવ છે. અજ્ઞાન એટલે જ્ઞાનભાવ નહિ. અજ્ઞાન એટલે મિથ્યાત્વભાવ એમ નહિ, પણ જ્ઞાનભાવ ભગવાન આત્મા આનંદભાવસ્વરૂપ એનાથી વિકલ્પમાં અજ્ઞાન એટલે આ જ્ઞાનનું કિરણ અને જ્ઞાનનો ભાવ નહિ. એ બધા અજ્ઞાનભાવ એ અધ્યવસાનાદિ ભાવો દુઃખમાં-આકુળતાલક્ષણમાં સમાવેશ પામે છે, ભગવાનના આનંદલક્ષણમાં સમાવેશ પામતા નથી. સમજાણું કાંઈ?

જુઓ, કેવી રીતે સિદ્ધ કર્યું છે અહીં! કે અજીવમાં સમાવેશ પામે છે, કહે છે. એ અચેતનમાં સમાવેશ પામે છે. સમજાણું કાંઈ? દુઃખ છે '**તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...**' આહાહા..! એ દુઃખમાં જ એટલે એ અજીવમાં જ બધા સમાવેશ પામે છે. શુભ-અશુભભાવો એ બધા દુઃખમાં આકુળતાલક્ષણ દુઃખમાં એ અજીવભાવમાં, એ જડભાવમાં સમાવેશ પામે છે. ભગવાન આત્માના સ્વભાવમાં

એની પર્યાયમાં પણ સમાવેશ પામતા નથી. સમજાય છે કાંઈ?

**'ભાવો સમાવેશ પામે છે;...'** જુઓ, ભાવો કીધા, ભાઈ! ભાવ છે ખરા. પાછું એકલો આનંદ છે અને રાગાદિ નથી એમ નથી. બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા એટલે જગત આને લઈને મિથ્યા, પણ એમાં નથી એમ નહિ. આહાહા..! એમ સિદ્ધ કરે છે. જુઓ, ભગવાન આત્મા અનાકુળ આનંદલક્ષણમાં એ પુણ્ય-પાપના વિકલ્પો સમાવેશ ન પામે એટલે એના અસ્તિત્વમાં નથી, પણ એ દુઃખ નામના ભાવમાં એટલે અજીવભાવમાં, અચેતનભાવમાં સમાવેશ પામે છે. છે એમાં, આમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ? બ્રહ્મ સત્ય અને જગત મિથ્યા. એમ કહે છેને વેદાંત? એમ નથી. પોતાની અપેક્ષાએ પરમાર્થરૂપ ભગવાન આત્મા છે અને વિકલ્પાદિ પોતાની અપેક્ષાએ તો નથી, અવસ્તુ છે, પણ એની અપેક્ષાએ વસ્તુ છે, એમ નથી એમ નહિ. સમજાણું કાંઈ? કેટલો સમાવેશ કર્યો છે જુઓ, ઓહોહો..! ગજબ વાત છે! ઓહોહો..! ઉદયભાવમાત્ર દુઃખરૂપ છે. જડનો ઉદય નહિ હોં! જડથી થયેલો આમાં વિકલ્પભાવ. ફળ કીધું છેને? જડના ઉદયની પર્યાય તો કર્મની પર્યાયમાં ગઈ, પણ એનાથી પાકથી થતો વિકલ્પ દયા, દાન, વ્રત, ભક્તિ આદિના પરિણામ એ દુઃખરૂપ પરિણામ, એ અજીવમાં સમાવેશ પામે છે, એ દુઃખમાં સમાવેશ પામે છે. ઓહોહો..! જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ દુઃખમાં સમાવેશ પામે છે. આહાહા..! ભારે વાતું, ભાઈ! ભાઈ! તીર્થંકરગોત્ર બાંધે એ તીર્થંકર થશે, કેવળજ્ઞાન પામશે.

**શ્રોતા :-** એના કારણે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તીર્થંકરગોત્ર બાંધ્યુ માટે. ભાઈ! એમ નથી. એ ભાવ પોતે જ અણાત્મા અને દુઃખમાં સમાવેશ પામે એ અનંત આનંદની પ્રાપ્તિનું કારણ થાય, કેમ હોય? ભગવાન! આહાહા..! કહો, જાદવજીભાઈ! અરે..! માર્ગ વીતરાગનો અંતર આત્માનો લોકોને સાંભળવા મળે નહિ અને બહારથી કડાકૂટ કરીને મરીને હેરાન થઈ જાય. જિંદગી ચાલી જાય છે. ઓહોહો..!

**શ્રોતા :-** પુણ્યફલા અર્હંતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પુણ્યફલા અર્હંતા ક્યાં હતું? એ તો જડની ક્રિયાની વાત છે ત્યાં. પુણ્યફળથી સમવસરણ મળે ને દેહની ને એની વાત છે. ત્યાં આત્માની ક્યાં વાત છે? એ તો સંયોગની વાત છે. જડ મળે એની વાત છે. આહાહા..! શું થાય પણ હવે. એ કાંઈ કોઈથી કાંઈ દે એવું છે? ક્યાંયથી મળે એવું છે? અંદરથી મળે એવું છે. અંદરમાં જાય તો મળે, બાકી તો ક્યાંય મળે એવું નથી.

**'તે દુઃખમાં જ આકુળતાલક્ષણ અધ્યવસાન આદિ ભાવો સમાવેશ પામે છે;...'** એમ કરીને એનું અસ્તિ સિદ્ધ કરે છે હોં! આહાહા..! છે ખરું, છે ખરું. નથી એમ નહિ. દુઃખ નથી અને એકલો આનંદ જ છે (એમ નથી). દુઃખ દુઃખના સ્થાનમાં છે, એના ભાવમાં,

અજીવભાવમાં છે એમ કહે છે. વ્યવહાર છે ખરો એમ સિદ્ધ કરે છે. એ તરત કહેશે ૪૬માં. ભગવાને વ્યવહાર દેખાડ્યો છે અને દેખાડવો તે ન્યાયસંગત છે. છે એમ દેખાડવો તે ન્યાયસંગત છે. આદરણીય છે એમ નહિ. સમજાણું કાંઈ? તો અહીં કહ્યું આ અને ત્યાં કહે એનાથી વિરુદ્ધ તત્ત્વ ક્યાં રહ્યું વસ્તુ? એ ૪૬મી ગાથાનો આધાર આપે છે બધા. જુઓ, આમાં વ્યવહારે આમ ત્રસ-સ્થાવર જીવ નહિ થાય, વ્યવહાર નહિ હોય તો ન થાય. છેને. ત્રસ-સ્થાવર જીવ નથી? પણ એ જીવ ચૈતન્ય નથી. ત્રસ-સ્થાવર એ ચૈતન્ય નથી. ત્રસ-સ્થાવરપણું વ્યવહારે છે એ વ્યવહારે છે. સમજાણું કાંઈ? પણ એ વ્યવહાર જીવના સ્વભાવથી વિરુદ્ધભાવવાળો ભાવ છે. સમજાણું કાંઈ? વ્યવહાર વ્યવહારના સ્થાનમાં છે, પણ એ વ્યવહારભાવ દુઃખભાવમાં સમાવેશ પામે છે. આ જીવ-અજીવ અધિકાર છેને. એટલે બીજી રીતે કહીએ તો એ અજીવમાં સમાવેશ પામે છે, જીવસ્વભાવમાં સમાવેશ પામતો નથી. સમજાણું કાંઈ?

**'ભાવો સમાવેશ પામે છે;...'** જુઓ, આત્મા છે તો પુદ્ગલ નથી? પુદ્ગલ છે, પણ એ અચેતનમાં છે એમ કહે છે. એમ આત્માના આનંદસ્વભાવનું ભાન થયું. આત્મા છે તો રાગાદિ છે કે નહિ? છે, પણ એ અજીવમાં સમાવેશ પામે છે. એટલે કે એને જાણવા જેવું છે એમ એને કહ્યું. વ્યવહાર જાણેલો પ્રયોજનવાન જે ૧૨મી ગાથામાં વર્ણવ્યો એ અહીં વર્ણવે છે-એ જાત. આહાહા..! સમજાણું કાંઈ? વિષય છે, વ્યવહારનયનો વિષય છે, નહિતર નય ન હોય. નય છે તો એનો વિષય છે, પણ એ વિષય આત્મસ્વભાવના અનાકુળલક્ષણ સ્વભાવથી વિરુદ્ધલક્ષણવાળું તત્ત્વ છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપજાવે છે...'** શુભરાગ એ અચેતનમાં સમાવેશ પામે છે, દુઃખમાં સમાવેશ પામે છે છતાં **'ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપાજવે છે.'** આહાહા..! એ રાગભાવ, પુણ્યભાવ, શુભભાવ, દુઃખભાવ ચૈતન્ય સાથેનો સંબંધ તે ભ્રમ ઊપજે છે, કહે છે. સંબંધ છે નહિ એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, ના; એ મારા છે એમ ભ્રમ ઊપજાવે છે. ચૈતન્યના છે એ ભ્રમ ઊપજાવે છે. ચૈતન્યના નથી. ચૈતન્ય સાથે સંબંધ નથી. સંબંધનો ભ્રમ ઊપજાવે છે. એ આ છેને. આનંદથી ઊલટી અવસ્થા છે એટલે જાણે મારી છે એમ ભ્રમ ઊપજાવે છે. સમજાણું કાંઈ? તે અજીવમાં સમાવેશ પામે છે, દુઃખમાં સમાવેશ પામે છે, રાગનો બધા વિકલ્પ આદિનો. **'તેથી, જોકે તેઓ ચૈતન્ય સાથે સંબંધ હોવાનો ભ્રમ ઉપાજાવે છે...'** એમ. એટલે ચૈતન્ય સાથે સંબંધ નથી. સંબંધ જ નથી. બે ચીજ જ જુદી છે. સમજાણું કાંઈ? આહાહા..! લ્યો!

શ્રોતા :- ઉપજ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એની ઉપજ નહિ, એનો ભાવ નહિ, એનો સ્વભાવ નહિ. એની જાતમાં એ સમાતું નથી. એ તો જડમાં સમાય છે એમ કહે છે. આહાહા..!

ભલે ભ્રમ ઉપજાવે '**તોપણ,...**' એમ કહે છે. '**તેઓ આત્માના સ્વભાવો નથી...**' લ્યો! એ શુભ-અશુભભાવના વિકલ્પ-વ્યવહાર જેટલો કહેવામાં આવ્યો, ચરણાનુયોગમાં જેટલો વ્યવહાર કહેવામાં આવ્યો એ વ્યવહાર આત્મસ્વભાવ નથી. આહાહા..! એમાં પણ ચરણાનુયોગમાં તો એ ભાવ ત્યાં એક બીજો હોય છે આ ભૂમિકાએ એમ જણાવ્યું છે. એમ જણાવ્યું છે, પણ એ જીવનો સ્વભાવ છે એ તો વ્યવહારથી કહેવામાં, અભૂતાર્થનયથી કહેવામાં આવે છે, ખોટી દૃષ્ટિથી કહેવામાં આવે છે.

'**તેઓ આત્માના સ્વભાવો નથી...**' તો છે શું? હવે અનેકાંત કર્યું. મૂળમાં છે એ. '**પણ પુદ્ગલસ્વભાવો છે.**' જુઓ, આ અનેકાંત. એ આત્માનો સ્વભાવ પણ ખરો નિશ્ચય અને વ્યવહાર પણ આત્માનો સ્વભાવ એનું નામ અનેકાંત એમ નહિ, એમ કહે છે. અનેકાંતની વ્યાખ્યા કરે છેને અત્યારે. વ્યવહારથી લાભ થાય, નિશ્ચયથી લાભ થાય એ અનેકાંત. એ અનેકાંત નહિ. અનેકાંત તો એ કે તેઓ આત્માના સ્વભાવને લાભદાયક નથી તેથી તે પુદ્ગલસ્વભાવ છે, નુકસાનકારી છે. લાભદાયક આત્માના આનંદનો સ્વભાવ લાભદાયક છે, આ લાભદાયક નથી. એનું નામ અનેકાંત છે. અનેકાંતની અસ્તિ-નાસ્તિ. વાંધેવાંધા. શબ્દે શબ્દે વાંધા. શું થાય? આ ચીજ જ જ્યાં અંતરની જુદી આખી ચીજ છે એનું ભાન ન થાય અને ભાન ન કરે અને એ ભાન વિના શાસ્ત્રને વાંચે અને શાસ્ત્રના કરે અર્થ, અર્થના અનર્થ થાય. સમજાણું કાંઈ?

જુઓ, '**તેઓ આત્માના સ્વભાવો નથી...**' ત્યારે? કે '**પુદ્ગલસ્વભાવો છે.**' એ તો. આહાહા..! પહેલા પુદ્ગલસ્વભાવ? તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ પુદ્ગલસ્વભાવ? બાપુ! જીવસ્વભાવ હોય તો જીવની પ્રાપ્તિ થવી જોઈએ. એ તો અજીવભાવ છે. તે આત્માને નુકસાન કરનાર ઝેર છે. જે ભાવે તીર્થંકરગોત્ર બંધાય એ ભાવ તો ઝેર છે, અચેતન છે, અજીવ છે, પુદ્ગલ છે. આહાહા..! હવે એની મીઠાશ એને લાગી. આહા..! જોકે એ તો સમ્યગ્દૃષ્ટિને જ એ ભાવ હોય, છતાં એ સમ્યગ્દૃષ્ટિ એને ઝેર તરીકે માને છે. અજીવ તરીકે જાણે છે. આહાહા..! સમજાણું કાંઈ?

જુઓ, '**તોપણ, તેઓ આત્માના સ્વભાવો નથી...**' ભલે ભ્રમ ઉપજાવે કહે છે અજ્ઞાનીને સંબંધ હોવાનો, તોપણ સંબંધ નથી. એ તો પુદ્ગલસ્વભાવ છે, અજીવમાં સમાવેશ પામે છે, જીવના સ્વભાવમાં સમાવેશ પામતો નથી. ભગવાન સ્વભાવ તો અનાકુળ આનંદ છે એમાં દુઃખના ભાવ કેમ સમાવેશ પામે? એક મ્યાનમાં બે ભેગા કેમ રહે? આનંદમાં દુઃખ કેમ હોય અને દુઃખમાં આનંદ કેમ હોય? બે જાત જ જુદી છે.

'**ભાવાર્થ :- કર્મનો ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે...**' જુઓ, અવસ્થામાં દુઃખરૂપ આનંદથી ઊલટી અવસ્થારૂપે-આનંદ-અતીન્દ્રિય આનંદથી ઊલટી અવસ્થારૂપે દુઃખરૂપે થાય છે અને દુઃખરૂપ ભાવ છે. '**અને...**' '**પરિણમે છે અને દુઃખરૂપ ભાવ છે તે અધ્યવસાન છે...**' એમ. ઉદય '**ઉદય આવે ત્યારે આ આત્મા દુઃખરૂપ પરિણમે છે અને દુઃખરૂપભાવ છે તે અધ્યવસાન છે...**' એકત્વબુદ્ધિ છે ખોટી. છે નહિ એનામાં એકત્વબુદ્ધિ કરી છે. વિકલ્પો દયા, દાન, વ્રતાદિનો વિકલ્પ એ સ્વભાવમાં નથી છતાં એકત્વબુદ્ધિથી માન્યું છે તો અધ્યવસાય મિથ્યાત્વ છે.

'**તેથી દુઃખરૂપ ભાવમાં ચેતનતાનો ભ્રમ ઊપજે છે.**' તેથી દુઃખરૂપ અધ્યવસાનમાં ચેતનાનો-આ ચેતના છે અને આત્મા છે એવો ભ્રમ ઊપજે છે. એ સ્વભાવ મારો છે એમ ભ્રમ ઊપજે છે મૂળ તો. સ્વભાવ એનો નથી. '**પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી,...**' કેટલું સ્પષ્ટ! કેટલું ચોખ્ખું! કેટલું સૂરજ જેવું! કહે છે, હવે કરો વાદ ને વિવાદ, લ્યો! આ વ્યવહાર આમ છે, ફલાણા આમ છે, બધું છે બાપુ! ભાઈ! જેમ છે તેમ છે, પણ તારા સ્વભાવમાં તે નથી એમ નિર્ણય વિના તને આત્માનો અનુભવ સમ્યક્ નહિ થાય કોઈ દી. સમજાણું કાંઈ?

કેમકે '**પરમાર્થે દુઃખરૂપ ભાવ ચેતન નથી,...**' ત્યારે '**કર્મજન્ય છે...**' કર્મથી ઉત્પન્ન થયેલા ભાવો, કર્મથી થયેલા કર્મ છે '**તેથી જડ જ છે.**' લ્યો! એ વ્યવહાર વિકલ્પ તીર્થંકરગોત્ર જે ભાવે બંધાય એ ભાવ જડ છે. આહાહા..! રાડ નાખેને માણસ. મોટું મોઢુ લાગે આમ તીર્થંકગોત્ર બાંધે કહે છે. '**पुण्यफला अर्हंता**'. પુણ્યના ફળ તરીકે અરિહંતપદ પામ્યા. અરે.. ભગવાન! એમ નથી, ભાઈ! એ તો પુણ્યના ફળ તરીકે સંયોગ જડ કેમ થયા એની વ્યાખ્યા કરી છે. દેહની, વાણી આદિની. એ આત્મા નહિ. આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો પુણ્યભાવને જડભાવ કહ્યો, એનાથી આત્મભાવ વીતરાગતા પ્રગટ થાય? ઘણો ફેર. ઉગમણો, આથમણો ફેર. અને એ ફેર તો એ કાઢે તો નીકળેને. કાંઈ કોઈ કઢાવે તો નીકળે એવું છે? કારણ કે એણે સ્વતંત્રપણે માન્યું છે, એ સ્વતંત્રપણે છોડે તો થાય.

'**હવે પૂછે છે કે જો અધ્યવસાનાદિ ભાવો છે...**' જુઓ, હવે શિષ્યનો પ્રશ્ન છે. '**તે પુદ્‌ગલસ્વભાવો છે તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે?**' વળી તમે કહો છો કે સર્વજ્ઞનું વચન છે કે જીવ નહિ. વળી સર્વજ્ઞના વ્યવહાર શાસ્ત્રમાં એને જીવ કહ્યો છે. તમે તો આ નિશ્ચયશાસ્ત્રની વાત, નિશ્ચય આગમની વાત કરી. સમજાણું કાંઈ? પણ વ્યવહાર આગમ પણ ભગવાને કહ્યા છે કે નહિ? એમ કહે છે. સમજાણું કાંઈ? '**તો સર્વજ્ઞના આગમમાં તેમને જીવપણે કેમ કહેવામાં આવ્યા છે? તેના ઉત્તરનું ગાથાસૂત્ર કહે છે :-**' જુઓ, યથાસંધિ. ૪૫ પછી આ જ આવવું જોઈએ એ ગાથા એ પછી આવી છે. ૪૬ લ્યો!

ववहारस्स दरीसणमुवएसो वण्णिदो जिणवरेहिं।
जीवा एदे सव्वे अज्झवसाणादओ भावा।।४६।।
**વ્યવહાર એ દર્શાવિયો જિનવર તણા ઉપદેશમાં,**
**આ સર્વ અધ્યવસાન આદિ ભાવ જ્યાં જીવ વર્ણવ્યા. ૪૬.**

એનો **અન્વયાર્થ :-** 'આ સર્વ અધ્યવસાનાદિ ભાવો છે...' આઠેય બોલ. ૪૪માં કહ્યા હતા તે. જુઓને આઠેય બોલ થયા કે નહિ? શેઠી! પુણ્ય-પાપના ભાવનો મેલા પરિણામ જીવના એવો અધ્યવસાય વિભાવ પરિણામ એ જીવ નહિ. એમ કહ્યું. પછી કર્મનો અવયવ અનાદિના પરમાણુઓ પુણ્ય પરમાણુનો અવયવ, કર્મનો અવયવ, ભવિષ્યના કર્મ પુણ્ય, એમાં ક્રિયા થતી ગતિ ઉદયભાવની ક્રિયાઓ બધી સંસારની એ જીવ નહિ. સમજાણું? ત્રીજામાં રાગની તીવ્ર-મંદતાનો અંત નથી આવતો માટે અજ્ઞાની કહે છે કે તીવ્ર અને મંદ રાગ તે જ આત્મા છે. કહે છે, ના; એ તીવ્ર-મંદના રાગથી ભિન્ન ભગવાન આત્મા જુદો છે.

ચોથામાં એમ કહ્યું હતું કે શરીરની નબળાઈથી આત્મા બળ કામ કરી શકતો નથી, જોરદાર શરીર હોય તો બળ આત્મા કામ કરી શકે, માટે અમે તો શરીરને જ આત્મા માનીએ છીએ. પાંચમામાં શુભ અને અશુભ પુણ્ય-પાપનો પાકરૂપ જે શુભ-અશુભભાવ એ જીવ છે એમ અજ્ઞાનીએ કહ્યું હતું. એ શુભ-અશુભભાવ પણ જીવ નથી. પછી? કર્તાપણાની વ્યાખ્યા હતી. શુભ-અશુભ પરિણામ જીવ કરે છે, કર્તા જીવ છે. કે ના, જીવનો સ્વભાવ જ નથી એ. ભોક્તા—શાતા-અશાતાના સંયોગથી અનુકૂળ-પ્રતિકૂળ સંયોગમાં સુખદુઃખની કલ્પના થવી, એનો અનુભવ થવો એ જીવ છે એમ અજ્ઞાની કહે છે. ના, ના; ભાઈ! હરખ-શોકનું ભોગવવું એ જીવસ્વભાવ નહિ, એ અચેતનભાવ છે. જીવ ને જડ બે ભેગા થઈને આત્મા છે એમ કહે છે. શુભભાવ એ જડ છે-અચેતન છે. એમાં કાંઈ શુદ્ધનો અંશ રહેલો છે ભેગો, ચૈતન્યનો. એમ માનનારા જડ અને કર્મ આત્માને ભેગા માને છે. એમ નથી. શુભભાવ જુદો છે, જડ છે, ચૈતન્યસ્વભાવ શુદ્ધ તદ્દન જુદો છે. આઠેય કર્મ ભેગા થઈને ક્રિયા ચાલે એ જીવ છે એમ કહે છે. અને આ આઠેય કર્મથી ભિન્ન જુદો ભગવાન આત્મા એને આઠેય કર્મની ૪૫માં એ વાત લીધી. છેલ્લી એ લીધી. આઠેય કર્મનો પાક એ બધો જીવસ્વભાવ નહિ. સમજાણું કાંઈ? એ સર્વ જૂઠાં ભાવો છે તે જીવ છે એવો જિનવરોએ જે ઉપદેશ વર્ણવ્યો છે. જુઓ, ઉપદેશ વર્ણવ્યો છે હોં! જણાવ્યું છે, કથન કર્યું છે, આદરણીય નહિ, જાણવાલાયક છે. વ્યવહાર નથી એમ નહિ. વ્યવહાર ન હોય તો એનો નિષેધ કરીને સ્વભાવની પ્રાપ્તિ ક્યાંથી થાય? એ 'હું નહિ અને આ હું' એમ વ્યવહાર ન હોય તો 'આ નહિ ને આ હું' (એમ ક્યાંતી આવે?) ભગવાને વર્ણવ્યો છે. એ વ્યવહારનય દર્શાવ્યો છે લ્યો. એ તો વ્યવહારનય દર્શાવ્યો છે. જાણવાલાયક છે એવી સ્થિતિ બતાવી છે. એનું વિશેષ ટીકામાં આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૩૩૨ થી ૩૪૪, શ્લોક-૨૦૫, પ્રવચન નં.૪૩૮, તા.૨૭-૭-૧૯૯૦ (૨)

આ સર્વવિસુદ્ધજ્ઞાન અધિકાર છે. સમયસાર. '**કેટલાક જૈન મુનિઓ...**' એટલે કે દિગંબર મુનિ નામ ધરાવી અને એમ માને છે, '**સ્યાદ્વાદ-વાણીને બરાબર નહિ સમજીને...**' શાસ્ત્રમાં એ વ્યવહારથી કથન કર્યા હોય એને એ સ્યાદ્વાદને નહિ સમજનારા નિશ્ચયથી માની લે છે. જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય એવું શાસ્ત્રમાં આવે. એ તો વ્યવહારનું કથન છે. સમજાણું? પોતે જ્ઞાનની હિણી દશા એ વિકારની પર્યાય તો જીવ પોતે કરે છે. એમ ન માનતા સ્યાદ્વાદને બરાબર નહિ જાણીને એમ કહે છે. '**સર્વથા એકાંતનો અભિપ્રાય કરે છે.**' સર્વથા રાગ ને દ્વેષ, પુણ્ય ને પાપના ભાવ એ કર્મ જ કરે છે એમ સર્વથા એકાંત માને છે. સર્વથા એકાંતનો અર્થ? કર્મ. કથંચિત્ કર્મ કરે અને કથંચિત્ આત્મા કરે એમ નહિ. સર્વથાનો અર્થ કે આત્મા જ્ઞાનભાવે પણ કર્તા વિકારનો, અજ્ઞાનભાવે પણ વિકારનો કર્તા એમ નથી. જ્યાં સુધી એની દૃષ્ટિ સ્વભાવ ઉપર, સ્વદ્રવ્ય ઉપર આવી નથી ત્યાં સુધી એની દૃષ્ટિ પરદ્રવ્ય ઉપર છે. અને પરદ્રવ્ય ઉપર છે એથી રાગ એને થાય છે અને રાગ પણ ખરેખર તો પરદ્રવ્ય જ છે. એ પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી રાગનો કર્તા એટલે પરિણમન, રાગનું પરિણમન જીવનું છે. એ કાંઈ જડનું પરિણમન નથી. જીવનું છે, સમજાણું કાંઈ? એ જીવ જ એનો કર્તા છે. વાસ્તવિક તો અજ્ઞાનભાવમાં આ સ્થિતિ છે. જ્ઞાનભાવ છે એ પછી તો પરદ્રવ્ય તરફના વલણની દૃષ્ટિ ગઈ, સ્વદ્રવ્યની દૃષ્ટિ થઈ એટલે સ્વદ્રવ્યમાં રાગપણે પરિણમવું એ હોતું નથી, સમજાણું કાંઈ? એટલે અજ્ઞાનભાવે પણ રાગ અને વિકારને પર કરે એની પર્યાય એમ જે અજ્ઞાની માને છે એ એકાંતનો અભિપ્રાય કરે છે. તદ્દન એકાંત છે.

'**એ વિવિક્ષા પલટીને એમ કહે...**' કહેવા માગેલાનો અર્થ પોતાની દૃષ્ટિએ બીજો કરે, '**આત્મા તો ભાવકર્મનો અકર્તા જ છે,...**' એ દયા, દાન, વ્રત, ભક્તિના જે શુભપરિણામ એનો કર્તા '**ભાવકર્મનો તો અકર્તા જ છે,...**' એમ જે અજ્ઞાની માને છે. '**કર્મપ્રકૃતિનો ઉદય જ ભાવકર્મને કરે છે;...**' એ તો કર્મનો ઉદય આવે એ પ્રમાણે જીવને વિકાર કરવો પડે એટલે કર્મ જડ જ વિકાર કરાવે છે. '**અજ્ઞાન,...**' આ આવી ગયું છે એની વાત છે. આત્મામાં અજ્ઞાન થાય છે એ પણ કર્મ જ્ઞાનાવરણીયના નિમિત્તે.

**શ્રોતા** :- જ્ઞાનાવરણીયના કારણે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કારણે. સમજાણું કાંઈ? એ વાત ત્યાં થઈ ગઈ હતી. એ રેકોર્ડિંગમાં ઊતરી ગઈ છે. ભાઈ! જ્ઞાનાવરણીયને કારણે જ અજ્ઞાન થાય છે. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો અહીં ક્ષયોપશમ થાય. એ વાત રેકોર્ડિંગમાં ઊતરી ગઈ છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અહીં કહેતા આવ્યા છીએ. જૈન મુનિઓ કેટલાક. ખબર નથી એ આમ જ માને છે એમ કહે છે.

**શ્રોતા :-** તેથી આ શાસ્ત્રમાં લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તેથી આ શાસ્ત્રમાં. આમાં છેને આમાં. છે. છે? કઈ છે ચોપડી? આ હશે આ. પ્રશ્ન થઈ ગયો હતો અને આમાં નોંધાઈ ગયો છે. છપાઈ ગયો છે. નોંધાઈ ગયો. રતનચંદજી મુખ્તાર, સહરાનપુર. બીજી ચોપડી હશે આ. છેને? આ તો .. એક જ છે આમાં? બીજી છે. રતનચંદજી મુખ્તાર વર્ણીજીને પૂછે છે. છપાઈ ગયેલું છે. આને મળ્યા પછી..

**શ્રોતા :-** શિખરજી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, શિખરજીમાં. કે 'કાનજીસ્વામી યહ કહતે હૈં, મહારાજ! જ્ઞાનાવરણાદિ કુછ નહીં કરતે.' આત્મામાં જ્ઞાનાવરણીય કર્મ કંઈપણ કરી શકતો નથી એમ કહે છે. 'અપની યોગ્યતા સે જ્ઞાનમેં કમી-બેસી હોતી હૈ.' જ્ઞાનમાં હિણીદશા કે વિકાસદશા એ પોતાને કારણે યોગ્યતાથી થાય છે. એમ કાનજીસ્વામી કહે છે. એમ પ્રશ્ન કર્યો હતો. 'મહારાજ! જ્ઞાન મેં કમી હોતી હૈ અપની વજહ સે હોતી હૈ.' જ્ઞાન હિણું થાય છે એ પોતાને કારણે થાય છે. 'અપની યોગ્યતા સે હોતી હૈ. કાનજીસ્વામી યહ કહતે હૈં. જ્ઞાનાવરણાદિ કર્મ કુછ નહિ કરતા.' આત્માની પર્યાયમાં જ્ઞાનાવરણીય કાંઈ કરતું નથી એમ કહે છે. 'મહારાજ! ક્યા યહ ઠીક હૈ?' આ ૧૩ વર્ષ પહેલા છપાઈ ગયું છે.

'વર્ણીજી : ક્યા ઠીક હૈ? આપ હી સમજો કૈસે ઠીક હૈ? યહ ઠીક નહીં હૈ. કોઈ ભી કહે, ચાહે હમ તો કહતે હૈં કિ અંગધારી ભી કહે તો ભી ઠીક નહીં.' સમજ્યા? રાગ ને જ્ઞાનની હિણી દશા જ્ઞાનાવરણીય જ કરે છે, એમ છે.

**શ્રોતા :-** કોઈ કહે છે કે આસ્રવતત્ત્વનું વર્ણન બરાબર થઈ ગયું ત્યારે બધા તત્ત્વનું વર્ણન બરાબર થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ વખતે ના પાડી.

**શ્રોતા :-** હા, ના પાડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. આસ્રવતત્ત્વ ઠીક છે. પણ બીજાને ઠીક છે. એ હા પાડી હતી. વાત સાચી. ૭૨ ગાથા ચાલતી હતીને. ત્યારે કહે, આસ્રવ બરાબર છે. પણ આસ્રવનો કર્તા આત્મા, વિકારનો કર્તા આત્મા છે એ માનતા નથી એ લોકો. કર્મ કરે છે એ આસ્રવ.

સમજાણું કાંઈ? એ ચર્ચા, એ શ્રદ્ધા ચાલી આવે છે.

એટલે અહીં આચાર્ય કહે છે. મુનિ કહો કે જૈનમાં નામ ધરાવનારા વ્રતિ કહો કે ક્ષુલ્લક કહો, એ એમ જ માને છે કે જ્ઞાનાવરણીય કર્મને લઈને જ્ઞાનની હિણી દશા થાય છે અને જ્ઞાનાવરણીય ખસે તો ક્ષયોપશમ થાય છે એમ કહે છે એ આ લખાણમાં આવ્યું છે અને એ ચર્ચા થઈ ગઈ હતી અમારે.

**શ્રોતા :–** ઘાતિકર્મનો ક્ષય થાય તો કેવળજ્ઞાન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એમ ક્યાં હતું? અહીં તો જ્ઞાનાવરણીયનો પોતે ક્ષયભાવ કરે એટલે જ્ઞાનાવરણીયનો ક્ષય એની મેળાએ થાય. એને લઈને અહીં થાય એવું છે જ ક્યાં? પરદ્રવ્યની ક્રિયાથી.. એ પ્રશ્ન મોટો જ ચાલ્યો હતો ત્યાં. ૧૩ની સાલ. મેં કીધું, જુઓ, કર્મનો વિકાર.. ૬૨મી ગાથા કહી હતી. જેટલો વિકાર થાય એ આત્મા નિમિત્તની અપેક્ષા રાખ્યા વિના નિશ્ચયથી પોતાથી થાય છે. ખળભળાટ થઈ ગયો હતો બધો. ખળભળાટ. બધા હતા. નહિ? તમે હતા? નહિ. તમે નહોતા. ભાઈ હતા, રામજીભાઈ હતા. બધા હતા. ફૂલચંદજીએ ખબર કરી, કે સ્વામીજી એમ કહે છે કે જેટલો વિકાર આત્મામાં થાય એ નિશ્ચયથી પરની અપેક્ષા રાખ્યા વિના પોતાથી થાય છે. એ વાત એને બેઠી નહોતી. એ અહીં બેઠી નથી એ અહીં શાસ્ત્ર વાત કરે છે કે આમ અનાદિથી ચાલ્યું આવે છે. સમજાણું કાંઈ?

કહે છે, '**અજ્ઞાન,...**' એ તો જ્ઞાનાવરણીય કાંઈ ન કરે તો પછી અજ્ઞાન આ લુખ્ખું જ્ઞાન છે એ શેને લઈને? એમ પ્રશ્ન છે. એ તો પોતાની પર્યાયની યોગ્યતાને લઈને છે. શું કર્મને લઈને (છે)? કર્મ તો જડ છે, પર છે. 'કર્મ બિચારે કૌન ભૂલ મેરી અધિકાઈ.' એ આવે છેને પૂજામાં આવે છે. 'કર્મ બિચારે કૌન...' એ તો એવા જુદાં જુદાં ઘણા બોલ મૂક્યા છે ત્યાં. જુઓ, જૈન આજ્ઞામાં તો વિકારનો કર્તા કર્મ છે એવી અનીતિ સંભવે નહિ. એ મોક્ષમાર્ગ પ્રકાશક. એ બધા બોલ કહ્યા હતા ત્યાં ૧૩ની સાલમાં. પણ એ વાત હતી જ નહિ. એ વાત જ... બધાને ત્યાં શ્રદ્ધામાં એ જ વાત હતી.

**શ્રોતા :–** આ લખી છે એવી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** હા, લખી છે એવી. સમજાણું કાંઈ? એ વાત જ નહોતી. અને ન હોય પણ જ્યારે ૭૧માં નીકળી ત્યારે બહાર કાઢતા ખળભળાટ થઈ ગયો ત્યાં લાઠીમાં. ૭૧ની સાલ ભગવતીની વાત જ્યારે નિકળી. વિકારનો કર્તા જીવ સ્વતંત્ર છે, કર્મને કારણે નહિ અને વિકારનો ટાળનાર જીવ સ્વતંત્ર છે. ખળભળાટ.. ખળભળાટ... આહાહા..! ઘણા ... હતા એમાંથી .. બેઠું નહોતું. મારી સામું બોલી શકે નહિ. પાછળ કહે. એ કર્મને લઈને કાંઈ નથી થાતું એ અમને તો કાંઈ કોઈ ગુરુએ આપ્યું નથી અને આ મહારાજે ક્યાંથી કાઢ્યું? ભાઈ! માર્ગ આ. એની પોતાની વિકારી પર્યાય જ્ઞાનની હિણીદશા થાય એ પોતાને કારણે છે, કર્મને કારણે બિલકુલ નહિ. સમજાણું કાંઈ?

'**અજ્ઞાન,...**' છેને? '**જ્ઞાન,...**' અને જ્ઞાનાવરણીયનો જડનો ક્ષયોપશમ થાય તો અહીં જ્ઞાન થાય. બિલકુલ નથી એમ. પોતના ક્ષયોપશમના પુરુષાર્થથી જ્ઞાન ઉત્પન્ન થાય છે, એવું અજ્ઞાની માનતા નથી. સમજાણું કાંઈ? એય.. પ્રકાશદાસજી! પણ આ કર્મથી થાય કે ન થાય એ કેદી કોઈએ નક્કી કર્યું હતું. બધું ઓઘે ઓઘે કર્યા (કરતા) હતા. એમ જ છેને. અમારે તો ચર્ચા મોટી થઈ ગઈ હતી. ૫૪ વર્ષ પહેલા. ૭૧ની સાલ. ૫૪ શું ઘણા થઈ ગયા હશે લ્યો. ૫૫. ૭૧ના ચોમાસામાં.

**શ્રોતા :-** વિંછીયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ પહેલે વર્ષે. લાઠી. ભગવતી વાંચ્યું. .. એ હીરાજી મહારાજ ત્યારે બધા હતા. માર્ગ તો આ બીજો છે. વિકાર બધા કહે છે કર્મને લઈને.. કર્મને લઈને.. પણ એમ છે નહિ. આ કર્મગ્રંથને કર્મ.. તે દી તો કર્મકાંડ ક્યાં હતું? કર્મગ્રંથ છેને યશોવિજયના છે કર્મગ્રંથ. એમાં આ લખ્યું છે. પણ એમ નથી કીધું આ. જુઓ આ .. છે. હીરાજી મહારાજને ન બોલે. એ તો બહુ ભદ્રિક હતા. ઓલા પાછળથી કરે. દામોદર.. બહુ તો મારી વાત કરે તો એકલી મીઠાશથી વાત કરે. મારી સામે કહે નહિ, નહિતર તો આ છોડી દેશે એમ માને. છોડી દેશે હમણા નહિતર. એટલે એને એમ કહે, મહારાજ! પુરુષાર્થથી વિકાર થાય એના ૫૧ દોકડા માનો. હું તો એમ કહું છું કે ૫૦ આના અને ૫૦ આના. બેના સરખા છે. અથવા એ તો કહે કર્મને લઈને વિકાર થાય એવો તો અમારો સિદ્ધાંત છે. છતાં તમે એમ માનો તો ૫૦ દોકડા આના અને ૫૦ આના. એમ ન માનો તો ૫૧ પુરુષાર્થના અને ૪૯ કર્મના. કીધું, એકેય દોકડો નહિ. એ આ માનનારા છે એવા મિથ્યાદષ્ટિ જૈનના સ્વરૂપને નહિ જાણનારા, જૈનના સાધુ નામ ધરાવનારા. સમજાણું કાંઈ? અને શ્રાવક નામ ધરાવનારા. કાંઈ ખબર ન મળે. એ તો ઓઘે ઓઘે હાંકે રાખ્યું.

**શ્રોતા :-** ઓઘે ઓઘે એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઓઘે એટલે કે ખબર વિના. જાવું હોય આમ અને ઓઘે ઓઘે ચલાઈ જાય આમ. ખ્યાલ વિના. અહીં ક્યાં ગયા આમ જાવું હતુંને? એમ ભાન વિના ક્યાંકનું ક્યાંક વેતરાઈ જાય. આ લૂગડા વેતરે છેને? કરવું હોય બંડી અને એમાં થઈ જાય પહેરણ. પહેરણ. છેતરાઈ ગયું. માર્ગ આવો નથી. બિલકુલ જીવ વિકાર પોતે અજ્ઞાન પણ પોતાને કારણે કરે, કર્મ બિલકુલ અંશે નહિ અને ઉઘાડ જ્ઞાનનો થાય એ પણ પોતાના ક્ષયોપશમથી થાય, કર્મને કારણે બિલકુલ નહિ. એય..! પણ આ અજ્ઞાની એમ માનતા નથી. ના, એ અજ્ઞાન તો જ્ઞાનાવરણીયનો ઉદય હોય તો અજ્ઞાન થાય અને જ્ઞાનાવરણીય કાંઈક માર્ગ આપે તો ક્ષયોપશમ થાય.

'**સૂવું,...**' આ નિંદ્રા આવે છે ત્યારે ઊંઘ આવી જાય છે એ નિંદ્રાને લઈને છે. બિલકુલ જૂઠી વાત. પોતાના પ્રમાદને કારણે ઊંઘ આવે છે. '**જાગવું,...**' એ કહે છે કે કર્મ અંદર

નિંદ્રાવરણી બંધ પડી જાય (તો) ફટ જાગી જાય. જુઓ, પ્રત્યક્ષ છે આ વાત. ખોટી છે વાત. ઊંધા પુરુષાર્થને લઈને ઊંઘ આવે છે. અને એ જાતનો જાગૃતનો ક્ષયોપશમ હોય ત્યારે જાગી જાય પોતાને કારણે, પરને કારણે નહિ. ભગવાનજીભાઈ! ક્યાં કોઈએ પણ નક્કી કર્યું હતું? આંધળે-આંધળું ચાલતું હતું. આહાહા..!

**'સુખ, દુઃખ,...'** વેદનીય કર્મને લઈને સુખી થાય માણસ અને વેદનીય કર્મનો પાપનો ઉદય હોય તો દુઃખી થાય એમ અજ્ઞાની માને છે. એમ છે નહિ. એ સુખ-દુઃખની કલ્પના પોતે કરે છે તો થાય છે, કાંઈ કર્મ એને કરાવતું નથી. **'મિથ્યાત્વ,...'** મિથ્યાત્વ છેને મિથ્યાત્વ? મિથ્યાત્વ પણ દર્શનમોહનો ઉદય હોય તો મિથ્યાત્વ થાય. ભગવાન કહે છે કે એ તું સમજ્યો નથી સ્યાદ્વાદને. અમારા વ્યવહારના કથન જે હતા નિમિત્તને જણાવાના એનો અર્થ તેં તારી બુદ્ધિએ ઊંધો કર્યો. એ દર્શનમોહનીયને લઈને આત્મામાં મિથ્યાત્વ થાય. એલા કો'ક દ્રવ્યને લઈને કો'ક દ્રવ્યની પર્યાય થાય એમ બને નહિ. સમજાણું કાંઈ?

**'મિથ્યાત્વ, અસંયમ,...'** અસંયમ જે આત્મામાં થાય અચારિત્રભાવ એ ચારિત્રમોહનો ઉદય હોય તો સંયમ થાય. **'ચાર ગતિઓમાં ભ્રમણ-'** લ્યો. કર્મને લઈને નારકી, મનુષ્યાદિમાં રખડવું થાય એમ અજ્ઞાની માને છે. **'એ બધાને, તથા જે કાંઈ શુભ-અશુભ ભાવો છે...'** પુણ્ય અને પાપના ભાવ થાય **'તે બધાયને કર્મ જ કરે છે;...'** કહો, સમજાણું કાંઈ? પોતાને કારણે રાગની મંદતા અને તીવ્રતા પોતાને કારણે થાય છે. કર્મનો ઉદય આવે માટે અહીં સુખ થાય, ઉદય મંદ આવે તો શુભ થાય, તીવ્ર આવે તો અશુભ થાય એમ છે નહિ. એ તો .. ગઈ હતી. ક્યાં છે? બતાવ્યું હતું. ક્યાં છે? સમજાય છે કાંઈ?

**'જે કાંઈ શુભ-અશુભભાવો છે તે બધાયને કર્મ જ કરે છે;'** એમ અજ્ઞાની કહે છે. મિથ્યાદૃષ્ટિ એમ કહે છે. **'જીવ તો અકર્તા છે.'** જીવ કાંઈ રાગ-દ્વેષ અને હિણીદશા અને ઉગ્રદશા એ કાંઈ કર્તા-બર્તા નથી. **'વળી તે મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે...'** શું? **'વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...'** શાસ્ત્રમાં લેખ છે. વાત સાચી. પુરુષવેદના ઉદયને લઈને સ્ત્રી સાથે રમવાનું મન થઈ જાય. પણ એ તો નિમિત્તની વાત છે, પણ ભાવ તો તું કર તો થાય છે કાંઈ કર્મને લઈને થાય છે એમ છે નહિ. **'મુનિઓ શાસ્ત્રનો પણ એવો જ અર્થ કરે છે કે વેદના ઉદયથી સ્ત્રી-પુરુષનો વિકાર થાય છે...'** એવો શાસ્ત્રમાં ઉપઘાત પ્રકૃતિ આવી છે કે નહિ? કે પોતાને ઉપઘાત પ્રકૃતિ હોય તો પોતાના કારણે પોતે હણાય. સાબર આદિ હોય છેને શીંગડા મોટા હોય. પોતાને ઉપઘાત પ્રકૃતિનો ઉદય છે તો એને લઈને પોતાના.. પોતે હણાય. પરઘાત. અને પોતે પરને હણે. એ પરઘાત પ્રકૃતિને કારણે પરને હણે. એમ અજ્ઞાની ઉપઘાત અને પરઘાતની પ્રકૃતિનો અર્થ કરે છે.

**'આ પ્રમાણે, જેમ સાંખ્યમતી બધુંય પ્રકૃતિનું જ કાર્ય માને છે અને પુરુષને**

**અકર્તા માને છે તેમ, પોતાની બુદ્ધિના દોષથી...'** જુઓ, અજ્ઞાની શાસ્ત્રના અર્થને કેમ કરવા એના ભાન વિનાના આમ...

**શ્રોતા :-** કર્મનો દોષ ન કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્મનો દોષ કે દી હતો? એના બુદ્ધિના દોષથી. મિથ્યાત્વનો દોષ એને કારણે નથી, તું કહે છે એમ નથી.

**'આ મુનિઓનું પણ એવું જ એકાંતિક માનવું થયું. માટે જિનવાણી તો સ્યાદ્‌વાદરૂપ હોવાથી, સર્વથા એકાંત માનનારા તે મુનિઓ પર જિનવાણીનો કોપ અવશ્ય થાય છે.'** કોપ નામ જિનવાણીની વિરાધના કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? **'જિનવાણીના કોપના ભયથી જો તેઓ વિવક્ષા પલટીને...'** આ ભગવાન તો વિકારનો કર્તા કથંચિત્ જીવ અજ્ઞાનભાવે કહ્યો છે. તો એને **'પલટીને એમ કહે છે કે ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો કર્તા આત્મા છે;...'** લ્યો, અમે આ કહીએ છીએ જાવ. કર્તા કથંચિત્ થઈ ગયું. આહાહા..! કાંઈ એકેય વાતની ખબર ન મળે. મૂળની ભૂલ. આ તો આખા જડ અને ચૈતન્યની એકતાની ભૂલ. સમજાણું કાંઈ? આહાહા..!

**'ભાવકર્મનો કર્તા કર્મ છે અને પોતાના આત્માનો કર્તા આત્મા છે; એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ,...'** અજ્ઞાની કહે છે. **'તેથી વાણીનો કોપ થતો નથી;...'** આપણે ત્રણ દી થી ચાલ્યું ગયું છે આ તો બહુ હોં. એટલે એકદમ ઉતાવળું લઈ લીધું. કોઈને એમ થાય કે આ. **'તો આ તેમનું કહેવું પણ મિથ્યાત્વ જ છે.'** આવા કહેનારા મિથ્યાદૃષ્ટિ છે. એને ભાન નથી તત્ત્વની વસ્તુ કેમ છે.

**શ્રોતા :-** પણ મુનિઓને મિથ્યાત્વ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મુનિઓ એટલે શું પણ? નગ્ન મુનિ થઈને બેઠા એટલે? દૃષ્ટિની ભાન ન મળે એટલે મિથ્યાદૃષ્ટિ છે. સમજાણું કાંઈ?

**'એ રીતે અમે આત્માને કથંચિત્ કર્તા કહીએ છીએ, તેથી વાણીનો કોપ થતો નથી; તો આ તેમનું કહેવું પણ મિથ્યા જ છે. આત્મા દ્રવ્યે નિત્ય છે,...'** કાયમ રહેનારો એને કરવું શું? અને **'અસંખ્યાત પ્રદેશોવાળો છે,...'** એ પ્રદેશમાં પણ ઘટતા-વધતા નથી. **'લોકપરિમાણ છે,...'** લોકના માપ પ્રમાણે પ્રદેશ છે એમાં કર્તા ક્યાં આવ્યો તારો? **'તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે; માટે આત્મા તો અકર્તા જ રહ્યો!'** તારી દૃષ્ટિમાં આત્મા ક્યાંય કર્તા તો આવ્યો નહિ. આહાહા..! એ કર્મ ઉપર બહુ (જોર આપે છે). કારણ કે ગોમ્મટસારમાં એમ આવે કે કર્મને લઈને થાય. આ સમયસારમાં નિશ્ચયમાં એમ આવે કે આત્માના ભાનવાળાને વિકાર થાય એ કર્મને કારણે છે એમ આવે. એટલે બેય ઠેકાણે ચોંટ્યા એ. સમજાણું કાંઈ?

પણ અહીં તો કહે છે કે જ્યાં સુધી તારી દૃષ્ટિ પરદ્રવ્ય ઉપર છે... સમજાણું કાંઈ? આ તત્ત્વાર્થસારમાં ભાઈ છેલ્લા શબ્દો લીધા છે કે પરદ્રવ્યના સ્વરૂપના માને એ વ્યવહાર દર્શન, વ્યવહાર જ્ઞાન અને વ્યવહાર ચારિત્ર. અને પરદ્રવ્યને માને, પરદ્રવ્યને માને એનું નામ વ્યવહાર સમકિત, વ્યવહાર જ્ઞાન. અને સ્વદ્રવ્યને માને.. એમ પાઠ જ એવા છે પાઠ. પરદ્રવ્યને માને એ વ્યવહારસમકિત વિકલ્પ. ભેદ પણ નથી લીધો એણે. પછી ઓલા ભેદ કર્યો છે ભાઈએ. સોલાપુર. પાઠ તો આવો ચોખ્ખો છે. જુઓને. તત્ત્વાર્થસાર. છેલ્લા બોલ છેને અમૃતચંદ્રાચાર્યનો એટલે પોતાનો આ શ્લોકો છે, જુઓ.

'નિશ્ચયમોક્ષમાર્ગનું કથન. શ્રદ્ધાન જ્ઞાન અધિગમ...' પોતાના શુદ્ધ આત્માની શ્રદ્ધા, જ્ઞાન અને રાગથી ઉપેક્ષા. 'વહી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર હૈ.' અને વ્યવહાર મોક્ષમાર્ગ ... પર આત્માની શ્રદ્ધા, પર આત્માનું જ્ઞાન, પર આત્માનો રાગનો ભાવ. ભાઈ એ બધો પર છે. એનાથી વિશેષ ખુલાસો અહીં છે. વ્યવહારે મુનિનું લક્ષણ. '**श्रद्धानं परद्रव्यं**' પરદ્રવ્યની શ્રદ્ધાને વ્યવહાર કહે છે, સ્વદ્રવ્યની શ્રદ્ધાને નિશ્ચય કહે છે. સમજાણું કાંઈ? આહાહા..! જુઓ, આવો તો ચોખ્ખો શબ્દ પડ્યો છે. ભેદશ્રદ્ધા કહો, ભેદવાળી કીધું નિયમસારમાં કહ્યુંને ઓલું ભેદ કરીને કહે છે. પણ એનો અર્થ વ્યવહારનું કહ્યું, પરદ્રવ્યનું કહ્યું. પરદ્રવ્યનું કહ્યું છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર, છ દ્રવ્ય એને માનવા એ વ્યવહારસમકિત એટલે રાગ છે, એ ધર્મ નથી. સ્વદ્રવ્યને એટલે અંદર રાગરહિત આત્મા એનો અનુભવ કરીને પ્રતીત કરવી એનું નામ સમ્યગ્દર્શન છે. આહાહા..! '**श्रद्धानं परद्रव्यं**' પરદ્રવ્યને જાણવું એ વ્યવહારજ્ઞાન છે, સાચું જ્ઞાન નિશ્ચય નથી. અને .... પછી નિશ્ચય '**स्वद्रव्यं श्रद्धानं**' ત્યાં દ્રવ્ય લીધું. સ્વદ્રવ્યની શ્રદ્ધા એ સમકિત છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા એ સમકિત નહિ. આહાહા..! જુઓ, એય.. પોપટભાઈ! ક્યાં પણ પર ને સ્વ ભેગું કૂટાતું હતું. આહાહા..!

અહીં તો ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય આનંદનો કંદ રાગરહિત તત્ત્વ એવા સ્વદ્રવ્યની અંતર અનુભવમાં પ્રતીતિ તેને સમ્યગ્દર્શન કહે છે. સાચું. નિશ્ચય એટલે સાચું. અને પરદ્રવ્યની શ્રદ્ધા ચાહે તો દેવ, ગુરુ અને સિદ્ધ હો કે પંચપરમેષ્ઠી હોય, એની શ્રદ્ધાને શુભરાગ કહે છે. આહાહા..! એ તો રાગ કહો, પરદ્રવ્ય કહો, ભેદ કહો, વ્યવહાર કહો, ઉપચાર કહો બધું વગેરે. એ નિશ્ચયમાં. સમજાણું કાંઈ? હવે પરદ્રવ્યની શ્રદ્ધા પહેલી અને પછી સ્વદ્રવ્યની શ્રદ્ધા થાય.. અહીં ઓલું ગાથામાં છે તો લખી નાખ્યું. પાઠમાં છે. ... પણ એ તો દ્વિતીય સાધન તો વ્યવહાર કહ્યો છે. બેનો નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ બતાવ્યો છે.

આ ભગવાન આત્મા પોતાના સ્વદ્રવ્યને પૂર્ણ આનંદકંદને એક સ્વનો આશ્રય કરીને એમાં વિકલ્પ નહિ, પર્યાય આશ્રય નહિ, પરનું અવલંબન નહિ, એવું સ્વનું શ્રદ્ધા અંદર ભાન-જ્ઞાન થઈને એને સમ્યગ્દર્શન કહ્યું; અને સ્વદ્રવ્યને આશ્રયે જે જ્ઞાન થાય તેને સમ્યગ્જ્ઞાન કહ્યું અને સ્વદ્રવ્યના આશ્રયમાં ઠરે રમણતા એને ચારિત્ર કહ્યું. સમજાણું કાંઈ? આ ઓલામાં

એક વળી આવ્યું છે આજે. કૈલાસચંદ્રજીનું. એમ કે ચારિત્ર અનંત નથી કહ્યું. માટે સિદ્ધમાં ચારિત્ર નથી. એવું લખે જરી. ચાલ્યા કરે. આપણે તો આવી ગયું છે. દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય અનંત છે નહિ? ... આવી ગયું છે. પર્યાય અનંત છે અપાર. વસ્તુ તો અપાર છે એની વાત શું કરવી? પર્યાય સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પર્યાય પણ અપાર છે. નાશ ન થાય એવી અને અપાર છે. ચારિત્ર નથી એમ કહ્યું. ઓલામાં આવે છે ખરુંને? તત્ત્વાર્થસારના પાછલા ભાગમાં આવે છે. ચારિત્ર નથી અને આચારિત્ર નથી, એમ. એ તો સંયમની અપેક્ષાએ. મૂળ સ્વરૂપની સ્થિરતા જામી ગઈ આખી એ ચારિત્ર તો સિદ્ધમાં પણ છે. સમજાણું કાંઈ?

સ્વને આશ્રયે થયેલી જે સ્થિરતા એ તો કાયમ સિદ્ધમાં પણ રહે. પરને આશ્રયે જે રાગ શુભરાગ એ વ્યવહાર ચારિત્ર એ તો શુભરાગ છે, એ તો પરદ્રવ્ય છે, એ પરદ્રવ્યનું આચરણ છે. એ પરદ્રવ્યની શ્રદ્ધા નવ તત્ત્વ ભેદરૂપ એ પરદ્રવ્યની શ્રદ્ધા છે. એ તો આપણે શુદ્ધોપયોગ અહીં... નહિ? શુભભાવ. નિયમસાર. અંતઃતત્ત્વ અને બહિતત્ત્વ. બહિરતત્ત્વ તો પરદ્રવ્ય છે. પર્યાયને માનવી, સ્વની પર્યાયને માનવી, રાગને માનવો એ પરદ્રવ્યને માન્યું છે. આહાહા..! ભારે વાત! એય..! સ્વદ્રવ્યને અંદર અખંડ અભેદ જ્ઞાનાનંદ સ્વરૂપ એને લક્ષમાં લઈને પ્રતીત કરીને ભાન થાય શ્રદ્ધાનું એને સમ્યગ્દર્શન કહે છે. એનું જ્ઞાન તે જ્ઞાન. સ્વનો આશ્રય તે ચારિત્ર. પરદ્રવ્યની શ્રદ્ધા વ્યવહારસમકિત એટલે સાચું સમકિત નહિ, પરદ્રવ્યનું જ્ઞાન એ સાચું જ્ઞાન નહિ અને પરદ્રવ્યનું આચરણ શુભભાવ એ સાચું ચારિત્ર નહિ. સમજાણું કાંઈ? એય.. પ્રકાશદાસજી! આ કોઈ દી સાંભળ્યું ન હોય. ત્રણ વર્ષ સુધી ત્યાં મુંડાવ્યું ઓલા સાથે. ન હોય ત્યાં શું કરે બિચારા? એને બિચારાને ભાવ તો હોય તરવાનો. કાંઈ કોઈને ડૂબવાનો હોય છે? પણ ખબર નથી. ..

**શ્રોતા** :- આવું કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આમ કરે છે. આવું માને છે. આહાહા..!

પંચમહાવ્રતના પરિણામ. લ્યો એક કોર એમ કહે કે શુભરાગાદિ કર્મને લઈને થાય, બીજી કોર એમ કહે કે શુભરાગથી આત્માને નિશ્ચયધર્મ થાય એટલે પરદ્રવ્યથી ધર્મ થાય એમ થયો. નવનીતભાઈ! સમજાણું કાંઈ? એક બાજુ એમ કહે કે રાગની મંદતાનો ઉદય હોય તો શુભભાવ થાય એટલે કર્મને લઈને શુભભાવ થયો. બીજી રીતે કહે કે એ શુભભાવ હોય તો શુદ્ધતા થાય એટલે કર્મ પરદ્રવ્યને લઈને શુદ્ધતા થઈ, સ્વદ્રવ્યને આશ્રયે શુદ્ધતા થઈ એ તો વાત રહી નહિ. સમજાણું કાંઈ? મોટો ફેર દૃષ્ટિમાં. મોટું શલ્ય. આહા..!

અહીં કહે છે કે '**લોકપરિમાણ છે, તેથી તેમાં તો કાંઈ નવીન કરવાનું છે નહિ; અને જે ભાવકર્મરૂપ પર્યાયો છે તેમનો કર્તા તો તે મુનિઓ કર્મને જ કહે છે;...**' મુનિઓ એટલે આ અજ્ઞાની કોઈપણ એમ. '**માટે આત્મા તો અકર્તા જ રહ્યો! તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો?**' વીતરાગની વાણી આત્માને કથંચિત્ કર્તા અજ્ઞાનભાવે

કહે છે અને ભાનભાવે... ભાનભાવનો અર્થ? કે જ્યાં એની દૃષ્ટિ જ હજી પર્યાય ઉપર અને રાગ ને વિકલ્પ ઉપર છે એ તો પરદ્રવ્ય ઉપર દૃષ્ટિ છે, ત્યારે તો એનું પરદ્રવ્યનું જ પરિણમન છે. પરદ્રવ્ય એટલે વિકારી જ પરિણમન છે એમ. સમજાણું કાંઈ? અને સ્વદ્રવ્યનું પરિણમન એ તો ત્રિકાળ જ્ઞાયકભાવ છે એનો આશ્રય કરે ત્યારે નિર્મળ પરિણામ થાય. એ નિર્મળ પરિણમન થાય એ સ્વદ્રવ્યનું છે. આહાહા..! સમજાણું કાંઈ? વાદવિવાદે લોકોને બિચારા ઘુંચવાઈ ગયા છે. હજી શ્રદ્ધાના ઠેકાણા ન મળે એને જ્ઞાન કેવા ને એને ચારિત્ર કેવા ને એને તપ કેવા! બધા એકડા વિનાના મોટા શૂન્ય છે.

કહે છે, '**તો પછી વાણીનો કોપ કઈ રીતે મટ્યો? માટે આત્માના કર્તાપણા અને અકર્તાપણાની વિવક્ષા યથાર્થ માનવી...**' વિવક્ષા એટલે કહેવું. '**તે જ સ્યાદ્વાદનું સાચું માનવું છે. આત્માના કર્તાપણા-અકર્તાપણા વિષે સત્યાર્થ સ્યાદ્વાદ-પ્રરૂપણ આ પ્રમાણે છે :-**' લ્યો! આ ત્રણ દી ચાલ્યું એ હવે આવ્યું. છેલ્લું.

'**આત્મા સામાન્ય અપેક્ષાએ તો જ્ઞાનસ્વભાવે જ સ્થિત છે;...**' ભગવાન ચૈતન્ય પ્રભુ જ્ઞાનમાં જ ટકેલો છે. કારણે કે એનો સ્વભાવ જ્ઞાન છે ચૈતન્યસૂર્ય. એ ચૈતન્યસૂર્યમાં જ રહેલો છે. સમજાણું કાંઈ? '**પરંતુ મિથ્યાત્વાદિ ભાવોને જાણતી વખતે,...**' પણ રાગ ને મિથ્યાત્વને જાણવાના સ્વકાળને કાળે '**અનાદિ કાળથી જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...**' જુઓ, જ્ઞેય એટલે પર. રાગ એ પર છે, પરદ્રવ્ય છે. ખરેખર સ્વદ્રવ્ય નહિ. દયા, દાન, વ્રત, ભક્તિના વિકલ્પ એ બધું પરદ્રવ્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ એ પરદ્રવ્ય અને સ્વને ભેદવિજ્ઞાનના અભાવને લીધે. એની જુદાઈના ભાનના અભાવે '**જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...**' એ મિથ્યાત્વ અને રાગ તે જ હું અને એનું પરિણમન તે જ મારી સ્થિતિ એમ જાણે છે. સમજાણું કાંઈ? વજુભાઈ! સમજાય છે કે નહિ આ? આવું ઝીણું છે લ્યો! ભારે માર્ગ!

એના ખ્યાલમાં તો વાત લે પહેલી કે આ આત્મા જ્યાં સુધી રાગ અને.. એ એનો અર્થ એ છે કે સ્વદ્રવ્ય તરફ વળવું નથી, તેથી એને પરદ્રવ્ય તરફ વલણ છે. વલણ સમજ્યા? જુકાવ. જુકાવ છે ત્યાં રાગનો વિકલ્પ ઉઠે છે. ચાહે તો દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા કોઈપણ. એ રાગને પર તરીકે ન જાણતા, પોતા તરીકે જાણીને તે રૂપે પરિણમે છે. એ પરિણમવું એ કર્તા. સમજાણું કાંઈ? આહાહા..! કહો, હીરાભાઈ!

'**જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...**' કારણ કે જ્ઞાનસ્વભાવી ચૈતન્ય પ્રભુ એવું સ્વદ્રવ્ય એ તો દૃષ્ટિમાં લેતો નથી. જ્ઞાયકભાવ એવી સ્વસત્તાનું સત્ત્વ જે જ્ઞાયકભાવ સ્વસત્તાનું હોવાપણું એને તો દૃષ્ટિમાં લેતો નથી એટલે એની દૃષ્ટિમાં તો એ દયા, દાન, વ્રતના વિકલ્પ તે હું એમ માનીને વિકારપણે પરિણમે છે. સમજાણું કાંઈ? હવે તો બહુ ખુલાસો થયો છે હોં. ચોથો દી ચાલે છે. આહાહા..! વાતની ખબર ન મળે અને

આંધળે આંધળા. એમને થઈ ગયો ધર્મ. ધૂળેય ધર્મ. ધૂળેય ધર્મ નથી સાંભળને. હજી તો અધર્મ કેમ થાય એની તને ખબર નથી. આહાહા..! સ્વદ્રવ્યનો આશ્રય છોડી અને પરદ્રવ્યને આશ્રયમાં જે વિકલ્પ થાય એને તો તું પોતાપણે માનીને કર્તાપણે પરિણમે છો. સમજાણું કાંઈ? ચાહે તો મહિનાના અપવાસ કર્યા હોય તો ત્યાં વિકલ્પ ઉઠ્યો. એ વિકલ્પપણે પરિણમે છે એમ કહે છે.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. મહિનાના અપવાસ કર્યા, આ કર્યું, તે કર્યું. ધૂળેય કર્યું નથી સાંભળને! આહાહા..!

ભગવાન ચૈતન્યજ્યોત સ્વરૂપ. જ્ઞાયકભાવથી પરિપૂર્ણ ભરેલો ચૈતન્ય પ્રભુ એનો તો આશ્રય છે નહિ, એની દૃષ્ટિ છે નહિ એટલે સમ્યગ્દર્શન-જ્ઞાન છે નહિ અને રાગના આશ્રયે રાગનું પરિણમન કરીને પડ્યો છે એ મિથ્યાત્વના પરિણમનમાં છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** જ્ઞાન અને જ્ઞેયનું જુદાપણું. જુઓ, અહીં તો રાગનો વિકલ્પ તે પરદ્રવ્ય છે, એ સ્વદ્રવ્ય નથી. છતાં એ વિકલ્પ ચાહે તો મહાવ્રતનો ઉઠે પણ એ વિકલ્પ છે, રાગ છે, પરદ્રવ્ય છે, સ્વદ્રવ્ય નહિ. સમજાણું કાંઈ? એ **'જ્ઞેય અને જ્ઞાનના ભેદવિજ્ઞાનના અભાવને લીધે,...'** જુદાંપણાના બોધના અભાવને લીધે **'જ્ઞેયરૂપ મિથ્યાત્વાદિ ભાવોને આત્મા તરીકે જાણે છે,...'** જુઓ, હવે કોઈ કહે કે ભાઈ! એમ કે મિથ્યાદૃષ્ટિ પોતાના દોષને ન જાણે, અહીં તો કહે છે કે એ રીતે જાણે એટલે.. રાગને જ પોતાપણે માને એમ જાણે છે, એમ.

**શ્રોતા** :- એ દોષ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ દોષ. કારણ કે 'દોષરૂપે જ હું છું' એમ જાણ્યું છે એણે. એમ કહ્યું છેને? દોષનું જ્ઞાન યથાર્થ હોય તો તો દ્રવ્યની દૃષ્ટિ હોય ત્યારે જ્ઞાન યથાર્થ થાય. આ તો 'દોષરૂપ છે એ જ હું છું' એમ એ જાણે છે, એમ.

**શ્રોતા** :- દોષનું આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એ તો બીજી ગાથામાં આવ્યું. **'पोग्गलकम्मपदेसट्ठिदं'** ત્યાં જાણે છે કહ્યું છે. સમજાણું? બીજી ગાથા છેને? લ્યો, નીકળી પણ બીજી. અર્થ તો પહેલો હશે. શું છે ભાઈ એ? છેલ્લો, નહિ? **'મોહરાગદ્વેષાદિ ભાવો સાથે એકત્વગતપણે (એકપણું માનીને) વર્તે છે ત્યારે પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં સ્થિત હોવાથી યુગપદ્ પરને એકત્વપૂર્વક જાણતો...'** એકપણે જાણતો એમ. રાગને અને આત્માને એકપણે જાણતો.

**શ્રોતા** :- એકપણું જાણવું એ દોષ છે એમ નથી માનતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ એકપણે જાણવું એની વ્યાખ્યા આ છે એમ. આ જાણે એમ નહિ. એકપણે છે એવું.

'**જાણતો તથા પરરૂપે એકત્વપૂર્વક પરિણમતો...**' દેખો! પરરૂપે, રાગરૂપે એકત્વપૂર્વક પરિણમતો '**એવો તે પરસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે.**' લ્યો. સમજાણું? ઝીણી વાત છે. આ તો ભાઈ, સમયસાર તો મોટો દરિયો છે. કેવળજ્ઞાનના બધા કોયડા ઉકેલી નાખ્યા છે. આહાહા..! સમજાણું? પહેલું કહ્યુંને? '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' એ કીધુંને? '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત હોવાથી યુગપદ્ સ્વને એકત્વપૂર્વક જાણતો...**' એમ. સ્વને એકત્વપૂર્વક જાણતો. '**સ્વ-રૂપે એકત્વપૂર્વક પરિણમતો એવો તે સ્વસમય એમ પ્રતીતરૂપ કરવામાં આવે છે;...**' અને આને પર રાગ-દ્વેષ સાથે એકરૂપ માનતો, પ્રવર્તતો, જાણતો એ રાગરૂપે પરિણમે, એમ. જાણતાનો અર્થ 'એ જ હું છું' એમ એ પરિણમી રહ્યો છે.

ખરું રાગનું અને બંધનું જ્ઞાન તો બંધથી જુદો પડે ત્યારે જ્ઞાન થાય. સમજાણું કાંઈ? આ ચશ્માામાં તદ્દન નજીક હોય તો ચશ્મા દેખાય? જરી દૂર થાય તો દેખાય. એમ રાગનો વિકલ્પ સ્વભાવની એકતા કરતાં ભિન્ન પડે તો રાગનું જ્ઞાન વ્યવહારે થાય. સમજાણું કાંઈ? પણ રાગને, વિકલ્પને, વિકાર ને સ્વભાવને એકત્વ માને છે તો એ પણ શબ્દ કહેવામાં આવ્યો. આત્મા તરીકે જાણે છે એમ. રાગને આત્મા તરીકે જાણે છે એમ કહેવું છે. દોષને દોષ તરીકે જાણે છે એમ નહિ. સમજાણું કાંઈ? રાગાદિ ભાવ છે મહાવ્રતનો વિકલ્પ એ રાગ છે, વૃત્તિનું ઉત્થાન છે. આ કરું, આને ન મારું, આને ન કરું એ વૃત્તિ ઉઠે છે એને આત્મા તરીકે જાણે છે. આ આટલી વાત. એને આમ અંદર ખબર નથી. પણ એ આમ અસ્તિત્વ ઉપર દૃષ્ટિ નથી તેથી આ અસ્તિત્વપણે પરિણમે છે. એ તો એને પોતાને 'હું આત્મા છે' એમ પરિણમે છે. 'એ આત્મા હું આવો છું' એમ પરિણમે છે. સમજાણું કાંઈ? પહેલાં વસ્તુના ઠેકાણા ન મળે અને થઈ ગયા પછી મોટા ચારિત્ર ને વ્રતધારી ને મોટા તપસ્વી. મહિના-મહિનાના અપવાસ કરે અને પછી ઉજવણા કરે. શેના? અજ્ઞાનના? આહાહા..!

અહીં તો કહે છે, જ્યારે એ '**ભેદવિજ્ઞાનના અભાવને લીધે, જ્ઞેયરૂપ...**' જ્ઞેયનો અર્થ થયો પરદ્રવ્યરૂપ, એમ. એ જ્ઞાનરૂપ ન રહ્યું, એમ. રાગ-દ્વેષના વિકલ્પો એ પરજ્ઞેયરૂપ એટલે પરદ્રવ્યરૂપ. એ '**ભાવોને આત્મા તરીકે જાણે છે,...**' એમ. દોષ તરીકે દોષ જાણે છે એમ નથી. સમજાણું કાંઈ? દોષને આત્મા તરીકે જાણે છે. નવનીતભાઈ! આહાહા.! ભારે ઝીણું! ચૈતન્ય સ્વદ્રવ્ય છે, જ્ઞાનસ્વભાવસ્વરૂપ એના અભાવે, એનું જ્ઞાન નથી. કારણ કે રાગ અને સ્વનું ભેદજ્ઞાન તો નથી. એથી સ્વને પરના ભેદવિજ્ઞાન વિના એ પરદ્રવ્ય રાગાદિ છે તેને પોતાપણે માનીને પરિણમે છે. સમજાણું કાંઈ? લ્યો!

'**તેથી એ રીતે વિશેષ અપેક્ષાએ...**' લ્યો! સામાન્ય અપેક્ષાએ તો ધ્રુવ જ્ઞાનસ્વરૂપ છે, પણ વિશેષ અપેક્ષાએ? '**અજ્ઞાનરૂપ જ્ઞાનપરિણામને કરતો હોવાથી...**' અજ્ઞાનરૂપ એટલે રાગરૂપને જ્ઞાનપરિણામ, રાગરૂપે જ્ઞાનના પરિણામને કરતો, એમ. રાગ એ મારા પરિણામ

જ્ઞાનના છે એમ કરતો '**હોવાથી કર્તા છે;...**' એ રાગનો (કર્તા) છે. અજ્ઞાનરૂપ રાગરૂપ એવી વિકલ્પદશા એને જ્ઞાનપરિણામ એ જાણે મારું પરિણામ છે એમ જ્ઞાનના પરિણામને કરતો હોવાથી અજ્ઞાની વિકારનો કર્તા સ્વતંત્ર છે, કર્મની અપેક્ષા રાખ્યા વિના. સમજાણું કાંઈ? જુઓ આ નિશ્ચય સિદ્ધ કર્યું આ. આહાહા..!

'**જ્યારે ભેદવિજ્ઞાન થવાથી...**' લ્યો! એટલે કે રાગ અને સ્વ બે દ્રવ્ય જ જુદાં છે. રાગનો વિકલ્પ તે અજ્ઞાનભાવ છે અને ભગવાન જ્ઞાનભાવ છે. આત્મા જ્ઞાનભાવસ્વભાવ છે અને રાગ અજ્ઞાનભાવ છે—એમ બેની જુદાઈના ભાનના કાળમાં '**આત્માને જ આત્મા તરીકે જાણે છે...**' આત્માને આત્મા તરીકે જાણે છે. ઓલામાં આત્માને દોષ તરીકે જાણે છે. ભેદવિજ્ઞાન થતાં આત્માને આત્મા તરીકે જાણે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ વિકલ્પ-રાગસ્વરૂપ છે નહિ. કારણ કે ભેદજ્ઞાન પડ્યું. ભેદજ્ઞાન આમ કાંઈ રાગ આ ને આ એમ નહિ. સમજાવે તો એમ નહિ. પણ જ્યારે રાગ ઉપરની દૃષ્ટિ હતી એને ફેરવી દૃષ્ટિ દ્રવ્ય ઉપર ગઈ ત્યારે કહે છે, આત્માને આત્મા તરીકે પરિણમવા લાગ્યો, ત્યારે એને રાગનું પરિણમન જ્ઞાનીને હોતું નથી. અહીં તો ત્યાંથી ઉપાડી છે વાત. આહાહા..! સમજાણું કાંઈ? બહુ ઝીણું. આવી ધર્મની વાત! આ તો કોઈ કહે કે વીતરાગનો ધર્મ આવે હશે? ભાઈ અમે તો સાંભળ્યું નહોતું જૈનમાં. બધે અપાસરે જઈએ, દેરાસર જઈએ. માર્ગ તો આ છે વીતરાગનો. બાકી બધા કલ્પિત ઊંધા રસ્તા લીધા છે. આહાહા..!

'**જ્યારે ભેદવિજ્ઞાન થવાથી આત્માને જ આત્મા તરીકે...**' જુઓ, આત્માને જ આત્મા તરીકે '**જાણે છે ત્યારે વિશેષ અપેક્ષાએ પણ જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો...**' વિશેષ એટલે સામાન્ય તો જ્ઞાન હતું જ, પણ હવે વિશેષ અપેક્ષાએ પણ '**જ્ઞાનરૂપ જ્ઞાનપરિણામે જ પરિણમતો થકો...**' શુદ્ધ સ્વભાવપણે પરિણમતો થકો. જ્ઞાન એટલે શુદ્ધ સ્વભાવપણે પરિણમતો થકો. '**કેવળ જ્ઞાતા રહેવાથી...**' કેવળ રાગના અસ્તિત્વથી જ્ઞાન છે એમ ન જાણતો જ્ઞાતા રહેવાથી '**સાક્ષાત્ અકર્તા છે.**' કહો, સમજાણું કાંઈ? લ્યો, થોડું ઘણું આનું ચાલ્યું. ત્રણ દીથી ચાલ્યું એનું. ઓલું થોડું નીકળે ત્યારે નવું નીકળેને થોડું કાંઈક. એનું એ કાંઈ હોય? આહાહા..!

'**સાક્ષાત્ અકર્તા છે.**' એટલે? દ્રવ્ય-ગુણ તો અકર્તા છે જ એમ કહે છે. જ્યાં દ્રવ્ય-ગુણની દૃષ્ટિ થઈ, સ્વસત્તા આત્માની દૃષ્ટિ થઈ એટલે કે રાગથી ભિન્ન પડીને સ્વભાવ સન્મુખ જ્યાં આવ્યો એટલે રાગનો અકર્તા છે. ત્યારે એનું પરિણમન જ્ઞાનરૂપે થયું, રાગરૂપે અટકી ગયું. સમજાણું કાંઈ? ભારે આવી વાતું! આ તો કહે, મહાવ્રત લઈ લ્યો, ભાઈ! હવે તમારે શું? એકલા (છો), બાયડી નથી, છોકરા નથી. એકલા છો. નિવૃત્તિ લઈ લ્યોને. સાધુ થાવ.

**શ્રોતા :-** મને એમ જ કહે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કોને? કઈ રીતે? આત્માને રાગથી જુદો પાડીને નિવૃત્તને

જાણ્યો છે તો હવે સ્થિરતા કર એમ કહે છે. સમજાણું કાંઈ? આ તો હજી જુદો જાણ્યો નથી, રાગને પોતાનું સ્વરૂપ માને, મહાવ્રતની ક્રિયાના પરિણામ એ મારા એ તો મિથ્યાત્વભાવ છે. ત્યાં તો એકલી અશુદ્ધ પરિણમનની ગતિ ચાલે છે એમ કહે છે. આહાહા..! કઈ શૈલીએ વાત! ચૈતન્યદ્રવ્ય શુદ્ધ ચૈતન્ય ભગવાન કલ્પવૃક્ષ ચિંતામણી ચૈતન્ય ભગવાન જેમાંથી આનંદની ચિંતામણી ચિંતવે એવું પરિણમન થાય. એવો ભગવાન રાગ નામ પરદ્રવ્ય અને દુઃખરૂપ ભાવ અને આત્મા આનંદભાવ એવા બેની જુદાઈ થતાં આત્મા પોતાના સ્વભાવપણે પરિણમે છે એને દુઃખરૂપે અને રાગરૂપે પરિણમવું અટકી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ભાવાર્થ થઈ ગયો.

'**હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-**' એ કીધેલાનું સ્પષ્ટીકરણનું કળશ કહે છે. '**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**' ઓહોહો..! આગળ છે? બે લીટી છે. બે ઓલીકોર હશે.

**माऽकर्तारममी स्पृशन्तु पुरुषं सांख्या इवाप्यार्हताः**
**कर्तारं कलयन्तु तं किल सदा भेदावबोधादधः।**
**ऊर्ध्वं तूद्धबोधधामनियतं प्रत्यक्षमेनं स्वयं**
**पश्यन्तु च्युतकर्तृभावमचलं ज्ञातारमेकं परम्।।२०५।।**

આહાહા..! દિગંબર મુનિઓની કથની એટલી સ્પષ્ટ. ખોટું કાંઈ કલ્પવું નહોતું. ખોટું કરવું હોય તો કેટલુંય ખોટું કરવું પડે. આ તો સાચું હતું એ સાચું આવ્યું. સમજાણું કાંઈ? એક ખોટું કરવા માટે કેટલુંય ખોટું કરવું પડે અને સાચા કરવા માટે કાંઈ ખોટું કરવું પડે નહિ. માર્ગ આ છે. આહાહા..!

**શ્રોતા :-** એક જૂઠ છુપાવવા માટે દસ જૂઠ બોલવું પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એક છુપાવવા માટે ઘણું ખોટું કરવું પડે.

**શ્લોકાર્થ :-** '**अमी आर्हताः अपि**' '**આ અર્હત્‌ના મતના અનુયાયીઓ...**' જુઓ, વ્યવહારે કીધો હોં એ. '**અર્થાત્ જેનો પણ...**' ઓલામાં તો સમ્યગ્દૃષ્ટિ લીધા છે. કળશમાં, કળશમાં. '**અર્હત્‌ના મતના અનુયાયીઓ...**' ભગવાન ત્રિલોકનાથ તીર્થંકરદેવ એના જે અનુયાયીઓ '**અર્થાત્ જૈનો પણ આત્માને, સાંખ્યમતીઓની જેમ,...**' '**अकर्तारम् मा स्पृशन्तु**' '**(સર્વથા) અકર્તા ન માનો;...**' રાગનો અજ્ઞાનભાવે જ્યાં સુધી સ્વભાવની દૃષ્ટિ નથી થઈ, ત્યાં સુધી પર્યાયમાં રાગપણે પરિણમન છે એમ કથંચિત્ કર્તા માનો. '**અકર્તા ન માનો;...**' '**भेद-अवबोधात् अधः**' '**ભેદજ્ઞાન થયા પહેલાં...**' '**भेद-अवबोधात्**' '**भेद-अवबोधात्**' એટલે જ્ઞાન એનાથી '**अधः**' રાગ પુણ્યનો વિકલ્પ એનાથી જુદો ભેદ આત્માનો થયા પહેલાં '**तं किल**' તેને '**નિરંતર...**' '**कर्तारम् कलयन्तु**' '**કર્તા માનો,...**' સમજાણું કાંઈ? એમાં તીવ્ર મિથ્યાત્વનો અભાવ થાય છે. છે તો મિથ્યાત્વ કર્તા માને ત્યાં

સુધી. સમજાણું કાંઈ? પણ કર્મને લઈને વિકાર થાય એ તો તીવ્ર મિથ્યાત્વ છે, પણ રાગનો કર્તા હું છું એમ માને એને મંદ મિથ્યાત્વ છે. છે તો મિથ્યાત્વ. સમજાણું કાંઈ? આહાહા..! ભારે!

આ કહે છે ફરીને. રાગ અને વિકાર, પુણ્ય-પાપનો કર્તા કર્મ છે એમ માને એ તીવ્ર મિથ્યાત્વ છે. અને અહીં આચાર્ય કહે છે કે રાગનો કર્તા હું છું એમ માન. એનો અર્થ તીવ્ર મિથ્યાત્વ છોડીને. છે તો મંદ મિથ્યાત્વ. સમજાણું કાંઈ? પણ મંદ મિથ્યાત્વમાં રાગનો પર કર્તા છે એમ છૂટી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? છે તો અજ્ઞાનભાવની વાત છેને? બેય અજ્ઞાનભાવની વાત છે. સમજાણું કાંઈ? શું કહ્યું? ફરીને. એમાં વાંધો શું છે? સ્પષ્ટ થાયને વધારે.

અહીં કહે છે, આચાર્ય કહે છે, હે અર્હંતના મત્‌ના અનુયાયીઓ! ભલે વ્યવહારે અનુયાયી. ભાઈ! અમારે તો દેવ અરિહંત સર્વજ્ઞ પરમાત્મા છે. એવા માનનારા, કહે છે કે તમે આ છોડી દ્યો કે પુણ્ય-પાપના વિકારો કર્મથી થાય, એ વાત છોડી દ્યો અને રાગ અને દોષનો હું કર્તા છું એમ માનો. ત્યારે રાગ-દ્વેષ અને જ્ઞાનની હિણી દશા આદિનો કર્મ કર્તા એમ માનનારમાં તો તીવ્ર મિથ્યાત્વ આવ્યું હતુંને? તીવ્ર મિથ્યાત્વ આવ્યુંને ભાઈ! ભાઈ! શું હતું? કળશમાં આવ્યું હતું? કળશ-કળશ. '**तेषामुद्धतमोहमुद्रितधियां बोधस्य संशुद्धये**' તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે. ૪૯૨ પાનું છે. શ્લોકમાં જ છે. આચાર્યની શૈલી જ કોઈ જુદી. છેને? ૨૦૪નો કળશ. ૨૦૪ કળશ. એમાં '**मुद्धतमोहमुद्रितधियां**' '**તીવ્ર મોહથી જેમની બુદ્ધિ બિડાઈ ગઈ છે...**' એ પુણ્ય-પાપના ભાવ અને જ્ઞાનના ઓછા-વત્તાપણું કર્તા કર્મ માને છે એની તો મિથ્યાત્વથી તીવ્રબુદ્ધિ બિડાઈ ગઈ છે, તીવ્ર મોહ છે; પણ જો તમે અરિહંતના અનુયાયી તરીકે વ્યવહારે કહેવાતા હો તો એ પુણ્ય-પાપના ભાવનો કર્તા કર્મ નહિ, પણ પુણ્ય-પાપના કર્તાનું પરિણમન મારું છે એમ અજ્ઞાનભાવે પણ તું માન પહેલું. અજ્ઞાનભાવે વિકાર પર કરે એમ માનતો (હો તો) એ તો તીવ્ર મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ?

અહીં તો કહે છેને પાછું જુઓ. વળી એને કહેવું છે કે ભેદવિજ્ઞાનથી પહેલાં. એમ કહ્યુંને? '**भेद-अवबोधात् अधः**' જ્યાં સુધી રાગના વિકલ્પની દોષદશા એનાથી જુદો પડ્યો નથી ચૈતન્યદ્રવ્ય ત્યાં સુધી તો એની દૃષ્ટિ પર્યાય ઉપર રાગના કર્તાપણા ઉપર છે; પણ છતાં રાગનો કર્તા કર્મ માનતો એના કરતાં, 'રાગનો કર્તા હું છું' એમાં મિથ્યાત્વની મંદતા છે, અભાવ નથી. સમજાણું કાંઈ? અભાવ તો એ રાગપણું મારામાં છે જ નહિ. 'હું તો આનંદની મૂર્તિ જ્ઞાનાનંદ ચૈતન્યપ્રભુ આત્મા' એવી દૃષ્ટિ થતાં તેને રાગની એકતા તૂટતા રાગનું પરિણમન થતું નથી, ત્યારે તેને સમ્યગ્દર્શન અને જ્ઞાન કહેવામાં આવે છે. ત્યાં મંદ મિથ્યાત્વનો ત્યાગ થયો. સમજાણું કાંઈ? ન્યાય સમજાય છે કે નહિ?

વસ્તુ જેમ નથી એમ એણે માની એ તો તીવ્ર મિથ્યાત્વ છે. ભાઈ! અમારે તો કર્મનો

ઉદય આવે એમ થાય. જ્ઞાનાવરણીયનો ક્ષયોપશમ થાય તો ઉઘાડ દેખાય. જ્ઞાનાવરણીયનો ઉદય આવે તો જેટલા પ્રમાણમાં ઉદય આવે એટલો જ્ઞાનનો બંધ થાય. સીધી વાત છે. કહે છે કે એ સીધીમાં તારું મિથ્યાત્વ તીવ્ર છે. સમજાણું કાંઈ? એણે તો જડ અને આત્મા બેને એક માન્યા. હવે આસ્રવ ને આત્મા એક માને એમાં અને પરનો કર્તા નથી એમાં ફેર છે એમ કહે છે. ભાઈ! બે ફેર કહ્યા. એય..!

**શ્રોતા** :- મિથ્યાત્વનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કર્મ જડ છે એ મને વિકાર કરાવે એ તો અજીવ તને વિકાર કરાવે. એ તો તારી તીવ્ર મિથ્યાત્વદશા; પણ 'રાગને હું કરું, મારા પરિણામ છે' એવી માન્યતા પણ મંદ મિથ્યાત્વ છે, એ અજ્ઞાનભાવ છે. પણ એ અજ્ઞાનભાવ ઓલા તીવ્ર મિથ્યાત્વથી મંદ મિથ્યાત્વ છે. અને જ્યારે રાગથી ભિન્ન પડીને જ્ઞાનરૂપ પરિણમન કરે ત્યારે મંદ મિથ્યાત્વનો અભાવ થઈને સમ્યક્ થાય. વિશેષ કહેવાશે લ્યો...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૯૧-૯૨**
**પ્રવચન નં.૧૮૦, તા.૭-૧૧-૧૯૬૬**
**(૩)**

સાધકજીવ સર્પના ઝેરને ઉતારવામાં અનુકૂળ એવો જે વિચાર કે ધ્યાન કરે, એ વિચાર જેને સામે સર્પ ઉતરવામાં ઝેર, સ્ત્રીને વિડંબના થવામાં કે બંધનને તૂટવામાં એ પરિણામ અનુકૂળ નિમિત્ત છે. છતાં એ પરિણામના કર્તા (થયા) સિવાય સામે કાર્ય થાય છે.

**શ્રોતા** :- મંત્ર બોલે એટલે આ ઊતરી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને કારણે ત્યાં ઊતરે, આને કારણે નહિ, એમ કહે છે.

**શ્રોતા** :- ભલે એને કારણે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઊતરી જાય તો એને કારણે ઊતરવાનો એનો પર્યાય છે એ કાળનો.

**શ્રોતા** :- બધાયને ઊતરી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જેને ઉતરવાનો પર્યાયનો કાળ હોય એને ઊતરે. શેઠી! કાલે તો દાખલા ઘણાં આપ્યા હતા. માનતુંગાચાર્ય, વાદિરાજ, સીતાજી. એ બધું તે કાળે ત્યાં એ પર્યાયને (બનાવનું હતું). માણસને એવું લાગે આ તો બધું નિયત થઈ ગયું. એમ જ છે. તે કાળે તે પર્યાય થવાનો એનો કાળ છે અને આનો આ ભાવ તે એને નિમિત્ત તરીકે અનુકૂળ છે, પણ આ ભાવ થયો માટે ત્યાં થયું એમ નથી. તો તો આ કર્તા અને એ કાર્ય થાય છે. એમ હોઈ શકે નહિ. વાત એવી જરી ઝીણી છે વાત. સમજાણું કાંઈ?

**શ્રોતા** :- મહેનત ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મહેનત એની પાસે રહી. શું મંત્ર કરે છે?

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કરે છેને. આ રામજીભાઈને પૂછોને. શું કરતા હતા? વિંછી ઉતારતા હતા ઘણાં. અહીં ગામમાં પહેલાં. હતા પહેલા અહીં વિંછી. વિંછી અહીં બહુ નીકળતા પહેલાં. આ તો બધું જંગલ હતું. બધું જંગલ હતું. આ તો હવે જરી માણસો (રહે છે). નહિતર તદ્દન જંગલ. બહુ વિંછી. કનુભાઈના મકાનમાં પણ વિંછી હતા ત્યાં. મોટા-મોટા આવડા-આવડા. બેઠો તો આવડો પડ્યો. ક્યાં ગયા તમારા નથી આવ્યા? ત્યાં કેમ બેઠા છો? એને નવરાશ ન મળે.

કહે છે કે એ પોતે પરિણમતો ધ્યાનનો કર્તા એ થાય. પણ એ કર્તાના પરિણામ સામે

જે કાર્ય થાય તેને અનુકૂળ ગણાય. પણ અનુકૂળ છે અને એને અનુરૂપ એ કાર્ય છે ત્યાં. જેમ ભક્તામર પ્રણિત ભગવાને કહ્યું માનતુંગાચાર્યે, મુનિએ. એનો એ વિકલ્પ એ જાતનો સામે તૂટવાને નિમિત્ત તરીકે અનુકૂળ છે અને એના એ વિકલ્પને ત્યાં એ કાર્ય થવું તે અનુરૂપ છે.

**શ્રોતા :-** .. ક્યાં તૂટતા હતા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એનો પ્રશ્ન જ ક્યાં છે. કહો, સમજાય છે કાંઈ? એ તૂટવાને આ અનુકૂળ છે અને આના વિકલ્પને એ અનુરૂપ છે. બરાબર, રાજેન્દ્રજી? આ અમારે પંડિતજી છેને. આ છોટા પંડિત છે. આ મોટા પંડિત છે, આ નાના પંડિત છે, લ્યો!

**શ્રોતા :-** મધ્યમ પંડિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો આપણા પંડિત. એ આપણા અહીંના છે. એ મધ્યમ નહિ, એ તો મુખ્ય પંડિત પણ અહીંના કહેવાય. કહો, સમજાય છે કાંઈ?

'**સ્વયમેવ ઊતરી જાય છે,...**' જુઓને! ભાષા શું છે? સામે '**વ્યાપેલું ઝેર સ્વયમેવ ઊતરી જાય છે, સ્ત્રીઓ સ્વયમેવ વિડંબના પામે છે અને બંધનો સ્વયમેવ તૂટી જાય છે;...**' ભાષા જુઓને! કેટલું સ્પષ્ટ કર્યું છે! સ્વયમેવ. પણ માણસને આમ નિમિત્ત છેને માટે ત્યાં થયું. અને ઓલા શાસ્ત્રમાં આવેને બે? ઉભય નિમિત્ત શું...? પંડિતજી! ઉભય નિમિત્ત.. બહુ આવે છે. તત્ત્વાર્થ રાજવાર્તિકમાં. બાહ્યાભ્યંતર એ. બસ ઈ. બાહ્યાભ્યંતર બે હોય.

**શ્રોતા :-** બાહ્ય અભ્યંતર હોય જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ હોય જ છે. હોય છે તો એ પ્રમાણનું જ્ઞાન કરવા ત્યાં વાત ચલાવી છે, પણ જે કાળે જેનો પર્યાય થવાનો છે તે તેનું ઉપાદાન કારણ ખરેખર એ જ છે. ત્યારે બાહ્ય વ્યાપ્તિસંબંધ બીજા નિમિત્ત સાથે છે. એમ છે માટે એમ કહ્યું, પણ એ નિમિત્ત છે માટે અહીં કાર્ય થયું છે એમ નથી.

**શ્રોતા :-** તો કર્તાકર્મ થઈ જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તો કર્તાકર્મ થઈ જાય. સમજાણું કાંઈ? એ તો દૃષ્ટાંત કહ્યો. આ મોટો નિમિત્ત-ઉપાદાનનો ભ્રમ છેને. આ લખાણમાં બહુ આવ્યું. ઓલા આમ કહે છે અને ઓલા આમ કહે છે. જુઓ, આ બે લખાણ શાસ્ત્રમાં છે. ભાઈ! છે, બધી વાત છે. પણ એના કાર્યકાળે કાર્ય થાય કે કાર્યકાળ વિના કાર્ય થાય? એનો કાર્યકાળ નહોતો અને કાર્ય થાય અને નિમિત્તે કાર્યકાળ બનાવ્યો છે એમ છે? નિમિત્ત હો. અસદ્ભુતવ્યવહારનયનું કથન છે. અસદ્ભુતવ્યવહારનયનું. છે, એક નિમિત્ત છે.

'**તેવી રીતે આ આત્મા અજ્ઞાનને લીધે...**' જુઓ, અહીં તો મૂળ પોતાના સ્વરૂપનું ભાન નથી તેને લઈને '**મિથ્યાદર્શનાદિભાવે...**' ઊંધી માન્યતા, વિપરીત શ્રદ્ધા, વિપરીત અભિપ્રાય, વિપરીત જ્ઞાન, વિપરીત-સ્વરૂપથી ઊંધું આચરણ રાગ-દ્વેષ '**પોતે જ પરિણમતો**

થકો...' પોતે જ વિકારપણાને પામતો થકો '**મિથ્યાદર્શનાદિભાવનો કર્તા થાય છે...**' લ્યો! જીવ તો પોતાના પરિણામનો અજ્ઞાનભાવે કર્તા થાય છે. અજ્ઞાનભાવે હોં! એ પછી ૯૨માં એ ખુલાસો કરશે. સમજાણું કાંઈ?

'**અને તે મિથ્યાદર્શનાદિભાવ...**' જીવે કરેલા. નિગોદમાં હો કે પંચેન્દ્રિય તરીકે નવમી ગ્રૈવેયક ગયેલો સાધુ મિથ્યાદર્શનના પરિણામે પરિણમેલો (હો), એ પોતાના પરિણામરૂપે પરિણમતો પોતાના પરિણામનો તે કર્તા થાય છે. '**તે મિથ્યાદર્શનાદિભાવ...**' ભાવ એટલે પર્યાય. '**પુદ્‌ગલદ્રવ્યને...**' એટલે નવા કર્મને પરિણમવાને '**અનુકૂળ હોવાથી...**' પરિણમવાને અનુકૂળ એટલે નિમિત્ત હોવાથી '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર...**' એમ ભાષા લીધી. '**અનુકૂળ હોવાથી નિમિત્તમાત્ર થતાં, આત્મા કર્તા થયા સિવાય...**' ભાષા તો જુઓ, ઓલામાં એમ કહ્યું હતું ધ્યાનનો કર્તા થાય તે. ધ્યાનનો કર્તા થયા સિવાય. સાધક કર્તા થયા સિવાય એમ છેને ત્યાં પણ? ભાઈ! આ તો મહાસિદ્ધાંત છે, બાપુ! નિમિત્ત-નૈમિત્તિક ચીજ જુદી અને કર્તાકર્મ એ વાત જ જુદી. લોકો નિમિત્ત-નૈમિત્તિકને કર્તાકર્મ લગાવી દે છે. એ માટે આ ખુલાસો આચાર્ય મહારાજ સ્પષ્ટ કરીને કહે છે. ભાઈ! તારા પરિણામનો તું કર્તા ખરો અને તે તારા પરિણામ, નવા કર્મની પર્યાય તેને કારણે પલટીને, વર્ગણા પલટીને કર્મરૂપ થાય એને આ તારા પરિણામ અનુકૂળ નિમિત્ત ખરા, પણ અનુકૂળને એ પર્યાય પરિણમે તે અનુરૂપ ખરી, છતાં આ પરિણામના કર્તા (થયા) સિવાય પુદ્‌ગલ પોતાની મેળાએ પરિણમે છે. આહાહા..!

**શ્રોતા :-** બહુ સાફ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહુ સાફ છે. જુઓ, આપણા પંડિતજી કહે છે.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તાદાત્મ્ય નથી. એમાં નથી. આ તો સાફ છે. આમાં ક્યાં... ન્યાયથી જોવેને. ન બેસે એવી વાત જ ક્યાં છે આમાં? કર્તાકર્મ થઈ જાય છે, બસ એટલું. અને પૂર્વનો ઓલો આગ્રહ પકડેલો છેને માટે મારે આ વાત સિદ્ધ કરવી એમ ન જોઈએ. વસ્તુ સત્ કેમ સિદ્ધ થાય એમ જોઈએ. કેમ? વિજયમૂર્તિ! ચાહે તો વસ્તુ કેવી રીતે સિદ્ધ થાય? અને આચાર્યોએ કઈ રીતે સિદ્ધ કરી છે? એમ પોતાની દૃષ્ટિને લેવી જોઈએ. મેં આમ માન્યું માટે આમ આમાંથી સિદ્ધ થવું જોઈએ, એમ આગ્રહ હોવો જોઈએ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**આત્મા કર્તા થયા સિવાય...**' ભાષા તો જુઓ અમૃતચંદ્રાચાર્યની! અને પાઠમાં એ જ છેને. '**कम्मत्तं परिणमदे जं कुणदि भावमादा कत्ता**' પોતાના ભાવને '**कम्मत्तं परिणमदे**' એનો અર્થ કાઢ્યો કે આત્મા કર્તા સિવાય '**कम्मत्तं परिणमदे**' ત્યાં કર્મ પરિણમે છે. '**तम्हि सयं पोग्गलं दव्वं**' મૂળ પાઠ છે એમાં. સમજાણું કાંઈ? '**આત્મા કર્તા થયા સિવાય પુદ્‌ગલદ્રવ્ય મોહનીયાદિ કર્મપણે સ્વયમેવ પરિણમે છે.**' એના

પર્યાયના સ્વકાળના કાર્યકાળે તે પોતે પરિણમે છે, એને આ પરિણામ અનુકૂળ હો. અનુકૂળ હોવાથી તે પરિણામ એને કર્તા છે એમ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અસરમાં કર્તા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અસર-ફસર નહિ. કાંઈ નથી. અસર કોણે કો'કે કીધુંને? કોણે અસર કીધું? આહાહા..! અસર-ફસર ન મળે. અસરની વ્યાખ્યા શું? અસર એટલે શું? કે આ પર્યાય ત્યાં આગળ આમ અડે છે એને? કે સ્પર્શે છે કે આમ પલટાવી દે એમ અસર છે? શું આવે છે? અસર-ફસર કાંઈ આવતું નથી. સહાયક, હેતુ એવા શબ્દ આવે છે. એ તો બરાબર છે.

**શ્રોતા :-** સહાયક આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સહાયક એટલે સાથે રહેલું. કહો, સમજાણું કાંઈ? કાલે દાખલો આપ્યો હતો.

**શ્રોતા :-** વિલક્ષણતા ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિલક્ષણતા આવતું નથી. એ આવે ભલે. એ વિલક્ષણતા આવે છે એનો અર્થ કે વ્યવહારથી કથન છે. વિલક્ષણતા પોતાથી આવે છે ત્યારે નિમિત્તનું કથન અસદ્ભુતવ્યવહારનયથી કહેવાય છે, એમ છે નહિ. લ્યો સમજાણું! ..

આ પાથરે એને શું કહેવાય? ચટાઈ. ચટાઈ અગ્નિથી બળે છે એ વિલક્ષણતા આવી ચટાઈમાં. લ્યો આપણે દાખલો. એ દાખલો આવ્યો હતો પહેલાં. આવ્યો હતો વીસ વર્ષ પહેલાં. સમજાણું કાંઈ? જુઓ, આ ચટાઈ છે. લ્યો, ચટાઈ એની મેળાએ બળશે? અગ્નિ હશે તો બળશે. બળશે શું કહે છે? જલના. અહીં કહે છે કે એ ચટાઈને પોતાને ઉષ્ણરૂપે પરિણમવાનો કાર્યકાળ છે એને અગ્નિ નિમિત્તરૂપે અનુકૂળ છે, પણ અનુકૂળ હોવા છતાં તેને અગ્નિરૂપે અહીં પરિણમવું એનો એ અગ્નિ કર્તા નથી.

**શ્રોતા :-** ન હોય તો ન બળે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એ પ્રશ્ન જ ક્યાં છે? આ ન હોય તો? પ્રશ્ન કરનાર ન હોય તો? આહાહા..! એ કહે છે.. પણ તું ન હોત તો આ સમજત કોણ? હવે છો માટે સમજ. એમ આ થાય છે એમ જાણ. કહો, જેઠાલાલભાઈ! આહાહા..! કેમ સમજાય છે કે નહિ? ચંદુભાઈ! પુસ્તક રાખ્યું?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દેખાયનો અર્થ શું? બે પદાર્થ દેખાય છે. અગ્નિ અને ચટાઈ બે દેખાય છે. હવે બેમાં અગ્નિની ક્રિયા ત્યાં થાય, ચટાઈની ક્રિયા અહીં થાય. હવે અહીં થવામાં ઓલી ચીજ નિમિત્ત છે અનુકૂળ, પણ એને લઈને એ થયું એ ક્યાંથી એણે જોયું?

**શ્રોતા :-** એ નહોતો ત્યારે નહોતું..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ એનો અર્થ પહેલા બીજી પર્યાય હતી. બીજી પર્યાયને અનુકૂળ બીજું દ્રવ્ય હતું. ત્યાં પણ પર્યાય પલટે છેને? નિમિત્ત પણ ઉપાદાન છે. એની પર્યાય પલટે છે અને આની પલટે છે. સમજાણું કાંઈ? જગતથી ભાઈ! આખું વીતરાગનું અનંત તત્ત્વનું સ્વરૂપ પૃથક્-પૃથક્ એ વાત સર્વજ્ઞ માર્ગમાં જ હોય. બીજા એક આત્માને માનનારા કાં આત્મા નહિ માનનારા, કાં સર્વવ્યાપક માનનારા બધામાં આ વસ્તુ હોઈ શકે નહિ. વાસ્તવિક પદાર્થ સર્વજ્ઞે કહેલો-જોયેલો તે આ રીતે છે એને આમ સિદ્ધ કરે છે. એમ તું નક્કી કર અનુભવથી એમ કહે છે. સમજાણું કાંઈ? જુઓ, પછી તાત્પર્ય લેશે.

'**ભાવાર્થ :- આત્મા તો અજ્ઞાનરૂપ પરિણમે છે, કોઈ સાથે મમત્વ કરે છે,...**' મોહ. '**કોઈ સાથે રાગ કરે છે,...**' પ્રેમ. '**કોઈ સાથે દ્વેષ કરે છે;...**' મોહ, રાગ અને દ્વેષ ત્રણ લીધા. મમત્વ એટલે આ મારું એમ મિથ્યાભાવ. '**તે ભાવોનો...**' એટલે તે પર્યાયનો '**પોતે કર્તા થાય છે.**' સ્વયં. '**તે ભાવો નિમિત્તમાત્ર થતાં,...**' તે પર્યાયો અનુકૂળ નિમિત્તમાત્ર થતાં '**પુદ્‌ગલદ્રવ્ય પોતે પોતાના ભાવથી...**' પોતે પોતાની પર્યાયથી, તે પર્યાયથી, હોં! દ્રવ્ય તો છે કાયમ. '**કર્મરૂપે પરિણમે છે. પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે.**' જુઓ, આવ્યું. '**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે. કર્તા તો બન્ને પોતપોતાના ભાવના છે...**' આહાહા..! કેટલી વાત લે છે! પણ બળજોરીથી એને કરાવવું છે અને નિમિત્તથી ત્યાં કાર્ય કરાવવું છે બળજોરીથી. થાતું નથી, પણ એને માનવું છે. આ આવ્યું તો આ થયું. લ્યો, નહોતું ત્યારે નહોતું. પણ નહોતું ત્યારે બીજી અવસ્થા હતી. એ નહોતી બીજી ત્યારે એની પણ બીજી અવસ્થા હતી.

અહીં નિમિત્તનો કાળ અને નૈમિત્તિકનો કાળ ભેદ છે કે અભેદ છે? કાળ તો એનો એ છે. આ આવ્યું અને અહીં થયું. એટલે એનો પ્રશ્ન શું? સમયભેદ છે? અહીં કાર્યકાળ છે ત્યારે નિમિત્ત છે, બસ! એટલી વાત. પણ તે નિમિત્તના કર્તા વિના કાર્ય થયું છે, આ મહાસિદ્ધાંત છે. સમજાણું કાંઈ? ચાહે અગ્નિના દાખલા, ચાહે કેટલાય દાખલા લ્યો. એય..! આમ લખ્યું, પેલાએ આ લખ્યું. મોટર એની મેળાએ ચાલે છે એમ કહે છે. ઓલા આમ કહે છે. વસ્તુવિજ્ઞાન સારમાં આવ્યું છેને? વસ્તુ વિજ્ઞાનસાર. પેટ્રોલ વિના (મોટર ચાલે છે). વળી એક જણો એમ કહતો હતો પ્રરૂપણા કરતાં-કરતાં કે સોનગઢની મોટર પેટ્રોલ વિના (ચાલે છે). આપણી મોટર પેટ્રોલ વિના ન ચાલે. ભગવાન! પણ તારે મોટર... આહાહા..! વળી પાછો ત્યાગી નામ ધરાવે, હોં! સોનગઢની મોટર પેટ્રોલ વિના ચાલે છે, પણ મોટર કોઈની નથી. વળી તારી અને મારી શું? એ તો જડની છે. એ તો રજકણો પરમાણુની પર્યાય છે. એ પરમાણુની પર્યાય સ્વતંત્ર પોતાના કાર્યકાળે આમ આમ ગુલાંટ ખાય છે, આમ-આમ એના એક એક પરમાણુ, હોં! ક્ષેત્રાંતર (થાય છે). સમજાય છે? ત્યારે પેટ્રોલને નિમિત્ત કહો, અને પેટ્રોલ હોવા છતાં બેસી જાય છે અને ચાલતી નથી એનું કારણ શું

ત્યારે?

**શ્રોતા :-** બીજું કારણ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખલાસ થઈ ગયું. એની પોતાની ક્ષેત્રાંતર ક્રિયા આમ થવાની એક રૂપાંતર થાય પણ ક્ષેત્રાંતર ક્રિયાનો થવાનો કાળ નહોતો તો ત્યાં ઊભી. બાપુ! આ વીતરાગ માર્ગ એવો છે કોઈ. સમજાણું કાંઈ?

જ્ઞાતા-દૃષ્ટામાં જ્ઞાનમાં 'આ આમ કેમ' એમ નથી, એમ કહે છે. આમ કેમ? કેમ શું? એમ તે છે તેમ. એમ જ્ઞાતા જાણે. આમ કેમ થયું? આ હતું તો કેમ આ ન થયું? એમ કેમ? એમ કેમ છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાતા-દૃષ્ટા તરીકે જાણવું એ જીવનું કામ છે. એ સિવાય દખલ આડીઅવળી કરવી કે આનું આમ કેમ? આનું આમ થાય. એ બધો મિથ્યાભાવ છે. કહો, સમજાણું કાંઈ?

'**પરસ્પર નિમિત્તનૈમિત્તિકભાવ માત્ર છે.**' પાછી ભાષા કેટલી છે! પાઠમાં બધે આવે છેને. '**કર્મ તો બન્ને પોતપોતાના ભાવના છે...**' કર્તા. એ '**નિશ્ચય છે.**'

'**હવે, અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે...**' આ કર્મ એટલે વિકારી પરિણામ. હવે બદલી ગઈ વાત પાછી. સાંભળો. સમજાણું કાંઈ? ધ્યાન રાખજો, આ વિષય ઝીણો આવશે ૯૨ અને ૯૩. '**અજ્ઞાનથી જ કર્મ ઉત્પન્ન થાય છે એમ તાત્પર્ય કહે છે :-**' હવે ઓલા જડ કર્મની વાત નથી. પોતાનો વિકારીભાવ અજ્ઞાનથી ઉત્પન્ન થાય એને કર્મ કહેવામાં અહીંયાં આવે છે. ધ્યાન રાખજો. સમજાણું? એ કહે છે, લ્યો. જુઓ, છેને '**अज्ञानादेव कर्म प्रभवतीति तात्पर्यमाह-**' આ બધું કહીને શું કહેવું છે? કહે છે. બાપુ! તારા વિકારી ભાવ, તારા સ્વભાવના ભાન વિના તને થાય છે. એ ભાવ અનુકૂળ હોવા છતાં કર્મ કર્મપણે પરિણમે છે એમ સિદ્ધ કરીને તને ત્યાંથી હટાવવો છે. સમજાણું કાંઈ? અમારે તાત્પર્ય તો એ કહેવું છે. એને કર્મની પર્યાય તે કાળે થાય તેને અનુકૂળ તારા પરિણામ મિથ્યાત્વ આદિના એ પરિણામ અજ્ઞાનથી થાય છે, માટે એ અજ્ઞાન છોડ અને જ્ઞાતા-દૃષ્ટાનું સ્વરૂપનું ભાન કર. એમ કહેવા માટે આ બધો અધિકાર છે. સમજાણું કાંઈ?

परमप्पाणं कुव्वं अप्पाणं पि य परं करितो सो।
अण्णाणमओ जीवो कम्माणं कारगो होदि।।९२।।

**પરને કરે નિજરૂપ ને નિજ આત્મને પણ પર કરે,**
**અજ્ઞાનમય એ જીવ એવો કર્મનો કારક બને. ૯૨.**

'ટીકા :-' ૯૨ની ટીકા. '**અજ્ઞાનથી...**' એટલે કે પોતાનું સ્વરૂપ ચૈતન્યમૂર્તિ જ્ઞાન, દર્શન અને આનંદ છે, એના અસ્તિત્વની સત્તાના સ્વીકાર વિના. સમજાય છે? પોતાની હયાતી, મોજૂદગી શુદ્ધ ચૈતન્યસ્વભાવે જીવસ્વભાવ છે. એનો સ્વીકાર નહિ કરતાં અજ્ઞાનથી, ચૈતન્યના સ્વભાવના અભાનથી. '**આ આત્મા...**' જુઓ, '**આ આત્મા...**' એટલે પ્રત્યેક આત્મા એમ

કહે છે. વાત સમજાય છે? '**પરનો અને પોતાનો પરસ્પર વિશેષ** (તફાવત) **ન જાણતો હોય ત્યારે...**' એ આત્મા પરનો એટલે પુણ્ય-પાપના વિકારી પરિણામનો, રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપી કલ્પના તે વિકારી પરિણામ છે અને પોતાનું ચૈતન્યસ્વરૂપ શુદ્ધ આનંદ છે, જ્ઞાન છે. જાણવાનો સ્વભાવ તે આત્માનો છે અને રાગ અને દ્વેષ, હરખ-શોક કલ્પના એ બધો પરસ્વભાવ છે, ભગવાન આત્માનો એ સ્વભાવ નથી.

છતાં '**અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ** (તફાવત) **ન જાણતો...**' રાગ-દ્વેષ તો દુઃખ અને અહીં એને જાણવાના પરિણામ બેમાં તફાવત-જુદાઈ ન જાણતો '**હોય ત્યારે...**' ન જાણતો હોય ત્યારે '**પરને પોતારૂપ કરતો...**' હરખ-શોકના ભાવ અને રાગ-દ્વેષના ભાવ એવા જે પર, સ્વભાવથી ભિન્ન, એને પોતારૂપ કરતો. માનતો. કરતોનો અર્થ માનતો. '**અને પોતાને પર કરતો,...**' અને પોતે જાણનાર જ્ઞાનાદિના પરિણામ એને રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે કરતો. સમજાણું કાંઈ? જુઓ, વાત ક્યાં મૂકી?

ત્યાં ઓલામાં કીધી, એકબીજાને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ, કર્તા-કર્મ નહિ. હવે અહીંયાં કર્તા પણ અજ્ઞાની પોતાના જ્ઞાનસ્વરૂપના ભાન વિના એ રાગ-દ્વેષ અને હરખ-શોકની કલ્પના અને રાગ-દ્વેષ ખરેખર તો એ પુદ્‌ગલની દશા છે. એય..! શેઠી! એને અંતર ચૈતન્ય જ્ઞાયકપણે આમ પરિણમવું જોઈએ એમ ન માનતા, એ હરખ-શોક પરના લક્ષે ઉત્પન્ન થયેલા, તેને પોતાના માનતો અને પોતાનું જ્ઞાનસ્વરૂપ છે તેને એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખરૂપે થયો માનતો '**પોતે અજ્ઞાનમય થયો થકો,...**' પોતે ચૈતન્યના સ્વભાવના અભાનપણે થયો થકો. કર્તા કહેવો છેને.

'**કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના વિકલ્પોનો કર્તા પ્રતિભાસે છે. સમજાણું કાંઈ? છેલ્લું કહેશે એ '**વિધિથી રાગાદિ કર્મનો કર્તા પ્રતિભાસે છે.**' છેને ભાઈ છેલ્લું? મૂળ એમ અહીં સિદ્ધ કરવું છે. ઝીણી વાત છે, હોં! સમજાણું કાંઈ? એની પોતાની જાતના નથીને એ. હરખ-શોક, પ્રીતિ-અપ્રીતિ એ પરિણામ પોતાની જાતના નથી ચીજ, કાયમી અસલી ચીજ નથી. એ અસલી ચીજના ભાન વિના એ વિકારી પરિણામને પોતાના માનતો અને પોતાનું જ્ઞાનરૂપ તેને પરરૂપે ખતવતો-માનતો. બેને એક કરે છે-માને છે. ખરેખર થતું નથી, હોં! ખરેખર થતું નથી, માને છે પર્યાયમાં. સમજાણું કાંઈ? કેમ ઓલાએ લખ્યું છેને એક પત્રમાં નહિ? એવું લખાણ નથી? દિગંબર આચાર્યોએ આમ માન્યું છે. એક આવ્યું છે લખાણ. એમણે થોડા-થોડા શબ્દોમાં ઘણું (કહ્યું છે). ત્યાં છે એ? આમાં છે આમાં છે. આ બાજુ છે. .. વિકારરૂપ થયો. પંડિતજી! એવું લખ્યું છે. એણે માન્યું છે, ભાઈ!

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માને છે. એ છે આમાં ક્યાંક છે. જુઓ, નીકળે છે? આ બાજુમાં

છે. હું આમ છું એમ માને છે. દિગંબર આચાર્યો. એમ છે ક્યાં? સમજ્યાને. આ બાજુ છે. ઓલો સવારનો અધિકાર હતો એ નીકળ્યો હતો. કાળ. ૩૬૯ છે. સવારમાં કહ્યું હતુંને. ..મહાપુરણ પર્વ નવમે 'વર્ણિત વજ્રજંઘ આર્યકી કથા સે ઈસ વિષય પર સ્પષ્ટ પ્રકાશ પડતા હૈ. વજ્રજંઘ આર્યકો દો ચારણઋદ્ધિધારી મુનિઓંકો આતા હુઆ દેખકર જાતિસ્મરણ હોતા હૈ. ઔર વહ સ્નેહસે પ્લાવિત ચિત્ત હોકર પૂછતા હૈ. .. મુનિ સંબોધિતકર ઉસે સમજાતે હુએ અંત મેં કહતે હૈં, હે આર્ય! ઈસ સમય સમકિતકો ગ્રહણ કર. ઉસકે ગ્રહણ કરને કા યહ કાલ હૈ.' સવારમાં વાત હતીને. 'ક્યોંકિ કાલલબ્ધિ કે બિના ઈસ સંસારમેં જીવોંકો સમ્યગ્દર્શનકી ઉત્પત્તિ નહીં હોતી.' એમાં લખ્યું છે. સમજાણું?

કાળ .. ભગવાને કરી ભાઈ! અહીંયાં ભિન્ન પાડીને તને બતાવ્યોને જીવસ્વભાવ. એવી જેની સત્તા છેને. હવે કેમ નહિ ..? હવે કેમ નહિ સમજ? એમ કહે છે. આવ્યું? આ બાજુ છે. આ તો આને લગતી વાત હતી. ખ્યાલ આવ્યો. જુઓ અહીં. ૩૨. 'અમુક આચાર્ય એમ કહે છે કે દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે કે જીવનો મોક્ષ થતો નથી, પરંતુ મોક્ષ સમજાય છે. તે એવી રીતે કે જીવ શુદ્ધસ્વરૂપી છે, તેને બંધ થયો નથી તો પછી મોક્ષ થવાપણું ક્યાં રહે! પરંતુ તેને માનેલું છે કે હું બંધાણો છું. તે માનવાપણું વિચાર વડે કરી સમજાય છે. મને બંધન નથી, માત્ર માન્યું હતું. એ માનવાપણું શુદ્ધસ્વરૂપ સમજવાથી રહેતુ નથી. અર્થાત્ મોક્ષ સમજાય છે. આ વાત શુદ્ધનયની અથવા નિશ્ચયનયની છે. પર્યાયાર્થિકનયવાળો એ નયને વળગી આચરણ કરે તો રખડી મરવાનું છે. અમુક આચાર્યે, દિગંબરના આચાર્યે એમ સ્વીકાર્યું છે.' જોયું! એ મૂળ ચીજ છે, હોં! આમ માન્યું છે.. માન્યું છે.. વસ્તુ તો જેમ છે એમ છે. રાગપણે થયો એમ માને પણ કાંઈ વસ્તુ રાગપણે થાય છે? એમ કહે છે. આ લખાણ એમણે ૩૨માં વર્ષમાં છે. ૯૮મા પાને. અહીં એ આવશે હોં!

આ સમયસાર એમને પહેલું જ્યારે મળેલું, હાથથી લખેલું. હાથનું લખેલ. તે દિ' છપાણું નહોતું. પહેલું એમના તરફથી છપાણું. પછી ઓલા તરફથી વીરસેનાચાર્ય તરફથી. ભટ્ટારક. એનું પહેલું. એનું પહેલું. પણ આના હાથમાં આવેલું એ લખેલું. .. આમ બે-ચાર લીટી જ્યાં જોઈ. ઓહોહો..! પછી કહ્યું, ભાઈ! એક થાળી રૂપિયા લાવ. એક થાળી રૂપિયા. એ વખતે તો પાંચસો, ચારસો, પંદરસો.. ત્યાં કિંમત નહોતી. બે રૂપિયા, ત્રણ રૂપિયાની કિંમત. .. હોં. ઓલાને કહે છે, એક થાળી રૂપિયાની લાવ. જેમ ઝવેરીના હાથમાં હીરો આવેને. એય..! શેઠી! આહાહા..! આ!

દાખલો આવે છેને ઓલામાં? કે એક જણો ક્યાંક નિલમણિમાં રહેતો. નિલમણિમાં. પછી એક કંદોરામાં એકાદ મણિ રહી ગયેલું. કંદોરામાં એકાદ. ઓલો નહાવા પડ્યો ત્યાં આમ પાણી લીલું થઈ ગયું. એમાં ઝવેરી ઊભેલો. આ શું? આ તો નિલમણિ. એને બોલાવ્યો, ભાઈ! અહીં આવ. શું છે? શેઠ કહે અહીં આવ. આ મારે ઘરે જો હજાર સોના મહોરની

હજાર વખારું છે. એક-એક સોનામહોરની હજાર વખાર. વખાર સમજ્યાને? ગોદામ. આ એક મણિ દે અને આ તને દઉં આખું. હેં! આટલી બધી કિંમત? હું જ્યાં રહેતો ત્યાં તો આના ઢગલા હતા, પણ મેં તો કાંઈ કિંમત કરી નહિ. મને તો કાંઈ ખબર નહિ. કંદોરામાં એક રહી ગયેલો નિલમણિ. ઓલો ન્હાવા પડ્યો ત્યાં પાણી લીલું લીલું થઈ ગયું. ઝવેરી ઊભેલો. ઓહોહો..! ખાનગી બોલાવીને કહ્યું, મારા ઘરે આવ તું. જો આ એક-એક સોનામહોરની ગોદામ ભરેલી છે. એવા એવા હજાર ગોદામ તને આપું. આ દે. આ નિલમણિ! ઝવેરી પરખે. સમજાય છે?

એમ આણે હાથમાં સમયસાર લીધું. એક લીટી આમ જોયું. રૂપિયા લાવ થાળી. થાળી સમજો છોને? ખોબો-ખોબો સમજ્યાને? બે-ત્રણ રૂપિયાની કિંમતના એકલા .. ભાઈ કહેતા હતા, મનસુખ નહિ? ગિરધરભાઈ. ગિરધરભાઈ આવ્યા હતા આપણે લીંબડીવાળા. એ તમારા બાપ કહેતા હતા કે મનસુખભાઈ બેઠા હતા. આ સમયસાર! આહા..! આ તે કોઈ વાત! રતનની કિંમત જેમ ઝવેરી કરે, એમ હાથમાં જ્યાં પાના આવ્યા ત્યાં કિંમત થઈ ગઈ, ઓહોહો..! આ તે કાંઈ ચીજ શું! સમજાણું કાંઈ? પણ ઝવેરી પારખે. કાંઈ મુરખને કે ભરવાડને ખબર હોય નહિ. ભરવાડ સમજ્યા ભરવાડ? આ ગાયના ગોવાળ. બકરાને પાળનારા ગોવાળિયા. એને કાંઈ ભાન હોય? એ તો હીરો આવ્યો હોય તો કાણું પાડીને બકરીના ડોકમાં નાખે અને કાને જડી દે.

અહીં આચાર્ય કહે છે કે જુઓ તો ખરા. આહાહા..! કહે છે કે '**અજ્ઞાનથી આ આત્મા પરનો અને પોતાનો પરસ્પર વિશેષ (તફાવત) ન જાણતો હોય...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવ મૂર્તિ ભગવાન અને રાગ-દ્વેષ ને વિકારી પરિણામ સુખ-દુઃખના એ પર, બેની વચ્ચેનો આંતરો ન જાણતો હોય ત્યારે '**પરને પોતારૂપ કરતો...**' પોતારૂપ કરે. માને છે હોં એ. કર્તા ઉપરથી ભાઈ અહીં તો. આપણે અંદર આવશે હજી. '**(પરિણમતો હોવાનું માનતો થકો)**' છેને ભાઈ કૌંસમાં? નીચે છે. '**અજ્ઞાનાત્મા વડે પરિણમતો થકો (અર્થાત્ પરિણમ્યો હોવાનું માનતો થકો),...**' એમ કૌંસમાં નાખ્યું છે. માનતો થકો હેઠે નાખ્યું છે.

એ વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્ય મહા પરમપદાર્થ મહારતન. એની માન્યતા એની નથી એટલે આ રાગ અને દ્વેષની હયાતી, એક સમયના કૃત્રિમ વિકારી અસ્તિત્વ ઉપર દૃષ્ટિ હોવાથી એને પોતાનો માનતો અને પોતાના આખા સ્વરૂપને એ રૂપે થયો એમ માનતો. સમજાણું કાંઈ? '**પોતે અજ્ઞાનમય થયો થકો, કર્મોનો કર્તા પ્રતિભાસે છે.**' એ વિકારી પરિણામનું કાર્ય મારું એમ તેને ભાસી જાય છે, ભાસ થઈ જાય છે, અજ્ઞાનથી. '**તે સ્પષ્ટતાથી સમજાવવામાં આવે છે :-**' હવે આચાર્ય પોતે અમૃતચંદ્રાચાર્ય એનો દાખલો આપે છે.

'**જેમ શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ...**' જુઓ ભાષા! એક ટાઢી અને ઊની ચીજ છે. ટાઢી કહેવાયને, ઠંડી. બરફ અને અગ્નિ. એ જેમ શીત-ઉષ્ણનું જ્ઞાન કરાવવામાં.

અનુભવ એટલે જ્ઞાન. ટાઢી-ઊની ચીજ છે-ઠંડી અને ગરમ. એ અહીંયાં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે. જ્ઞાન કરાવવામાં સમર્થ છે. '**ઉષ્ણનો અનુભવ...**' અનુભવ શબ્દે જ્ઞાન. .. કરાવવામાં નિમિત્ત. સમર્થ એટલે કરાવવામાં નિમિત્ત એટલું. '**એવી શીત-ઉષ્ણ પુદ્‌ગલપરિણામની અવસ્થા...**' ઠંડી અને ગરમ એ પુદ્‌ગલના પરિણામની, પુદ્‌ગલના પર્યાયની અવસ્થા, પરિણામની અવસ્થા '**પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે...**' શીત-ઠંડી અને ગરમ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે, પુદ્‌ગલથી એકમેક છે. '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' કહો, સમજાણું આમાં? આ દૃષ્ટાંત પાછો આકરો આવ્યો.

ઠંડી-ઉની ચીજ છે. અહીં આત્મા છે તો એ ઠંડી-ઊનીનું અહીં જ્ઞાન તો પોતાથી થાય છે. સમજાય છે? એમાં એ નિમિત્તપણું એવું છે. કારણ કે જ્ઞાન યથાર્થપણે જાણેને. તો એ ઠંડી-ઊની છે એમ અહીં જ્ઞાન કરાવવામાં સમર્થ નામ નિમિત્તરૂપે શીત-ઉષ્ણ છે. એ શીત-ઉષ્ણ અવસ્થા પુદ્‌ગલથી અભિન્ન છે અને તેનું અહીં જ્ઞાન છે તે આત્માથી અભિન્ન છે. સમજાણું કાંઈ? બરાબર ધ્યાન રાખો. નહિતર પકડવામાં મુશ્કેલ પડશે.

'**શીત-ઉષ્ણનો અનુભવ...**' શબ્દે જ્ઞાન. એનું અનુસરીને થતું જ્ઞાન કરાવવામાં એ નિમિત્ત છે. '**એવી શીત-ઉષ્ણ...**' ઠંડી અને ગરમ '**પુદ્‌ગલપરિણામની અવસ્થા પુદ્‌ગલથી...**' એક છે, પુદ્‌ગલથી અભિન્ન છે. ઠંડી-ઊની (અવસ્થા) પુદ્‌ગલથી અભિન્ન છે, પુદ્‌ગલથી તન્મય છે. '**આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ ઠંડી-ઉની દશા તો ભગવાન આત્માથી તો સદાય અત્યંત ભિન્ન છે. ભગવાન આત્મા ઠંડી-ઊનીના જ્ઞાનવાળો ખરો, પણ ઠંડી-ઊની અવસ્થાવાળો થાય કોઈ દિ'? ઠંડી-ઊની તો જડ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ...**' એટલે જ્ઞાન. શીત-ઉષ્ણ આ છે એ અહીં જ્ઞાન થાય છે કે આ ઠંડુ-ઊનું છે. આ ઠંડી-ઊની ચીજ છે. એના '**તે પ્રકારનો અનુભવ...**' કારણ કે તે પ્રકારનો અનુભવ ન થાય તો જ્ઞાન બીજું જાણે? જ્ઞાનનો સ્વભાવ છે કે જેવું છે એમ જાણવું. માટે તે પ્રકારનું જ્ઞાન પાછું. તે પ્રકારનું ઠંડી-ઊની છે તે પ્રકારનું જ્ઞાન અહીં આત્મામાં થયું. સમજાણુ? તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે '**પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે...**' એ પુદ્‌ગલની ઠંડી અવસ્થા અને ઉષ્ણ અવસ્થાથી અહીં જે જ્ઞાન થયું એ આ નિમિત્ત ભલે સમર્થ હો, પણ એ અવસ્થા પુદ્‌ગલથી એક છે અને તેનાથી પોતાનું જે શીત-ઉષ્ણનું જ્ઞાન થયું એ પુદ્‌ગલથી ભિન્ન છે અને એ અવસ્થા જ્ઞાન આત્માથી અભિન્ન છે. અને આત્મા જે જ્ઞાનપણે થયું એ જ્ઞાન પુદ્‌ગલની અવસ્થાથી ભિન્ન છે, અત્યંત ભિન્ન છે. સમજાણું કાંઈ? એ દૃષ્ટાંત થયો હજી તો.

કોઈપણ અવસ્થા આ લાકડું, જુઓને! આ સુંવાળું છે આ સુંવાળું. તો જ્ઞાન પણ એમ જાણે કે આ સુંવાળું છે. એમાં નિમિત્ત સુંવાળાપણામાં. નિમિત્ત. એ સુંવાળાપણાની અવસ્થાથી

આ લાકડુ અભિન્ન છે, પણ સુંવાળાપણાનું જ્ઞાન જે અહીં થયું પોતામાં, એ જ્ઞાનની પર્યાયથી સુંવાળાપણું ભિન્ન છે અને એનું અહીં જ્ઞાન થયું એનાથી આત્મા અભિન્ન છે. કહો, સમજાય છે કાંઈ? બાબુલાલજી! સમજાય છેને બરાબર?

જુઓ, આ સુખડ છેને સુખડ? ખરેખર તો અડતું નથી, હોં! આ ભારે. આ આંખમાં પણ કાણુ નથી હોં! કાણું સમજ્યા? છિદ્ર નથી. આ બારીમાં કાણું હોયને પછી આમ દેખે. છિદ્ર હોયને બારીમાં? બારીને શું કહે છે? .. બારીમાં કાણું નથી. અહીં છિદ્ર નથી. ઔદારિક બંધનથી એવી પર્યાય બંધાણી છે એમાં બિલકુલ છિદ્ર નથી. ઔદારિક બંધન પ્રકૃતિ છેને એક? એનું નિમિત્ત છે. અને આ રજકણ એવા બંધાણા એમાં છિદ્ર જરાય નથી. આમ રાખે તો જાણે. એટલું દેખાયને? એમ નથી. એમ અહીંયાં છિદ્ર નથી. જ્ઞાન પોતાની પર્યાયથી જાણે છે. એને એમ લાગે કે અહીં કાણું છેને કાણું? છિદ્ર. એમ છે નહિ. આખું બંધન ઔદારિક બંધન પ્રકૃતિ છેને. બંધન સંઘાતન પ્રકૃતિ. રજકણ ભેગા થઈને બંધન થયું છે. એવું બંધન થયું છે કે ક્યાંય છિદ્ર નથી. એમાં આત્મા અંદર પડ્યો છે તો આમ કાણાથી જોવે છે એમ નથી. આહાહા..! એ તો આત્માની સ્વતઃ પર્યાય.. આ ચીજ છે. નિમિત્ત હો, પણ જાણે છે પોતાની પર્યાયમાં છિદ્ર વિના, કાણા વિના. અંદરમાં બારી વિના. ખિડકી કહે છેને તમારે? ધર્મચંદજી! એને ભ્રમ પડી ગયો જાણે. એક તો જાણે આમ થાય આમ કરું છુંને અંદર કાણું છે. વળી આમ. વાત જ ઈ છે કે એને અહીં આ આંખના રજકણોનું બંધન એટલું નિવડ છે બંધન, ઔદારિક બંધનમાં. .. એ આંખના રજકણો નિમિત્ત છે, જાણવાને અનુકૂળ છે, પણ આ નિમિત્તના કર્તા વિના એ જ્ઞાનની પર્યાય સ્વતંત્ર થાય છે. આહાહા..! સમજાણું? શેઠી! શેઠી જ્યાં દેખે હીરાને.

**શ્રોતા :-** એકાકાર થઈને જોવે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એકાકાર શું થયું ત્યાં? અહીં કાણું છે તો આત્મા અંદરથી આમ જોતો હશે? અને આત્માના પ્રદેશ જે છે એ કાંઈ આ કાણામાંથી આમ દેખતો હશે? આહાહા..! કોઈ અદ્‌ભુત લીલા એની!

**શ્રોતા :-** જાણે અંદરમાં, બહાર તો જાણે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણવાની પર્યાય અંદરથી થાય છે, પોતાથી થાય છે. સમજાણું કાંઈ? અને છિદ્રના આશ્રય વિના. છિદ્ર છે નહિ પણ આશ્રય શું? આ છિદ્ર નથી એવું બંધન પાકું છે એને લઈને નહિ. એમ વાત છે અહીં તો. સમજાણું કાંઈ? આ અવસ્થા-છિદ્ર વિનાની અવસ્થા જીવના જ્ઞાનમાં નિમિત્ત હો, અનુકૂળ હો, પણ એ છે તો અહીં જ્ઞાનનું કાર્ય થાય છે એમ નહિ. એ ચીજના કર્તા સિવાય જ્ઞાનનું કાર્ય પોતાથી થાય છે.

એમ શીત અને ઉષ્ણ અવસ્થા જે છે ઠંડી-ગરમ પુદ્‌ગલની, એ અહીં જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, નિમિત્ત છે. સમર્થ કીધુંને? '**અનુભવ કરાવવામાં સમર્થ...**' છે. કરાવવામાં

સમર્થ છે. એટલે જ્ઞાન કરાવવામાં સમર્થ એટલે નિમિત્ત. સમજાણું કાંઈ? છતાં એ ઠંડી-ઊની અવસ્થા છે માટે અહીં જ્ઞાનનું કાર્ય થયું છે એમ છે નહિ. અને ઠંડી-ઊની અવસ્થા જે છે એ પુદ્ગલથી અભિન્ન છે અને એ સંબંધીનું અહીં જ્ઞાન જે થયું એ જ્ઞાન પર્યાયથી ઠંડી-ઊની અવસ્થા તદ્દન અત્યંત ભિન્ન છે. આહાહા..! ભારે વાત, ભાઈ! કહો, સમજાણું આમાં? એય..! રસિકભાઈ! આરેરે..! આવી વાતું. ભગવાનનો માર્ગ જ કોઈ જુદી જાતનો છે. આમ તો કહેવાય અહીં કાણું છે. અહીં કાણા-બાણા છે અંદર? એ સાંભળવાનું કામ કરતું હશે? સમજાણું?

ભાઈ! તને ખબર નથી, બાપુ! તારું એવું સામર્થ્ય છે કે આખો પડદો આમ શરીરનો બંધારણ રૂપે અખંડ પડ્યો છે આમ. છતાં ભગવાન આત્મા જાણવાનું સ્વયં કાર્ય પોતાથી કરે છે. એને આ ચીજો પાંચ ઈન્દ્રિયો ભલે અનુકૂળ રૂપે નિમિત્ત કહો, પણ એ નિમિત્તના કર્તા સિવાય જ્ઞાનનું કાર્ય પોતાથી થઈ રહ્યું છે. એમ શીત-ઉષ્ણની અવસ્થા, એનું જાણવાનું જે જ્ઞાન. એ શીત-ઉષ્ણની અવસ્થા જાણવામાં અનુકૂળ નિમિત્ત હોવા છતાં એ શીત-ઉષ્ણ અવસ્થા કર્યા વિના જ્ઞાન જીવે પોતાથી કર્યું છે. એ જ્ઞાનની અવસ્થા શીત-ઉષ્ણને જાણવાની આત્માથી એક છે, આત્માથી અભિન્ન છે; અને એ અવસ્થાથી શીત-ઉષ્ણની અવસ્થા અત્યંત ભિન્ન છે અને શીત-ઉષ્ણની અવસ્થા પુદ્ગલથી અભિન્ન છે. બે ભેદ પાડ્યા. જેઠાલાલભાઈ! સમજાય છે કાંઈ? એય..! જીતુ! ક્યાં ગયો ઓલો આવ્યો નથી તારો? નથી આવ્યો એક? એ આવ્યો નથી. આહાહા..! જુઓ આ.

'**પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે,...**' એ દૃષ્ટાંત થયો. દૃષ્ટાંતમાં બેસવું આકરું પડે. '**તેવી રીતે તે પ્રકારનો અનુભવ...**' ધ્યાન રાખજો. '**તે પ્રકારનો અનુભવ...**' એટલે જ્ઞાન. '**કરાવવામાં સમર્થ એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...**' એ ખરેખર ચૈતન્યની અવસ્થા અહીં નથી ગણી. સમજાય છે કાંઈ? રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પના. આદિ શબ્દ છેને? હરખ-શોક, રસ, રતિ, અરતિના પરિણામ થાય એ બધા પરિણામ ખરેખર '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' શું કીધું? જેવો રાગ છે તેવું જ અહીં જ્ઞાન થાય. જેવો દ્વેષ થયો તેવું જ અહીં જ્ઞાન થાય. જેવી કલ્પના સુખની (થાય) તેવું જ જ્ઞાન થાય. જ્ઞાન તો એવું ન થાય ત્યારે બીજું થાય? જેવી દુઃખની કલ્પના છે તેવું અહીં જ્ઞાન થાય. એટલે કે એ સુખ-દુઃખના અને રાગ-દ્વેષના પરિણામ એ આત્માને તે પ્રકારનો અનુભવ કરાવવામાં-જ્ઞાન કરાવવામાં સમર્થ (છે). સમર્થ શબ્દે નિમિત્ત. સમજાણું? સમર્થ એટલે એવું જ જ્ઞાન કરવામાં તે જ્ઞેય છે એમ. એને માટે એ જ્ઞેય એવું જ જ્ઞાન કરાવવામાં નિમિત્ત છે, એવું જ જ્ઞાન કરાવવામાં. માટે એને સમર્થ કીધું છે. અનુકૂળ. પણ એવું જ જ્ઞાન થાય છે ત્યાં. દયાનો ભાવ હોય એમ છે ત્યાં એવું જ્ઞાન થાય? કે હિંસાનો ભાવ થાય છે એવું જ્ઞાન થાય? ક્રોધ હોય ત્યારે એમ જ્ઞાન થાય કે આ માયા છે? ક્ષમા

છે કે માયા છે એમ થાય? થાય શેનું પણ? જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે જેવો ત્યાં ક્રોધ, માન, રાગ-દ્વેષ આદિ થયા તે પ્રકારનું જ્ઞાન થવામાં તે વસ્તુ નિમિત્ત અને સમર્થ નામ અનુકૂળ છે. સમજાણું કાંઈ?

આ મોઢામાં તીખાશ નથી આવતી? મરચું બહુ શાક-શાક. શાકને શું કહે છે? તરકારી. બહુ મરચા તીખા. મોઢું તીખું થઈ ગયું, તીખું. મોઢું તીખું થયું નથી, તીખું તીખામાં છે. પણ એ તીખાશ... તીખાશ છેને? ચરપરાઈ. એ તીખાશ જે છે એ આત્મામાં જ્ઞાન કરાવવામાં સમર્થ નામ નિમિત્ત છે. તીખું તો જે જ્ઞેય છે, પ્રમેય છે. તો પ્રમેય તો પ્રમાણમાં તે પ્રકારે પ્રમેય થાય ત્યારે એને પ્રમેય કહેવાયને? એથી પ્રમેયથી જ્ઞાન થયું છે એમ નહિ. સમજાણું કાંઈ?

કહે છે, '**તેવી રીતે તે પ્રકારનો અનુભવ કરાવવામાં...**' ભાષા જુઓ, તે પ્રકારનું જ્ઞાન કરાવવામાં સમર્થ. ભાઈ! એમ ભાષા છે. એય..! ઓલામાં હતુંને શીત-ઉષ્ણનો અનુભવ કરાવવામાં સમર્થ. કરે છે એને નિમિત્તમાં એમ કહેવાય છે કે કરાવવામાં સમર્થ. ભાષા એમ છે.

**શ્રોતા :-** કરાવવું, પરિણમાવવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો ભાષા એમ આવે પરિણમાવે છે, કરાવે છે. એ તો નિમિત્તના અસદ્ભુતનયના કથન છે. આહાહા..! સમજાણું કાંઈ? અહીંથી કાઢે, લ્યો. '**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' છે. આહાહા..!

'**એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા...** ' જે ચૈતન્યના સ્વભાવની પર્યાય નથી. જે ચૈતન્યના સ્વભાવની પર્યાય તો તે પ્રકારનું જાણે તે જ્ઞાનપર્યાય ચૈતન્યની છે. સમજાય છે કાંઈ? એવી '**પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે...**' ખરેખર તો રાગ-દ્વેષ અને સુખ-દુઃખની પર્યાય એ તો પુદ્ગલના નિમિત્તના લક્ષે થયેલી નિમિત્તથી એકમેક છે. એનાથી અભિન્ન છે. આહાહા..! ક્યાં લાવીને મૂક્યો જુઓ, ઓલામાં તો હજી કહ્યું કર્મને અનુકૂળ તારા પરિણામ. સમજાય છે? માટે તે તારા પરિણામ થવા એ ત્યાં. અહીં કહે છે કે એ રાગ-દ્વેષના પરિણામ એ તારા નહિ, એ તો પુદ્ગલના છે. બંધનને અનુકૂળ થવાના પરિણામ જ તારી જાતમાં ન હોય. સમજાય છે? પરમાણુને બંધન થવાને અનુકૂળ જે પરિણામ એ તારી જાતના નથી, પુદ્ગલના છે. સમજાણું કાંઈ?

'**તે પ્રકારનો અનુભવ કરાવવામાં સમર્થ...**' ભાષા લેવી હોય તો એને જોરવાળું કરે. '**એવી રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિરૂપ પુદ્ગલપરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે...**' ભાષા જુઓ, એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખની પર્યાય ભગવાન આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. પુદ્ગલથી અભિન્નપણાને લીધે, આત્માથી અભિન્નપણાને લીધે તે પ્રકારનું જ્ઞાન. સમજાય છે? '**સદાય અત્યંત ભિન્ન છે...**'

પુદ્‌ગલથી અભિન્નપણાને લીધે રાગ-દ્વેષ. આત્માથી સદાય રાગ-દ્વેષ સુખ-દુઃખ પરિણામ અત્યંત જુદાં છે. લ્યો! અત્યંત ભિન્ન. સમજાણું કાંઈ?

જેમ પરવસ્તુ અને આત્મામાં અત્યંત ભિન્નપણું છે, એ પર્યાયના પરના ભિન્નપણાના દ્રવ્યને સિદ્ધ કરવા. અહીંયાં વસ્તુનો ભગવાન કાયમી અસલી સ્વભાવનું નિજ એવું તત્ત્વ એવા ચૈતન્યતત્ત્વથી રાગ-દ્વેષ-સુખ-દુઃખની પરિણતિ સદા અત્યંત ભિન્ન છે. સમજાણું કાંઈ? **'સદાય અત્યંત ભિન્ન છે.'** બે શબ્દ વાપર્યા છે. **'સદાય અત્યંત ભિન્ન છે.'** **'અને તેના નિમિત્તે થતો...'** જુઓ, ખુલાસો આમ કર્યો ભાઈ પાછો. ઓલું જે કરાવવામાં સમર્થ કીધું હતુંને, ભાઈ! એનો પાછો ખુલાસો કરી નાખ્યો. બસ, આમ કરી નાખ્યું. એટલે એનો ખુલાસો કરી નાખ્યો કે ઓલા કરાવવામાં સમર્થ છે એમ કહ્યું હતુંને? એ તો એ પ્રકારનું જ્ઞાન થવામાં એ પ્રમેયપણાની એવી તાકાત છે. એ જાતની પ્રમેયની એ પ્રમેય થવાની પ્રમાણમાં જ્ઞાનમાં એવું પ્રમેય જણાય એવી એનામાં તાકાત છે. આ એનો ખુલાસો કરી નાખ્યો.

**'અને તેના નિમિત્તે થતો...'** કોના નિમિત્તે? રાગ-દ્વેષ-સુખ-દુઃખની કલ્પના જે પુદ્‌ગલથી અભિન્ન છે તેના નિમિત્તે અહીંયાં આત્મામાં જ્ઞાન થતું, તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે. રાગ-દ્વેષ અને સુખ-દુઃખની કલ્પનાના પરિણામ, એનું જ્ઞાન થવામાં આત્મા પોતે જ્ઞાનથી અભિન્ન છે. સમજાણું? **'અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** એ જાણવાના પરિણામ, રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામથી અત્યંત જુદાં છે. **'અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** લ્યો! સમજાય છે? એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામ, એનું જે અહીં જ્ઞાન થયું એ આત્માથી અભિન્ન છે. અને રાગ-દ્વેષ, સુખ-દુઃખ અહીં પાછા પુદ્‌ગલ લઈને. સમજાણું? પહેલાં સમર્થ કહ્યું હતું, પછી એને નિમિત્ત કહ્યું, પછી એ **'પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે.'** એ સામાન્ય પુદ્‌ગલ કરી નાખ્યું. સમજાણું કાંઈ? તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. એટલે કે રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામ, જેને જ્ઞાન થવામાં-કરાવવામાં સમર્થ કહ્યું હતું તેને નિમિત્ત કહ્યું, આ તેને પુદ્‌ગલ કહ્યું. એવા પુદ્‌ગલથી સદાય અત્યંત ભિન્ન છે. કોણ? તે સંબંધીનું થયેલું જ્ઞાન. તે રાગ-દ્વેષ, હરખ-શોક એવા પુદ્‌ગલના પરિણામ પુદ્‌ગલ છે. એનાથી આ જાણપણું અત્યંત ભિન્ન છે. સમજાય છે કાંઈ?

આ તો સમયસાર છે. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા'. આવે છે કે નહિ? આવે છેને. સ્તુતિમાં આવે છે? શેમાં આવે છે? સમયસારની સ્તુતિ એમાં આવે છે? શું આવે છે?

**શ્રોતા :-** કુંદકુંદ રચ્યું શાસ્ત્ર, સાથિયા અમૃતે પૂરયા; ગ્રંથાધિરાજા તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એ આવ્યું લ્યો. 'ગ્રંથાધિરાજ તારામાં ભાવો બ્રહ્માંડના ભર્યા.' કહો, સમજાણું આમાં?

**શ્રોતા :-** ધીમે-ધીમે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધીમ-ધીમે ચલાવીએ છીએ આપણે. આપણે ક્યાં પ્રોફેસરની જેમ (બોલીએ છીએ). તારો પ્રોફેસર કેમ બોલતો હશે? ફટ-ફટ બોલે એવું નથી અહીં તો. અહીં તો હળવે-હળવે (ચાલે છે).

'**રાગ-દ્વેષ-સુખ-દુઃખાદિ પુદ્ગલ પરિણામની અવસ્થા પુદ્ગલથી અભિન્નપણાને લીધે આત્માથી સદાય અત્યંત ભિન્ન છે. અને તેના નિમિત્તે થતો તે પ્રકારનો જ્ઞાનનો અનુભવ...**' તે પ્રકારનું જ્ઞાન. જ્ઞાન તો તેવું જ થાય કે નહિ? સ્વપરપ્રકાશક. તે પ્રકારનું જ્ઞાન આત્માથી અભિન્નપણાને લીધે-તે જ્ઞાન દશા આત્માથી એકમેકપણાને લીધે એ રાગ-દ્વેષ અને સુખ-દુઃખના પરિણામથી સદાય અત્યંત ભિન્ન છે. આહાહા..! એણે માન્યો છે ફેર. વસ્તુમાં એ છે નહિ. એ વસ્તુ મુક્તસ્વરૂપ જ છે. વસ્તુ એટલે જ્ઞાયકસ્વભાવ તો મુક્તસ્વરૂપ જ છે. એને પોતાના સ્વભાવના અજ્ઞાનને લીધે 'મુક્ત ને વિકારી છું' એમ એણે માન્યું છે. સમજાય છે? વસ્તુ એમ નથી. આહાહા..! કહો. '**અનુભવ આત્માથી અભિન્નપણાને લીધે પુદ્ગલથી સદાય અત્યંત ભિન્ન છે.**' હવે બેનો પરસ્પર ફેર ન જાણે ત્યારે કર્તા થાય છે એ વાત જરી લંબાણથી છે. વખત થયો..

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૨૦૩, કળશ-૧૩૯
## પ્રવચન નં.૨૯૧, તા.૨૨-૧૦-૧૯૬૯
## (૪)

સમયસાર, નિર્જરા અધિકાર. ૨૦૩ ગાથાનો ભાવાર્થ. ટીકા થઈ ગઈ, એનો ભાવાર્થ. નિર્જરા કોને થાય એ વાત ચાલે છે. ૨૦૩ ગાથાનો ભાવાર્થ. પહેલાં વર્ણાદિ ગુણસ્થાન પર્યંત જે ભાવ કહ્યા હતા, છે ભાવાર્થ? પહેલાં અજીવ અધિકારમાં કહ્યા હતા. સમજાય છે કાંઈ? અજીવ અધિકારમાં ૨૯ બોલ લીધા હતા. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, સંઘયણ, સંસ્થાન, શરીર, કર્મ, નોકર્મ, જીવસ્થાન, ગુણસ્થાન એ બધા પુદ્ગલના પરિણામ છે, પોતાનો સ્વભાવ નથી, એમ અજીવ અધિકારમાં દ્રવ્ય-ભાવ બેની વાત કરી હતી. જયચંદ્ર પંડિતે એમ કાઢ્યું. દ્રવ્ય-ભાવ પહેલાં આવ્યુંને? કે આત્મામાં દ્રવ્ય-ભાવરૂપ. એવા શબ્દો આવ્યાને ટીકામાં? જુઓ, 'આત્મામાં ઘણા દ્રવ્ય-ભાવની મધ્યમાં' જુઓ, પહેલો શબ્દ આવ્યો પહેલો, એમાંથી જયચંદ્ર પંડિતે કાઢ્યું. ભાઈ!

દ્રવ્ય-ભાવ. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય ધ્રુવની પર્યાયમાં જે કર્મ, શરીર એ તો પરદ્રવ્ય છે. કર્મ, વર્ગણા, સંઘયણ, સંસ્થાન એ દ્રવ્ય છે અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાસ્થાનભેદ એ ભાવ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મામાં.. એમ અમૃતચંદ્રાચાર્યે સંસ્કૃતમાં ટીકામાં લીધું છે. ભગવાન આત્મામાં જે દ્રવ્ય-ભાવ અન્ય દેખાય છે એ બધા અનિયતભાવ છે, વ્યભિચારભાવ છે. તો કહે છે કે શરીર, કર્મ, સંઘયણ, સંસ્થાન, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ તો દ્રવ્ય છે, પણ પુણ્ય-પાપના ભાવ, વિશુદ્ધભાવ, સંક્લેશભાવ, ગુણસ્થાનભાવ, જીવસ્થાનભાવ, ચૌદ માર્ગણાસ્થાનના ભેદભાવ એ આત્માની પર્યાયમાં ભાવ દેખાય છે એ બધા વ્યભિચારી છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

પહેલાં વર્ણાદિ ગુણસ્થાન પર્યંત. જુઓ, વર્ણથી લીધું હતું. જીવ નથી વર્ણ, નથી ગંધ, ત્યાંથી લઈને ગુણસ્થાન નથી, એમ પહેલાં અજીવ અધિકારમાં લીધું હતું. છે? અજીવ અધિકાર જુઓ, છેને? એ અહીંયા યાદ કર્યું છે. દ્રવ્ય-ભાવ શબ્દ આવ્યો હતોને? અજીવ અધિકાર હોં! અજીવ. ૫૦મી ગાથાથી છે, ૫૦. ૫૦ને ૫૦. ૫૦ છે, જુઓ, **'जीवस्स णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो'** ૫૦ ગાથા. સમજાય છે કાંઈ? ૧૦૧ પાનું. પહેલી ગાથા. **'जीवस्स णत्थि वण्णो'** છેને? **'णत्थि वण्णो ण वि गंधो ण वि रसो ण वि य फासो'**. એ બધા દ્રવ્ય છે. **'ण वि रूवं ण सरीरं ण वि संठाणं ण संहणणं।'** એ દ્રવ્ય છે. **'जीवस्स णत्थि रागो'** એ ભાવ છે. **'रागो ण**

**वि दोसो णेव विज्जदे मोहो**' ઈ ભાવ છે. '**णो पच्चया**' એ આસ્રવ છે, એ ભાવ છે. '**कम्मं णोकम्मं**' એ દ્રવ્ય છે. '**से णत्थि**'. '**जीवस्स णत्थि वग्गो**' એ જડ છે, દ્રવ્ય છે. '**ण वग्गणा**' દ્રવ્ય છે. '**णेव फड्डया**' દ્રવ્ય છે. '**णो अज्झप्पट्ठाणा**' એ ભાવ છે. '**णेव य अणुभागठाणाणि**'. જડની અવસ્થાનો સ્વામિ પણ નથી. પછી પેલી બાજુ ૫૩ (ગાથા).

'**जीवस्स णत्थि केई जोयट्ठाणा**' પેલી બાજુ છે, બીજી બાજુ. ૫૩. '**जीवस्स णत्थि केई जोयट्ठाणा ण बंधठाणा**' એ બધા ભાવ છે. '**उदयट्ठाणा ण मग्गणट्ठाणया**' એ ભાવ છે. '**णो ठिदिबंधठाणा जीवस्स ण संकिलेसठाणा वा, णेव विसोहिट्ठाणा णो संजमलब्धिठाणा**' લ્યો. આટલા બોલ આવ્યા. આ બાજુ એક રહી ગયો. ૫૫ ગાથા.

**णे य जवट्ठाणा ण गुणट्ठाणा य अत्थि जवस्स।**
**जेण दु एदे सव्वे पोग्गलदव्वस्स परिणामा।।५५।।**

ઈ અહીંયા યાદ કર્યા છે. અમૃતચંદ્રાચાર્યે કહ્યુંને? પાઠમાં તો એમ લીધું કે '**आदम्हि दव्वभावे अपदे मोत्तूण**' એવો પાઠ ભગવાન કુંદકુંદાચાર્યદેવનો છે. અમૃતચંદ્રાચાર્યે કાઢ્યું કે આત્મામાં દ્રવ્ય-ભાવ જે ઉપર કહ્યા હતા એ આત્મામાં છે જ નહિ. દ્રવ્યસ્વભાવ લેવો છેને, એકલો દ્રવ્યસ્વભાવ ધ્રુવ. જે અભેદ ચિદાનંદ સમ્યગ્દર્શનનો વિષય છે એ વસ્તુમાં કર્મ, શરીર આદિ તો દ્રવ્ય છે એ પણ નથી, પણ ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, માર્ગણાસ્થાનભેદ, લબ્ધિસ્થાનભેદ અને શુભ-અશુભ પુણ્ય-પાપના ભેદ આત્મામાં નથી.

નિર્જરા કોને થાય છે ઈ બતાવે છે. આત્મામાં ઈ નથી અને આત્મા ધ્રુવ ચિદાનંદ છે એવી દૃષ્ટિ અને અનુભવ કરે એને નિર્જરા ધર્મ થાય છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..! ભેદ જે છે તેના આશ્રયે તો કર્મબંધન જ થાય છે, વિકલ્પ જ ઉત્પન્ન થાય છે. તેથી તેને પુદ્ગલના પરિણામ કહી દીધા. સમજાય છે કાંઈ?

કહે છે,.. ભાવાર્થ છેને? આપણે ચાલે છે. '**પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...**' ૫૦થી ૫૫ છ ગાથા. દ્રવ્ય અને ભાવ જે '**ભાવો કહ્યા હતા...**' એ ભાવમાં બેય આવી ગયા, દ્રવ્ય અને ભાવ. સમજાય છે કાંઈ? '**પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત ભાવો કહ્યા હતા...**' ભાવમાં બે આવ્યા-દ્રવ્ય અને ભાવ. '**તે બધાય આત્મામાં અનિયત...**' છે. કાયમ રહેવાવાળી ચીજ નથી. ગુણસ્થાન પણ કાયમ રહેવાવાળી ચીજ નથી. માર્ગણાસ્થાન, પર્યાયભેદ પણ કાયમ રહેવાવાળી ચીજ નથી. આહા..હા..!

'**અનેક,...**' છે. એ બધા દ્રવ્ય-ભાવ ૫૦થી ૫૫માં કહ્યા, ૨૯ બોલ છે ઈ, પેટા ભેદ અનેક છે. તે અનેક છે. '**ક્ષણિક, વ્યભિચારીભાવો છે.**' ભગવાન આત્મામાં ગુણસ્થાનભેદ છે એ પણ વ્યભિચારભાવ છે એમ કહે છે. આહા..! એકલો ધ્રુવ ચૈતન્યપ્રભુ અભેદસ્વભાવની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય ઉત્પન્ન થાય છે તેનાથી નિર્જરા થાય છે. કહો, સમજાય

છે કાંઈ? ધર્મ બાપુ! અલૌકિક ચીજ છે, ભાઈ! આ ધર્મ કોઈ સાધારણ બહારથી થાય છે એમ નથી. નિમિત્તથી તો થતો નથી, દયા, દાન, વ્રતના પરિણામથી પણ ધર્મ થતો નથી, પણ એક સમયની પર્યાયના આશ્રયથી પણ ધર્મ થતો નથી. ગુણસ્થાન, માર્ગણાસ્થાન, જીવસ્થાન, લબ્ધિસ્થાન એ બધાને અહીંયા વ્યભિચારીભાવ કહીને દૃષ્ટિ છોડાવીને... છે ખરા, વ્યવહારનયે છે ખરા. વ્યવહારનયે નથી એમ નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- લોકો તો એમ કહે છે, આપ વ્યવહારને માનતા નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારનયે તો છે. ભેદ વ્યવહારનયનો વિષય તો છે, પણ એ આશ્રય કરવાલાયક નથી, ઈ વાત છે.

**શ્રોતા** :- માન્યો શેનો કહેવાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ નિષેધ કોનો કરવો? કોઈ ચીજ છે એનો નિષેધ હોય કે ન હોય એનો નિષેધ થાય? હોય એનો નિષેધ થાય. તો એટલો ભેદ ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ છે. માર્ગણાસ્થાન, ચાર ગતિ આદિ છેને માર્ગણા ચૌદ? ઈ બધા છે તો ખરા. વ્યવહારનય જ્ઞાનનો અંશ છે, તો અંશનો વિષય તો છે. નયનો વિષય ન હોય તો નય કેવી? સમજાણું કાંઈ? પણ એ આશ્રય કરવાલાયક નથી. એવી વાત છે. આહા..! સમજાય છે કાંઈ? શું કરે? ચીજ જેવી છે એવી ખ્યાલમાં ન આવે તો ગડબડ થયા વિના રહે નહિ, એમ કહે છે. સર્વથા ન કહો, પર્યાયમાં પણ નથી એમ કહો તો તો આત્મા એકલો કૂટસ્થ થઈ ગયો. અને પર્યાયમાં છે તો આશ્રય કરવાલાયક છે (એમ માને તો) તેના આશ્રયે આત્માનું કલ્યાણ નહિ થાય. રાગથી, ભેદ કે નિમિત્તના આશ્રયે કલ્યાણ થતું નથી. કલ્યાણ થાય છે તો દ્રવ્યસ્વભાવ અખંડાનંદ પ્રભુના આશ્રયથી અભેદદૃષ્ટિ કરવાથી કલ્યાણ થાય છે. સમજાય છે કાંઈ? આહા..!

જુઓ, દ્રવ્ય-ભાવનું ભાઈએ ત્યાંથી કાઢ્યું છે. જયચંદ્ર પંડિતે પણ ત્યાંથી લીધું. કારણ કે દ્રવ્ય-ભાવ શબ્દ પાઠમાં પડ્યો છેને. કુંદકુંદાચાર્યનો શબ્દ પડ્યો છે. આત્મામાં '**दव्वभावे अपदे**'. '**दव्वभावे अपदे**' એ દ્રવ્ય-ભાવ છે તે અપદ છે. આહા..હા..! '**मोत्तूण**' પાઠ છે કે નહિ? ભગવાન કુંદકુંદાચાર્ય કહે છે, '**आदम्हि दव्वभावे अपदे मोत्तूण गिण्ह तह णियदं**'. ભગવાન ધ્રુવસ્વભાવ હૈ, અભેદસ્વભાવ છે તેને ગ્રહણ કર, ત્યાં દૃષ્ટિ લગાવ તો તને કલ્યાણની પર્યાય ઉત્પન્ન થશે. એવી વાત છે, ભગવાન! આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, સોભાગભાઈ! સમજાય છે કે નહિ? એઈ.. શેઠ! ટીકા પણ બહુ સરસ કરી છે. જયચંદ્ર પંડિતે પણ શાસ્ત્રને અડીને અર્થ કર્યા છે.

'**પૂર્વે વર્ણાદિક ગુણસ્થાનપર્યંત...**' પર્યંત એટલે ત્યાં સુધી જે '**ભાવો કહ્યા હતા તે બધાય, આત્મામાં...**' જુઓને, '**आदम्हि**' કહ્યુંને? '**आदम्हि**' '**અનિયત,...**' છે. પાઠમાં છેને? અનેક છે, ક્ષણિક છે, વ્યભિચારીભાવ છે. આહા..હા..! માટે આત્માને કલ્યાણ અર્થે એ ભેદભાવ આશ્રય કરવાલાયક નથી. સમજાય છે કાંઈ? જાણવાલાયક છે. વ્યવહાર જાણેલો

પ્રયોજનવાન છે, પણ આશ્રય કરવાલાયક અને આદરવાલાયક નથી. આહા..હા..! તો કહે છે, ભગવાન આત્મા સ્થાયી છે. હવે સામે લીધું. ભગવાન આત્મા ધ્રુવ સ્થિર બિંબ, ચિદ્ બિંબ છે. ઓહો..! વિજ્ઞાનઘન ભગવાન આત્મા ધ્રુવ અભેદ એક સમયમાં આખી અભેદ ચીજ સ્થાયી છે. '**(-સદા વિદ્યમાન છે)...**' જુઓ, પેલા સદા વિદ્યમાન નથી, એક સમયની પર્યાયમાં વિદ્યમાન છે. એક સમયની પર્યાયમાં વિદ્યમાન છે એ કોઈ ત્રિકાળી ચીજ નથી. સમજાય છે કાંઈ? તો ત્રિકાળની અપેક્ષાથી તેને અસત્યાર્થ કહ્યું છે. શું કહ્યું? વ્યવહારનયને અસત્યાર્થ કહ્યું છે. શું? આ ચૌદ ભેદને, ચૌદ ગુણસ્થાનને, માર્ગણાસ્થાનને. '**ववहारोऽभूदत्थो**' એમ કહ્યું ૧૧મી ગાથામાં. એ અસત્યાર્થ કહ્યું પણ કથંચિત્ અસત્યાર્થ છે. એનો અર્થ શું? કે નથી એમ નહિ, પણ એક સમયની ભેદ દશા છે એ ત્રિકાળી વસ્તુમાં નથી અને ત્રિકાળનું પ્રયોજન સિદ્ધ કરવામાં, પોતાના પ્રયોજનની સિદ્ધિ ત્રિકાળીના આશ્રયે થાય છે. પોતાનું પ્રયોજન-સમ્યગ્દર્શન-જ્ઞાન-આનંદની પ્રયોજનની દશા એ દ્રવ્યના આશ્રયે પ્રયોજન સિદ્ધ થાય છે, પર્યાયના આશ્રયે પ્રયોજન સિદ્ધિ થતી નથી. તેથી પર્યાયને, વ્યવહારને અસત્યાર્થ કહીને '**मोत्तूण**' ગાથામાં કહેવામાં આવ્યું છે. છોડી દે. છોડી દેનો અર્થ આશ્રય છોડી દે. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ! આ તો સમયસાર છે. અલૌકિક ગ્રંથ છે. એની એક-એક ગાથામાં આખા ચૌદ પૂર્વનું રહસ્ય ભરી દીધું છે. ઓહો..! એવા કોઈ કાળે સમયસાર બની ગયું છે. એવી કોઈ મંગળિકની ઘડીમાં બની ગયું છે કે અલૌકિક! કેવળજ્ઞાન અને ચૌદ પૂર્વના પેટ ખોલી નાખ્યા છે. સમજાય છે કાંઈ? આહા..હા..!

કહે છે કે, પહેલાં વર્ણાદિ ગુણસ્થાન પર્યંત જે ભાવ અર્થાત્ દ્રવ્ય અને ભાવ પર્યાયભેદ આદિ કહ્યા હતા તે બધા '**આત્મામાં અનિયત, અનેક, ક્ષણિક, વ્યભિચારીભાવો છે. આત્મા સ્થાયી છે** (-સદા **વિદ્યમાનપણે** છે) **અને તે બધા ભાવો અસ્થાયી છે...**' પોતાના ધ્રુવની અપેક્ષાથી તે અસ્થાયી છે, એમ. નિશ્ચયની અપેક્ષાથી તે અસત્ય છે, ત્રિકાળની અપેક્ષાથી અસત્ય છે, પર્યાયની અપેક્ષાથી પર્યાયમાં સત્ય છે. સમજાય છે કાંઈ? વેદાંત જેવું નથી કે પર્યાય છે જ નહિ, ભેદ છે જ નહિ. એવી કોઈ વસ્તુ નથી. સમજાય છે કાંઈ?

અહીંયા ઈ કહે છે, વસ્તુ ભગવાન આત્મા એક સમયમાં ત્રિકાળી વસ્તુ સ્થાયી છે, સ્થિર રહેવાવાળી છે, ટકાઉ ચીજ છે. ટકાઉ ચીજ કહે છે હિન્દીમાં? ટકવાવાળી છે એ અપેક્ષાથી પર્યાયના ગુણસ્થાન, માર્ગણાસ્થાન, રાગ, પુણ્ય, દયા, દાન આદિ બધા અસ્થાયી છે અથવા અસત્યાર્થ છે અર્થાત્ જૂઠાં છે, પણ આ નિશ્ચયની અપેક્ષાથી અસ્થાયી અને જૂઠાં છે, પોતાની અપેક્ષાથી તો છે, નથી એમ નહિ. સમય-સમયની પર્યાય છેને, કે સસલાના શીંગડા છે? સસલા સમજ્યા? શું કહે છે? ખરગોશ. સસલાને શીંગડા નથી હોતા. એવી ચીજ છે? એવી નથી. સમજાય છે કાંઈ?

પર્યાયમાં ભેદમાં રાગાદિ, ગુણસ્થાન આદિ ભેદ છે. તો એ નયે, એ નયે તો કથંચિત્

સત્ય પણ કહેવામાં આવે છે, પણ આશ્રય કરવાલાયક નથી માટે નિશ્ચયની અપેક્ષાથી અસત્ય કહેવામાં આવ્યા છે. આહા..હા..! સમજાય છે કાંઈ? કહો, માલચંદજી! સમજાય છે કે નહિ આ? સૂક્ષ્મ પડે છે હવે તો. તમે તો કેટલા વર્ષથી અહીંયા આવો છો.

**શ્રોતા :-** કંઈક સહેલું કરીને સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ સહેલામાં સહેલી રીતે તો કહેવાય છે. એ તો પોતાની શક્તિ હોય એમ થાયને. સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા સ્થાયી, સ્થિર, ધ્રુવ નિત્યાનંદ પ્રભુ, એ અપેક્ષાથી રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, વિકલ્પ અને ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, જોગસ્થાનભેદ, સંયમલબ્ધિસ્થાન ભેદ, માર્ગણાભેદ બધા અસ્થાયી છે, એ કાયમ ટકવાવાળી ચીજ નથી, એમ વાત કહી. સમજાય છે કાંઈ? અસ્થાયી છે. '**તેથી તેઓ આત્માનું સ્થાન-રહેઠાણ-થઈ શકતા નથી...**' જેને સ્થિર રહેવું છે, માલ કાઢવો છે એવા આત્માને અસ્થાયીભાવ સ્થાન કરવાલાયક નથી, એમ છે. આહા..હા..! કેવી વાત કરી! આહા..! અલૌકિક વાત છે અંદર. અંદર મેળવે તો એને ખબર પડે. સમજાણું કાંઈ? કહે છે કે એ બધા (ભાવ) આત્માનું સ્થાન થઈ શકતા નથી. '**અર્થાત્ તેઓ આત્માનું પદ નથી.**' સમજાણું કાંઈ? એ આત્માનું પદ નામ સ્થાન, સ્થિર રહેવાની ચીજ છે, દૃષ્ટિમાં સ્થિર થવાની ચીજ છે તે નથી થઈ શકતી. અસ્થાયી પદમાં દૃષ્ટિ કરે તો દૃષ્ટિ મિથ્યા છે. કેમકે અંશમાં આખો આત્મા માને છે અને એ તો પર્યાયબુદ્ધિ છે. છે ખરી પર્યાય છે, પણ પર્યાયબુદ્ધિ અંશમાં આખો આત્મા માને છે. સમજાય છે કાંઈ?

કહે છે કે ચૌદ ગુણસ્થાન ભગવાન આત્માનું પદ નથી. ચૌદમું ગુણસ્થાન, હોં! આહા..હા..! અને માર્ગણા, ચાર ગતિ, જ્ઞાનની પાંચ પર્યાય, અજ્ઞાનની પર્યાય, દર્શનની ચાર પર્યાય એ બધી માર્ગણામાં આવે છે કે નહિ? સમકિતની ભેદ પર્યાય. એ બધા ભેદ છે. ભેદ છે તો પોતાનું નિજ પદ કાયમ રહેવાવાળી વસ્તુ એને નથી કહેવામાં આવતી. આહા..હા..!

**શ્રોતા :-** આખું ગોમ્મટસાર આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આખું ગોમ્મટસાર આવી ગયું. ગોમ્મટસારની વસ્તુ નથી એમ નહિ, બધું છે. પર્યાયમાં રાગ છે, અશુદ્ધતા છે, નથી એમ નહિ. દ્રવ્ય શુદ્ધ છે તો પર્યાય પણ અનાદિથી શુદ્ધ છે.

**શ્રોતા :-** પર્યાય તો છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છે જ નહિ એમ કોણ કહે છે? પર્યાય છે. પર્યાય વિના દ્રવ્ય હોતું નથી. સમજ્યા? '**पर्याय विजुत्तं दव्वं**' પંચાસ્તિકાયમાં છે.

**શ્રોતા :-** પર્યાય દ્રવ્યને અડતી નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ બીજી વાત છે. એ તો વળી આગળ જતા. એ તો પરથી

ભિન્ન પાડવું હોય તો પર્યાયથી દ્રવ્ય ભિન્ન નથી એમ કહેવામાં આવે છે, પણ જ્યારે બેમાં વહેંચણી કરવામાં આવે તો દ્રવ્યમાં પર્યાય નથી અને પર્યાયમાં દ્રવ્ય નથી. એ તો ભાઈ! આ તો અલૌકિક જૈનશાસન છે, બાપા! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** એકવાર ના અને એકવાર હા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કઈ અપેક્ષાથી હા, ના. પોતાની પર્યાયમાં અશુદ્ધતા છે એ પરમાં નથી અને પરથી નથી એ કારણે છે, પણ દ્રવ્યસ્વભાવ જોવાથી એમાં છે નહિ. એમ વાત છે. સમજાય છે કાંઈ? વકીલજી! સૂક્ષ્મ વિષય છે, ભગવાન! આહા..હા..!

ભગવાન આત્મા ત્રણલોકના નાથ ચિદાનંદ પ્રભુ જે દ્રવ્યપદ નિજપદ છે એમાં એ અસ્થાયી પદ નથી. અસ્થાયી અસ્થાયીમાં હો. ન હોય તો તો વ્યવહારનયનો વિષય જૂઠો થઈ જાય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એને તો જૂઠ કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જૂઠ કઈ અપેક્ષાથી? ત્રિકાળ નિશ્ચયની અપેક્ષાથી એને જૂઠ કહ્યું. '**ववहारोऽभूदत्थो**' એમ ભગવાન અમૃતચંદ્રાચાર્યે કહ્યું.

**શ્રોતા :-** ચોખ્ખો જૂઠો કીધો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, કહ્યોને. અસત્યાર્થ કહ્યું, પણ કઈ અપેક્ષાથી? નિશ્ચયનો ત્રિકાળ ભૂતાર્થનો આશ્રય કરવાલાયક છે તો ત્રિકાળની અપેક્ષાથી પર્યાયને અભૂતાર્થ, અસત્યાર્થ, જૂઠો કહેવામાં આવ્યો છે. ૧૧મી ગાથામાં સ્પષ્ટ આખા જૈનશાસનનો પ્રાણ છે. '**भूदत्थो**' સમજ્યા?

**ववहारोऽभूदत्थो भूदत्थो देसिदो दु सुद्धणओ।**
**भूदत्थमस्सिदो खलु समादिट्ठी हवदि जीवो।।११।।**

આખા જૈનદર્શન શાસન, જૈનદર્શન શું, વિશ્વદર્શન જૈનદર્શન છે. જૈનદર્શન કોઈ સંપ્રદાય નથી. સમજાણું કાંઈ? એ તો વસ્તુનું દર્શન છે. આહા..હા..! તો એ ૧૧મી ગાથા પ્રાણ છે. એમાં એમ કહ્યું, લ્યો. '**भूदत्थो देसिदो दु सुद्धणओ**' અથવા '**भूदत्थो सुद्धणओ**'. વ્યવહાર અભૂતાર્થ છે, અસત્યાર્થ છે, જૂઠો એમ કહ્યું.

**શ્રોતા :-** અવિદ્યમાન કીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અભૂતાર્થનો અર્થ અવિદ્યમાન-નથી. પણ નથી કઈ અપેક્ષાથી? ત્રિકાળમાં નથી ઈ અપેક્ષાથી નથી એમ કહ્યું. પર્યાયમાં નથી એમ નહિ. શેઠ! અભ્યાસ કરવો પડશે. એમને એમ નહિ ચાલે. અત્યાર સુધી ચલાવ્યું છે, આમ બીડી ને તમાકુ ને ધૂળ ને ધાણી જ્યાં ત્યાં. અભ્યાસ કરે તો સમજાય. જિંદગી ચાલી જાય છે. ઓહો..હો..! સમય સમય દેહની સ્થિતિ પૂરી થવાલાયક થઈ છે. જે સ્થિતિ લાવ્યો છે એમાં એક સમયનો પણ વધારો નહિ થાય. એક-એક સમય ચાલ્યો જાય છે. દેહ છોડવાની સમીપ જાય છે. આહા..હા..!

કહે છે કે ભાઈ! ભગવાનનું પદ તો એ નથી. આહા..હા..! એ ચૌદ ગુણસ્થાન વ્યવહાર અભૂતાર્થ છે. ભૂતાર્થ તો ત્રિકાળી નિજપદ ધ્રુવ છે. તે અપેક્ષાથી તેને અસ્થાયી, વ્યભિચારી કહીને દૃષ્ટિમાંથી છોડાવ્યો છે અને દૃષ્ટિ અભેદ ઉપર લગાવી છે. આ વસ્તુ એમ છે. સમજાય છે કાંઈ? ત્યારે નિર્જરા થશે. ભેદ ઉપર જ્યાં સુધી લક્ષ રહેશે ત્યાં સુધી વિકલ્પ ઉત્પન્ન થશે અને બંધ થશે. અહીંયા અભેદદૃષ્ટિ કરવાથી સ્થાયી વસ્તુ છે, સ્થિર છે, ટકાઉ છે, ધ્રુવ છે તેના આશ્રયથી સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય ત્રિકાળી દ્રવ્યના આશ્રયે થાય છે.

**શ્રોતા :-** આત્મ-પ્રદેશના... સાથે સંબંધ તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેને. પ્રદેશ છેને. પરમ દી કહ્યું હતુંને? રાગ છે તેના પ્રદેશ ભિન્ન કહ્યા છે. કઈ અપેક્ષાથી કહ્યું છે ઈ પરમ દી કહ્યુંને. સંવર અધિકારમાં, સંવર અધિકારમાં. રાગાદિ ભાવ છે એના પ્રદેશ ભિન્ન છે. ભિન્નનો અર્થ આખા શુદ્ધ અસંખ્ય પ્રદેશ એક છે એમાંથી એક અંશરૂપી પર્યાય જે ઉત્પન્ન થાય છે દયા, દાનનો રાગ એના એક અંશરૂપી પ્રદેશ ભિન્ન ગણવામાં આવ્યા છે. એ સંવર અધિકારમાં બતાવ્યું હતું.

એના અસંખ્ય પ્રદેશમાં બે ભાગ. કેમ? જરીક શાંતિથી સાંભળવું. જે પર્યાય છે એ અંતરલક્ષમાં વળે છે તો અસંખ્ય પ્રદેશમાં જે ભાગ અશુદ્ધ છે, એ તો એક અંશમાત્રના પ્રદેશ ભિન્ન ગણીને આ બાજુ જ્યાં ઢળે છે, નિર્મળ પર્યાય જ્યાં આ બાજુ ઢળે છે તો નિર્મળ પર્યાયનું જેટલું ક્ષેત્ર છે તે પોતાના પ્રદેશ છે અને જે મલિનનો અંશ છે એ રાગનું ક્ષેત્ર છે. આમ વાત છે, એવી વાત છે, બાપુ! વીતરાગમાર્ગ આ તો સર્વજ્ઞમાર્ગ છે. ચૈતન્યના અસંખ્ય પ્રદેશ એ સર્વજ્ઞ સિવાય ત્રણકાળમાં કોઈ ઠેકાણે હોતા નથી.

**શ્રોતા :-** દ્રવ્યની અખંડતા રહીને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ દ્રવ્યની અખંડતા થઈ ને. દ્રવ્ય કોને કહીએ? અસંખ્ય પ્રદેશ નિર્મળ જે છે એ અખંડ છે. જે મલિનતાનો અંશ છે એ અંશ તો એક અંશ છે. એમ નથી કાંઈ કે અડધો ભાગ આત્મામાં, અસંખ્ય પ્રદેશ છેને આટલા, તો અડધા ભાગમાં શુદ્ધ છે અને અડધા ભાગમાં અશુદ્ધ છે એમ નથી. તેમ બધા અસંખ્ય પ્રદેશ છે તેમાં અડધા ભાગમાં શુદ્ધતા છે એમ નથી. એમ છે જ નહિ. હજી સૂક્ષ્મ છે. આ તો ભગવાન સર્વજ્ઞે ચૈતન્યઘન અસંખ્ય પ્રદેશ એક જીવને કહ્યા. એ સર્વજ્ઞ સિવાય ત્રણકાળમાં કોઈ ઠેકાણે હોય નહિ.

એ અસંખ્ય પ્રદેશ છે એ તો જે શુદ્ધભાવથી ભર્યા છે એ અસંખ્ય પ્રદેશને પોતાના ગણવામાં આવ્યા છે. અને એમાં એક અંશ જે પ્રદેશનો અંશ, છેલ્લો ભાગ જેમાં રાગ, પુણ્ય ઉત્પન્ન થાય છે તેનું ક્ષેત્ર જ ભિન્ન ગણવામાં આવ્યું છે. ભાવ તો ભિન્ન છે, પણ ક્ષેત્ર પણ ભિન્ન છે. ઓહો..હો..!

**શ્રોતા :-** સૂર્ય ઉપર થોડો પડદો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાદળા નહિ, એ દાખલો અહીંયા લાગુ નથી પડતો. અહીં તો કહે છે ઈ અપેક્ષા બરાબર સમજો.

અસંખ્ય પ્રદેશ છે તો બધા પ્રદેશમાં અનંતઆનંદ, જ્ઞાનાદિ ભરેલા છે. અનંતગુણ છે કે નહિ? અસંખ્ય પ્રદેશમાં ગુણ અનંત છે, તો એક-એક પ્રદેશમાં પણ ગુણ અનંત છે. સમજ્યા? અસંખ્ય પ્રદેશ છે એ શુદ્ધ છે ત્રિકાળ ધ્રુવ. એ ધ્રુવ શુદ્ધ છે તેને અહીંયા દ્રવ્યદૃષ્ટિનો વિષય ગણવામાં આવ્યો છે. પણ એ અશુદ્ધતા જે છે રાગ-દ્વેષ આદિ ભેદ એ અસંખ્ય પ્રદેશમાં અંશપણે જે અનંતમા ભાગની અંદર મલિનતા છે, એ ક્ષેત્ર જ ભગવાને ભિન્ન કહ્યું છે. આમ છે, ભગવાન! આહા..હા..! એનો ભાવ ભિન્ન, કાળ ભિન્ન, કાળ ભિન્નનો અર્થ સમય તો એક જ છે, પણ એનો કાળ એનામાં છે અને પોતાની નિર્મળ પર્યાયનો કાળ પોતામાં છે. સમય એક છે, ક્ષેત્ર એક છે, પણ એક ક્ષેત્રમાં પણ વિકારી અંશનું જે ક્ષેત્ર છે, દયા, દાન, વ્રતના વિકલ્પ છે એનું ક્ષેત્ર ભિન્ન ગણવામાં આવ્યું છે અને જે દયા, દાન વિકલ્પના પરિણામ છે એ વિભાવિક પર્યાય છે તો પોતાની નિર્મળ પર્યાયથી ભિન્ન ગણવામાં આવ્યા છે. છે તો એક સમયની પર્યાયમાં બે ભાગ.

જેમ અસંખ્ય પ્રદેશમાં બે ભાગ, એમ એક સમયની પર્યાયમાં બે ભાગ. ભગવાન આત્મા નિજ શુદ્ધ ધ્રુવ અભેદનો આશ્રય લીધો તો પર્યાયમાં શુદ્ધતા થઈ એ પર્યાયની શુદ્ધતાની એક પર્યાયનો અંશ થયો. તે જ સમયે જે કંઈ અશુદ્ધતા છે તે એક જ પર્યાયનો બીજો ભાગ છે, પર્યાય બે નથી. સમજાય છે કાંઈ? દૃષ્ટાંત દઈએ.

જેમ આત્મામાં ચારિત્રગુણ ત્રિકાળી છે, ચારિત્રગુણ ત્રિકાળી છે. ગુણને ધરનારું દ્રવ્ય છે. એની દૃષ્ટિ જ્યાં થઈ તો પર્યાયમાં સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું અને ચારિત્રનો અંશ સ્વરૂપાચરણ શુદ્ધ પર્યાય પણ થઈ, પણ પૂર્ણ શુદ્ધ નથી થઈ તો થોડો ભાગ અશુદ્ધ પણ છે. તો સમય તો એક છે, પર્યાય એક છે, ભાગ બે છે. સમજાણું કાંઈ? આહા..હા..! વીતરાગનો માર્ગ કોઈ અલૌકિક છે, ભાઈ! ન્યાયથી સમજાય એવી વસ્તુ છે. ન સમજાય એવું નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

એ પરદ્રવ્ય અને પરક્ષેત્ર, પરકાળ અને પરભાવ સ્વચતુષ્ટય, પરના પરમાં. અહો..! ભગવાન આત્મા ધ્રુવ ભગવાન પ્રભુ અભેદ ચિદાનંદ જેમાં રાગનો તો અભાવ છે, નિમિત્ત પરની પર્યાય તો એમાં એક સમયમાં પણ નથી, રાગાદિ તો એની એક સમયની (પર્યાયમાં) ગુણસ્થાન ભેદ આદિ છે તેનાથી પણ ભિન્ન, પણ પોતાની નિર્મળ પર્યાય છે, નિયમસાર શાસ્ત્રમાં તો ત્યાં સુધી કહે છે, ૫૦ ગાથા, કે આત્મામાં જે સ્વદ્રવ્યના આશ્રયે સમ્યગ્દર્શન ક્ષાયિકપર્યાય પ્રગટ થઈ તેને પણ અમે પરદ્રવ્ય કહીએ છીએ. જરી શાંતિથી સાંભળો. ૫૦મી ગાથા નિયમસારમાં છે. કેમ? કેમ?

જેમ પરદ્રવ્યમાંથી નવી પર્યાય ઉત્પન્ન નથી થતી, એમ સમકિતપર્યાય આત્માના આશ્રયે

ઉત્પન્ન થઈ, પણ એ પર્યાયના આશ્રયે નવી પર્યાય ઉત્પન્ન નથી થતી. નવી પર્યાય તો દ્રવ્યના આશ્રયથી ઉત્પન્ન થાય છે. તેથી ક્ષાયિકસમકિત વીતરાગચારિત્ર છઠ્ઠે ગુણસ્થાને થયું ત્રણ કષાયનો અભાવ, તો એ ચારિત્રની પર્યાયને પણ મોક્ષમાર્ગ અધિકારમાં પરદ્રવ્ય કહી દીધું છે. '**परदव्वं परसहावमिदि हेयं**'. ત્રણ બોલ લીધા છે. ૫૦મી ગાથા, નિયમસારની ૫૦માં. '**पुव्वुत्तसयलभावा**' આ શબ્દ છે. '**पुव्वुत्तसयलभावा परदव्वं परसहावमिदि हेयं**' સમજાણું કાંઈ? ઓહો..હો..! કઈ અપેક્ષાથી? જે પોતાની નિર્મળ પર્યાય પ્રગટ થઈ એમાં પર્યાયમાંથી નવી પર્યાય આવે છે? નવી પર્યાય એમાંથી નથી આવતી. કેવળજ્ઞાન, શુક્લધ્યાનાદિની પર્યાય પ્રગટ કરવી છે તો ચારિત્રની પર્યાય પ્રગટ થઈ એમાંથી શુક્લધ્યાનની પર્યાય આવશે? એ તો એક સમયની પર્યાય છેને. એક સમયની પર્યાય, પર્યાયમાંથી પર્યાય ક્યાં આવે છે. સમજાય છે કાંઈ? ત્રિકાળી ભગવાન અનંત આનંદનો કંદ અભેદ ચીજ છે, એની દૃષ્ટિથી સમ્યક્ થયું, એના આશ્રયથી જ્ઞાન થયું, એના આશ્રયે ચારિત્ર થયું, એના આશ્રયે શુક્લધ્યાન થયું, એના આશ્રયે કેવળજ્ઞાન થયું. સમજાય છે કાંઈ? ભારે વાત, ભાઈ!

અહો! વીતરાગનો માર્ગ. ભાખ્યો શ્રી ભગવાન. એઈ..! સાંભળો સાંભળો. વચમાં વાત જતાં તમને આ નહિ પકડાય. આ વાર્તા નથી. એક શબ્દ નીકળી જશે તો અંદરથી બધું ચાલ્યું જશે. કારણકે આ તો એક-એક શબ્દમાં એની સંધિ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે અહીંયા તો પર્યાય આદિને અસ્થાયી કહે છે. એટલું. એકલો ધ્રુવ ભગવાન અભેદ છે એ તારી દૃષ્ટિનો વિષય છે. દૃષ્ટિ પર્યાય છે, દૃષ્ટિ પર્યાય છે, પણ એ દૃષ્ટિનો વિષય ધ્રુવ છે. સમજાણું કાંઈ? આહા..!

ભગવાન સર્વજ્ઞ ત્રિલોકનાથ પરમેશ્વરના શ્રીમુખેથી નીકળેલી આ વાણી છે. સાક્ષાત્ પરમાત્મા ત્રિલોકનાથ પરમેશ્વર સીમંધર ભગવાન બિરાજે છે ત્યાં કુંદકુંદાચાર્યદેવ ગયા હતા, આઠ દિવસ રહ્યા હતા, આઠ દિવસ રહ્યા હતા. સમજાણું કાંઈ? શંકા કરે છેને? ખોટી શંકા કરે છે. લોકોને ખબર નથી. આઠ દિવસ (રહ્યા હતા). ભગવાન બિરાજે છે. વર્તમાન ત્રિલોકનાથ પરમેશ્વર મહાવિદેહમાં. રોકેટ-બોકેટથી હાથ આવે નહિ, હોં! રોકેટ-બોકેટ આમ ગયા ને તેમ ગયા. ભગવાન મહાવિદેહ ક્ષેત્રમાં બિરાજે છે. પાંચસો ધનુષનો દેહ છે. કરોડ પૂર્વનું આયુષ્ય છે અને મુનિસુવ્રત ભગવાન વખતે તેમને કેવળજ્ઞાન થયું છે. અહીંયા આવતી ચોવીસીના તેરમા તીર્થંકર થશે ત્યારે મોક્ષ જશે. એટલું આયુષ્ય એમનું છે. એમની પાસે ભગવાન કુંદકુંદાચાર્ય સંવત ૪૯ આસપાસ સાક્ષાત્ ભગવાન બિરાજે છે ત્યાં ગયા હતા. આઠ દિવસ રહ્યા હતા. આઠ દિવસ સાંભળીને અહીંયા આવીને મદ્રાસથી એંસી માઈલ દૂર એક પોન્નુર હિલ ટેકરી છે. વંદેવાસ ગામ છે દસ હજારની વસ્તીનું લગભગ. ત્યાં પાંચ માઈલ દૂર ટેકરી છે. ત્યાં અમે બે વાર ગયા હતા. અમે બતાવ્યું હતું કે ભગવાન કુંદકુંદાચાર્યદેવ અહીંયા બિરાજતા હતા. અહીંથી ત્યાં ગયા છે. ત્યાંથી આવીને અહીંયા શાસ્ત્ર બનાવ્યા છે. સમજાણું કાંઈ?

બે ટેકરી સાથે છે. એક પોન્નુર હિલ છે, એક ધવલ ટેકરી છે. જયધવલની ટીકા પણ (ત્યાં થઈ છે). ત્યાં ટેકરી છે, પણ હવે એ ટેકરી જૈનની નથી રહી, શિવની થઈ ગઈ છે. શિવનું મંદિર થઈ ગયું છે. પણ છે ઈ ટેકરી. ધવલ ટીકા ત્યાં બની હતી. સાથે થઈ હતી. ઈ વખતે કહ્યું હતું, વ્યવહારનું કથન અહીંયા થયું, નિશ્ચયનું કથન અહીંયા થયું. બે ટેકરી સાથે છે. બધા હતાને. એક હજાર માણસ સાથે હતું. બધાને કહ્યું હતું.

કુંદકુંદાચાર્ય અહીંયા બિરાજતા હતા. ધ્યાનમાં અહીંયા (બેસતા હતા). ધ્યાનમાં આવ્યું. અમને ભગવાનનો વિરહ છે. ઓહો..! પરમાત્મા ત્રિકાળ. અહીંયા તો નથી પણ મહાવિદેહમાં બિરાજે છે એનો અમને વિરહ. એવો વિકલ્પ આવ્યો અને એવી લબ્ધિ હતી. કથાકાર બીજી પણ વાત કરે છે. દેવ મિત્ર હતો એ લઈ ગયો. ગયા હતા એ વાત ત્રિકાળ સત્ય છે. સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન ખોટું પડે તો ત્યાં ગયા હતા ઈ વાત ખોટી પડે. એમ વાત છે. ત્યાં જઈને આઠ દિવસ રહીને (અહીં આવ્યા). ત્યાં તો પાંચસો ધનુષનો દેહ અને આ તો આવડા. તીડ જેવા લાગે, તીડ. તીડ હોયને? શું કહે છે? તીડ કહે છેને? નાના તીડ નથી થતા? શું કહે છે એને? આ તીડ ઊડવાવાળા નહિ? તીડ. બસ ઈ. આવડા લાગે. કારણ કે સાડા ત્રણ હાથનું શરીર અને પેલું પાંચસો ધનુષનું. ચક્રવર્તી પૂછે છે, પ્રભુ! આ કોણ છે તીડ જેવો મનુષ્ય? ચક્રવર્તી પૂછે છે, પ્રભુ! આ તે કોણ છે? ભગવાનના મુખથી વાણી નીકળી, ભરતક્ષેત્રના મહંત આચાર્ય છે. સમજાણું કાંઈ? ત્રિકાળ ... છે. નાના છેને, શરીર નાનું છેને. નાનું શરીર હતુંને. એટલે એલાચાર્ય–નાના આચાર્ય. ભરતક્ષેત્રના મહાન આચાર્ય છે. ઓહો..! સમજાણું કાંઈ?

કાલે રાત્રે દેવસેનાચાર્યનું બતાવ્યું હતું કે અહો..! મહાવિદેહ ક્ષેત્રમાં સીમંધર પરમાત્મા પાસે પદ્મનંદી આચાર્ય ન ગયા હોત તો આવી વસ્તુ અમને ક્યાંથી મળત? આપણે લખ્યું છેને? ભાઈ! આપણે લખ્યું છે. છે આમાં? આમાં હિન્દીમાં નહિ હોય. ક્યાં આવ્યું? દર્શનસાર. પાનું–૫. પાંચમું પાનું છે.

**जइ पउमणंदिणाहो सीमंधरसमिदिव्वणाणेण।**

**ण विवोहइ तो समणा कहं सुमग्गं पयाणंति।।** (दर्शनसार)

‘**અર્થ :- (મહાવિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકરદેવ) શ્રી સીમંધરસ્વામી પાસેથી મળેલા દિવ્ય જ્ઞાન વડે શ્રી પદ્મનંદિનાથે** (શ્રી કુંદકુંદાચાર્યદેવે) **બોધ ન આપ્યો હોત તો મુનિજનો સાચા માર્ગને કેમ જાણત?**’ છે કે નહિ? ઈ ત્યાં છે. હિન્દી છે? હિન્દી છે કે નહિ? બે હિન્દી થયા છે? બે હિન્દી છે. ઠીક. સમજાણું કાંઈ?

અહીંયા શું કહે છે? આપણે ચાલતો અધિકાર. અહો! આત્માનું પદ નહિ. આહા..હા..! એ ગુણસ્થાન, જીવસ્થાન, માર્ગણાસ્થાન જીવનું પદ નહિ. પોતાનું રહેવાનું સ્થાન નહિ. સમજાણું કાંઈ? એ પોતાનું નિજઘર નહિ. ... નામ નિજઘર. આવ્યુંને? ઈ આવે છેને? ‘અબ હમ

કબહુ ન નિજઘર આયે' ભજન આવે છેને? આ પદ નહિ. '**જે આ સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' જુઓ હવે શું છે? '**સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' એટલે? સ્વસંવેદન થાય છે તો પર્યાયમાં પણ સ્વ-પોતાનું, સં-પ્રત્યક્ષ વેદન થાય કે આ દ્રવ્ય છે. સ્વ-સંવેદન. ઈ છે તો પર્યાય, પણ પર્યાયમાં દૃષ્ટિ ક્યાં છે? વસ્તુ શું વેદનમાં આવે છે? સ્વસંવેદન. સ્વ-પોતાનો ધ્રુવ. સં-સમ્યક્ પ્રકારે પ્રત્યક્ષ પ્રત્યક્ષ. રાગની અપેક્ષા નહિ. સમજાણું કાંઈ? મતિ-શ્રુતજ્ઞાન દ્વારા સ્વ-પોતાનું સં-પ્રત્યક્ષ વેદન થાય એ સ્વંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે. એ ત્રિકાળી જે સ્વસંવેદનજ્ઞાનમાં આવે છે તે ચીજ ત્રિકાળી નિયત છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

'**સ્વસંવેદનરૂપ જ્ઞાન છે તે નિયત છે,...**' પહેલાં સમ્યગ્દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં મતિ-શ્રુતજ્ઞાન પ્રત્યક્ષ થઈ જાય છે. સમજાણું કાંઈ? સ્વસંવેદન. પોતાનું દ્રવ્ય, સં-પ્રત્યક્ષ દ્રવ્યનું વેદન. દ્રવ્યનું વેદન એનો અર્થ કંઈ દ્રવ્યનું વેદન નથી થતું, પરંતુ રાગનું વેદન હતું તે છૂટીને દ્રવ્યનું વેદન થયું એમ કહેવામાં આવે છે. વેદન તો પર્યાયમાં છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! એ જ્ઞાન નિયત છે હોં! ત્રિકાળી. સ્વસંવેદનરૂપ જે જ્ઞાન છે એટલે પોતાના જ્ઞાનમાં જે ચીજ આવે છે કે આ વસ્તુ ધ્રુવ તે નિયત છે. સમજાણું કાંઈ?

'**એક છે,...**' ઈ ત્રિકાળી. '**નિત્ય છે, અવ્યભિચારી છે. આત્મા સ્થાયી છે અને આ જ્ઞાન પણ સ્થાયી ભાવ છે...**' લ્યો. આત્મા સ્થાયી છે તો એનો જ્ઞાનભાવ છેને ત્રિકાળી? ભાવવાન ત્રિકાળી છે તો ભાવ પણ ત્રિકાળી છે એમ કહે છે. આત્મા સ્થાયી છે તો એનો જ્ઞાનભાવ ગુણ પણ સ્થાયી છે. સમજાણું કાંઈ? '**તેથી તે આત્માનું પદ છે.**' એ જ્ઞાનભાવ-સ્વભાવ ત્રિકાળી જ્ઞાયકભાવ. દ્રવ્યનો કાયમી ભાવ એ એક જ પોતાનું છે. '**તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવાયોગ્ય છે.**' ધર્મી દ્વારા એક ત્રિકાળી ધ્રુવ જ સ્વાદમાં લેવાલાયક છે. બીજી કોઈ ચીજ, આનંદ આદિ પોતાને છોડીને બીજાનો સ્વાદ લેવાલાયક નથી. આહા..હા..! સમજાણું કાંઈ? શાંતિભાઈ! દિગંબર સાધુ થાય તો આ થઈ જાય? નહિ. કાનબુટ્ટી પકડે છે.

વસ્તુ શું ચીજ છે, હજી દૃષ્ટિની ધ્રુવ ભૂમિ શું છે એની ખબર વિના ચારિત્ર અને વ્રત ક્યાંથી આવ્યા? પ્રભુ! શું છે? આહા..હા..! ક્યાં તુ અટકે છે અને ક્યાંથી ખસે છે? ક્યાં અટકે છે અને ક્યાંથી ખસે છે? રાગમાં અટકે છે અને સ્વભાવથી ખસે છે. જ્યાંથી ખસવું છે ત્યાં અટકે છે અને જ્યાં જાવું છે ત્યાંથી ખસી જાય છે. સમજાણું કાંઈ? ઓહો..હો..! '**તે એક જ જ્ઞાનીઓ વડે આસ્વાદ લેવાયોગ્ય છે.**' હવે એનો શ્લોક-૧૩૯. હવે કળશ આવ્યો.

एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।
अपदान्येव भासन्ते पदान्यन्यानि यत्पुरः।।१३९।।

'यत्पुरः' એની આગળ બધા અપદ છે.

'**શ્લોકાર્થ :- તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...**' બહુ ટૂંકામાં પણ.. ઓહો..હો..! એટલું કહ્યું પછી પાછા કળશ બનાવ્યા. '**તે એક જ...**' શબ્દ પડ્યો છે, હોં! '**एकम् एव हि**', '**एकम् एव हि**' એક જ પદ. ઓહો..! અભેદ ચીજ નિત્યાનંદ પ્રભુ, સહજાનંદ સ્વરૂપ ત્રિકાળી એ એક જ પદ આસ્વાદવા-અનુભવ કરવાલાયક છે. એક જ પદ અનુભવમાં લેવા લાયક છે. પર્યાય આદિનો ભેદ અનુભવમાં લેવાલાયક નથી. છે, હો, જાણવાલાયક છે. સમજાણું કાંઈ? તો એને નિર્જરા થાય છે. આ નિર્જરા અધિકાર છેને. સ્વ-આશ્રય નિર્જરા, પર-આશ્રય બંધ. સ્વાશ્રય નિશ્ચય, પરાશ્રય વ્યવહાર. પરાશ્રય વ્યવહારમાં વિકલ્પ ઉઠે છે, બંધ છે.

સ્વ ભગવાન આત્મા ચિદ્‌ઘન વસ્તુ અભેદ ચીજ એક સમયમાં એક સમયની પર્યાયથી પણ ભિન્ન. એવી અભેદ ચીજ એક જ આસ્વાદવાલાયક છે. આસ્વાદ છે તે પર્યાય છે. કેમકે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ પર્યાય છે, કંઈ ગુણ નથી, પણ એ પર્યાય આસ્વાદવા લાયક છે તો અહીં દ્રવ્ય આસ્વાદવાલાયક છે એમ કહેવામાં આવ્યું છે. કેમ? આમ અનાદિથી જે પુણ્ય-પાપના વિકલ્પના ભેદનો આસ્વાદ લેતો હતો એ તો દુઃખરૂપ દશા છે, તો આ ધ્રુવનો આસ્વાદ લીધો એમ કહેવામાં આવ્યું. ધ્રુવનો આસ્વાદ નથી, આસ્વાદ તો પર્યાયમાં છે. ધ્રુવ તરફ દૃષ્ટિ કરીને જે આનંદ થયો એ જ આસ્વાદવાયોગ્ય છે. આહા..હા..! સમજાણું કાંઈ? વસ્તુ આમ છે. એ સિવાય બીજી કોઈ વસ્તુ હોઈ શકે નહિ. માર્ગ ચીજ જ એવી છે. એ કંઈ કોઈએ બનાવેલી છે? સમજાણું કાંઈ?

'**એક જ પદ આસ્વાદવાયોગ્ય છે કે જે વિપત્તિઓનું અપદ છે (અર્થાત્ જેમાં આપદાઓ સ્થાન પામી શકતી નથી)...**' જુઓ, જેમાં દુઃખ છે જ નહિ. આહા..! આનંદ-આનંદ છે એ તો. ભગવાન તો અતીન્દ્રિય અમૃત અમર આનંદ (છે). ભગવાન આત્મા તો અમર આનંદમૂર્તિ આત્મા. એ જ પદ આસ્વાદવાલાયક છે. બીજા અપદ છે એ આસ્વાદવાલાયક નથી. અને વિપદાઓનું સ્વાદ નથી. વિપદાઓનું તો અપદ છે. આનંદનું પદ છે અને વિપદાનું અપદ છે. અસ્તિ-નાસ્તિ કરી. ભગવાન આત્મા અતીન્દ્રિય આનંદ એ જ સ્વરૂપ, એ જ પદ, એ જ નિજ સ્વરૂપ છે. વિપદાનું અપદ છે. એમાં આપદા-દુઃખનું તો એ અસ્થાન છે. ભગવાન આત્મા દુઃખનું અપદ છે, દુઃખનું સ્થાન નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? આવો શ્લોક અમૃતચંદ્રાચાર્ય, કુંદકુંદાચાર્ય.. ઓહો..હો..! કેવળજ્ઞાનીના વિરહ ભૂલાવ્યા છે. એવી વાત ઊભી કરી દીધી છે. એના અનુભવમાં આવે એવી. આમ વાત છે, ભાઈ! માર્ગ તો આ છે. ..ભાઈ!

એક જ. '**एव**' '**એક જ...**' કેમ કહ્યું? અનેકાંત કરોને. એક જ (કહેશો) તો 'જ' થઈ જશે, એકાંત થઈ જશે. અરે..! સાંભળ તો ખરો, પ્રભુ! ભગવાનના માર્ગમાં એક જ

અનેકાંત હોવું જોઈએ, એકાંત ન હોવું જોઈએ. અનેકાંતનો અર્થ શું છે? સમ્યક્ એકાંત એવા નિજપદનો અનુભવ થયો ત્યારે પર્યાયમાં રાગ છે તેનું જ્ઞાન થયું તેનું નામ અનેકાંત કહેવામાં આવે છે, પણ મારામાં રાગ છે એમ નહિ. એક જ આસ્વાદવાલાયક છે (એમ કહેશો) તો એકાંત થઈ જશે. બેનો સ્વાદ કહો તો અનેકાંત છે. એમ છે જ નહિ. અનેકાંતની ઈ વ્યાખ્યા જ નથી.

પોતાનો એકનો જ સ્વાદ લેવાલાયક છે, બીજાનો સ્વાદ લેવાલાયક નથી એનું નામ અનેકાંત છે. આહા..! આ તો અનેકાંત (એટલે) વ્યવહારથી પણ થાય છે, નિશ્ચયથી પણ થાય છે. નિમિત્તથી પણ થાય, ઉપાદાનથી પણ થાય એનું નામ અનેકાંત. એમ અનેકાંત નથી, ભગવાન! અનેકાંત સ્વરૂપ એમ નથી. 'પોતાનું સ્વરૂપ એક જ આસ્વાદવાલાયક છે' નિશ્ચયથી સમ્યક્ એકાંત છે, અને 'પર આસ્વાદવાલાયક નથી' એ અનેકાંત થયું. સમજાણું કાંઈ? પર છે, એ જાણવાલાયક છે, પણ આસ્વાદવાલાયક નથી. સમજાણું કાંઈ?

**'તે એક જ પદ આસ્વાદવાયોગ્ય છે...'** આનંદમાં લેવાલાયક છે. કેમકે આનંદ ત્યાં છે. નિત્યાનંદ પ્રભુ અતીન્દ્રિય અમર આનંદનું ધામ છે. એ આનંદ ઉપર દૃષ્ટિ દેવાથી આનંદનો આસ્વાદ કરવાલાયક તો એક જ વસ્તુ છે. વ્યવહારનો વિકલ્પ પણ આસ્વાદવાલાયક નથી. આહા..હા..! જુઓ, વ્યવહારરત્નત્રયનો વિકલ્પ તો શુભોપયોગ છે, એ આસ્વાદવાલાયક નથી, એ તો અપદ છે. અહીં તો કહે છે કે વ્યવહારથી નિશ્ચય થાય છે. અરે..! ભગવાન! એમ નથી થતું. ભાઈ! નિશ્ચયથી નિશ્ચય થાય છે અને વ્યવહારથી થતું નથી. એનું નામ અનેકાંત છે. સમજાય છે કાંઈ? આત્મા સ્વપણે પણ છે અને પરપણે પણ છે, એમ અનેકાંત છે? આત્મા સ્વપણે છે અને પરપણે નથી. સ્વચતુષ્ટયથી છે અને પર ચતુષ્ટયથી નથી. પરથી ખાલી અને પોતાથી ભરેલો છે એનું નામ અનેકાંત છે. સમજાણું કાંઈ? અનેકાંતની બહુ ગડબડ કરે છે. બહુ ગડબડ. ભાઈ! ભગવાનનો માર્ગ સ્યાદ્વાદ છે. બધામાં લગાવો. કથંચિત્ આમ પણ થાય, કથંચિત્ આમ પણ થાય. ભાઈ! એ તો જ્ઞાન કરવા માટે છે, આશ્રય અને અનુભવ કરવા માટે એ વસ્તુ નથી. આહા..હા..!

શબ્દ કેવો લીધો છે? **'एकमेव हि तत्स्वाद्यं विपदामपदं पदम्।'** **'અને જેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે...'** જુઓ, જ્ઞાન તો કર્યું, ભાઈ! અનુભવમાં કહ્યું પણ અન્ય પદનું અસ્તિત્વ સિદ્ધ કર્યું, નથી એમ નહિ. પણ અન્યપદ **'यत्पुरः अपदानि'** વસ્તુ નથી એમ નહિ. પર્યાય પર્યાયપણે નથી, રાગ રાગપણે નથી, ગુણસ્થાન ગુણસ્થાનપણે નથી એમ નથી, એ તો છે, પણ એ નિજપદની અપેક્ષાએ અપદ ભાસે છે.

**શ્રોતા :-** એના આશ્રયે ધર્મ અને આને આશ્રયે ધર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ નથી. ધર્મ એકને આશ્રયે જ થાય. તેથી તો પહેલા કહ્યું. વ્યવહારથી પણ ધર્મ થાય છે અને નિશ્ચયથી પણ ધર્મ થાય છે એમ નથી.

**શ્રોતા :-** નિશ્ચયધર્મ અને વ્યવહારધર્મ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારધર્મનો અર્થ વ્યવહારનય કોઈ અપેક્ષાથી અન્યથા કહે છે. તે હેય છે, ઉપાદેય નથી. મોક્ષમાર્ગ પ્રકાશકમાં બહુ ખુલાસો કર્યો છે. ગ્રહણ કરવાલાયકનો અર્થ જાણવાલાયક છે. ગ્રહણ કરવાલાયકનો અર્થ આદરવાલાયક છે એમ અર્થ જ નથી. શાસ્ત્રમાં બે નયને ગ્રહણ કરવાનું કહ્યું છેને? મોક્ષમાર્ગમાં લખ્યું છે, મોક્ષમાર્ગ પ્રકાશકમાં છે. એમ છે જ નહિ બારમી ગાથામાં.

**શ્રોતા :-** નવા સમયસારમાં..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ તો બધું ખોટું. ખબર છેને. વ્યવહારનયવાળાને વ્યવહારનો ઉપદેશ કરવો. એમ છે જ નહિ. '**सुद्धो सुद्धादेसो**' બારમી ગાથાના અર્થમાં મોટી ગડબડ છે.

**सुद्धो सुद्धादेसो णादव्वो परमभावदरिसीहिं।**
**ववहारदेसिदा पुण जे दु अपरमे ट्ठिदा भावे।।१२।।**

એના અર્થનો ટીકામાં ખુલાસો કર્યો છે કે ભૂતાર્થ જે ત્રિકાળ છે તે શુદ્ધ છે અને તેનો અનુભવ થયો પછી એને ભેદ રહેતો નથી, પણ જ્યારે ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થયું તો પર્યાયમાં રાગાદિ છેને? તો કહે છે, છે તે જાણવાલાયક છે, એનો ઉપદેશ કરવાલાયક છે એમ અમે કહ્યું છે. જાણવાલાયકને ઉપદેશ (કરવાલાયક કહ્યું છે). ઉપદેશ તો વાચક છે. '**अपरमे ट्ठिदा भावे ववहारदेसिदा पुण**' એનો અર્થ કે જે નીચલી ભૂમિકામાં ચોથે, પાંચમે, છઠ્ઠે છે તેણે વ્યવહાર જાણવાલાયક છે એમ એનો અર્થ છે. પાઠ છે, સંસ્કૃતમાં પાઠ છે. ૧૨મી ગાથામાં. '**यदात्वे**' ૧૨મીમાં છે કે નહિ? એઈ..! આ શું છે? સમયસાર છે. ૧૨મી ગાથા છે, જુઓ, બહુ ગડબડ કરે છે. આખી વસ્તુને બદલી નાખે છે અને કહે છે અહીંનું. ૨૬મું પાનું છે. '**એવો વ્યવહારનય, વિચિત્ર (અનેક) વર્ણમાળા સમાન હોવાથી, જાણેલો તે કાળે પ્રયોજનવાન છે.**' એમ શબ્દ છે. તે કાળે પ્રયોજનવાન છે. મોટી ચર્ચા થઈ હતી. તે કાળેનો ઘણો ગંભીર અર્થ છે. '**विचित्र वर्णमालिकास्थानीयत्वापरिज्ञायमानस्तदात्वे**' '**यदात्वे**' એમ સંસ્કૃત છે. '**यदात्वे**' પ્રયોજનવાન. એનો અર્થ... ઈન્દૌરમાં બહુ ચાલેલું.

સમયે-સમયે રાગની મંદતા કેટલી છે અને શુદ્ધતા કેટલી છે તે જાણવું પ્રયોજનવાન છે. ઉપદેશ કરવો કે તું વ્યવહાર કર, એમ વાત જ નથી ત્યાં. છે જ નથી. એનો અર્થ ઊંધો લખ્યો છે. સમજાણું કાંઈ? પેલો પાઠ આવે ખરોને? '**अपरमे ट्ठिदा भावे ववहारदेसिदा**' '**देसिदा**' પણ '**देसिदा**'ની વ્યાખ્યા? વ્યવહાર દેખાડવો-જાણવાલાયક. એમ એની વ્યાખ્યા છે. દેશનાનો અર્થ વાચ્ય છે કે જાણવાલાયક છે. ટીકામાં તો અમૃતચંદ્રાચાર્યદેવે ખુલાસો કરી નાખ્યો છે. સમજાણું કાંઈ?

'**(સર્વ) પદો અપદ જ ભાસે છે.**' '**જેની આગળ**' હોં! એનો અર્થ છે. નિશ્ચયની

આગળ વ્યવહાર અપદ ભાસે છે, એમ. વ્યવહારની આગળ વ્યવહાર છે. જ્ઞાનચંદજી! સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! ભગવાન! શું કરે? અહીં તો કહે છે, ભગવાન! તું એક પરમાનંદ મૂર્તિ છોને નાથ! તારો આશ્રય કરવાથી જ તને આનંદ થશે. પોતાના નિજપદની અપેક્ષાથી જે વ્યવહાર ગુણસ્થાન આદિ કહ્યા એ પણ અપદ છે. સમજાણું કાંઈ? તો આ પૈસા-બૈસા તો ક્યાંય રહી ગયા, હોં! સોભાગભાઈ! એઈ..! આ બેય પૈસાવાળા બેઠા છે.

**શ્રોતા** :- ૨૯ નંબરમાં ક્યાંક આવ્યા હશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ક્યાંય આવ્યું નથી. નકારમાં આવ્યું ને ૨૯માં. ધન-લક્ષ્મી પરમાં-જડમાં ગઈ. જડ આત્મામાં નથી.

**શ્રોતા** :- વર્ણ, ગંધ, રસમાં ગયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ. જીવ નથી વર્ણ, નથી ગંધ, નથી રસ. આહા..હા..! લ્યો, એ શ્લોકાર્થ થયો.

**ભાવાર્થ** :- '**એક જ્ઞાન જ આત્માનું પદ છે.**' જ્ઞાન કોણ? ત્રિકાળી. જેમ આત્મા ત્રિકાળી છે, તેમ તેનું જ્ઞાન પણ એકસ્વભાવ ત્રિકાળી છે. ઈ વાત છે અહીંયાં. સમજાણું કાંઈ? એક જ્ઞાન જ ત્રિકાળી. આત્મા ભાવવાન છે ત્રિકાળી, તો જ્ઞાનપદ એકરૂપ જ્ઞાનપદ એકરૂપ જ્ઞાનભાવ ત્રિકાળી છે. એ '**એક જ્ઞાન જ આત્માનું પદ છે. તેમાં કોઈ પણ આપદા પ્રવેશી શકતી નથી...**' રાગનો પ્રવેશ જ્યાં નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? '**અને તેની આગળ અન્ય સર્વ પદો અપદસ્વરૂપ ભાસે છે (કારણકે તેઓ આકુળતામય છે-આપત્તિરૂપ છે).**' લ્યો. ભેદ, રાગ એ બધા દુઃખરૂપ છે. કેમકે તેનો આશ્રય કરવાથી તો રાગ ઉત્પન્ન થાય છે અને રાગ તો આકુળતા છે. નિજપદની અપેક્ષાથી તે બધા પદ અપદ અને આકુળતામય ભાસે છે. છે તો ભાસે છેને. આહા..હા..! ભગવાન આત્મા આનંદમય ભાસે છે તો એનો આસ્વાદ કરવાલાયક એક વસ્તુ રહી. ભેદ આદિ આસ્વાદવાલાયક નથી, એ આકુળતામય છે. '**मोत्तूण**' ઈ દૃષ્ટિ છોડ. એની દૃષ્ટિ અને આશ્રય છોડ તો તને નિર્જરા થશે, નહિતર નિર્જરા થશે નહિ. વિશેષ કહેશે....

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

# શ્રી સમયસાર, ગાથા-૧૩૨ થી ૧૩૬, કળશ-૬૮
## પ્રવચન નં. ૨૦૨, તા.૨૩-૭-૧૯૬૯
## (૫)

સમયસાર, કર્તાકર્મ અધિકાર. ૧૩૦-૧૩૧ પૂરી થઈ. **'હવે આગળની ગાથાની સૂચનાના અર્થરૂપ શ્લોક કહે છે :-'** ૬૮. હવેની જે ગાથાઓ કહેવામાં આવશે એનો અર્થ બતાવે છે. અર્થરૂપ શ્લોક છે.

अज्ञानमयभावानामज्ञानी व्याप्य भूमिकाम्।
द्रव्यकर्मनिमित्तानां भावानामेति हेतुताम्।।६८।।

શું કહે છે? આ કર્તાકર્મ અધિકાર છે.

**'શ્લોકાર્થ :- અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં...'** શું કહે છે? આત્મા કે જેને ધર્મદૃષ્ટિ નથી, પોતાનો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ છે એવી દૃષ્ટિ નથી તે અજ્ઞાની મિથ્યાદૃષ્ટિ (છે). પોતામાં જે પુણ્ય અને પાપના વિકલ્પ-રાગ થાય છે તે **'(પોતાના) અજ્ઞાનમય ભાવોની ભૂમિકામાં...'** એ પુણ્ય અને પાપ, રાગાદિ ભાવ એ અજ્ઞાનમય, પોતાના અજ્ઞાનમય ભાવોની દશા. ભાવ શબ્દે પર્યાય છે. સમજાણું કાંઈ? ધર્મની દૃષ્ટિ નથી, અધર્મદૃષ્ટિ જેની છે, તેની વ્યાખ્યા કે **'(પોતાના) અજ્ઞાનમય ભાવો...'** જે રાગ અને પુણ્ય ને પાપાદિ ભાવ છે એ અજ્ઞાનમય ભાવ છે, આત્મામય ભાવ નથી. મીઠાભાઈ! શું આ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાનો ભાવ એ અજ્ઞાનમય ભાવ છે એમ કહે છે. રાગ છેને. પુણ્ય છે. એ પરાશ્રયે ઉત્પન્ન થવાવાળા ભાવ છે.

રાત્રે ભાઈ! થોડું કહ્યું હતું. અહીંયા ચર્ચા થઈ પછી અંદર (કહ્યું હતું). નવ તત્ત્વ છેને, નવ. જીવ અને અજીવ બે દ્રવ્ય, સાત પર્યાય. તો સંવર, નિર્જરા અને મોક્ષ. ધર્મ અને ધર્મનું પૂર્ણ ફળ, એ પર્યાયનો આશ્રય દ્રવ્ય છે અને પુણ્ય-પાપ, આસ્રવ, બંધનો આશ્રય પરદ્રવ્ય છે. આ સાત પર્યાય. અહીંથી ઉઠીને અંદર ગયા ને ચર્ચા પછી. કીધું, આ મોટા ઝઘડા કરે છે પણ આ વાત.. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધના ભાવ એ પુણ્ય-પાપભાવ, આસ્રવભાવ, ભાવબંધભાવ એ ચાર પર્યાય પરાશ્રયે ઉત્પન્ન થાય છે. માટે એ અજ્ઞાનભાવ અથવા બંધભાવ છે. કારણ કે નવ તત્ત્વમાં સંવર, નિર્જરા, મોક્ષતત્ત્વ છે કે નહિ? પુણ્યતત્ત્વ ભિન્ન, પાપતત્ત્વ ભિન્ન, સંવરતત્ત્વ ભિન્ન છે. એની તો ખબર ન મળે. પુણ્યથી સંવર થાય? રાગથી, પરાશ્રય ભાવથી આત્મામાં આશ્રય થાય? સમજાણું કાંઈ?

બહુ સાદી ભાષા. થોડી ટૂંકી.

નવ તત્ત્વ છે કે નહિ? તો જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય બેય ભિન્ન છે. હવે જે કંઈ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ (થાય) એ પુણ્ય. હિંસા, જૂઠું, ચોરી, વિષયવાસના, ક્રોધ પાપ. બેય ભાવ આસ્રવ છે અને બેય ભાવમાં રોકાય છે માટે ભાવબંધ. તો એ ચાર પર્યાય પરના આશ્રયે (થાય છે). પરાશ્રિતો વ્યવહારો. એમ કહ્યું હતું, ભાઈ! પરાશ્રિતો વ્યવહાર. એ પરાશ્રયે ઉત્પન્ન થયા તો એ વ્યવહાર છે અને બંધનું કારણ છે. સમજાણું કાંઈ? અને સંવર, નિર્જરા અને મોક્ષ એટલે ધર્મ અને ધર્મનું પૂર્ણ ફળ, બેયનો આશ્રય આત્મદ્રવ્ય છે. સ્વદ્રવ્ય જ્ઞાયકસ્વરૂપ છે. તો જે પરાશ્રયભાવ છે તેનાથી સ્વાશ્રયભાવ કેમ ઉત્પન્ન થાય?

**શ્રોતા :-** .. પણ શાસ્ત્રમાં લખ્યું છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** શાસ્ત્રમાં એમ લખ્યું જ નથી.

**શ્રોતા :-** વાંચતા આવડતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાંચતા આવડતું નથી. એમ છે. સમજાણું કાંઈ?

આ તો સીધી વાત છે કે નહિ? અમરચંદભાઈ! સાત પર્યાય છે કે નહિ? પર્યાય નામ કાર્ય, પર્યાય નામ અવસ્થા. બે જીવ અને અજીવદ્રવ્ય અથવા એક જીવ અને એ સિવાય બાકી બધા પર. હવે પર બધા આ જીવ નહિ એટલે બધા અજીવ એમ લો. તો આત્મામાં જેટલા અહીંયા અજ્ઞાનમય ભાવ છે કે નહિ? એ બધા પરાશ્રયભાવ ઉત્પન્ન થાય છે. દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, નામ સ્મરણ આદિ વિકલ્પ એ પુણ્ય છે, પણ એ પર્યાય પરાશ્રય ભાવ છે, વ્યવહાર છે, બંધનું કારણ છે. વ્યવહાર-પરાશ્રિતો વ્યવહાર.

**શ્રોતા :-** નિશ્ચયનું કારણ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિશ્ચયનું કારણ થાય? વ્યવહાર નિશ્ચયનું કારણ થાય, એઈ..! એ તો વ્યવહારનયથી નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવવા વ્યવહાર સાધન કહેવામાં આવ્યું છે. છે નહિ તેને કહેવું. સીધી વાત તો છે.

ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવ શુદ્ધ ચૈતન્ય આનંદ ધાતુ. આનંદ ધાતુ નામ આનંદને ધારી રાખ્યો છે એવી વસ્તુ આત્મા. એનો આશ્રય કરવાથી સંવર, નિર્જરા નામ ધર્મ શુદ્ધતા, શુદ્ધતાની વૃદ્ધિ અને શુદ્ધતાની પરિપૂર્ણતા—એ ત્રણે સ્વવસ્તુ ભગવાન આત્માના આશ્રયે થાય છે; અને દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધ, માન, માયા, લોભ, વિષયવાસના એ શુભ અને અશુભભાવ, બેય મળીને આસ્રવ છે અને રોકાણો માટે ભાવબંધ છે. તો એ ચારેય પર્યાય પરદ્રવ્ય આશ્રિત વ્યવહાર છે. અજ્ઞાનીની દૃષ્ટિ ત્યાં છે તો બધા રાગમય, અજ્ઞાનમય ભાવ છે, એમ કહે છે. સમજાણું કાંઈ?

અજ્ઞાનીની દૃષ્ટિ નિજ જ્ઞાન-આનંદસ્વરૂપ ઉપર તો છે નહિ. તો અજ્ઞાનીની દૃષ્ટિ રાગ, વિકલ્પ, દયા, દાન આદિ શુભ-અશુભભાવ ઉપર છે, તો તો પરાશ્રિતભાવ ઉપર છે, સ્વાશ્રિત

ભાવ ત્યાં નથી. તો એ અજ્ઞાની પોતાના અજ્ઞાનમયભાવ, અજ્ઞાનમય પર્યાય ભાવ શબ્દે. એ અજ્ઞાનમય જે પર્યાય છે પુણ્ય, પાપ, આસ્રવ, બંધની ચાર એ અજ્ઞાનમય ભાવ છે. સમજાણું કાંઈ? જ્ઞાનમયભાવ નહિ. આત્મસ્વભાવના આશ્રયમયભાવ નથી. વાત તો ઘણી સીધી છે પણ લોકોએ એવી વાંકી કરી મૂકી છેને. પત્તો ખાય નહિ, સત્ શું છે. વ્યવહાર કારણ, વ્યવહાર કારણ.

અહીં કહે છે, અજ્ઞાની અજ્ઞાનમય પર્યાય એમ કહ્યુંને? અજ્ઞાનમય પર્યાયોની ભૂમિકા. ભૂમિકા શબ્દે સ્થાન. અજ્ઞાનીનું સ્થાન જ અજ્ઞાનમય ભાવની ભૂમિકા છે એની. ભૂ-ભગવાન આત્મા ભગવાનની ભૂમિકા એની પાસે નથી. આહા..હા..! સમજાણું કાંઈ? **'અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની...'** એટલે પર્યાયની ભૂમિકા નામ સ્થાન. એ તો અજ્ઞાનમયનું જ સ્થાન અજ્ઞાની છે એમ કહે છે, ધર્મનું સ્થાન અજ્ઞાની નથી. આહા..હા..! ચાહે તો નવમી ગ્રૈવેયક ગયો દ્રવ્યલિંગી જૈન સાધુ, અઠ્યાવીસ મૂળગુણ (પાળી) જંગલમાં રહેવાવાળો. પણ પોતાના ચિદાનંદ સ્વભાવનો આશ્રય નહિ કરીને પરના આશ્રયથી ઉત્પન્ન થયેલા ભાવ, તેને જ પોતાના ભાવ માનીને અજ્ઞાનમય ભાવભૂમિકામાં રહે છે. એનું સ્થાન, એ ક્ષેત્ર અને તેના ભાવ બધા અજ્ઞાનમય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

અજ્ઞાની પોતાના... ઈ ભૂમિકાનો અર્થ આ નવા તમે કર્યા એ પણ મેં જોયું. અન્વયાર્થ. ભૂમિકાનો ભૂમિકા અર્થ છે. ઠીક કર્યું, કીધું આ. પણ ભૂમિકા કોણ સમજે ચાલુ શબ્દે?

**શ્રોતા :-** એ તો ઉપદેશકનું કામ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો ઠીક. ભૂમિકા શું હશે આ? અજ્ઞાનમય ભાવોની ભૂમિકા. એઈ.. જેઠાભાઈ! આ હુશિયાર ચોપડાના લખનાર. ... ભૂમિકા કીધી, જુઓ, ભૂ-ઉપયોગભૂ આવે છેને? બંધ અધિકાર. એમ અજ્ઞાનીની ભૂમિકા-સ્થાન અનુપયોગ રાગાદિ સ્થાન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચલાયમાન સ્થાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાગ છેને સ્વભાવથી વિરુદ્ધ. ચાહે તો કષાયની મંદતા એ જ એનું સ્થાન છે, એમ. એની ભૂમિકા જ ઈ છે અને ભાવ જ આ છે. ભૂમિકાને યોગ્ય જ એના ભાવ છે. અજ્ઞાનીની ભૂમિકાના સ્થાનને યોગ્ય જ અજ્ઞાનમય ભાવ છે એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'અજ્ઞાની (પોતાના) અજ્ઞાનમય ભાવોની...'** ભાવ શબ્દે અવસ્થાની-દશાની ભૂમિકા નામ સ્થાનમાં **'વ્યાપીને...'** નામ પ્રસરીને. એ રાગમાં વ્યાપીને-પ્રસરીને રાગને જ અજ્ઞાની ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? અને રાગમાં એકત્વબુદ્ધિ છે તો મિથ્યાત્વને જ ઉત્પન્ન કરે છે, એમ કહે છે. સમજાણું કાંઈ? ભગવાન પોતાનું નિજ સ્વરૂપ શુદ્ધ આનંદ અને જ્ઞાનનું ચિદાનંદ ધામ, એવા અંતરનો આશ્રય છોડીને અજ્ઞાની અનાદિથી પરદ્રવ્યનો આશ્રય કરીને

એના ક્ષેત્ર નામ ભૂમિમાં-સ્થાનમાં-અજ્ઞાનમય એટલે પુણ્ય-પાપના ભાવની પરિણતિ ઉત્પન્ન થાય છે, એમાં ધર્મનો એક અંશ નથી એમ કહે છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આહા..હા..! ભગવાનજીભાઈ! આમાં તો રૂપિયા-બુપિયા તો ક્યાંય રહી ગયા. ધૂળ તો ક્યાંય રહી ગઈ ધૂળમાં.

અહીં તો ભગવાન આત્મા પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા ફરમાવે છે, ભાઈ! તારી ચીજમાં તો જ્ઞાન, આનંદ ને જ્ઞાન ને શાંતિ પડી છેને. એવા ભગવાન સ્વસ્વભાવનો આશ્રય નહિ લઈને ભગવાન ચૈતન્યસ્વરૂપથી ભ્રષ્ટ થયો અને પુણ્ય ને પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, કામ, ક્રોધનો રાગ સ્વરૂપથી ભ્રષ્ટ થઈને પોતાની એ ભૂમિકા છે એમ માનીને એમાં વ્યાપ્ત નામ પ્રસરી જાય છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભારે શાસ્ત્ર કેટલું ગૂઢ અને કેટલું ગંભીર!! સમજાણું કાંઈ?

ભાઈ! તું ભગવાન છોને, ભાઈ! આહા..હા..! ભગવાન કેમ રુચે? રાંક છું એમ માને છેને. આહા..હા..! પર્યાયબુદ્ધિ છે તો પોતાને રાંક-પામર માને છે. ભગવાન આત્મા તો આનંદસ્વરૂપ સચ્ચિદાનંદ પ્રભુ એ આત્મા છે. એમ પોતાના ભગવાન મહિમાવંત સ્વભાવની દૃષ્ટિ નહિ કરીને પુણ્ય અને પાપના શુભ-અશુભભાવની દૃષ્ટિ રાખીને પોતાના અજ્ઞાનભાવમાં અજ્ઞાની વ્યાપ્ત નામ પ્રસરી જાય છે. એની અધર્મની દશામાં એ ફલાય છે એમ કહે છે. આહા..હા..! ભારે વાત કઠણ. જગતને બિચારાને સાંભળવા મળે નહિ અને એને ધર્મ કે દી થાય? સમજાણું કાંઈ? આહા..!

પરમેશ્વર ત્રિલોકનાથ પરમાત્મા તીર્થંકરદેવ એમ ફરમાવે છે, ભાઈ! તારી અવસ્થા નામ ભૂમિકા નામ સ્થાન નામ ક્ષેત્રમાં અને તારી પર્યાયમાં જે પુણ્ય અને પાપના વિકલ્પો, વિભાવો, અપરાધ, ગુનો ઉત્પન્ન થાય છે તેને તું પોતાના છે એમ માનીને એ અજ્ઞાનમય રાગાદિની ઉત્પત્તિ તારી સ્થિતિમાં ઉત્પત્તિ થાય છે. એ '**દ્રવ્યકર્મનાં નિમિત્ત...**' આહા..હા..! એ અજ્ઞાનમયભાવ નવા જડકર્મ બંધાય એમાં નિમિત્ત (થાય છે). સમજાણું કાંઈ? આત્મા જે પુણ્ય અને પાપ, શુભ અને અશુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિ ભાવ બધા અજ્ઞાન-રાગમયભાવ છે, એ આત્મસ્વભાવ નહિ, એ ધર્મભાવ નહિ. આહા..! લોકોને.. જેઠાભાઈ! પહેલું સાંભળ્યું ત્યારે તો ધડાકા લાગતા હશે, નહિ?

**શ્રોતા** :- આ નિશાળ જ જુદી છે, પેલી નિશાળ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિશાળ જુદી છે. આહા..હા..! જુઓને! પણ વાત સીધી (છે).

ભગવાન આત્માની ખાણમાં, અંતરની ખાણમાં, અંતરના નિધાનમાં તો જ્ઞાન, આનંદ અને શાંતિ (ભર્યા છે). શાંતિ એટલે ચારિત્ર. સમજાણું કાંઈ? અંતરની ખાણમાં તો વીતરાગતા, આનંદ, જ્ઞાન, પુરુષાર્થનો પિંડ એ બધી શક્તિ એને ખજાને પડી છે. ખબર ન મળે. એ શક્તિવાન આત્મા, એવી શક્તિવાન ખજાનાનો સ્વામિ છે આત્મા. આહા..હા..! અનંતઆનંદ,

અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતબળનો પિંડનો સ્વામી આત્મા છે એની ખબર નથી. ત્યાંથી ચ્યુત થઈને પોતાની ભૂમિકામાં-ક્ષેત્રમાં-રાગ ને પુણ્ય ને પાપના વિકલ્પ ને શુભ-અશુભભાવ કરી પોતાના માનીને,.. પોતાના ભાવ, પોતાના કહ્યુંને? '(પોતાના) **અજ્ઞાનમય ભાવ...**' એ પુણ્ય અને પાપના વિકલ્પો પોતાના છે એમ માનીને, ક્ષેત્રમાં વ્યાપ્ત થઈને એ ભાવ નવા જડ કર્મમાં નિમિત્ત થાય છે. એ નવા બંધનમાં નિમિત્ત થાય છે. એવા નિમિત્તરૂપ ભાવોનો. એ નવા જડબંધમાં નિમિત્ત, એવી પર્યાયનો હેતુ જે અજ્ઞાની થાય છે. એમ ભાષા કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? બે-ત્રણપટ્ટી વાત કરી છે. આહા..હા..!

શું કહે છે? ભગવાન આત્મા પોતાનો પ્રભુ, પ્રભુત્વ, આનંદ, શાંતિની શક્તિને ભૂલીને પુણ્ય અને પાપ જે પામર-રાંક છે, શુભ-અશુભભાવ તો રાંક-ભિખારી, ભિખારા છે. એ વિકારમય પોતાને માનીને, એ વિકારમય ભાવની ભૂમિકામાં વ્યાપીને એ વિકારમયભાવ અજ્ઞાનીનો અજ્ઞાનમય કેવો છે? કે નવા આઠ કર્મમાં નિમિત્ત (થાય) એવી જે પોતાની પર્યાય, તેનો અજ્ઞાની આત્મા હેતુ થાય છે. એમ. કર્મનો હેતુ, કર્મને નિમિત્ત કહ્યું, ભાઈ! એની પર્યાય કર્મમાં નિમિત્ત, એવા ભાવનો હેતુ અજ્ઞાની થાય છે એમ કહ્યું છે. આહા..હા..!

ફરીને લઈએ, હોં! જુઓ, વસ્તુનો વિપરીત ભાવ. પુણ્ય અને પાપ, ચાહે તો ભગવાનની ભક્તિ હો, કે ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન.. ભગવાન કરતો હોય, એ બધો વિકલ્પ અને રાગ-પુણ્ય છે. એ શુભરાગ એ અજ્ઞાનમયભાવ છે, જ્ઞાનમય નહિ. જ્ઞાનમયમાં તો પવિત્રતા અને શુદ્ધતા પ્રગટ થાય છે. આ તો અશુદ્ધતાના પુણ્ય-પાપના ભાવમાં વ્યાપીને-પ્રસરીને 'આ હું છું' એમ વ્યાપક થઈને, અજ્ઞાની વ્યાપક થઈને એવી પર્યાયમાં વ્યાપે છે અને એ ભાવ નવા કર્મમાં નિમિત્ત થાય છે. તે ભાવનો અજ્ઞાની હેતુ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ? છે કે નહિ એમાં? જુઓ,

'(આગામી) **દ્રવ્યકર્મનાં નિમિત્ત...**' કોણ? અજ્ઞાનાદિ ભાવ જે માથે કહ્યા ઈ. પુણ્ય અને પાપનો રાગ અજ્ઞાનભાવ છે, આત્મભાવ નહિ, ધર્મભાવ નહિ. અજ્ઞાનભાવો '**તેમના હેતુપણાને પામે છે...**' અજ્ઞાની. આહા..હા..! સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? સુજાનમલજી! એ તો બહુ ધ્યાન રાખે છે. આહા..હા..! ભગવાન! તારી ચીજ તો જો. સમજાણું કાંઈ? આત્મા અનાદિથી અંતર્મુખ થયો નથી તો બહિર્મુખ પુણ્ય ને પાપ, શુભ ને અશુભભાવ કરે છે. કર્તાકર્મ છેને. તો શુભ-અશુભભાવ અજ્ઞાનમય કરીને તેમાં વ્યાપ્ત થઈને નવા કર્મમાં નિમિત્ત અને તે ભાવનો હેતુ, અજ્ઞાની એ ભાવનો હેતુ થાય છે. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ? વીરચંદભાઈ!

**શ્રોતા :-** અજ્ઞાનીનો ભાવ જડ કર્મના બંધનમાં હેતુ થાય છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્ત, નિમિત્ત. નિમિત્ત અને તે ભાવનો હેતુ અજ્ઞાની થાય છે. પુણ્ય-પાપના અજ્ઞાનભાવ છે તેનો હેતુ અજ્ઞાની થાય છે અને તે ભાવ દ્રવ્યકર્મમાં નિમિત્ત

છે. દ્રવ્યકર્મનું નિમિત્ત એવી પર્યાયનો હેતુ અજ્ઞાની અજ્ઞાનમયભાવથી થાય છે. સમજાણું કાંઈ? વીતરાગમાર્ગ પરમેશ્વર તીર્થંકર સર્વજ્ઞે કહેલો માર્ગ બહુ અલૌકિક અપૂર્વ છે, પણ દુનિયાને સાંભળવા મળતો નથી એટલે ક્યાંના ક્યાં ચડીને ભગવાનનો માર્ગ અમે પાળીએ છીએ એમ કહે છે. આહા..હા..!

એવી પર્યાયોના. જડ દ્રવ્યકર્મનું નિમિત્ત એવા અજ્ઞાનની પર્યાય, અજ્ઞાનની પર્યાય શબ્દે પુણ્ય-પાપના જે અજ્ઞાનમયભાવ છે તે નવા કર્મમાં નિમિત્ત અને તે ભાવના હેતુને પ્રાપ્ત થાય છે. દ્રવ્યકર્મના નિમિત્તરૂપ ભાવોના હેતુ અજ્ઞાનભાવી અજ્ઞાની થાય છે. જેઠાભાઈ! એ કળશ હવે કહેશે એનું સૂચન છે. હવે જે ગાથા કહેશેને? એની સૂચના છે. હવે ગાથા.

अण्णाणस्स स उदओ जा जीवाणं अतच्चउवलद्धी।
मिच्छत्तस्स दु उदओ जीवस्स असद्दहाणत्तं।।१३२।।
उदओ असंजमस्स दु जं जीवाणं हवेइ अविरमणं।
जो दु कलुसोवओगो जीवाणं सो कसाउदओ।।१३३।।
तं जाण जोगउदयं जो जीवाणं तु चिट्ठउच्छाहो।
सोहणमसोहणं वा कायव्वो विरदिभावो वा।।१३४।।
एदेसु हेदुभूदेसु कम्मइयवग्गणागदं जं तु।
परिणमदे अट्ठविहं णाणावरणादिभावेहिं।।१३५।।
तं खलु जीवणिबद्धं कम्मइयवग्गणागदं जइया।
तइया दु होदि हेदू जीवो परिणामभावाणं।।१३६।।

આહા..હા..! નીચે હરીગિત છે, આ મૂળ શ્લોક છે.

અજ્ઞાન તત્ત્વ તણું જીવોને, ઉદય તે અજ્ઞાનનો,
અપ્રતીત તત્ત્વની જીવને જે, ઉદય તે મિથ્યાત્વનો; ૧૩૨.
જીવને અવિરતભાવ જે, તે ઉદય અણસંયમ તણો,
જીવને કલુષ ઉપયોગ જે, તે ઉદય જાણ કષાયનો. ૧૩૩.
શુભ કે અશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિની ચેષ્ટા તણો,
ઉત્સાહ વર્તે જીવને, તે ઉદય જાણ તું યોગનો. ૧૩૪.
આ હેતુભૂત જ્યાં થાય, ત્યાં કાર્મણવરગણારૂપ જે,
તે અષ્ટવિધ જ્ઞાનાવરણઈત્યાદિભાવે પરિણમે. ૧૩૫.
કાર્મણવરગણારૂપ તે જ્યાં જીવનિબદ્ધ બને ખરે,
આત્માય જીવપરિણામભાવોનો તદા હેતુ બને. ૧૩૬.

આહા..હા..!

'ટીકા :- તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે)

**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો (-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે.'** પુદ્‌ગલનો ઉદય છે. અજ્ઞાન શબ્દે પુદ્‌ગલ. જરી ઝીણી વાત છે. સમજાણું કાંઈ? '**તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે)...**' તત્ત્વના વિરુદ્ધ ભાવથી '**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો (-સ્વાદમાં આવતો) અજ્ઞાનનો ઉદય છે.**' એ પુદ્‌ગલનો ઉદય છે, આત્મા નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અજ્ઞાનના ભાવને પુદ્‌ગલ કીધો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધા પુદ્‌ગલ જ છે, પુદ્‌ગલ-જડ. જડના ચાર ભેદ છે. મિથ્યાત્વ, અવ્રત, કષાયાદિ ભાવ. એ ભાવ જીવના છે જ નહિ, પુદ્‌ગલનો જ ભાવ છે. આહા..હા..!

**શ્રોતા :-** જીવની પર્યાયમાં થાય ઈ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર્યાયમાં થાય એમ કહેવું એ તો... એ જીવની પર્યાયમાં થતો જ નથી, એ તો પુદ્‌ગલની પર્યાય છે એમ અહીંયા તો કહે છે. સમજાણું કાંઈ? સૂક્ષ્મ છે, ભાઈ! આહા..હા..! જુઓ, એ અજ્ઞાનનો ઉદય જડ છે, પુદ્‌ગલ છે, માટી છે, અજીવ છે, મૂર્ત છે. ભગવાન આત્મા તેનાથી ભિન્ન છે, જ્ઞાનાનંદ છે, એમ કહેવું છે.

**શ્રોતા :-** સ્પર્શ, રસ, ગંધ, વર્ણવાળો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સ્પર્શ, રસ, ગંધવાળો નહિ, પણ એ રાગાદિ બધું પુદ્‌ગલ જ છે. એ ભાવ બધો પુદ્‌ગલ જ છે, જડ છે, આત્મામાં છે જ નહિ, આત્માનો ભાવ છે જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો જ્ઞાન અને આનંદની મૂર્તિ આત્મા છે. એમાં આવા પુણ્ય-પાપ, રાગ-દ્વેષના ભાવ એ ક્યાં છે? એ તો પુદ્‌ગલના ભાવ છે, જડના છે, જડના છે, અજ્ઞાનના છે. અજ્ઞાન શબ્દે જ્ઞાન નથી એવા પુદ્‌ગલના છે એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! હવે એ '**મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગના ઉદયો-કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે તેઓ-તે-મય અર્થાત્ અજ્ઞાનમય ચાર ભાવો છે.**' જુઓ, એ અજ્ઞાનના ચાર ભેદ પાડ્યા. આહા..હા..! ભગવાન આત્મા તો જ્ઞાનમય ચૈતન્યપ્રભુ છે. એને છોડીને જેટલા મિથ્યાત્વભાવ, કષાયભાવ, શુભ-અશુભભાવ, અવ્રતભાવ, યોગભાવ એ બધા પુદ્‌ગલના ભાવ, પુદ્‌ગલ છે, એ અજ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપથી વિરુદ્ધ અજ્ઞાન છે. અજ્ઞાન એ પુદ્‌ગલ છે. સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ! આહા..હા..! શુભભાવ પુદ્‌ગલ છે એમ કહે છે, એ અજ્ઞાન છે એમ કહે છે. આહા..! રાડ નાખે છે. ભગવાન! તેં તારી વસ્તુ સાંભળી નથી, ભાઈ!

ભગવાન આત્મા આનંદનો કંદ છે. એમાંથી તો આનંદ ને જ્ઞાન, જ્ઞાતાની પર્યાય ઝરે. આહા..હા..! સમજાણું કાંઈ? એવો સ્વભાવ ભગવાન આત્મા આનંદનું ધામ, ચૈતન્યધામ અનાદિઅનંત પ્રભુ આત્મા છે. તેનાથી વિરુદ્ધ જેટલો મિથ્યાત્વભાવ, વિપરીત શ્રદ્ધા,

અજ્ઞાનભાવ, અવ્રતભાવ, કષાય, યોગ એ બધા અજ્ઞાનના જ ભેદ છે, આત્માના જ્ઞાનના ભેદ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

'**તત્ત્વના અજ્ઞાનરૂપે (અર્થાત્ વસ્તુસ્વરૂપની અન્યથા ઉપલબ્ધિરૂપે)...**' આત્મામાં સ્વાદરૂપ થતો પુદ્ગલનો ઉદય છે, અજ્ઞાનનું પ્રગટપણું છે, પુદ્ગલનું પ્રગટપણું છે. આત્મા ભગવાન એમાં આવતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? છબીલભાઈ! કોઈ દી સાંભળ્યું પણ નહિ હોય આટલા વર્ષમાં. ધંધા.. ધંધા.. ધંધા પાપના. અહીં તો કહે છે, પુણ્યના પરિણામ છે એ અજ્ઞાનમયભાવ છે એમ કહે છે. તને ખબર નથી. સમજાણું કાંઈ? એ.. જગ્યા આપજો. સમજાણું કાંઈ?

આત્મા તો આનંદ અને જ્ઞાનપ્રકાશની ચૈતન્યસૂર્ય મૂર્તિ છે. આ આત્મા એ તો ચૈતન્યસૂર્ય છે. તો સૂર્યના કોઈ કિરણમાં કોલસાનું કિરણ છે? સૂર્યના કોઈ કિરણમાં કોલસાનું કિરણ આવે છે? એમ ભગવાન આત્મા તો જ્ઞાન ચૈતન્યસૂર્ય છે. એનું કોઈ કિરણ શુભ-અશુભ પરિણામરૂપ થતું જ નથી. એ શુભ-અશુભભાવ પુદ્ગલના પરિણામ અજ્ઞાનમયભાવ છે. આત્માના નહિ એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ '**અજ્ઞાનનો ઉદય છે. મિથ્યાત્વ, અસંયમ...**' અત્યાગભાવ '**કષાય અને યોગ...**' શુભ-અશુભયોગ આવશે. તે '**ઉદયો-કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે...**' જુઓ, નવા આઠ કર્મમાં એ ભાવ હેતુ છે. એ ભાવ અજ્ઞાનમય ચાર ભાવ છે. એ પુદ્ગલમય ચાર ભાવ છે. ઉદય આવ્યો એ જ પુદ્ગલમય છે અને એ જ નવા કર્મનો હેતુ થાય છે. સમજાણું કાંઈ? જૂના કર્મ નવાને હેતુ થાય છે. ભાઈ! મૂળ તો એમ સિદ્ધ કરવું છેને. જૂના કર્મ નવાને હેતુ થાય છે. અને આત્મા પછી અહીં પરિણામ હેતુ થાય છે. એમ પછી કહે છે. હેતુ થાય છે. આહા..હા..!

કહે છે કે એ બધા પુદ્ગલ જ છે. જડના ઉદયના ચાર ભેદ. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ એ જડનો ઉદય છે. એ જડનો ઉદય નવા કર્મને હેતુ થાય છે. એ જડનો ઉદય નવા કર્મને હેતુ થાય છે. એ અજ્ઞાનમય ચાર ભાવ છે. એ પુદ્ગલમય ચાર ભાવ છે. જડ ભાવ ચાર છે. પુદ્ગલ હોં અજીવ. જે કર્મનો ઉદય આવ્યોને, એ ઉદય અજીવભાવ છે. એ અજીવના ચાર ભેદ છે. મિથ્યાત્વ, અસંયમ, કષાય અને યોગ. એ કર્મનો ઉદય જે છે એ નવા કર્મમાં હેતુ થાય છે. નવા કર્મમાં એ જડ કર્મ, જડ ભાવ, જડ ભાવ કર્મનું એ નિમિત્ત થાય છે. પછી કહેશે કે આત્મા રાગ-દ્વેષ, અજ્ઞાન કરે છે તો એમાં નિમિત્ત પડ્યા. પોતાના ભાવનો હેતુ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

ફરીથી. તત્ત્વના અજ્ઞાનરૂપે વસ્તુ સ્વરૂપમાં જ્ઞાનમાં જે ભાસ થાય છે એ અજ્ઞાનનો ઉદય છે. કર્મનો ઉદય પુદ્ગલનો જડનો ઉદય છે. એ જડ ચાર પ્રકારના છે. એ જડ અજ્ઞાનના ચાર પ્રકાર છે. '**કે જેઓ (નવાં) કર્મના હેતુઓ છે...**' એ જડ ચાર પ્રકારના છે કે જે નવા કર્મમાં હેતુ થાય છે. આરે.. આરે.. ભારે વાત. શાંતિભાઈ! બહુ ઝીણું હોં! એ

નોકરી છોડીને આવ્યા. સાંભળ્યુંને? ૧૩૦૦નો માસિક પગાર. અત્યારે ચાલુ છોડીને રાજીનામુ આપી દીધું. નોકરી જ કરવી નથી હવે. શું નોકરો કરીને કરવું છે? એમને એમ હેરાન થયા દુનિયામાં. સમજવાનો વખત તો લે. પછી વળી જુદી ચીજ છે. એઈ..! આહા..હા..! હજી તો ચીજ કેવી છે, શું થાય છે એની ખબર નથી. પછી સ્વરૂપની દૃષ્ટિ કરવી અને પરિણમન કરવું એ તો અલૌકિક પુરુષાર્થ છે. સમજાણું કાંઈ? એ તો અનંતકાળમાં નહિ કરેલો એવો સમ્યગ્દર્શનનો પુરુષાર્થ છે. સમ્યગ્દર્શન એટલે? આખો ભગવાન આત્મા નિર્મળાનંદ પ્રભુ કબ્જે કરી લીધો. આવી દૃષ્ટિ થાય ત્યારે એની ધર્મની શરૂઆત થાય છે. નહિતર ધર્મ થતો નથી. સમજાણું કાંઈ? ધર્મની સામેની વાત કરે છે.

ઓહો..! એ કર્મ પુદ્‌ગલ છે. એ બધા પુદ્‌ગલના ચાર પ્રકાર છે અને એ ચાર પ્રકાર નવા બંધનમાં હેતુ થાય છે. એ અજ્ઞાનમય ચાર ભાવ છે. હવે એનો ખુલાસો કરે છે. '**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય છે;...**' જડ, એ પુદ્‌ગલ. '**તત્ત્વના અશ્રદ્ધાનરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો મિથ્યાત્વનો ઉદય...**' જડ પુદ્‌ગલ. ભગવાન આત્મામાં મિથ્યાત્વ કેવું? અને પુદ્‌ગલની અસર કેવી? સમજાણું કાંઈ? '**અવિરમણરૂપે (અત્યાગભાવરૂપે) જ્ઞાનમાં સ્વાદરૂપ થતો અસંયમનો ઉદય છે.**' આ ચાર બોલની વાત કરે છે, ભાઈ! અર્થ કરે છે. એ ચાર અજ્ઞાનમય પુદ્‌ગલ છેને. ઉદય જડનો હોં! જડનો ઉદય. એના ચાર ભેદ આ પ્રકારે છે. એ ખ્યાલમાં આવતા નથી, પણ એ બધી ચીજ ઈ. '**કલુષ (મલિન) ઉપયોગરૂપે જ્ઞાનમાં સ્વાદરૂપ થતો કષાયનો ઉદય છે;...**' એ પુણ્ય અને પાપનું સામાન્ય રૂપ, એકરૂપ અહીંયા. પછી ખુલાસો યોગમાં કરશે. સામાન્યરૂપે કલુષિતતા, કલુષિતતા જે જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે એ જડનો ઉદય છે. પુદ્‌ગલ, પુદ્‌ગલ, પુદ્‌ગલ, આત્મા નહિ.

હવે '**શુભાશુભ પ્રવૃત્તિ...**' આ શુભમાં પ્રવૃત્તિ અને અશુભમાં નિવૃત્તિ. શુભભાવ દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામમાં પ્રવૃત્તિ અને અશુભથી નિવૃત્તિ સાથે લીધી. બેય પુદ્‌ગલના પરિણામ છે. જોગ છે, જડ છે એમ કહે છે અહીં તો. આહા..હા..! સમજાણું કાંઈ? આ કહે છેને ભાઈ! અમે અશુભથી તો નિવર્ત્યા છીએ, એમ કહે છે. શુભમાં રાગ છે પણ અશુભથી તો નિવૃત્ત (થયા છીએ). અહીં તો કહે છે, અશુભથી નિવૃત્તિ અને શુભમાં પ્રવૃત્તિ બેય જોગ છે, પુદ્‌ગલ છે. સાંભળને હવે. તને ખબર નથી. ભગવાન આત્મા આનંદકંદમાં એ જોગ ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? એ સ્વાદ જડનો સ્વાદ છે. આત્મામાં ક્યાં છે? સમજાણું કાંઈ? ભગવાન આત્માનો સ્વાદ તો અતીન્દ્રિય આનંદ છે. એની તો ખબર નથી. સમજાણું કાંઈ?

કહે છે, '**શુભાશુભ પ્રવૃત્તિ...**' દયા, દાન, વ્રત, ભક્તિ શુભમાં પ્રવૃત્તિ. કહો, જેઠાભાઈ! આ ઊના પાણી પીવા ને ટાઢા ન પીવા ને.. એ તો વળી બહારની પ્રવૃત્તિ. પણ અંદરમાં આ ભાવ દયાનો, સત્યનો, દત્તનો, બ્રહ્મચર્યનો શુભભાવ. એ શુભ છે, હોં! અશુભથી નિવૃત્તિ.

પણ બેય જોગની ચેષ્ટા પુદ્‌ગલ છે. આહા..હા..! ભગવાન આનંદકંદમાં ઈ ક્યાં છે? એ તો પુદ્‌ગલના પરિણામ કહે છે. આહા..! શુભ-અશુભપ્રવૃત્તિ. આહા..હા..!

નવા માણસ રાડ નાખે, હોં! પણ શુભભાવ કરે ઈ ધર્મ. બીજો ધર્મ ક્યો હશે? આ જાત્રા કરવી, ભક્તિ કરવી, સામાયિક કરવી, પોષા કરવા, પડિકમણા કરવા, અપવાસ કરવા, આંબેલ કરવી. પજોસણમાં આઠ કરી નાખે કે દસ કરી નાખે. ભાઈ! તને ખબર નથી. એ ક્રિયામાં તારો રાગ મંદ પડીને જેટલો ભાવ થયો હોય તો એ શુભ છે, એ પુદ્‌ગલ છે, આત્માનો ભાવ નહિ. ભાઈ! તને ખબર નથી. આહા..હા..! સમજાય છે? ભગવાન! તારા ઘરમાં એ ન હોય. તારા ઘરની એ ચીજ નથી. ભગવાનને ઘરે કંઈ આ હોય? આહા..હા..! સમજાય છે કાંઈ? પણ એને આમ ભગવાન કહેતા તો પરસેવો ઊતરી જાય. હાય.. હાય..! હું ભગવાન? અરે..! અનંતા ભગવાનનો ભગવાન તું છો અંદર, ખબર નથી તને. અનંતા ભગવાન-સિદ્ધપર્યાય અનંતા ભગવાન પોતે છે. દ્રવ્ય છેને. આહા..હા..! સમજાય છે કાંઈ?

એવો જે આત્મા પ્રભુ ચૈતન્ય મહાત્મા, મહાત્મા દ્રવ્ય છે એમ અંતરમાં દૃષ્ટિ નહિ કરીને, અંતરનો આશ્રય નહિ કરીને સ્વભાવથી ચ્યુત થયેલો શુભપરિણામમાં પ્રવૃત્તિ કરે છે અને અશુભ પ્રવૃત્તિથી નિવર્તે છે. બધા પુદ્‌ગલના પરિણામ છે. અમદાવાદ! આ તો કહે, દયા પાળો, પોષા કરો, ધર્મ થઈ ગયો. તમારે બોટાદમાં તો એમ છેને. આહા..હા..! એ વખતે તો માનતા. હતું કેદી?

'**શુભાશુભ પ્રવૃત્તિ કે નિવૃત્તિના** વ્યાપારરૂપે...' જુઓ, પુણ્ય-પાપનો વેપાર અંદર. શુભભાવનો વેપાર અને અશુભથી નિવૃત્તિનો વેપાર બધો પુદ્‌ગલ છે. અહીં તો '**જ્ઞાનમાં સ્વાદરૂપ થતો યોગનો ઉદય છે.**' જડ છે. શરીર નામકર્મ છેને. એ બધા જડ છે. એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન રાગના પડખાથી ભિન્ન ચીજ છે. રાગનું પડખું એ બધા પુદ્‌ગલના પડખા છે એમ કહે છે. જડને પડખે ચડ્યો એ દશા જ જડ છે. પડખે સમજો છો? જડને સંગે, પડખે, સાથ. આ પડખું હોયને? ડાબુ જમણું નહિ? જમણું પડખું કહે છેને? તમારામાં નથી કહેતા? આને ડાબુ પડખુ કહે છે. પડખું નથી કહેતા? શું ભાષા છે હિન્દી? આ તો પડખુ. તમારું કામ નહિ. તમારે તો હજી આઘું બહુ ચાલવું પડશે. કહો, સમજાણું કાંઈ? આ તો જમણુ પડખુ નથી કહેતા જમણું પડખુ? પડખુ નથી કહેતા? એના પડખે ચડી ગયો. એમ તમારામાં નથી કહેતા? પક્ષે. ખરાબના પક્ષે ચડી ગયો. એમ આ જડના પડખે ચડી ગયો છે તો ચારેય ભાવ જડ જ છે, એમ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે કામ, ભાઈ!

પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ સર્વજ્ઞ પરમેશ્વર ઈન્દ્રોના સમક્ષમાં આ જાહેર કરતા હતા. એ વાત સંતોએ જાહેર કરી છે. આહા..હા..! સમજાય છે? અજ્ઞાનીને તો મળી નથી. બિચારા મૂઢપણે એમનેએમ શુભભાવ કાંઈક થાય એ ધર્મ. ધૂળેય ધર્મ નથી. ધૂળેય નથી એટલે

સારા પુણ્ય પણ નહિ બંધાય, મિથ્યાત્વભાવ છે એટલે. સમજાણું કાંઈ? વસ્તુની ખબર નથી. ભગવાન ચિદાનંદ પ્રભુનો સ્પર્શ નહિ કરીને રાગનો સ્પર્શ કરવો એ તો પુદ્‌ગલનો સ્પર્શ છે, કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ચારેય ભાવ પુદ્‌ગલ છે. એ ચાર પૂર્વનો ઉદય છે એમ કહે છે. સમજાણું કાંઈ?

'**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં...**' આ પૌદ્‌ગલિક મિથ્યાત્વ આદિ જડ કર્મનો ઉદય. માટી જે કર્મ છેને, એના ઉદયના ચાર પ્રકાર કહ્યા, અજ્ઞાનભાવના. અજ્ઞાન શબ્દે પુદ્‌ગલ, જ્ઞાન નહિ. એના ચાર બોલ. '**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત થતાં કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય...**' એ વખતે જે કર્મ થવાને લાયક જે પરમાણુ છે એ '**જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે,...**' જુઓ, નવા કર્મ પણ પોતાની પર્યાયથી નવા પરિણમે છે. આત્મા નવા કર્મ બાંધતો નથી. અજ્ઞાની પણ નવા કર્મ બાંધતો નથી. આહા..હા..! સમજાણું કાંઈ? અજ્ઞાની એ નવા કર્મબંધનમાં જે અજ્ઞાનનો ભાવ છે તેનો હેતુ થાય છે. બંધનમાં નિમિત્ત થાય પણ બંધનની પર્યાય અજ્ઞાની કરતો નથી. કર્મની પર્યાય આત્મા બાંધતો નથી અને આત્મા તોડતો નથી, એ તો જડ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત...**' જડનો ઉદય. કર્મનો. એ હેતુભૂતિ થતાં-નિમિત્ત થતાં. કોનું નિમિત્ત? '**કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિભાવે આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે...**' એ તો ફક્ત નિમિત્ત છે. સામે કર્મને યોગ્ય જે જડ પરમાણુ અંદર પડ્યા છે, એ જ્ઞાનાવરણાદિ પર્યાયપણે, ભાવ એટલે પર્યાય. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અંતરાય, મોહ, આયુષ્ય, નામ અને ગોત્ર—એ આઠ પર્યાયપણે સ્વયમેવ પુદ્‌ગલ કર્મપણે પરિણમે છે. આ પુદ્‌ગલ જૂના કર્મ છે તો પરિણમે છે એમ નથી, એમ કહે છે. જૂના કર્મ તો ફક્ત નવામાં હેતુ થયા, પણ નવા પરિણમે છે એ તો પોતાની પર્યાયથી કર્મરૂપ થાય છે. એ જૂના કર્મ એને કર્મરૂપ પર્યાય કરાવે છે એમ નથી અને અજ્ઞાની પણ એ કર્મરૂપ પર્યાય કરે છે એમ નથી, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ત્રણેનું ભિન્ન-ભિન્ન ખાતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ત્રણેનું ભિન્ન-ભિન્ન. જૂના કર્મનો ઉદય જડ, નવાનું થવું સ્વતંત્ર અને બે વચમાં રાગના પરિણામ, મિથ્યાત્વરૂપ કરીને એના વિકારનો હેતુ અજ્ઞાની થાય. તે પરિણામ નવાને નિમિત્ત કહેવામાં આવે. પણ અહીં તો એમ ન કહેતા નવાને નિમિત્ત તો જૂનાને જ કીધું છે અહીં તો. આ ભાષા તો જુઓ. નવા કર્મના હેતુ તો જૂના જડ છે એને જ કહ્યું છે. અને આત્મા તો એના વિકારી પરિણામનો હેતુ થાય એમ કહ્યું. કળશમાં એમ આવ્યું હતું કે નવા કર્મનું નિમિત્ત. નવા કર્મનું નિમિત્ત એવા જે પોતાના અજ્ઞાનભાવ એનો હેતુ અજ્ઞાની પોતે થાય. આ બધું સમજવું કઠણ પડેને, એટલે પછી ચાલો એક નવ્વાણુ

જાત્રા કરી નાખીએ. એ.. સુજાનમલજી!

**શ્રોતા :-** ખોટી વાત..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ખોટી વાત? પણ તમે કરી હતી કે નહિ? બધી કરી હતી. આણે પણ બહુ કર્યું હતું. ઉપધાન ને ૪૫ ને ૩૨ ને ૨૮. ૨૮ નહોતા કર્યા, નહિ? કર્યા હતા? એમ. બે કર્યા હતા. એ સાંભળ્યું હતું. તમે કીધું હતું. ૨૮ નહોતા કર્યા.

**શ્રોતા :-** પાંચ ઉપધાન છે. પહેલા ત્રણ કરવા પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, એટલા કરવા જ પડે. તો સરખું થાય. બિચારા હેરાન કરી કરીને મરી જાય. ઉઠ-બેસ કરી સવારથી સાંજ સુધી ભગવાન પાસે. સો-સો ખમાસણા. અર..ર..ર..! આ તો જડની ક્રિયા છે, ભાઈ! આ અંદર તારા શુભભાવ થાય એને પણ અહીંયા પુદ્‌ગલ કીધા છે, ભાઈ! તારું સ્વરૂપ નથી, તને ખબર નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

'**આ પૌદ્‌ગલિક મિથ્યાત્વાદિના ઉદયો હેતુભૂત...**' ઉદય એટલે જડ પૂર્વના, એ નિમિત્ત થતાં. બસ, નિમિત્ત થતાં, એટલું. '**જે કાર્મણવર્ગણાગત...**' નવા કર્મ. કર્મની વર્ગણા એટલે કર્મના રજકણોનો પિંડ પડ્યો છે એ '**પુદ્‌ગલદ્રવ્ય જ્ઞાનાવરણાદિ ભાવે...**' એ પુદ્‌ગલ પરમાણુઓ જ્ઞાનાવરણાદિ પર્યાયથી '**આઠ પ્રકારે સ્વયમેવ પરિણમે છે...**' એ પુદ્‌ગલ સ્વયમેવ પરિણમે છે. કોઈ પરિણમાવે છે એટલે પરિણમે છે એમ નથી. કર્મરૂપ અવસ્થા એને કારણે થાય છે, પુદ્‌ગલને કારણે, આત્માથી નહિ અને પૂર્વકર્મને કારણે પણ નહિ. એ તો હેતુ કહ્યો. સમજાણું કાંઈ? ભારે ઝીણું. એક કલાકની વાત યાદ રાખવી પડે એને ઠેકાણે કેટલા વર્ષની વાતું ભિન્ન-ભિન્ન પ્રકારની સત્યને સમજવા માટેની. આહા..! વખત ક્યાં છે? મરવાનો વખત નથી. કહે છેને માણસ? ટાઈમ મરવાનો આવશે ત્યારે પડ્યો રહીશ ખાટલે ત્યાં. ન્યાં ક્યાં... જાઓ, પાંચસો ધોકડાનો તાર કરો. જ્યાં ઓલો ગયો ત્યાં ઊડી ગયો ઈ. ફૂ.. ફૂ. ધૂળમાંય નથી, સાંભળને! આ તો માટી જડ છે. અવાજ નીકળે ઈ જડ છે. ઈ ક્યાં આત્માનો અવાજ છે.

અહીં તો વિકારી પરિણામ પુદ્‌ગલનો જડનો ઉદય, ચાલને. આહા..હા..! સમજાય છે કાંઈ? અટપટી જરી ગાથા છે. આખા સમયસારની વાત જ સૂક્ષ્મ એટલી છે કે એની મેળાએ સ્વચ્છંદે વાંચે અને કલ્પનાથી વાંચે તો ઘરનું કાઢે કાંઈકનું કાંઈક. એવી વાત છે. ભગવાન! અહીં તો દ્રવ્યસ્વભાવ એકદમ પવિત્ર આનંદ છે, બસ. જૂના કર્મનો ઉદય આવ્યો તો નવા બંધાણા. નિમિત્તરૂપે જૂના થયા. પછી વચમાં વાત કરશે હજી.

'**તે કાર્મણવર્ગણાગત પુદ્‌ગલદ્રવ્ય જ્યારે જીવમાં નિબદ્ધ થાય...**' એ તો એક જ સમયે થાય છે, તે સમયે. જ્યારે કર્મનો ઉદય આવ્યો એ હેતુ થયો, તે જ સમયે નવા આઠ કર્મ બંધાણા. '**જ્યારે જીવમાં નિબદ્ધ થાય ત્યારે જીવ સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના**

**એકત્વના અધ્યાસને લીધે...'** લ્યો, હવે આત્મા આવ્યો. ત્યારે સ્વયમેવ પોતાથી જ કર્મને કારણે નહિ. નવું બંધન થયું તે કારણે નહિ, જડ કર્મનો ઉદય આવ્યો તે કારણે નહિ. સ્વયમેવ **'અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...'** રાગ અને આત્મા સ્વપર ભિન્ન છે એમ ભાન નથી. રાગ શુભ હો કે અશુભ, એ પર છે. આત્મા ભિન્ન છે એવું ભાન અજ્ઞાનીને નથી. **'સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.'** ઈ હવે જીવના પરિણામ આવ્યા, એ જીવ આવ્યો. જીવના. સમજાણું કાંઈ?

**'સ્વયમેવ અજ્ઞાનથી સ્વપરના એકત્વના અધ્યાસને લીધે...'** ભગવાન આત્મા જ્ઞાન અને આનંદ છે એ સ્વ. અને એ શુભ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ-ક્રોધના વિકલ્પ છે એ પર વિકાર આસ્રવતત્ત્વ છે. એ આસ્રવ છે, આત્મા જ્ઞાન છે. બેને એક માને છે. એકત્વના કારણે છેને? અધ્યાસ થયો, ટેવાઈ ગયો, ટેવાઈ ગયો. આહા..હા..! અધ્યાસ થઈ ગયો. **'તત્ત્વ-અશ્રદ્ધાન...'** જુઓ, આ તત્ત્વ-અશ્રદ્ધાન એટલે જીવની વિપરીત પર્યાય. સમજાણું કાંઈ? તત્ત્વ અશ્રદ્ધાન આદિ. અથવા ઈ આવ્યુંને, કષાય, અવિરતિ, યોગ આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો. પોતાના અજ્ઞાનમય ભાવોનો. શુભ અને અશુભભાવ એ જ્ઞાનસ્વરૂપ ભગવાનના જ્ઞાનમયભાવ નથી. એ અજ્ઞાનમયભાવ છે. એવા **'અજ્ઞાનમય પરિણામભાવોનો...'** જુઓ, કેટલી ભાષા (કરી છે). પોતાના અજ્ઞાનમય પર્યાયભાવોનો. એ ભાવ-પર્યાયરૂપ ભાવ, એમ. પરિણામરૂપ ભાવનો હેતુ અજ્ઞાની થાય છે. સમજાણું કાંઈ?

કહે છે કે પૂર્વકર્મના જડ કર્મનો અજ્ઞાનનો ઉદય આવ્યો તો એ હેતુથી નવા કર્મ બંધાય છે. નવા કર્મ, નવા કર્મ છેને? ઈ બંધાય એમાં એ જૂના કર્મ નિમિત્ત થાય, બસ. હવે આત્મા જ્યારે બેની વચ્ચે પોતાને ભૂલીને અજ્ઞાનભાવરૂપ, અતત્ત્વ-શ્રદ્ધાન, કષાયભાવ શુભ-અશુભ પરિણામ થાય છે એ ભાવનો હેતુ જીવ થાય છે. અહીં તો ઈ કહ્યું લ્યો. સમજાણું કાંઈ? ઓલામાં તો એમ પણ કહ્યું હતું, દ્રવ્યકર્મનું નિમિત્ત. કળશમાં, ભાઈ! કહ્યું હતું. જીવને. દ્રવ્યકર્મનું નિમિત્ત એવા પરિણામનો હેતુ થાય છે, એમ કહ્યું છે અહીં. દ્રવ્યકર્મનું નિમિત્ત એવો જે અજ્ઞાનીનો અજ્ઞાનભાવ એ અજ્ઞાનભાવ નવા કર્મનું નિમિત્ત એનો હેતુ અજ્ઞાની થાય છે એમ કહ્યું હતું.

અહીંયા તો કહ્યું કે જૂના કર્મનો ઉદય જડ મિથ્યાત્વ આદિ એ નિમિત્ત-હેતુ અને નવું બંધન ઉપાદાન પોતાને કારણે (થાય છે). પોતાને કારણે નવા કર્મ બંધાણા. જૂના કર્મને કારણે નહિ, એ તો ફક્ત હેતુ છે. એની સંધિ ત્યાં ગઈ. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ ત્યાં થયો. સમજાણું કાંઈ? આત્મા પોતાના સ્વભાવને ભૂલીને એ પરિણામ જે તત્ત્વ-અશ્રદ્ધાન વિપરીત આદિ થાય છે તે ભાવનો હેતુ થાય છે. **'તત્ત્વ-અશ્રદ્ધાન આદિ પોતાના અજ્ઞાનમય પરિણામભાવોનો હેતુ થાય છે.'** એમ લીધું. કળશ કરતાં જરી... કળશમાં ટૂંકુ કહેવું હતુંને.

સમજાણું કાંઈ? શું કહ્યું આ? પાંચ મિનિટ-દસ મિનિટમાં બોલી શકે? હિંમત, હિંમત આવે? કાંઈ નહિ. આ તો બોલી શકે કે નહિ એટલું. બોલવાનું ક્યાં છે અહીં.

જુઓ, અહીંયા આત્મા-વસ્તુ ભગવાન આત્મા પૂર્ણાનંદ જ્ઞાનનો નાથ છે પ્રભુ, એ સમયે પૂર્વના જૂના જડ કર્મ છે, અસ્તિ છેને જડની? છેને? ઈ છે તેનો વિપાક થાય છે-ચાર અજ્ઞાનભાવનો. મિથ્યાત્વ, અવ્રત, કષાય. એ નવા કર્મ બંધાય છે એમાં નિમિત્ત છે. અને અજ્ઞાની આત્મા પોતાના અજ્ઞાનમયભાવ, અતત્ત્વ-શ્રદ્ધાન આદિ ભાવ, કષાયભાવ, શુભ-અશુભભાવ એ પરિણામનો હેતુ થાય છે. બસ એમ કહ્યું. સમજાણું કાંઈ? જૂના કર્મને હેતુ આ. આત્મા પોતાના પરિણામને હેતુ. આહા..! સમજાણું કાંઈ? એનો અર્થ એ પણ થયો કે નવા કર્મમાં એ પરિણામ નિમિત્ત પણ કહેવામાં આવે છે. જૂનાને નિમિત્ત કહ્યુંને, તો આ પરિણામને પણ નિમિત્ત કહેવામાં આવે છે. પણ અહીં વજન દેવું છે જૂના સાથે નવા બંધનો. એટલે જૂના કર્મનો હેતુ સિદ્ધ કર્યો. પરિણામ કહો તો પોતાના પરિણામનો હેતુ પોતે છે એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ? અરે..! આવો ધર્મ હશે? આમાં કંઈ સમજાય નહિ એવો ધર્મ હશે? બીજાને સમજાય એવી વાત હોય કંઈક, ઝટ આ કરો, આ કરો, જાઓ ભાઈ! એક લાખ રૂપિયા ખર્ચી નાખો, મંદિર બનાવો પચાસ લાખ ખર્ચીને એવું બનાવો, એવું બનાવો કે આમ પગથિયા ઊંચા આમ આમ દેખાય ચારે કોર. ઓહોહો..! ભારે ધર્મ કર્યો! એઈ..! ધૂળેય ધર્મ નથી. તારા લાખ-કરોડ મંદિર બને નહિ, ધર્મ ક્યાંથી આવ્યો? એ તો જડ છે, એ તો પરની પર્યાય છે. એ આત્મા ક્યાં કરી શકે છે. એ તો જડની પર્યાય સ્વયં પરિણમે છે. શું તું કરે છે એને? એમાં તારો ભાવ રાગની મંદતા હો તો. આબરુ, કીર્તિ અને માન માટે હોય તો તો પાપભાવ છે. પણ કોઈ દયા, દાન, ભક્તિ આદિનો શુભભાવ હોય તો એ શુભ રાગ છે, અજ્ઞાન છે, એ કંઈ આત્માનો ભાવ નથી; અને પોતાના માનીને અજ્ઞાન સેવે છે તો નવા કર્મ બંધાય છે. નવા કર્મમાં જૂના કર્મ હેતુ અને આત્માના પરિણામ પણ હેતુ છે, એમ લઈ લેવું. સમજાણું કાંઈ? એ ગાથાનો અર્થ થયો, ભાવાર્થ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૧૬૧ થી ૧૬૩, કળશ-૧૦૯
## પ્રવચન નં.૨૪૧, તા.૩૧-૮-૯-૧૯૬૯ (ર)

સમયસાર, પુણ્ય-પાપ અધિકાર ચાલે છે. છેલ્લી ગાથાઓ છે પુણ્ય-પાપની, ૧૬૧, ૧૬૨, ૧૬૩. અહીંયા આવ્યું છે. જુઓ, '**તે તો પોતે જ કર્મ છે, તેના ઉદયથી જ જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.**' ટીકાની છેલ્લી લીટી છેને. જે કંઈ અંદર પંચમ ગુણસ્થાનમાં કે છઠ્ઠે વ્રતનો વિકલ્પ હોય છે એ કર્મરૂપ છે, ધર્મરૂપ નહિ. સમજાણું કાંઈ? મિથ્યાદૃષ્ટિને તો વ્રતાદિ છે જ નહિ. સમ્યગ્દૃષ્ટિને પંચમ ગુણસ્થાનમાં કે છઠ્ઠી ભૂમિકામાં મુનિપણાની દશામાં વ્રત, તપનો જે વિકલ્પ છે એ કર્મરૂપ છે, ધર્મરૂપ નહિ.

**શ્રોતા :-** કર્મરૂપ એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધભાવરૂપ કર્મ છે. કર્મ એટલે ભાવ. પુણ્યના ભાવ એ કર્મ નામ વિકારનું કાર્ય છે, ધર્મનું કાર્ય નથી એમ કહે છે. સમજાણું કાંઈ? કર્મ એટલે કાર્ય. કોનું? વિકારનું.

**શ્રોતા :-** કર્મ આપ કહો એટલે અમે તો આઠ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ આઠ કર્મની વાતેય અહીં નથી.

**શ્રોતા :-** એકદમ નજર દોડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નજર દોડી જાય. કર્મ એટલે ભાવકર્મ. વ્રત, તપ, દાન, દયા, જપ આદિનો ભાવ, ભક્તિ, પૂજા, એ જે ભાવ છે એને અહીંયા કર્મ કહે છે. છેલ્લી ત્રણ ગાથા છેને.

'**તે તો પોતે કર્મ જ છે, તેના ઉદયથી જ...**' તેના પ્રગટ થવાથી. સમજાણું કાંઈ? વ્રત, તપના ભાવ પ્રગટ થવાથી જ '**જ્ઞાનને અચારિત્રીપણું થાય છે.**' આત્મામાં એ અચારિત્રપણું છે. સમજાણું કાંઈ? લોકો કહે છે, પણ એ ચારિત્ર છે કે નહિ? પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ પાળે છે કે નહિ? ત્યારે ચારિત્ર હોય છે કે નહિ?

**શ્રોતા :-** પાળતા-પાળતા થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાળે છે. પાળે છે ક્યાં? એ તો વ્યવહારનયનું કથન છે. શું વિકાર પાળે? અહીં તો કહે છે, એ તો કર્મ છે. ખરેખર તો પુદ્ગલના પરિણામ છે, આત્માનો સ્વભાવ નથી. ઓહો..! એ વ્રત, તપના ભાવ અચારિત્રીપણું છે એમ કહે છે. જુઓ, સમકિતીના

હોં! મિથ્યાદૃષ્ટિની તો વાત જ નથી. એની પાસે તો છે જ નહિ. જ્યાં રાગ ઉપર બુદ્ધિ છે, રાગમાં અસ્તિત્વ માને છે અને રાગમાં એકત્વબુદ્ધિ છે એ તો મિથ્યાદૃષ્ટિ છે. એને તો વ્રતના પરિણામ વ્યવહારથી પણ હોતા નથી. ત્યારબાદ સમ્યગ્દર્શન થયા પછી શુદ્ધ આત્મા આનંદમૂર્તિ નિર્વિકલ્પ શુદ્ધ ચૈતન્યના આનંદનું ભાન થવામાં જે પ્રતીત-સમ્યગ્દર્શન થાય છે. ત્યારપછી સ્વરૂપની શાંતિ વિશેષ પ્રગટ થાય છે ત્યારે તેને બાર વ્રતનો વિકલ્પ ઉઠે છે અને મુનિને અંતર વીતરાગી શાંતિ એટલી પ્રગટ થઈ છે કે ચોથે ગુણસ્થાનથી પાંચમામાં અનંતગુણી શાંતિ છે અને છઠ્ઠે પણ અનંતગુણી શાંતિ.. શાંતિ.. શાંતિ છે.

એ શાંતિની ભૂમિકામાં જે અઠ્યાવીસ મૂળગુણના વિકલ્પ અને પંચમહાવ્રતનો રાગ આવે છે, અપવાસ કરવો, આમ કરવું, વિનય, ભક્તિ આદિના ભાવ એ બધા શુભપરિણામ સ્વયં કર્મ જ છે. તેના ઉદયથી જ આત્મામાં અચારિત્રીપણું થાય છે.

**શ્રોતા :-** સહચારી મિત્ર છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** મિત્ર છે તો શું છે? નિમિત્તરૂપે મિત્ર છે, પરમાર્થે શત્રુ છે. સમજાણું કાંઈ? વાત જરી એવી સૂક્ષ્મ વાત છે. લોકોને બાહ્યત્યાગ ઉપર એટલી દૃષ્ટિ પડી છે કે એને શલ્ય અંદરથી નીકળવું ભારે કઠણ. આ તો અંતરના પરિણામ છે, તે પણ સમ્યગ્દૃષ્ટિની ભૂમિકામાં આવતા. સમજાય છે કાંઈ? એના પરિણામ પણ અચારિત્રીપણું છે. બીજાનો તો વાત શું કહેવી?

**'માટે, (કર્મ) પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી...'** જુઓ, પોતે મોક્ષના કારણના, સ્વયં મોક્ષના કારણના. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર જે નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે તે પોતે મોક્ષના કારણના સ્વયં તિરોધાયિભાવસ્વરૂપ છે, વિરુદ્ધ ભાવસ્વરૂપ છે.

**શ્રોતા :-** ઢાંકવાવાળા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઢાંકવાવાળા નહિ. ઢાંકવાવાળા પહેલી ગાથામાં ગયા. વિરુદ્ધ ભાવસ્વરૂપ છે. સમજાણું કાંઈ? વિરુદ્ધ ભાવસ્વરૂપ છે. ઢાંકવાવાળા એ પહેલી ત્રણ ગાથામાં ગયું. તિરોધાયી એટલે ઢાંકવાવાળા. પછી એક ગાથામાં આવ્યું, એ પુણ્ય પરિણામ વ્રત, નિયમ આદિ બંધસ્વરૂપ જ છે, બંધસ્વરૂપ છે. પછી આ ત્રણ ગાથામાં આવ્યું કે એ તિરોધાયિભાવસ્વરૂપ છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રના જે પરિણામ છે તેનાથી વિરુદ્ધભાવસ્વરૂપ છે. કહો, સમજાણું કાંઈ?

**'માટે, (કર્મ)...'** કર્મ શબ્દે પુણ્ય પરિણામ. વ્રત, તપ, ભક્તિ આદિ નામજપ, જાપ આદિ વગેરે. ણમો અરિહંતાણં, ણમો અરિહંતાણં આદિ કરવું, જાપ કરવા એ ભાવ શુભ છે. શોભાલાલજી!

**શ્રોતા :-** હા પાડે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના પાડે તો ન્યાયથી સમજે. સમજાણું કાંઈ? કોઈ સમજાવી

શકે એમ તો છે નહિ. કોઈને કોઈ સમજાવી શકે છે? એ તો એની યોગ્યતા હોય તો સમજે, એવી વાત છે. પોતાથી સમજે છે ત્યારે નિમિત્ત કહેવામાં આવે છે. સમજે છે તો નિમિત્ત કહેવામાં આવે છે, એનો અર્થ કે એનાથી સમજતો નથી. ઓહો..હો..!

એ '**પોતે મોક્ષના કારણના તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી કર્મને નિષેધવામાં આવ્યું છે.**' જુઓ, ખુલાસો કર્યો. તેથી પરમાત્માએ અને સંતોએ એ વ્રત, તપના ભાવનો બંધસ્વરૂપ હોવાથી, આચ્છાદન કરતાં હોવાથી અને તિરોધાયિભાવસ્વરૂપ હોવાથી. સમ્યગ્દર્શનથી વિરુદ્ધ ભાવ મિથ્યાત્વ છે. એ પુણ્યપરિણામને પોતાના માનવા એ મિથ્યાત્વ છે, પુણ્ય પરિણામનું એકલું જ્ઞાન કરવું એ અજ્ઞાન છે અને પુણ્યપરિણામનું આચરણ કરવું એ અચારિત્ર છે.

**શ્રોતા :-** તો પછી ભગવાને શું કરવા પાળ્યા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભગવાને કંઈ પાળ્યા નથી. પાળ્યા છે? કોણે પાળ્યા છે? કોઈએ પાળ્યા નથી. હતા તેને જાણ્યું છે. આકરી વાત છે. અત્યારે આ...

**શ્રોતા :-** ... ક્યા ગુણસ્થાનમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. તમે સમજોને શું છે? તમારી દૃષ્ટિ શું છે એ તમારે સમજવાનું છે. કોઈને સમજવાનું છે?

**શ્રોતા :-** તમે તપાસીને કહી દો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** તપાસીને શું કહે? કહે છેને, જ્યાં સુધી રાગનો, પુણ્યનો પ્રેમ-રુચિ-દૃષ્ટિ છે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. એમાં પૂછવું છે કોને? એને ઓળખો. સમજાણું કાંઈ? જેને પોતાનો આનંદ જ્ઞાયકસ્વભાવ શુદ્ધ સ્વભાવની અંતર દૃષ્ટિ, રુચિ નથી અને પુણ્યપરિણામ જે વિકલ્પ ઉઠે છે તેના ઉપર દૃષ્ટિ છે, તેની રુચિ છે, તેનું અવલંબન છે, તેનો આશ્રય છે તે મિથ્યાત્વભાવ છે.

કહે છે, '**માટે, (કર્મ)...**' કર્મ શબ્દે શુભભાવ. તપ, વ્રતાદિના ભાવ '**મોક્ષના કારણરૂપ ભાવો છે વિપરીત ભાવો-સ્વરૂપ છે.**' જુઓ, ઈ હજી આવ્યું નથી. '**કર્મને નિષેધવામાં આવ્યું છે.**' માટે, શુભભાવના કાર્યને ભગવાને ધર્મરૂપ નહિ જાણીને, કર્મરૂપ જાણીને કર્મનો નિષેધ કરવામાં આવ્યો છે.

**શ્રોતા :-** ઓલી ગાથામાં ક્યાંય નિષેધ લખ્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલેથી ચાલે છેને. પહેલેથી ચાલે છે કે નહિ? વિષય ચાલે છે ત્યાંથી આવ્યું છે. નથી જાણતો... પહેલેથી આવ્યું છે એ બધું. કળશમાં તો છે જ. આ તો ટીકામાં. છેને, પહેલેથી આવ્યું છે કે નહિ? ત્યારથી ચાલ્યું આવે છે. ૧૫૫ લ્યો. એ બધા ઈ જ આવે છેને, '**णिव्वाणं ते ण विंदंति**'. ૧૫૩. જુઓ, '**वदणियमाणि धरंता सीलाणि तहा तवं च कुव्वंता**'. '**बालतवं बालवदं**' ૧૫૨. પછી શું છે? એ તો ગાથા ત્યાંથી ચાલી આવે છે કે નહિ? ૧૫૦. '**कम्मेसु मा रज्ज**'. એ તો વાત

ચાલી આવી છે. પછી દરેક ઠેકાણે એના ખુલાસા (ન કરે). પછી કળશમાં કરશે, કળશમાં કરશે. ટીકામાં પાઠમાં નથી એમ કહે છે. ટીકામાં છે. સમજાણું કાંઈ?

કળશમાં તો આવશે. '**संन्यस्तव्यमिदं**' '**आमूलाग्रं**' એવો અર્થ કર્યો છે કલશટીકાકાર. '**संन्यस्तव्यम**' છેને? '**संन्यस्तव्यमिदं**' '**आमूलाग्रं**' મૂળમાંથી છેદ કરવો. વિકલ્પ જે છે વ્રત, તપનો તેનો મૂળમાંથી નિષેધ કરવો. એમાં કોઈ આલંબન કરવાલાયક નથી. એમ વાત છે.

'**ભાવાર્થ :- સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવો છે...**' લ્યો. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ ભાવ નામ પર્યાય છે. મોક્ષના કારણરૂપ પર્યાય છે. સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર મોક્ષના કારણરૂપ પર્યાય છે. મોક્ષમાર્ગ છેને. પર્યાય છે. પોતાનો શુદ્ધ સ્વભાવનો અનુભવ, તેની પ્રતીતિ, તેનું જ્ઞાન અને સ્વભાવમાં સ્થિરતા, શાંતિ, આનંદ એ ત્રણે મોક્ષમાર્ગના કારણરૂપ પર્યાય છે. '**તેમનાથી વિપરીત મિથ્યાત્વાદિ ભાવો છે;...**' લ્યો, ખુલાસો કર્યો. તેમનાથી વિપરીત મિથ્યાત્વ, અજ્ઞાન અને અચારિત્ર ત્રણ ભાવ છે. '**કર્મ તે મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.**' લ્યો, ખુલાસો કર્યો. તે જ કર્મ... સમજાણું કાંઈ? મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે. સમ્યગ્દર્શનથી વિરુદ્ધ પુણ્યપરિણામનો પ્રેમ, રુચિ તે મિથ્યાત્વભાવ છે, એ સમ્યગ્દર્શનથી વિપરીત ભાવ છે; અને પોતાનું સ્વસંવેદનજ્ઞાન તેનાથી (વિરુદ્ધ) એકલા પુણ્યપરિણામનું જ્ઞાન કરવું તે અજ્ઞાનભાવ છે, એ જ્ઞાનપર્યાયથી વિપરીત ભાવ છે અને મોક્ષનું કારણ જે ચારિત્ર છે-સ્વરૂપની લીનતા, તેનાથી વ્રત, નિયમ, તપના જે વિકલ્પ છે તે અચારિત્ર છે, તેનાથી વિપરીત છે. સમજાણું કાંઈ? '**મિથ્યાત્વાદિ ભાવો-સ્વરૂપ છે.**'

'**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત...**' કર્મ, કર્મ કહે છે એ શુભભાવને જ અહીંયા કર્મ કહ્યું છે. એ તો પહેલા આવી ગયું છે ટીકામાં. આ રીતે કર્મ નામ શુભભાવ-વ્રત, તપ, ભક્તિ, પૂજા આદિ દાન, દયાના જે વિકલ્પ ઉઠે, નામસ્મરણ... કહે છેને? નામસ્મરણ કરતાં-કરતાં અમારી સામાયિક પૂરી થઈ ગઈ. એ સામાયિક ખરી કે નહિ? પંચ પરમેષ્ઠીનું નામ સ્મરણ કરતાં-કરતાં અમારી સામાયિક થઈ ગઈ. તો કહે છે કે એ તો રાગ છે, પુણ્યપરિણામ છે, બંધનું કારણ છે. '**આ રીતે કર્મ મોક્ષના કારણભૂત ભાવોથી વિપરીત ભાવો-સ્વરૂપ છે.**' સમજાણું કાંઈ? મોક્ષના કારણભૂત પર્યાયથી વિપરીત પર્યાયસ્વરૂપ છે. ભાવ કહો કે પર્યાય કહો અહીંયા. હવે એ સાતેય ગાથાનો ખુલાસો કરે છે.

'**પહેલાં ત્રણ ગાથામાં કહ્યું હતું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોનું-સમ્યક્ત્વાદિનું-ઘાતક છે.**' એમ કહ્યું હતું. પુણ્યપરિણામની રુચિરૂપ મિથ્યાત્વભાવ એ સમકિતનું ઘાતક છે. સમકિત ઉત્પન્ન થવા દેતું નથી. સમજાણું કાંઈ? '**મોક્ષના કારણરૂપ ભાવોનું-સમ્યક્ત્વાદિનું-ઘાતક છે.**' સમ્યગ્જ્ઞાનમાં માત્ર પુણ્યનું જ્ઞાન કર્યું, એકલું રાગનું જ્ઞાન, જ્ઞેય બનાવીને એ અજ્ઞાન સમ્યગ્જ્ઞાનનું ઘાતક છે, સમ્યગ્જ્ઞાન ઉત્પન્ન થવા નથી દેતું; અને ચારિત્ર જે છે એ

પોતાના જ્ઞાયકસ્વભાવની પર્યાય છે, તેનો રાગભાવ પુણ્ય, દયા, વ્રતાદિ ભાવ ઘાતક છે, ચારિત્ર ઉત્પન્ન થવા નથી દેતું.

**શ્રોતા :-** ઘાતિયા કર્મ તો અમે સાંભળ્યું છે, પણ ભાવઘાતિયા તો સાંભળ્યું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ શું છે જુઓ. ઘાતક છે, ભાવઘાતક છે. પેલું દ્રવ્યઘાતક છે, નિમિત્તઘાતક છે. પરિણામ ભાવઘાતક છે. આવે છે કે નહિ? પહેલી ત્રણ ગાથામાં તો આવી ગયું. ૧૫૭-૧૫૮-૧૫૯. ઘાતક છે. પ્રવચનસારમાં ૧૬મી ગાથામાં આવ્યું છે. દ્રવ્ય-ભાવઘાતિકર્મ. દ્રવ્ય-ભાવઘાતિકર્મ ૧૬મી ગાથામાં આવ્યું છે.

**શ્રોતા :-** અમે તો નથી સાંભળ્યું ક્યાં લખ્યું છે ઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ૧૬મી ગાથા છેને પ્રવચનસાર. આ તો સમયસાર છે. ચાલ્યું હતુંને સ્વયંભૂ. ત્યાં તો ચોખ્ખી ટીકા છે. દ્રવ્ય-ભાવઘાતિકર્મનો નાશ કરીને સ્વયંભૂ થયો છે. પોતાથી કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરી છે. કહો, કર્મનો નાશ કરે છે, અહીં તો ભાવની વાત છે. પુણ્યપરિણામ છે એ ભાવઘાતિ છે, આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને ઘાત કરવાવાળા છે. આહા..હા..! ભારે વાત, ભાઈ! પહેલા ૧૫૭-૧૫૮-૧૫૯માં આવી ગયું છે. આ તો એનો ભાવાર્થ ભર્યો છે. આહા..હા..!

સમકિત, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર આદિના એ ત્રણે કર્મ—મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ, અચારિભાવ—એ ત્રણે ઘાતક છે. કહો, ફત્તેહચંદજી! ગજબની વસ્તુ છે. છે કે નહીં પંડિતજી? ‘**પછીની એક ગાથામાં એમ કહ્યું...**’ ૧૬૦માં. ‘**કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**’ કર્મ તો સ્વયં બંધસ્વરૂપ છે. એ પુણ્યપરિણામ સ્વયં બંધસ્વરૂપ છે. ભાવબંધસ્વરૂપ છે. ભગવાન અબંધસ્વરૂપ છે, એના જે અબંધપરિણામ—સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર એ અબંધપરિણામ છે. પુણ્યપરિણામ, એની પ્રીતિ, રુચિ, મિથ્યાત્વાદિ ભાવ બંધસ્વરૂપ છે. એની વાત છે. અધિકાર તો એવો આવ્યો છે. સૂક્ષ્મ પડે અને એમાં ખટક.. ખટક.. ખટક લાગે છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. ઉઠે છે. એને રુચે નહિ, અંદરથી ઘા વાગે કે અર.ર.ર..! અમે આ વ્રત પાળીએ છીએ, તપ કરીએ છીએ, હવે એ તો કહે કે ધર્મ નહિ. ધર્મ તો નહિ પણ ધર્મની પર્યાયનો ઘાતક ભાવ છે. ધર્મ નહિ ત્યાં સુધી ઠીક છે, સમજાય છે કાંઈ? પણ એ ધર્મનો ઘાતક છે. સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાય જે પોતામાંથી સ્વાશ્રયથી ઉત્પન્ન થવી જોઈએ એ પરાશ્રયભાવમાં પ્રીતિ, રુચિને કારણે સમ્યગ્દર્શનના ઘાતક છે. એ રાગની મંદતા વ્રત પાળતા- પાળતા સમ્યગ્દર્શન થઈ જશે. શું વ્રત પાળતા પાળતા થાય? આહા..! આ તો ઘાતક કહે છે તે ઉત્પન્ન થવાનું કારણ થાય? જે ઘાતક છે તે ઉત્પન્ન થવાનું કારણ થાય?

**શ્રોતા :-** પણ કોઈ પોતાનો ઘાત પોતાને કારણે કરે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરે છે. પોતાને કારણે પોતાનો ઘાત કરે છે. બીજો કોણ ઘાત કરાવે છે? બીજો કોણ ઘાત કરે છે? પોતાનો ભાવ પોતામાં ઘાત કરે છે. ચિદ્‌વિલાસમાં ઈ બહુ આવ્યું છે નિશ્ચયના અધિકારમાં. પોતાનો ભાવ જ પોતાનો ઘાત કરે છે એ નિશ્ચય છે, એ નિશ્ચય છે. પર ઘાત કરે છે એ વ્યવહાર છે. પર ઘાત કરે છે એમ કહેવું એ તો વ્યવહાર છે. ઘાતિકર્મ પોતાની પર્યાયનો ઘાત કરે એ નિમિત્તથી કથન વ્યવહારનું છે. એમ છે નહિ. આ છે. મિથ્યાત્વભાવ ઉત્પન્ન કરીને સમ્યગ્દર્શનનો ઘાત કરે છે તે યથાર્થ છે. સમજાણું કાંઈ? એ વ્યાજબી છે, એ નિશ્ચય છે. ભારે કામ આકરું. બહારની અંદર.. હજી તો બહાર ત્યાગ, આ તો અંતરના વ્રતના પરિણામની વાત. બાહ્યત્યાગ માન્યું હોય પણ હજી અંદર શુભપરિણામ વ્રતના પરિણામ પણ ન હોય એની તો વાત જ નથી. સમજાણું કાંઈ? બહારનો ત્યાગ કરીને બેસી ગયો હોય, સ્ત્રી, કુટુંબ, પરિવારનો પણ અંદરમાં શુભપરિણામ અશુદ્ધનો ત્યાગ હોય નહિ. અહીં તો શુભપરિણામ હોય એ પણ આત્માના સ્વભાવની સમ્યગ્દર્શન માર્ગની પર્યાયનો ઘાત કરવાવાળા છે. આહા..હા..!

**શ્રોતા :-** તેથી સર્વ પરિણામ છોડે પછી તો મોક્ષ થઈ જશેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સર્વ પરિણામ છોડે શું? એ તો નિજસ્વભાવની દૃષ્ટિ કરવાથી શુભપરિણામમાં જે મિથ્યાત્વભાવ હતો કે 'એ મારા છે' એ ભાવનો નાશ થઈ જાય છે અથવા ઉત્પન્ન થતા નથી. છોડવા શું? છોડે કોણ? આ તો સમજાવે છે. ઘાતક છે માટે દૃષ્ટિ છોડી દે. એની દૃષ્ટિ છોડી દે તો દૃષ્ટિ દ્રવ્ય ઉપર લે. જ્ઞાયકભાવ ઉપર દૃષ્ટિ કર તો તને સમ્યગ્દર્શનની પર્યાય ઉત્પન્ન થશે અને શુભપરિણામની મિઠાશનો જો મિથ્યાત્વભાવ છે તે નાશ થઈ જશે. નાશ નામ ઉત્પન્ન થશે નહિ, એને નાશ થશે એમ કહેવામાં આવે છે. ભારે વાતું ભઈ! સમજાણું કાંઈ?

'**પછીની એક ગાથામાં એમ કહ્યું કે કર્મ પોતે જ બંધસ્વરૂપ છે.**' એ વ્રત, નિયમ, તપના પરિણામ સ્વયં બંધસ્વરૂપ જ છે. બંધસ્વરૂપ છે, મોક્ષના માર્ગની પર્યાયમાં કઈ રીતે મદદ કરશે? એમ કહે છે. સમજાણું કાંઈ? વ્યવહાર રત્નત્રયને નિમિત્ત કહ્યું છે. એ નિમિત્ત છે તે બંધસ્વરૂપ છે એમ અહીંયા કહે છે. શાસ્ત્રમાં તેને નિમિત્ત કહ્યું છે, હોં! તો અહીં કહે છે કે નિમિત્ત બંધસ્વરૂપ છે. શું બંધસ્વરૂપ તને મોક્ષમાર્ગમાં મદદ કરશે? અબંધ પરિણામમાં. ઓહો..હો..! સહન કરવું કઠણ ભારે. અને પોતામાં માની લીધું હોયને કે અમે વ્રતધારી છીએ, અમે તપધારી છીએ, અમે સંયમધારી છીએ એને તો અંદરથી ઘા પડે. આહા..હા..! શું થાય? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કોને? વિકલ્પ આવે છે, પણ છે બંધનું કારણ. પહેલી પડિમાનો વિકલ્પ છે એ બંધનું કારણ, બીજાનો પણ બંધનું કારણ. વિકલ્પ ઉઠે છે કે આ

કરું, એ બધું બંધનું કારણ છે. અહીં તો મુનિની ઉત્કૃષ્ટ વાત લીધી છે. પંચમહાવ્રતના પરિણામ એ સ્વયં બંધસ્વરૂપ છે. પછી શું છે? ઓહો..હો..! બંધસ્વરૂપ પાળ્યું? ભગવાને તેનું પાલન કર્યું? શાસ્ત્રમાં એમ આવે છે, અઠ્યાવીસ મૂળગુણ પાળ્યા.

**શ્રોતા :-** વ્યવહારે તો અમૃત કહેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર અમૃતનો અર્થ-નિશ્ચય ભગવાન આત્માના અનુભવમાં જે અમૃત આવ્યું એ અમૃતની સાથે એવા વ્યવહાર પરિણામ છે તેને આરોપથી અમૃત કહે છે. ઝેરને અમૃત કહેવું એ વ્યવહારનું લક્ષણ છે. એ વ્યવહારનું લક્ષણ છે. અન્યથા, આવ્યું નહિ તમારે? વ્યવહારનય અન્યથા, કોઈ અપેક્ષાએ અન્યથા કહે છે. આહા..હા..! ભારે કામ પણ. આ ચાલતો પ્રવાહ એની સામે આ વાત એવી લાગે. સહન ન થાય. શું થાય? અથડામણ ઊભી થાય. ભાઈ! માર્ગ તો આ છે, બાપુ! અથડામણ હો કે.... નરકમાં જાય નહિ એમાં શું થયું? બંધપરિણામને પોતાના માને છે એ તો મિથ્યાત્વભાવ છે. બંધપરિણામને પોતાના માનવા એ મિથ્યાત્વભાવ છે. એ તો ક્રમે નિગોદમાં જશે. મિથ્યાત્વભાવ છે તો આચાર્ય તો કહે છેને, વસ્ત્રનો એક તાંતણો રાખીને મુનિપણું માને, મનાવે, માનતાને અનુમોદન કરે એ નિગોદં ગચ્છઈ. લો, ઠીક! નિગોદ ગચ્છઈ. કુંદકુંદાચાર્ય કહે છે. કેમકે એની દશામાં વસ્ત્ર રાખવાનો ભાવ થયો એ ભાવ મુનિપણાના અભાવને બતાવે છે. સમજાણું કાંઈ? એ મુનિપણામાં એવો ભાવ હોતો નથી. વસ્ત્ર લેવાનો, પાત્ર લેવાનો ભાવ મુનિને થતો જ નથી. ભાવલિંગી સંતની વાત છે. અને એ ભાવ આવ્યો અને માને કે અમને મુનિપણું છે, તો કહે છે કે મિથ્યાદૃષ્ટિ છે, નિગોદં ગચ્છઈ. ક્રમે-ક્રમે (જાશે). કદાચિત્ એકાદ ભવ શુભપરિણામ એવા હોય તો સ્વર્ગમાં જાય, પણ ત્યાંથી પશુ થઈને નિગોદમાં જશે, એમ કુંદકુંદાચાર્ય અષ્ટપાહુડમાં કહે છે. આહા..હા..! અહીં તો વ્રતના ઠેકાણા ન હોય અને વ્રતના પરિણામમાં ધર્મ માનવા. સમજાણું કાંઈ? અને અમે વ્રતી છીએ. તો કહે છે કે એ ભાવ બંધનું કારણ છે, ભગવાન! તને નુકસાનનું કારણ છે. ભાઈ! એને તું લાભનું કારણ માને છે એ જ મિથ્યાત્વભાવ છે. બંધભાવને મોક્ષના કારણમાં સહાયક માને છે કે એ જ મિથ્યાત્વભાવ છે. આહા..હા..! વાત કઠણ પડે.

**'આ છેલ્લી ત્રણ ગાથાઓમાં કહ્યું કે કર્મ મોક્ષના કારણરૂપ ભાવોથી વિરોધી ભાવોસ્વરૂપ છે...'** જુઓ લ્યો. મોક્ષના કારણરૂપ દર્શન, જ્ઞાન, ચારિત્ર પર્યાય તેની વિરોધી પર્યાયસ્વરૂપ છે. અર્થાત્ **'મિથ્યાત્વાદિસ્વરૂપ છે.'** લ્યો, ખુલાસો કરી નાખ્યો. **'આ પ્રમાણે એમ બતાવ્યું કે કર્મ મોક્ષના કારણનું ઘાતક છે, બંધસ્વરૂપ છે અને બંધના કારણસ્વરૂપ છે,...'** બંધના કારણસ્વરૂપ છે **'તેથી નિષિદ્ધ જ છે.'** લ્યો.

**'અશુભકર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ,...'** પાપના પરિણામ તો મોક્ષનું (કારણ છે જ નહિ). હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ વાસના, એ તો પાપ છે. એ તો સીધું બંધનું

કારણ છે, દુર્ગતિનું કારણ છે. સમજાણું કાંઈ? પણ અહીંયા તો (કહે છે), **'બાધક જ છે,...'** **'અશુભ કર્મ તો મોક્ષનું કારણ છે જ નહિ, બાધક જ છે, તેથી નિષિદ્ધ જ છે;...'** એ તો નિષિદ્ધ જ છે. અશુભભાવ તો નિષિદ્ધ જ છે, એનો પ્રશ્ન છે જ નહિ. શુભભાવનો નિષેધ કર્યો તો અશુભભાવ કરવા, એમ છે ત્યાં? સમજાણું કાંઈ? શુભભાવનો નિષેધ કર્યો તો હવે અશુભભાવ કરવા, એમ વાત છે? ભાઈ! અશુભભાવ તો નિષિદ્ધ જ છે. અહીંયા તો **'શુભકર્મ પણ કર્મસામાન્યમાં આવી જતું હોવાથી...'** શુભભાવ જે છે એ સામાન્યકર્મમાં બધું આવી ગયું. કર્મનો જ્યાં નિષેધ કર્યો ત્યાં શુભ-અશુભ બેયનો નિષેધ થઈ ગયો. તેથી **'તે પણ બાધક જ છે...'** એ શુભપરિણામ પણ બાધક જ છે. **'તેથી નિષિદ્ધ જ છે એમ જાણવું.'** લ્યો.

**'હવે આ અર્થનું કળશરૂપ કાવ્ય કહે છે :-'**

**संन्यस्तव्यमिदं समस्तमपि तत्कर्मैव मोक्षार्थिना**
**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा।**
**सम्यक्त्वादिनिजस्वभावभवनान्मोक्षस्य हेतुर्भवन्-**
**नैष्कर्म्यप्रतिबद्धमुद्धतरसं ज्ञानं स्वयं धावति।।१०९।।**

**'શ્લોકાર્થ :- મોક્ષાર્થીને...'** જે આત્માની પૂર્ણ શુદ્ધિ પ્રાપ્ત કરવાનો અર્થી હોય. મોક્ષ નામ પૂર્ણ શુદ્ધિ. પર્યાયમાં મોક્ષ નામ પૂર્ણ શુદ્ધિ, તેનો અર્થી. તેણે **'આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવાયોગ્ય છે.'** તેણે તો 'आमूलाग्रं' એમ શબ્દ લખ્યો છે, હોં! એમાં. 'आमूलाग्रं' એમ. મૂળમાંથી ઉખેડી નાખવું. સમજાણું કાંઈ? 'आमूलाग्र'. પહેલેથી એમાં લખ્યું છે, હોં! ૧૦૯ છેને? ૧૦૯ જુઓ, 'संन्यस्तव्यम्' 'જીવસ્વરૂપનું ઘાતક છે...' અહીં તો એમણે બહુ લીધું છે. **'શુભક્રિયારૂપ-અશુભક્રિયારૂપ, અંતર્જલ્પરૂપ-બહિર્જલ્પરૂપ ઈત્યાદિ કરતૂતરૂપ ક્રિયા અથવા જ્ઞાનાવરણાદિ પુદ્ગલનો પિંડ, અશુદ્ધ રાગાદિરૂપ જીવના પરિણામ...'** બધું લઈ લીધું. બાહ્યક્રિયા, અંદર કર્મ અને ભાવ—ત્રણે. **'એવું કર્મ તે જીવસ્વરૂપનું ઘાતક છે એમ જાણીને આમૂલાગ્ર (સમગ્ર) ત્યાજ્ય છે.'** આમૂલાગ્ર. પહેલેથી ઠેઠ સુધીનો ત્યાગ છે. આહા..હા..! સમજાણું કાંઈ? લાંબો અધિકાર છે. કળશટીકા છેને.

**શ્રોતા :-** આપે તો એમ ફરમાવ્યું હતું કે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં છે? હોય છે એની વાત છે. એ ભૂમિકામાં હોય છે, પણ છે બંધનું કારણ. સમજાણું કાંઈ? પંચમ ગુણસ્થાન હો, ત્યાં બાર વ્રતનો વિકલ્પ હો. છે બંધનું કારણ, સ્વભાવનું ઘાતક છે. એમ મુનિ ભાવલિંગી સંત છે, છઠ્ઠે ગુણસ્થાને બિરાજમાન છે એમને પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ એવા વિકલ્પ આવે છે, પણ છે બંધસ્વરૂપ.

**'આ સઘળુંય કર્મમાત્ર ત્યાગવાયોગ્ય છે. જ્યાં સમસ્ત કર્મ છોડવામાં આવે**

છે ત્યાં પુણ્ય કે પાપની શી વાત?' જુઓ, પાઠમાં છે કે નહિ? '**संन्यस्ते सति तत्र का किल कथा पुण्यस्य पापस्य वा**'. ત્યાં વળી શુભ અને અશુભ ભેદ કે શુભ-અશુભ કર્મના ભેદની કથા છે ક્યાં? આહા..હા..! આ તો હિતની વાત છે, ભઈ! સત્ય સમજાવે છે એમાં એને એમ લાગે કે આહા..હા..! આ તો અમારી ઘાત આવે છે. અમારી ઉપર ઘાત આવે છે. સમજાવવામાં આવે ત્યાં ઘાત લાગે તો તો પોતાની વિપરીત વાત છે એ સમજવામાં જ એને કાયરપણું આવે છે. સમજે તો ખરો, ભાઈ! તારો એ તરફનો ભાવ છે એ બંધનું કારણ છે અને બંધના કારણમાં તારી દૃષ્ટિ છે અને તું એને નભાવવા માગે છે તો એ તો ઘાતક છે. ઘાતકને નભાવવા માગે છે તો આત્માના સમ્યગ્દર્શનનો ઘાત થાય છે. એમ વાત છે. એમ લાગતું હતું.

**શ્રોતા :-** પહેલાં ઘાત લાગતો હતો, હવે નથી લાગતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, હવે નથી લાગતો. પહેલાં શરૂઆતમાં લાગતો હતો. એ અમારે શેઠીને પણ પહેલાં લાગતો હતો. શેઠી! અરે..! જ્યાં ભગવાને અને સંતોએ સમસ્ત કર્મનો ત્યાગ કરવામાં આવે છે એમ કહ્યું ત્યાં પુણ્ય અને પાપની શું વાત? પુણ્ય ભલું છે અને પાપ ખરાબ છે, પુણ્ય સહાયક છે અને પાપ બાધક છે એ કથાની વાત ક્યાં છે? ભાઈ! આહા..હા..!

'**(કર્મમાત્ર ત્યાજ્ય છે ત્યાં પુણ્ય સારું અને પાપ ખરાબ—એવી વાતને ક્યાં અવકાશ છે? કર્મસામાન્યમાં બન્ને આવી ગયાં).**' કર્મના ત્યાગમાં શુભ-અશુભ બેય આવી ગયા. એક ત્યાજ્ય છે અને એક ગ્રહણ કરવાલાયક છે એમ તો છે નહિ. '**સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી...**' હવે કહે છે. જુઓ, શું કહે છે? જ્યારે શુભભાવનો પ્રેમ, રુચિ અને અજ્ઞાનનો ભાવ અને અચારિત્રનો ભાવ ત્યાગ થતાં અથવા તે તરફની દૃષ્ટિ છોડવાથી. તે ત્યાગ. એ તરફની દૃષ્ટિ છોડવાથી '**સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી...**' સ્થુળ પરિણામ ઉપર પ્રેમ અને ત્યાં જે પડ્યો છે અને તેની રક્ષા કરવામાં-જત્ના કરવામાં સાવધાન છે તો મિથ્યાત્વભાવ છે, અજ્ઞાનભાવ છે, અચારિત્રભાવ છે. તેનો ત્યાગ કરવામાં આવતાં અથવા તે તરફની રુચિ છોડી દેવાથી, એનો આશ્રય છોડી દેવાથી સમકિત આદિ પોતાનો સ્વભાવ. જુઓ, ભગવાન આત્મા શુદ્ધ પરિપૂર્ણ આનંદકંદ એની સમ્યક્દૃષ્ટિનું પરિણમન, એની સમ્યક્જ્ઞાનની પર્યાય થવી અને સ્વરૂપની સ્થિરતારૂપ ચારિત્રનું થવું એ પોતાના સ્વભાવરૂપ છે. જુઓ, વિભાવ તો પર હતો અને સમ્યગ્દર્શન પર્યાય તો પોતાના સ્વભાવરૂપ પર્યાય છે. શું કરે? માણસને મગજ ઓછું અને ઓલું પકડી રાખ્યું હોય છેને એટલે એને એવું લાગે કે આહા..! સમજાણું કાંઈ? વસ્તુ તો આવી છે. શું કરે? આ સાચી પંડિતાઈ આમાં આવે છે, પેલી છોડી દે તો. સમજાણું કાંઈ? ... એમ અમારે સંપ્રદાયમાં હિરાજી મહારાજ હતાને, એની માન્યતા એવી હતી કે ભગવાનની

પૂજાનો ભાવ છેને? એ બધો ... છે. ભગવાન એમ કહે છે કે ... એ તો અનાર્યધર્મ છે. એ માનતા હતાને. સામાને એવું લાગે, પૂજાના ભાવવાળા હોયને. ... આવે, બોલે મીઠાશથી પણ વસ્તુ તો એને બેઠી હોય ઈ બોલેને. અને એ પાઠ છે. સૂયગડાંગમાં સાતમા અધ્યાયમાં શ્લોક છે. ... ભગવાનની પૂજાનો ભાવ અને એની ભક્તિનો ભાવ, એમાં જીવની, એકેન્દ્રિય આદિની હિંસા થાય છે. ... ભગવાન .. એમ કહે છે. લોકમાં આમ કરવાવાળો અનાર્ય ધર્મી છે. આવો અર્થ કરતા. ત્યાં એમ અર્થ નથી, એનો અર્થ એમ નથી. એ તો પંચેન્દ્રિયનો વધ કરીને જે માને છે એની ત્યાં વાત છે, પણ ઈ લગાવી દે અહીંયા. જેની જ્યાં દૃષ્ટિ હોય (ત્યાં લગાવી દે). આમ શાંત પરિણામી, કષાય ઘણો મંદ પણ દૃષ્ટિની ખબર નહિ. અને જે સંપ્રદાયમાં હોય એ સંપ્રદાયની રુચિ હોય જ. એની પુષ્ટિ કરે. શાંતિથી પુષ્ટિ કરે. અરે..! ભાઈ! ભગવાન એમ કહે છે, ભાઈ! ... લોકને વિષે તીર્થંકરદેવ ... કહે છે, એ બધો છકાયની હિંસા થાય ત્યાં ધર્મ માનવો તે અધર્મ છે, અનાર્યધર્મ છે. પ્રાણભાઈ!

અહીં કહે છે, પુણ્ય-પાપના બેય ભાવ અધર્મ છે. સમજાણું કાંઈ? ભગવાનની પૂજા, ભક્તિ આદિનો ભાવ એ શુભભાવ છે, ઈ પાપ નથી. શુભભાવ છે અને એમાં ધર્મ માનવો એ મિથ્યાત્વ છે. સમજાણું કાંઈ? ભારે કામ.

**શ્રોતા** :- બરાબર સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન સમજાણું? ભગવાનની પૂજા, ભક્તિનો ભાવ છે એ પુણ્ય શુભભાવ છે વ્યવહારથી. નિશ્ચયથી તો તેને પણ શાસ્ત્ર તો પાપ કહે છે. આ પુણ્ય-પાપ અધિકારમાં આવ્યુંને. ૧૫૫ ગાથાથી શરૂ છે એ જ અધિકાર અહીંયા ચાલુ છે. આ પાપનો અધિકાર ચાલુ છે. પુણ્ય-પાપ બેય પાપ છે એ અધિકાર ચાલુ છે. અને છેલ્લે એમ લીધું છે,... કહ્યુંને, એક વાર બતાવ્યું હતું. જયસેનાચાર્યદેવની ટીકા. છેલ્લા શ્લોકમાં એમની ટીકા છે. જુઓ, '**पापाधिकारव्याख्यानमुख्यत्वेन गतम्**' આ પુણ્યનો અધિકાર છે તેને અહીંયા પાપ અધિકાર છે એમ કહ્યું. પુણ્યને જ અહીંયા પાપ કહ્યું છે. વ્યવહારે પુણ્ય છે, નિશ્ચયથી પાપ છે. આકરું કામ.

જુઓ,'**अत्राह शिष्यः**' શિષ્ય પૂછે છે, પ્રભુ! '**जीवादीसद्दहणं' इत्यादि व्यवहाररत्नत्रयव्याख्यानं कृतं, तिष्ठति**'. આ તો વ્યવહારરત્નત્રયની વાત ચાલે છે. '**कथं पापाधिकार इति?**' વ્યવહારરત્નત્રયની વાત ચાલે છે. દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો ભાવ, શાસ્ત્રજ્ઞાનનો ભાવ, પંચમહાવ્રતના ભાવ એ વ્યવહારરત્નત્રયની વાત ચાલે છે. આપ કેમ આને પાપ અધિકાર કહો છો? એ સંસ્કૃતમાં જયસેનાચાર્યદેવની ટીકામાં છે. છેલ્લી ગાથામાં છે.

'**तत्र परिहारः**' એનો પરિહાર કરે છે. '**यद्यपि व्यवहारमोक्षमार्गो निश्चयरत्नत्रयस्योपादेय भूतस्य**' નિશ્ચયરત્નત્રયના ઉપાદેયભૂતમાં '**कारणभूत**' વ્યવહાર કારણભૂત હોવાથી વ્યવહારે ઉપાદેય કહેવામાં આવ્યું છે. વ્યવહારે ઉપાદેય કહેવામાં આવ્યું છે. '**परंपरया जीवस्य**

**पवित्रताकारणत्वात्**' પરંપરા. એ રાગ નિમિત્ત છેને. '**तथापि बहिर्दव्यालंबनत्वेन**' વ્યવહારરત્નત્રય છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણનો વિકલ્પ, શાસ્ત્ર વાંચવાનો વિકલ્પ. એ '**बहिर्दव्यालंबनत्वेन**' (છે). એમાં સ્વદ્રવ્યનું આલંબન નથી. '**बहिर्दव्यालंबनत्वेन पराधीनत्वात्**' પરને આધીન થઈ ગયો. '**पतति नश्यतीत्वेकं कारणम्**' સ્વરૂપથી પતિત થાય છે. સ્વદ્રવ્યનો આશ્રય છોડી પરદ્રવ્યનું જેટલું આલંબન લ્યે છે તેટલો પતિત થાય છે. ઓહો..!

બીજી વાત. '**निर्विकल्पसमाधिरतानां व्यवहारविकल्पावलंबनेने स्वरूपात्पतितं भवतीति द्वितीयं कारणम्। इति निश्चयनयापेक्षया पापम्।**' પુણ્ય-પાપ અધિકારની છેલ્લી ગાથા, જયસેનાચાર્યદેવની સંસ્કૃત ટીકા. જયસેનાચાર્યદેવની ટીકા. નિશ્ચયનયે વ્યવહારરત્નત્રય પાપ છે.

**શ્રોતા** :- મુનિના?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- મુનિના. અજ્ઞાનીને તો રત્નત્રય હોય છે જ ક્યાં? જેને પુણ્યનો પ્રેમ-રુચિ છે અને કર્તૃત્વ માને છે એ તો મિથ્યાદષ્ટિ છે, એને તો વ્યવહાર પણ ક્યાં છે અને નિશ્ચય પણ ક્યાં છે? એક્કેય ક્યાં છે.

**શ્રોતા** :- નિશ્ચયનું કથન સત્યાર્થ માનવું, વ્યવહારનું...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- નિશ્ચય એ સત્યાર્થ અને વ્યવહાર એ જૂઠ છે. વ્યવહારરત્નત્રય એ વ્યવહારત્નત્રય નથી. છે જ નહિ, બંધનું કારણ છે. એને વ્યવહારરત્નત્રયનો આરોપ દઈને વ્યવહારરત્નત્ર કહે છે, તો ખરેખર પાપ છે. ભારે વાત આકરી. એઈ..! પેલામાં પણ આવે છેને? યોગસારમાં નથી આવતું? 'પાપ પાપને સહુ કહે, પણ અનુભવીજન પુણ્યને પાપ કહે.' યોગસારમાં આવે છે. યોગીન્દ્રદેવનું યોગસાર છેને? છે અહીંયા ક્યાંય? નહિ હોય. પુણ્યને પણ પાપ (કહે છે). અનુભવીજન-સમ્યક્દૃષ્ટિ જ્ઞાનીજન પુણ્યને જ પાપ કહે છે. આકરી વાત, ભાઈ! આહા..હા..!

**શ્રોતા** :- અટકતો હતો ત્યાંથી કાઢીને ઉપર ઉઠાવ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ઠીક કહ્યું.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ચોથાથી લાગુ થાય છે. સમજાણું કાંઈ? કળશ ચાલે છે કે નહિ? ઈ કળશ છે. જુઓ, કેટલામો છે? ૧૦૯. ૧૦૯ છેને? ત્યાં પણ પ્રશ્ન થયો છે. આ ચાલતામાં પ્રશ્ન થયો છે અંદર. કળશટીકામાં.

'**ભાવાર્થ આમ છે—કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણે મળીને છે, અહીં જ્ઞાનમાત્ર મોક્ષમાર્ગ કહ્યો તે કઈ રીતે કહ્યો? તેનું સમાધાન આમ છે કે શુદ્ધસ્વરૂપ જ્ઞાનમાં સમ્યગ્દર્શન, સમ્યક્ચારિત્ર સહજ જ ગર્ભિત છે,...**'

એમાં આવી જાય છે. એનાથી ૩૪મે પાને વિશેષ છે. ૩૪માં બહુ સાફ-સાફ છે. ૩૪મા પાને જુઓ, '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં, શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં, સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' ૩૧ કળશ છે, ૩૧ કળશ. ગાથા નહિ, સમયસારનો કળશ છે, અમૃતચંદ્રાચાર્યનો. ૩૧ કળશ છે. '**इति सति सह सर्वैरन्यभावैर्विवेके**'. ૩૧ કળશ છે, લ્યોને. છેલ્લા છેને, ૩૧-૩૨ શ્લોક.

અહીંયા તો સ્પષ્ટ કરી દીધું, '**મિથ્યાત્વપરિણતિનો ત્યાગ થતાં...**' ત્યાગ થતાં કહે છે? ત્યાગ હોનેસે. '**શુદ્ધ સ્વરૂપનો અનુભવ થતાં,...**' ભગવાન આત્મા આનંદ, દર્શન, જ્ઞાનનો અનુભવ થતાં '**સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.**' જુઓ, મિથ્યાત્વપરિણતિના નાશથી ત્યાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે. છેને, સ્વરૂપમાં સ્થિરતા નથી? આહા..હા..! અનંતાનુબંધીના અભાવમાં સ્વરૂપની શાંતિનું વેદન (છે). આહા..હા..! સમજાણું કાંઈ? ત્રણ ઠેકાણે છે, પણ આ વિશેષ છે. એક આઠમે પાને છે પણ આ ખાસ છે. અહીં છેને ઈ.

**શ્રોતા :-** તત્ત્વાર્થ સૂત્રનો આધાર આપ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાધારણ છે. આ વધારે છે. ત્યાં તો (કળશ-૬માં) એમ કહે છે કે '**અહીં કોઈ આશંકા કરશે કે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર એ ત્રણેના મળવાથી થાય છે.**' અને આપ તો કહો છો કે જ્ઞાનનો અનુભવ તે મોક્ષમોર્ગ છે. '**ઉત્તર આમ છે—શુદ્ધ જીવસ્વરૂપ અનુભવતાં ત્રણેય છે.**' શુદ્ધ જીવસ્વરૂપને અનુભવ થતાં ત્રણેય છે. એટલી વાત છે. અહીં તો મિથ્યાત્વપરિણતિ ટળતાં સાક્ષાત્ રત્નત્રય ઘટે છે.

**શ્રોતા :-** આ વધારે સ્પષ્ટ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વધારે (સ્પષ્ટ) છે. કહો, સમજાણું કાંઈ? આહા..હા..! પણ એને ન્યાયથી બેસવું જોઈએને. શાસ્ત્ર આધાર તો ઠીક.

નિજ સ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુની જ્યાં અંતર દૃષ્ટિ થઈ, ત્યારે તે સંબંધીનું જ્ઞાન થયું તો એ સ્થિરતા વિના એ થતું જ નથી. સ્થિરતા પણ એમાં થાય છે. બસ, એ ચારિત્ર. સ્થિરતા છેને. શુદ્ધોપયોગમાં રોકાણો. નહિતર પણ વિકલ્પમાં આવ્યો તોપણ શુદ્ધપરિણતિમાં ત્રણેય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય છે. માણસને ઉપર આમ આઘે જાય ત્યારે આ બધું થાય એમ લાગે છે. ચોથા ગુણસ્થાનમાં રાજ, કુટુંબમાં પડ્યો હોય ચક્રવર્તી, છન્નુ હજાર સ્ત્રી હોય અને એને ત્રણ રત્નત્રય ઘટે છે. રાડ પાડે. અને બહાર દ્રવ્યલિંગી ત્યાગી થઈને બેઠો અને અંદરમાં મિથ્યાત્વ છે, રાગને પોતાનો માનીને રાગથી લાભ માને છે એ દૃષ્ટિ પડી છે, મિથ્યાદૃષ્ટિ છે. નગ્ન મુનિ હોય, જંગલમાં રહેતો હોય. એ બંધમાર્ગી છે અને આ (ચક્રવર્તી) મોક્ષમાર્ગી છે. આવે છેને રત્નકરંડ શ્રાવકાચારમાં? '....' ગૃહસ્થાશ્રમમાં પણ સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર મોક્ષમાર્ગ છે, એમ કહ્યું છે, અને ત્યાગી થવા છતાં ભાવમાં જ્યાં મિથ્યાત્વ પડ્યું છે તો સંસારમાર્ગી છે. વસ્તુ તો આમ છે, ભાઈ! કોઈના ઘરની નથી. ઘરની વાત નથી. એ તો

અનાદિ પરમેશ્વર પરમાત્મા આમ કહેતા આવ્યા છે, આમ કહે છે અને આમ કહેશે. ત્રણે કાળ આ માર્ગનો પ્રવાહ ચાલે છે. કોઈને વિરુદ્ધ લાગે તો એ તો એના ઘરની વાત છે. સમજાણું કાંઈ?

કહે છે, અરે..! પુણ્ય-પાપની શું વાત? '**સમસ્ત કર્મનો ત્યાગ થતાં, સમ્યક્ત્વાદિ જે પોતાનો સ્વભાવ તે-રૂપે થવાથી-પરિણમવાથી...**' ભાષા તો એની એ પર્યાયની વાત છે. '**મોક્ષના કારણભૂત થતું,...**' મિથ્યાત્વાદિ પરિણામ છે, રાગને પોતાનો માને છે એ પરિણામ છે, તેના ઉપરની દૃષ્ટિ ઉઠાવીને સ્વભાવ ઉપર દૃષ્ટિ કરી, સ્વદ્રવ્ય ઉપર કરી તો સ્વદ્રવ્યના આશ્રયે તો સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર થયા તે કેવા છે? પોતાના સ્વરૂપ હોવાથી. એ તો પોતાના સ્વભાવરૂપ છે. પરિણમવાથી અર્થાત્ સ્વભાવરૂપ હોવાથી અર્થાત્ સ્વભાવરૂપ પરિણમન કરવાથી '**મોક્ષના કારણભૂત થતું, નિષ્કર્મ અવસ્થા સાથે...**' જુઓ, અર્થાત્ એ વ્યવહાર જે કર્મ છે તેની અપેક્ષા રાખ્યા વિના નિષ્કર્મ અવસ્થા સાથે સંબંધ છે. સમજાણું કાંઈ? એ શબ્દ છે ક્યાંક. જુઓ, સંસ્કૃતમાં. બીજામાં હશે. શું છે આ? પુણ્ય-પાપ અધિકાર છે. ઈ છે. (પરમઅધ્યાત્મ તરંગિણી). '**यावत्पाकमुपैति**' છેને આમાં? ત્યાં શબ્દ છે, જુઓ, '**एकमेवं कर्मनिरपेक्षं-केवलं यत्-ज्ञान-बोधः**'. મોક્ષનું કારણ છે. કર્મની અપેક્ષા વિના. આવશેને? હવેનો શ્લોક આવશેને?

**શ્રોતા :-** કર્મનિરપેક્ષ તો ઘણે ઠેકાણે આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઘણે ઠેકાણે આવ છે. પણ છેને. વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના સ્વભાવનો આશ્રય કરી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થયા તે એક જ મોક્ષનો માર્ગ છે. વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના. વ્યવહારવાળાને ઘા પડે છે. અને પાછું કોઈ એમ કહે છે કે સોનગઢવાળા કહે છે. હવે કાનજીસ્વામીનો પંથ નીકળ્યો છે. અરે.. ભગવાન! શું કહે છે? ભાઈ! કહાનપંથી. બિચારાને શું થાય? એને બેસે નહિ. એ એમ જ કહે. ભાઈ! આ તો ભગવાનનો માર્ગ છે. પરમેશ્વર અનંત જ્ઞાની, કેવળજ્ઞાનીઓ કહે છે. અરે.. ભગવાન! આહા..હા..! તું કોની ઉપર આક્ષેપ કરે છે? ભાઈ, પરમાત્મા આમ કહે છેને, ભાઈ! તને ન રુચે એટલે કંઈ નવો પંથ થઈ જાય? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** બાહ્ય ક્રિયાથી તો ખબર પડતી નથી. અંદર...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલા શ્રદ્ધા, જ્ઞાન કેવા હોય એની કથન પ્રરૂપણાથી ખ્યાલ ન આવે? એની પ્રરૂપણા કેવી છે? માન્યતા કેવી છે? આચરણ કેવું છે? એના ઉપરથી ખબર પડી જાય. જરી સૂક્ષ્મ વાત છે. એના જ્ઞાનની તાકાત છે કે પરની પરીક્ષા કરી શકે. છોડવાયોગ્યને આદરવાલાયક કહે છે, લાભદાયક માને, ઊંડે ઊંડે માને, કથનમાં આવે તો એના ઉપરથી ખ્યાલમાં આવી જાય. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકારમાં છે. સર્વવિશુદ્ધ અધિકારમાં એમ છે કે જે કોઈ છકાયની દયા પાળવા આદિથી આત્મા પાળી શકે છે એમ માને છે,

તો ઈશ્વરને જગતનો કર્તા માને છે અને આ પરની દયા પાળી શકું છું એમ માને, બેય એકસરખા મિથ્યાદૃષ્ટિ સમકિતીએ જાણવા. 'જાણવા' એમ લખ્યું છે. સર્વવિશુદ્ધ અધિકારમાં. જગતનો કર્તા ઈશ્વર માને અને આ કહે કે છકાયની દયા હું પાળું છું, છકાયની પર્યાય હું રાખું છું, હું દયા પાળું છું—બેય એકસરખા મિથ્યાદૃષ્ટિ સમકિતીએ જાણવા. આહા..હા..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું? એ દયા કોણ પાળી શકે છે? એનો ભાવ હોય. પરની દયા પાળવી એ જ મિથ્યાત્વભાવ છે. ઈ જ અહીંયા કહે છે. સમજાણું કાંઈ? પરદ્રવ્યની પર્યાય કરી શકું છું. પાળી શકું છું એનો અર્થ કરી શકું છું. પરદ્રવ્યની પર્યાય કરી શકતો નથી. કર્તા માને છે... એ તો મિથ્યાત્વભાવ છે. ભાવ આવ્યો પરને ન મારું, એ મિથ્યાત્વ નથી, એ શુભભાવ છે. સમજાણું કાંઈ? પણ શુભભાવ તે ધર્મ છે, પરમાર્થ ધર્મ છે (એમ માનવું તે મિથ્યાત્વ છે). ઈ તો કહે છે, હમણા આવ્યુંને? વીતરાગ કહે છે કે જીવદયા આત્માનો સ્વભાવ છે. હમણાં આવ્યું છે, કાલે પણ આવ્યું છે. ખાણિયા ચર્ચામાં આવ્યું છે. એ ભગવાન વચન છે. ભગવાને કહ્યું, જીવદયા તો આત્માનો સ્વભાવ છે. અરે.. ભગવાન! કઈ દયા ઈ? એ તો અહિંસાભાવ એ જીવનો સ્વભાવ છે. પુણ્ય-પાપના વિકલ્પ રહિત થવાની દયા તેનું નામ જીવનો સ્વભાવ છે. પરની દયાનો ભાવ તો રાગ છે. એનો તો અહીંયા નિષેધ કરે છે, એ હિંસા છે, નિશ્ચયથી તો હિંસા છે. સ્વદયા. કરી શકે કેદી, ભાઈ?

'**જેનો ઉદ્ધત (-ઉત્કટ) રસ પ્રતિબદ્ધ...**' છે. જુઓ, જ્ઞાન એવું ઉદ્ધત થઈ ગયું. વિકલ્પને ગણતું નથી, નિમિત્તને ગણતું નથી. પોતાના આશ્રયથી પોતાનું જ્ઞાન ઉદ્ધત થઈને પૂર્ણતાને પામે છે. સમજાણું કાંઈ? પરની અપેક્ષા રાખતું નથી.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પંચાસ્તિકાય, ગાથા-૧૨૬ થી ૧૩૦
## પ્રવચન નં.૨૯, તા.૨૪-૯-૧૯૬૪
## (૭)

પંચાસ્તિકાય, ૧૨૬-૧૨૭ ગાથા. નવ પદાર્થનું વર્ણન ચાલે છે. પહેલો અધિકાર પૂરો કર્યો. '**આ રીતે અહીં જીવ અને અજીવનો વાસ્તવિક ભેદ...**' છે? જીવ એ રૂપી, અરૂપી અજીવથી ભિન્ન છે. જીવ રૂપી પુદ્ગલ અને અરૂપી ધર્માસ્તિ આદિ ચારથી ચૈતન્યદ્રવ્ય ભિન્ન છે. એ વાસ્તવિક ભેદ યથાર્થપણે ભેદ ભિન્ન છે. '**સમ્યગ્જ્ઞાનીઓના...**' સાચા જ્ઞાનીઓના '**માર્ગની પ્રસિદ્ધિ અર્થે...**' એ જડ અને ચૈતન્ય, જડની પર્યાય જડથી થાય છે. ચૈતન્યની પર્યાય ચૈતન્યથી થાય છે. કાલે આવ્યું હતુંને સંસ્થાન આદિ. બધા શરીરની પર્યાયનું કાર્ય શરીરથી-પરમાણુથી થાય છે. અહીં અસ્તિત્વ સિદ્ધ કરવું છે. એ અસ્તિત્વ એનાથી છે. પોતાના આત્માનું અસ્તિત્વ જડના દ્રવ્ય-ગુણ-પર્યાયથી ભિન્ન છે. એ રીતે વાસ્તવિક ભિન્નતા, ખરેખર બે ભિન્ન છે. એટલે એમ નહિ કે એક જીવ અને એક અજીવ, એક જીવ સહિત, અજીવ સહિત જીવ ને એમ ઘણી ગડબડ કરે છેને. એક પુદ્ગલસહિત જીવ, એક આવો જીવ. એમ ઘણાં વાત કરે છે. એક એકલો જીવ છે, કોઈ વળી (એમ કહે છે), બે ભેગા છે-સાથે છે. (ભેગા) છે જ નહિ. જીવ અને અજીવ ત્રણે કાળ ભિન્ન છે.

**શ્રોતા :-** એક અચેતન પુદ્ગલ અને એક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અચેતન પુદ્ગલ એ જૂઠ છે. અચેતન પુદ્ગલ ક્યાંથી આવ્યું? ઈ કોઈક કહે છે. આત્મા સચેતન પુદ્ગલ છે, બીજા અચેતન પુદ્ગલ છે, એમ નથી. વાસ્તવિક જીવ અને અજીવ દ્રવ્ય-ગુણ-પર્યાય પોતપોતામાં ત્રણે કાળ ભિન્ન જ છે.

'**સમ્યગ્જ્ઞાનીઓના માર્ગની પ્રસિદ્ધિ અર્થે...**' કોઈ કહે છે કે એકલો આત્મા જ જગતમાં છે, કોઈ વળી કહે છે કે એકલા અજીવ જ છે, જીવ કોઈ દેખાતા નથી. એમ નથી. રૂપી અરૂપીથી ભિન્ન. રૂપી પુદ્ગલ. અરૂપી આકાશ, ધર્માસ્તિ આદિ અરૂપી છે. તેનાથી આત્મા ભિન્ન છે. ઈ કાલે આવ્યું હતું. આત્મા રૂપી અને અરૂપી અજીવથી ભિન્ન છે. અજીવના બે પ્રકાર—એક રૂપી અજીવ, એક અરૂપી અજીવ. રૂપી અજીવ આ પુદ્ગલ. અરૂપી અજીવ ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશ અને કાળ. કહો, સમજાણું કાંઈ? એ પાંચેયથી ભગવાન આત્મા તદ્દન ભિન્ન અનાદિથી છે.

'**માર્ગની પ્રસિદ્ધિ અર્થે પ્રતિપાદિત કરવામાં આવ્યો.**' લ્યો. આચાર્ય મહારાજ

અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે ભગવાન કુંદકુંદાચાર્યે આમ ભિન્ન બતાવવા માટે, ભિન્ન છે એમ જ્ઞાનીઓને પ્રસિદ્ધિ અર્થે ભિન્ન બતાવ્યું.

**શ્રોતા :-** સિદ્ધ થાય ત્યારે ભિન્ન થાયને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અત્યારે ભિન્ન છે, અત્યારની વાત છે. સિદ્ધની વાત ક્યાં છે. શરીરની પર્યાય શરીરમાં છે, આત્માની પર્યાય આત્મામાં છે. ભિન્ન જ છે. કહો, સમજાણું કાંઈ? પહેલાં બહુ ગડબડી ઉઠતી હતીને? આ ક્યાંથી આવ્યું? વાણી જિનવાણી છે કે નહિ? વાણી જિનવાણી છે કે નહિ? જિનવાણી છે કે નહિ? જિનવાણી છે જ નહિ અને વાણી જિનની છે જ નહિ. વાણી વાણીની છે, જિન જિનના છે. સમજાણું કાંઈ? જિન જિનના છે. વાણી વાણીની છે. વાણી શું જિનની થઈ જાય છે? અને જિન શું વાણીના થઈ જાય છે? જિનની વાણી ખરે છેને? જિનની નથી ખરતી. જિનમાંથી નીકળે છે કે જિનમાંથી ખરે? પરમાણુમાંથી પર્યાય થઈને ખરે છે. ઓહો..! નીકળે છે. બીજું શું ખરે છે? બહાર આવેને ભણકાર? શું છે?

**શ્રોતા :-** વાણી ક્યાંથી આવે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાણી જડમાંથી આવે છે. આત્મામાં ભરી છે? આત્મામાં પરમાણુની ખાણ છે.

**શ્રોતા :-** ભાષા પર્યાપ્તિ..

**પુજ્ય ગુરુદેવશ્રી :-** ભાષા પર્યાપ્તિ જડમાં છે. એ પર્યાપ્તિમાંથી પણ નથી આવતી. ભાષા પર્યાપ્તિ ભિન્ન છે, નામકર્મ છે. .. સૂક્ષ્મ છે. પણ એ બે ભિન્ન ચીજ છે. કદી ભિન્ન જોયું જ નથી કે શું ભિન્ન છે. ખબરેય નથી. આમ કરું ને આમ બનાવું. કોણ કરે, ભાઈ? પરપદાર્થ માટે આત્મા પાંગળો છે, પાંગળો. પંગુ.. પંગુ. છે જ નહિ. પોતાના સ્વરૂપમાં એ છે જ નહિ, એના સ્વરૂપમાં આ નથી. તદ્દન ભિન્ન છે. અત્યારે કે કાલે કે ત્રણે કાળે. હવે ભાવાર્થ, એનો ભાવાર્થ લઈએ છીએ.

'**ભાવાર્થ :- અનાદિ મિથ્યાવાસનાને લીધે...**' અનાદિ મિથ્યાગંધ-રુચિ-અભિપ્રાયને લીધે '**જીવોને પોતે કોણ છે...**' પોતે કોણ છે '**તેનું વાસ્તવિક જ્ઞાન નથી...**' પોતે કોણ છે, કેમ છે, કઈ રીતે છે ખબર નથી.

**શ્રોતા :-** ધર્મ કરવો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ કોનો? ધર્મ કરનાર કોણ છે એની ખબર નથી, ધર્મ ક્યાંથી થશે? ધર્મ કરનાર કેવો છે, કઈ રીતે છે અને ધર્મ શું પર્યાય છે? દ્રવ્ય છે? કે ગુણ છે?

**શ્રોતા :-** ભગવાને પહેલાં આચારાંગ કીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આચારાંગ કહ્યું છે. આચારાંગમાં સમ્યગ્દર્શન-જ્ઞાન નથી કહ્યું? આવાને આવા ઊંધા ઉઠા (ભણાવે). સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન પાંચ આચારનું વર્ણન નથી

આચારાંગમાં? પહેલાં વર્તનનું કથન કર્યું છે અને દૃષ્ટિનું તો બાર અંગમાં કહ્યું છે, એમ કાલે આવ્યું છે. દૃષ્ટિનો વિષય બાર અંગમાં-દૃષ્ટિવાદમાં અને આચારનું કથન પહેલા. તો સમ્યગ્દર્શન વિના આચાર ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ? ભીખાભાઈ! મોટા મોટા ભણ્યા પંડિત. સમજાય છે? પાડા પખાળે છે. કાંઈ ખબર નહિ, શું વસ્તુ છે. ઓહો..! આ ચીજ પંડિતાઈની નથી. આ તો વસ્તુની અંતર દૃષ્ટિ અને અંતર રુચિની ચીજ છે. સમજાણું કાંઈ? મોટા ભણ્યા, લખ્યા ને ભાષણ દે પચાસ-પચાસ હજાર ને લાખ (માણસમાં) માટે હુશિયાર છે, એમ નથી. આ વસ્તુ એવી નથી. જે વસ્તુમાં છે એ પરવસ્તુમાં ત્રણકાળમાં નથી. ભાષા આત્મા કરી શકે અને બીજાને સમજાવી શકે છે એ વસ્તુમાં જ નથી. આહા..હા..!

કહે છે, **'અનાદિ મિથ્યાવાસનાને લીધે જીવોને પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી...'** આમ તો કહે છે, હું જીવ છું, જીવ છું. જીવ છે તો પોતાના દ્રવ્ય, ગુણ, પર્યાયમાં જ એની સીમા-મર્યાદા છે. પરની સીમા પરમાં છે. સમજાણું કાંઈ? આ આંગળી ચાલે, આ ચાલે એ તો એને કારણે ચાલે છે. ચાલ્યા વિના રહે નહિ. કોઈ કહે કે એને કારણે ચાલે છે તો પછી તમે બંધ કરી દો. પણ કોણ બંધ કરે? એને કારણે ચાલે તો એને કારણે બંધ પડે. એમાં બીજાનો અધિકાર છે જ નહિ. અને બીજો કાર્ય કરીને ખસી જાય તો બીજાએ કાર્ય ન કર્યું એમ માનવું. એમ છે જ નહિ. એ તો વાણી એની પર્યાયમાં જે ક્રિયા થવાની છે એ તો થશે જ થશે. એ ક્યાં પોતાથી-આત્માથી થાય છે. એમ **'પોતે કોણ છે તેનું વાસ્તવિક જ્ઞાન નથી અને પોતાને શરીરાદિરૂપ માને છે...'** શાથી? કે પોતાનું અસ્તિત્વ કેવું છે એમ જણાયું નથી તો ક્યાંક તો પોતાનું અસ્તિત્વ માનવું જોશે. પોતાનું વાસ્તવિક સ્વરૂપ કેવું છે એમ જ્ઞાનમાં લીધું નથી તો ક્યાંક તો પોતાનું હોવાપણું-અસ્તિત્વ માનવું તો પડશે. તો આ શરીર હું છું, વાણીને હલાવું છું, શરીરને કરું છું, હું વાણી બોલું છું, હું કર્મ બાંધું છું એમ પરમાં પોતાને માન્યો છે. કહો, સમજાણું કાંઈ?

પોતાની ચીજ ભિન્ન શું છે એનું જ્ઞાન નથી. તો પોતાનું હોવાપણું-સત્તાનો સ્વીકાર તો ક્યાંક કરવો પડશેને. પોતાની સત્તાનો સ્વીકાર નથી કે હું જ્ઞાયક એકલો ચૈતન્ય ભિન્ન છું. એવું જ્ઞાન નથી, તો પોતાનું અસ્તિત્વ (પરમાં માનશે). હું શરીર છું, હું આ કરું છું, હું આ કરું છું, એની પ્રસિદ્ધિથી મારી પ્રસિદ્ધિ છે, મારું અસ્તિત્વ એનાથી છે, બોલું છું તો હું આત્મા, ચાલું છું તો હું આત્મા, કર્મ બાંધું છું તો હું આત્મા—એમ પરના અસ્તિત્વમાં પોતાપણું માની રાખ્યું છે. સમજાણું કાંઈ?

**'પોતાને શરીરાદિરૂપ...'** શરીર, વાણી, કર્મ (રૂપ પોતાને માને છે). **'તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી...'** ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા અથવા કુંદકુંદાચાર્ય આદિ સંતો, જેને આવું સ્વયં કોણ છે તેનું જ્ઞાન નથી તો પરમાં પોતાપણું માન્યા વિના રહેશે નહિ. સ્વયં પોતે ભિન્ન છે તે જણાયું નથી તો પરમાં પોતાપણું માન્યા

વિના રહેશે નહિ. **'તેમને જીવદ્રવ્ય અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી...'** તેમને ભેદ દર્શાવ્યો. ભાઈ! શરીર રૂપી આદિ છે, આકાશ આદિ અરૂપી છે. એ તારામાં નથી. તારું અરૂપી જ્ઞાનઘન ભિન્ન તત્ત્વ છે. તારે પર સાથે કંઈ સંબંધ નથી. એવો જીવદ્રવ્યનો અને અજીવદ્રવ્યનો વાસ્તવિક ભેદ દર્શાવી **'મુક્તિનો માર્ગ પ્રાપ્ત કરાવવા અર્થે...'** લો. મુક્તિનો માર્ગ, મુક્તિનો માર્ગ-મોક્ષનો ઉપાય **'પ્રાપ્ત કરાવવા અર્થે અહીં જડ પુદ્ગલદ્રવ્યનાં...'** જડ પુદ્ગલદ્રવ્યનાં **'અને ચેતન જીવદ્રવ્યનાં...'** શરીરાદિ જડ પુદ્ગલદ્રવ્યનાં અને ચૈતન્ય જીવદ્રવ્યનાં **'વીતરાગસર્વજ્ઞકથિત...'** સર્વજ્ઞ પરમાત્મા પરમેશ્વર વીતરાગે કથિત **'લક્ષણો કહેવામાં આવ્યા.'** જીવ અને જડના લક્ષણ કહેવામાં આવ્યા. સંસ્થાન, શબ્દ આદિ તો જડની પર્યાય છે. એ તો જડનું લક્ષણ છે. એ તારું ક્યાંથી થયું? તારું લક્ષણ તો જ્ઞાન છે. જ્ઞાનથી આત્મા જણાય છે કે આ જ્ઞાતા આત્મા છે. બેયને વીતરાગસર્વજ્ઞ દ્વારા આવા લક્ષણ કહેવામાં આવ્યા છે.

**'જે જીવ તે લક્ષણો જાણી,...'** જડની પર્યાય જડનું લક્ષણ છે, જીવના જ્ઞાનલક્ષણથી આત્મા જણાય છે. એમ **'જે જીવ તે લક્ષણો જાણી...'** બેયના લક્ષણ. જાણનાર તો આત્મા છેને. લક્ષણો બેયના, જાણનારો એક. જડનું લક્ષણ જાણનાર જડ છે? જડનું લક્ષણ અને ચૈતન્યનું લક્ષણ જાણનાર તો આત્મા જ છે. બેયના લક્ષણ જાણનાર તો એક છે. લક્ષણ બેના, જાણનાર બે એમ નથી, એક જ છે. સમજાણું કાંઈ? **'જે જીવ તે લક્ષણો જાણી,...'** જુઓ, જડનું લક્ષણ સંસ્થાન આદિ, શબ્દાદિ, વર્ણ, ગંધ, રસ, સ્પર્શાદિ તો એનું સત્ત્વ છે અને મારું સત્ત્વ એનાથી ભિન્ન છે. બેયના લક્ષણ જાણનારો એક જીવ. સમજાણું કાંઈ?

**'પોતાને એક સ્વતઃસિદ્ધ...'** બેયના લક્ષણ જાણીને પોતાને સ્વતઃસિદ્ધ (જાણે). પોતાથી છે. શરીરથી, કર્મથી, પરદ્રવ્યથી નથી, કોઈ ઈશ્વરથી નથી, પોતાથી સ્વયંસિદ્ધ છે. **'પોતાને એક સ્વતઃસિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી,...'** સ્વતંત્ર દ્રવ્યરૂપે ઓળખી. હું તો એક સ્વતંત્ર પદાર્થ છું. અનાદિ સ્વયંસિદ્ધ પર્યાયમાં બગડવું-સુધરવું એ પોતાથી થાય છે. હું સ્વતંત્ર છું. મારી પર્યાય અને ગુણ-દ્રવ્ય સ્વતંત્ર છે. સમજાણું કાંઈ? **'સ્વતઃસિદ્ધ સ્વતંત્ર દ્રવ્ય તરીકે ઓળખી, ભેદવિજ્ઞાની અનુભવી થાય છે.'** લ્યો. પરથી ભિન્ન જાણીને, બેના લક્ષણ ભિન્ન જાણી પોતાનો આત્મા પરથી ભિન્ન જાણતાં નિજદ્રવ્ય ઉપર લક્ષ થવાથી પોતાનું ભેદજ્ઞાન અનુભવ થાય છે. કહો, સમજાણું કાંઈ? કેમ?

પરથી ભિન્ન અને મારા લક્ષણથી એ ભિન્ન. બેયને જાણ્યા તો પોતાની પર્યાય, ગુણ-દ્રવ્ય પરથી ભિન્ન છે. પર્યાયનું લક્ષણ જાણ્યું તો પછી દ્રવ્ય શું છે તેને જાણ્યું. દ્રવ્ય-ગુણ શું છે તે જ્ઞાન દ્વારા ઓળખાયા. એકલી પર્યાય નહિ. પર્યાય, ગુણ અને દ્રવ્ય ત્રણેને ઓળખે તો લક્ષ દ્રવ્ય ઉપર જાય છે. તો ભેદવિજ્ઞાની થાય છે. સમજાણું કાંઈ? પરને જુદાં કરીને

પોતાનો અનુભવી થાય છે. એ મુક્તિના માર્ગનો ઉપાય છે, એ મુક્તિનો માર્ગ છે. પરથી પોતાનો આત્મા... પર્યાય તો ભિન્ન છે પણ એક સમયની પર્યાય અને દ્રવ્ય-ગુણ પણ પરથી ભિન્ન છે. તો દ્રવ્ય કેવું છે? એમ પોતાના આત્માને પરથી ભિન્ન ઓળખી પોતાના આત્માનો ભેદજ્ઞાની અનુભવી થાય છે.

'**તે નિજદ્રવ્યમાં લીન થઈ...**' લ્યો. એ પોતામાં લીન થઈ. પોતાને પરથી ભિન્ન જાણ્યો તો પોતામાં લીન થઈ. પહેલાં જાણ્યું પણ ભિન્ન અને પોતામાં લીન થયો તે ચારિત્ર. સમજાણું કાંઈ? પરમાં લીન થવું તે નહિ,. રાગ-દ્વેષ આદિ વિકાર છે, કેમકે એ તો પર્યાય છે, દ્રવ્યમાં નથી. દ્રવ્યને પરથી ભિન્ન જાણી ભેદવિજ્ઞાની અનુભવી થાય છે. આ કરવાનું છે. કરવાની વસ્તુ આ છે. '**તે નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી...**' પણ નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી. પોતાનો જ્ઞાયકસ્વભાવ ચિદાનંદ પ્રભુ આનંદનું ધામ, નિત્યાનંદ જેમાં આનંદ જ ભર્યો છે. એવું દ્રવ્ય, એવા ગુણ. એમ જ્યારે પોતાની દૃષ્ટિ આનંદભુવન, આનંદભુવન ભગવાન, આનંદનું ભુવન ભગવાન આત્મા ઉપર દૃષ્ટિ ગઈ તો પર્યાયમાં પણ અતીન્દ્રિય આનંદ પ્રગટ થયો તેનું નામ ભેદજ્ઞાન, અનુભવ કહેવામાં આવે છે.

**શ્રોતા :-** આ સાચું જ્ઞાન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઈ સાચું જ્ઞાન છે. સમજાણું કાંઈ?

'**નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી...**' લીન થઈને મોક્ષમાર્ગને સાધી. બીજું સાધન છે જ નહિ. જ્ઞાયક ચૈતન્ય નિત્યાનંદ, જેના આનંદનો સ્વાદ એક સમયમાં નિર્ભર-આનંદથી આખો ભર ભરેલો છે. પર્યાયમાં કોઈ દી આનંદ આવ્યો નહિ. કેમકે પરથી ભિન્ન જાણ્યો નથી. ભિન્ન જાણ્યો નહિ તો દ્રવ્યમાં પૂર્ણાનંદ છે એવી ઓળખાણ થઈ નહિ. સમજાણું કાંઈ? જ્યારે દૃષ્ટિએ પરદ્રવ્યના લક્ષણથી લક્ષ છોડી, પોતાના જ્ઞાનલક્ષણથી લક્ષ થવાવાળો ભગવાન, એમાં દૃષ્ટિ લગાવીને જે આત્મા પરથી ભિન્ન જાણ્યો તો એમાં આનંદની પર્યાયમાં અનુભવ થયો, તો જાણ્યું કે આખો આત્મા આનંદમય છે, હું આખો આત્મા અનાદિ આનંદમય છું, અતીન્દ્રિય આનંદમય છું. એમાં લીન થઈ આનંદમાં લીન થવું એ ચારિત્ર છે. ચારિત્ર કોઈ દુઃખરૂપ નથી. ચારિત્રમાં કષ્ટ સહન કરવું પડે એમ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પરથી ભિન્ન. એક પર્યાયમાં જરી રાગ અને દુઃખ છે એવડો જ નથી. કારણ કે ભિન્ન જાણ્યું તો એક પર્યાયથી ભિન્ન જાણ્યું, પણ આખું દ્રવ્ય પણ ભિન્ન છે. એક પર્યાય જેવડું દ્રવ્ય નથી. એવી સત્તા જ્ઞાન, આનંદ સત્તારૂપ દ્રવ્ય એનો પરથી ભિન્ન અનુભવ કરી, પોતામાં લીન થઈ '**મોક્ષમાર્ગને સાધી...**' જુઓ, એ મોક્ષનો ઉપાય સાધીને શાશ્વત નિરાકુળ સુખનો ભોક્તા થાય છે. શાશ્વત નિરાકુળ-આકુળતા વિના આનંદનો ભોક્તા થાય છે. લ્યો, સમજાણું કાંઈ? બે વસ્તુ શું છે? બેમાંથી ક્યાંથી ખસવું અને ક્યાં જવું?

એમાં લીન થવું એ જ મોક્ષનો માર્ગ છે. અને મોક્ષના માર્ગથી મોક્ષ-પૂર્ણ નિરાકુળ આનંદની પ્રાપ્તિ થાય છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'મોક્ષમાર્ગને સાધી શાશ્વત નિરાકુળ સુખનો ભોક્તા થાય છે.'** એ સુખ પ્રગટ થયું શાશ્વત અથવા પોતાનું શાશ્વત સુખ અંદર છે તેનો પૂર્ણ અનુભવ થયો. પૂર્ણ થયો તો એમને એમ સાદિ ઉત્પન્ન થયો, અનાદિઅનંત કાળ પછી રહે છે. જ્યારથી આનંદ પ્રગટ્યો ત્યારપછી અનંતકાળ રહે છે. શાશ્વતમાંથી આનંદ આવ્યો એ શાશ્વત કાળ રહે છે. એ પોતાનું ચૈતન્ય પરથી ભિન્ન, રાગથી ભિન્ન, ગુણ-ગુણીનો ભેદ પણ દૃષ્ટિમાં નથી. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? કહો, ...! શું કરવું? ક્રમબદ્ધમાં લોકો મુંઝાય છે, લ્યો. આ ક્રમબદ્ધમાં કરવું શું? પણ ક્રમબદ્ધમાં 'કરવું, કરવું, હું કરું' એવી બુદ્ધિનો જ નાશ થઈ જાય છે. ક્રમબદ્ધમાં 'હું કરું' એવી બુદ્ધિનો નાશ થાય છે અને અકર્તાબુદ્ધિ ઉત્પન્ન થવી એનું નામ ક્રમબદ્ધ માન્યું કહેવામાં આવે છે. એમ નથી કે થાય છે, થાય છે, થાય છે. પણ થાય છે કોનામાં, કોણ છે તું? સમજાણું કાંઈ? ક્રમબદ્ધ લોકોને સ્વચ્છંદી બનાવી દે છે. પણ સ્વચ્છંદી થાય તો એ સમજ્યા નથી.

**શ્રોતા :-** રોકી શકાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. રોકી શકાય છે. શું? થાય છે એના ઉપર એની દૃષ્ટિ નથી રહેતી એ રોકી શકાય છે એનો અર્થ ઈ છે. ક્રમબદ્ધ માનવાવાળાની ક્રમબદ્ધ થાય છે એના ઉપર દૃષ્ટિ નથી. પર્યાય થાય છે, પોતાનું કાર્ય અથવા પર્યાય થાય છે, પરમાં થાય છે અને પોતામાં થાય છે. થાય છે, પણ ક્રમબદ્ધ માનવાવાળાની દૃષ્ટિ.. ક્રમબદ્ધ ક્યારે માન્યું કહેવામાં આવે? કે હું પરનું કરું અને રાગને કરું એવી બુદ્ધિનો અભાવ થઈ જાય. એનો અર્થ કે જ્ઞાતા-દૃષ્ટા થઈ જાય તો એણે ક્રમબદ્ધ માન્યું, જાણ્યું કહેવાય. માન્યું છે ક્યાં? આમને આમ ક્રમબદ્ધ... ક્રમબદ્ધ કરે એમ ન ચાલે. સમજાણું કાંઈ? ક્રમબદ્ધનો અર્થ થાય છે. થાય છે એમાં કરવું ક્યાં આવ્યું? કર્તૃત્વબુદ્ધિ જે અનાદિની છે કે હું કરું, કરું, કરું, કરું.. પોતામાં કરું, પરમાં કરું એવી બુદ્ધિનો પ્રવેશ જ્ઞાયક ઉપર થાય છે. જ્ઞાયક ઉપર પ્રવેશ થાય છે. કરું એ બુદ્ધિ છૂટી જાય છે. છે તેનો જ્ઞાતા-દૃષ્ટા રહી જાય છે. તેનું નામ ક્રમબદ્ધ જાણ્યું અને માન્યું કહેવાય, નહિતર માન્યું નથી. કરું કરું બુદ્ધિ છે અને ક્રમબદ્ધ માન્યું છે ઈ ક્યાંથી આવ્યું? હું આમ કરું, હું આમ કરું. ક્રમબદ્ધ તો થાય છે એમાં કર્તૃત્વ-હું કરું-એવી બુદ્ધિનો અભાવ અને અકર્તાપણાની બુદ્ધિનો ઉત્પાદ જ્ઞાતા-દૃષ્ટાના આશ્રયે થાય છે. ભારે ઝીણી વાત. વસ્તુની ખબર નહિ. પદાર્થ શું છે?

**શ્રોતા :-** ક્રમબદ્ધની શ્રદ્ધા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ... કર્તૃત્વ નથી તેને ક્રમબદ્ધની શ્રદ્ધા છે. અજ્ઞાનીને શ્રદ્ધા ક્યાં છે? એની બુદ્ધિ તો કરું.. કરુંમાં છે. શેઠી! ક્રમબદ્ધની માન્યતા કોને હોય છે? ક્રમસર થાય

છે, ક્રમસર થાય છે. તો ક્રમસર થાય છે એમાં કરુ એવી બુદ્ધિ ક્યાં આવી? એને સમાધાન તો થતું નથી. હું આમ કરું, હું આમ કરું. એમાં આમ કરી દઉં, મારામાં આમ થઈ જાય. એવી બુદ્ધિ તો પડી છે તો એમાં ક્રમબદ્ધ ક્યાં આવ્યું? માનતો તો છે નહિ, માન્યતા તો છે નહિ. સમજાણું કાંઈ? પ્રાણભાઈ! ભારે ગડબડ ચાલી છે. ક્રમબદ્ધ શબ્દ નહોતો ત્યાં સુધી મૂઢપણું હતું, ક્રમબદ્ધ આવ્યું તો પછી કહે, અરે..! આ શું? થાય છે, થાય છે તો થવા દેવુંને? પણ થવા દેવું કોને? પરને થવા દેવું એ તારા અધિકારની વાત છે કે પરને અટકાવી દે? પરની પર્યાય તો થાય છે, ચાલી જાય છે. તારાથી અટકે છે અને તારાથી બને છે? અને પોતામાં પણ થાય છે તો થવા દો. તો એનો અર્થ શું? કે રાગ આવે છે. આવે છે પણ એની દૃષ્ટિ ક્યાં છે? રાગ ઉપર નહિ, પર્યાય ઉપર નહિ, પર ઉપર નહિ, ગુણભેદ ઉપર નહિ. અખંડ જ્ઞાયકમૂર્તિ આત્મા છે તેના તરફ સાવધાનીથી ઢળીને પરનો અકર્તા થયો ત્યારે એની ક્રમબદ્ધની માન્યતા સાચી થઈ. એ તો જ્ઞાતા-દૃષ્ટિ થઈ ગયો. અમરચંદભાઈ! આહા..હા..!

**શ્રોતા :-** બહુ સ્પષ્ટ વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વસ્તુસ્થિતિ એવી છે. સમજાણું કાંઈ?

જુઓ, નિજ દ્રવ્યમાં લીન થઈને કહો કે ક્રમમાં કર્તૃત્વબુદ્ધિ છૂટીને પોતાનો જ્ઞાતાસ્વભાવ, પૂર્ણ જ્ઞાનનો ભંડાર, પૂર્ણ જાણવાની ક્રિયા, જ્ઞાનની પણ ક્રમસર થવાવાળી પર્યાય, જ્ઞાનગુણ પણ ક્રમસર થવાવાળી પર્યાય, રાગની પણ ક્રમસર થવાવાળી પર્યાય, પરની પણ ક્રમસર થવાવાળી પર્યાય. કર્તૃત્વબુદ્ધિ છૂટી ગઈ. 'હું જ્ઞાનપર્યાય કરું' એવો વિકલ્પ પણ નહિ. 'રાગને કરું એમ તો નહિ, હું પર્યાય કરુંટ એ બુદ્ધિ પણ છૂટી ગઈ. જ્ઞાતા-દૃષ્ટા તરફ દૃષ્ટિ ઝુકી ગઈ તો પર્યાય નિર્મળ થાય છે, બસ. ધરમચંદજી! સમજાણું કાંઈ? ગડબડ ઘણી છે માટે ઘણો ખુલાસો કરવો પડે છે. આહા..હા..! અરે..! ભગવાન! તારી વાસ્તવિક ચીજનો જ્યાં પત્તો આવ્યો ત્યાં તું ગડબડ કરે છે. અમારા મીઠાલાલજી છેને. મીઠા મીઠાલાલ છે. બરાબર વાત છે.

ભાઈ! તારું સ્વરૂપ તો.. અહીં સર્વજ્ઞપણું સિદ્ધ કરવું છે. સર્વજ્ઞ છે ઈ કોનું કરે છે? કોનું કરે છે? કોનું અટકાવે છે? જાણે છે. એવો જ તું છો. સર્વજ્ઞસ્વભાવ સ્વભાવ તું છો. બસ, એટલું સિદ્ધ કરવું છે. જાણવું-દેખવું. કોને? બધાને. શેમાં રહીને? પોતામાં રહીને. પરમાં રહીને નહિ. પોતાની જ્ઞાનપર્યાયમાં રહીને અને એ પર્યાય દ્રવ્યના આશ્રયે ઉત્પન્ન થઈ તો જાણવું-દેખવું રહી ગયું. સર્વજ્ઞ પૂર્ણ જાણે છે, જ્ઞાની અલ્પ જાણે છે, પણ જાણવું-દેખવું બેયનું એકસરખું છે. સમજાણું કાંઈ? અહીંયા રાગ આવે છે તોપણ જાણે છે. ભગવાનને રાગ નથી તો નથી જાણતા. એટલું. પણ જાણવું-દેખવું એ ક્રમબદ્ધમાં સિદ્ધ કરવું છે. આહા..હા..! સમજાણું કે નહિ કાંતિભાઈ? શું આ બધા સુધરેલ માણસ પાછા ગડબડ કરે.

ક્રમબદ્ધ છે, ક્રમબદ્ધ છે. ક્રમબદ્ધનો અર્થ શું? ક્રમબદ્ધ તો મોટી મહાન વસ્તુ છે. એકલો જ્ઞાનસ્વભાવ સિદ્ધ કર્યો. હું જ્ઞાનસ્વભાવ છું. એટલો નિર્ણય થયો કે જાણવાની પર્યાય ઉત્પન્ન થઈ ગઈ, બસ ખલાસ. રાગ લાવવો છે કે રાગ છોડવો છે કે બીજો કરવો છે, ઈ કાંઈ રહેતું નથી. એનું નામ ક્રમબદ્ધને માન્યું કહેવામાં આવે છે. એમને એમ બોલે, શબ્દ બોલે, એમાં શું? હા, ઈ વીતરાગતા છે. નહિ. નિર્મળ પર્યાય કરું એવા વિકલ્પનું પણ સ્થાન નથી. સમજાણું કાંઈ?

'**નિજાત્મદ્રવ્યમાં લીન થઈ મોક્ષમાર્ગને સાધી...**' બસ, આમ જ્યાં જ્ઞાતા-દૃષ્ટા થયો તો કર્તાપણું છૂટી ગયું. તો ક્રમસર સ્વભાવની એકાગ્રતા થતાં-થતાં રાગ ઘટી જશે અને કેવળજ્ઞાન પ્રગટ થઈ જશે. શાશ્વત સુખનો ભોક્તા થઈ જશે. સમજાણું કાંઈ? પણ જેને કરવું છેને અથવા કરવું છોડવું છે, કરવું અટકાવવું છે તેને આ વાત નહિ બેસે. શેઠી! કરવું અને કરવું છોડવું બેય આત્મામાં નથી. પરનું કરવું અને પરને છોડવું, રાગને કરવો અને રાગનો છોડવો, બેય આત્મામાં નથી. આવી દૃષ્ટિ થાય તો એને ક્રમબદ્ધ બેસે, નહિતર બેસે નહિ. ઝાંઝરીજી! કોને કરવું છે? રાગને કરવો છે? રાગને છોડવો છે? જાણવું-દેખવું છે, બસ.

**શ્રોતા :-** રાગ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આવે છે, કરવો નથી. આવે છે તો પરજ્ઞેય તરીકે જાણવું થાય છે. સૂક્ષ્મ વિષય છે. આવે છે તો આવો, આત્મા તો જાણે છે. આવ્યો, જેમ આ પર છે, આ ઘડિયાળ છે એમ જાયું, એમ રાગને ભિન્ન જાણ્યો. રાગને કરવો નથી, રાગને છોડવો નથી. સ્વભાવમાં રાગને કરવો અને છોડવું ક્યાં છે. એવી દૃષ્ટિ થાય ત્યારે ક્રમબદ્ધ માન્યું કહેવામાં આવે, નહિતર તો વાત કરે છે.

**શ્રોતા :-** પોતાની સાથે છેતરપીંડી કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** છેતરપીંડી કરે છે, ઠીક કહે છે. પોતે પોતાથી છેતરાય છે. પોતાને છેતરે છે ક્રમબદ્ધના નામે. બહુ ઝીણી વાત છે. સર્વજ્ઞ ભગવાન કોને... એ તો આપણે આવી ગયું. .. દૃષ્ટિ જોવે છે. દૃષ્ટિ શું કરે? આંખ શું કરે? જોવે. આમ છે, ખાડો પડ્યો, ઢગલો થયો. આંખ ખાડો કરે છે? આંખ ઢગલો કરે છે? એમ શું આત્મા રાગ કરે છે? આત્મા રાગ છોડે છે? વસ્તુમાં નથી. રાગ હો તો હો. જાણે છે. મારા સ્વભાવમાં રાગ છે જ નહિ. રાગનું જ્ઞાન મારી સન્મુખ થઈને મારાથી થયેલી પર્યાયમાં હું મને જાણું છું એમાં રાગ વ્યવહારથી જણાય જાય છે. આહા..હા..! આ રીતે ક્રમબદ્ધનું અકર્તાપણું-જ્ઞાતાપણું થવું તેનું સિદ્ધ-ફળ છે. ક્રમબદ્ધનું ઈ ફળ છે. એ ફળ આવ્યા વિના ક્રમબદ્ધ માને એણે માન્યું જ નથી. સમજ્યા, સુજાનમલજી! અહીંયા ઘંટીના પડ નથી ચલાવવાના. રોટલી-બોલટી કરવી હોય તો લાવો, ઘંટીના પડ. રોટલી કરો. આમ લાવો, ફલાણું કરો. સમજાણું કે નહિ?

એ તો પરદ્રવ્ય છે રજકણે રજકણ પોતાની પર્યાયથી આવે છે, જાય છે, ફરે છે, છૂટે છે, ભાંગે છે. એમાં આત્માનો અધિકાર છે જ ક્યાં? અને પોતાની પર્યાયમાં દોષનો રાગ આવ્યો તો ક્રમબદ્ધવાળાની દૃષ્ટિ તો રાગ ઉપર છે જ નહિ. (હોય તો) ત્યાં પર્યાયબુદ્ધિ થઈ, કર્તાબુદ્ધિ થઈ, ક્રમસરની બુદ્ધિ થઈ નહિ. હું જ્ઞાયક છું. જ્ઞાયક સ્વપરપ્રકાશક ચૈતન્ય છું. પોતાને જાણવામાં પરને જાણવું પોતાને જાણવામાં આવી જાય છે. પરને જાણવું જુદું કરવું પડે એમ પણ નથી. સમજાણું કાંઈ? લ્યો વળી એમાં થોડું ક્રમબદ્ધનું પણ આવ્યું.

એમાં લીન થવું છે. સાવધાન, જ્ઞાનની પર્યાય દ્રવ્ય તરફ ઢળી છે, ઢળી કહે છેને? બસ, ઢળી ઈ ઢળી. ક્રમબદ્ધનો નિર્ણય કરવાવાળાની દૃષ્ટિ જ્ઞાન-જ્ઞાયક ઉપર ઢળી. ઢળી-વળી-ઝુકી. બસ, થઈ ગયું. પછી રાગ આવે છે તો જાણે છે, પરવસ્તુ પરિણમે છે તો જાણે છે, આ પોતાની પર્યાય થઈ એમ એને પણ જાણે છે. હું કરું એવી બુદ્ધિ જ નથી. સમજાણું કાંઈ? વાત બહુ ઝીણી છે. લ્યો, ૧૨૬-૧૨૭ થઈ ગઈ.

'**આ રીતે અજીવપદાર્થનું વ્યાખ્યાન સમાપ્ત થયું.**' એનો અર્થ કે જીવ અને અજીવ બેયનું વ્યાખ્યાન (સમાપ્ત થયું). પહેલાં જીવનું વ્યાખ્યાન પૂરું થયું, આ અજીવનું (પૂરું થયું). બેનું પૂરું થયું. પહેલાં જીવનું કહેવાઈ ગયું. પહેલાં જુદું (કહી ગયા). '**બે મૂળ પદાર્થો કહેવામાં આવ્યા.**' કોણ બે? જીવ અને અજીવ. '**હવે (તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા...**' સંયોગપરિણામથી નિષ્પન્ન થતાં '**અન્ય સાત પદાર્થોના ઉપોદ્ઘાત અર્થે...**' જુઓ, પુણ્ય, પાપ અથવા આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ. આસ્રવ, સંવર, નિર્જરા, બંધ અને મોક્ષ અને પુણ્ય ને પાપ—સાત. એ સાત અન્યના સંયોગપરિણામથી. ભાષા એમ છે. શું છે?

જીવ અને અજીવ સંયોગપરિણામથી. સંયોગની હયાતીમાં પોતાથી પુણ્ય-પાપ, આસ્રવ, બંધ (થાય) અને એ સંયોગના અભાવમાં પોતાથી સંવર, નિર્જરા અને મોક્ષ (થાય છે). એટલી પણ અપેક્ષા આવી તો સંયોગપરિણામથી નિષ્પન્ન સાત પદાર્થ કહેવામાં આવ્યા. મોક્ષ પણ સંયોગપરિણામથી નિષ્પન્ન થવાવાળો પદાર્થ છે. સમજાણું કાંઈ? પોતાની પર્યાય પોતામાં, દ્રવ્યમોક્ષના પરિણામ જડમાં. સંવરના પરિણામ પોતામાં અને દ્રવ્યસંવરના પરિણામ પરમાણુમાં. એ બે દ્રવ્ય, તેની સાત પર્યાય. સાત પર્યાયમાં સાત પર્યાય આત્માની છે અને સાત જડની છે. સમજાણું કાંઈ?

'**(તેમના) સંયોગપરિણામથી નિષ્પન્ન થતા અન્ય સાત પદાર્થોના ઉપોદ્ઘાત...**' એનો ઉપોદ્ઘાત કરે છે. સમજ્યા? આ કહેશે એની સૂચનિકા છે. સૂચન, સૂચન. '**જીવકર્મ અને પુદ્ગલકર્મનું ચક્ર વર્ણવવામાં આવે છે.**' જીવકર્મ નામ જીવનું કાર્ય અને પુદ્ગલના કાર્યચક્રનું વર્ણન કરવામાં આવે છે. પર્યાયની વાત કરે છે. સંવર, નિર્જરા પછી કહેશે. સૂચન, આ સૂચન કરવામાં આવ્યું કે હવે આ કહેશું. ઉપોદ્ઘાત કરે છેને. આ પુસ્તકમાં આ કહેવામાં આવે છે એમ પહેલાં સૂચન કરે છે. પ્રસ્તાવના કહેવાય? શું કહેવાય? પ્રસ્તાવના. ગાથામાં

સંવર, નિર્જરા, મોક્ષ નહિ લે. ગાથામાં તો એકબીજાના નિમિત્ત-નૈમિત્તિક સંબંધથી પરિભ્રમણ કરે છે એમ લેશે. પછી લેશે સાધીન અને નિધન. અનાદિઅનંત અભવિનો સંસાર, ભવિનો સંસાર અનાદિશાંત. બસ એટલું. ત્રણ ગાથા છે.

**जो खलु संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो।**
**परिणामादो कम्मं कम्मादो होदि गदिसु गदी।।१२८।।**

અહીં તો અહીંથી શબ્દ ઉપાડ્યો છે. '**संसारत्थो जीवो**'. પછી ટીકાકાર જરી વધારે લેશે. અનાદિ બંધને વશ એટલું થોડું નાખશે. જુઓ, આ નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બતાવે છે, હોં! અહીંયા લોકો બહુ ગડબડ કરે છે. જુઓ, પંચાસ્તિકાયમાં આમ લખ્યું છે.

**गदिमधिगदस्स देहो देहादो इंदियाणि जायंते।**
**तेहिं दु विसयग्गहणं तत्तो रागो व दोसो वा।।१२९।।**
**जायदि जीवस्सेवं भावो संसारचक्कवालम्मि।**
**इदि जिणवरेहिं भणिदो अणादिणिधणो सणिधणो वा।।१३०।।**

ભવિ અને અભવિ બેની વાત કરે છે.

'**ટીકા :- આ લોકમાં સંસારી જીવથી... સ્નિગ્ધ પરિણામ થાય છે...**' એમ કહેવું છે. સમજાણું કાંઈ? પાઠમાં આવ્યુંને? '**संसारत्थो जीवो तत्तो दु होदि परिणामो**' પહેલું પદ છે. સંસારીજીવને પરિણામ થાય છે. કેવા થાય છે? તો ખુલાસો કર્યો કે '**સંસારી જીવથી અનાદિ બંધનરૂપ ઉપાધિના વશે...**' આટલા શબ્દો લીધા. કર્મથી નહિ, કર્મને વશ. ઉપાધિને વશ થાય છે ઈ. ઉપાધિ તો પર છે, પણ પરને વશ થાય છે. કર્મથી નહિ પણ ઉપાધિને વશ થાય છે તો પરિણામ ચીકાશ રાગ-દ્વેષ થાય છે, એમ બતાવ્યું છે. પાઠ એમ છેને? '**तत्तो दु होदि परिणामो**'. સંસારમાં રહ્યો જીવ એને પરિણામ થાય છે. તો પરિણામની વ્યાખ્યા કરી. ઉપાધિ કર્મ. કર્મની ઉપાધિને વશ થઈને. કર્મ જડ છે, ઉપાધિ છે પરવસ્તુ. એને વશ થઈને જીવમાં ચીકાશ મિથ્યાત્વ, રાગ-દ્વેષભાવ આત્મા કરે છે. સ્નિગ્ધ નામ ચીકાશવાળા રાગ-દ્વેષ, મિથ્યાત્વ. મિથ્યાત્વ, રાગ-દ્વેષની ચીકાશ. એ ચીકણા ભાવ છે, બંધનું કારણ બતાવવું છેને.

'**સ્નિગ્ધ પરિણામ થાય છે,...**' સ્નિગ્ધ નામ મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. ઉપાધિને વશ એટલું લીધું. સ્નિગ્ધ પરિણામ-ચીકાશ. રાગ-દ્વેષ, મિથ્યાત્વ થાય છે. બસ, ... ઉપાધિને વશ લીધું છે, હોં! '**પરિણામથી પુદ્‌ગલપરિણામાત્મક કર્મ,...**' ઈ હવે નિમિત્ત કહે છે. નિમિત્ત-નૈમિત્તિકસંબંધ બતાવે છે ત્યાં કે જુઓ, એનાથી આ થાય છે, એનાથી આ થાય છે. આ તો આ છે તો ત્યાં એને કારણે થાય છે એવો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ વ્યવહાર બતાવવો છે.

શ્રોતા :- વિભાવપરિણતિ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જીવની. જીવ વિભાવપરિણામ નિમિત્ત પામીને પુદ્‌ગલ પોતાથી કર્મરૂપ થાય છે. પહેલા કર્મ લ્યે છે.

'**પરિણામથી પુદ્‌ગલપરિણામાત્મક કર્મ,...**' પુદ્‌ગલપરિણામસ્વરૂપ આઠ કર્મ. એ પુદ્‌ગલપરિણામસ્વરૂપ કર્મ છે. એ આત્માએ નથી કર્યા. આત્મા તો પોતાના ચીકણા પરિણામ કર્યા-મિથ્યાત્વ અને રાગ-દ્વેષ. બસ એટલું. આ જુઓ, પરિણામ થાય છે. '**પરિણામથી પુદ્‌ગલપરિણામાત્મક કર્મ,...**' થી નામ નિમિત્તથી. પુદ્‌ગલપરિણામસ્વરૂપ કર્મ છે. એ પુદ્‌ગલપરિણામસ્વરૂપ કર્મ છે. એ પુદ્‌ગલપરિણામસ્વરૂપ કર્મ છે એમાં પરિણામ નિમિત્ત થયા. સમજાણું કાંઈ? એ પરિણામથી નામ નિમિત્તથી એમ લેવું. નિમિત્ત. ત્યાં આઠ કર્મ થવાની પર્યાયની યોગ્યતાથી પુદ્‌ગલપરિણામનું કાર્ય જડમાં થાય છે. પરિણામ નિમિત્ત કહ્યાને. જીવના મિથ્યાત્વ, રાગ-દ્વેષ નિમિત્ત. અને ત્યાં પુદ્‌ગલના પરિણામરૂપ કાર્ય જડમાં નૈમિત્તિક જડને કારણે ત્યાં થયા, આને કારણે નહિ, આ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? નૈમિત્તિક જડની અવસ્થા, ઉપાદાન એનું. અહીંયા રાગનું ઉપાદાન જીવ, મિથ્યાત્વનું ઉપાદાન જીવ. નિમિત્ત પરને ઈ (થાય). સમજાણું કાંઈ?

'**પરિણામથી...**' આ વાત બધે લ્યે. પણ અહીં વાત ઈ કહે છે. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બેયના સંયોગપરિણામથી આમ થાય એ બતાવે છે. કર્મને લઈને પરિણામ અને પરિણામને લઈને કર્મ એનો તો પહેલેથી નિષેધ કર્યો. જુદાં તો બતાવી દીધા. કર્મના પરિણામ (કર્મથી થાય). સ્વતંત્ર છે. બતાવ્યુંને, મિથ્યાત્વ, રાગ-દ્વેષ કરવામાં જીવ સ્વતંત્ર છે અને કર્મ થવામાં પુદ્‌ગલ સ્વતંત્ર છે. કર્મ થવાની પર્યાયમાં પુદ્‌ગલ સ્વતંત્ર છે. આણે રાગ-દ્વેષ કર્યા તો કર્મને પરિણમવું પડ્યું એમ નહિ. આહા..હા...! ભારે વાત, ભાઈ!

શ્રોતા :- નિમિત્ત-નૈમિત્તિક..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સંબંધ, બસ એટલું. પૃથક્-પૃથક્ પોતપોતાની પર્યાયમાં નિમિત્ત નૈમિત્તિક કઈ રીતે હોય છે એ બતાવવું છે. આવ્યું? જુઓ, હવે આવે છે.

'**કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન,...**' એ તો નિમિત્તથી કથન છે. એ તો પહેલાં આવી ગયું. નરકગતિમાં પોતાની યોગ્યતાથી જાય છે. એ તો પહેલાં આવી ગયું છે. સમજાણું કાંઈ? ચાર ગતિની પર્યાય ઉદયભાવની પોતાથી પોતામાં છે. કર્મને કારણે જીવનો ગતિનો ઉદયભાવ છે એમ નથી. કહો, સમજાણું કાંઈ? અહીં તો થાય છે એમાં નિમિત્ત કોણ છે એટલું બતાવવું છે. કંઈ જડ કર્મ નરકગતિમાં લઈ જાય છે? જડની પર્યાયથી જીવને નરકગતિમાં જવું પડે? બિલકુલ નહિ.

**શ્રોતા :-** પૂર્વે ભાવ તો કર્યાને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભાવ તો વર્તમાન છે. પૂર્વ નહિ, વર્તમાન ગતિમાં જવાના ભાવ છે. પૂર્વ ભાવ કોણ કહે છે? વર્તમાનમાં નરકગતિની યોગ્યતા ઉદયથી પોતામાં છે તો જાય છે. પોતાની ક્રિયાથી જાય છે, નરકગતિના ઉદયને કારણે નહિ. એ તો નિમિત્ત છે. સમજાણું કાંઈ? ભગવાન કર્મથી નરકગતિમાં જાય એમ કહે છે અને તમે ના પાડો છો. અહીં તો નિમિત્ત-નૈમિત્તિકસંબંધ કહે છે. નરકમાં કર્મ પરદ્રવ્ય આત્માને પોતાની પર્યાયમાં ખેંચીને લઈ જાય? પરમાં તાકાત છે? પોતાની નરકમાં જવાની શક્તિ ન હોય અને કર્મ નરકમાં જવાની શક્તિ કરી દે એમ બને નહિ; અને પોતામાં શક્તિ છે તો નરકગતિએ શું કર્યું? એ તો પોતાથી જાય છે. એ તો નિમિત્તમાત્ર ભિન્ન ચીજ છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** એના મૂળ સ્વભાવથી વિરુદ્ધ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિરુદ્ધ જ છે. અજ્ઞાની અનાદિથી વિરુદ્ધ કરે છે કે નહિ? કરે છે કે નહિ ઈ? કોણ કરે છે? જડ. ઈ પહેલા આવી ગયું.

**શ્રોતા :-** અજ્ઞાન ફસાવી દે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અજ્ઞાન પોતાનું અજ્ઞાન. કોણ અજ્ઞાન? બીજાનું અજ્ઞાન છે? એનું અજ્ઞાન. અજ્ઞાન કોઈ જડ નથી. એનું બેભાનપણું એને અજ્ઞાનમાં ફસાવે છે. ભાન નથી એને. વાસના, અજ્ઞાનીનું પોતાનું અજ્ઞાન છે, કંઈ બીજાનું છે? એ તો પોતાથી બંધાય છે, રાગથી.

**શ્રોતા :-** કઠણ પડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કઠણ કાંઈ નથી. બધું સીધુસટ થઈ ગયું છે હવે તો. નવાને જરી સાંભળ્યું ન હોય એને (લાગે).

**શ્રોતા :-** બાળકોને ભણાવે એમ આપ વૃદ્ધોને ભણાવો છો.

**પૂજ્યા ગુરુદેવશ્રી :-** ઠીક. અહીં કોઈ વૃદ્ધ નથી, બધા બાળક જ છે. સમજનારા વિદ્યાર્થી છેને, વિદ્યાર્થી.

**શ્રોતા :-** બાળકો વધારે પવિત્ર હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવું કાંઈ નહિ. બધા... આત્મા કોણ છે? આત્મા તો સરળ જ છે, સીધો છે. ... કહો, સમજાણું કાંઈ?

નરકાદિ ગતિ. જુઓ, ચારેય ગતિ લીધી છેને. કર્મથી ચાર ગતિમાં જાય છે એ નિમિત્તથી કથન કર્યું. કોઈ દ્રવ્યથી કોઈ દ્રવ્યની પર્યાય કદી ત્રણકાળમાં થતી નથી. આ તો ચક્ર બતાવવું છેને. સંસારચક્ર. જુઓ, સંસારના ચક્રમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી કેમ થાય છે એ બતાવે છે. સમજાણું કાંઈ?

**'કર્મથી પાછું નરકાદિ...'** નરક, મનુષ્ય, દેવ, સ્વર્ગ, નિગોદ. નિગોદ આદિ ગતિમાં

ગમન. એ બધામાં લેવું. સમજાણું કાંઈ? કર્મ પરદ્રવ્ય નિમિત્તમાત્ર છે. પરદ્રવ્યથી પરદ્રવ્યમાં ત્રણકાળમાં ક્રિયા થતી નથી એ તો પહેલાં સિદ્ધ કર્યું. પરના પરિણામ, પરનો કર્તા થાય એમ નથી. અજ્ઞાનમાં પણ પોતાને ભૂલીને પોતાના અજ્ઞાન પરિણામ કરે છે. તેથી નરકમાં જાય છે. શ્રેણિક રાજા. એ તો જ્ઞાની હતા, લ્યો. સમકિતી હતા-ક્ષાયિકસમકિતી. તીર્થંકર ગોત્ર (બાંધ્યું છે). તોપણ પોતાની ગતિની યોગ્યતાથી ત્યાં જાય છે. ગતિની યોગ્યતાના પરિણામ સ્વતઃસિદ્ધ છે. ઉદયભાવ ગતિનો પોતામાં છે. ગતિ કર્મ ભિન્ન છે. એને કારણે જાય છે. આ તો નિમિત્ત બતાવવું છે. સમયસારમાં પણ એમ આવે છે, બધામાં આવે છે.

'**નરકાદિ ગતિઓમાં ગમન...**' લ્યો. કોનાથી? કર્મથી. એ ભાર આપે. કર્મથી. અરે..! સાંભળ તો ખરો. પહેલાં જ કહી દીધું, બંધને વશ ઈ થાય છે. પોતાને વશ પોતાના પરિણામ છે. શું પરવશે પરિણામ થાય છે? અને '**ગતિની પ્રાપ્તિથી પાછો દેહ,...**' લ્યો. ગતિ થઈ તો ત્યાં દેહ મળશે એમ કહે છે. દેહ તો જડ છે. ગતિ દેહને કારણે ઉદય આવી છે. ગતિ હશે ત્યાં દેહ હશે. ત્યાં આ શરીર નહિ રહે, એમ બતાવે છે. ગતિ તો પોતાની પર્યાયને કારણે છે અને ત્યાં જડ દેહ આવ્યો એ પરમાણુનો પિંડ શરીરરૂપે થવાની લાયકાતથી થઈ.

**શ્રોતા** :- નિમિત્ત-નૈમિત્તિકસંબંધ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બસ, અહીં બતાવવું ઈ છે. અહીં ચક્ર બતાવવું છેને.

'**દેહથી પાછી ઇન્દ્રિયો...**' જુઓ, દેહ મળ્યો, ઇન્દ્રિયો (મળી). '**ઇન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ,...**' વિષયગ્રહણનો અર્થ શું ગ્રહણ કરી શકે છે? વિષય ઉપર લક્ષ કરીને આ મારું, આ વિષય, આ શબ્દ, આ રૂપ, આ ગંધ, આ રસ, આ સ્પર્શ. શરીરના વિષયમાં તો ત્યાં જ લક્ષ જશે. '**ઇન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ,...**' વિષયનું લક્ષ કરશે. આ શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ. '**વિષયગ્રહણથી પાછા રાગ-દ્વેષ,...**' ત્યાં તો રાગ-દ્વેષ જ છે. આ ઠીક છે અને આ અઠીક છે. આવા શબ્દો ઠીક છે અને આવા શબ્દ અઠીક છે. આવું રૂપ ઠીક છે અને આવું રૂપ અઠીક છે. આવી વાણી ઠીક છે અને (આ વાણી અઠીક છે). આમ વિષયગ્રહણથી રાગ-દ્વેષ. સમજાણું કાંઈ? '**રાગ-દ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ.**' મિથ્યાત્વ પરિણામ. ઈ જ પરિણામ થયા. ચક્ર. '**संसारचक्कवालम्मि**'. આહા..હા..!

'**રાગ-દ્વેષથી વળી પાછા સ્નિગ્ધ પરિણામ.**' એમ લીધું છે, જુઓ, કર્મથી નહિ. એ રાગ-દ્વેષ ચીકાશ ભાવ છે. આ પરિણામથી ફરથી પુદ્ગલપરિણામ કર્મ. એ પાછું ચક્ર ચાલ્યું. એ પરિણામ નિમિત્ત અને નવા કર્મ પોતાથી બંધાયા. આ કર્મથી પાછું નરકાદિ ગતિઓમાં ગમન. વળી ચાર ગતિમાં જવું થાય. એકમાંથી બીજામાં.

**શ્રોતા** :- આ ચક્કરમાં પડ્યો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ ચક્રમાં અનાદિથી પડ્યો છે. નિગોદથી માંડી અનાદિથી. ગતિની

પ્રાપ્તિથી પાછો દેહ. ગતિ મળી તો ત્યાં દેહ મળશે જ. દેહથી પાછી ઈન્દ્રિયો. આ ઈન્દ્રિય. કારણ કે એનું લક્ષ તો પર ઉપર છેને. ઈન્દ્રિયોથી પાછું વિષયગ્રહણ. પછી શુભ-અશુભ કોઈપણ હો. ભગવાનની પ્રતિમા પણ વિષય, ભગવાન પણ વિષય. સમવસરણમાં બિરાજમાન ભગવાન પણ ઈન્દ્રિયનો વિષય છે. ત્યાં લક્ષ જશે તો રાગ થશે. અહીં આત્મા તરફ શું છે એની ખબર નથી.

**શ્રોતા :-** આત્માના પ્રયત્નનો... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ક્યાં જાય? બહાર જ જાય. ઈ તો ઈ જ કીધુંને, બહાર જાય. ઈ તો કહે છે. અંદરમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી ક્યાં જાય? બહાર જાય. આ તો બીજી વાત સિદ્ધ થઈ ગઈ.

ઈન્દ્રિયોથી પાછા વિષય. સ્ત્રી, કુટુંબનો વિષય હો કે દેવ-ગુરુ-શાસ્ત્ર કે વાણી કે મૂર્તિ કે ભગવાન સાક્ષાત્ હો, પણ ઈન્દ્રિયોથી એ પરદ્રવ્ય જોવામાં આવશે. શુભ-અશુભ રાગ થશે. સમજાણું કાંઈ? વિષયગ્રહણથી પાછા રાગ-દ્વેષ, રાગ-દ્વેષથી પાછા સ્નિગ્ધ પરિણામ. લ્યો, આ ચક્ર થયું.

'**આ પ્રમાણે આ અન્યોન્ય કાર્યકારણભૂત...**' છે. જુઓ, અન્ય-અન્ય કાર્યકારણભૂત. નિમિત્ત. જુઓ, નીચે છે. '**કાર્ય એટલે નૈમિત્તિક અને કારણ એટલે નિમિત્ત.**' નીચે નોટ છે. '**(જીવપરિણામાત્મક કર્મ અને પુદ્ગલ-પરિણામાત્મક કર્મ...**' જીવપરિણામાત્મક કર્મ (અર્થાત્) જીવના રાગ-દ્વેષરૂપ પરિણામરૂપી કાર્ય અને પુદ્ગલના પરિણામરૂપી જડનું કાર્ય. '**(પરસ્પર કાર્યકારણભૂત અર્થાત્ નૈમિત્તિક-નિમિત્તભૂત છે.**' કાર્ય તે નૈમિત્તિક અને કારણ તે નિમિત્તભૂત છે, બસ. '**તે કર્મો કોઈ જીવને અનાદિ-અનંત અને કોઈ જીવને અનાદિ-સાંત હોય છે).**' હવે ખુલાસો આપશે. પાઠમાં છેને, પાઠમાં. અભવિને અનાદિઅનંત, ભવિને અનાદિસાંત. સ્વભાવ પર દૃષ્ટિ કરશે ત્યારે એના કર્મનો અંત આવશે. જ્યાં સુધી કર્મ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી સંસારચક્ર અભવિને અનાદિઅનંત, ભવિને અનાદિસાંત (રહેશે). સ્વભાવ ઉપર દૃષ્ટિ કરશે ત્યારે એના કર્મનો અંત આવશે. જ્યાં સુધી કર્મ ઉપર દૃષ્ટિ છે ત્યાં સુધી સંસારચક્ર ચાલે છે.

'**કાર્યકારણભૂત જીવપરિણામાત્મક...** ' જીવના પરિણામસ્વરૂપ અને પુદ્ગલના પરિણામસ્વરૂપ. '**કર્મજાળ...**' કર્મજાળ. જુઓ, જીવપરિણામસ્વરૂપ કર્મ અને પુદ્ગલપરિણામસ્વરૂપ કર્મજાળ છે. વિકાર પરિણામ પણ કર્મજાળ છે, જડના પરિણામ જડની જાળ છે. '**સંસારચક્રમાં જીવને અનાદિ-અનંતપણે...**' આવા સંસારચક્રમાં અનાદિ-અનંતપણે. અભવિ. '**અનાદિ-સાંતપણે...**' ભવિ. '**ચક્રની માફક...**' ચક્રની માફક, ચક્ર. કોઈનું ચક્ર અટકી જાય છે, કોઈનું ચક્ર આમને આમ ફરતું જ રહે છે. '**ફરીફરીને થયા કરે છે.**' લ્યો. અનાદિસાંત ચક્રની

જેમ ફરીફરીને. ભવિને પણ અનાદિથી જ્યાં સુધી એનો અંત ન આવે ત્યાં સુધી ફર્યા કરે. અભવિ પણ એમ ફરે છે.

ભગવાનનો તીર્થંકરનો આત્મા પણ એમ છે અનાદિથી સાંત ફર્યો છે. '**संसारचक्कवालम्मि**'. સમજાણું કાંઈ? જુઓ, આ કથંચિત્ શૈલીમાં નિમિત્ત-નૈમિત્તિકસંબંધથી કારણ-કાર્યભાવ કહ્યો છે. સમજાણું કાંઈ? એ વ્યવહારનયનો સંબંધ બતાવ્યો છે. ટોડરમલજી કહે છેને? વ્યવહારનયનું લક્ષણ એવું છે કે એક કારણને બીજામાં કાર્ય કહી કહે. કારણ-કાર્યને એકબીજામાં (કહે), એક ભાવને બીજા ભાવમાં પરસ્પર લગાવી દે એનું નામ વ્યવહાર છે. એવી શ્રદ્ધા કરે છે તેનું નામ મિથ્યાદષ્ટિ છે. જ્ઞાન કરવું, પણ એવું શ્રદ્ધાન કરી લે કે આને કારણે આ કાર્ય, આ કારણે આ કાર્ય થયું, આ કાર્યમાં આ કારણ પડ્યું. એકબીજાનું કારણ બતાવે ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. સમજાણું કાંઈ? વ્યવહાર આવે છેને ભાઈમાં? ટોડરમલ. એ તો '**ववहारोऽभूदत्थो**'માંથી કાઢીને બધું કહ્યું છે. આ નિમિત્ત-નૈમિત્તિકસંબંધને આમ જ માની લે કે નિમિત્તથી અહીંયા થયું અને અહીંથી ત્યાં થયું, એમ છે જ નહિ. ફક્ત નિમિત્તની ઉપસ્થિતિ જ્ઞાન કરાવવા માટે છે. પણ માની લે કે એનાથી આત્માની ગતિ થઈ અને આ કર્મ આત્માને ગતિમાં લઈ જાય છે, એ કારણ-કાર્ય બીજાના બીજામાં માન્યા એ મિથ્યાત્વ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** .. એ તો કહ્યું, કર્મને કારણે અહીંયા થાય અને અહીંને કારણે ત્યાં થાય. પોતામાં આવવાનો અવસર કદી મળે નહિ. એ તો પોતાને કારણે પોતામાં છે તો પોતાની દૃષ્ટિ લગાવી દે તો વિકાર, મિથ્યાત્વ ખસી જાય. કર્મ પણ નથી બંધાતા. કર્મને કારણે નથી બંધાતા. સમજાણું કાંઈ? એ બધાનો ખુલાસો એમણે એટલો સ્પષ્ટ કર્યો છે, વસ્તુની સ્થિતિ બતાવવા માટે. વ્યવહારનય એવો છે કે પરના કારણ-કાર્ય ભેળવીને કહે છે. છે કે નહિ? એનાથી તો મિથ્યાત્વ થાય છે. વર્તમાન આ લોકોને નથી બેસતું. ગડબડ છે. પોતાની શ્રદ્ધા એમાં નથી રહેતી.

જુઓ, 'વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને અને તેના ભાવોને અને કારણ-કાર્ય આદિમાં કોઈના કોઈમાં મેળવીને કથન કરે છે. તેથી એવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ છે.' તેથી તેનો ત્યાગ કરવો, એ શ્રદ્ધાનો ત્યાગ કરવો. અને નિશ્ચયનય યથાર્થ નિરૂપણ કરે છે. એમ કોઈને કોઈમાં મેળવતો નથી. તેથી તે શ્રદ્ધાનથી સમ્યક્ત્વ થાય છે. માટે એવું શ્રદ્ધાન કરવું. નિશ્ચયનું શ્રદ્ધાન કરવું, વ્યવહાર છે તે કારણ-કાર્ય લગાવે છે તેવી શ્રદ્ધાને છોડવી. છે એમ માનવું કે નિમિત્ત છે. પણ એનાથી થાય છે એવું શ્રદ્ધાન છોડવું. ૨૫૫થી ચાલુ થાય છે, ૨૫૬ પૂરું થાય છે. બહુ સરસ લીધું છે. એ તો બધામાં આવ્યું છે. શાસ્ત્ર વાંચવાની પદ્ધતિ છેને એમાં. એમાં શરૂઆતમાં છે, શરૂઆતમાં. શ્રદ્ધાન છોડીને, ઈને? એ તો પહેલેથી ત્યાંથી લીધું છે.

આ લખ્યું જુઓ,

'વ્યવહારનય સ્વદ્રવ્ય પરદ્રવ્યને અને તેના ભાવોને કારણ-કાર્યમાં મેળવીને નિરૂપણ કરે છે. તેથી તેવા શ્રદ્ધાનથી મિથ્યાત્વ થાય છે.' બસ, એ તો આપણે વાંચી ગયા. એ તો નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે છે. વખત થઈ ગયો...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી પંચાસ્તિકાય, ગાથા-૧૭૨
## પ્રવચન નં.૮૧, તા.૩૦-૫-૧૯૭૦
## (૮)

પંચાસ્તિકાય ૧૭૨ ગાથા. 'આ **પારમેશ્વર શાસ્ત્રનું, પરમાર્થે વીતરાગપણું જ તાત્પર્ય છે.**' એ આવ્યુંને ત્યાં? હવેનો પેરેગ્રાફ બાકી છે. શું કહ્યું? આ *ભાગવતશાસ્ત્ર*, પરમેશ્વર શાસ્ત્ર, દિવ્યશાસ્ત્ર કે દૈવીશાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. એનો અર્થ એ કે પૂર્ણસ્વભાવ પોતાનો ચૈતન્યસ્વભાવ છે વીતરાગ તેના સન્મુખ થવું અને પર્યાય-રાગ ને નિમિત્તથી વિમુખ થવું એ આખા ચાર અનુયોગનું વીતરાગપણું એ તાત્પર્ય છે. એ વીતરાગપણું ત્યારે પ્રગટે. સમજાય છે કાંઈ?

'**તે આ વીતરાગપણાને...**' હવે એવી જે દશા વીતરાગદશા-સ્વસન્મુખની દશા અને પરથી વિમુખ એવી દશા પ્રાપ્ત થાય ત્યારે તેને વીતરાગભાવ પ્રગટ થાય. છતાં એ વીતરાગપણાને '**વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,...**' વ્યવહાર અને નિશ્ચયને સુસંગત મેળવાળું હોય. નિશ્ચય કાંઈક હોય અને વ્યવહાર બીજી જાતનો હોય એની ભૂમિકાથી એવું બને નહિ. નીચે છે ખુલાસો.

'**વ્યવહાર-નિશ્ચયના અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે, પરંતુ અન્યથા નહિ...**' એમ અનેકાંત કર્યું. વ્યવહાર અને નિશ્ચયની સુસંગતતા રહે. સુસંગતતા નામ બેનો મેળ, નિશ્ચય હોય ત્યાં વ્યવહાર આવો હોય એમ મેળ રહે તો '**એવી રીતે વીતરાગપણાને અનુસરવામાં આવે તો જ ઈચ્છિતની સિદ્ધિ થાય છે, બીજી રીતે થતી નથી).**' એનો ખુલાસો નીચે. '**છઠ્ઠે ગુણસ્થાને...**' બગડો. '**મુનિયોગ્ય શુદ્ધપરિણતિ નિરંતર હોવી...**' મુનિનો દાખલો આપ્યો છે. મુનિને યોગ્ય ત્રણ કષાયના અભાવવાળી શુદ્ધ વીતરાગી પરિણતિ નિરંતર સ્વસન્મુખના આશ્રયે હોવી '**તેમ જ મહાવ્રતાદિસંબંધી શુભભાવો...**' પંચમહાવ્રત, અઠ્યાવીશ મૂળગુણ વગેરે-વગેરે '**યથાયોગ્યપણે હોવા...**' એ તો એને લાયક છે એવો જ એનો વિકલ્પ હોય. એથી આગળ વધીને મંદ રાગ હોય એવો નહિ, પહેલો તીવ્ર હોય એવો નહિ. સમજાય છે કાંઈ? એ ગુણસ્થાનને યોગ્ય અઠ્યાવીશ મૂળગુણ આદિ મહાવ્રતનો વિકલ્પ હોય. એનો નિશ્ચય ત્રણ કષાયનો અભાવ વીતરાગ પરિણતિ હોય અને વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય કે આધાકર્મી એને માટે બનાવેલાનો આહાર લેવાનો વિકલ્પ હોય એ વ્યવહાર એને યોગ્ય છે નહિ. એ નિશ્ચયની સાથે વ્યવહારનું

સુસંગતપણું મેળ નથી.

એટલે કહે છે અવિરોધપણું. '**તો નિશ્ચય-વ્યવહારના અવિરોધનું (સુમેળનું)** ઉદાહરણ છે.' આ. દાખલો આપ્યો પંડિતજીએ. '**પાંચમા ગુણસ્થાને તે ગુણસ્થાનને યોગ્ય શુદ્ધ પરિણતિ નિરંતર હોવી...**' શ્રાવકને પણ સ્વભાવ, એના આશ્રયથી શુદ્ધ પરિણતિ બે કષાયના અભાવવાળી નિરંતર હોય, નિરંતર હોય. '**તેમ જ દેશવ્રતાદિસંબંધી શુભભાવો...**' એને બાર વ્રતના વિકલ્પો પણ એને યોગ્ય એવા શુભભાવો '**યથાયોગ્યપણે હોવા...**' એને લાયક હોય એ પ્રકારે હોય. '**તે પણ નિશ્ચય-વ્યવહારના અવિરોધનું** ઉદાહરણ છે.' સમજાય છે કાંઈ? પાંચમા ગુણસ્થાને શુદ્ધ પરિણતિ હોય અને એવા વિકલ્પો તીવ્ર હોય કુદેવ-કુગુરુને માનવા કે એવો ભાવ એને (હોય એ) વ્યવહાર એને સુસંગત છે નહિ. સમજાણું કાંઈ? ગમે તે દેવને માનવા, ગમે તે ગુરુને માનવા, ગમે તે શાસ્ત્રને માનવા એવો પંચમ ગુણસ્થાનનો વિકલ્પ એવો વ્યવહાર હોઈ શકે નહિ. એને યોગ્ય દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ અને બાર વ્રતનો વિકલ્પ હોય. પણ ઓલો નિશ્ચય હોય તો એની સાથે આવો વ્યવહાર હોય. જેને નિશ્ચય નથી તેને વ્યવહાર હોઈ શકે નહિ. કહો, સમજાણું કાંઈ? ઉદાહરણ છે એ તો. '**અવિરોધ વડે જ અનુસરવામાં આવે તો ઈષ્ટસિદ્ધિ થાય છે,...**' હવે એની વાતને નિશ્ચય-વ્યવહારનો ન્યાય આપવા જરી લંબાવે છે વાતને.

'**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...**' અનાદિ કાળથી રાગની એકતાબુદ્ધિ અથવા રાગ સાથે સંબંધ. '**અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...**' શરૂઆતના જીવો '**વ્યવહારનયે ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને...**' એનો ખુલાસો-ભિન્ન સાધનનો. '**મોક્ષમાર્ગપ્રાપ્ત જ્ઞાની જીવોને...**' સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને અંશે સ્થિરતા એવી તો દશા દ્રવ્યસ્વભાવને આશ્રયે સમકિતીને મોક્ષમાર્ગીને થયેલી હોય છે. તે '**ભૂમિકામાં, સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા છે...**' એને સાધ્ય તો પરિપૂર્ણ શુદ્ધતાએ પરિણત આત્મા (છે). એનું સાધન વ્યવહારનયે.. એનું સાધન વ્યવહારનયે પાછું. '**(આંશિક શુદ્ધિની સાથે સાથે રહેલ) ભેદરત્નત્રયરૂપ પરાવલંબી વિકલ્પો કહેવામાં આવે છે.**' એ સાધન વ્યવહારે કહેવામાં આવે છે.

**શ્રોતા :-** ખરેખર સાધન કહ્યું જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કહ્યું જ નહિ, આ તો વ્યવહાર સાધન કહ્યું. ખરેખર સાધન નથી. માટે વ્યવહાર સાધન કહ્યુંને? વ્યવહારનયે વ્યવહાર સાધન, ખરેખર સાધન છે નહિ. છે નહિ એને કહેવું એનું નામ વ્યવહાર.

'**આ રીતે તે જીવોને વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યાં છે.**' વ્યવહારનયે સાધ્ય છે શુદ્ધ પરિણતિ અને સાધન છે વિકલ્પ. સાધ્ય છે શુદ્ધ નિર્મળ અવસ્થા અને સાધન છે સ્વપર પ્રત્યયી વિકલ્પ-રાગ. એને સાધન વ્યવહારથી કહ્યું,

નિશ્ચયથી શુદ્ધ પરિણતિને સાધ્ય કહ્યું. આમાં બધો ગોટો ઉઠે. એય.. દીપચંદજી! જુઓ, આ સાધન લખ્યું છે કે નહિ આમાં? તેથી તો ખુલાસો કર્યો. '**વ્યવહારનયે સાધ્ય અને સાધન ભિન્ન પ્રકારના કહેવામાં આવ્યાં છે. (નિશ્ચયનયે સાધ્ય અને સાધન અભિન્ન હોય છે.)**' પૂર્ણ શુદ્ધિની પરિણતિ તે સાધ્ય છે અને અધૂરી શુદ્ધ પરિણતિ તે સાધન છે. પણ છે તો શુદ્ધદશા, વીતરાગીદશા, સ્વદ્રવ્યને આશ્રયે (થયેલી) દશા એ સાધન નિર્મળ, પૂર્ણ નિર્મળ તે સાધ્ય, એ નિશ્ચય છે. એવો નિશ્ચય જ્યાં હોય ત્યાં વ્યવહાર આવા વિકલ્પો (હોય). પૂર્ણ જ્યાં નિશ્ચય થયું નથી ત્યાં આવો વ્યવહાર હોય. એને વ્યવહારનયે સાધન ઉપચારથી સાધન, આરોપે સાધન કહેવામાં આવ્યા છે.

'**ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' અહીં ભાષાના વાંધા. નિશ્ચય સ્વદ્રવ્યને આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન એ તો નિર્મળ પર્યાય. પણ અનાદિ વાસિત છે, રાગ બધો ગયો નથી, એમ. અનાદિ એટલે અજ્ઞાની છે એમ અહીં પ્રશ્ન નથી. પણ રાગ હજી ગયો નથી તેથી તેને રાગની દશામાં એવા ભાવો વિકલ્પો આવે છે. જેથી '**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' નીચે છે. '**સુગમપણે; સહજપણે; કઠિનતા વિના. (જેમણે દ્રવ્યાર્થિકનયના વિષયભૂત શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ કરેલ છે...**' શુદ્ધ ચૈતન્ય જ્ઞાયક આનંદસ્વરૂપની સ્વસન્મુખની શ્રદ્ધા, જ્ઞાન અને લીનતા કરેલ છે '**એવા સમ્યગ્જ્ઞાની જીવોને...**' અનાદિ વાસિત છે એટલે પાધરો પહેલો વ્યવહાર આવે છે એમ નહિ. સમજાણું કાંઈ? આમાંથી એમ કાઢે છે, જુઓ, પહેલો વ્યવહાર આવે છે અને પછી નિશ્ચય આવે છે. અનાદિ વાસિત છેને? પણ એ વ્યવહાર પણ અનાદિ વાસિત છે. અનાદિના અસ્થિરતાના રાગથી જુદો પડ્યો નથી. અહીંથી ભલે રાગથી જુદો પડ્યો, પણ એ રાગ છે એની અસ્થિરતામાં. અનાદિની ગંધ છે એ રાગની. જ્ઞાનીને પણ એ રાગ અનાદિની ગંધ છે. સમજાણું કાંઈ? કોઈ દી રાગરહિત થઈ ગયો હોય અને પછી રાગ આવ્યો છે એમ નથી. સમજાણું કાંઈ?

'**શુદ્ધાત્મસ્વરૂપનાં શ્રદ્ધાનાદિ...**' જ્ઞાન અને લીનતા '**કરેલ છે એવા સમ્યગ્જ્ઞાની જીવોને તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં) આંશિક શુદ્ધિની સાથે-સાથે શ્રદ્ધાન જ્ઞાન ચારિત્ર સંબંધી...**' શ્રદ્ધાન સંબંધી, જ્ઞાન સંબંધી અને ચારિત્ર સંબંધી '**પરાલંબી વિકલ્પો હોય છે.**' ભેદરત્નત્રયના વિકલ્પની જાત સમ્યગ્દષ્ટિને સ્વાવલંબી થયા છતાં, પૂર્ણ સ્વાવલંબી થયો નથી એથી પરાલંબી એવા વિકલ્પોની જાત વ્યવહારે અનુકૂળ છે, એમ કહીને સાધન કહેવામાં આવે છે.

**શ્રોતા** :- સમજાણું નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ન સમજાણું?

વ્યવહાર કહો કે અનુકૂળ કહો કે નિમિત્ત કહો. એ જ વિકલ્પની જાત છઠ્ઠે-પાંચમે હોય

એથી વિશેષ રાગ પણ ન હોય અને તદ્દન મંદતા ઉપર હોય એવી પણ જાત ન હોય. એ રીતે રાગને ત્યાં ભેદ સાધન કહેવામાં આવ્યું છે. '**કારણ કે અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ...**' સમ્યગ્દૃષ્ટિની પણ અહીં વાત છે. '**અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત...**' પર્યાયબુદ્ધિ છે, રાગબુદ્ધિ છે અને નિમિત્ત ઉપરના લક્ષવાળી બુદ્ધિ છે. હવે અહીં રાગની એકતા તૂટી છે, પણ હજી પરાલંબીનું અવલંબન જે અનાદિનું છે એ માયલો અંશ હજી બાકી રહ્યો છે, એમ કહેવું છે. સમજાણું કાંઈ? એમ નહિ કે અનાદિનું અવલંબન છે એટલે એને મિથ્યાત્વ તૂટ્યું અને પહેલો વ્યવહાર આવે છે એમ નથી.

'**અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત પરિણતિ ચાલી આવે છે તેનો તરુત જ સર્વથા નાશ થવો કઠિન છે.**' લ્યો, એમ કહે છે. રાગ અને વિકલ્પથી ચૈતન્યસ્વભાવને ભિન્ન જાણ્યો, શ્રદ્ધ્યો, અનુભવ્યો છતાં હજી રાગની વિકલ્પદશા અનાદિ વાસિત ગંધ છે તે રહી ગઈ છે, એમ કહે છે. એકતાબુદ્ધિ રહી નથી. સમજાણું કાંઈ? પણ અનાદિનો જે રાગનો ભાગ છે એ વ્યવહારભાગ અનાદિનો રહી ગયો છે એને. તદ્દન શુદ્ધ થઈ ગયો છે અને નવો રાગ થયો છે એમ નથી. પંડિતજી! આ તો વ્યવહાર સાધન કહે છે અને અહીં આવો અર્થ કર્યો પાછો હેઠે. એવો અર્થ ન કરે તો કાંઈ મેળ ખાય એવો નથી.

**શ્રોતા :-** ... સહિત જોડાણ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા. વીતરાગભાવ તો પ્રગટ થયો છે, પણ હજી રાગથી બિલકુલ છૂટી ગયો છે અસ્થિરતામાંથી પણ એમ નથી. અનાદિની વાત છે ઈ. રાગથી ભિન્ન પડ્યા છતાં રાગ બાકી રહ્યો છે એ અનાદિની જાત છે એ. એ કાંઈ નવો રાગ થયો છે એમ છે નહિ. તેથી આનો અર્થ એમ કરે છે કે અનાદિ વાસિત હોય એને પહેલો વ્યવહાર આવે. અને વ્યવહાર કરીને પછી નિશ્ચય આવે. એવા અર્થ કરે છે, લ્યો! જેઠાભાઈ! ખોટું છે એ?

**શ્રોતા :-** ઊંધો અર્થ કરે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લખ્યું છે એના પ્રમાણે. જુઓને.

'**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' વ્યવહારની સુખે કરીને પહેલી અનાદિ વાસિત બુદ્ધિવાળા વ્યવહારની પહેલી શરૂઆત કરે છે. એય..! અમારા પંડિતજીએ તો ચોખ્ખી કરી છે આમાં. એય.. દવાનુપ્રિયા!

**શ્રોતા :-** ચોખવટ કરી પણ ચોખવટ કરવાની જરૂર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લે. હજી? કહ્યુંને.

'**અનાદિકાળથી જીવોને જે ભેદવાસનાથી વાસિત...**' એ બરાબર છે વાત. કારણ કે રાગનો ભાગ છે એ નવો થયો છે એમ નથી. સમ્યગ્દૃષ્ટિને પણ-જ્ઞાનીને પણ સ્વભાવનું

અવલંબન લઈને રાગની એકતા તૂટતા છતાં અસ્થિરતાનો રાગ અનાદિનો છે એમ કહે છે. સમજાણું કાંઈ? એ નવો થયો છે, શુદ્ધતા પૂર્ણ પ્રગટી હતી અને વળી નવો થયો એમ નથી. એ શુદ્ધતા પ્રગટી જ નથી. પર્યાયમાં શુદ્ધતા પૂર્ણ અનાદિથી પ્રગટી જ નથી. તેથી અનાદિની સમકિતીને પણ રાગની અસ્થિરતાનો ભાગ અનાદિની જાતનો એ ભાગ છે. અસ્થિરતાનો. સમજાણું કાંઈ?

'**સુખે કરીને તીર્થની શરૂઆત કરે છે...**' એનો અર્થ એ કે એ ભૂમિકામાં એવા જ ભાવો હોય છે એને વ્યવહારે એમ કહેવામાં આવે છે. એ દ્વારા સુખે કરીને પામે અથવા સુખે કરીને શરૂઆત માર્ગની કરે છે. એ ખરેખર એમ નથી. એ તો વ્યવહારનયનું વચન છે.

**શ્રોતા** :- સુખ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સુખે કરીને કેદી ત્યાં હતું? સુખનો અર્થ આપણે કર્યો છેને. સુગમપણે. જુઓને. '**સુગમપણે; સહજપણે; કઠિનતા વિના.**' એમ કર્યું છે. છે તો એ રાગ દુઃખ છે.

**શ્રોતા** :- પહેલા સુખ બતાવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સુખે કરીને (કહ્યું), પણ વ્યાખ્યા આમ કરી એની. સુખે કરીને એટલે? કે રાગની તે પ્રકારની ભૂમિકામાં એવી મંદતા હોય કે જેથી એને કઠણ ન પડે એટલે કે આગળ જવામાં જે આગળ ગયો છે અને આવો રાગ છે માટે એને આવી ભૂમિકામાં સહજ દશા શુદ્ધની ન રહે એમ નથી. એઈ..! ચંદુભાઈ! બધા આવા અર્થ છે. શું કીધું સમજાણું?

'**સુગમપણે; સહજપણે...**' એટલે એની સ્વરૂપની આશ્રિત દશા હોવા છતાં તેની ભૂમિકાને યોગ્ય એવો જ રાગ હોય તો ત્યાં એને મેળવાળો છે એટલે કે એની ભૂમિકાનો વિરોધ કરતો નથી. આગળ જવામાં ભલે વિરોધ કરે, પણ એ વર્તમાન ભૂમિકાનો વિરોધ કરતું નથી. એ ભૂમિકા વર્તમાન ન રહે એમ નથી. સમજાણું કાંઈ? '**સુગમપણે; સહજપણે;...**' એટલે કે એ વિકલ્પો સહજપણે એવી જાતના જ આવે છે એમ કહે છે. સમજાણું કાંઈ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર એની શ્રદ્ધા, એ તરફના વલણનો વિકલ્પ એ જ આવે. અને એથી કરીને એને અંદર આગળ જતાં કઠણ પડે એમ નથી. એ વસ્તુના સ્વભાવની દશામાં પ્રાપ્ત છે કે આવા રાગ હોય છે, એથી સુખે કરીને એટલે સહજપણે એવા વિકલ્પ આવે અને સહજપણે પરિણતિ છે. એટલે સહજપણે આગળ વધે છે. પરથી વધે છે એમ કહેવું એ વ્યવહાર છે.

**શ્રોતા** :- રાગથી વધે તે..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કીધુંને. પરથી વધે છે એ વ્યવહાર છે. કહો, રતિભાઈ! આહાહા..!

**શ્રોતા** :- ઠીક આવ્યા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઠીક આવ્યા છે કહે. કહો, રાગથી વધે છે. અહીં પાઠ તો એવો

છે હોં!

**'ભિન્નસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની...'** વર્તમાન પરિણતિની 'શરૂઆત કરે છે...' આમ છે. એનો અર્થ આ. સમજાણું કાંઈ? '(**અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભભૂમિકાને સેવે છે**).' એ શુદ્ધ પરિણતિ પણ છે અને એ જાતના એ યોગ્ય પ્રમાણે વિકલ્પની મર્યાદા (પણ છે). એ હવે ખુલાસો કરે છે. એનું સુગમપણે કેમ થાય એનો અહીં ખુલાસો કરે છે. સમજાણું કાંઈ? વ્યવહાર છે એ વિસામો છે પછી નિશ્ચયમાં જઈ શકાય એમ નથી એમ કહે છે. વિસામો નથી. એ વિસામો નથી. પણ એ ભૂમિકાને યોગ્ય નિમિત્ત એટલે વ્યવહારે અનુકૂળતા છે. એની પર્યાયનો નાશ આ હોવા છતાં થતો નથી, બસ. આટલી વાત છે. ભારે વાત, ભાઈ! શાંતિભાઈ! આવું મુનિપણું, જુઓ કેવી વાત છે આ.

**શ્રોતા :–** આ તો સમજાય એવું હોય તો એમાં અમલ શી રીતે કરવો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** આ સમજાય એવું જ છે. નથી સમજાય એવું ક્યાં છે? વ્યવહાર હેય છે, અભૂતાર્થ છે પહેલો એ સિદ્ધાંત. હવે અભૂતાર્થ છે એને સાધન કહ્યું. અભૂતાર્થ છે એને સાધન કહ્યું એ વ્યવહારથી એટલે અભૂતાર્થથી, અસત્યાર્થથી સાધન કહ્યું છે, જૂઠાંથી સાધન કહ્યું છે. લ્યો એનો અર્થ આ.

**શ્રોતા :–** કાંઈક કારણ જોઈએને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** કારણ કહ્યુંને. એવું નિમિત્ત ત્યાં હોય, એવું નિમિત્ત ત્યાં હોય. ઉપરની ભૂમિકા પ્રમાણે મંદતા રાગની એટલી ન હોય, હેઠલી ભૂમિકાને (યોગ્ય) એવો તીવ્ર રાગ ન હોય. એની યોગ્યતાવાળા રાગ હોય માટે અનુકૂળ કરીને વ્યવહાર સાધનનો આરોપ આવે છે. કહો, શેઠી! આમાં ઘરે વાંચે તો કાંઈ (સમજાય એવું નથી). ચક્કર શું કીધું? ચક્કર ખાય. આહાહા..!

**શ્રોતા :–** આમાં તો ચોખ્ખો વ્યવહારથી લાભ થાય એમ લખ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** એ વ્યવહારથી લાભ થાય કોને કીધું? કેમ કહ્યું? વ્યવહાર એટલે શું? વ્યવહાર એટલે અભૂતાર્થ, નિશ્ચય એટલે ભૂતાર્થ. એ સિદ્ધાંત રાખીને એનો અર્થ કરવો પડશે કે નહિ? અભૂતાર્થને એટલે અસત્યાર્થને એટલે કે જૂઠાં ભાવને સુગમપણે સાધન કહ્યું એનો અર્થ કે જૂઠી નયે તેને આરોપથી કથન કર્યું છે. કહો, શશીભાઈ! આહાહા..!

**'અનાદિકાળથી...'** એ પહેલાં આવી ગયું છે આપણે બીજે ઠેકાણે. ૨૩૭ પાને આવી ગયું છે. લખ્યું છે. ૨૩૭ પાને આવી ગયું છે. જુઓ, **'અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...'** જુઓ, **'અવિદ્યાના નાશ દ્વારા વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો,...'** ૨૩૭ પાનું. બીજી લીટી. **'આ આત્મા ખરેખર કથંચિત્ અનાદિ અવિદ્યાના નાશ દ્વારા...'** એમ છે. **'વ્યવહારમોક્ષમાર્ગને પામ્યો થકો, ધર્માદિસંબંધી તત્ત્વાર્થ-અશ્રદ્ધાનના,...'** અશ્રદ્ધાનની શ્રદ્ધાન કરે, અશ્રદ્ધાનને છોડે છે **'અંગપૂર્વગત...'** અજ્ઞાનને છોડે છે. **'અતપમાં ચેષ્ટાના**

ત્યાગ...'ને છોડે છે અને '**ધર્માદિસંબધી તત્ત્વાર્થશ્રદ્ધાનના,...**' અંગીકાર કરે છે. એ વિકલ્પ અમુક જાતનો છોડે છે અને અમુક જાતનો ગ્રહણ-ત્યાગ થાય છે એ વ્યવહારનયનો વિષય છે, નિશ્ચયમાં ગ્રહણ-ત્યાગ છે નહિ. આહાહા..! વાત તો પણ હવે શું થાય? સમજાણું? ૨૩૭ કહ્યું છે. ૨૨૧ અને ૨૨૭ ક્યાંક છે. ૨૨૧. બીજું કાંઈક હશે.

'**અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને વીર્ય બિડાઈ ગયેલ છે...**' એ છેને અંદર? અનાદિ કાળથી ત્યાં લીધું જુઓ. ૨૨૧ છે. વચમાં ચોથી લીટી છે. '**જેને અનાદિ કાળથી અનંત ચૈતન્ય અને (અનંત) વીર્ય બિડાઈ ગયેલ છે એવો તે જ્ઞાની...**' જુઓ, છે તો જ્ઞાની છતાં ઓલું બિડાઈ ગયેલું છે. સમજાણું કાંઈ? અનાદિનું બિડાયેલું છે. અનાદિની આ વાસના છે, ભાન થયેલું છતાં. આહાહા..! ૨૨૧ અને ૨૨૭ છે ક્યાંક. આમાં લખ્યું છે તેદી. ૨૨૭ છે. '**અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને...**' એ પણ એ છે જુઓ. છેને ૧૫૫. '**અનાદિ મોહનીયના ઉદયને અનુસરીને પરિણતિ કરવાને લીધે ઉપરક્ત ઉપયોગવાળો હોય છે ત્યારે (પોતે) ભાવોનું વિશ્વરૂપપણું ગ્રહ્યું હોવાને લીધે તેને જે અનિયતગુણપર્યાયપણું હોય છે તે પરસમય છે...**' એટલું લ્યો. પરસમય એટલો વિભાવભાવ છે અનાદિનો એથી એને પરસમય કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? સામે પુસ્તક છે કે નહિ?

**શ્રોતા :-** પુસ્તક તો છે પણ પહેલાં મેળ બેસાડવો પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી:-** આ મેળ તેથી તો આ બે-ત્રણ ઠેકાણે બતાવ્યું. ઓલામાં અવિદ્યાનો નાશ કરીને વાત કરી, ઓલો અનાદિનો મોહને અનુસરે છે હજી જ્ઞાની પણ. અસ્થિરતાનો ભાગ. એટલો પરસમય છે. સ્વસમયને અનુસરે તે સ્વસમય છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ચોખ્ખું વ્યવહારથી લાભ થાય એમ કહે છે. આમાં બીજી દલીલ ચાલી શકે એવું દેખાતું નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહાર એટલે અભૂતાર્થ. એક સિદ્ધાંત પહેલો. વ્યવહાર એટલે અસત્યાર્થ, વ્યવહાર એટલે ખરેખર નિશ્ચયની અપેક્ષાએ અવિદ્યમાન, છતાં વ્યવહારની અપેક્ષાએ વિદ્યમાન. એ અવિદ્યમાન અને વિદ્યમાન વ્યવહારથી કહેવામાં આવે છે, એમ સાધન નથી એને વ્યવહારથી સાધન કહેવામાં આવે છે. ભારે ભાઈ! સોનગઢની વાત ઉપાદાનની આવે નિશ્ચયની તો (એમ કહે), એ.. સોનગઢની. હવે ભાઈ ભગવાનના ઘરની છે એમ માનને. બેસી જાવ કહે ઓલાને. એ સોનગઢની વાત છે.

**શ્રોતા :-** બેસી જવાનું કહે કે વયા જવાનું કહે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બેસી જવાનું એટલે એવી વાત તમારી સોનગઢની અહીં નહિ ચાલે એમ. બેસી જાવ. ધન્યકુમાર હતોને પંડિત. આપણે કારંજાનો છે. કારંજાનો છે. આવ્યા હતા ત્યારે તમે? નહોતા. આપણે અહીં આવી ગયા છે. અહીં આવી ગયાને હમણાં, નહિ?

ભાવનગર. ભાવનગર આવી ગયા ધન્યકુમાર. માણસ સારો પંડિત છે ત્યાં. ગામમાં આ બરાબર ચલવે છે. બે હજાર માણસ છે. પહેલા દોઢસો હતું, હવે બે હજાર માણસની વસ્તી છે. સભા ભરાય તો બે હજાર માણસ (આવે). ત્યાં વર્ચસ્વ છે. .. માણસ છે. શું નામ નહિ? ઋષભ? ઋષભદાસજી. નરમ માણસ છે. પકડી શકે છે બરાબર. છોકરો કાંઈક છે. ભાઈ આ તો બધે હવે ચાલે એવું છે આ જ. હા એવું છે. ત્યાં આખા મહારાષ્ટ્રમાં ફર્યા પણ ક્યાંય કોઈએ ના પાડી નથી. બધા એમ કહે છે, મહારાજ કાંઈક કહે છે એ બરાબર છે. મહારાજ કાંઈક કહે છે ઈ બરાબર છે. માર્ગ તો આ છે, બાપુ! વ્યવહાર હોય ત્યાં સાધન કહે. સાધન બે પ્રકારના હોય નહિ, સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે. સાધનનું નિરૂપણ બે પ્રકારનું છે—એક અભૂતાર્થ સાધન, એક ભૂતાર્થ સાધન. કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** અભૂતાર્થથી ભૂતાર્થ થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ જ કીધુંને. અભૂતાર્થ સાધનને અભૂતાર્થ સાધન થાય એનો અર્થ અભૂતાર્થથી કહ્યું છે. વ્યવહારનયથી કહ્યું છે. એ માટે તો ખુલાસો કરવો પડ્યો. કહો, એય.. શેઠ! આ ત્રણ તો દાખલા આપ્યા. ૨૨૧, ૨૨૭ અને આ ૨૩૭. ત્રણેની સાથે મળે છે આ ચોથો બોલ. આ આકડો છે એટલે જરી ત્રણ આવ્યું. લખ્યું છે અહીં. એય.. વજુભાઈ! એ તો ત્યાંના બધા માણસો 'હા' જ પાડે છે. એમ કે મૂર્ખા છે બધા. અરે..! ભગવાન! શું કરે છે? પ્રભુ! કઈ અપેક્ષાએ કઈ નયનું, કઈ અપેક્ષાએ કેમ છે અને અહીં કેમ આવ્યું છે એવો એને અર્થ સમજવો જોઈએને.

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કેમ અભૂતાર્થ વસ્તુ નથી? વસ્તુ છે કે નહિ? નિમિત્તનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે. નિમિત્ત-નિમિત્ત વ્યવહાર-વ્યવહારૂપે નથી? વ્યવહારનયનો વિષય નથી? વિષય છે એનું જ્ઞાન કરાવવા માટે કહ્યું છે.

**શ્રોતા :-** હવે એના જ્ઞાનનું શું કામ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો સ્વભાવ છે એનો. આત્મા સ્વનું જ્ઞાન કરે છે ત્યારે બાકી રહેલો રાગ એનું પણ જ્ઞાન એને સ્વતઃ સ્વપરપ્રકાશક ઉત્પન્ન થાય છે એ માટે કામ છે. સમજાણું કાંઈ? આત્મા પોતાના સ્વરૂપના સાધનમાં આવે છે એટલે એને સ્વપરની જ્ઞાનની પર્યાય જ એ સમયે પ્રગટ થાય છે. એ સ્વપરનું જ્ઞાન એ પોતાનું જ્ઞાન છે. પરનું જ્ઞાન એ પરનું છે નહિ, એ વ્યવહારનું જ્ઞાન એ વ્યવહારનું નથી, જ્ઞાન પોતાનું છે. સ્વનું જ્ઞાન અને વ્યવહારનું જ્ઞાન એ બે થઈને પોતાનું જ્ઞાન છે. બે થઈને પોતાની પર્યાય છે એને એ જાણે છે. સમજાણું કાંઈ? શું થાય પણ હવે. બારમી ગાથામાં કહ્યું, વ્યવહારે જાણેલો પ્રયોજનવાન છે. એ તો એક નિશ્ચયનું ૧૧માં કહ્યું કે '**भूदत्थमस्सिदो खलु**' એકલો ભગવાન ભૂતાર્થ. ધ્રુવને આશ્રયે સમકિત થાય. ધ્રુવને અમે શુદ્ધનય કહીએ છીએ. નય અને નયનો વિષય જુદો

નહિ. ત્યારે આટલું કહ્યું, હવે કોઈ પર્યાય રાગ શુદ્ધિના અંશો વધે, રાગ અંશ ઘટે એવી કોઈ દશા છે કે નહિ? એ દશા છે. તો એ દશાનું જ્ઞાન ત્યાં સ્વતઃ સ્વનું જ્ઞાન થતાં તે પ્રકારનું જ્ઞાન ત્યાં પોતાને કારણે એનું લક્ષ કરે અને જાણે છે એમ પણ નહિ. એ જાતની જ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક જે એનો સ્વભાવ છે એ જ પ્રકારનો સ્વપરપ્રકાશક જ્ઞાનનો પર્યાય ઊભો થાય છે એથી વ્યવહાર જાણે છે એમ કહેવામાં આવે છે. ખરેખર તો વ્યવહારસંબંધીનું જ્ઞાન પોતાનું છે અધૂરું અને સ્વનું આખું એ બેય થઈને પોતાની પર્યાય છે. ચંદુભાઈ!

કેવળજ્ઞાની. કેવળજ્ઞાનમાં કેવળ પર્યાય છે. કાંઈ લોકાલોક છે માટે જ્ઞાન છે? અને લોકાલોકનું એ જ્ઞાન છે? એ તો પોતાની પર્યાયનું જ્ઞાન છે. પોતાની પર્યાયમાં પોતાનું દ્રવ્ય, પોતાનો ગુણ અને પોતાની પર્યાયની પૂર્ણતા એનું જ્ઞાન છે. છ દ્રવ્યનું છે એમ કહેવું એ વ્યવહાર છે. એવો જ જ્ઞાનનો પર્યાય છ દ્રવ્ય અને લોકાલોક હોવા છતાં પોતાની પર્યાયમાં સ્વપરપ્રકાશક આત્મજ્ઞાનમય સર્વજ્ઞપર્યાય પ્રગટ થાય છે. એને પૂર્ણ છે, સાધકને અપૂર્ણ છે. બસ, એટલો ફેર છે. સમજાણું કાંઈ? સાધકને પૂર્ણ જ્ઞાનનો વિષય થયો નથી. હજી રાગ છે, સાધક છે, બાધક છે, બધું છેને? એથી એને વસ્તુના સ્વ તરફ ઢળતાં જે સ્વનું જ્ઞાન થયું, એકલું નથી થયું એની સાથે એમ કહે છે. સ્વનું જ્ઞાન, જ્ઞાનનો સ્વભાવ જ એવો છે કે સ્વનું જ્ઞાન થતાં સ્વપરપ્રકાશકનું સામર્થ્ય પર્યાયમાં પ્રગટ સહજ થાય છે. એટલે તેને એમ કહ્યું કે આ વ્યવહારને જાણે છે અને વ્યવહાર સાધન છે એવો ઉપચાર કરીને કથન કર્યું છે. આહાહા..! સમજાય છે કાંઈ?

વ્યવહારને જાણતો નથી છતાં વ્યવહારને જાણે કહ્યું લ્યો, ભાઈ! વ્યવહારને જાણે છે એ? લોકાલોકને જાણે છે જ્ઞાન? શું વ્યવહારને જાણે છે? વ્યવહાર તો રાગ છે. રાગથી તો નિર્લેપ ભિન્ન જ્ઞાન છે. ધન્નાલાલજી! ભગવાનસ્વરૂપ ચૈતન્યબિંબ એ જ્ઞાનની મૂર્તિ (છે) એમ જ્યાં સ્પર્શ થયો એટલે એ પર્યાય જ સ્વપરપ્રકાશક સ્વતઃ પોતાનો સ્વભાવ, એ જાતનું જ્ઞાન જ ત્યાં અધૂરું સ્વપરને જાણતું પ્રગટ થાય છે. ઓલી ચીજ છે માટે પ્રગટ થાય છે, લોકાલોક છે માટે કેવળજ્ઞાન પ્રગટ થાય છે કે છે એમ છે નહિ. આહાહા..! કહો, જેઠાભાઈ! આહાહા..!

એમ અહીંયાં વ્યવહાર સાધન જે કહ્યું એ તો વ્યવહારનયથી કહ્યું. નિશ્ચયમાં એ સાધન નથી અને એને જાણતું નથી. પોતાની પર્યાયનું સામર્થ્ય જ એટલું ને એવડું છે કે જે પ્રકારના વિકલ્પો થવાના છે તે જ પ્રકારનું જ્ઞાન એના લક્ષ વિના, એ આવશે માટે જ્ઞાન કરે છે એમ નથી. સમજાણું? એ પ્રશ્ન ઉઠ્યો છેને ભાઈ! નહિ? પ્રવચનસારમાંને? પ્રવચનસારમાં. એમ કે જ્ઞાન જ્ઞાનને ઉત્પન્ન થાય અને તે સમયે જાણે એમ કેમ બને? નટ પોતાના પગ અહીં રાખે અને નાચે એમ કેમ બને? ખભા ઉપર. એમ. પ્રશ્ન ઉઠ્યો હતો પ્રવચનસારમાં. એમ જ્ઞાન જે સમયે ઉત્પન્ન થાય તે સમયે તેને જાણે એમ કેમ થાય? ભાઈ! એ જ સમયે

ઉત્પન્ન થાય અને તે જ સમયે જાણે એવો એનો સ્વભાવ છે, સાંભળને. અને તે ઉત્પન્ન થયું તેને જાણે એટલે શું કહ્યું એનો અર્થ? લ્યો, ભાઈ! જે સમયનું જ્ઞાન થયું સાધકમાં તે સમયે તેને જાણે છે એટલે શું થયું?

ઓલો રાગ છે એને જાણે છે કહેવું એ પણ વ્યવહાર છે. લોકાલોકને જાણે કેવળજ્ઞાન એ વ્યવહાર છે. પોતાનો જ પર્યાય પૂર્ણ થયો એને એ જાણે છે. એમ સાધકમાં જે જ્ઞાનનો પર્યાય એ જાતનો પૂર્ણને જાણે અને અહીં સંપૂર્ણને જાણે એવી જ જ્ઞાનની પર્યાય પ્રગટ થાય છે. એને એમ કહેવું કે પરને જાણવું એ વ્યવહાર છે. એમ આ સાધન વ્યવહાર છે, એનાથી સુગમપણે થાય એ (કહેવું) વ્યવહાર છે. આહાહા..! વ્યવહાર રાગ છે માટે જ્ઞાન થતું નથી, તો વળી વ્યવહાર સાધન થઈને આગળ સાધ્ય વધે એ વાત છે જ નહિ. ચંદુભાઈ!

**શ્રોતા** :- આ ન્યાય આપીને ખૂબ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વાત તો આ છે. રતિભાઈ! ન્યાયથી જરી મધ્યસ્થથી અંદર ભાવ બેસવો જોઈએને? બેસે તો કામ આવે. એમ અધ્ધરને અધ્ધર વાતું કરે કે આમ છે તેમ છે એ કેમ પણ થાય ઈ?

ભગવાન આત્મા એકલો જ્ઞાન અને આનંદનો સાગર વસ્તુ શુદ્ધ. હવે શુદ્ધનું અવલંબન થયું એટલે પર્યાય શુદ્ધને જાણવાની પ્રગટી એટલી જ પ્રગટી છે? કેવળજ્ઞાન પ્રગટ્યું એટલે દ્રવ્ય-ગુણ-પર્યાય પોતાના જાણ્યા એટલું જ પ્રગટ્યું છે? લોકાલોક છે તેને જાણતું એટલે કે તે પ્રકારનું જ્ઞાન પોતાનું, પોતાથી ઉત્પન્ન થઈને પોતાને પોતે જાણે છે. શેઠી! આ જરી વિસ્તાર થોડોક લઈએ છીએ. વજુભાઈએ કીધું. વિસ્તાર તો કર્યો છે ભાઈએ. આહાહા..!

કહે છે કે જેમ પરને જાણેલો પ્રયોજનવાન કહ્યું, કેવળજ્ઞાની લોકાલોકને જાણે એ પ્રયોજનવાન છે? એમ વ્યવહાર જાણેલો પરને જાણે એ પ્રયોજનવાન છે? પણ એવું જ જ્ઞાન પ્રગટ થાય છે. આહાહા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- જાણેલો પ્રયોજનવાન શું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આ પ્રયોજનવાન છે. પોતાનો પર્યાય તે પ્રકારનો અધૂરો રહ્યો છે એને જાણે છે. બીજું શું. સમજાણું કાંઈ?

એમ અહીંયાં વ્યવહારને સાધન કહ્યું છે એ સાધનને જાણવાનું કામ કરે છે એમ કહેવું પણ હજી વ્યવહાર છે. એને ઠેકાણે એ મદદ કરીને અહીં ટકે છે. વસ્તુમાં એમ નથી.

**શ્રોતા** :- શબ્દને કારણે ભૂલી જાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શબ્દને કારણે નથી ભૂલતા, દૃષ્ટિને કારણે ભૂલી જાય છે. કેમ પંડિતજી! આહાહા..!

'**ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને**...' હવે ત્યાં નિશ્ચય અભિન્ન સાધ્યસાધન તો છે કે નહિ? ભાઈ! આ ભિન્ન સાધ્યસાધન વખતે અભિન્ન સાધ્યસાધન છે કે નહિ? કે

એકલું ભિન્ન સાધ્યસાધન છે?

**શ્રોતા :-** હવે એ આપ સમજાવો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આ ભિન્ન સાધન વખતે પણ અભિન્ન સાધ્યસાધન તો છે. એની સાથે એક બીજો બોલ જોડી દેવો છે અહીં તો. પોતાનો નિર્મળ સ્વભાવ એ સાધન છે અને પૂર્ણ નિર્મળ સાધ્ય એ તો છે. એ ઉપરાંત બીજી વાત અહીં નાખવી છે હવે. એવા કાળમાં પણ એ ભિન્ન સાધ્યસાધન કહેવામાં આવે છે. ત્યારે જે નિશ્ચય સાધ્ય છે અને એનું પૂર્ણ સાધ્ય છે એટલે આ વ્યવહાર સાધન અને એનું વર્તમાન પર્યાય સાધ્ય એમ જો કહીએ તોપણ એ ઉપચાર છે અને પૂર્ણ સાધ્યનું આ સાધન કહેવું એ પણ ઉપચાર વ્યવહાર છે. સમજાણું કાંઈ? આટલું બધું સમજવું પડે! ભાઈ! બાપુ! તું તો સમજણનો પિંડ છો. એ તો જ્ઞાનનો એકલો પિંડ. બાકી કાંઈ ગંધેય નથી. એક જ્યાં ભૂમિકા પ્રમાણે રાગ હોય છે એને વ્યવહારે જાણે અને વ્યવહારે સાધન કહીને તેને જાણવા માટે વાત કરી છે. સમજાણું કાંઈ? નહિતર ક્યાંય મેળ નહિ ખાય તત્ત્વના સત્ત્વનો. એ તત્ત્વ છે એનું સત્ત્વ જે જ્ઞાનસ્વપરપ્રકાશક છે એનો સ્વપરપ્રકાશક સ્વતઃ સ્વભાવ છે, સ્વતઃ સ્વભાવ છે, પરને લઈને છે એમ છે નહિ. જ્ઞાનનો પર્યાય સ્વતઃ સ્વપરપ્રકાશક છે એટલે શું કરશો પછી એમાં કહો હવે? માટે વ્યવહાર છે માટે પરપ્રકાશક થયો એમ છે? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ઉત્પન્ન થયેલી પર્યાય સ્વપરપ્રકાશક...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ પોતે ઉત્પન્ન થયેલો પર્યાય પોતે પોતાને જાણે છે. ઉત્પન્ન થાયને એને જાણે એ સમયે એવો જ એનો સ્વભાવ છે. એ માટે પ્રવચનસારમાં ખુલાસો કર્યો... સમજ્યાને? શું કહ્યું બીજું કહ્યું? રાગનું કાંઈક કહ્યું નહિ?

**શ્રોતા :-** ઉત્પત્તિ ક્રિયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉત્પત્તિ ક્રિયા. એનો એ પર્યાય ઉત્પન્ન થાય એમ ન બને, પણ ઉત્પન્ન થાયને એને જાણે એમ ન બને? એ તો એનો સ્વભાવ છે. એમ રાગાદિને કાળે જે જ્ઞાનસ્વપરપ્રકાશક નવું ઉત્પન્ન થયું. એ ઉત્પન્ન થયું તે જ પ્રકારને તે જાણે છે. સમજાણું કાંઈ? નિશ્ચય સ્વરૂપ તો આ છે. વસ્તુની સ્થિતિ એવી છે એમાં વસ્તુ પોતે પોકાર કરે સ્વપરપ્રકાશક. હવે સ્વપરપ્રકાશકની વ્યાખ્યા એટલે શું? સમજાણું કાંઈ? પરવસ્તુ છે માટે પરપ્રકાશક છે? અને સ્વપર પ્રગટ્યું છે એ પર હતું માટે આમ પ્રગટ્યું છે અહીં? સમજાણું કાંઈ?

**શ્રોતા :-** .. કઠણ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ વજુભાઈ કહે થોડું સ્પષ્ટ કરો ત્યારે હવે આમાં સ્પષ્ટ તો આ આવ્યું. વસ્તુ તો આ છે આ રીતે. બીજી રીતે કોઈ મેળ નહિ ખાય. સમજાય છે કાંઈ?

કહો, અહીં આ આવ્યું કે '**ભિન્ન સાધ્યસાધનભાવને અવલંબીને સુખે કરીને તીર્થની**

**શરૂઆત કરે છે...'** પણ અભિન્નસાધ્યસાધન એ વખતે છે કે નહિ? છે. પણ તે વખતની ભૂમિકામાં.. આગળ આવશેને જુઓને. એવા જ વિકલ્પોની જાત અભૂતાર્થ હોવા છતાં તે પ્રગટે છે. સમજાય છે? અને તેથી તેને આવો જ ભાવ હોય એમ અનુકૂળતા વ્યવહારે ગણીને નિમિત્ત તરીકે ગણીને એ સાધન છે એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** શ્રદ્ધાનો પ્રયોગ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ જુઓને ન્યાયથી ખ્યાલમાં આવવી જોઈએને વાત. કોઈ એમ ને એમ માને, એમ ને એમ માને અંધશ્રદ્ધા એમ શું માને પણ? ભગવાન કહે છે વ્યવહાર સાધન છે. પણ શું છે આ? પંડિતજી!

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે...'** અનાદિ કાળથી ક્ષાયિકસમકિત થયું છતાં. રાગનો ભાગ તો અનાદિનો છેને? એટલે મિથ્યાત્વી છે માટે અનાદિનો રાગ છે એમ અહીં નથી વાત. અહીં તો પર્યાયમાં રાગનો ભાગ અનાદિનો છે, બસ. ભલે રાગની એકતા છૂટી છે છતાં રાગ છે એ તો અનાદિનો છે, કાંઈ નવો થયો છે? વાત સમજાય છે કાંઈ? એય.. ..ભાઈ! ઝીણું છે આ જરી. આહાહા..!

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ...'** આટલો અર્થ પહેલો કર્યો. અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ. જેટલો રાગ છે એ ભેદ છે કે નહિ? કે અભેદ થઈ ગયો છે? અનાદિનો ભાગ છે. અનાદિનો છે માટે મિથ્યાદૃષ્ટિ છે એને વ્યવહાર થાય છે એમ નથી. કેમકે ભિન્ન સાધ્યસાધનને વ્યવહાર કહ્યો ત્યારે એની સાથે નિશ્ચય અભિન્ન સાધનસાધ્ય છે. સમજાણું કાંઈ? પૂર્ણ પવિત્રતા એ સાધ્ય છે અને શુદ્ધ પરિણતિ વર્તમાન તે સાધન છે. હવે અહીં એ પૂર્ણ પરિણતિ સાધ્ય અને આને સાધન કહો તોપણ ઉપચાર છે અને છઠ્ઠા ગુણસ્થાનમાં રહેલો શુભરાગ એ શુદ્ધ સાતમા ગુણસ્થાનની શુદ્ધ પરિણતિને સાધન છે અને સાતમી ભૂમિકાની શુદ્ધ પરિણતિ તે સાધ્ય છે એમ કહો તોપણ એ વ્યવહાર છે. સમજાણું કાંઈ?

ખરેખર તો એ તો પહેલાં આવી ગયું છે. છઠ્ઠા ગુણસ્થાનની શુદ્ધિ એ સાતમાની શુદ્ધિનું કારણ છે, પણ આરોપથી એ ભૂમિકાને યોગ્ય જે રાગની મંદતા હતી એવી જ આ સર્વજ્ઞ ત્રિલોકનાથની શ્રદ્ધા, છ દ્રવ્યની શ્રદ્ધા, નવ તત્ત્વની શ્રદ્ધા એથી કોઈ વિરોધ માનવાનો વિકલ્પ વ્યવહારમાં પણ એને હોતો નથી. એક સમયનો પર્યાય છ દ્રવ્યને જાણે એટલું પર્યાયનું સામર્થ્ય છે. હવે એ પર્યાય ઉપર લક્ષ છે ... વ્યવહાર પહેલો પ્રગટ્યો છે. કોઈ મેળ નહિ ખાય. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આ બધી ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ હોય તો વ્યવહાર જાણશે કોણ કે આ વ્યવહાર છે? એ વ્યવહારનું જ્ઞાન પણ પોતાથી પ્રગટશે શી રીતે? સમજાણું કાંઈ? ઝીણું તો થોડું આવ્યું. ઝીણું તો આવ્યું પણ હવે... અમારે વકીલ છે. ન્યાયથી બેસે એવી વાત છે. ન્યાયથી ખ્યાલમાં

આવે તો બેસે એવી છે. એમ કે ન બેસે એવી વાત છે નહિ. કહો, વજુભાઈ!

**શ્રોતા** :- તર્કશુદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- તર્કશુદ્ધ છે. એ ભાઈએ કહ્યું હતું તે દી. ઢેબરભાઈએ. ઢેબરભાઈએ. તર્કશુદ્ધ વાત છે. વળી પાછા બહાર જાય ત્યાં ફરી જાય. તર્કશુદ્ધ છે, અભિનંદન દેવા આવ્યો છું. એ કઈ સાલ હશે? ૨૦૧૦ની કે એવી કાંઈક હતી. તર્કશુદ્ધ છે વાત. પાછા વળી કહે પણ મહારાજ આમ કહે છે, પણ બીજા પાછું બીજું કહે છે એ કેમ ખોટું હોય? એય..! ગડબડ ઊભી થાય. ભાઈ! આ મહારાજ કહે છે એ ક્યાં, અહીં તો વસ્તુનું સ્વરૂપ જ આવું છે. વસ્તુના સ્વરૂપની મર્યાદા અને સ્થિતિ જ આવી છે. કહો, **'પ્રાથમિક જીવો...'** એટલે સાધકજીવો. પ્રાથમિક એટલે અજ્ઞાની જીવો? પણ પ્રાથમિક કોને? અનાદિનો છે એને પ્રાથમિક શી રીતે કહેવો? એ તો અનાદિનું અજ્ઞાન છે. પ્રાથમિક થયો ક્યારે? સાધક થયો એટલે પ્રાથમિક ભૂમિકાવાળો એમ કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'અનાદિ કાળથી...'** ઠીક, એટલે બે લીટીમાં જ અટક્યું બધું.

**શ્રોતા** :- ન્યાય ઘણો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આહા..! વસ્તુસ્થિતિ આવી છે. બીજી રીતે વસ્તુ કઈ રીતે મેળ ખાય? ભગવાન ચૈતન્યબિંબ છે. એ તો એકલો જ્ઞાનનો સાગર છે. હવે એ જ્ઞાનનું સ્વરૂપ તો સ્વપરપ્રકાશક છે. શક્તિરૂપે છે અને પર્યાયમાં પ્રગટે એ તો સ્વપરપ્રકાશક છે.

જ્યારે સાધક છે, હજી અનાદિ રાગનો નાશ બિલકુલ થયો નથી અને પહેલી સાધકદશામાં આવ્યો છે. પ્રથમ સાધકદશામાં આવ્યો છે. મિથ્યાત્વની દશા તો અનાદિની છે. એમાં આવ્યો ક્યાં ત્યાં? સમજાણું કાંઈ?

**શ્રોતા** :- એમ કે પ્રાથમિક દશામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ પ્રાથમિક એટલે આ.

**શ્રોતા** :- પછી નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ પ્રાથમિક એટલે કે સાધકજીવવાળો અનુભવી પ્રાથમિકમાં છે. પૂર્ણ થયું નથી માટે.

**શ્રોતા** :- વ્યવહારને સાધન કોઈ દી બનાવ્યું જ નથી એટલે વ્યવહારને સાધન બનાવે ત્યારે નિશ્ચય થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એની વાત જ અહીં હોય નહિ. ધૂળેય થાય નહિ. આંધળે આંધળા છે. રાગ આંધળો એ આંધળાથી પછી નિશ્ચય થાય. આંધળાથી દેખતો થાય. આ તો દેખતો સ્વપરપ્રકાશક પ્રગટ્યો છે. એની ભૂમિકામાં પૂર્ણતા નથી એથી એને પ્રાથમિક ભૂમિકા કહેવામાં આવે છે. નથી તે અજ્ઞાનમાં, નથી તે પૂર્ણ જ્ઞાનમાં. સમજાણું કાંઈ? કહો, સમજાય છે કે નહિ આમાં? એય.. સુજાનમલજી! આહાહા..!

**'પ્રાથમિક જીવો...'** એટલે ધર્મની શરૂઆત થઈ છે એવા જીવો. **'વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને અવલંબીને...'** વ્યવહારને અવલંબીને. તો નિશ્ચય અવલંબન છે એને વ્યવહારનું અવલંબન કહેવું એને જણાવે છે. એ કર્યું છે કે નહિ એમાં? **'(-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં)...'** જુઓને, લખ્યું છે આમાં ભાઈએ. **'તીર્થસેવનની પ્રાથમિક દશામાં (-મોક્ષમાર્ગસેવનની પ્રારંભિક ભૂમિકામાં)..'** એમ લખ્યું જુઓ નીચે. છે? **'આંશિક શુદ્ધિની સાથે-સાથે શ્રદ્ધાન-જ્ઞાનચારિત્ર સંબંધી પરાવલંબી વિકલ્પો (ભેદરત્નત્રય) હોય છે.'** એવું જ જ્ઞાન પ્રગટે છે માટે એવો જ ત્યાં ભાવ હોય છે. એને ભાવને કારણે ત્યાં પ્રગટે છે માટે એવો વિકલ્પ નથી અને વિકલ્પ એવા પ્રગટે છે માટે અહીં જ્ઞાન પ્રગટે છે એમ પણ નથી. સમજાણું કાંઈ? વીતરાગનો માર્ગ પરમ સત્ય અને સુંદર છે. શિવમ સુંદરમ્ શું કહે છે?

**શ્રોતા :-** સત્યમ શિવમ સુંદરમ્

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સત્યમ શિવમ સુંદરમ્. એ બધું આ સત્યમ શિવમ અને સુંદરમ. આહાહા..!

**શ્રોતા :-** ...વ્યવહાર બિલકુલ આવો હોવો જોઈએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો હોય છે. એટલું બતાવવા સુગમ રીતે સાધન કરીને તરે છે એમ કહેવામાં આવ્યું છે. આહાહા..!

**'અનાદિ કાળથી ભેદવાસિત બુદ્ધિ હોવાને લીધે પ્રાથમિક જીવો...'** પ્રથમ ભૂમિકામાં ચડ્યા છે **'વ્યવહારનયે ભિન્નસાધ્યસાધનભાવને...'** અવલંબન વર્તે છે કે જેથી કરીને **'સુખે કરીને...'** એટલે સહજ જાતના એવા જ વિકલ્પની જાત હોય છે એ ભૂમિકાએ. ઉપરની જાત ન હોય, હેઠલી જાત ન હોય એ ભૂમિકાને યોગ્ય ભાવ હોય એથી તેને સુખે તરે છે એમ વ્યવહારના સાધન તરીકે ઉપચારથી કહ્યું છે. તીર્થની શરૂઆત કરે છે. જુઓ એ. **'(અર્થાત્ સુગમપણે મોક્ષમાર્ગની પ્રારંભૂમિકાને સેવે છે).'** હવે શું? કેમ? એનો ખુલાસો કરશે... (**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, શ્લોક-૧૭૩ થી ૧૭૫
## પ્રવચન નં.૧૫૭, તા.૧૨-૦૯-૧૯૬૫
## (૯)

જુઓ, શું છે? બંધ અધિકાર. સમયસાર કલશ. **'ભાવાર્થ આમ છે કે પૂર્વોક્ત મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** શું કહે છે? જરી સૂક્ષ્મ વાત છે. ભગવાન આત્મા શુદ્ધ આનંદ જ્ઞાયકઘન છે એવી જેની દૃષ્ટિ થઈ, આત્મા શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે એવા દ્રવ્યસ્વભાવની અંતર દૃષ્ટિ થઈ તેને રાગ મારો, શરીર મારું એવો મિથ્યાત્વભાવ છૂટી જાય છે. મારો સ્વભાવભાવ આવ્યો. દૃષ્ટિમાં-સમ્યગ્દર્શનમાં મારો ત્રિકાળ જ્ઞાયકસ્વભાવ આવ્યો. એ દૃષ્ટિમાં મિથ્યાત્વભાવ છૂટી જાય છે અર્થાત્ ત્યાં રાગ મારો, પુણ્ય મારું, શરીર મારું, કર્મ મારા, સ્વભાવ મારો એવી દૃષ્ટિ થઈ ત્યાં રાગ મારો આદિ મિથ્યાત્વભાવ છૂટી જાય છે. કહો, સમજાણું કાંઈ?

**'મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...'** ઝીણી વાત, ભાઈ! આ અધિકાર બંધ અધિકાર (છે). કોને બંધ થાય છે અને કોને બંધ નથી થતો એ અધિકાર ચાલે છે. અધિકાર શું ચાલે છે, કહે છે. કહે છે કે આ આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે એવી જેની દૃષ્ટિ નથી અને રાગ મારો, દયા, દાન પરિણામ મારા, વિકલ્પ મારો, કર્મ મારા, શરીર મારું, ક્રોધ, માન, માયા આદિ વિકાર પરિણામ મારા એવી દૃષ્ટિ છે તે મિથ્યાદૃષ્ટિ છે. એ મિથ્યાદૃષ્ટિને નવા આઠ કર્મનો બંધ થાય છે. ઈ વાત ચાલે છે. કહો, સમજાણું કાંઈ?

બે વાત. એક કોર આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્યસ્વરૂપ અને એક બાજુ અલ્પ પર્યાય અથવા રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કર્મ, શરીર, વાણી. તો જેની દૃષ્ટિ અનાદિથી હું ક્રોધી, માની, માયા, લોભી, રાગી, પુણ્યવંત, પાપવંત અને પુણ્ય-પાપના ફળવંત છું એવી જેની માન્યતા છે એ માન્યતા મિથ્યાત્વ છે અને એ મિથ્યાત્વ જ આઠ કર્મના બંધનનું કારણ છે. સમજાણું કાંઈ? અમરચંદભાઈ! સમજાણું કાંઈ? અને સમ્યગ્દર્શન થયું કે રાગ, પુણ્ય, દયા, દાન, વ્રતાદિ વિકલ્પ મારા નથી, મારો તો શુદ્ધ જ્ઞાયકસ્વભાવ મારો છે. એવું જ્યાં અંતર સમ્યગ્દર્શનનું ભાન-આત્માનું ભાન-આત્માનો અનુભવ થયો ત્યારથી મિથ્યાત્વભાવ છૂટી ગયો, ત્યારથી વ્યવહાર છૂટી ગયો. અંતરદૃષ્ટિનો વિષય પૂર્ણ શુદ્ધ દૃષ્ટિમાં આવ્યો તો દ્રવ્યમાં, ગુણમાં વ્યવહાર નથી અને પોતાની પર્યાયમાં પણ વ્યવહાર નથી, વ્યવહાર છૂટી ગયો. સમજાણું કાંઈ? શું

સમજાય છે? તો આ વ્યવહાર કરવો કે નહિ? શું કરવું? કહે છે, જુઓ,

'**તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,...**' અર્થાત્ જ્યાં આત્મા જ્ઞાયક શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ ત્યારે તેને વ્યવહાર દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા, સ્મરણનો જે ભાવ છે એ પોતાના દ્રવ્યસ્વભાવની જે પર્યાય અભેદ થઈ તેમાંથી છૂટી ગયો, ભિન્ન રહી ગયો. વ્યવહાર ભિન્ન રહી ગયો. છે તો ખરો, એ છૂટી ગયો. પર્યાયમાંથી છૂટી ગયો. બાહ્ય છે કે નહિ? બાહ્ય તો આ લોકાલોક નથી? સમજાણું કાંઈ? લોકાલોક નથી? બધા દ્રવ્ય નથી? છૂટી ગયો એટલે શું દ્રવ્ય ચાલ્યું ગયું? અહીંથી છૂટી ગયો.

**શ્રોતા :-** વ્યવહાર કરવાયોગ્ય નથી માનતો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કરવાયોગ્ય માનવાનો તો અહીંયા પ્રશ્ન જ નથી.

અહીંયા તો સ્વભાવ શુદ્ધ ચૈતન્ય છે એની દૃષ્ટિ થઈ તો વિકલ્પનો જે ભાગ હતો એ સ્વભાવમાં એકત્વ ન રહ્યો. એકત્વ ન રહ્યો તો દૃષ્ટિમાં અને દૃષ્ટિની પર્યાયમાં, દૃષ્ટિનો વિષય દ્રવ્ય અને દૃષ્ટિની પર્યાય નિર્મળ, એમાંથી રાગ છૂટી ગયો. સમજાણું કાંઈ? વ્યવહાર રહ્યો નહિ. આહા..હા..! જેમ પરદ્રવ્યમાં આત્મા નથી એમ રાગમાં આત્મા નથી એમ થઈ ગયું, એમ કહે છે. આત્મા જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ છે એવું સમ્યગ્દર્શન થયું, સમ્યગ્દર્શન થયું ત્યારથી વ્યવહાર પર્યાયમાંથી છૂટી ગયો. ભિન્ન રહી ગયો ઈ જ છૂટી ગયો. સમજાણું કાંઈ? મારો માનતો હતો એ મારો ન રહ્યો, ભિન્ન રહી ગયો. ભિન્ન રહી ગયો તો પર તો આખું જગત છે. સમજાણું કાંઈ? જ્ઞાનમાં જ્ઞેય તરીકે પર તરીકે હો, પણ પોતામાં એકત્વબુદ્ધિ જે રાગની હતી એ છૂટી ગઈ, સ્વભાવ સાથે પર્યાયનું એકત્વ થઈ ગયું. સમ્યગ્દૃષ્ટિને વ્યવહાર છૂટી ગયો, વ્યવહાર છે જ નહિ, નિશ્ચયમાં લીન છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે આકરી વાત છે. તેથી આ લોકો રાડ પાડે છે. અરે..! અમારે વ્યવહાર છે કે નહિ? બધો વ્યવહાર સમ્યગ્દૃષ્ટિને નથી, લે સાંભળ.

**શ્રોતા :-** સમ્યગ્દૃષ્ટિ થાય એટલે તરત જ વ્યવહાર છૂટી ગયો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વ્યવહારનો અર્થ શું? પર. એમ પર. .. એટલે? પરરૂપ છે એમ જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણે છે. પોતામાં છે એમ નહિ. સમજાણું કાંઈ? શું કહ્યું જુઓ.

'**મિથ્યાભાવ જેને છૂટી ગયો તેને સમસ્ત વ્યવહાર છૂટી ગયો,** કારણ કે **મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.**' જુઓ, સૂક્ષ્મ વાત છે. ભગવાન ચૈતન્યમૂર્તિ જ્ઞાયકસ્વરૂપ અખંડ આનંદરૂપી અંતર પ્રતીત અને ભાન જ્ઞાનનું જ્ઞેય થઈને (થઈ), નિજ સ્વરૂપનું જ્ઞેય થઈને જ્ઞાન થયું તો પોતાની પર્યાયમાં વિકલ્પનું એકત્વ છૂટી ગયું તો નિશ્ચયમાં જ્ઞાનીને વ્યવહાર છૂટી જ ગયો છે. સમજાણું કાંઈ? શું છે શેઠી? તો આ પૂજા, ભક્તિ કરવી કે નહિ? દાન, દયાના ભાવ પછી કરવા કે નહિ? કરવું રહેતું નથી અને છે તેની પર્યાયથી ભિન્ન રહી ગયો. સમજાણું કાંઈ? ઓહો..હો..! સૂક્ષ્મ છે.

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કર્તા છે નહિ અને (જે રાગાદિ) છે તે પોતામાં નથી, પર્યાયમાં નથી. પોતાની નિર્મળ પર્યાય એકત્વ થઈ એટલો જ આત્મા છે, બસ. સમજાણું કાંઈ? એક શુદ્ધ ચૈતન્યદ્રવ્યની દૃષ્ટિ થતાં વસ્તુના ગુણ અને નિર્મળ પર્યાયનું એકત્વ થયું એ સમ્યગ્દર્શન પ્રમાણે આત્મા રહી ગયો. આહા..હા..! ભારે સૂક્ષ્મ, ભાઈ! જૈન પરમેશ્વર શું કહે છે એની ખબર નથી અને કહે છે કે અમે ધર્મ કરીએ છીએ, ધર્મ કરીએ છીએ; પણ તારે ધર્મ આવ્યો ક્યાંથી? પરમેશ્વર ત્રણલોકના નાથ સર્વજ્ઞ પરમેશ્વરે.. માથે આવ્યું હતુંને? પરમેશ્વર કેવળજ્ઞાનમાં બિરાજમાન થવું એમ કહ્યું છે. પરમેશ્વર કેવળજ્ઞાનમાં બિરાજમાન તીર્થંકર પરમાત્મા સર્વજ્ઞ પરમાત્માએ એમ ફરમાવ્યું છે કે જ્યાં સુધી તને એ દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો જે રાગ એ પુણ્યરાગ છે, એ રાગ મારું કર્તવ્ય છે અને એ રાગ મારો છે, ત્યાં સુધી તેની દૃષ્ટિ મિથ્યાત્વ છે. આખો જ્ઞાયકભાવ દૃષ્ટિમાંથી છૂટી ગયો. સમજાણું કે નહિ? શશીભાઈ! આહા..હા..!

દયા, દાન, વ્રત, તપ, ભક્તિનો વિકલ્પ જે આવ્યો એ વિકલ્પ મારો તો આત્મા ત્રિકાળ નિર્વિકલ્પ સ્વભાવ દૃષ્ટિમાંથી છૂટી ગયો. એકલો રાગ મારો, પુણ્ય મારું, દયા, દાન, વ્રત, ભક્તિ મારા એ મિથ્યાદૃષ્ટિ વ્યવહાર નામ વિકલ્પ પોતાના માને છે. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શનમાં મિથ્યાત્વભાવ-રાગ દયા, દાનનો મારો-એ સૂક્ષ્મ ભાવ છે. ભાઈ! અનંતકાળમાં એણે આ વાત રુચિપૂર્વક કરી નથી. એમ તો બધા કરે છે, અમે પાળીએ છીએ, વ્રત પાળીએ છીએ, તપ કરીએ છીએ, અપવાસ કરીએ છીએ. જુઓને, આ પજોસણ ગયા તો ચારે કોર મિથ્યાત્વની ધમાલ ચાલી હશે. એ.. ન્યાલભાઈ! ગયા તમારા? ગયા લાગે છે. સમજાણું કાંઈ? આટલા અપવાસ કર્યા, પચ્ચીસ અપવાસ કર્યા, મહિનાના અપવાસ કર્યા. આચાર્ય કહે છે કે મિથ્યાત્વ કર્યું. જૈન પરમેશ્વર એમ કહે છે કે તેં મિથ્યાત્વ કર્યું. અપવાસ ક્યાંથી થયા? મેં આહાર છોડ્યો એવો પોતાનો મિથ્યાત્વભાવ અને આહાર છોડવામાં કદાચિત્ કોઈ રાગની મંદતા થઈ હોય એ મારો છે અને મેં કર્યો, એવી માન્યતા મિથ્યાદૃષ્ટિ મિથ્યાત્વનું પોષણ કરે છે. બહુ આકરું કામ. એય ચંદુભાઈ!

**શ્રોતા :-** પહેલું શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પહેલું આ કરવું. રાગથી ભિન્ન પોતાના આત્માને કરવો એ પહેલું કરવું. પહેલું શું કરવું? સમજાણું કાંઈ? એ તો કાલે નહોતું બતાવ્યું? ૨૯૫ ગાથામાં નહોતું બતાવ્યું? શું? ૨૯૫માં નહોતું બતાવ્યું? શું બતાવ્યું હતું? ૨૯૫ જુઓ. આત્મા અને બંધને પ્રથમ તો.. પહેલાં શું કરવું? એ પ્રશ્ન છે. પ્રથમ તો '**तावत्**' શબ્દ પડ્યો છે. આત્મા જ્ઞાયકસ્વરૂપ શુદ્ધ સ્વરૂપ પરમાનંદ મૂર્તિ અને બંધ રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિના વિકલ્પ એ બંધભાવ છે. બેને પ્રથમ તો તેમના નિયત સ્વલક્ષણોના જ્ઞાનથી

(જુદા પાડવા). પહેલાંમાં પહેલાં શું કરવું? તેમના નિશ્ચય સ્વલક્ષણોના જ્ઞાનથી. બેના જ્ઞાનથી હોં! આ રાગ, આ સ્વભાવ. જ્ઞાનથી સર્વથા છેદવા. અમરચંદભાઈ! પહેલાં આ કરવું એમ કહ્યું. પહેલાં સારું શું કરવું? પૂછ્યું હતું એવું, પહેલું સારું શું કરવું? આ કંઈ દયા, દાન, વ્રત, ભક્તિ કરીએ તો? પહેલું સારું કરવું કે નહિ? એણે પૂછ્યું હતું. એ બધું ઊલટું છે.

અહીં તો એક જ લીટીમાં બધું પડ્યું છે. ૨૯૫ ગાથા.

**जीवो बंधो य तहा छिज्जंति सलक्खणेहिं णियएहिं।**
**बंधो छेदेदव्वो सुद्धो अप्पा य घेत्तव्वो।।२९५।।**

એક ગાથા. પહેલાં શું કરવું? શરૂઆત ક્યાંથી કરવી? ધર્મ પહેલાં ક્યાંથી કરવો? ભગવાન ત્રિલોકનાથ પરમેશ્વર ફરમાવે છે, પહેલા અહીંથી શરૂ કરવું કે હું જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ આત્મા છું. દયા, દાન, વ્રત, ભક્તિનો રાગ ઉઠે છે એ મારામાં નથી. એ તો બંધલક્ષણવાળો સ્વભાવ છે. હું અબંધસ્વરૂપી જ્ઞાયક છું. હું અબંધસ્વરૂપી જ્ઞાયક છું, મોક્ષસ્વરૂપી જ્ઞાયક છું. રાગાદિ બંધસ્વરૂપ એ વિકાર મેલ છે. પહેલાંમાં પહેલાં એને સર્વથા છેદવા. શશીભાઈ! ભારે આકરી વાત. આ બધા માનીને બેઠા ચારે કોર ધર્મ.. ધર્મ.. ધર્મ. હમણાં તો બહુ ધર્મ થઈ ગયો હશે.

**શ્રોતા :–** સૌ સૌની રીતે બધા મથે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** મથે છે ભૂંડું. ભાન વિના શું સારું કરે? ઈ દલાલ છેને દલાલ.

'**રાગાદિક જેનું લક્ષણ છે એવા સમસ્ત બંધને તો છોડવો...**' જુઓ, પાછું ત્યાં એમ લીધું છે. સમસ્ત બંધને તો છોડવો. આવે (તેને) છોડવા, એમ ભગવાન કહે છે. ભગવાન કહે છે કે મારા પ્રત્યેનો રાગ પણ પહેલાં છેદવો. રાગ નથી, તારા સ્વભાવમાં–જ્ઞાયકમાં નથી એમ તારે કરવું. સમજાણું કાંઈ?

પહેલાં શું કરવું? કે સમસ્ત બંધને છોડવો. '**ઉપયોગ લક્ષણ જેનું છે એવા શુદ્ધ આત્માને જ ગ્રહણ કરવો.**' જુઓ, ઓહો..હો..! પહેલાં અને પછીના વાંધા ઉઠે એટલા. પ્રાથમિક શિષ્યને માટે આ વાત છે. પ્રથમ ધર્મની શરૂઆત કરવાવાળા માટે વાત છે. જૈન પરમેશ્વર ત્રિલોકનાથ કેવળજ્ઞાની ફરમાવે છે. જગતને સાંભળવા મળ્યું નથી એટલે કાંઈ ચીજ બદલી જાય? બીજી ચીજ થઈ જાય છે?

'**પૂર્વોક્ત મિથ્યાભાવ...**' પૂર્વોક્ત–માથે કહ્યું હતુંને? નહિ? આ રાગ મારો, નહોતું આવ્યું? હું મારું, હું જીવાડું, હું દુઃખી કરું, હું સુખી કરું '**ઈત્યાદિ છે જે મિથ્યાત્વરૂપ અસંખ્યાત લોકમાત્ર પરિણામ...**' એ પરિણામ છૂટી ગયા. આહા..હા..! પોતાની એક નિર્મળ પર્યાય પોતાના શુદ્ધસ્વભાવ સન્મુખ થઈ એટલો જ આત્મા રહી ગયો. એ જ પર્યાયમાં જરી મલિનતા છે એ પર્યાયની એકતાબુદ્ધિમાં છૂટી ગઈ. છે છતાં નિશ્ચયમાં વ્યવહાર નથી અને વ્યવહારમાં નિશ્ચય નથી. સમજાણું કાંઈ? જ્ઞેય તરીકે રહી ગયું પણ અહીંયા પર્યાય તરીકે ક્યાં રહ્યું?

ઓહોહો..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય શુદ્ધ ચૈતન્ય આનંદકંદ છે એવી અંતર દૃષ્ટિ કરવી તે સમ્યગ્દર્શન છે. તો એ સમ્યગ્દર્શનમાં સમ્યગ્દર્શન નિર્વિકલ્પ વીતરાગી પર્યાય છે. એ વીતરાગી પર્યાયનું ધ્યેય, લક્ષ શુદ્ધાત્મા છે. એવી વીતરાગી પર્યાય સ્વભાવ સાથે એકત્વ થઈ તો જે રાગ મારો હતો એ એક સમયની પર્યાયમાં એકત્વ હતું તે છૂટી ગયું. છૂટી ગયું એટલે એની પર્યાયમાં રહ્યું નહિ, એની પર્યાયમાં. છૂટી ગયું એ તો પરમાં ગયું. શરીર, કર્મ, આખી દુનિયા પડી છે એમ ઈ પણ છે.

**શ્રોતા** :- ઉપવાસ કરવો કે નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ અમારા રામજીભાઈને પૂછતા હતા એક. મહેમાન આવે તો ચા કરવી કે નહિ? આ એવું પૂછ્યું. એક થાનદાર હતા લખુભાઈ કરીને. ઓળખતા હતા? રાજકોટમાં હતા. પછી આ બધી વાત ચાલે એટલે ઈ કહે, મહારાજ! તમે ન કરવું, ન કરવું કહો છો, પણ અમારે ઘરે મહેમાન આવે એને માટે ચા કરવી કે નહિ?

**શ્રોતા** :- મુદ્દાનો પ્રશ્ન છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- શું મુદ્દાનો. આહા..! સમજાય છે? જયચંદભાઈ! પણ ચા કોણ કરે? એ તો પરમાણુ જડ માટી છે. માટીની પર્યાય કોણ બનાવે? શું આત્મા બનાવી શકે છે?

**શ્રોતા** :- પણ આ ઉપવાસનું શું કરવું?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઉપવાસ એટલે શું? કે આહાર ન કરવો. ઈ આહાર છૂટવો ઈ શું આત્માના અધિકારની વાત છે? એ તો નહિ આવવાવાળો આહાર છે. તો કહે, મેં અપવાસ કર્યો. એ તો મૂઢ મિથ્યાદૃષ્ટિ થયો. મેં પરનો ત્યાગ કર્યો. આત્મામાં નથી એનો મેં ત્યાગ કર્યો. છે નહિ એનો ત્યાગ કર્યો, તો એનો અર્થ એ છે કે મેં ગ્રહણ કર્યો હતો.

અહીંયા તો આત્મા જ્ઞાયક ચૈતન્યમૂર્તિ છે એની દૃષ્ટિ કરી એમાં લીન થવું એનું નામ તપ અને જ્ઞાન ને આનંદ ને મોક્ષમાર્ગ છે, એને ઉપવાસ નામ આત્મામાં સમીપમાં વસ્યો એમ ઉપવાસ કહેવામાં આવે છે.

**શ્રોતા** :- ઈ ઉપવાસ તો કરવોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઈ વાત તો ચાલે છે. આ તો પૂછે છે, પેલા રોટલા ન ખાવા એવા અપવાસની. એ લાંઘણનું, લાંઘણનું. આ લાંઘણું કરે છેને? મહિના, મહિનાની. બધી લાંઘણું છે, લંઘન છે. ભગવાન કહે છે, ઈ અપવાસ નથી. ભગવાન કહે છે કે નિજ શુદ્ધ ચૈતન્ય પરમાત્મા કેવળજ્ઞાનની પર્યાય જેમાંથી અમને પ્રગટ થઈ છે એવા દ્રવ્યસ્વભાવની અંતર દૃષ્ટિ કર્યા વિના તારા સ્વરૂપ સમીપ જવું થશે નહિ. સ્વરૂપ સમીપ ગયા વિના તને ધર્મ થશે નહિ. પછી જ્ઞાનધર્મ નહિ થાય, દર્શનધર્મ નહિ થાય, ચારિત્રધર્મ નહિ થાય, તપધર્મ નહિ થાય. સમીપ ગયા વિના નહિ થાય. ઉપવાસ ત્યારે થશે. પેલો અપવાસ લાંઘણમાં

જશે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

**શ્રોતા :-** આઘાત લાગે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** આઘાત લાગતો જ નથી એને. એની તો (વાત છે).

**'સમસ્ત વ્યવહાર છૂટી ગયો. કારણ કે મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** જુઓ, વસ્તુ ભિન્ન થઈ ગઈ. મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે અને સમ્યગ્દર્શનનો ભાવ અને આત્મભાવ બીજી વસ્તુ છે. આહાહા..! સમજાય છે કાંઈ? શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન-અનુભવ, આ આત્મા-આ આત્મા આનંદકંદ એવો આનંદનો સ્વાદ આવતા આખો આત્મા આનંદ છે એવી દૃષ્ટિ થઈ તો ત્યાં કહે છે કે મિથ્યાત્વભાવ પણ ન રહ્યો. કેમકે મિથ્યાત્વ અને વ્યવહાર બધા એક હતા. મિથ્યાત્વ અને વ્યવહાર બધા એક હતા. સમ્યક્ અને સ્વભાવ એક હતા. એ (મિથ્યાત્વ અને વ્યવહાર) વસ્તુમાંથી છૂટી ગયા. એ.. નેમિદાસભાઈ!

**'મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ...'** સમજાણું કાંઈ? **'એક વસ્તુ છે.'** બે વસ્તુ નથી. શું કહે છે? મેં આ અપવાસ કર્યો એટલે આહાર છોડ્યો એવો જે ભાવ, એ ભાવ મિથ્યાત્વભાવ છે. એ વ્યવહારભાવ (છે). એ વિકલ્પ ઉઠ્યો એ વ્યવહાર. એને મેં કર્યો, મેં કર્યો અને મારો છે એ મિથ્યાત્વભાવ છે. એ... જયંતિભાઈ! ભાવનગરમાં તો આવું સાંભળ્યું પણ નહિ હોય. આહા..હા..! ભગવાન કેવળજ્ઞાની બિરાજમાન પરમેશ્વર ફરમાવે છે કે હું આ વિકલ્પને છોડું, છોડું, વિકલ્પ-શુભભાવ છોડું. તો છોડવાની બુદ્ધિ હોય ત્યાં એનો અર્થ થયો કે એ વિકલ્પ મારો હતો તો મેં છોડ્યો. સમજાય છે કાંઈ? એ બુદ્ધિ મિથ્યાત્વ છે. એ વ્યવહારભાવ મિથ્યાત્વભાવ છે એમ કહે છે અહીં તો. ઓહોહો..! ભારે ઝીણું, ભાઈ! આવો માર્ગ કાને પડ્યો ન હોય. હવે એ એમને એમ મજૂરી કરી મરી જાય આખો દી. સાધુ થઈને નામ ધરાવે ને આ વ્રત પાળ્યા ને અપવાસ કર્યા. મિથ્યાત્વ કર્યા. એ... મંત્રીજી! સારું લાગેને. ભાન ન મળે. તારી ચીજ શું છે અને શું થઈ રહ્યું છે, બેનો ભેદ નથી.

અહીં તો આચાર્ય ફરમાવે છે, **'મિથ્યાત્વના ભાવ તથા વ્યવહારના ભાવ એક વસ્તુ છે.'** અને સમ્યગ્દર્શનમાં જે આત્મા આવ્યો એ સમ્યક્ સ્વભાવ પર્યાય અને સ્વભાવ એક વસ્તુ છે. એ પરથી છૂટી ગયો.

**શ્રોતા :-** વ્યવહાર પર છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પર છે. વાત ઈ છે. સમજાણું કાંઈ? પોતામાં છે જ નહિ. વ્યવહારભાવ પોતામાં છે જ નહિ, લ્યો. પોતામાં નથી, હોં! એનામાં ભલે હો. આહા..હા..! બહુ સૂક્ષ્મ વાત. પરમેશ્વર ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમને શું કહેવું છે એ લોકોને સાંભળવા મળે નહિ અને એમને એમ વાડા બાંધી અને સંપ્રદાયમાં આ કર્યું, ઓહો..! બહુ અપવાસ

કર્યા અને ચોથા આરાના મહિનો અને અઠમના ત્રણ અપવાસ બેય એકસરખા. અઠમ અઠમ. એક અપવાસ ને ત્રણ અપવાસ. અઠમ કરે એ મહિનાના અપવાસ જેટલું લાગે. પહેલાંના મહિનાના અપવાસ અને અઠમ. મરી જાને. અઠમ શું, તારા મહિનાના (અપવાસ) કર તોય.

આત્મા જ્ઞાયકસ્વરૂપ ચિદાનંદ રાગનો ત્યાગકર્તા પણ નથી અને રાગનો ગ્રહણકર્તા પણ નથી. સમજાય છે કાંઈ? આવો ચૈતન્ય ભગવાન પરમેશ્વર કેવળજ્ઞાની બિરાજમાન છે એમણે જેવો આત્મા કહ્યો... એ તો કહ્યુંને? **'सव्वण्हुणाणदिट्ठो जीवो'**—ભગવાને તો તારો આત્મા જ્ઞાનમય, આનંદમય, શુદ્ધસ્વભાવ ઉપયોગમય જોયો છે. જાણવા-દેખવાના ઉપયોગમય આત્મા જોયો છે. ભગવાને તારો આત્મા રાગવાળો નથી જોયો. રાગ તો આસ્રવતત્ત્વ ભિન્ન તત્ત્વ છે. સાત તત્ત્વમાં પુણ્ય-પાપના ભાવ આસ્રવતત્ત્વ છે. શરીર, કર્મ તો અજીવતત્ત્વ છે. સમજાણું કાંઈ? એ.. ઈશ્વરચંદજી! આ શું છે? જુઓ, ત્યાં સનાવતમાં પણ ગડબડ થાય છે. ઘણી ગડબડ છે? ગડબડ છે, વાત સાચી. ભગવાન! તારે સત્ય વસ્તુ શું છે અને અસત્ય શું છે એ બેનો (ભેદ કરવો પડશે). જુઓ,

સ્વભાવની અપેક્ષાથી રાગ અસત્ય વસ્તુ છે. શું કહ્યું વળી? સ્વભાવ શુદ્ધ ચૈતન્ય જ્ઞાનમૂર્તિ સ્વભાવની અપેક્ષાથી વ્યવહાર અસત્ય છે, અસત્ય છે, અવસ્તુ છે, અપરમાર્થ છે, સ્વભાવમાં છે જ નહિ. તો રાગ ખરેખર સ્વભાવની અપેક્ષાથી અવસ્તુ છે. અવસ્તુને અહીંયા વ્યવહાર કહ્યો. એ અવસ્તુ વસ્તુમાં નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં શુદ્ધ ચિદાનંદમૂર્તિ 'સિદ્ધ સમાન સદા પદ મેરો' આવા સ્વરૂપની અંતર દૃષ્ટિ કરવી એનું નામ ભગવાન સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનમાં રાગ, વિકલ્પ, વ્યવહાર મારો એ બુદ્ધિ છૂટી ગઈ છે. ત્યારે એને સ્વભાવ સાથે એકતાબુદ્ધિ થઈ છે. ચંદુભાઈ!

**'કેવો છે વ્યવહાર?' 'अन्याश्रयः' 'अन्याश्रयः'** શું કહે છે? કે જે ધર્મ પ્રગટ થયો છે એ સ્વભાવ આશ્રયે પ્રગટ થયો છે. ધર્મ જે પ્રગટ થયો છે એ સ્વભાવ આશ્રયે પ્રગટ થયો છે અને આ વિકાર છે તે અન્ય આશ્રય છે. બે સમજાણું? જ્યારે આત્મામાં સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મ પ્રગટ થાય છે એ સ્વાશ્રયે પ્રગટે છે, ત્યારે રાગ છે તે અન્ય આશ્રયે—પરાશ્રયે પ્રગટ થાય છે. તો અન્ય આશ્રયનો અર્થ સ્વથી વિપરીત આશ્રય છે. જુઓ, અન્ય આશ્રયનો અર્થ જ ઈ કર્યો છે, **'વિપરીતપણું તે જ છે અવલંબન જેનું,...'** ભગવાન જ્ઞાનસ્વરૂપ પ્રભુ, નિજ શુદ્ધ ચૈતન્યનું અવલંબન-આશ્રય કરીને જે સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ધર્મ પ્રગટ થયો તેનાથી વિકલ્પ જે રાગ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિ પરિણામ છે, વ્યવહારરત્નત્રયના પરિણામ છે એ **'अन्याश्रयः' 'વિપરીતપણું તે જ છે...'** આહા..હા..! રાડ નાખી જાય.

વિપરીત છેને. સ્વાશ્રય અને પરાશ્રય ભિન્ન છે, બેય ભિન્ન છે. પહેલા તો કહ્યું હતુંને? જેમ પરની ક્રિયા—જીવાડું, મારું, સુખી-દુઃખી કરું એ તારા અધિકારની વાત નથી. કેમ? કે એની પર્યાય તારી પર્યાયથી ભિન્ન છે. તે જ સમયે. તે સમયે તારી પર્યાયમાં રાગ હો,

પણ એ પર્યાયથી એની પર્યાય ભિન્ન છે. એ પર્યાયથી જીવાડવું, મારવું થઈ શકતું નથી. તો ભગવાન કહે છે કે એ અધ્યવસાય છોડી દે. એકત્વબુદ્ધિ—આમ શરીરને હલાવ્યું, વાણી બોલ્યો, પરને જીવાડ્યો—છોડી દે એ બુદ્ધિ, એ મહાપાપ છે. આચાર્ય કહે છે કે એ પાપ ભગવાને બતાવ્યું, તો અમે એમ માનીએ છીએ કે '**अन्याश्रयः**' સ્વભાવનો આશ્રય છૂટીને જેટલો અન્ય આશ્રય-વિપરીત આશ્રયવાળા ભાવ થાય છે તેને ભગવાને છોડાવ્યો છે. આહા..હા..! શેઠી! શરૂઆતમાં તો રાડ નાખી જાય એવું છે, હોં! પહેલાંવહેલા જો આ સંભળાવ્યું હોય તો. વાત તો આ છે. વસ્તુ અબંધ (સ્વરૂપ છે).

બંધ અધિકારમાં આ કેમ લીધું? બંધ અધિકારમાં આ અધિકાર કેમ લીધો? કે વ્યવહારનયનો વિષય બંધનું જ કારણ છે. બંધ અધિકારમાં વ્યવહારનય લીધું અને તેનો નિષેધ કરીને અબંધ સ્વભાવનો આશ્રય કરાવ્યો છે. આહા..હા..! આટલી સ્પષ્ટ વાત છે. વ્યવહાર પરાશ્રય છે. દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ પરાશ્રય નામ પરલક્ષે ઉત્પન્ન થાય છે, તો સ્વથી વિપરીત છે. સ્વથી વિપરીત છે-સ્વના આશ્રયથી ઊલટો આશ્રય છે. તેથી જ્ઞાનીને જ્યાં સ્વાશ્રય થયો તો પરાશ્રયનો ભાવ એની પર્યાયમાં રહ્યો નહિ. સમજાય છે કાંઈ?

**શ્રોતા** :- વ્યવહારનો અર્થ ભિન્ન...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- વ્યવહારનો અર્થ નીકળે છે દોષના અર્થમાં. શું કહે છે? છે કે નહિ પણ? વાંચે છે કે નહિ? જુઓને!

કેવો છે વ્યવહાર? કોને કહેવો વ્યવહાર? કેવો છે વ્યવહાર? આ તમારા વ્યવહાર છોકરા-છોડીને પરણાવવાની વાત નથી અહીંયા. એ તો અધ્યવસાનમાં ગયું. સમજાણું કાંઈ? હું આ પરના લગ્ન કરી શકું છું, પૈસા ખર્ચી શકું છું, મારી જરી શોભા લોકમાં થાય, આવી ક્રિયા કરી શકું છું—એ તો અધ્યવસાયમાં આવી ગયું. શું કહ્યું? એ તો બે દ્રવ્ય વચ્ચે એકતાબુદ્ધિ મિથ્યાત્વ હતું એમાં આવી ગયું. એ.. પ્રવિણભાઈ! ઈ બહુ કરે છે હમણાં. શું કરે? ઓપરેશન. કુટુંબ નિયોજન વળી. અહીં તો કહે છે... ડૉક્ટર છે. ટાઢા-ઠંડા ડૉક્ટર છે. એક કોર બેસે આવીને.

કહે છે કે હું પરની ક્રિયા કરી શકું છું, ઓપરેશન કરું છું, ઈંજેક્શન દઈ શકું છું—એ તો પરદ્રવ્યની પર્યાય આ સ્વદ્રવ્યની પર્યાય કરે એવી માન્યતા અધ્યવસાય નામ મિથ્યાત્વભાવ છે. અધ્યાવસાય નામ મિથ્યાત્વભાવ છે. આચાર્ય કહે છે કે ભગવાને જ્યારે આવો અધ્યવસાય કહીને મિથ્યાત્વભાવ, પરની ક્રિયાનું એકત્વ છોડાવ્યું છે તો અમે એમ માનીએ છીએ કે પરના આશ્રયે, સ્વભાવના આશ્રય સિવાય જેટલા પરાશ્રયે ભાવ થયા એવા વ્યવહારને પણ ભગવાને નિશ્ચયદૃષ્ટિમાં છોડાવ્યો છે. સમજાણું કાંઈ? સત્ય કડક લાગે તોય આ માન્યે છૂટકો છે, જો એણે હિત કરવું હોય તો. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા** :- કડક એટલે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કડક એટલે અર..ર..ર..! હાય.. હાય...! આ તો અમારું ચાલ્યું ગયું. તારું નહોતું એ ગયું, એમ કહે છે. અરે..! અમારો વ્યવહાર ગયો. પણ વ્યવહાર તારો નથી એમ અહીં કહે છે. સાંભળ તો ખરો. વ્યવહાર તારો હોય તો ઈ છૂટીને તારો મોક્ષ ક્યારે થશે? સમજાણું કાંઈ?

અન્ય આશ્રયથી-વિપરીત આશ્રયથી ઉત્પન્ન થવાવાળા જેટલા દયા, દાન, ભક્તિ, વ્રત, તપ, જપ, સ્મરણ ભાવ હો, પણ એ વિપરીત આશ્રયવાળા છે. નિશ્ચયદૃષ્ટિમાં ભગવાને વ્યવહારનો નિષેધ કર્યો છે. એ વ્યવહાર બંધભાવ છે. તો અબંધ દૃષ્ટિવંતને અબંધ પરિણામ ઉત્પન્ન થયા છે તેમાં બંધ પરિણામનો અભાવ છે. સમજાણું કાંઈ?

**'કેવો છે વ્યવહાર?' 'अन्याश्रयः' 'अन्य' નામ 'વિપરીતપણું તે જ છે અવલંબન જેનું,...'** વ્યવહારમાં તો પરનું અવલંબન છે. નિશ્ચયમાં સ્વનું અવલંબન છે. બેની દિશામાં ફેર છે, બેના ફળમાં ફેર છે, બેયની જાતમાં ફેર છે. સમજાણું કાંઈ? આ શ્લોક તો આખા બંધ અધિકારનું માખણ છે. બંધ કોને થાય છે? કે જેણે રાગાદિ પોતાના માન્યા તેને જ બંધ થાય છે. બંધભાવ છે તે અબંધસ્વભાવ સાથે એકતા માનવાવાળાને જ બંધ થાય છે. એ વ્યવહાર જેની દૃષ્ટિમાં છૂટી ગયો, અબંધસ્વભાવી વસ્તુ દૃષ્ટિમાં આવી, બંધ છૂટી ગયો તો વ્યવહાર છૂટી ગયો. મિથ્યાત્વ છૂટી ગયું તો બંધ છૂટી ગયો. વ્યવહાર છૂટ્યો, મિથ્યાત્વ છૂટ્યું, બંધ પણ છૂટી ગયો. ઓહોહો..!

**'અવલંબન જેનું, એવો છે.'** લ્યો. વ્યવહાર કેવો છે? **'વિપરીતપણું તે જ છે...'** ક્યાં ભગવાન આત્મા અંતર અખંડ આનંદની નિધિ, એનો આશ્રય અને ક્યાં એનાથી અન્ય દ્રવ્યનો આશ્રય, સાક્ષાત્ ત્રણલોકના નાથ હો પણ એના આશ્રયે જે રાગ એ વિપરીત ભાવ છે. અમરચંદભાઈ! આહા..હા..! રાડ નાખે એવી વાત છે જગતને. અરે..! ત્રણલોકના નાથ પરમેશ્વર સમવસરણમાં બિરાજમાન, એમની વાણી નીકળતી હોય અને એના આશ્રયે રાગ ઉત્પન્ન થયો ભગવાનની ભક્તિનો, આહા..હા..! એવો વિકલ્પ વિપરીત આશ્રય છે, આત્માના સ્વભાવના આશ્રય વિનાનો પરનો આશ્રય છે. માટે વ્યવહારને ભગવાને બંધનનું કારણ જાણીને છોડાવ્યો છે. આહા..હા..! નેમિદાસભાઈ!

**શ્રોતા :-** વ્યવહારની બોલબાલા છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોની? ક્યાં બોલબોલા છે? ક્યાં છે? વ્યવહારમાં વ્યવહાર છે કે આત્મામાં છે? એમ કહે છે અહીંયા. વ્યવહાર તો વ્યવહારમાં છે. બોલબોલા હોય તો એના ઘરે રહી. આત્મામાં ક્યાં છે? એ.. ધરમચંદજી! અત્યાર સુધી તમે ગપ્પા જ ચલાવ્યા છે.

**શ્રોતા :-** વ્યવહારધર્મ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધર્મ છે જ નહિ. વ્યવહાર ધર્મ જ નથી. વ્યવહાર બંધરૂપ છે, એ ધર્મ હોઈ શકે નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? હીરાલાલજી! તમારા મિત્ર યાદ આવ્યા.

આવી વાત છે. છે પુસ્તક? રાખ્યું છે કે નહિ? હા, છે. એકલું નીતરતું સત્ય છે. પરમસત્ય! પરમસત્ય પરમેશ્વર સચ્ચિદાનંદ પ્રભુ, બસ! પરમસત્યનો આશ્રય લીધો, દર્શન થયા તો પરાશ્રિત જેટલા ભાવ છે તે બધા સમ્યગ્દૃષ્ટિને છૂટી ગયા. સમજાણું કાંઈ?

હવે પ્રશ્ન ઉઠ્યો. ત્યારે હવે આ રાગનું કારણ કોણ? આ રાગ ઉઠે છે એનું કારણ કોણ? ગોટા ઉઠે આ બે શ્લોકમાં તો. સમજાણું કાંઈ? તેમાંથી અસમાધાન કાઢે છે.

रागादयो बन्धनिदानमुक्ता-
स्ते शुद्धचिन्मात्रमहोतिरिक्ताः।
आत्मा परो वा किमु तन्निमित्त-
मिति प्रणुन्नाः पुनरेवमाहुः।।१२-१७४।।

**'ખંડાન્વય સહિત અર્થ :-'** 'पुनः एवम् आहुः' 'पुनः' **'શુદ્ધ વસ્તુસ્વરૂપનું નિરૂપણ કર્યું તોપણ ફરીને...'** આપે તો શુદ્ધ સ્વરૂપમાં વ્યવહાર નથી એમ કહ્યું. સમજાણું કાંઈ? **'ગ્રંથના કર્તા શ્રી કુંદકુંદાચાર્ય. કેવા છે?'** 'इति प्रणुन्नाः' **'જેમને આવો પ્રશ્ન નમ્ર થઈને પૂછવામાં આવ્યો છે.'** નમ્ર થઈને આચાર્ય મહારાજને આમ પૂછે છે. **'કેવો પ્રશ્ન?'** 'ते रागादयः बन्धनिदानम् उक्ताः' **'અહો સ્વામિન્! અશુદ્ધ ચેતનારૂપ છે રાગ-દ્વેષ-મોહ ઈત્યાદિ અસંખ્યાત લોકમાત્ર વિભાવપરિણામ...'** સમજાણું કાંઈ? શુભાશુભભાવ એ ભાવ અસંખ્યાત લોકપ્રમાણ ભાવ **'તે, જ્ઞાનાવરણાદિ કર્મબંધના કારણ છે એવું કહ્યું,...'** વળી કહ્યું કે શુદ્ધ ચિત્‌વસ્તુમાં નથી. વળી કહ્યું કે રાગાદિ બંધનું કારણ છે. મહારાજ! એવું **'સાંભળ્યું,...'** અમે સાંભળ્યું તો ખરું. આપે કહી એ વાત સાંભળી. મુનિ મહારાજ કુંદકુંદાચાર્ય આદિ સંતોને પૂછે છે, મહારાજ! આપે શુદ્ધ ચૈતન્યવસ્તુની વાત કરી અને રાગ બંધનું કારણ કહ્યું. તો હું પૂછું છું, એ **'સાંભળ્યું, જાણ્યું, માન્યું.'** ચાલો. ત્રણ શબ્દ લીધા છે. શિષ્ય પૂછે છે, હોં! શિષ્યની પણ આટલો પ્રશ્ન પૂછવાની તાકાત. સાંભળ્યું અને વાત ખ્યાલમાં આવી ગઈ, એમ કહે છે. તમે કહો છો અને એમને એમ વાત અદ્ધરથી જાય છે એમ નથી.

મહારાજ! શું કહો છો? એક કોર રાગ બંધનું કારણ, વળી શુદ્ધ વસ્તુમાં નથી. એ તો શું વસ્તુ છે? એ રાગની ખાણ કોણ છે? રાગની ઉત્પત્તિ ક્યાંથી થઈ? સમજાણું કાંઈ? મહારાજ! એ વાત અમે જાણી, સાંભળી, સાંભળવા પૂરતું નહિ, મારા ખ્યાલમાં પણ આવી. આપ શુદ્ધ વસ્તુમાં રાગ નથી એમ કહો છો અને રાગ બંધનું કારણ કહો છો. રાગને બંધનું કારણ કહો છો તો રાગ પોતાનો નથી અને બંધનું કારણ ક્યાંથી આવ્યું? સમજાણું કાંઈ? અને શુદ્ધ ચૈતન્યને રાગ કહો તો શુદ્ધ વસ્તુમાં રાગની તો આપ ના કહો છો કે નથી, રાગ આત્મામાં નથી. આત્મામાં નથી અને વળી રાગ બંધનું કારણ. આ શું કહો છો આપ? સમજાણું કાંઈ? એમ શિષ્યનો પ્રશ્ન છે.

એમ '**સાંભળ્યું,...**' આપે એમ કહ્યું. '**સાંભળ્યું, જાણ્યું, માન્યું. કેવા છે તે ભાવ?**' '**शुद्धचिन्मात्रमहोतिरिक्ताः**' એ પણ અમારા ખ્યાલમાં છે. તમે કહ્યું. '**શુદ્ધ જ્ઞાનેચતનામાત્ર છે જે જ્યોતિસ્વરૂપ જીવવસ્તુ,...**' ભગવાન! આપે કહ્યું કે રાગ, વિકલ્પ, દયા, દાન, વ્રતાદિના પરિણામ બંધનું કારણ છે અને ભગવાન આત્મા '**शुद्धचिन्मात्रमहोतिरिक्ताः**' એ '**શુદ્ધ જ્ઞાનચેતનામાત્ર છે જે જ્યોતિસ્વરૂપ જીવવસ્તુ, તેનાથી...**' એ રાગાદિ '**બહાર છે.**' એ આત્મામાં નથી.

'**હવે એક પ્રશ્ન હું કરું છું...**' શિષ્ય કહે છે કે એક પ્રશ્ન હું કરું છું. આપ એક કોર કહો છો, રાગ દયા, દાન, વ્રતાદિ આત્મામાં નથી અને વળી કહો છો કે શુદ્ધ ચૈતન્યમાં નથી અને બંધનું કારણ છે. સમજાણું કાંઈ? તો આ શું છે? શુદ્ધ ચેતનામાત્ર ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ '**જ્યોતિસ્વરૂપ જીવવસ્તુ,...**' જુઓ, ઈ વસ્તુ જ એ છે. એ તો ચૈતન્યજ્યોતિ જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા છે. '**તેનાથી...**' '**अतिरिक्ताः**' '**બહાર છે. હવે એક પ્રશ્ન હું કરું છું કે...**' '**तन्निमित्तम् आत्मा वा परः**' '**તે રાગ-દ્વેષ-મોહરૂપ અશુદ્ધ પરિણામોનું કારણ કોણ છે?**' ત્યારે હવે એ અશુદ્ધ પરિણામનું કારણ કોણ છે? સમજાણું કાંઈ? પ્રશ્ન આ છે, હોં! પછી જવાબ આપશે. પ્રશ્ન આ છે. શિષ્યનો પ્રશ્ન આ છે કે એક કોર શુદ્ધ ચિન્માત્ર વસ્તુથી વિકાર ભિન્ન કહ્યો અને બીજી કોર રાગને બંધનું કારણ કહ્યું. બેનું જોડાણ કેમ થયું? સમજાણું કાંઈ? બેમાં કોઈ સંધિ ન થઈ એમ મને ખ્યાલમાં આવે છે, તો પ્રભુ! એ પ્રશ્નનો ઉત્તર આપો, અશુદ્ધ પરિણામ જે પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, મોહનું મૂળ કારણ કોણ છે? '**જીવદ્રવ્ય કારણ છે કે મોહકર્મરૂપ પરિણમ્યો છે જે પુદ્‌ગલદ્રવ્યનો પિંડ તે કારણ છે?**' બે વાત શિષ્યે પૂછી.

**શ્રોતા :-** બાહ્ય કહી દીધા પછી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બહાર કીધા તો પછી બંધનું કારણ કોને થયું? રાગાદિ બહાર અને વળી શુદ્ધ ચેતનથી જુદાં અને વળી બંધનું કારણ જીવને. જીવ તો શુદ્ધ છે તો એને બંધનું કારણ કઈ રીતે થયું? રાગ આવ્યો ક્યાંથી? રાગનું મૂળ કારણ કોણ છે? બંધ અધિકાર છેને.

**શ્રોતા :-** સનાતન બંધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સનાતન એટલે? ઘણા કાળથી ચાલેલો. એણે ખુલાસો કર્યો ને, આમાં જુઓને બંધ અધિકારમાં. .... નિમિત્તકારણ આત્મા છે. નિમિત્તનો અર્થ ઉપાદાન છે, હોં! મૂળ તો. મૂળ કારણ, મૂળ કારણ. '**એવું પૂછવામાં આવતાં આચાર્ય ઉત્તર કહે છે.**' પ્રશ્ન તો ઈ છે, હોં! વ્યવહાર પછી આવ્યો છેને. વ્યવહારનો બોલ બોલી ગયાને, પછી આવ્યો છે. '**रागादयो बन्धनिदानमुक्ता**' આવ્યુંને ઈ? લ્યો, આ તકરારનો શ્લોક છે. તેનો ઉત્તર કહે છે. જીવદ્રવ્ય કારણ છે કે મોહકર્મરૂપ પરિણમ્યું એવું પુદ્‌ગલદ્રવ્ય કારણ છે?

**'એવું પૂછવામાં આવતાં આચાર્ય ઉત્તર કહે છે.'** આવા પ્રશ્નનું રૂપ સમજાણું? એક કોર શુદ્ધચૈતન્યમાત્રથી રાગ ભિન્ન. એક કોર આપ કહો છો કે રાગ બંધનું કારણ છે. શુદ્ધ ચૈતન્યમાં નથી, વળી બંધનું કારણ ક્યાંથી આવ્યું? વ્યવહાર બંધનું કારણ, રાગ બંધનું કારણ, મિથ્યાત્વ બંધનું કારણ. મિથ્યાત્વ, રાગ, વ્યવહાર આત્મદ્રવ્યમાં નથી. આત્મદ્રવ્યમાં નથી અને વળી બંધનું કારણ આત્માને લાગે. એમાં નથી અને બંધનું કારણ આવ્યું ક્યાંથી? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. અહીં પ્રશ્ન તો ઈ છે. ચૈતન્યમૂર્તિ શુદ્ધ ભગવાન વ્યવહારથી અતિરિક્ત છે, બંધભાવથી અતિરિક્ત છે, વ્યવહારથી ભિન્ન છે. વળી આપે કહ્યું કે આત્માને રાગ-વ્યવહાર બંધનું કારણ છે, તો એ રાગનું મૂળ કારણ કોણ છે? વ્યવહાર ઉત્પત્તિ જે વિકારની થાય તેનું મૂળ કારણ કોણ છે? સમજાણું કાંઈ? તેનો ઉત્તર કહે છે. લ્યો.

न जातु रागादिनिमित्तभाव-
मात्मात्मनो याति यथार्ककान्तः।
तस्मिन्निमित्तं परसङ्ग एव
वस्तुस्वभावोयमुदेति तावत्।।१३-१७५।।

**'ખંડાન્વય સહિત અર્થ :-'** 'तावत् अयम् वस्तुस्वभावः उदेति' 'तावत्' નામ **'પ્રશ્ન કર્યો હતો તેનો ઉત્તર આમ છે—'** 'अयम् वस्तुस्वभावः' **'આ વસ્તુનું સ્વરૂપ સર્વ કાળે પ્રગટ છે. કેવો છે વસ્તુનો સ્વભાવ?'** 'जातु आत्मा आत्मनः रागादिनिमित्तभावम् न याति' જુઓ, અહીં બંધ અધિકારમાં ભગવાન આત્માનો સ્વભાવ બંધ ઉત્પન્ન કરે એવો આત્માનો સ્વભાવ છે જ નહિ (એમ સિદ્ધ કરે છે). આત્મદ્રવ્ય વિભાવ ઉત્પન્ન કરે એવો દ્રવ્યનો સ્વભાવ છે જ નહિ. સમજાણું કાંઈ?

'जातु' **'કોઈ પણ કાળે જીવદ્રવ્ય'** 'आत्मनः रागादिनिमित्तभावम्' **'પોતાસંબંધી છે જે રાગ-દ્વેષ-મોહરૂપ...'** જુઓ, ભાષા પાછી આવી. પોતાસંબંધી જે પુણ્ય-પાપના ભાવ **'અશુદ્ધ પરિણામ તેમના કારણપણારૂપ પરિણમતું નથી.'** દ્રવ્યસ્વભાવ વિકારરૂપે પરિણમતો નથી, જીવદ્રવ્ય વિકારરૂપ થતું નથી. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? શુદ્ધ ઉપાદાન દ્રવ્ય છે તે વિકારરૂપ પરિણમતું નથી, ત્રણે કાળ. સમજાણું કાંઈ? બંધ અધિકાર છેને. વસ્તુ અબંધસ્વરૂપી છે. વસ્તુ-દ્રવ્ય અબંધસ્વરૂપી છે, તો અબંધસ્વરૂપી બંધભાવરૂપ થતી નથી. બંધનું કારણ અબંધસ્વરૂપ દ્રવ્ય નથી. સમજાણું કાંઈ? આહા..!

'आत्मनः रागादिनिमित्तभावम्'. ભાષા છે જુઓ, આત્માસંબંધી જે રાગ-દ્વેષ-મોહરૂપ. સમજાણું કાંઈ? **'અશુદ્ધ પરિણામ તેના કારણપણારૂપ પરિણમતું નથી.'** લોકો આમાંથી કાઢે છે, જુઓ, આત્મદ્રવ્ય બંધનું કારણ નથી. બંધનું કારણ પુદ્ગલના પરિણામ છે. માટે, પુદ્ગલને કારણે વિકાર થાય છે. સમજાય છે કાંઈ? એમ નથી. વસ્તુસ્વભાવ બંધનું કારણ

નથી, પણ પર્યાયમાં પુદ્‌ગલપરિણામનું લક્ષ કરવાથી, મમતા કરવાથી તેનું અશુદ્ધ પરિણમન--પર્યાયમાં વિકાર થાય છે. સમજાણું કાંઈ? કર્મથી નહિ, દ્રવ્યથી નહિ. આત્મદ્રવ્યથી વિકાર ઉત્પન્ન થતો નથી. આત્મદ્રવ્યથી વિકાર ઉત્પન્ન થાય તો કદી મુક્ત થાય નહિ. આત્મદ્રવ્ય વિકાર ઉત્પન્ન થવાની ખાણ છે જ નહિ. તેમ કર્મને કારણે વિકાર થાય તો પરદ્રવ્યને કારણે વિકાર ક્યાંથી આવ્યો? સમજાણું કાંઈ?

'**ભાવાર્થ આમ છે કે દ્રવ્યના પરિણામનું કારણ બે પ્રકારનું છે :**' જુઓ, છે તો પ્રશ્ન જીવનો. હવે જગતની સાધારણ વાત કરે છે. '**દ્રવ્યના પરિણામનું કારણ...**' કોઈપણ પદાર્થનું પરિણમવું—બદલવું—અવસ્થારૂપ થવું-તેના કારણના બે પ્રકાર છે. '**એક ઉપાદાનકારણ છે, એક નિમિત્તકારણ છે. ઉપાદાનકારણ એટલે દ્રવ્યમાં અંતર્ગર્ભિત છે પોતાના પરિણામ-પર્યાયરૂપ પરિણમનશક્તિ;...**' એ તો દ્રવ્યનું પરિણમન પોતાનો નિજસ્વભાવ-નિજશક્તિ છે. પરિણમવું ઈ, હોં! ઉપાદાનકારણ દ્રવ્યમાં અંતર્ગર્ભિત. બહારથી નહિ. '**પોતાના પરિણામ-પર્યાયરૂપ પરિણમનશક્તિ; તે તો જે દ્રવ્યની, તે જ દ્રવ્યમાં હોય છે એવો નિશ્ચય છે.**' જુઓ, ઘટની પર્યાય માટીમાંથી થાય છે. રોટલીની પર્યાય લોટમાંથી થાય છે. એઈ..!

**શ્રોતા :-**

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વાત ખોટી છે. જુઓ, શું કહે છે?

દરેક ઉપાદાન-દરેક વસ્તુ—દૂધમાંથી દહી થાય છે. દૂધની પર્યાય પરિણમીને પરિણમનશક્તિથી થાય છે. છાશ અંદર નાખી એટલે થયું—છાશ કહે છેને? મઠો—એમ છે જ નહિ. આંગળી ચાલે છે તો એમાં પર્યાય પરિણમવાની શક્તિ છે તેથી આંગળી ચાલે છે. ઉપાદાનકારણથી છે. તે '**પરિણામ-પર્યાયરૂપ પરિણમનશક્તિ; તે તો જે દ્રવ્યની, તે જ દ્રવ્યમાં હોય છે...**' ઈ તો તે દ્રવ્યને કારણે પરિણમનશક્તિ પરિણમે છે. ચોખા ચડે છે ઈ પાણીથી નહિ એમ કહે છે. સીઝે છેને? આ ચોખા સીઝેને? પાકા થાય છેને? કાચામાંથી પાકે છેને? શું કહે છે? સીઝે છેને? તો કહે છે, પાણીથી નહિ. તે પોતાની પરિણમનશક્તિથી સીઝે છે—ઉપાદાનકારણથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :- નહિ,** એ તો નિમિત્તકારણ. અહીં તો કહેશે, **અન્યદ્રવ્યગોચર નથી થતી.** બીજા દ્રવ્યને એ અડતી **નથી.** ગોચર **નથી** થતી એટલે અડતી **નથી.** ગોચર કહ્યુંને? **અન્ય દ્રવ્યગોચર નથી થતી,** એમ કહ્યુંને? **અન્ય દ્રવ્યની** જે પર્યાય થાય છે તે પોતાના ઉપાદાનથી થાય છે. બીજી પર્યાય એને ગોચર નથી થતી—અડતી નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** અન્યમાં પણ ક્યાં દેખવામાં આવે છે? અન્યમાં પણ ક્યાં છે?એ તો અન્યમાં છે. બીજા દ્રવ્યમાં નિમિત્તપણું છે તો એ નિમિત્તપણું બીજામાં છે. અન્ય દ્રવ્યગોચર નથી—બીજા દ્રવ્યમાં નથી જતી એમ કહે છે. સમજાણું કાંઈ?

જુઓ, આ ચટાઈ છેને? ચટાઈ. ચટાઈ પડી છે—પાથરવાની વસ્તુ. તો જ્યારે અગ્નિ આવી અને બળે છે, તો કહે છે કે એ પરમાણુ પોતાની ઉપાદાન શક્તિથી પર્યાયમાં ઉષ્ણતારૂપ બળે છે, અગ્નિથી નહિ, દિવાસળીથી નહિ. સમજાણું કાંઈ? દિવાસળીની પર્યાય આ દ્રવ્યને ગોચર નથી. બળે છે પર્યાય એમાં દિવાસળીની પર્યાયને ગોચર નામ સંબંધ નથી. એ દ્રવ્યની પર્યાયમાં જતી નથી.

**શ્રોતા :-** પ્રભાવ પાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પ્રભાવ ધૂળમાંય પાડતી નથી. શેઠી! આહા..હા..! સમજાણું કાંઈ?

આ ટોપી છેને? સરખી કરીને પહેરે છે કે નહિ? જુઓ, આ ટોપી સરખી કરીને પહેરે છે કે નહિ? જુઓ, પહોળી કરીને પહેરે છે, જુઓ, તો કહે છે કે એ પહોળી પર્યાયની ઉપાદાનશક્તિ પોતાથી થાય છે, આંગળીથી નથી થઈ. કેમકે આંગળી અન્ય દ્રવ્યને ગોચર નથી—અન્ય દ્રવ્યને અડતી નથી, એમ કહે છે. આહા..હા..! આ છે કે નહિ? ભારે સ્પષ્ટ કરી નાખ્યું છે. આહા..હા..!

**શ્રોતા :-** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** કોણે ચડી? પણ એને કારણે ચડી છે કે આ આંગળીથી ચડી? રામજીભાઈથી ચડી? ચડીનો અર્થ ત્યાં રહી છે. ત્યાં પોતાની પર્યાયથી છે, અહીંયા પણ પોતાની પર્યાયથી છે. ઈ દ્રવ્ય પોતાની પર્યાયને અડે છે.

**શ્રોતા :-** માથાને અડતી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** માથાને અડતી નથી. અન્ય દ્રવ્યગોચર નથી થતી. પુસ્તક સામે છે કે નહિ? જુઓને, આટલા તો રાખ્યા છે. બીજા ઘણા અંદર પડ્યા છે. એ ખૂણામાં પડ્યા છે. કેટલા છે? દસ-બાર પડ્યા છે. એ.. છોકરાઓ! એઈ..! બિપીન! લીધું છે કે નહિ? છે? હેઠે છે? છેલ્લી લીટી શું છે?

'**અન્ય દ્રવ્યગોચર હોતો નથી...**' શું કહે છે? '**તે તો જે દ્રવ્યની, તે જ દ્રવ્યમાં હોય છે એવો નિશ્ચય છે. નિમિત્તકારણ—**' આંગળી, પાણીને અગ્નિ, રોટલીને લોઢી... સમજાણું કાંઈ? આ બીડી પીવે છે એમાં દિવાસળી, આ આંગળીથી આમ બીડી અદ્ધર રહી છેને? તો આ આંગળી બીડીની પર્યાયમાં આંગળી નિમિત્તકારણ અન્ય દ્રવ્યગોચર નથી. અન્ય દ્રવ્યની પર્યાયને એ ગમ્ય નથી એટલે આવતી નથી. ન બેસે તો બેસાડવું. પાગલપણું કાઢવું હોય તો. સમજાણું કાંઈ? શું કહે છે જુઓ.

એ પર્યાયરૂપ પરિણમનશક્તિ. સમજાણું કાંઈ? અંતર્ગર્ભિત દ્રવ્યની પર્યાય છે ઈ. પોતાના

પરિણામ—પર્યાયરૂપ. ત્રણ તો શબ્દ લીધા છે. દરેક પદાર્થ પોતાના પરિણામ—જે વર્તમાન અવસ્થા—એ રૂપ પર્યાય—એ રૂપ પરિણમનશક્તિ. તે સમયની પરિણમનશક્તિ ત્યાં પોતાથી થાય છે. આહા..હા..! એવી યોગ્યતા એક-એક સમયની છે. આ વાત. રાડ પાડી જાય. આમાં તો બધો ખુલાસો (આવી જાય છે). ઉપાદાન-નિમિત્તનો, નિશ્ચય-વ્યવહારનો, ક્રમબદ્ધનો બધા ખુલાસા એવા સ્પષ્ટ છે. આહા..હા..! કહો, સમજાણું કાંઈ?

આ શું કરે છે? બધા માને છે, મકાન બનાવે છે. જુઓ, આ મંદિર બનાવે છે. હમણાં મલૂકચંદભાઈ બનાવવાના છે. કહે છે, ઉપાદાન અને નિમિત્ત બે કારણ. એમાં ઉપાદાનની પોતાનું પરિણમન—પોતાના પરિણામ થાય એ ગુણ છે પોતામાં. પરિણમવું એવો ગુણ એમાં છે. એ ગુણને કારણે પોતાની પર્યાય-તે સમયે પરિણમવાની શક્તિથી પરિણમે છે. સમજાણું કાંઈ? કવળ છેને? કવળ. નીચેથી રોટલીનો ટૂકડો થયો, રોટલીમાંથી આમ ટૂકડો થયો. તો કહે છે કે એ રોટલીના ટૂકડાની પર્યાયનું પરિણમન તે સમયે એવું હતું તો પોતાને કારણે ટૂકડા થયા છે. આ આંગળી એમાં પેસી નથી ગઈ. એ અન્ય દ્રવ્યને ગોચર નથી. એમાં ગમ્ય નથી, એ આંગળી અંદર પેસી નથી અને ટૂકડો થયો છે. આરે..! ભારે વાત, ભાઈ!

આવો દ્રવ્યનો સ્વભાવ ખ્યાલમાં ન આવે તો એનું જ્ઞાન તદ્દન વિપરીત છે. આત્માને નુકસાન કરનાર છે. પરસન્મુખ થઈને બહિર્મુખ દૃષ્ટિ છે. આમ માનનારો પરથી પરમાં થાય છે તો આત્મામાં પણ પરથી વિકાર થાય છે અને વિકારથી મને ધર્મ થાય છે. એવી દૃષ્ટિ સંયોગની દૃષ્ટિ પડી છે. સંયોગદૃષ્ટિ કાઢવા માટે આ વાત કરે છે. વિશેષ આવશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૫૬-૫૭
## પ્રવચન નં.૧૧૦, તા.૧૩-૦૧-૧૯૬૯
## (૧૦)

(૩૭મા કળશના ભાવાર્થમાં) છેલ્લે છેને? **'માટે વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત જે ભાવો છે...'** છે? જે પહેલા કહ્યુંને, વર્ણ, ગંધ, રસ, સ્પર્શ એ આત્મા નહિ. વર્ણથી માંડીને ગુણસ્થાન—ચૌદ ગુણસ્થાન સુધી. એ ભાવો—પર્યાયો છે. **'તેમનું સ્વરૂપ વિશેષતાથી જાણવું હોય તો ગોમ્મટસાર આદિ ગ્રંથોમાંથી જાણી લેવું.'** વિશેષ.

**'હવે શિષ્ય પૂછે છે...'** જુઓ, આ રંગ આદિ ભાવો જીવના **નથી**—રંગ આદિ, રાગાદિ, ગુણસ્થાનપર્યાયો જીવના **નથી 'તો અન્ય સિદ્ધાંતગ્રંથોમાં 'તે જીવના છે' એમ કેમ કહ્યું છે?'** બીજા ગ્રંથમાં કહ્યું છે, અહીંયા તમે નિષેધ કરો છો. ધવલ, ગોમ્મટસાર આદિમાં કહ્યું, અહીંયા નથી કહ્યું એનો શું અર્થ? જુઓ, સિદ્ધાંતગ્રંથ લખ્યું છે. સિદ્ધાંતગ્રંથ છે એમાં તો લખ્યું છે કે રંગ, રાગાદિ, વ્યવહારે શરીર પોતાનું છે, રાગાદિ પણ અશુદ્ધનિશ્ચયનયે પોતાના છે. જુઓ, કર્મ જીવ છે, એ તો વ્યવહારથી આવે. વ્યવહારથી નિમિત્ત કથન (છે). એ આવે છે. કહો. આ એનો ઉત્તર કહેવામાં આવે છે. ૫૬.

> ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया।
> गुणठाणंता भावा ण दु केई णिच्छयणयस्स।।५६।।
> **વર્ણાદિ ગુણસ્થાનાંત ભાવો જીવના વ્યવહારથી,**
> **પણ કોઈ એ ભાવો નથી આત્મા તણા નિશ્ચય થકી. ૫૬.**

**'અન્વયાર્થ :—'** એનો શબ્દાર્થ. **'આ વર્ણથી...'** વર્ણ નામ રંગ. ઈ પહેલાં ૨૯ બોલ આવ્યાને? રંગથી માંડી ગુણસ્થાન—ચૌદમા ગુણસ્થાન—પર્યંત જે પર્યાયો કહેવામાં આવ્યા છે- ભાવો નામ પર્યાય, એ **'વ્યવહારનયથી તો જીવના છે (માટે સૂત્રમાં કહ્યા છે).'** પર્યાયમાં અશુદ્ધનિશ્ચયથી રાગ-દ્વેષ, ગુણસ્થાન છે તે અપેક્ષાથી વ્યવહારથી કહ્યું છે. શરીરાદિ અસદ્ભુતવ્યવહારથી કહ્યું છે. **'પરંતુ નિશ્ચયનયના મતમાં...'** સત્યદૃષ્ટિના સ્વભાવની દૃષ્ટિમાં **'તેમનામાંના કોઈ પણ જીવના નથી.'** તેમનામાંના કોઈ પણ જીવના નથી, એમ. ગુણસ્થાનાદિ, રાગાદિ આત્મામાં નથી. આવી દૃષ્ટિ આત્મામાં કરવી એનું નામ સમ્યગ્દર્શન છે.

**'ટીકા :— અહીં, વ્યવહારનય...'** વર્તમાન કર્મના સંબંધને દેખાડવાવાળી અને કર્મના

સંબંધથી થવાવાળા ઉપાધિભાવ—પુણ્ય-પાપ, દયા, દાનાદિ—એ વ્યવહારનય '**પર્યાયાશ્રિત હોવાથી...**' ઈ ભેદ આશ્રિત છે. કર્મના નિમિત્તે અને ઉપાધિ રાગાદિની થાય છે એ પર્યાયાશ્રિત છે, વસ્તુમાં નથી. વસ્તુ ચિદાનંદ આત્મા ઉપયોગથી અધિક, એમાં ઈ નથી. વ્યવહારથી કર્મના સંબંધની ઉપાધિથી-વ્યવહારથી એટલે નિમિત્તના સંબંધથી ઉપાધિભાવને પોતાના છે એમ વ્યવહારથી કહ્યું છે.

દૃષ્ટાંત—'**સફેદ રૂનું બનેલું વસ્ત્ર...**' જુઓ, રૂ હોયને રૂ? સફેદ રૂ છે. એ રૂ કંઈ રંગીન નથી હોતું. રૂ તો સફેદ જ હોય છે. '**સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે...**' જુઓ, કસુંબાનો રંગ હોયને? કસુંબાનો રંગ હોયને. શું કહે છે તમારે કસુંબાને? કસુંબાનો રંગ સફેદ કપડા સાથે લગાવે છેને? તો કપડું તો સફેદ જ છે. એ કસુંબા વડે (રંગાયેલું છે). કસુંબા કરતાને અમારે, આ પોપટભાઈ બહુ કરતાં. પોપટભાઈ! રાતો. હજારો કસુંબાના સાડલા કરતા હોય. ખત્રી છેને ખત્રી. ખત્રી છે. .. ત્યાં રાણપુરમાં છે. હરિજન આવતો કોઈ હરિજન, નહિ? અમદાવાદથી. આખી ગાંસડી-ગાંસડી લઈ જતો. આખી આખી, હજાર હજાર. (સંવત) ૧૯૮૪ની સાલ. ૮૪. ચાલીસ વર્ષ થયા, નહિ? કેટલા? ૪૧. ચોમાસુ હતુંને ત્યારે. એક ઢેઢ—હરિજન અમદાવાદથી આવતો. જાડો, હા ઈ. આ ગાંસડી બનાવે તો ગાંસડી વેંચવા લઈ જાતો. કસુંબા, કસુંબાના સાડલા. સાડલા કહેવાય? શું કહેવાય? કહો! અપાસરો જોડે ખરોને એટલે દેખાતું હતું.

'**સફેદ રૂનું બનેલું વસ્ત્ર જે કસુંબા વડે રંગાયેલું છે એવા વસ્ત્રના ઔપાધિક ભાવ...**' જુઓ, રંગ છે ઈ તો વસ્ત્રમાં ઉપાધિભાવ છે. વસ્ત્રનો નિજભાવ છે? એનો નિજભાવ છે? રંગ-રંગ. રંગ હોય તો અંદરથી પહેલાં આવવો જોઈએ. રૂનો તો સફેદ જ સ્વભાવ છે. એ વસ્ત્રનો ઔપાધિક પર્યાય—લાલ રંગ. લ્યો, લાલ રંગ લખ્યું છે લ્યો. '**વસ્ત્રના ઔપાધિક ભાવ (—લાલ રંગ)ની જેમ, પુદ્ગલના સંયોગવશે...**' જુઓ, જેમ સફેદ રૂમાં કસુંબાના રંગથી જે ઉપાધિભાવ લાગે છે તે વ્યવહાર છે. સંયોગથી થયેલો વ્યવહાર છે. વસ્ત્રનો સ્વભાવ નથી. એમ ભગવાન આત્માનો સફેદ—એ તો નિર્મળાનંદ ઉપયોગ શુદ્ધ ચૈતન્યમૂર્તિ છે. એને પુદ્ગલના સંયોગવશે—કર્મના પુદ્ગલના તાબે—વશે થઈને '**અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે...**' કર્મના સંબંધમાં રાગાદિ છે તે પ્રસિદ્ધ છે—બંધપર્યાય. રાગ-દ્વેષ, પુણ્ય-પાપ, કામ, ક્રોધાદિ જેટલા ભાવ કહ્યાને? ૨૯ ભાવ બંધપર્યાયના આશ્રયે પ્રસિદ્ધ છે.

'**એવા જીવના ઔપાધિકભાવ (—વર્ણાદિકને) અવલંબીને...**' જુઓ, રંગને પણ ઔપાધિકભાવ કહ્યો અને રાગને પણ ઔપાધિકભાવ કહ્યું. ક્યો રંગ?

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ નહિ. જીવમાં વર્ણ-રંગ. પહેલાં વર્ણ આવ્યું હતુંને? વર્ણ. નહિ? વર્ણ આત્મામાં નથી, ગંધ નથી, રસ નથી.

જેમ વસ્ત્રમાં કસુંબાનો રંગ એ ઉપાધિભાવ છે, એમ આત્મામાં રંગ, ગંધ, રસ, સ્પર્શ અને રાગ-દ્વેષ, પુણ્ય-પાપના ભાવ ઉપાધિભાવ છે, પોતાનો સ્વભાવ નથી. '**પુદ્ગલના સંયોગવશે અનાદિ કાળથી જેનો બંધપર્યાય પ્રસિદ્ધ છે એવા જીવના ઔપાધિક ભાવ (—વર્ણાદિક)ને અવલંબીને પ્રવર્તતો થકો...**' ઉપાધિભાવને અવલંબીને વ્યવહારનય પ્રવર્તે છે. જેમ સફેદ કપડામાં રંગ નથી, એ રંગ ઉપાધિભાવથી છે, એમ ભગવાન આત્મા જ્ઞાનમૂર્તિ ચૈતન્ય ઉપયોગુણ અધિક એવો પોતાનો સ્વભાવ તો શુદ્ધ છે, નિર્મળ છે, વીતરાગ છે. એમાં જે રંગ, ગંધ અને રાગ-દ્વેષના પર્યાય—ઉપાધિ દેખાય છે એ '**જીવના ઔપાધિક ભાવ (—વર્ણાદિક)ને અવલંબીને પ્રવર્તતો થકો...**' વ્યવહાર બીજાના ભાવને બીજાનો કહે છે. છે બીજાના, પોતાના નથી. કહો, બરાબર છે? વસ્ત્રમાં રંગ કસુંબાનો રંગ છે, વસ્ત્રનો નહિ; એમ આત્મામાં પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, વિકલ્પ ગુણસ્થાન, માર્ગણાસ્થાન, બધા ઉપાધિ ભેદ પોતાનો સ્વભાવ નથી, બીજાના ભાવ છે એમ કહે છે. જુઓ, બીજાના ભાવને બીજાનો કહેવો એનું નામ વ્યવહારનય છે. અન્યના ભાવને અન્યના કહેવા. છે પુદ્ગલના ભાવ, એને જીવના કહેવા, એમ અહીંયા કહે છે. ઉપાધિભાવ. દયા, દાન, વ્રત, કામ, ક્રોધ ભાવ એ ઉપાધિભાવ છે, એ પુદ્ગલના પર્યાય છે, જીવના કહેવા એ વ્યવહાર છે એમ કહે છે. આહા..હા..!

ચૈતન્ય-સફ્ટિક, ચૈતન્ય-સ્ફટિક નિર્મળાનંદ ભગવાન તો આત્મા છે. સફેદ રૂ જેવો. પર્યાયમાં અનાદિ કર્મના બંધ વશે જે રાગાદિ, રંગ આદિ દેખાય છે એ ઉપાધિ પર્યાય પરની છે. જેમ રંગ, ગંધ, રસ, સ્પર્શ પરના છે, એમ પુણ્ય-પાપ, રાગ-દ્વેષ પરના છે એમ કહે છે. સમજાણું કાંઈ? '**બીજાના ભાવને બીજાનો કહે છે...**' જુઓ, પુત્ર હોય કોઈનો અને કહે કે અમારો પુત્ર છે. કહે છેને?

**શ્રોતા** :- દીકરાનો દીકરો હોય તો એમ કહે મારો છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એમ કહે. કહો, સમજાણું કાંઈ? પુત્ર પોતાનો છે જ નહિ.

**શ્રોતા** :— ક્યારે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અત્યારે, ક્યારે શું? રાગ પોતાનો નથી ત્યાં વળી પુત્ર ક્યાંથી પોતાનો થયો. એ તો બહાર રહી ગયો. સમજાણું કાંઈ? દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના વિકલ્પ ઉઠે છે—રાગ, એ ઉપાધિવશે પોતામાં નથી એવો રંગ ચઢી ગયો છે. રાગનો રંગ ચડ્યો છે, એ પર—પુદ્ગલનો પર્યાય છે, પોતાનો નથી, એમ કહે છે. કહો, સમજાણું કાંઈ? જો એનામાં હોય તો કદી નીકળે નહિ, તો ક્યારેય પરમાત્મા કે વીતરાગ થઈ શકે નહિ. એના છે જ નહિ એમ કહે છે. એના હોય તો એમાં રહે, નીકળે નહિ. એ તો નીકળી જાય છે. રાગ-દ્વેષ વિકલ્પ રહે છે એ તો છૂટી જાય છે. સમજ્યા? પૈસા આમાં ક્યાંય આવ્યા નહિ. આવ્યું હશે ક્યાંય? બહાર ખરાને. એનું ન આવ્યું. એની સાથે સંબંધવાળો જીવ હતો એટલું આવ્યું. વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, શરીર.

**શ્રોતા :—** સ્પર્શ, રસ, ગંધ, વર્ણમાં આવી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એની નજીકનું છે અહીં બધું. પેલા બહાર રહી ગયા. એ એનું છે નહિ કાંઈ. શું કહ્યું?

વ્યવહારનય પર્યાય નામ નિમિત્તાધીન જે ઉપાધિ થાય છે તેના આશ્રયે વ્યવહારનય પ્રવર્તે છે. તે વ્યવહારનય બીજાના ભાવને બીજાનો કહે છે, એવું વ્યવહારનું લખણ છે. વ્યવહારનું લક્ષણ ઈ છે, લ્યો. લખણ એટલે. વ્યવહારનયનું લખણ. નથી કહેતા કે આના લખણ આવા છે? શેઠી! વ્યવહારનય નામ ઉપાધિના ભાવને પોતાના કહેવા, પરને પોતાના કહેવા એ વ્યવહારનયનું લક્ષણ છે. ઓહો..હો..! સમજાણું કાંઈ?

'**બીજાના ભાવને બીજાનો કહે છે;...**' એ વ્યવહારનયનું લક્ષણ છે. જુઓ, '**નિશ્ચયનય...**' યથાર્થ સત્યાર્થ દૃષ્ટિ '**દ્રવ્યના આશ્રયે હોવાથી...**' નિશ્ચય તો સ્વદ્રવ્ય સ્વસ્વભાવ—પોતાનો સ્વસ્વભાવ. દ્રવ્યના આશ્રયે ભાવ ઉત્પન્ન થયા, બધું એક જ છે. '**દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો,...**' જુઓ, યથાર્થ સત્ય નય જે છે અને એ સત્ય નયનો વિષય જે છે એ બેય એક જ છે. '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને...**' ઉપયોગ જ્ઞાતા-દૃષ્ટા શુદ્ધ આનંદાદિ જે પોતાના ભાવ. એક જીવના સ્વાભાવિક ભાવ. સ્વાભાવિક ભાવ, જુઓ, પેલા ઉપાધિ ભાવ હતા, આ સ્વાભાવિક ભાવ છે. પર્યાય વ્યવહાર આશ્રિત હતી, આ નિશ્ચય દ્રવ્ય આશ્રિત છે. વ્યવહાર પરનું અવલંબન કરીને કહેતો હતો, આ સ્વનું અવલંબન કરે છે. જીવના સ્વાભાવિક ભાવ. જુઓ, ત્રિકાળી ભાવ લીધો. જીવના એટલે જીવનો એમ ન લીધું. દ્રવ્યના આશ્રયે થતા હોવાથી એમ લીધું પહેલાં. '**દ્રવ્યના આશ્રયે હોવાથી, કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને...**' એમ. ભાવના ભેદ પાડ્યા. સમજ્યા?

વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી પરના ભાવને પરનો કહે છે, એટલું. નિશ્ચય દ્રવ્યના આશ્રિત હોવાથી. પોતાનું દ્રવ્ય—વસ્તુ જે શુદ્ધ ચિદાનંદ કંદ છે તેના આશ્રયે હોવાથી કેવળ એક, '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને પ્રવર્તતો થકો, બીજાના ભાવને જરા પણ બીજાનો નથી કહેતો,...**' રાગાદિ વિકલ્પ જે ઉઠે છે એ બીજાના છે. તેને નિશ્ચયનય પોતાના નથી કહેતો. જુઓ, બે નયોમાં વિરોધ છે. બે નયનો વિષય વિરોધ થઈ ગયો. સમજાણું કાંઈ? વ્યવહારનય છે એમ જાણવાલાયક રહ્યો. પોતાના છે એમ જાણવું નહિ. જીવનો સ્વભાવ જે પોતાનો છે—શુદ્ધ જ્ઞાનાનંદ સ્વભાવ, રાગથી ભિન્ન, વિકલ્પથી ભિન્ન, એક સમયની અવસ્થા જેવડો નહિ, કાયમી ત્રિકાળી ચૈતન્યસ્વભાવના આશ્રયે-અવલંબનથી કહેતો થકો, પ્રવર્તતો થકો નિશ્ચયનય—સાચી દૃષ્ટિ બીજાના ભાવને બીજાના કહેતો નથી. કહો, સમજાણું કાંઈ? છે કે નહિ? એમાં નીકળ્યું કે નહિ? શું લખ્યું છે? નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે પ્રવર્તે છે તો દ્રવ્યનો શું અર્થ અને ભાવનો અર્થ—બે આવ્યા. શું અર્થ છે એમાં? શું સમજ્યા?

પકડતા નથી. ઉપરથી જાય છે.

જુઓ, '**નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી...**' પહેલાં દ્રવ્ય લીધું. દ્રવ્યના આશ્રયે હોવાથી '**કેવળ એક જીવના સ્વાભાવિક ભાવને અવલંબીને...**' એમ લીધું. સ્વદ્રવ્યને અવલંબીને કહેનારું જ્ઞાન તે પોતાના ત્રિકાળી સ્વભાવના આશ્રયે પ્રગટ થાય છે. આહા..! સમજાણું કાંઈ? આ તો ઉપાધિભાવ કહ્યો છેને. તો આ નિરુપાધિભાવ એવો સ્વભાવ એમ લીધું. બેય ભાવ લીધા, ભાવ. વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી ઉપાધિભાવને કહે છે અને નિશ્ચયનય દ્રવ્યના આશ્રયે હોવાથી સ્વાભાવિકભાવને અવલંબીને પ્રવર્તે છે એમ કહ્યું, સમજાણું કાંઈ? થોડો ફેર નથી, અંદર બહુ સમજવાની વસ્તુ છે ઈ. એમને એમ લાગે કે આ તો ઈનું ઈ છે, એમ નથી. બહુ ફેર છે.

ભગવાન આત્મામાં રાગાદિ, પુણ્યાદિના જે શુભ-અશુભ વિકલ્પ છે એ ઉપાધિભાવ છે, ઉપાધિની પર્યાય છે. ભાવ નામ પર્યાય છે. વ્યવહારનય પર્યાયાશ્રિત હોવાથી છે પરના (ભાવ) છતાં આત્માના છે એમ કહે છે. નિશ્ચયનય વસ્તુની યથાર્થ દૃષ્ટિનો વિષય અથવા યથાર્થ નયજ્ઞાન સ્વદ્રવ્યના આશ્રયે હોવાથી કેવળ એક, કેવળ એક જીવના સ્વભાવના આશ્રયથી--અવલંબનથી પ્રવર્તતો થકો નિશ્ચયનય, બીજાના રાગના ભાવને પોતાના છે એમ કહેતો નથી. કહો, સમજાણું કાંઈ? ઈ યથાર્થ છે. બરાબર છે?

'**બીજાના ભાવને...**' એટલે બીજાની પર્યાયને એમ લેવું. સમજાણું કાંઈ? જીવના ઔપાધિક પર્યાયને અવલંબીને પ્રવર્તતો વ્યવહાર અને નિશ્ચય બીજાની પર્યાયને જરા પણ પોતાની પર્યાય નથી કહેતો. સમજાણું કાંઈ? ક્યાં આવ્યું ઈ? સ્વાભાવિકભાવ, સ્વભાવિક ભાવ—ત્રિકાળીભાવ તેને આશ્રયે પ્રવર્તતો બીજાના ભાવને નામ બીજાની પર્યાયને બીજાની પર્યાય કહેતો નથી. '**નિષેધ કરે છે.**' લ્યો. નિષેધ કરે છે કે નહિ, રાગ મારો નહિ, પુણ્ય મારું નહિ. હું તો જ્ઞાયક ચિદાનંદ છું. સમજાણું કાંઈ? ધર્મીની દૃષ્ટિ પોતાના જીવ—શુદ્ધ સ્વભાવ ઉપર છે. ધર્મીની દૃષ્ટિ પોતાના શુદ્ધ સ્વભાવ ઉપર છે તો રાગનો નિષેધ કરે છે કે રાગ મારામાં નથી. એમ કહે છે. વ્યવહાર મારામાં છે જ નહિ એમ કહે છે, લ્યો. ક્યો વ્યવહાર? વ્યવહારરત્નત્રય કહે છેને? દયા, દાન, ભક્તિ, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, પંચમહાવ્રતના પરિણામ... કહો, સમજાણું કાંઈ? અને દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા, નવ તત્ત્વના ભેદની શ્રદ્ધા એ બધો રાગ છે. એ રાગની પર્યાય છે. નિશ્ચયનય એ પર્યાય પોતાની છે એમ કહેતો નથી. જરા પણ નથી કહેતો, જુઓ,

અંતર્મુખ સ્વભાવના અવલંબનથી જોવાવાળી નય પરને પોતાનું બિલકુલ માનતો નથી, પોતામાં લાવતો નથી અને પરને પોતામાં કહેતો નથી. એનો અર્થ પરના વિકલ્પ ભાવને પોતાના સ્વભાવમાં લાવતો નથી. નિષેધ કરે છે. પોતાના સ્વભાવથી રાગ ભિન્ન છે એમ સમ્યક્જ્ઞાન, સમ્યક્નય રાગનો નિષેધ કરે છે. પોતાના સ્વભાવમાં ઈ નથી. સ્વભાવમાં નથી.

જે નથી તેનો નિષેધ કરે છે. એ ભાવ પોતાનો છે એમ એ કહેતો નથી, એમ જાણતો નથી, એમ અનુભવતો નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

'**નિષેધ કરે છે.**' કહેતો નથી ત્યાં સુધી નહિ. સમજાણું કાંઈ? ત્યાં એટલું હતું, '**બીજાના ભાવને બીજાનો કહે છે;...**' વ્યવહારમાં એટલું (હતું). બસ. અહીં તો કહેતો નથી અને નિષેધ કરે છે. ઉપરાંત કહ્યું. એટલું વિશેષ લીધું. સમજાણું કાંઈ? વ્યવહાર કહે છે કે રાગ મારો છે, રાગ મારો છે. નિશ્ચય કહે છે કે રાગ મારો નથી. એટલેથી નહિ, નિષેધ કરે છે, નહિ. મારે રાગની સાથે કાંઈ સંબંધ નથી. વ્યવહારનયનો સંબંધ મારી સાથે છે જ નહિ. તો આ બધા નાતીલા ને સંબંધ ને એ ક્યાંના? અહીં નથી, બહાર છે. શોભાલાલજી!

**શ્રોતા :—** સ્વાધ્યાય મંદિરની ચાર દિવાલોમાં નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ અમારે લીલાધરભાઈ કહેતા હતા. લીલાધરભાઈ. આ ચાર દિવાલમાં પુણ્ય ધર્મ નથી, એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે ઈ અહીંયા નહિ. બહાર કાઢો. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કરે છે! '**ववहारेण दु एदे जीवस्स हवंति वण्णमादीया। गुणठाणंता भावा**'. લ્યો, ઠીક. '**ण दु केई णिच्छयणयस्स**' જુઓ, આવ્યુંને? '**ण दु केई णिच्छयणयस्स**'. નિષેધ થઈ ગયો. નથી કોઈ. એટલે એમાં નિષેધ પણ આવી ગયો. સમજાણું કાંઈ? આહા..હા..! હવે આમાં પુત્ર, પુત્રી, પત્ની ને ફલાણા ને ઢીકણા કંઈ આવ્યું નહિ. પત-બત આવી નહિ કાંઈ. સમજાણું કાંઈ? પત સમજો છો? આ ક્ષય રોગ થાય છેને? પત થાય છે. એને પત કહે છે અમારે. આપણે શું કહે છે? ક્ષય શું? આ સડે. આંગળા સડે. કોઢ કોઢ. કોઢ થાયને? એને પત કહે છે પત. રક્તપિત્ત થાય છે. આ સડી જાય. આંગળા ગળી જાય. એને પત કહે છે—કોઢને. સમજાણું કાંઈ? એમ આત્મામાં પતિ-પત્નીનો પત છે જ નહિ, એમ કહે છે. એ રોગ કોઢ છે. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વાત, ભાઈ!

'**માટે વર્ણથી માંડીને ગુણસ્થાન પર્યંત...**' આવ્યા હતાને ૨૯ બોલ. પહેલો રંગ હતો અને છેલ્લો ગુણસ્થાન હતો. જે પર્યાય છે, પર્યાય છે, અસ્તિત્વ છે. '**તે વ્યવહારથી જીવના છે અને નિશ્ચયથી જીવના નથી એવું (ભગવાનનું સ્યાદ્વાદવાળું) કથન યોગ્ય છે.**' જુઓ, છે એટલું, હોં! ઈ લાભદાયક છે ઈ પ્રશ્ન નથી. માણસને ઈ રહે છે. ભગવાન કહે છે કે વ્યવહાર છે. છે ઈ બરાબર છે. વ્યવહાર છે ઈ બરાબર છે, નિશ્ચય છે ઈ બરાબર છે, પણ વ્યવહાર લાભદાયક છે એમ બિલકુલ નથી. સમજાણું કાંઈ? વ્યવહાર નથી એમ કહે તો એકલો નિશ્ચયાભાસ છે.

**શ્રોતા :—** લુગડામાં લાલ રંગ હોય તો રૂપાળું લાગે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ રૂપાળું કહેવાય? રંગ લાગે ઈ રૂપાળું કહેવાય? રૂપાળું—ધોળું એ રૂપાળું કહેવાય? એનો મૂળ રંગ એ રૂપાળો છે. દુનિયાને આ રંગ (રૂપાળો) લાગે

છે. રંગવાળું વધારે લાગે. મૂળ તો સફેદ કપડું છે. એનો મૂળ રંગ તો સફેદ છે—ધોળો છે. મૂળ સ્વભાવ હોય તો એમાંથી નીકળવો જોઈએ. કપાસમાં તો અંદરથી સફેદાઈ નીકળે છે. એમાં તો સફેદાઈ નીકળે છે. સમજાણું કાંઈ? પહેલાં તો સફેદ કપડાને પસંદ વધારે કરતાં, હોં! આ બધું ફાર હવે વધી ગઈ. મોટા-મોટા રાજા હોય તો ધોળા—સફેદ (કપડા પહેરે). બેસવાના હાથી, ઘોડાગાડી એવું હતું. આ હવે મોટર અને રંગબેરંગી સાફા.

'(**ભગવાનનું સ્યાદ્વાદવાળું**)' જોયુંને? '**એવું કથન યોગ્ય છે.**' એમ કહે છે. સમજ્યાને? '**सन्तीति युक्ता प्रज्ञप्तिः**' આ રીતે વ્યવહારથી છે, નિશ્ચયથી નહિ. પણ એનો અર્થ ઈ નથી કે વ્યવહારથી છે એટલે સાચું છે અને નિશ્ચય છે તે નિશ્ચયથી એને ખોટું કહે છે. તો નિશ્ચય ખોટું કહે છે એટલે પર્યાયમાં છે જ નહિ એમ નહિ. પર્યાયમાં છે. વ્યવહારથી છે તે સત્ય છે. વ્યવહારથી સત્ય છે. વ્યવહારથી સત્ય છે, નિશ્ચયથી જૂઠું છે એમ કહે છે. સમજાણું કાંઈ? વસ્ત્રમાં રંગ છે એ વ્યવહારથી છે, નિશ્ચયથી નહિ. વ્યવહારથી સત્ય છે. વ્યવહારથી સત્ય છે એનો અર્થ એટલી ચીજ છે એટલું. સમજાણું કાંઈ? આત્મામાં આદરણીય છે, લાભદાયક છે એમ નથી. આહા..હા..! એ પર્યાયાશ્રિત લીધું છે. સમજ્યાને? નિશ્ચયને દ્રવ્યાશ્રિત લીધું. ત્યાં પરાશ્રિત અને સ્વાશ્રિત એમ લેશે. ૭૨માં. પરાશ્રિત વ્યવહારનય, સ્વાશ્રિત (નિશ્ચય). ૨૭૨ (ગાથામાં).

'**હવે વળી પૂછે છે...**' મહારાજ! '**વર્ણાદિક નિશ્ચયથી જીવના કેમ નથી તેનું કારણ કહો.**' લ્યો. એનું કોઈ કારણ બતાવો, હેતુ બતાવો, દૃષ્ટાંત સિદ્ધ કરીને અમને બતાવો એમ કહે છે. એ રાગાદિ પોતાના નથી એનો કોઈ હેતુ બતાવીને અમને સિદ્ધ કરી દો એમ કહે છે. બરાબર છે કે નહિ? ૫૭.

**एदेहिं य संबंधो जहेव खीरोदयं मुणेदव्वो।**
**ण य होंति तस्स ताणि दु उवओगगुणाधिगो जम्हा।।५७।।**
**આ ભાવ સહ સંબંધ જીવનો ક્ષીરનીરવત્ જાણવો,**
**ઉપયોગગુણથી અધિક તેથી જીવના નહિ ભાવ કો. ૫૭.**

'**અન્વયાર્થ :- આ વર્ણાદિક ભાવો સાથે જીવનો સંબંધ જળને અને દૂધને એકક્ષેત્રાવગાહરૂપ સંયોગસંબંધ છે...**' ભાષા જુઓ, જળ અને દૂધ એક ક્ષેત્રમાં વ્યાપી રહ્યા છે—એક જગ્યાએ રહ્યા છે, એક ભાવરૂપ નહિ. સમજાણું કાંઈ? એ ખુલાસો અંદર આવશે એટલે અહીં નાખ્યું છે. '**क्षीरोदकं यथा एव**'. દૂધ અને જળને એકક્ષેત્રાવગાહ સંબંધ છે. '**અને તેઓ જીવના નથી કારણ કે જીવ...**' એક વાત. સંયોગ ક્ષેત્ર સંબંધ છે અને ભાવ એનો નથી. '**તેમનાથી ઉપયોગગુણે અધિક છે...**' જાણવા-દેખવાના ગુણથી પોતાના સ્વભાવને પકડે છે તો એ રાગથી ભિન્ન આત્મા છે. સમજાણું કાંઈ? ઉપયોગગુણથી જાણન-દેખન ભાવથી—જાણન-દેખન ભાવથી આત્માનો અનુભવ કરે છે, ઉપયોગને પકડે

છે, ઉપયોગ દ્વારા આત્માને પકડે છે તો રાગાદિ ભિન્ન રહી જાય છે. તો રાગથી ઉપયોગગુણથી અધિક આત્મા ભિન્ન છે. સમજાણું કાંઈ?

ફરીથી. ઈ આવ્યું, જુઓ, એમાં આવશે. '**જેમ—જળમિશ્રિત દૂધનો,...**' જુઓ પહેલાં. દૂધ પણ છે અને પાણી પણ સાથે છે. જળ છે અને દૂધ છે, પાણી અને દૂધ. '**જળ સાથે પરસ્પર અવગાહરૂપ સંબંધ હોવા છતાં...**' શું કહે છે? દૂધ અને જળ, એ પરસ્પર એક ક્ષેત્રમાં રહેવા છતાં, એક જગ્યામાં રહેવા છતાં, એક ક્ષેત્રે—એક ક્ષેત્રમાં વ્યાપકપણે એક જગ્યાએ હોવા છતાં '**સ્વલક્ષણભૂત જે દૂધપણું-ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે...**' શું કહે છે? દૂધનો દૂધપણું ગુણ છે. દૂધનો દૂધપણું ગુણ છે. દૂધ છેને? સ્વલક્ષણભૂત દૂધપણું. તો એ ગુણ લીધો. દૂધનો ગુણ દૂધપણું. સફેદાઈ, મીઠાશ. સમજાણું કાંઈ? દૂધ છે એ દૂધનો ગુણ શું? દૂધપણું. દૂધપણાનો અર્થ શું? સફેદાઈપણું અને મીઠાશપણું. એ દૂધનું દૂધપણું છે. સમજાણું કાંઈ? દૂધનું દૂધપણું શું? સફેદાઈ અને મીઠાશ એ દૂધનું દૂધપણું છે.

'**સ્વલક્ષણભૂત જે દૂધપણું...**' જુઓ, એનું લક્ષણ. '**ગુણ તે વડે વ્યાપ્ત હોવાને લીધે...**' કોણ? દૂધ. દૂધ પોતાનો સ્વલક્ષણભૂત દૂધપણું ગુણ. મીઠાશ ગુણ, સફેદાઈ ગુણ એ વડે વ્યાપ્ત નામ પ્રસરીને રહેલું દૂધ '**જળથી અધિકપણે પ્રતીત થાય છે;...**' જળથી દૂધપણાની મીઠાશપણાના ગુણ દ્વારા, જળથી અધિકપણે દૂધના દુધપણા દ્વારા દૂધ પ્રત્યક્ષ પરથી ભિન્ન—અધિકપણે દેખાય છે. '**અધિકપણે પ્રતીત થાય છે;...**' જુઓ, બરાબર છે? દૂધ અને જળ એકસાથે એક ક્ષેત્રમાં રહેવા છતાં દૂધનો દૂધપણાના સ્વલક્ષણભૂત એનો ગુણ છે. દૂધનો સ્વલક્ષણભૂત ગુણ શું? દૂધપણું. મીઠાશ, મીઠાશ અને સફેદાઈ. સમજ્યા? સફેદાઈ. જ્ઞાન અને આનંદ ગુણ. જ્ઞાન અને આનંદ. અહીં સફેદાઈ લીધી, ત્યાં ઉપયોગગુણ લેશે. સમજાણું કાંઈ? દૂધનું દૂધપણું સફેદાઈ દ્વારા વ્યાપ્ત હોવાથી '**દૂધ જળથી અધિકપણે પ્રતીત થાય છે;...**' દૂધ જળથી ભિન્ન—અધિકપણે જુદું જ્ઞાનમાં ખ્યાલમાં આવે છે. બરાબર છે?

'**તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે...**' જેમ અગ્નિ અને ઉષ્ણતા, અગ્નિ અને ઉષ્ણતા બેનો સંબંધ છે. અગ્નિનો ઉષ્ણતા સાથે સંબંધ છે, તાદાત્મ્યસંબંધ, તાદાત્મ્યસ્વરૂપસંબંધ. '**તેવો જળ સાથે દૂધનો સંબંધ નહિ હોવાથી,...**' કારણ આપો એમ કહ્યું હતું કે કારણ આપો. આત્મામાં રાગાદિ નથી અને આત્મા ભિન્ન છે એનો હેતુ કહો. તો કહ્યું જુઓ. દૂધ અને જળ એકસાથે દેખાય છે, ક્ષેત્રમાં એકસાથે (દેખાય છે). છતાં દૂધની દૂધપણાની સફેદાઈથી દૂધ ભિન્ન દેખાય છે. જળથી અધિક—ભિન્ન જુદું પ્રતીત થાય છે. જુઓ, અને અગ્નિનો અને ઉષ્ણતા સાથે સંબંધ છે તેવો જળ સાથે સંબંધ નથી. બરાબર છે? અગ્નિનો ઉષ્ણતા સાથે સંબંધ છે, તેવો જળનો દૂધ સાથે સંબંધ નથી. દૂધ સાથે દૂધપણાનો તાદાત્મ્યસંબંધ છે. દૂધનો દૂધપણાના ભાવની સાથે તાદાત્મ્ય સંબંધ છે. જળની સાથે તાદાત્મ્યસંબંધ નથી. અગ્નિ અને ઉષ્ણતા એકરૂપ છે એમ જળ અને દૂધ એક

નથી.

એમ ભગવાન આત્મા... અહીંયા તો હવે આત્મામાં લેવું છે. '**તેવી રીતે—વર્ણાદિક પુદ્ગલદ્રવ્યના પરિણામો સાથે મિશ્રિત...**' આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ, જેમ દૂધનું દૂધપણું છે એમ ભગવાન આત્માનું જ્ઞાનાનંદપણું, જ્ઞાનોપયોગપણું, એની સાથે રાગ, પુણ્ય, દયા, દાન, વ્રત આદિ પુદ્ગલદ્રવ્યની પર્યાય સાથે મિશ્રિત... સમજાણું કાંઈ? એક જગ્યાએ દેખાય છે. '**આ આત્માનો, પુદ્ગલદ્રવ્ય સાથે પરસ્પર અવગાહસ્વરૂપસંબંધ હોવા છતાં...**' ભાષા જુઓ. જેમ દૂધનો દૂધપણાની સાથે, જળનો સંબંધ અગ્નિ અને ઉષ્ણતાવત્ નથી. છે? એમ ભગવાન આત્મા જ્ઞાનાનંદસ્વભાવ, એ પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રત, ભક્તિ આદિના ભાવ એ, જેમ દૂધમાં જળનો ક્ષેત્રસંબંધ છે, એક જગ્યાએ અવગાહન સંબંધ છે, એમ ભગવાન આત્માની સાથે એ પુણ્ય, દયા, દાન, વ્રત, ભક્તિના શુભાશુભ પરિણામ એક જગ્યાએ રહેવાનો ક્ષેત્રનો અવગાહસ્વરૂપ સંબંધ છે, એકરૂપ ભાવસંબંધ નથી. આહા..હા..! સમજાણું કાંઈ?

(શિષ્યએ કહ્યું હતું), કારણ બતાવો. આ કારણ. જુઓ, બાળકને પણ સમજાય એવી વસ્તુ છે. ભગવાન આત્મા... આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ (છે). દૂધનું દૂધપણું તો સફેદાઈ સ્વરૂપ છે. એનો તાદાત્મ્યસંબંધ સફેદાઈ સ્વભાવ દૂધ સાથે તદ્રૂપ સંબંધ છે. જેમ અગ્નિનો ઉષ્ણતાનો સંબંધ છે એમ દૂધનો દૂધપણાની સાથે તાદાત્મ્યસંબંધ છે. પણ જેમ દૂધ અને જળનો સંબંધ ભિન્ન છે, એકક્ષેત્રાવગાહ રહ્યા છે, એક છે નહિ. કેમકે દૂધનો દૂધપણાથી ભિન્ન—અધિક પ્રતીતિમાં આવતો નથી, એમ આત્મામાં એક જગ્યાએ—એક ક્ષેત્રે રહેવાવાળા પુણ્ય-પાપ, રાગ-દ્વેષ, દયા, દાનના વિકલ્પ એક જગ્યાએ રહે છે; છતાં જળ અને દૂધ એક નથી, એમ પુદ્ગલપર્યાય રાગાદિ અને આત્મા એક નથી. જુઓ, અવગાહ લીધું. ત્યાં લીધું છેને, ૬૯-૭૦ કર્તાકર્મમાં. સંયોગસંબંધ છે. અહીં એકક્ષેત્રાવગાહ સંબંધ છે એમ કહ્યું. આહા..હા..! ત્યાં સંયોગસંબંધ કહ્યું છે. પુણ્ય-પાપનો સંયોગ સાથે સંબંધ છે, સ્વભાવભાવ સાથે સંબંધ છે જ નહિ. અહીં એકક્ષેત્રાવગાહ કહ્યું, જુઓ, ઓહો..હો..!

ચૈતન્ય સ્ફટિકરત્ન ભગવાન, આત્મા તો ચૈતન્ય જ્ઞાનાનંદ શુદ્ધભાવથી રાગથી ભિન્ન અધિક પ્રતીત થાય છે. ભગવાન આત્મા જ્ઞાનગુણથી, જેમ દૂધપણાથી જળથી ભિન્ન પ્રતીત થાય છે, એમ ભગવાન આત્મા પોતાના જ્ઞાનગુણથી પુણ્ય-પાપના રાગથી ભિન્ન પ્રતીત થાય છે. એક જગ્યાએ હો, એકક્ષેત્રાવગાહ હો. દૂધ અને જળ એક જગ્યાએ હો, પણ એક ભાવરૂપ નથી; એમ આત્મા અને પુણ્ય-પાપના ભાવ એક જગ્યાએ હો—એક ક્ષેત્રે હો, પણ એક ભાવે હોતા નથી. આવી વસ્તુ છે. લોકોને ક્યાંનું ક્યાંય હજી તો (માનવું છે). શરીરની ક્રિયાથી ધર્મ થાય છે. અર..ર..! ગજબ કરે છેને! તમારી ખાણિયાની ચર્ચામાં ઈ પ્રશ્ન ઉઠ્યો છે. ખાણિયાની ચર્ચામાં. સજીવશરીર, શું કીધું? જીવિતશરીર. શેઠને યાદ છે. જીવિતશરીરથી ક્રિયા

ધર્મ થાય છે, એમ લખ્યું છે. સવારે કાઢ્યું હતું. જીવિતશરીર? આ તો મડદું છે.

અહીં તો રાગ દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ છે એ જળ જેવા છે, દૂધ નથી. એ તો રાગ છે, વિકલ્પ છે, મેલ છે. એ જળ અને દૂધનું એકપણું નથી, એક જગ્યાએ રહેવા છતાં, એમ પુણ્ય-પાપનો રાગ અને આત્મા એક જગ્યાએ રહેવા છતાં એક નથી. ભિન્ન ચીજ છે. આહા..હા..! સમજાણું કાંઈ? અરે..! આવી સીધી વાત છે. એ પોતાના નિજ સ્વભાવ ઉપર દૃષ્ટિ કરવાનો અવસર જ લેતો નથી. એ તો આ કરવું, રાગ કરો, દયા, દાન, ભક્તિ, પૂજા કરો તો એનાથી ધર્મ થશે. પણ કહે છે કે એ પરિણામ તો એક ક્ષેત્રે રહેવાવાળા પુદ્‌ગલના પરિણામ છે, એમ કહે છે અહીં તો. ભારે વાત આકરી. ભગવાનજીભાઈ! આ પોષા ને પડિકમણા ને સામાયિક કરો. કહે છે, ઘણા કર્યા. વિકલ્પ હતો ઈ.

અહીં કહે છે કે એવો જે શુભભાવ હતો એ તો ભગવાન આત્માની સાથે દૂધ અને જળ એક ક્ષેત્રે રહે છે, પણ એક ભાવરૂપ નથી. દૂધના દૂધપણાથી જળથી ભિન્નપણે દૂધની પ્રતીતિ થાય છે. એમ ભગવાન આત્મા રાગ અને પુણ્યના પરિણામ સાથે એક ક્ષેત્રે રહેવા છતાં રાગથી જ્ઞાનગુણથી પોતાનો આત્મા ભિન્ન પ્રતીત થાય છે, એકસાથે નથી. આહા..હા..! કેટલી સ્પષ્ટ વાત કરે છે. પેલા કહે કે વ્યવહારથી નિશ્ચય થાય. રાગથી.... ગજબ વાત છેને. ભાઈ! તું શું કરે છે આ?

ભગવાન આત્મા... દૂધ દૂધપણાથી ભિન્ન પ્રતીત થાય છે. શું દૂધપણું છોડીને, બહુ સફેદ જળ હોય, એનાથી દૂધપણું ભિન્ન પ્રતીત થાય? એનાથી દૂધની ભિન્નતા દેખાય છે? જળના બહુ સફેદપણાના પરિણામથી દૂધનું દૂધપણું ભિન્ન દેખાય છે? દૂધપણાના ભાવથી દૂધ ભિન્ન દેખાય છે. એમ ભગવાન આત્મા પુણ્ય-પાપના, દયા, દાન, વ્રત, ભક્તિ, તપ આદિ, પૂજા આદિના જે વિકલ્પ ઉઠે છે—રાગ, એ આત્મા સાથે એક જગ્યાએ છે, એક ભાવરૂપ નથી. આહા..હા..! અગ્નિ અને ઉષ્ણતા એકરૂપ છે, એમ આત્મા અને રાગપરિણામ એકરૂપ નથી, એમ કહે છે. લ્યો, આટલા દૃષ્ટાંત આપીને સિદ્ધ કર્યું. બે દૃષ્ટાંત આપ્યા——જળ અને દૂધ, અગ્નિ અને ઉષ્ણતા. આહા..હા..!

હું કોણ છું આત્મા અને મારો સ્વભાવ શું છે, એની ખબર નથી. બસ, એ પુણ્યક્રિયા કરે, દયા, દાન, વ્રત, ભક્તિ એ અમારું કર્તવ્ય છે, ઈ હું છું. કહે છે, પુદ્‌ગલના પરિણામ છે, પોતાના નહિ. આહા..હા..! પેલા ભાઈ રાડ નાખે છે. લ્યો, એને જડના પરિણામ કહે છે. ભાઈ! સાંભળને. આ શરીરની ક્રિયા છે, શરીરની ક્રિયા. શરીરની ક્રિયા તો પર્યાય છે, પણ રાગની ક્રિયા એ જડની ક્રિયા છે, લે. એ પુદ્‌ગલની પર્યાય છે. આ શરીરની પર્યાયની જાત જુદી પણ એ અચેતન છે તો પુદ્‌ગલની પર્યાય છે. લે. આહા..હા..! ઈ રાડ નાખે છે. ભાઈ! જે રાગ છે, પુણ્ય વિકલ્પ છે એનાથી જ્ઞાનગુણથી અધિક—ભિન્ન પ્રતીત થાય છે. રાગથી (-રાગ દ્વારા) આત્મા ભિન્ન પ્રતીત થાય છે? જેનાથી ભિન્ન પ્રતીતિ કરવી છે

એનાથી ભિન્નતાની પ્રતીતિ થાય? રાગને સાથે રાખીને આત્માનું જ્ઞાન કરો. એ તો જ્ઞાનથી વિરુદ્ધભાવ છે અને પુદ્ગલની પર્યાય છે, ખરેખર તો અચેતન છે. એક કોર જ્ઞાનાનંદ ભગવાન ભિન્ન છે, એક કોર રાગાદિ ભાવ આત્માથી તદ્દન ભિન્ન છે. આહા..હા..! સમજાણું કાંઈ? આ તો સમજાય એવું છે, હોં! દાખલો ને એ બધું. જળ અને દૂધ, અગ્નિ અને ઉષ્ણતા. એમ અગ્નિમાં ઉષ્ણતા જેમ તદ્રૂપ છે, એમ ભગવાન આત્મામાં પુણ્ય-પાપના વ્યવહાર દયા, દાન, વિકલ્પના ભાવ તદ્રૂપ નથી, એકરૂપ નથી, એક ભાવ નથી. પોતાની પર્યાયમાં ઈ નથી. આહા..હા..!

'**પરસ્પર અવગાહસ્વરૂપસંબંધ હોવા છતાં...**' જુઓ હવે. કોની સાથે? આત્માની સાથે પુણ્ય-પાપના ભાવ, દયા, દાન, વ્રતના વિકલ્પ, શરીરાદિ બધું એક જગ્યાએ વ્યાપક, પરસ્પર વ્યાપક છે, જુઓ, જ્યાં જળ છે ત્યાં દૂધ છે. રાગ છે ત્યાં આત્મા છે અને આત્મા છે ત્યાં રાગ છે. જગ્યાએ, હોં! એક ક્ષેત્રે. જ્યાં દૂધ છે ત્યાં જળ છે અને જળ છે ત્યાં દૂધ છે, એમ જ્યાં આત્મા છે ત્યાં રાગ છે અને રાગ છે ત્યાં આત્મા છે. પણ એક ક્ષેત્રે પરસ્પર અવગાહ, એક જગ્યાએ પરસ્પર અવગાહ વ્યાપવાનો સંબંધ છે, સ્વભાવસંબંધ નથી. આહા..હા..! શાંતિથી વિચારતા નથી, સાંભળતા નથી. સ્વાધ્યાય કરે તો એને અંદરથી પત્તો લાગી જાય.

જુઓ, જેમ દૂધનું સ્વલક્ષણભૂત દૂધપણું કહ્યું હતું. અહીંયા ભગવાન આત્માનું શું છે? '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે...**' સમજાણું કાંઈ? દૂધનું સ્વલક્ષણ દૂધપણું—એનો ભાવ. તેના દ્વારા દૂધ જળથી ભિન્ન પ્રતીત થાય છે, એમ ભગવાન આત્મા રાગ, પુણ્ય-પાપના ભાવ એક જગ્યાએ હોવા છતાં '**સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે...**' જાણન-દેખન ગુણ વડે '**વ્યાપ્ત હોવાને લીધે આત્મા...**' જુઓ, '**સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે;...**' જુઓ, ભાષા આમ લીધી. રંગ ને રાગ ને બધાને પરદ્રવ્ય કહી દીધું, લ્યો. અહીં તો (પર)દ્રવ્ય કહી દીધું એને. પહેલાં પર્યાય કહી હતી. રાગ, પુણ્ય-પાપને પર્યાય કહી હતી, પુદ્ગલની પર્યાય કહી હતી. અહીંયા સર્વ દ્રવ્યોથી અધિક, એમ દ્રવ્ય લઈ લીધું. આહા..હા..! સમજાણું કાંઈ? ભાવ કીધા હતા. વર્ણાદિ, રાગાદિ ભાવ છે—પર્યાય છે. એક જગ્યાએ હોવા છતાં ભગવાન આત્મા સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાથી પરથી સર્વ દ્રવ્યોથી અધિકપણે પ્રતીત થાય છે. કહો, સમજાણું કાંઈ? પોતાનો આત્મા પોતાના ઉપયોગથી પરથી અધિકપણે પ્રતીત થાય છે.

જળ અને દૂધ એક ક્ષેત્રે હોવા છતાં દૂધનું સ્વલક્ષણ સફેદાઈપણું દૂધપણું તેનાથી, દૂધ જળથી અધિક—ભિન્ન જણાય છે. એમ ભગવાન આત્મા રાગ અને પુણ્યની સાથે એક ક્ષેત્રે અવગાહન હોવા છતાં પોતાના સ્વલક્ષણભૂત ઉપયોગ જાણન-દેખન ઉપયોગથી વ્યાપ્ત હોવાથી આત્મા એ સર્વ દ્રવ્ય નામ રાગ ને પુણ્ય ને વિકલ્પથી ભિન્ન જાણવામાં, પ્રતીતિમાં અધિકપણે

આવે છે. કહો, સમજાણું કાંઈ? ઉપયોગલક્ષણભૂત એમ લીધુંને? **'સ્વલક્ષણભૂત ઉપયોગગુણ વડે વ્યાપ્ત હોવાને લીધે...'** લક્ષણ તો એનું જાણવું-દેખવું ઉપયોગલક્ષણ છે એનાથી ભિન્ન વ્યાપ્ત થાય છે. એમાં વ્યાપ્ત થઈને પરથી ભિન્ન જણાય છે. શું રાગ એનું લક્ષણ છે? રાગ તો જડનું લક્ષણ છે, પુદ્‌ગલનું લક્ષણ છે, પુદ્‌ગલની પર્યાય છે, પરદ્રવ્ય છે એમ કહ્યું. ઓહો..! જુઓ, જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય એ ભાવ પરદ્રવ્ય છે. સર્વ ભાવ પોતાથી પરદ્રવ્ય છે એમ કહે છે. એમાં છે કે નહિ? કે ખેંચીતાણીને અર્થ થાય છે? ચોખ્ખી વાત છે. બે દૃષ્ટાંત આપીને તો આમ.... કારણ બતાવો. લ્યો કારણ. ભાઈ! આહા..!

તારી ચીજમાં પુણ્ય-પાપનો રાગ વ્યાપ્ત છે જ નહિ. એ તો પોતાના ઉપયોગગુણથી વ્યાપ્ત આત્મા રાગાદિ વ્યવહારના વિકલ્પથી એ પરદ્રવ્યથી અધિક પ્રતીત થાય છે. અધિક પ્રતીત થાય છે. આહા..! સમજાણું કાંઈ? એમ રાગથી પૃથક્ પોતાના જ્ઞાનોપયોગથી વ્યાપ્ત આત્માને પરથી ભિન્ન અનુભવવો, તો કહે છે કે રાગથી ભિન્ન આત્મા છે તો રાગનો ભાવ એમાં આવતો નથી, ત્યારે આત્માને જાણ્યો અને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. રાગને સાથે રાખીને આત્માને જાણે એમ છે નહિ. કારણ કે રાગથી વ્યાપ્ત આત્મા નથી. ઓહો..હો..! સમજાણું કાંઈ?

**'તેથી, જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે...'** અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે **'તેવો વર્ણાદિક સાથે આત્માનો સંબંધ નહિ હોવાથી,...'** જુઓ, જેમ અગ્નિનો ઉષ્ણતા સાથે તદ્રૂપ સંબંધ છે, તદ્રૂપ ભાવ છે. આ તો સ્પષ્ટ વાત આવી છે પણ ઝઘડા એવા કરે, ઉઠાવે. આત્મા સાથે ઝઘડો કરે છે, હોં! નહિ, નહિ. શુભજોગ એ પોતાનું કર્તવ્ય છે, શુભજોગ એ ધર્મ છે. અરે..! ભગવાન! શુભજોગને તો પુદ્‌ગલની પર્યાય કહેવામાં આવી છેને. અહીં તો શુભજોગને પરદ્રવ્ય (કહ્યું). સ્વદ્રવ્યમાં એને પરદ્રવ્ય કહેવામાં આવ્યું છે. સમજાણું કાંઈ?

**'જેવો અગ્નિનો ઉષ્ણતા સાથે તાદાત્મ્યસ્વરૂપસંબંધ છે તેવો...'** રંગ, ગંધ, રસ ને રાગ, પુણ્ય, ગુણસ્થાન સાથે **'આત્માનો સંબંધ નહિ હોવાથી,...'** કહો, એની સાથે આત્માનો સંબંધ છે જ નહિ. તુલસી છેને, તુલસી તેરાપંથી. એને શેઠિયાએ પ્રશ્ન કર્યો હતો, શેઠિયાએ. આસ્રવ જીવ છે કે અજીવ? તો કહ્યું, જીવ. ભેદ છે કે અભેદ? બીજો પ્રશ્ન કર્યો. શું કરે? ભેદ કહે તો માનતા નથી, અભેદ કહે તો સિદ્ધમાં નથી. મોટા આચાર્ય તેરાપંથીમાં. કરોડો એના શ્રાવક. કેમકે એમાં એમ આવે છે, આસ્રવ જીવ છે એમ આવે છે. ... આસ્રવ અને પુણ્ય-પાપના ભાવ એ જીવ. એમ આવે છે. પણ જીવ તો પર્યાયદૃષ્ટિથી જીવ, દ્રવ્યદૃષ્ટિથી જીવ નથી. પર્યાયથી પર્યાયની અપેક્ષાથી અભેદ દેખાય છે, દ્રવ્યદૃષ્ટિથી ભેદ પર છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એમ તો હતું નહિ. શેઠિયાએ પછી પ્રશ્ન ન કર્યો. સમજ્યા? ... પછી લખી નાખ્યું. કથંચિત્ જીવના અને કથંચિત્ પરના. એમ પછી કાંઈક બનાવ્યું હતું.

હતું કે દી તમારામાં? નવું બનાવ્યું. તમારા ગુરુએ કર્યું નથી, તમે આ નવું શાસ્ત્ર ક્યાંથી કર્યું. સમજાણું કાંઈ? એ વાત હતી નહિ, શાસ્ત્રમાં નથી. શું કરે? આસ્રવના પરિણામ જીવ છે એમ .. માં પાઠ છે. પરિણામની પર્યાય ચાલી છેને. ત્યાં પર્યાય પાઠ છે, પર્યાય પદ છે. એ જીવના પરિણામ, જીવના પરિણામ. પણ એ તો વ્યવહારનયે જીવના પરિણામ છે, નિશ્ચયદૃષ્ટિમાં જીવના પરિણામ છે જ નહિ. પુદ્ગલના પરિણામ કહ્યા છે. જુઓને! આવી સ્પષ્ટ વાત દિગંબર શાસ્ત્ર સિવાય ક્યાંય નથી. સમજાણું કાંઈ? સમજાણું કાંઈ? શું કરે? કાઢે ક્યાંથી? સાંભળ્યું હતું કોઈ દી? ભગવાનજીભાઈ! આ પોષાનો વિકલ્પ છે એ પુદ્ગલ છે એમ.

'**નિશ્ચયથી વર્ણાદિક પુદ્ગલપરિણામો આત્માના નથી.**' જુઓ, પર્યાય કીધી, ભાવ કીધા, પરદ્રવ્ય કીધા અને અહીં પાછા પુદ્ગલપરિણામ કીધા. એ પુણ્ય-પાપના વિકલ્પ પુદ્ગલના પરિણામ છે, ભગવાન આત્માનું સ્વરૂપ નહિ. દયા, દાન, ભક્તિ, પરોપકારની જે વૃત્તિ ઉઠે છે એ જડ અચેતન રાગ છે, પોતાનો સ્વભાવ નહિ. આહા..હા..! આવા આત્માની દૃષ્ટિ કરવી અને આવા આત્માને માનવો એનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે. બીજી રીતે માને તો ધર્મ નહિ પણ અધર્મ થાય છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી સમયસાર, ગાથા-૫૮ થી ૬૦**
**પ્રવચન નં.૧૧૧, તા.૧૪-૧૧-૧૯૬૯**
**(૧૧)**

૫૭ ગાથા થઈ. ૫૮, ૫૯, ૬૦. '**હવે વળી પૂછે છે...**' છેને? પૂછે છે. '**આ રીતે તો વ્યવહારનય અને નિશ્ચયનયને વિરોધ આવે છે; અવિરોધ કઈ રીતે કહેવામાં આવે છે? તેનો ઉત્તર દૃષ્ટાંત દ્વારા ત્રણ ગાથાઓમાં કહે છે :—**' શું કહ્યું? કે વ્યવહારથી છે, નિશ્ચયથી નથી એમાં શું કહે છે? બેમાં વિરોધ આવે છે. વ્યવહારથી શરીર પોતાનું છે, રાગ પોતાનો છે, નિશ્ચયથી નથી. એ તો બેમાં વિરોધ છે. બેને મેળવવા શી રીતે? તેનો ઉત્તર.

पंथे मुस्संतं पस्सिदूण लोगा भणंति ववहारी।
मुस्सदि एसो पंथो ण य पंथो मुस्सदे कोई।।५८।।
तह जीवे कम्माणं णोकम्माणं च पस्सिदुं वण्णं।
जीवस्स एस वण्णो जिणेहिं ववहारदो उत्तो।।५९।।
गंधरसफासरूवा देहो संठाणमाइया जे य।
सव्वे ववहारस्स य णिच्छयदण्हू ववदिसंति।।६०।।

**દેખી લૂંટાતું પંથમાં કો, 'પંથ આ લૂંટાય છે'-**
**બોલે જનો વ્યવહારથી, પણ નહિ પંથ કો લૂંટાય છે; ૫૮.**
**ત્યમ વર્ણ દેખી જીવમાં કર્મો અને નોકર્મનો,**
**ભાખે જિનો વ્યવહારથી 'આ વર્ણ છે આ જીવનો' ૫૯.**
**એમ ગંધ, રસ, રૂપ, સ્પર્શ ને સંસ્થાન, દેહાદિક જે,**
**નિશ્ચય તણા દૃષ્ટા બધું વ્યવહારથી તે વર્ણવે. ૬૦.**

'**ટીકા :—**' શું પ્રશ્ન ચાલે છે સમજાય છે, શેઠી! આ રંગ, ગંધ, રસ, સ્પર્શ, શરીર અને રાગ-દ્વેષાદિ ભાવ એ બધા જીવના નથી એમ ભગવાને કહ્યું એ તો નિશ્ચયથી કહ્યું, યથાર્થથી. વ્યવહારથી કહ્યું કે એના છે. એને દૃષ્ટાંતથી બેમાં મેળ ખાય એવું શું છે? એમ શિષ્ય પૂછે છે. એનો ઉત્તર આપે છે.

'**ટીકા :— જેમ વ્યવહારી લોકો,...**' જગતના પ્રાણીઓ. જગતના પ્રાણી '**માર્ગે નીકળેલા કોઈ સાર્થને...**' આ માર્ગ માર્ગ—પંથ. પંથમાં કોઈ સંઘ નીકળ્યો હોય—સાર્થ,

મનુષ્યનો સમુદાય. તેને દેખીને '**લૂંટાતો દેખીને,...**' લૂંટાય છે સંઘ. આ માર્ગ છેને, માર્ગ, રસ્તામાં સંઘ લૂંટાતો દેખીને. '**સાર્થની માર્ગમાં સ્થિતિ હોવાથી...**' એ સમુદાયની માર્ગમાં અલ્પ કાળની સ્થિતિ છેને? થોડો કાળ રહે છેને એટલો કાળ માર્ગમાં. એવી સ્થિતિ દેખીને '**તેનો ઉપચાર કરીને,...**' તેનો આરોપ કરીને '**આ માર્ગ લૂંટાય છે' એમ કહે છે,...**' આ માર્ગ લૂંટાય છે એમ કહે છે. માર્ગ લૂંટાતો નથી, લૂંટાય છે તો માણસ. આમ તો દુનિયામાં કહે છે કે આ માર્ગ લૂંટારો છે, એમ કહે છે. માર્ગ લૂંટારો. પણ અહીં તો કહે છે, માર્ગ લૂંટાય છે. એમ કહેવું છે અહીં તો. સમજાણું?

અમારે આવતું. ઉમરાળા અને ગારિયાધાર વચ્ચે એક છે. પાંનોડાની ઓલી કોર. માર્ગ લૂંટાય છે. આ માર્ગ લૂંટારો છે. ભાઈ! એમ કહેતા. ચાવંડની ઓલી કોર. આ તો અહીંયા ઉમરાળાથી જતાં બાર ગાઉ તે દી તો ગાડામાં જ જાયને. બાર ગાઉ ગાડામાં જાય. રસ્તામાં પાંનોડા-પાંનોડા આવે છે. એમાં એક મોટું નેહરુ આવે છે, ઊંડું નેહરુ. બે બાજુ... લોકો કહે કે આ નેહરુ લૂંટાય છે, ભાઈ! નેહરામાં ચોર બેઠા હોય અને આપણને ઉતર્યા ભેગું લૂંટે. બહાર દેખાય નહિ. અંદર જાય નેહરાની. ઊંડો નહેરો. ઈ કહેતા હતા. અમે ઘણી વાર નીકળતા. ઈ માર્ગ લૂંટાય છે એમ કહે છે. ખરેખર માર્ગ લૂંટાતો નથી, લૂંટાય છે તો માણસ. માર્ગનો માલ જાય છે? માલ તો જાય છે જે માણસ ચાલતો હોય એનો. લોકો ઉપચારથી કહે કે આ માર્ગ લૂંટાય છે.

'**તોપણ નિશ્ચયથી જોવામાં આવે...**' ખરેખર જોવામાં આવે તો '**જે આકાશના અમુક ભાગસ્વરૂપ છે એવો માર્ગ...**' આકાશનો થોડો ભાગ છેને એ તો. સર્વવ્યાપક આકાશનો થોડો ભાગ છે. એવા થોડા ભાગમાં '**માર્ગ તો કોઈ લૂંટાતો નથી;...**' ઈ થોડો આકાશનો ભાગ છે એ તો લૂંટાતો નથી. '**તેવી રીતે...**' એ દૃષ્ટાંત થયો. '**ભગવાન અર્હંતદેવો,...**' પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવોએ '**જીવમાં બંધપર્યાયથી...**' ભગવાન આત્મા તો અનાદિઅનંત ધ્રુવ વસ્તુ અનાદિઅનંત છે આત્મા. તેમાં એક સમયની બંધપર્યાય દેખીને. જેમ માર્ગમાં ચાલે છે તો એ સંઘની થોડી વાર સ્થિતિ છેને, સમુદાયની. સાર્થ-સાર્થ. એમ ભગવાન આત્મા અનાદિઅનંત આકાશ માર્ગની જેમ પડ્યો છે. એ માર્ગમાં જેમ અલ્પ કાળની સમુદાયની—સાર્થની—સંઘની સ્થિતિ દેખીને એમ કહેવામાં આવે છે કે માર્ગ લૂંટાય છે-માર્ગ લૂંટે છે-માર્ગ લૂંટાય છે.

એમ ભગવાન આત્મા તો અનાદિઅનંત ચૈતન્યમૂર્તિ આનંદકંદ ધ્રુવ છે. એમાં એક સમયમાત્રની બંધની અવસ્થા દેખીને.. સમજાણું કાંઈ? માર્ગમાં ક્ષણવાર માણસો ઊભા રહે છે તો લૂંટાય છે માણસ, પણ માર્ગ લૂંટાય છે એમ ઉપચારથી કહેવામાં આવે છે. એમ ભગવાન આત્મા અનાદિઅનંત જ્ઞાનાનંદ અમૂર્ત અને આનંદકંદસ્વરૂપ છે. એક સમયનો રાગ અને કર્મનો સંબંધ—બંધ પર્યાયનો સંબંધ જોઈને... સમજાણું કાંઈ? એક સમય. એક સમય

કેમ? અલ્પ કાળ રહે છે? એક સમય રહે છે એમ કહે છે. આખા આકાશના માર્ગમાં અલ્પ કાળમાં એ સ્થિતિ જોઈને થોડો કાળ રહે છે. આખા આકાશમાર્ગમાં ઈ રહે છે? માણસ ચાલે છે તો આકાશમાર્ગમાં રહે છે? આટલા થોડા માર્ગમાં રહે છે.

ભગવાન આત્મા અનાદિઅનંત સચેતનસ્વરૂપ, અરૂપીસ્વરૂપ ભગવાન અનાદિઅનંત. એમાં બંધપર્યાયની સ્થિતિ. રાગ ને રંગ ને શરીર ને ભેદની સ્થિતિ એક સમયની છે. સમજાય છે કાંઈ? એક જ સમય? એક જ સમય છે. આ શરીરની સાથે સંબંધ એક સમયનો છે. એક સમય શરીર સંબંધરૂપે રહ્યું છે. રાગ પણ એક સમય સંબંધરૂપ રહ્યો છે. એમ ગુણસ્થાન આદિ ભેદ એક સમય જ રહ્યા છે. આહા..હા..! સમજાણું કાંઈ? આખા આકાશમાર્ગમાં થોડો કાળ સમુદાય દેખીને; એ તો થોડામાં રહે છે, આખા આકાશમાં રહે છે? એક-બે માણસ ચાલીને નીકળ્યા હોય, લ્યો. ત્યાં ઊભા હોય. એક માણસ નીકળ્યો ચાલો. ત્યાં ઊભો રહ્યો થોડી વાર. કીધું કે, લાવો માલ. લૂંટે. એક માણસ હોય. આખા માર્ગમાં એકલો એક ઊભો હોય. એક લૂંટારો આવ્યો. લાવો. તો આખા આકાશમાર્ગમાં એક માણસ આટલામાં ઊભો છે. એક વેંતમાં, બે વેંતમાં. આખા આકાશમાર્ગમાં છે? આખા આકાશમાર્ગમાં બહુ અલ્પ સ્થાનમાં એ ઊભો છે. લૂંટાય છે માણસ, પણ આકાશમાર્ગ લૂંટાય છે એમ કહેવામાં આવે છે.

એમ ભગવાન આત્મા વસ્તુએ તો અનાદિઅનંત, આકાશ જેમ ક્ષેત્રથી વ્યાપક છે, આકાશ જેમ ક્ષેત્રથી વ્યાપક છે એમાં એક મનુષ્ય અમુક કાળ ઊભો છે, એમ ભગવાન આત્મા અનાદિઅનંત એક સેકંડના અસંખ્યભાગમાં એટલો સંબંધ છે. લાગે જાણે ઘણો કાળ રહેતો હશે શરીર સાથે એમ લાગે. એક જ સમય છે.

**શ્રોતા :—** એક સમય કેમ? અનેક સમય નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ, નહિ, નહિ. એક જ સમયનો સંબંધ છે. અનંત સમય ક્યાં આવ્યા? બીજા સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો. એક જ સમયનો સંબંધ છે. દૃષ્ટિ લાંબા કાળ ઉપર રહે છેને. પણ એ તો ઈ બહુ કાળ રહ્યો. પણ આત્માની પર્યાય ઉપર તો એક સમય જ રહે છે. સમજાણું કાંઈ? શું? પર્યાય એક સમયની જ હોય છે અને શરીરનો સંબંધ પણ એક સમયનો છે. એક જ સમય. બીજા સમયે નવો સંબંધ થયો, ત્રીજા સમયે નવો તો એ પણ એક એક સમયનો જ સંબંધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

આકાશમાર્ગનો દૃષ્ટાંત આપ્યોને. ન સમજાણો? આખા આકાશમાર્ગમાં માણસ ઊભો છે? માણસ કેટલામાં ઊભો છે. એક વેંતમાં આટલામાં ઊભો છે. એમ આત્મા અનાદિઅનંત ધ્રુવ ચૈતન્યમૂર્તિ, એમાં રાગ, ભેદ અને શરીરનો સંબંધ એક સમયમાત્ર છે. એક સમય. ભગવાન ત્રિકાળ ચિદાનંદમૂર્તિ એમાં એક સેકંડના અસંખ્યભાગમાત્ર એક સમયમાં બંધપર્યાયથી સ્થિત દેખીને, આત્મામાં શરીરનો એક સમય દેખીને, રાગનો એક સમય દેખીને, ગુણસ્થાનભેદનો

પણ એક સમય દેખીને કહ્યું કે આત્માના છે, ખરેખર છે નહિ. સમજાણું કાંઈ? ખ્યાલ નથી આવતો. બહુ લાંબી દૃષ્ટિ થઈ જાય છેને એટલે જાણે...

આમ આકાશનો લાંબો માર્ગ છે. માણસ તો આટલામાં જ ઊભો છેને. બીજા ભાગમાં બીજો માણસ ચાલે તો એટલામાં જ ઊભો છે, ત્રીજો ચાલે તો એટલામાં જ ઊભો છે. કે બધામાં ઊભો છે? એટલામાં જ ઊભો છે, બસ. અહીંયા ઊભો છે પછી આમ ગયો, તો આટલામાં જ ઊભો છે. આગળ ચાલ્યો, ત્યાં ચાલે તો એટલામાં જ ઊભો છે. ઊભો તો એટલું જ છે.

એમ ભગવાન આત્મા અનાદિઅનંત ચૈતન્ય જ્ઞાનાનંદ ધ્રુવ વસ્તુ, એમાં રાગ એક સમયમાં રહ્યો છે. આવે તો બીજા સમયે બીજો આવે. પણ બીજા સમયે બીજો થયો. આ સમય ગયો. જેમ એક માણસ આટલામાં ઊભો હતો ત્યાં તેટલું જ ક્ષેત્ર હતું, આગળ ગયો તો આટલું ક્ષેત્ર રહ્યું. ક્ષેત્ર તો એટલું જ રહ્યુંને. સમજાણું કે નહિ? લાંબુ લાગે. સંબંધ તો એક એક સમય જ રહે સંબંધ. બે સમય સંબંધ છે પણ નહિ. ક્ષેત્ર ઉપર, આખા આકાશમાર્ગ ઉપર મનુષ્યની સ્થિતિ એક ક્ષણવાર એટલી ક્ષેત્રની સ્થિતિ લેવી છે. આટલામાં. આખા માર્ગમાં છે? ત્યાંથી આગળ ચાલ્યો તો ત્યાં પણ એટલામાં છે, ત્યાંથી આગળ ચાલે તો ત્યાં પણ એટલામાં જ છે. એમ આત્મા અનાદિઅનંત ભગવાન અમૂર્ત જ્ઞાનાનંદ, એમાં શરીર ને વર્ણાદિકનો સંબંધ એક સમયનો છે. રાગનો એક સમયનો સંબંધ છે. બીજા સમયે પણ એક સમય રહ્યો. ઈ સમય ચાલ્યો ગયો. તો એક સમયનો જ સંબંધ છે. સમજાણું કે નહિ? કેવા ન્યાયથી તો વાત કરી છે. એકલા ન્યાય ભર્યા છે.

અનાદિઅનંત ભગવાન પોતાનું નિજ સ્વરૂપ એમાં એક સમયની બંધની સ્થિતિ જોઈને, આકાશમાર્ગમાં એક ક્ષણમાત્ર એને ઊભેલો જોઈને, લૂંટાય છે તો માણસ, પણ આકાશમાર્ગ લૂંટાય છે એમ કહેવું તે ઉપચાર છે; એમ ભગવાન આત્મામાં એક જ સમયમાત્ર રાગ, શરીર, વર્ણ, ભેદ એક સમયમાત્રનો સંબંધ છે. બીજે સમયે હોય તો એ સમય બીજો થઈ ગયો. બીજા સમયે પણ એક સમયનો જ સંબંધ છે, ત્રીજા સમયે પણ એક જ સમયનો સંબંધ છે. સમજાણું કે નહિ? આમ તો અનંતકાળનો સંબંધ છેને? એઈ..! મગનભાઈ! કેટલા કાળથી આ શરીર સાથે સંબંધ છે.

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ક્યાં છે પણ સંબંધ શરીર સાથે? શરીર સાથે તો એક સમયમાત્ર સંબંધ છે. એઈ..! વજુભાઈ! ઈ નથી લાગતું એટલે કઠણ પડે છે. આ સાંઈઠ વર્ષથી છીએ ને અહીં, સીત્તેર વર્ષથી ને પાંસઠ વર્ષથી. અનંતકાળથી છેને? અનંતકાળથી છે જ નહિ. સમજાણું કાંઈ? મૂળ દૃષ્ટિ આત્મા ત્રિકાળી જ્ઞાયક છે, ત્રિકાળી જ્ઞાયક છે એ દૃષ્ટિ નથી બેસતી ને એટલે એની સાથે આ કાયમ રહે છે એમ લાગે છે, પણ એક સમયમાત્ર જ રહે છે.

બીજા સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો એક સમયમાત્ર જ રાગ, ભેદ અને શરીર (સાથે સંબંધ છે). રાગ, ભેદ અને અજીવ. સમજાણું કાંઈ? વર્ણ, ગંધ આદિ અજીવ છે, રાગાદિ વિકાર છે, ભેદ આદિ વર્તમાન અવસ્થા—એક સમયની દશા છે. સમજાણું કે નહિ?

**શ્રોતા :—** પહેલા સમયનો તો ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ગયો તો એક સમય જ રહ્યો. એ તો એ સમયે ગયો, બીજો એક સમયનો સંબંધ છે, પછી એક સમયનો સંબંધ છે, પછી એક સમયનો સંબંધ છે. એક સમયનો જ સંબંધ છે. આહા..હા..!

ત્યાં ટકવું, આખા ક્ષેત્રમાં માણસનું ટકવું થોડું છે. એમ આખો આત્મા ભગવાન અનાદિઅનંતમાં એક સમયની બંધપર્યાયનું ટકવું છે, બસ. સમજાણું કે નહિ? એઈ..! જીનેન્દ્રજી! સમજાય છે કે નહિ? ભાઈ! બધાએ આમાં તૈયાર થવું જોઈએ વસ્તુ સમજવા માટે. આ ન્યાયથી તો કહેવામાં આવે છે, પણ પકડવું તો એને છે કે નહિ. આખો આકાશનો માર્ગ તો મોટો પડ્યો છે. અસંખ્ય યોજન. શું? લોકનું આકાશ. લોકના અસંખ્ય યોજન છેને. એમાં માણસ એક ઠેકાણે છે આટલો બસ. અહીં સમુદાય લીધો છે. ઝાઝા માણસ લેવા છેને. અમુક સ્થાનમાં છે. એ કંઈ આખા આકાશમાં છે? આટલા ભાગમાં છે. બહુ થોડા. અસંખ્ય યોજનમાં ઈ રહે છે એ થોડો માર્ગ છે, આખા આકાશમાં. પણ છતાં ક્ષેત્રનો એટલો સંબંધ જોઈને આકાશ લૂંટાય છે, મનુષ્ય લૂંટાવાનો આરોપ આકાશમાં આપે છે. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા '**જીવમાં બંધપર્યાયથી સ્થિતિ પામેલાં (રહેલાં) કર્મ...**' કર્મ પણ એક જ સમય છે. શેઠી! સીત્તેર ક્રોડાક્રોડી નહિ. પણ એ તો એક સમયની પર્યાય છે, કર્મ પણ એક સમયની પર્યાય છે. એ તો લાંબો આટલો-આટલો કાળ એ તો સમય સમય પલટીને રહે છે. સમજાણું કાંઈ? પર્યાયનો સમય એક સમયનો જ છે. સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિનો રસ એમાં છે એ યોગ્યતા એક સમય છે, બસ. પછી બીજા સમયે બીજો, ત્રીજા સમયે ત્રીજો એ તો એક-એક સમયની સ્થિતિનું માપ છે. ભારે વાત, ભાઈ! સમજાણું કાંઈ? આમ કેટલા આકાશમાર્ગમાં અલ્પ ક્ષેત્રમાં રહે છે. એમ ભગવાન આત્મા અનાદિઅનંત સચેત ચિદાનંદ વસ્તુમાં વર્ણ, ગંધ, રસ, સ્પર્શ અને શરીર એક સમયમાત્ર, આંખ મીંચીને ઊઘાડે એમાં અસંખ્ય સમય જાય છે, એક સમયમાત્રનો સંબંધ છે. આટલી સ્થિતિ જોઈને અર્હંત ભગવાનોએ એમ કહ્યું, '**કર્મનો અને નોકર્મનો વર્ણ દેખીને...**' જોયું, કર્મ-નોકર્મનો વર્ણ દેખીને એમ પાછું ન્યાં લીધું. મૂળ પાઠમાં એમ છેને. શરીર, આઠ કર્મ અને નોકર્મ શરીર તેનો રંગ દેખીને એમ લીધું. પછી ગંધ, રસ, સ્પર્શ લેશે. '**કર્મ-નોકર્મની જીવમાં સ્થિતિ હોવાથી...**' કર્મ અને નોકર્મની જીવમાં એક સમયની સ્થિતિ હોવાથી. જીવ ઉપર જીવના સંબંધમાં એક સમય, જીવ તો આખો અનાદિઅનંત પત્થર પડ્યો છે, પાસડા, ચિદાનંદઘન..

સમજાણું કાંઈ? એક સેકંડના અસંખ્યભાગમાત્રમાં કર્મ અને રાગાદિની સ્થિતિ જોઈને તેનો ઉપચાર કર્યો કે જીવનો વર્ણ છે. ઉપચાર કર્યો કે જીવનો (વર્ણ છે), એ સ્થિતિ જોઈને, એક સમયની સ્થિતિ જોઈને. સમજાણું કાંઈ?

**'એમ વ્યવહારથી જણાવે છે,...'** જીવનો આ વર્ણ છે એમ ઉપચારથી કહ્યું, એમ વ્યવહારથી જણાવે છે. **'ઉપચાર કરીને, 'જીવનો આ વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે,...'** એમ કહ્યું. ઉપચાર કરીને 'જીવનો વર્ણ છે' એમ વ્યવહારથી જણાવે છે. **'તોપણ...'** એમ કહે અને એ સ્થિતિનો સંબંધ જોઈને ઉપચારથી કહે તોપણ **'નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...'** બે વાત લખી છે. વર્ણ, ગંધ, રસ અને શરીર આવે છેને? રૂપ, શરીર, સંસ્થાન, સંહનન, કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક એ બધા જડ છે, અજીવ છે. તો અજીવનો પણ આત્માની સાથે એક સમયનો સંબંધ છે. લાંબુ-લાંબુ લાગે, જાણે ઘણા કાળથી અનંત કાળથી સંબંધ કેમ ન હોય! સમજાણું કાંઈ?

આખો આકાશમાર્ગ પડ્યો છે એમાં એક માણસ અહીંયા હોય, બીજા સમયે અહીંયા, ત્રીજે સમયે અહીંયા, પણ એનું સ્થાન તો આખા આકાશમાર્ગમાં એટલામાં છે કે નહિ? ક્ષેત્રની વાત છે પહેલી. ક્ષેત્ર ભલે અહીંયા હોય, પછી અહીંયા છે, પછી અહીંયા, પછી અહીંયા. પણ છે તો એટલામાંને આખા આકાશમાર્ગમાં. એમ ભગવાન આત્મા અનાદિઅનંત છે એમાં રાગ અને કર્મની સ્થિતિ તો એક સમયમાત્રનો સંબંધ છે. સમજાય છે કે નહિ? અરે..! પણ ત્રીસ-ત્રીસ વર્ષ, ચાલીસ-ચાલીસ વર્ષથી શરીર છે. કર્મની સીત્તેર ક્રોડાક્રોડીની સ્થિતિ છે અને અનંતકાળથી સંબંધ છે અને એક સમય છે? એ તો જુદો-જુદો કાળ થઈ ગયો. અંદર વિચારમાં જરી એને ગોઠવવું જોઈએ.

જુઓ, આ માર્ગ છે. દાખલો. અહીંયા માખી બેઠી છે. એ તો થોડી જગ્યા રોકે છે. ઊડીને અહીંયા બેઠી. આખા માર્ગની અપેક્ષાથી થોડો છે. અહીંયા બેઠી. પણ માર્ગ તો એટલો જ છે કે નહિ? બીજો વિશેષ છે? અહીંયા આમ કરતાં-કરતાં બધા પ્રદેશ રોક્યા છે, એમ છે? માખી અહીંયા બેઠી, અહીંયા બેઠી એમ કરતાં-કરતાં બધા પ્રદેશ રોક્યા છે એમ છે? એમ છે જ નહિ. સમજાય છે કે નહિ? આ માર્ગ છે. માખી અહીંયા બેઠી ઈ આટલી જગ્યામાં છે. બધામાં છે? અહીંયા બેઠી તો આટલામાં છે, અહીંયા બેઠી તો આટલામાં છે. એટલામાં જ છે. આખામાં કદી હોય જ નહિ. હા. ક્ષેત્રમાં પણ એટલામાં જ છે. એમ કાળમાં પણ એક સમયમાત્ર જ છે એમ કહે છે. કહો, સમજાય છે કે નહિ? એઇ..! જીતુ! કેમ? કેટલા વર્ષથી તો અહીં તારું શરીર આવ્યું છે આત્મા સાથે, તો એક સમય ક્યાંથી લાવ્યો?

**શ્રોતા :—** સંબંધ છે એ પર્યાયમાં છે અને પર્યાયની સ્થિતિ એક સમયની છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પર્યાયની સ્થિતિ એક સમયની જ છે, શરીરની સ્થિતિ પણ

એક સમયની જ છે. શરીરની પર્યાયની સ્થિતિ એક સમયની જ છે. એક સમયની છે. અહીંયા સંબંધ એક સમયનો જ છે. બે સમય ક્યાંથી લાવે? સમજાણું કાંઈ? આહા..હા..! એક સમયનો છે, એમ. આખા આકાશના માર્ગમાં એટલામાં રહે છે. સમજ્યાને? ગાડું, ગાડી ગાડી ઊભી હોયને, તો એટલામાં માણસ હોય. ચોર ડાકુ આવે. લાવો, લાવો માલ. લે ભાઈ, મારીશ નહિ, હોં! લઈ જા. લૂંટાણો તો એટલામાં ને. એક માણસ લૂંટાય છે એ ક્ષેત્રના આટલા ભાગમાં લૂંટાયો. તો એટલો ભાગ થોડો છે આખા આકાશની અપેક્ષાથી.

એમ ભગવાન આત્મા અનાદિઅનંત વસ્તુ પડ્યો પાથર્યો પડ્યો છે. અનાદિઅનંત કાળમાં ચૈતન્યમૂર્તિ અનાદિઅનંત પડ્યો છે, કાળથી. પેલું ક્ષેત્રથી, આ કાળથી. એમાં રાગ અને કર્મનો એક સમયમાત્રનો સંબંધ છે. એ વ્યય થઈ જાય તો બીજા સમયે એક સમયનો સંબંધ, ઈ વ્યય થાય તો પછીમાં પણ એક સમયનો જ એને સંબંધ છે. શોભાલાલજી! સમજાય છે કે નહિ? એ.. નરેશજી! સમજાણું? દૃષ્ટાંત તો આપ્યો ક્ષેત્રનો. નહિ? આહા..હા..! કેટલો નિરાળો છે એમ કહે છે. એક સમયમાત્રનો રાગ ને ભેદ ને શરીરનો સંબંધ જોઈને વ્યવહારથી એના કહ્યા, પરમાર્થે એના નથી. સમજાણું કાંઈ?

ઓહો..હો..! ભગવાન આત્મા..! જુઓ, બે વાત કરશે. '**નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' જુઓ, એનો સ્વભાવ તો અમૂર્તિક ત્રિકાળ છે. અને એક સમયનો વર્ણ, ગંધ, રસ ને સંઘયણનો એક સમયનો સંબંધ છે. રૂપીનો એક સમયનો સંબંધ છે. ભગવાન તો અરૂપી આત્મા છે, ત્રિકાળ અમૂર્ત છે. બરાબર છે? આ તમારા ઘરમાં આવ્યા એનો એક સમયનો સંબંધ છે—છોકરા સાથે, પૈસા સાથે, મકાન સાથે, શરીર સાથે એમ કહે છે. બીજા સમયનો આવ્યો ત્યારે બીજો સમય થયો. પહેલો સમય ગયો. એ વખતે પણ એક જ સમયનો સંબંધ છે. એક જ સમયનો સંબંધ છે. એને એવું લાગી જાય છે કે ઘણા કાળથી છીએને આમાં. એ તો કાળ ભેળવીને વાત કરે છે ઈ. એ... શીખરચંદજી! સમજાય છે કે નહિ?

આખો આકાશમાર્ગ પડ્યો છેને. કેટલામાં રહે છે? આખા આકાશમાર્ગમાં સાથે રહે છે? સમુદાય નીકળ્યો એ બધામાં રહે છે? પહેલા અહીંયા, પછી અહીંયા, પછી અહીંયા, પછી અહીંયા, પછી અહીંયા... તોપણ છે તો એટલામાં છે. બીજામાં રહે એ તો બીજો સમય, બીજું ક્ષેત્ર થઈ ગયું. પહેલાનું ક્ષેત્ર પૂરું થઈ ગયું. એટલા ક્ષેત્રમાં જ છે.

એમ ભગવાન આત્મા અનાદિઅનંત ચૈતન્યવસ્તુ ધ્રુવ આદિ અંત વિનાની, એમાં બંધની એક સમયની પર્યાયનું ટકવું જોઈને... સમજાણું કાંઈ? શરીર, કર્મ, વાણી આદિનું એક સેકંડના અસંખ્યભાગમાં આ આત્માની સાથે એટલો કાળસંબંધ જોઈને એ રાગ-દ્વેષ વિકલ્પ જે પુણ્ય-પાપના છે તેનો પણ એક સમયનો જ સંબંધ છે. બીજા સમયે હોય તો પહેલો સમય તો ચાલ્યો જાય છે. એક સમયનો રાગાદિ સંબંધ છે. ભગવાન ત્રિકાળી જ્ઞાયકની સાથે અને

ગુણસ્થાનભેદ—ચતુર્થ ગુણસ્થાન, પંચમ ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન એ એક એક ગુણસ્થાનની સ્થિતિ તો એક સમયના સંબંધમાં છે. એક સમયના સંબંધમાં છે. સમજાણું કાંઈ? શરીરનો, રંગનો અને ભેદનો ત્રણેનો, આત્મા અનાદિઅનંતની સાથે એક સમયનો સંબંધ છે. બસ, બીજો સંબંધ છે જ નહિ. સમજાણું કાંઈ?

એ તો '**સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' જુઓ, ભવગાન તો અમૂર્ત સ્વભાવ છે. અમૂર્ત. એક સમયનો વર્ણ-મૂર્તનો સંબંધ છે. એક સમય. આ તો સદાય અમૂર્ત છે. '**અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...**' શું કહે છે? રાગ અને ભેદથી ભિન્ન છે એમ કહે છે. પહેલા અમૂર્તમાં તો જડથી ભિન્ન બતાવ્યું, અનાદિઅનંત અમૂર્ત પ્રભુ આત્મા છે. એક સમયનો મૂર્તનો સંબંધ જોઈને એના છે એમ વ્યવહારથી કહ્યું હતું. પરમાર્થથી નથી. '**અને જે ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક છે...**' રાગથી અને જે ગુણસ્થાનના ભેદ છે, ચતુર્થ, પંચમ, છઠ્ઠું આદિ એક સમયની અવસ્થા છે. ગતિ આદિની એક સમયની અવસ્થા છે. ગતિ આદિ પણ એક સમયની અવસ્થા છે. એક સમયની ગતિ છે. ગતિનો સંબંધ બે સમય આત્માની સાથે રહેતો જ નથી. ઓહોહો..! દેવગતિમાં ૩૩ સાગર રહે છે. એ તો બધા સમયને સાથે ભેળવીને કહ્યું છે. એક સમય જ ગતિ રહે છે. બીજા સમયે બીજી ગતિ થઈ જાય છે. પર્યાય પ્રતિક્ષણ... કાલે આવ્યું નહિ? પ્રતિક્ષણ ભિન્ન-ભિન્ન અવસ્થા થાય છે.

પદાર્થમાં પ્રતિક્ષણ ભિન્ન-ભિન્ન અવસ્થા (થાય છે). ભગવાન આત્માની ભિન્ન અવસ્થા અને (અન્ય પદાર્થની) ભિન્ન-ભિન્ન અવસ્થા, એક સમયમાત્રનો સંબંધ છે. એટલું જોઈને ઉપચારથી કહેવામાં આવ્યું કે વ્યવહારથી આત્મા છે, આત્મા છે. '**સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...**' ભગવાન આત્મામાં એ ક્યાં આવ્યો? એક સમયનો સંબંધ નિશ્ચયમાં ત્રિકાળમાં ક્યાં આવ્યો? ત્રિકાળમાં તો છે જ નહિ. '**ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક...**' ભગવાન આત્મા જ્ઞાન-દર્શનના ઉપયોગથી ભિન્ન અભેદ (પ્રતીતમાં આવે છે). રાગ, પુણ્ય-પાપના વિકલ્પની એક સમયની પર્યાયનો સંબંધ અને ભેદનો સંબંધ, ચાહે તો તેરમા અને ચૌદમા ગુણસ્થાનની પર્યાય હો, તેનો એક સમયનો સંબંધ છે. ઉપયોગ જ્ઞાન-દર્શનથી ભિન્ન ભગવાન, પરથી ભિન્ન અને પોતાથી પૂર્ણ અભેદ, એમ અન્યદ્રવ્યોથી અધિક—અન્યદ્રવ્યોથી જુદો, રાગથી ભિન્ન, ભેદથી ભિન્ન એવો એકલો ભગવાન આત્મા '**એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.**' લ્યો. એવા જીવને વર્ણ-બર્ણ નથી. સમજાણું કાંઈ?

કપડામાં કસુંબાનો રંગ ખરેખર એક સમય જ છે. ઈ પર્યાય રહેતી નથી. આખું કપડું સફેદ છે એમાં કસુંબાનો રંગ છે એ એક સમયમાત્ર રંગ છે. બીજો સમય જ્યાં થયો તો પહેલો રહ્યો નહિ, એ પણ એક સમય છે; ત્રીજો આવ્યો તો બીજો રહ્યો નહિ, એ તો એક સમય જ છે. કપડા સાથે રંગનો સંબંધ એક સમય છે. બરાબર છે?

એમ ભગવાન આત્મા અનાદિઅનંત વસ્તુમાં બંધની પર્યાયનું સ્થાન, રાગનો ભાવ અને ભેદનો કાળ એક સમયનો સંબંધમાત્ર દેખાય છે. વસ્તુને જુઓ તો અમૂર્ત તથા ભેદ અને રાગથી ભિન્ન, જ્ઞાનાદિથી અધિક એવી વસ્તુ છે. સમજાણું કાંઈ? કેટલો માર્ગનો દાખલો આપીને સહેલું કર્યું છે. માણસની દૃષ્ટિ બહાર જાય છેને. આ કપડાને અને શરીરને કેટલા કાળનો સંબંધ છે? કહો. બતાવો. શરીરની પર્યાય એક સમયની, આની પર્યાય એક સમયની. બસ, એક સમયનો (સંબંધ છે). પણ ભિન્ન-ભિન્ન, ભિન્ન-ભિન્ન પર્યાય શરીરના પરમાણુની થાય, એની ભિન્ન-ભિન્ન થાય, પણ સંબંધ તો એક સમયનો છે કે નહિ? કે બે સમયનો સંબંધ છે? સમજાણું કાંઈ? ઓહો..! કેવી રીતે ભિન્ન કરીને કહ્યું.

ભાઈ! તારો સ્વભાવ ભગવાન! તું તો અમૂર્ત છોને. મૂર્તનો તો એક સમયનો સંયોગ જોઈને વ્યવહારથી કહ્યું, તો શું થઈ ગયો તારો? એમ ભગવાન આત્મા અનાદિઅનંત અર્હંત ભગવંતોએ એક સમયના વિકારને જોઈને અને ગુણસ્થાન આદિ, કષાય આદિ, ગતિ આદિ લેશ્યા આદિનો એક સમયનો સંબંધ જોઈને વ્યવહારથી ઉપચારથી કહ્યું. ઉપચાર કરીને વ્યવહારથી કહ્યું. યથાર્થપણે તો એમાં નથી.

'**ઉપયોગગુણ વડે...**' ઉપયોગગુણ દ્વારા '**અન્યદ્રવ્યોથી અધિક...**' જુઓ, બધાને અન્યદ્રવ્ય કહી દીધું. રાગને, ભેદને પણ અન્યદ્રવ્ય કહી દીધું, લ્યો. એઈ..! અને મૂર્તને. શું કહ્યું? આ શરીર, વાણી, કર્મ આદિ તો અન્યદ્રવ્ય (છે જ), રાગ, પુણ્ય-પાપના ભાવ પણ અન્યદ્રવ્ય અને એક સમયની ભેદ અવસ્થા એ ખરેખર પરદ્રવ્ય છે. સમજાણું કાંઈ? અન્યદ્રવ્યથી અધિક. એક સમયનો ભેદ, રાગ ભિન્ન (છે). પરદ્રવ્ય, સ્વદ્રવ્ય. જ્ઞાનાનંદ એમ જોઈને પરથી તો ભિન્ન જ છે. પરમાં એક સમયમાત્ર છે તો તેનાથી એક સમયમાત્ર તે-મય તો થયો નથી. સમજાણું કાંઈ?

'**એવા જીવનો કોઈ પણ વર્ણ નથી.**' લ્યો. ભગવાન આત્માને કોઈ વર્ણ છે જ નહિ. અમૂર્ત ત્રિકાળમાં વર્ણ કેવો? ઈ કહે છેને? આત્મા સંસારમાં મૂર્ત છે. મૂર્ત તો એ મૂર્ત ચીજ છે તેને એ સમયે જોઈને કહ્યું છે, કાંઈ મૂર્ત થઈ જાય છે? મૂર્ત નજીક છે તો મૂર્ત કહી દીધું એક સમયનું, શું મૂર્ત થઈ જાય છે? સમજાણું કાંઈ? '**એ પ્રમાણે ગંધ,...**' જેમ રંગનું કહ્યું તેમ ગંધ. ભાષા તો પાઠમાં એમ લીધી હતી કે કર્મ, નોકર્મનો વર્ણ દેખીને. વસ્તુ અરૂપી આનંદ અને જ્ઞાનભાવથી અનાદિઅનંત પરિપૂર્ણ પ્રભુ એ દૃષ્ટિથી જુઓ તો એ વસ્તુ મૂર્ત અને રાગ અને ભેદ એમાં છે જ નહિ, એનાથી ભિન્ન છે. જુઓ, સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પુદ્‌ગલનો એક સમયનો સંબંધ અને રાગ વિકલ્પ, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, અશુભભાવ, મિથ્યાત્વ આદિ ભાવ એક સમયનો સંબંધ છે અને ભેદનો એક

સમયનો સંબંધ છે. પરદ્રવ્યની પર્યાય પણ એક સમયનો સંબંધ (છે), લ્યો ઠીક. સમજાણું કાંઈ? એક સમયના સંબંધને છોડી દો, સ્વભાવ એ ભેદથી—પરદ્રવ્યથી ભિન્ન છે. એકાકાર ચિદાનંદસ્વભાવ પરથી ભિન્ન છે એમ જુઓ તો આત્મામાં ઈ કાંઈ છે જ નહિ. આત્મામાં શરીર નથી, રંગ નથી, રાગ નથી અને ભેદ નથી. સમજાણું કાંઈ? શરીરરહિત અમૂર્ત, રાગરહિત વીતરાગ, ભેદરહિત અભેદ. શું કહ્યું? ત્રણ બોલમાં ૨૯ બોલ છે. ત્રણ બોલમાં ૨૯ બોલ. ત્રણ બોલમાં ત્રણ બોલ ક્યા કહ્યા શેઠી? ત્રણ બોલ ક્યા કહ્યા? ૨૯ બોલને ત્રણ બોલમાં કહ્યા. બે-ત્રણ વાર કહેવાઈ ગયું, ત્રણ-ચાર વાર આવી ગયું.

**શ્રોતા :—** શરીર નહિ, રંગ નહિ, રાગ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એટલે શું? શરીર નહિ, રાગ નહિ, રંગ નહિ. ઈ તો ચાર થઈ ગયા, ત્રણ ન રહ્યા. શરીર ને રંગ ને ગંધ બધું જડમાં જાય છે. સમજ્યા? અને રાગ અને દ્વેષ બધો વિકારમાં જાય છે અને ગુણસ્થાનભેદ, ગતિ આદિ ભેદમાં જાય છે. એમ ત્રણ ભેદમાં સમાય છે. ૨૯ બોલ ત્રણમાં સમાઈ ગયા છે. સમજાણું કાંઈ? જુઓને!

'**વર્ણ, ગંધ, રસ, સ્પર્શ, રૂપ, શરીર, સંસ્થાન,...**' એ જડમાં રૂપીમાં (ગયા). થયું? '**રાગ, દ્વેષ, મોહ...**' આદિ ચૈતન્યની વિકારી પર્યાયમાં ગયા. પછી '**કર્મ, નોકર્મ, વર્ગ...**' આદિ જડમાં. '**અધ્યાત્મસ્થાન...**' એ અધ્યાવસાય સ્થાનમાં--ભેદમાં. '**અનુભાગસ્થાન,...**' આદિ કર્મમાં નાખો અને અહીં પર્યાયમાં ભેદ નાખો. '**યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન,...**' ભેદમાં (ગયા). '**માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન...**' એ બધા પર્યાયમાં ભેદમાં ગયા. શરીર, રાગ અને ભેદ, બસ એમ. અજીવ, રાગ—વિકાર અને ભેદ—ત્રણેની એક સમયની સ્થિતિ જોઈને ઉપચાર કરીને વ્યવહારથી આત્માના કહ્યા, પણ ભગવાન આત્મા અમૂર્તિ, વીતરાગી અને અભેદ—એવી દૃષ્ટિથી જુઓ તો એમાં ઈ છે નહિ. બરાબર છે?

'**ગંધ, રસ,...**' વર્ણની પેઠે લઈ લેવું એમ કહે છે. '**સ્પર્શ,...**' ચારે ભેગા થઈને '**રૂપ,...**' સ્પર્શ, રસ, ગંધ મેળવીને રૂપ. '**શરીર, સંસ્થાન,...**' આકાર, હાડકા. શરીરનો આકાર. '**સંહનન,...**' હાડકાની મજબૂતાઈ. '**રાગ,...**' અજીવમાં ગયા. પછી '**રાગ, દ્વેષ, મોહ, પ્રત્યય,...**' એ વિકારમાં ગયા. પ્રત્યય એટલે આસ્રવ. સમજાણું કાંઈ? '**કર્મ, નોકર્મ...**' એ અજીવમાં ગયા. '**કર્મ, નોકર્મ, વર્ગ, વર્ગણા, સ્પર્ધક...**' અજીવમાં ગયા. '**અધ્યાત્મસ્થાન,...**' એ બધા ભેદમાં ગયા. '**અનુભાગસ્થાન,...**' પર્યાયમાં એ બધા ભેદમાં ગયા. '**યોગસ્થાન, બંધસ્થાન, ઉદયસ્થાન, માર્ગણાસ્થાન, સ્થિતિબંધસ્થાન, સંક્લેશસ્થાન, વિશુદ્ધિસ્થાન, સંયમલબ્ધિસ્થાન, જીવસ્થાન અને ગુણસ્થાન...**' લ્યો. એ ભેદમાં ગયા. સમજાણું કાંઈ? સંભળાય છે બરાબર? શું કહ્યું? ત્રણ કહ્યાં, ત્રણ. નથી સંભળાતું.

જડ, વિકાર અને ભેદ. જડથી ભિન્ન અમૂર્ત, વિકારથી ભિન્ન વીતરાગ અને ભેદથી ભિન્ન

અભેદ. સમજાણું કાંઈ? **'એ બધાય (ભાવો) વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે,...'** એ બધાય ભાવો વ્યવહારથી અર્હંતદેવો જીવના કહે છે. **'તોપણ નિશ્ચયથી, સદાય જેનો અમૂર્ત સ્વભાવ છે...'** જુઓ, **'અને જે ઉપયોગગુણ વડે અન્યથી અધિક છે...'** પોતાના જ્ઞાતા-દ્રષ્ટાના ગુણથી, એના પોતાના સ્વભાવથી પરથી તદ્દન ભિન્ન છે. **'એવા જીવના તે સર્વ નથી,...'** એ જીવમાં બિલકુલ નથી. શરીર નથી, રંગ, રાગ નથી, ભેદ નથી. ગુણસ્થાનભેદ, જીવસ્થાનભેદ, લબ્ધિસ્થાન આદિ જીવના બિલકુલ નથી. એક સમયનો ભેદ જોઈને કહ્યું. એ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો અભેદ છે. સમજાણું કાંઈ?

**'કારણ કે એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.'** જુઓ, ભગવાન આત્મા અને રંગને એકરૂપ થવાનો અભાવ છે. એકરૂપ થવાનો અભાવ છે. બરાબર છે? રાગ, દયા, દાનના પરિણામને અને આત્માને એકરૂપ થવાનો અભાવ છે. એઈ..! દેવાનુપ્રિયા! હજી તો વચલાની ... વાંધો ભેદમાં છે. રાગાદિને આત્માની સાથે એકરૂપ થવાનો અભાવ છે. આ ભેદનો આત્માની સાથે એકરૂપ થવાનો અભાવ છે, તાદાત્મ્ય નથી એમ કહે છે. પેલી વાત તો હજી વચલા વર્ગની થઈ. એઈ..! સમજાણું કાંઈ? જરી વિચાર કરતાં જવું જોઈએ. એમ એકલું સાંભળવું-સાંભળવું કરતાં એની સાથે થોડો વિચાર રાખવો જોઈએ કે આ શું કહે છે? કેમ કહે છે? કેમ છે? એમ જરા લક્ષ હોય. એમ ને એમ સાંભળે તો એનો ભાવ જે રીતે છે એ ભાસે નહિ. સમજાણું કાંઈ?

જેમ સાકર શબ્દ કહે છે, તો સાકર ગાંગડો કેવો છે એ... શું કહે છે? ગાંગડો કહે છેને? ડલી. ગાંગડો આવો છે એમ ખ્યાલમાં આવવું જોઈએને. આવો છે, સફેદ છે એમ. આ ભેદ કહે છે એ શું છે? અને રાગ કહે છે એ શું છે? અજીવ કહે છે એ શું છે? અને એનાથી ભિન્ન કહે છે, અભેદ, અવિકાર અને અરૂપી એ શું છે? સમજાણું કાંઈ? આત્મામાં રંગ આદિનો સંબંધ, સંઘયણનો, હોં! સંસ્થાનનો અને કર્મનો અને નોકર્મનો, ભાષાનો, અને વર્ગ, વર્ગણાનો એક સમયનો સબંધ છે. સ્વરૂપ તો અમૂર્ત છે, એમાં છે જ નહિ. એક સમયનો દેખીને કહ્યું. રાગાદિ વિકલ્પ, દયા, દાન વિકલ્પ, શુભ-અશુભભાવ એક સમયની વિકૃત અવસ્થાની સ્થિતિ, આખા આત્મામાં એક સમયનો જોઈને વ્યવહારથી ઉપચારથી કહ્યું, આત્મામાં છે નહિ. ઈ તો વીતરાગપિંડ છે. ભગવાન તો વીતરાગી પિંડ ચિદાનંદ વીતરાગમૂર્તિ છે.

અને ગતિ, કષાય, લેશ્યા આદિના ભેદસ્થાન, માર્ગણાસ્થાન આદિ એક-એક સમયની અવસ્થાનું એ તો વર્ણન છે, ઈ તો ભેદ છે અંતર જોવાથી અભેદ દેખાય છે. એકલો આત્મા અખંડાનંદ પરથી ભિન્ન એવો અભેદ આત્મા છે એ દ્રષ્ટિથી એ ત્રણેય આત્મામાં છે જ નહિ. સમજાણું કાંઈ? આહા..હા..! મૂળ તત્ત્વ—વસ્તુ જ એવી છે. આ કંઈ ભગવાને કહી માટે એમ છે? ભગવાને વસ્તુ જ એવી જોઈ છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. ભેદ નથી. ઉપયોગગુણથી આમ અભેદ છે એમ કીધું. આમ લઈ લીધું છે. આ ઉપયોગ ને આ એમ નહિ. ઉપયોગગુણથી અભેદ અંદરમાં ગયો. એઈ..! ઉપયોગગુણ, ઉપયોગગુણ વડે અન્યદ્રવ્યોથી અધિક એવો જીવ. અહીંયા અભેદ દૃષ્ટિ લીધી છે. જ્ઞાન ઈ અભેદ એમ. જ્ઞાન તે આત્મા, જ્ઞાન તે આત્મા. જ્ઞાનલક્ષણ અને આત્મા એવો ભેદ પણ નહિ. જ્ઞાન એ આત્મા, ઉપયોગ એ આત્મા. ગુણ જ સ્વભાવ, ગુણ જ ગુણી, સ્વભાવ જ સ્વભાવવાન એમ લીધું છે. એઈ...! આહા..હા..! ગજબ વાત છે! ઓહો..હો..! ભાષા એવી. દિગંબર સંતોએ તત્ત્વને બાહ્ય મૂકવાની રીત, પ્રતીત કરવાની રીત અલૌકિક વાત! અલૌકિક વાત!!

**શ્રોતા :—** ગુણ-ગુણી ભેદ નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ ભેદ નહિ, ગુણ-ગુણી અભેદ થઈ ગયાને. આત્મા કોણ? જ્ઞાનગુણવાળો આત્મા, એમ. વાળો એટલે ભેદ નહિ. જ્ઞાનગુણથી અધિક. જ્ઞાનગુણથી આ આત્મા અધિક, એમ. જ્ઞાનગુણ આ અને જીવ આ, એમ પણ ન રહ્યું.

**શ્રોતા :—** કહેવામાં ભેદ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બોલવામાં તો કેમ બોલે? ભાષા શું છે? ઉપયોગગુણવડે અન્યદ્રવ્યથી અધિક જીવ, એમ. અંતર વળ્યો તો પરથી ભિન્ન થઈ ગયો એમ કહે છે. જ્ઞાનોપયોગ દ્વારા 'આ જ્ઞાન તે આત્મા' એમ વળ્યો તો અભેદ થઈ ગયો. ગુણ-ગુણી અભેદ જ છે. સમજાણું કાંઈ?

ભેદ, રાગ અને નિમિત્ત જડથી લક્ષ ખસેડી જ્યાં જ્ઞાનોપયોગ આ જાણનારો, જાણનારો તે જીવ, જાણનારો જીવ, જાણનારો જીવ, એમ. તો જીવ ઉપર દૃષ્ટિ ગઈ. સમજાણું કાંઈ? આ જ્ઞાનગુણ અને ધરનાર જીવ એમ પણ નહિ. ઉપયોગ દ્વારા કામ લીધુંને, કામ. ઉપયોગ દ્વારા આ જીવ. જ્ઞાન તે આ જીવ. ઉપયોગ દ્વારા ભેદ, રાગ ને નિમિત્ત જડ નહિ. સમજાણું કાંઈ? ઓહો..! વ્યવહાર નિશ્ચયનો વિરોધ કેમ મટે? અવિરોધ કઈ રીતે છે એનો ખુલાસો છે. પહેલાં કહ્યું હતુંને? જુઓ, '**तर्हि व्यवहारोऽविरोधक इति चेत्—**' કઈ રીતે અવિરોધ થાય? સમજ્યા? આ રીતે છે, ભાઈ! ઉપચાર કરીને તેના કહ્યા છે, વસ્તુમાં નથી. આહા..હા..!

સમ્યગ્દર્શનથી પોતાનો આત્મા અંદર પ્રતીતિમાં આવે છે, તો કહે છે કે એ તો અભેદ એકાકાર છે. ભેદ પણ નથી, રાગ પણ નથી અને કર્મ અને રંગ તો છે જ નહિ, એ તો એની પર્યાયમાં પણ નથી. રાગ અને ભેદ તો એક સમયની પર્યાયમાં છે. સમજાણું કાંઈ? રંગ, ગંધ, શરીર, સંઘયણ, રૂપ, વર્ગ, વર્ગણા એ તો એક સમય પણ આત્માની પર્યાયમાં નથી. પર્યાયના સંબંધમાં છે. આમ સંબંધ એક સમયનો છે. એવો સંબંધ. સમજાણું કાંઈ?

એક સેકંડનો અસંખ્યમો ભાગ એક સમય. એમાં રંગ, ગંધ, રસ, સ્પર્શનો સંબંધ, પર્યાયમાં તો છે જ નહિ. આમ પર્યાયમાં સંબંધ એક સમયનો અને રાગનો સંબંધ પણ પર્યાયમાં એક સમયનો જ છે. છે એની પર્યાય, પણ ત્રિકાળની અપેક્ષાથી એક સમયનો જ રાગ સંબંધ છે. આહા..! સમજાણું કાંઈ? એમ ભેદ છે—ગુણસ્થાનનો, માર્ગણાનો ભેદ છે એ ભેદ પણ છે એની પર્યાય, પણ એક સમયનો એટલો ભાગ છે, ત્રિકાળમાં નથી. સમજાણું કાંઈ? આ બધાની પરીક્ષા લીધી હોયને તો ખબર પડે, હોં! પછી કેટલા સાચા નીકળે. શેઠી! કેટલી વાર કહેવાય છે. આહા..! બહુ સરસ વાત, બહુ સરસ વાત.

'**એ વર્ણાદિ ભાવોને અને જીવને તાદાત્મ્યલક્ષણ સંબંધનો અભાવ છે.**' છે? છેલ્લા શબ્દો છે? ભગવાન આત્મા અને રંગ, રાગ અને ભેદની સાથે તાદાત્મ્યરૂપ નથી. તાદાત્મ્ય સમજ્યા? અગ્નિ અને ઉષ્ણતાનો તાદાત્મ્યરૂપસંબંધ છે એવો સંબંધ નથી. જળ અને દૂધ જેવું કહ્યું હતુંને? આ જળમાં દૂધ જેવું છે. તાદાત્મ્યસંબંધ નથી. જળ અને દૂધનો દૃષ્ટાંત આપ્યો હતોને. ઓહો..હો..! એમ રંગ આદિ, રાગાદિને અને ભેદ આદિ ગુણસ્થાનને જીવની સાથે તાદાત્મ્યલક્ષણ, તદ્‌સ્વરૂપલક્ષણ, તદ્‌ભાવલક્ષણ એવા સંબંધનો અભાવ છે. અધ્યાત્મ વાત સાંભળવામાં જરી વિચાર અને મંથન હોવું જોઈએ. સમજાણું કાંઈ? એમને એમ ભાષા સાંભળી લે એમ નહિ. અંદરથી આ શું છે, આ શું કહે છે એમ ભાવમાં જરી ખ્યાલ આવવો જોઈએ, ખ્યાલ. આ રીતે છે, આ રીતે છે.

કહે છે, ભગવાન જ્ઞાયકસ્વરૂપ ત્રિકાળની સાથે કર્મ તો એક સમયની પર્યાયમાં પણ નથી પણ એક સમયનો સંબંધ છે એટલું. પછી પર્યાયમાં રાગ છે એ પણ ત્રિકાળની સાથે એક સમયનો જ સંબંધ છે. રાગ એક સમય રહે છે, બીજા સમયે બીજો. ગુણસ્થાનનો ભેદ પણ (નથી). ગુણસ્થાનનો કાળ ગમે તેટલો હો. ક્રોડ પૂર્વ તેરમા ગુણસ્થાનમાં છે, પણ ગુણસ્થાનની પર્યાય તો એક સમયની છે, એમ કહે છે. સમજાણું કાંઈ? એ પર્યાયનો ત્રિકાળીની સાથે તાદાત્મ્યસંબંધ નથી. કહો, દાસ! ખિહર છે આજે, નહિ? એટલે રજા હશે. ... સૌ પોતાના લાભનું કરતાં હોય. લાભ તો નથી કંઈ પણ માને છે એમ.

'**ભાવાર્થ :— આ વર્ણ...**' વર્ણ એટલે રંગ. '**વર્ણથી માંડીને ગુણસ્થાનપર્યંત...**' રંગથી શરૂ કરીને ગુણસ્થાનપર્યંત, ચૌદ ગુણસ્થાનપર્યંત. '**ભાવો સિદ્ધાંતમાં જીવના કહ્યા છે...**' શાસ્ત્રમાં ભગવાને વ્યવહારની કથનની શૈલીમાં એને (જીવના) કહ્યા છે. '**તે વ્યવહારનયથી કહ્યા છે;....**' જુઓ, ભગવાને કહ્યા છે, હોં! પાછા. ભગવાને કહ્યા છે, ભગવાને કહ્યા છે. સાંભળને પણ. વ્યવહારથી ભગવાને ઉપચાર કરીને કહ્યું છે. '**નિશ્ચયનયથી તેઓ જીવના નથી...**' ભગવાન આત્મામાં પુણ્ય-પાપના ભાવ અને ભેદ અને કર્મ છે જ નહિ. '**કારણ કે જીવ તો પરમાર્થે ઉપયોગસ્વરૂપ છે.**' જુઓ, ઉપયોગસ્વરૂપ. પરમાર્થે ઉપયોગસ્વરૂપ.

ઉપયોગવાળો એમ પણ નહિ, ઉપયોગસ્વરૂપ જ છે. જાણન-દેખન ઉપયોગ ત્રિકાળ જ્ઞાયકસ્વરૂપ. એને ભગવાન ખરેખર આત્મા કહે છે. લ્યો. બે મિનિટ વધારે છે નહિ આમાં? પછી સમું નથી કર્યું. નહિ? અહીં બરાબર છે. લ્યો. પછી કહેશે, લ્યો થઈ ગયો વખત...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, શ્લોક-૧૬૩
## પ્રવચન નં.૧૪૪, તા.૩૦-૮-૧૯૬૫
## (૧૨)

આ સમયસાર કળશ, બંધ અધિકાર ચાલે છે. એનો પહેલો શ્લોક મંગળિકનો શ્લોક છે. બંધ અધિકારમાં આત્માને અનાદિથી કર્મના નિમિત્તનો સંબંધ અને વિકારભાવનો ભાવસંબંધ એવો જે બંધ, 'એ બંધ મને છે' એવો મિથ્યાત્વભાવ. શું સમજાય છે? સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં દ્રવ્યસ્વરૂપ અબંધસ્વરૂપ—મુક્તસ્વરૂપ છે. સમજાય છે કાંઈ? આ આત્મદ્રવ્ય જે વસ્તુ છે એ પરમાત્મસ્વરૂપ જ છે એનું. શક્તિએ અથવા સત્ત્વે સત્‌નું સત્ત્વ—સત્ એવો આત્મા એનું સત્ત્વ એ તો પરમાનંદ જ્ઞાયકભાવ જ એનું સત્ત્વ છે. એટલે કે જ્ઞાયકભાવ એનું સત્ત્વ તે અબંધસ્વરૂપ—નાસ્તિથી કહીએ તો અબંધસ્વરૂપ, અસ્તિથી કહીએ તો મુક્તસ્વરૂપ છે. એ આત્માને મને આ બંધ છે—અબંધસ્વરૂપ, મુક્તસ્વરૂપ એમાં રાગનો, વિકારનો મને બંધ છે એ મિથ્યાત્વભાવ છે. ભાઈ!

રાતનો પ્રશ્ન વળી એ મગજમાં અત્યારે આવી ગયોને. આહાહા..! નિઃશંક પહેલો બોલ આવ્યો છે. આત્માને બંધના કરનાર એવા શંકાનો કરનાર એવો મિથ્યાત્વભાવ. એટલે? ભગવાન આત્મા અંતર વસ્તુસ્વરૂપે—પદાર્થસ્વરૂપે—વિજ્ઞાનઘનભાવસ્વરૂપે મુક્ત છે અર્થાત્ રાગનો અને નિમિત્તનો બંધરૂપ સંબંધ, બંધરૂપ સંબંધ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? એવા આત્માને બંધ રાગ-વિકારનો મને સંબંધરૂપ બંધ—સંબંધરૂપ બંધ—સંબંધરૂપ બંધ... સમજાય છે કાંઈ? જરી શાંતિથી સમજવા જેવી વાત ઝીણી પડે એમ ન લેવું. ઝીણી એના ઘરની વાત છે એટલે ઝીણી ન હોય, પણ એણે અનાદિથી માની રાખ્યું છે કે 'હું આ કોણ છું અને આ શું થાય છે' એની એને ખબર નથી.

આચાર્ય મહારાજ આ શ્લોકમાં મહામંગળિક કરે છે પહેલું. છેલ્લા શબ્દને પહેલો મૂક્યો છે. નહિતર અધિકાર બંધનો છે, પણ બંધને ઉડાવનાર જ્ઞાનની વ્યાખ્યા કરીને બંધની વ્યાખ્યા કરશે. આહાહા..! સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સેકન્ડના અસંખ્યભાગમાં પૂર્ણ વસ્તુ અનંતઆનંદ, અનંતજ્ઞાન, અનંત બેહદ વીર્ય, અપરિમિત સ્વચ્છતા આદિ અનંત ગુણસ્વરૂપ એ વસ્તુ છે. એ તો અબંધસ્વરૂપ રાગ અને કર્મના અબંધસ્વરૂપ એટલે કે મુક્તસ્વરૂપ (છે). એવા પદાર્થને અનાદિથી એ વિકારની કલ્પના જે અશુદ્ધ વિકાર એ શુદ્ધસ્વભાવ સાથે સંબંધ-બંધ ધરાવે છે એવી માન્યતા તેને મિથ્યાદૃષ્ટિપણું કહે છે. આહાહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધસ્વરૂપી પરમાનંદની પરમધામમૂર્તિ એને અશુદ્ધ પરિણમનસહિત માનવો, એને વિકારી પરિણામસહિત, એકલો વિકારી સહિત પરિણામના સંબંધસહિત માનવો એનું નામ જ મિથ્યાભ્રાંતિ અને અજ્ઞાન અને મિથ્યાદૃષ્ટિપણું છે. વજુભાઈ! બહુ ઝીણું પણ. સમજાય છે કાંઈ? એ સમયસારમાં નિઃશંક આચાર-લક્ષણ-અંગ સમકિતનું વર્ણવતા એમ ભગવાન અમૃતચંદ્રાચાર્યે કુંદકુંદાચાર્યની ગાથાની ટીકા કરતાં એમ કહ્યું કે... સમજાણું? બતાવ્યું હતું રાતે? નવરંગભાઈ હતા? નિઃશંક બોલ છેને? જુઓ,

જીવ કર્મબંધસંબંધી શંકા કરનારા. એટલે કે જે ખરેખર કર્મ વડે બંધાયો છે એવો સંદેહ, એવો જે ભય એવો મિથ્યાત્વાદિ ભાવ. સમજાણું કાંઈ? વ્યવહારથી બંધાણો છે એનો અર્થ કે પરમાર્થે બંધાયેલો નથી. આહાહા..! રાડ નાખે છે અત્યારે. અરે..! અત્યારે બંધાયેલો છે. ભાઈ! વસ્તુ તો વસ્તુ છે. ચૈતન્ય ગાંઠ, આનંદની ગાંઠ, આનંદનો ગાંગડો ભગવાન આત્મા એ આનંદસ્વરૂપ વસ્તુસ્વરૂપ બંધાય તો એનો અર્થ થયો કે વસ્તુનો અભાવ થાય. વસ્તુ બંધાય તો વસ્તુનો અભાવ થાય. બંધમાં એટલે વસ્તુ જે રીતે છે (એ) બંધાય તો એ વસ્તુનું વસ્તુપણું જ ન રહે. શોભાલાલભાઈ! ધ્યાન રાખવા જેવું છે હોં આ બધું. બીડી-તમાકુમાં તો સહેલું પડી ગયું અંદર. ...જી! ઓલામાં તરત મગજ કામ કરે. આખો દી એનું એ કર્યું હોય તે. એમાં વળી પાછી ગુજરાતી ભાષા. ધ્યાન બહુ રાખે ત્યારે માંડ પકડાય.

કહે છે, પ્રભુ! કહે છે, પ્રભુ પ્રભુને. આહાહા..! ભાઈ! તારું સ્વરૂપ તો અબંધસ્વરૂપ છેને. ભગવાન તું બંધાયેલો એ તને કલંક અને મિથ્યાત્વભાવ છે. આહાહા..! શું કહ્યું જુઓ. શંકાના કરનાર એવા? કર્મબંધસંબંધી મને બંધ છે એવો મિથ્યાત્વાદિ ભાવ. સમજાણું કાંઈ? નિયમસારમાં લીધુંને ભાઈ શંકા. આપ્તપુરુષ શંકારહિત છે. સર્વજ્ઞદેવ ત્રિલોકનાથ પરમાત્મા શંકારહિત છે. શંકા એટલે કે મિથ્યાત્વ અને રાગ-દ્વેષ તેનું નામ શંકા. શંકાની વ્યાખ્યા જ એવી કરી છે પદ્મપ્રભમલધારીદેવ મુનિએ કે આપ્ત એટલે શંકારહિત. મારે તો અહીંયાં આપ્ત એટલે સમકિતી પણ શંકારહિત (છે) એમ સિદ્ધ કરવું છે અત્યારે તો. આપ્તમાં આવી જાય છે એ. સમજાય છે કાંઈ? આહાહા..!

વસ્તુ ભગવાન આત્મા આપ્ત એટલે શંકારહિત. શંકા એટલે મિથ્યાત્વ અને રાગ-દ્વેષભાવ, ત્રણ રહિત તે શંકારહિત તે સર્વજ્ઞ પરમાત્મા. અને નીચલી દૃષ્ટિમાં-સમ્યગ્દર્શનમાં આપ્ત એવો જે આત્મા સમ્યગ્દૃષ્ટિ જીવ શંકારહિત છે. એટલે કે મિથ્યાત્વની શંકા કે 'બંધાયેલો છું' એવી શંકારહિત છે. 'હું અબંધસ્વરૂપ છું, મુક્તસ્વરૂપ છું' એવી સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિમાં અબંધસ્વભાવી આત્મા પ્રતીતમાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ?

એટલે કહે છે, અહીંયાં બંધ અધિકાર બતાવતા. ભગવાન આત્મા '**ज्ञानं समुन्मज्जति**' પહેલો શબ્દ છે. કાલે અર્થ થઈ ગયો છે. થોડો વળી ભરતીની અપેક્ષાએ આજ અર્થ બીજો આવે છે થોડો. એટલે કે ભગવાન આત્મા એ રાગના સંબંધવાળો એકલો એ મિથ્યાત્વભાવ

છે. કર્મના વ્યવહાર સંબંધવાળો એકલો એ મિથ્યાત્વભાવ છે. એ મિથ્યાત્વભાવને જ્ઞાન છેદે છે. મિથ્યાત્વભાવમાં જ્ઞાન-દર્શન-આનંદ આદિની વર્તમાન પરિણતિ, પરિણતિ-પર્યાય એ ઓટમાં છે. ઓટ સમજ્યા? પાણી પાછું ફરેને દરિયાનું? ભાઠા. એ મિથ્યાદષ્ટિમાં વર્તમાન જ્ઞાન-દર્શન-આનંદ આદિની પર્યાય એ પાછી હઠી (છે), સંકોચપણે પરિણમી ગઈ છે. સંકોચપણે પરિણમી ગઈ છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શનમાં ભગવાન આત્મા એક સમયમાં 'શુદ્ધ પૂર્ણાનંદ છું' એવી અંતરમાં સ્વસન્મુખની સમ્યક્ સત્ય એટલે જેવું પૂર્ણ સત્યસ્વરૂપ છે તેની અંતરમાં પ્રતીતિ, જ્ઞાનના ભાન થઈને. જ્ઞાનના ભાન થઈને એટલે? કે આ વસ્તુ શું છે એનું જ્ઞાનનું જ્ઞાન કરીને જે અંદર પ્રતીતિ થઈ એને સમ્યગ્દર્શન કહે છે. એ સમ્યગ્દર્શનમાં '**ज्ञानं समुन्मज्जति**' જ્ઞાન ઉછળે છે.

મિથ્યાત્વમાં.. જ્ઞાન શબ્દે આખો આત્મા હોં! જ્ઞાનનો અર્થ એ કર્યો છેને શુદ્ધ જીવ. ભાઈ! જ્ઞાન એટલે શુદ્ધ જીવ, અજ્ઞાન એટલે અશુદ્ધ જીવ. 'અશુદ્ધપણું જે છે એટલો જ હું, એ હું' એ મિથ્યાત્વભાવ એમાં આત્માની અનંત-અનંત પર્યાય સંકોચમાં, સંકોચમાં શું કહેવાય? ઓટમાં ઓટમાં પાછી ફરે છે. પરિણતિ ઓછી, સંકોચ અને હીણી થાય છે. સમજાય છે કાંઈ? ત્યારે ભગવાન આત્મા એક સમયમાં પૂર્ણ શુદ્ધ અને આનંદ અનાકુળ જ્ઞાનમૂર્તિ આત્મા એટલે શુદ્ધ વસ્તુ છું હું. એમ અંતર દષ્ટિ થતાં '**ज्ञानं समुन्मज्जति**' એ અનંતા ગુણોની પર્યાય, ભરતી જેમ આવે દરિયામાં કાંઠે, એમ પર્યાયમાં સમ્યગ્જ્ઞાન આદિની ભરતી આવે છે. આહાહા..! સમજાય છે કાંઈ? બીજી બધી લાખ વાત હો પણ આ વાત કર્યા વિના એનો કોઈ દી કલ્યાણ ન થાય. વજુભાઈ!

કહે છે, આત્મા ઉછળ્યો. આત્મા ઉછળ્યો એટલે કે જ્યાં આત્માને અંતરમાં પોતાને પોતે કેવડો એનું જ્યાં ભાન અને પ્રતીત આવી એટલે ભરોસે ભગવાન ઉછળ્યો. એનો ભરોસો આવ્યો કે આ તો અનંતજ્ઞાન આનંદની મૂર્તિ છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા એક સમયની અંદર અનંતા-અનંતા ગુણનો પિંડ શુદ્ધ છે. એ ઘણીવાર કહેવાણું છે એ સંખ્યા. આકાશના પ્રદેશની અમાપતા કરતાં એક જીવમાં અનંતગુણા ગુણ છે. એ અનંતા-અનંતા ગુણો મિથ્યાત્વભાવમાં સંકોચપણાને પામે છે. કેમકે બંધપણું સ્વીકારતા અબંધસ્વભાવ ઢંકાઈ જાય છે. સમજાણું કાંઈ?

ભગવાન વસ્તુ શુદ્ધ ચિદાનંદ અબંધ મુક્તસ્વરૂપ એને બંધપણાની માન્યતાથી એ અનંતા ગુણનું પરિણમન હીણું-હીણું થઈ જાય છે. હીણું થતાં-થતાં તીવ્ર મિથ્યાત્વનો ભાવ હોય તો નિગોદની હીણી દશાપણાને પ્રાપ્ત થઈ જાય છે. સમજાણું કાંઈ? એ જ ભગવાન આત્મા '**શુદ્ધ જીવ પ્રગટ થાય છે.**' એટલે કે શુદ્ધ જીવ સમ્યક્ પ્રકારે '**समुन्मज्जति**' ઉછળે છે. ક્યારે? કે ભગવાન આત્મા 'અબંધસ્વરૂપે હું છું' એવી અંતર દષ્ટિ થઈ, 'રાગ ને નિમિત્તનો સંબંધનો બંધ મારા મૂળ સ્વરૂપમાં જ નથી' આહાહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન

આત્મા એક સમયમાં જ્ઞાયકમૂર્તિ પ્રભુ હું આત્મા છું. આત્મા એટલે શુદ્ધ વસ્તુ છું. શુદ્ધ વસ્તુ એટલે પરમાનંદ આદિ ગુણોની એકલી ખાણ છું. એમ અંદરમાં પ્રતીત થતાં-સમ્યક્ થતાં, એનું જ્ઞાનનું જ્ઞાન થતાં એ આત્મા ઉછળે છે એમ કહે છે. ફૂવારો જેમ ફાટે. ફૂવારાને આમ દબાણ કરે અને જેમ ફાટે, એમ શ્રદ્ધાનું દબાણ અંદરમાં થયું 'હું આવડો મોટો છું' ત્યારે શક્તિની વ્યક્તિ ઉછળે છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'જ્ઞાન અર્થાત્ શુદ્ધ જીવ પ્રગટ થાય છે.'** એનો અર્થ કે શુદ્ધ જીવ ઉછળે છે. શેમાં? દ્રવ્યપણે ઉછળે છે એમ નહિ. એ પર્યાયપણે એ આત્મા સમ્યગ્જ્ઞાન-દર્શન-શાંતિ આદિની પર્યાયપણે વસ્તુ આત્મા અખંડાનંદ અબંધસ્વરૂપ છું એમ સમ્યગ્દર્શનમાં ભાન, જ્ઞાન થતાં એ વસ્તુનો ભરોસો ભગવાનનો આવ્યો. ભગવાનનો ભરોસો આવ્યો કે હું તો ભગવાન છું. નવનીતભાઈ! ભારે વાત, ભાઈ! એ ભરોસે ભગવાનના પર્યાયમાં ભેટા થાય અને એ ભરોસે ભગવાન આત્માની પર્યાય ઉછળે, ભરતી આવે ભરતી. પછી શરીર ન હોય, ઇન્દ્રિય ન હોય. સમજાય છે કાંઈ? આ બહારના જાણપણા ન હોય શાસ્ત્ર આદિના. ચંદુભાઈ! આહાહા..! અમરચંદભાઈ! શું વાત કરે છે આ?

ભગવાન આત્મા એ પૂર્ણાનંદનો નાથ સહજાનંદ સ્વરૂપ એવો અબંધસ્વભાવભાવ, મુક્તસ્વભાવભાવ પ્રતીત અને શ્રદ્ધામાં, જ્ઞાનમાં લેતાં એ ભગવાન આખો આત્મા પર્યાયમાં અનંતગુણની પરિણતિએ પર્યાયથી ઉછળે છે. સમ્યક્શ્રદ્ધા, સમ્યગ્જ્ઞાન, સમ્યક્શાંતિ, આનંદ, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા વગેરે અનંતગુણની પર્યાય સમ્યક્ (થતાં ઊછળે છે). તેથી શ્રીમદ્ કહે છે સમ્યગ્દર્શન એટલે સર્વગુણાંશ તે સમકિત. સમકિત એટલે સર્વગુણાંશ તે સમકિત. અમરચંદભાઈ! આહાહા..! જેટલા એના અનંતા ગુણો છે એનું જ્યાં આમ પ્રતીતનું ભાન થયું (તો) એ અનંતા ગુણોની નિર્મળતાનો અંશ પ્રગટ ઉછળે છે. એ મન મોળા પડે તો એ ઉછળવું બંધ ન પડે કે ઇન્દ્રિય મોળી પડે પણ એ ઉછળવું બંધ ન પડે. આ શરીર જીર્ણ થઈ જાય, આ સાંભળવાની લાયકાત ન રહે પણ એ ઉછળવું બંધ થાય નહિ. સમજાય છે કાંઈ? અને એ ઉછળ્યા વિના દૃષ્ટિના ભાન વિના મિથ્યાત્વભાવમાં બંધસહિત એની દૃષ્ટિ પડી છે ત્યાં ચાહે જેટલા જ્ઞાનનો ઉઘાડ ક્ષયોપશમ થઈ જાય, પણ એ બધું ઓટમાં જાય છે, ભરતીમાં નહિ. આહાહા..! સમજાય છે કાંઈ?

એ મન અને ઇન્દ્રિયો દ્વારા જાણેલા જ્ઞાન એ ભરતીમાં કામ ન કરે. દરિયામાં જ્યારે ઓટ આવતો હોય.. સમજાય છે કાંઈ? ત્યારે બહારની હજાર નદીઓના પાણી પડે પણ એ ઓટમાં ભરતી ન લાવી શકે; અને જ્યારે દરિયામાં મધ્યબિંદુથી જ્યારે ભરતી આવતી હોય કાંઠે... ભરતીને શું કહે છે? શોભાલાલજી! બાઢ, જ્વાર. ત્યારે કદાચિત બહારમાં ૧૧૮ ડિગ્રીનો ધોમ તડકો હોય પણ એની ભરતીને કોઈ રોકી શકે નહિ. સમજાણું કાંઈ? એમ ભગવાન આત્મા એ દરિયાના પ્રસિદ્ધ ન્યાયે... સિદ્ધ પ્રસિદ્ધં નથી આવતું? આવે છેને?

પ્રસિદ્ધં સિદ્ધં આવે છેને? સ્તુતિમાં આવે છે. પ્રસિદ્ધ છે. એમ ભગવાન આત્મા.. આ આત્મખ્યાતિ છે આનું નામ. આ ટીકાનું નામ આત્મખ્યાતિ છે. આ ટીકાનો કળશ છે એટલે આત્મખ્યાતિનો (કળશ છે). આત્મખ્યાતિ એટલે આત્મપ્રસિદ્ધિ. આ કળશ એનો આત્મપ્રસિદ્ધિ. કે ભગવાન આત્મા ઈન્દ્રિયો અને શરીરના બધા સાધન પાકા પૂરા સરખા હોય, પણ જેની દૃષ્ટિ 'હું બંધમાં છું, રાગમાં છું, નિમિત્તમાં છું એટલે વ્યવહારબંધમાં (છું)' એવી દૃષ્ટિ પડી છે એને ઈન્દ્રિયો અને શરીર ગમે તેટલા સરખા સાધનમાં હો અને શાસ્ત્ર વાંચી-વાંચીને ગમે તેટલા જાણપણા કરે પણ એની પર્યાયમાં તો ઓટ જ છે, ભરતી નથી. સમજાણું કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા એ ચૈતન્યના તેજના પ્રકાશનો સૂર્ય પ્રભુ, જ્ઞાન શબ્દ વાપર્યો છેને. પરમભાવ ગ્રાહકથી આત્માને ઓળખાવ્યો છે. એ શુદ્ધ પ્રભુ, શુદ્ધ પ્રભુ શુદ્ધ ચેતનાનો સહજાત્મ પ્રભુ સ્વામી એ જ્યાં અંતરમાં દૃષ્ટિ સમ્યક્ થઈ, કહે છે કે ઈન્દ્રિયો શરીર મોળા હોય, શાસ્ત્રના જ્ઞાન ન હોય, આ બહારની વાત ધારણામાં વધારે કાળ રહી શકતી ન હોય, સમજાણું કાંઈ? પણ એક યાદ આવી ગયું અંદરમાં કે 'આ ચિદાનંદ મારો આત્મા પરમાત્મા છે' એના અવગ્રહ, ઈહાના ધારણામાં, એની ધારણામાં બહારની ધારણા ઓછી-વત્તી એની સાથે કાંઈ સંબંધ નથી. આહાહા..! સમજાય છે કાંઈ?

ભરતી નિત્ય નિરંતર (રહે). એ કેવળજ્ઞાન લીધે છૂટકોઅળ સમજાણું કાંઈ? એ બીજ ઉગી એ પૂનમ થયે છૂટકો. ત્રણકાળમાં ફરે નહિ એ. એ બાપનો જે માએ દીકરો જન્મ્યો એ પેટમાં પાછો ન જાય. સમજાય છે કાંઈ? એ ભગવાન આત્માએ પ્રજાને જન્મી છે. એ રાગે અને નિમિત્તે નહિ. શું કીધું? એ બાપે દીકરો જન્મ્યો આ તો. મા તો જન્માવે, આ તો બાપ દીકરાને જન્માવે. જગતની વાતથી ઊંધી વાતું આ. સમજાણું કાંઈ? ભગવાન એવો આત્મા પિતા-બાપ આ એણે પ્રજાની પર્યાયમાં સમ્યગ્દર્શન-જ્ઞાનના ઉછાળાની પ્રજા પ્રગટ કરી. એ બહાર આવી એ જાય ક્યાં હવે? સમજાણું કાંઈ? પ્રવિણભાઈ! આ તો દુનિયાથી ઊંધું છે, ભાઈ! દુનિયા કહે કે મા જન્મ (આપે), અહીં કહે કે બાપ જન્માવે છે. આહાહા..! અમરચંદભાઈ! બાપ કોણ? પિતા આત્મા. એના સમ્યગ્દર્શન-જ્ઞાન થતાં પ્રજાના પર્યાયના ઉત્પત્તિ કરનારો ભગવાન આત્મા. એ પ્રજા જન્મી એ જન્મી, એ પ્રજા પાછી ફરે નહિ. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! **'ज्ञानं समुन्मज्जति'** **'શુદ્ધ જીવ પ્રગટ થાય છે.'** લ્યો, વળી કાલથી બીજો અર્થ થોડો આવ્યો આ. ચંદુભાઈ! આ બધું લઈને આવ્યા હોયને, સૌ પાછા પુણ્ય લઈને આવ્યા હોય કે નહિ સૌ સાંભળનારા? **'ભાવાર્થ – અહીંથી શરૂ કરીને શુદ્ધ સ્વરૂપનું કહે છે.'** શું કહે છે? હવે અહીંથી શરૂઆત શુદ્ધ જીવની કરીએ છીએ.

**'કેવું છે શુદ્ધ જ્ઞાન?'** અથવા કેવો છે શુદ્ધાત્મા? એમ. કેવો છે ભગવાન આત્મા?

અથવા કેવું છે શુદ્ધ જ્ઞાન? અથવા કેવું છે શુદ્ધ દ્રવ્ય? અથવા કેવો છે શુદ્ધ જીવ? 'आनन्दामृतनित्यभोजि' એ '**અતીન્દ્રિય સુખ, એવી છે અપૂર્વ લબ્ધિ, તેનું નિરંતર આસ્વાદ...**' એ ધર્મી જીવનો, એ આત્માનો નિત્ય આનંદનો ભોજી આત્મા છે. આહાહા..! જેને ઘરે નિત્ય આનંદના જ, અમૃતના જ ભોજન થાય છે. આહા..! પાકે તો આનંદ જ પાકે છે કહે છે. આહાહા..! વજુભાઈ! ત્યાં ક્યાં સાંભળવાનું પૈસામાં મળે એવું છે? એવું છે આ ત્યાં? ત્યાં તો આ કરવું ને આ કરવું.. ચિંતા.. ચિંતા... કેટલી ચિંતા? ખબર પડી તો હશેને બધી ખબર છે કે નહિ એને? બધું અનુભવ્યું છે કે નહિ આ બધું? પણ ચિંતા તો આવે કે નહિ? હુશિયારી શું કરે? સંસારમાં બખાડા એવા હોય છે એમાં એ ચિંતા મારીને ગડમથલ ઊભી કરે. ભગવાન આત્મા ગડમથલ વિનાની ચીજ છે. સમજાય છે કાંઈ?

કહે છે કે કેવો છે ભગવાન? એ સમ્યગ્દર્શન થતાં આત્મા કેવો થયો? મિથ્યાદર્શનમાં નિત્ય દુઃખનો ભોગવનાર હતો. મિથ્યાશ્રદ્ધામાં 'રાગ ને પુણ્ય ને શરીર ને ક્રિયા ને કર્મ હું' એવી માન્યતામાં નિત્ય દુઃખનો જ ભોક્તા આત્મા હતો, પણ એના એ નિજ સ્વાદના ભોજન ન કહેવાય એ, એ તો ઊલટી વમન કરેલા ખોરાકના ભોજન કરનારો (છે). આહાહા..! સમજાય છે કાંઈ? જે પુણ્ય અને પાપ ભાવબંધ એનું મારું સ્વરૂપ એવી માન્યતામાં તો એકલો દુઃખનો જ ભોકતા એ હતો. દુઃખ જ એનું ભોજન હતું-દુઃખ જ એનું વેદન હતું. આહાહા..! સમજાય છે કાંઈ? પછી કરોડોપતિ, અબજોપતિ કહે લોકો એને. ભગવાન કહે છે એ એકલો દુઃખનો જ ભોગવનારો હતો. દેડિયાજી! સાચી વાત? આ બધા પૈસાવાળા કહેવાય છેને?

અહીં આચાર્ય કહે છે, ભગવાન ત્રિલોકનાથ પરમાત્મા પરમાત્માનું સ્વરૂપ કહે છે. બાપુ! તું પરમાત્મા છોને. મારી સાથે હોડમાં બેસનારો તું અને કઈ હોડમાં ચાલ્યો ગયો તું? સમજાય છે કાંઈ? કઈ પંક્તિમાં તું ગયો? નિગોદની ગતિની પંક્તિના શ્રેણીમાં ગયો. ભગવાન! એ તારી જાત નથી, ભાઈ! સમજાય છે કાંઈ? એ મિથ્યાત્વભાવ રાગાદિ એકલો બંધસ્વરૂપ અબંધ ભગવાનનો અનાદર કરનાર, મુક્તસ્વરૂપ પ્રભુ એનો અનાદર એની અશાતના, એનો તિરસ્કાર કરનાર જીવ અનાદિનો ચાહે તો ચક્રવર્તીના રાજમાં મિથ્યાદષ્ટિ દેખાય કે ચાહે તો નવમી ગ્રૈવેયકના અહમિન્દ્ર તરીકે દેખાય, પણ એ દુઃખનો જ ખોરાક એનો હતો, આહાહા..! દુઃખનું જ ભાજન હતો, દુઃખનો જ ભોક્તા હતો, દુઃખનો જ પાત્ર હતો, દુઃખનું જ વેદન કરનાર એકલો હતો. આહાહા..! આ દિગંબર સાધુ થાય દ્રવ્યલિંગી મિથ્યાદષ્ટિ કે જે પુણ્યના રાગથી ધર્મ માને, દેહની ક્રિયાથી ધર્મ માને એવો મિથ્યાદષ્ટિ બહારમાં અઠ્યાવીશ મૂળગુણ પાળતો દેખાય, કહે છે કે એ નિત્ય દુઃખનો જ ભોક્તા છે. આહાહા..! સમજાણું કાંઈ?

સચ્ચિદાનંદ પ્રભુ સત્ નામ શાશ્વત જ્ઞાન અને આનંદનો ભંડાર ભગવાન, એનો અનાદર કરીને એ રાજા થયો હોય, નવમી ગ્રૈવેયકનો અહમિન્દ્ર થયો હોય કે દિગંબર સંત સાધુ થયો

હોય, પણ જેણે ભગવાન પૂર્ણાનંદ અબંધ સ્વભાવનો આદર કર્યો નથી, એકલા બંધભાવનો આદર કરીને પડ્યો છે એ દુઃખનો જ ભોક્તા છે. આહાહા..! એગંત સુખી મુનિ વીતરાગી. આવે છેને એવું? એ વીતરાગી એટલે આ નહિ. લોકો એમ કહે, બહારથી નીકળીને બેઠા ઓહો..! એકાંત સુખી મુનિ વીતરાગી. ન્યાલભાઈ! આવે છે કે નહિ? એમ બોલાય છે. એમાં શ્લોકો આવે છે.

ભગવાન! એકાંત સુખી વીતરાગની વ્યાખ્યા શું? એનું સ્વરૂપ શું? ભગવાન આત્મા 'કર્મના વ્યવહારબંધ ને અશુદ્ધનો નિશ્ચયબંધ એ વિનાનું અબંધ મારું સ્વરૂપ છે' એવા અનુભવની દૃષ્ટિ ઉપરાંત જેને શાંતિની, ચારિત્રના ઓડકાર જેને ઉત્કૃષ્ટ આવે છે એને વીતરાગી સાધુ ને મુનિ કહેવામાં આવે છે. તે મુનિ એકાંત વીતરાગ સુખના ભોગનારા છે. આહાહા..! 'એગંત સુખી મુનિ વીતરાગી.' આ વીતરાગી. બાયડી, છોકરા છૂટી ગયા, બહાર એકલો જંગલમાં રહે માટે વીતરાગી થઈ ગયો? જેના એક રાગના પુણ્યના કણને પણ જે ભલો માને છે એ ભાવબંધવાળો જીવ માનનાર મિથ્યાદૃષ્ટિ મૂઢ એકલો દુઃખનો જ અનુભવ કરનાર છે. સમજાણું કાંઈ? બરાબર સંભળાય છે? એમ. ઠીક. કાને સંભળાતું નથી. આહાહા..!

'**आनन्दामृतनित्यभोजि**' ભગવાન આત્માના પોતાના શુદ્ધ સ્વરૂપને અંતરમાં પ્રતીતિ અને તેનો આદર કરતાં જે વિકારનો આદર દૃષ્ટિમાં અનાદિથી દુઃખ ભોક્તામાં જે હતો, તે નિત્યાનંદ પ્રભુનો અંતર સ્વીકાર થતાં જેની પર્યાયમાં નિત્ય આનંદનું ભોજન પાકે અને તેને પોતે અનુભવે છે. આહાહા..! સમજાણું કાંઈ? '**અતીન્દ્રિય સુખ, એવી છે અપૂર્વ લબ્ધિ,...**' આહાહા..! શું કહે છે અર્થ પણ કર્યા છેને! ભાઈ! એ ભગવાન આત્માનું સમ્યગ્દર્શન થયું એને આનંદની અપૂર્વલબ્ધિ પર્યાયમાં થઈ. એને અપૂર્વ કહેવામાં આવે છે. બાકી કોઈ અપૂર્વ કહેવામાં આવતું નથી. પાંચ, પચાસ લાખ ધૂળ લાખ મળી કે મોટો દેવ અહમિન્દ્ર થયો કાં દુનિયામાં આબરૂએ પંકાયો કે દુનિયામાં વખાણે વખાણને દાંતે ચડી ગયો. બત્રીશે ચડ્યો એમ. દુનિયામાં કહેને, બત્રીશે ચડ્યો એટલે બધા વખાણ કરવા લાગ્યા. આ બત્રીશી દાંત છેને વખાણ કરે સૌ. એમ કહે છે અમારા કાઠિયાવાડમાં. અમરચંદભાઈ! આ બત્રીશ દાંત છેને? તો જેના વખાણ કરે એ બત્રીશે ચડ્યો કહેવાય. દુનિયાની પ્રશંસાએ ચડ્યો એ કાંઈ અપૂર્વલબ્ધિ નથી, એ કાંઈ અપૂર્વ ચીજ નથી. સમજાણું કાંઈ? આહાહા..!

કહે છે, '**અપૂર્વલબ્ધિ,..**' ઓહો..! અમૃતની વ્યાખ્યા જ અપૂર્વલબ્ધિ કરી. એ સજીવન આત્મા થયો. સંજીવની ઔષધિ જેણે પીધી. આહાહા..! જેનું જ્ઞાન અને આનંદ પૂર્ણ સ્વભાવ સાવધાનપણે, સાવધાનપણે સમયપણે આત્માપણે થયો. કહે છે કે એ અપૂર્વલબ્ધિમાં સંજીવનીથી જીવતો થઈ ગયો. એ જીવતો થઈ ગયો એમ કહે છે. રાગ ને પુણ્યની એકતામાં બંધમાં એ મરી ગયો હતો. આહાહા..! સમજાય છે કાંઈ? પૂર્ણાનંદના સ્વભાવનો સ્વીકાર નહિ અને એકલા રાગનો સ્વીકાર ત્યાં પૂર્ણાનંદને પર્યાયમાં મારી નાખ્યો એણે. '**आत्महनो भवंति**'

એ આત્માને એણે હણી નાખ્યો પર્યાયમાં હોં, દ્રવ્યમાં કાંઈ હણાતુ નથી. સમજાણું કાંઈ?

કહે છે, અહો..! અતીન્દ્રિય સુખની જેને અપૂર્વલબ્ધિ (પ્રગટ થઈ). બધું આવી ગયું. ભગવાનના ભેટા થયા તો બધું આવી ગયું, કાંઈ બાકી નહિ. સમ્યગ્દર્શન થતાં પરમાત્માનો પુત્ર થઈ ગયો. જિનેશ્વરનો લઘુનંદન. સમજાણું કાંઈ? મિથ્યાત્વમાં એ નિગોદનો ભાજન થાશે. સમ્યગ્દર્શનમાં પરમાત્માના ભાજન છે ઈ. એ અલ્પકાળમાં પરમાત્મા થવાનો છે. આહાહા..! કહે છે, એ '**નિરંતર આસ્વાદનશીલ છે.**' પાછું આસ્વાદ સ્વભાવ થઈ ગયો છે. આહાહા..! વસ્તુ અતીન્દ્રિય આનંદની મૂર્તિ પ્રભુ એની અંતર દૃષ્ટિ થઈ એથી આનંદનો શીલ નામ સ્વભાવ જ અતીન્દ્રિય આનંદના અનુભવનો સ્વભાવ થઈ ગયો છે, સ્વભાવરૂપ પરિણમી ગયો છે, એનું પરિણમન જ આનંદરૂપ થઈ ગયું છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાં એમ ન આવ્યું કે આ પચાસ હજાર, લાખ માણસને સમજાવે તો એ મોટો. એ અપૂર્વલબ્ધિ છે. ના. એ તો વાણીના વિલાસ અનંતવાર થયા. પંડિતજી! વાણી તો અનંતવાર (એવી થઈ), એમાં તારે શું આવ્યું? અને વિકલ્પ ઉઠાવ્યો સમજાવવા માટે, એ વિકલ્પ રાગ એમાં તારે શું આવ્યું? તને શું મળ્યું? આહાહા..! આ તો આનંદઘનનો દરબાર છે.

'આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે રટણ કરું ગુણધામા, આનંદઘન પ્રભુ કે ઘર દ્વારે.' એ આનંદઘનના ઘર દ્વારે હોં! રાગ અને પુણ્યના ઘર દ્વારે નહિ. 'આનંદઘન કે પ્રભુ ઘર દ્વારે, રટણ કરું ગુણ ધામા, અબધુ ક્યા માગુ રે ગુણ હીના. ક્યા માગુ રે ગુણ હીના રે અબધુ ક્યા માગુ રે ગુણ હીના, વે ગુણ ગનીન પ્રવીના અબધુ ક્યા માગુ રે ગુણ હીના.' હું વિકારના ગુણનો રહિત થયેલો ભગવાન હું કોની પાસે માંગુ? સમજાય છે? એમાં પછી ઘણા શબ્દ લીધા. 'વેદ ન જાણું, કિતાબ ન જાણું, ન જાણું વક્તાની વાતું.' હું તો એ કેમ વક્તા કહેવાય ને કેમ બોલાય ને કેમ એ મને કાંઈ આવડતું નથી. આહાહા..! નવીનભાઈ!

'પણ આનંદઘન પ્રભુકે ઘર દ્વારે...' એ બારણા ખખડાવીને ઊભો છું ત્યાં કહે. ઉઘાડીને અંદર ગરવાનો કામી છું. અને ગર્યો એટલે થઈ રહ્યું. ભગવાન થઈ ગયો એ તો. આહા..! સમજાણું કાંઈ? મોટાના દરબારમાં જાય અને બારણા બંધ હોય, માણસ નજીકમાં ન હોય તો એને અવાજ માટે ખખડાવે થોડું. એને અવાજ પોગે. ઓલાને પોગે ત્યારે આવેને. ઈ વિના શી રીતે આવે અહીંયાં. બારણું બંધ છે. હળવે-હળવે કહે તો ત્યાંથી ક્યાંથી આવે? પછી ઓલું લોઢાનું હોયને કાંઈક આમ આમ કરે. એમ ભગવાન આત્મા પહેલો તો સ્વભાવના પક્ષનો બારણા ખખડાવાની તૈયારીમાં પહેલો ઊભો હોય છે. સમજાય છે કાંઈ? રાગ નહિ, પુણ્ય નહિ, શરીર નહિ, વાણી નહિ, અલ્પજ્ઞતા તે હું નહિ, એટલો હું નહિ. એમ પૂર્ણના સ્વભાવના પક્ષમાં બારણાના ખખડાટ કરવા ઊભો છે. જ્યાં બારણાનો ખખડાટ એને પહોંચ્યો અંદરમાં એકાકાર થતાં એ આનંદનો ભોજી થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! આવો

જ ભગવાન આત્મા દેહદેવળમાં અનંત શરીર, અસંખ્ય ઔદારિક છે. બિરાજે છે પ્રભુ. એ અનંત પરમાત્મા અંદર બિરાજે છે. સમજાણું કાંઈ? આહાહા..!

નિગોદમાં પણ જેને શરીર એક અને દ્રવ્યેન્દ્રિય એક. પણ દરેક આત્માની ભાવેન્દ્રિય જુદી. જગતમાં ભાવેન્દ્રિય અનંત, દ્રવ્યેન્દ્રિય એક. એટલે કે એની સ્વતંત્રતા દ્રવ્યેન્દ્રિય એક હોવા છતાં સ્વતંત્રતા એની દરેકની જુદી છે. કોઈની સાથે કાંઈ સંબંધ નથી. સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાના અનંતગુણના સ્વતંત્રના ધામને જ્યાં સંભાળે છે, વિકાર વિકાર બંધ નહિ, સંબંધ નહિ, મારે ને એને કાંઈ સંબંધ નહિ. મારે સ્વભાવ સાથે, મારે સ્વભાવવાન સાથે સ્વભાવથી સંબંધ છે. મુક્તસ્વભાવથી આત્માને સંબંધ છે. આ સ્વભાવ અને સ્વભાવવાન વળી. જ્ઞાયકભાવ લીધો છેને. સમજાય છે કાંઈ? આ મુક્તસ્વભાવ તદ્દન પડ્યો એની સાથે આત્માને તાદાત્મ્યસંબંધ છે. રાગ સાથે નહિ, નિમિત્ત સાથે કાંઈ સંબંધ છે નહિ. એવી અંતરમાં દૃષ્ટિ થવી એનું નામ અહીંયાં સમ્યગ્દર્શન અને આત્મા પ્રગટ્યો એમ કહેવામાં આવે છે. પર્યાયમાં પ્રગટ્યો, દ્રવ્યે તો હતો. સમજાણું કાંઈ?

અતીન્દ્રિય અપૂર્વલબ્ધિનો ભોગવનાર. આહાહા..! '**નિરંતર આસ્વાદનશીલ છે.**' અનાદિનો નિરંતર દુઃખસ્વભાવશીલ (હતો). શોભાલાલભાઈ! અનાદિનો એક ક્ષણ પણ કોઈ દી સુખ ભોગવ્યું નથી એમ કહે છે. આ પૈસાવાળા હોય કે મોટા ધૂળવાળા હોય કે આ દેવ હોય. વજુભાઈ! આહાહા..!

**શ્રોતા :-** જેટલા પૈસા હોય એટલું દુઃખ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પૈસા એટલા દુઃખ નહિ, મમતા એટલું દુઃખ. કારણ કે પૈસા જાજા હોય અને મમતા થોડી હોય, પૈસા થોડા હોય અને મમતા જાજી હોય. કેમ બરાબર છે? પંડિતજી! એ તો મમતા પ્રમાણે દુઃખ છે. સમજાય છે કાંઈ?

અહીં તો એમ કહે છે કે બહારની સામગ્રીના સાધનના જેને ઢગલા પડ્યા હોય પણ જેને અનંત સ્વભાવ સમાજ એવો ભગવાન જેને દૃષ્ટિમાં લીધો નથી એ એકાંત દુઃખી... દુઃખી... દુઃખી... દુઃખનો જ ભોગવનારો છે. બહારમાં ભલે ખડખડાટ દાંત કાઢતો હોય અને હરખજમણ (કરતો હોય). હરખજમણ. હરખજમણ કરે છેને આપણે આ લગનમાં. લગન કરે ત્યારે કરોડપતિ, બે કરોડપતિ હોય, પાંચ કરોડ, લાખ-બે લાખ ઉડાડે, હરખજમણ કરે, દાંત કાઢતો હોય અને બધા વેવાઈ વેવલા ભેગા થયા હોય અને એકબીજા આહાહા..! વેવાઈએ ખર્ચ કર્યોને પણ. આપણે બે લાખ ખર્ચ્યા અને એણે પણ સામે બે લાખ ખર્ચ્યા હોં. કન્યાવાળાએ બે લાખ ખર્ચ્યા અને આપણે. બધા દુઃખના દરિયામાં ડૂબી ગયા છે. પાટણીજી! તમારે મારવાડમાં એવું બહુ હોય તોફાન. કહો, સમજાણું કાંઈ? એ બહારને કારણે નથી. એ અંદરમાં રાગના વિકલ્પ ને શરીરની ક્રિયામાં એકતાબુદ્ધિમાં પડેલો ભગવાન આત્મા

એકલો દુઃખ છે. પછી ગરીબ હો, તવંગર હો, દેવ હો, ઢોર હો, કીડી હો કે કાગડો હો કે કંથવો હો. સમજાય છે? અને સમ્યગ્દૃષ્ટિ પછી દેડકો હોય-મંડુક, હજાર યોજનનું માછલું હો, અરે..! વ્યંતરની વ્યંતરી હો. સમકિત પામે છેને કોઈ એમાં પણ, કોઈ પામે છેને. કોઈ લઈ જાય નહિ. પણ કોઈ પામે છે. સાતમની નરકનો રવ રવનો અપરિઠાણાનો નારકી હો, (એ) નિત્યાનંદભોજી (છે). આહાહા..! એલા પણ આટલા દુઃખમાં પડ્યો પાણીનો કણ નહિ, પાણીનો બિંદુ નહિ અને આહારનો કણ નહિ એને તમારે સુખી ઠરાવવા અને અહીં ઢગલા ધાનના પડ્યા, પૈસાના ધૂળના ઢગલા પડ્યા એને દુઃખી ઠરાવવા. આ તે કઈ જાતના માપ છે?

**શ્રોતા :-** વિલક્ષણ માપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વિલક્ષણ માપ. ઠીક. સમજાણું કાંઈ? શું હશે આ બધું?

કહે છે, આહાહા..! એ સાતમી નરકનો અપરિઠાણાનો નારકી હોં! કહે છે કે એ ક્ષણે એ તો પડી જાય છે એટલે જરી એ વાત દાખલો આપતા (નથી), પણ અહીં તો અપ્રતિહતની જ વાત છે આમાં તો. જાગ્યો એ જાગ્યો. ચૈતન્યસૂર્યનું કેવળજ્ઞાન લીધે છૂટકો. સમજાણું કાંઈ? આનંદ. એ સાતમી નરક પણ જ્યાં સુધી સમ્યગ્દર્શન છે ત્યાં સુધી આનંદ છે. બહારના દુઃખને એ ગણતો નથી. અંદરના દુઃખના દ્વેષને અધિકપણે માનતો નથી. અધિકપણે આનંદને માને છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'વળી કેવું છે?'** ભગવાન આત્મા **'स्फुटं सहजावस्थां नाटयत्' 'પ્રગટપણે...'** જે શક્તિરૂપ સ્વભાવ જે ભગવાન આત્માનો હતો એનું જ્યાં અંતર સમ્યક્શ્રદ્ધા, ભાન થયું. કહે છે. **'પ્રગટપણે પોતાના શુદ્ધ સ્વરૂપને...'** જુઓ, સહજ અવસ્થા નામ એ દ્રવ્ય છે. **'પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે.'** નાચે છે, પરિણમે છે એમ લેવું. શુદ્ધ સ્વરૂપ પ્રગટપણે પરિણમે છે. શું કીધું? કે સમ્યક્શ્રદ્ધા-સમ્યગ્દર્શન થતાં ભગવાન આત્મા જેવો શુદ્ધ છે એવું **'પોતાના શુદ્ધ સ્વરૂપને...' 'नाटयत्' 'नाटयत्'** એટલે પરિણમાવે છે, પરિણમે છે, એ નાચે છે. સમજાણું કાંઈ?

અનાદિથી મિથ્યાત્વભાવમાં અશુદ્ધ પરિણમનનો નાચ હતો. અશુદ્ધ પરિણમનનું પરિણમન એટલે નાચ. સમ્યક્ ભાન થતાં શુદ્ધ પરિણમનનો નાચ જાગતો થાય છે. આહાહા..! આચાર્યોએ ક્યાં શબ્દો.. **'नाटयत्' 'પ્રગટ કરે છે.'** નાચે છે, પરિણમે છે, ઉછળે છે એમ અનેક અર્થો એમાં એક શબ્દમાં સમાય છે. સમજાણું કાંઈ? **'પ્રગટપણે પોતાના શુદ્ધ સ્વરૂપને...'** ભગવાન આત્મા પોતાના સ્વભાવનો જ્યાં સ્વીકાર સમ્યકે કર્યો અને તે જ ક્ષણે મિથ્યાત્વનો વ્યય થયો, તે ક્ષણે શુદ્ધના ઉત્પાદનું પરિણમન થયું અને શુદ્ધ ધ્રુવપણે તો કાયમ છે. એટલે કે પ્રગટપણે શુદ્ધનું પરિણમન પ્રગટ્યું. સમજાણું કાંઈ? આહાહા..! આ વસ્તુની કિંમત અને

એના માટે પ્રયત્ન જગતને દરકાર નહિ. આ ત્યાગ્યું ને મૂક્યું ને લીધું ને. માથાફોડ બહારની. આ લીધું ને આ ખપે ન ખપે. આખો આત્મા ખપતો નથી એની એને ખબર નથી. ભાઈ! તારી ભૂમિકા તો સુધાર. પછી એમાં ઠરવાની વાત તો પછી. ક્યાં ઠરવું છે? એ ઠરવું ક્યાં એ ચીજને તો ગોત. પછી એમાં ઠરવું એ ચારિત્ર આવે, પણ ચીજના ભાન વિના ઠરવું ક્યાં? આહાહા..!

'**વળી કેવું છે? પ્રગટપણે પોતાના શુદ્ધ સ્વરૂપને પ્રગટ કરે છે.**' પરિણમે છે. સમજાણું? '**વળી કેવું છે?**' '**ધીર**' ધીરું '**અવિનશ્વર સત્તારૂપ છે;...**' ધીરું એટલે એવું ને એવું સત્તાસ્વરૂપ છે. જેમાં હલચલ નથી એવું શુદ્ધ ચિદાનંદનું સ્વરૂપ છે. '**અવિનશ્વર સત્તારૂપ...**' ભગવાન આત્મા એની દૃષ્ટિ થતાં '**ધારાપ્રવાહરૂપ પરિણમનસ્વભાવ છે.**' જેમ ગંગાનો પ્રવાહ ધારા પ્રવાહ હોય છે, તૂટે નહિ. એમ ભગવાન ધ્રુવ સ્વરૂપની દૃષ્ટિ થતાં ધ્રુવમાંથી ધારા પ્રવાહરૂપ પરિણમન શુદ્ધનું ચાલે છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :-** પ્રભુ આપે તો... જ્ઞાન, ચારિત્ર હીરા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ બધા બધા હીરા, માણેક અહીં પડ્યા છે એ બધા.

**શ્રોતા :-** લૂટવા માટે તૈયાર થઈ ગયા છીએ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** થઈ ગયા. શેઠી! આ શેઠીના હીરા-માણેક તો રહી ગયાં ત્યાં મુંબઈ. આહાહા..! ભાઈ! જો તો ખરો જરી. ધીરો થઈને ધીરજ કર. કેમકે ધીરજસ્વરૂપ તો તારું છે. ધીરજ એટલે એવો ને એવો રહેનારો. ધીર અવિનશ્વર સત્તા. ઉદાર. ઓહો..! કહે છે કે સમ્યક્‌શ્રદ્ધા ને જ્ઞાન, ભાન થયા ઉદાર (થયો). એ એટલો પ્રવાહ અંદર ઉદાર છે કે એ પ્રવાહ નિરંતર ધારાએ ચાલે છે. એ પ્રવાહને રોકનાર કોઈ જગતમાં છે નહિ. એ પ્રવાહનો જે કુંડ ખોલ્યો. ગંગા પ્રપાત, એમા કુંડ ખોલ્યો. ભગવાન આત્માનું ભાન થયું ધારાપ્રવાહ એનો પ્રવાહ ચાલે છે, વિકારનો નહિ, રાગનો નહિ. આહાહા..! આ વ્યવહારરત્નત્રયનો પણ પ્રવાહ નહિ એમ કહે છે અહીં તો.

ભાઈ! આ તો આચાર્ય એટલે મુનિ દિગંબર સંતો એટલે કેવળજ્ઞાનના કાળજા ખોલ્યા છે. દિગંબર સંતો એટલે સનાતન ધર્મના કાળજા ખોલીને મૂક્યા છે આમ. આહાહા..! ધર્મના ધુરંધર ધર્મના થાંભલા. સમજાય છે? આકાશ જેમ સ્તંભ વિના (રહે છે), એમ એ મુનિઓ નિરાલંબી આત્માને એવો ખોલીને મૂક્યો કે એ ભાર નહિ બીજા અજ્ઞાનીની આવી કથની આવે. સમજાણું કાંઈ? આહાહા..!

કહ્યું છેને, જુઓને! અહો..! સમયસાર આત્મા બુદ્ધિરૂપી લક્ષ્મીએ જેણે ઉપાડ્યો કુંદકુંદાચાર્યે. બુદ્ધિ.. જેને બુદ્ધિરૂપી લક્ષ્મીએ આખા સમયસારરૂપી આત્માને ઉપાડ્યો અને ભેટ કર્યો ભવિ જીવને. ગાથા છે હોં ગાથા એ. સમજાણું કાંઈ? છેને. એ જયસેનાચાર્યની ગાથા છે. એની

અંદર છે. જુઓ, શું કહે છે? જુઓ.

.... એ આચાર્ય એક બીજા આચાર્યની વાત કરે છે. ... જય થાવ તારો એ મુનિ. ... પદ્મનંદી એટલે આ કુંદકુંદાચાર્ય. ... મહા તત્ત્વરૂપી મોટો મેરુ જેણે બુદ્ધિની લક્ષ્મીમાં ઉપાડ્યો. એ બુદ્ધિ ... બુદ્ધિરૂપી લક્ષ્મીએ જેણે મહા કેવળજ્ઞાનનો કંદ ભગવાનને ધાર્યો. ... અને કરીને ભવ્ય લોકને અર્પ્યો છે. ભવ્યલોક સમર્પિઓ. એને અર્પી દીધો. લે ભાઈ! તારા ભેટણા. આ સમયસારનું ભેટણું ભાઈ મને મળ્યું, તને આ આપું છું. આહાહા..! સમજાણું? આખા ... અહો..! જૈનશાસન એ વસ્તુના સ્વભાવને પ્રગટ બતાવનારું અને પ્રગટરૂપ થયું એવું જૈનશાસન. '**सुचिरं**' ત્રિકાળ રહો... ત્રિકાળ રહો... ત્રિકાળ રહો... જૈનશાસન ત્રિકાળ રહો. આહાહા..! આચાર્યનો પ્રમોદ કેટલો જુઓને, આ પૂરું કરતા હોં! સમજાણું કાંઈ? કહો, સમજાણું આમાં?

'**स्फुटं सहजावस्थां**' કેવો છે પ્રભુ? શક્તિરૂપે જ્ઞાન અને આનંદ હતો. આ એનું ભાન થતાં તે પ્રગટરૂપ પરિણમી ગયો. એની પ્રગટ અવસ્થાનું પરિણમન તેને ધર્મ અને સંવર અને નિર્જરા કહે છે અને એ જ મોક્ષનો એક માર્ગ કહેવાય છે. બીજો મોક્ષનો માર્ગ કોઈ હોઈ શકે નહિ. સમજાણું ? '**વળી કેવું છે?**' '**अनाकुलं**' '**સર્વ દુઃખથી રહિત છે.**' પ્રવાહ. એ ધારાપ્રવાહ સર્વ દુઃખથી રહિત (છે). આનંદનું ભોજન ક્ષણિક કહ્યું હતું. હવે એમ ને એમ પ્રવાહ ચાલ્યો. સમજાણું કાંઈ? કેવું છે શુદ્ધ સ્વરૂપ પ્રગટ થયું એ? આહાહા..! '**સર્વ દુઃખથી...**' પાછું અનાકુળ. કોઈ આકુળતા નહિ એમ. કોઈ જાતની આકુળતા નહિ એવા શાંતરસે, શાંતરસે ભગવાન આત્મા સમ્યક્‌પણે પરિણમતા શાંતરસે પરિણમ્યો. શાંત શબ્દે અકષાય પરિણતિએ પરિણમ્યો. અકષાય શબ્દે વીતરાગપરિણતિએ પરિણમ્યો. એવો અનાકુળ '**સર્વ દુઃખથી રહિત છે. વળી કેવું છે?**' '**निरुपधि**' '**સમસ્ત કર્મની ઉપાધિથી રહિત છે.**' એ પરિણતિમાં કોઈ રાગની ઉપાધિ વ્યવહારની કે નિમિત્તની છે નહિ. આહાહા..! ઉપધિ નથી. જેને રાગની પક્કડ નથી અને રાગની સહાયથી જેની પરિણતિ ચાલતી નથી એમ કહે છે. શું કહે છે?

ભગવાન આત્મા શુદ્ધ આનંદના અનંતગુણનો પિંડ પ્રભુ એની પ્રતીત અને ભાન થતાં એની નિર્મળ ધારામાં જેને વ્યવહારરત્નત્રયના રાગની પણ જ્યાં સહાય નથી. એવી ધારા નિરંતર નિઃસહાય પરથી ચાલી જાય છે. આહાહા..! સમજાણું કાંઈ? '**निरुपधि**' '**સમસ્ત કર્મની ઉપાધિ...**' સમસ્ત શબ્દે દ્રવ્ય-ભાવ બેય હોં! '**શું કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?**' '**बन्धं धुनत्**'. એ થાય છે એને ટાળે છે એટલો શબ્દ અહીંયાં વ્યવહારે લીધો છે. આમ આત્મા ધારાવાહી શ્રદ્ધા-જ્ઞાનમાં પરિણમ્યો એટલે વિકારનો નાશ જ થઈ જાય છે, બંધનનો અભાવ થઈ જાય છે. એને એમ કહે છે, '**જ્ઞાનાવરણાદિ કર્મરૂપ પુદ્‌ગલપિંડનું**

**પરિણમન, તેને મટાડતું થકું.'** લ્યો! એ બંધને નાશ કરતો અબંધ સ્વભાવની દૃષ્ટિએ અબંધ પરિણામ પ્રગટ કરતો અબંધ પૂર્ણ મુક્તના સન્મુખ જતો આત્માના પરિણામથી બંધનો નાશ કરે છે. એવો શુદ્ધ સ્વભાવ શ્રદ્ધામાં આવતા તેનું આ ફળ, પૂર્ણ ધારાનું વહવું, બંધનું નાશ થવું. એમ કરીને આ મંગળિક કરીને બંધના અધિકારનો પહેલો શ્લોક મંગળિક તરીકે વર્ણવ્યો છે. હવે પછી બંધનો અધિકાર કહેવાશે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, કળશ-૧૮૦
## પ્રવચન નં.૧૬૩, તા.૧૮-૦૯-૧૯૬૫
## (૧૩)

આ મોક્ષ અધિકાર, સમયસાર-કળશનો ચાલે છે. મોક્ષ એટલે શું એની વ્યાખ્યા છે પહેલી. આ આત્મા જે છે આત્મા, એ અંતરમાં એની શક્તિઓ ગૂઢપણે અનંત પડી છે. આત્મામાં, આ આત્મા વસ્તુ છે, શરીર, વાણી, મનથી જુદી, કર્મથી જુદી અને પુણ્ય-પાપના ભાવથી પણ જુદી. એમાં અનંત-અનંત જ્ઞાનાદિ ગુણ ગૂઢપણે એટલે શક્તિપણે—સત્ત્વપણે—રહસ્યપણે પડ્યા છે. સમજાણું કાંઈ? ગૂઢ વાત છે, આ ગૂઢ વાત. ચૈતન્યશક્તિના ચમત્કારની વાત છે. એક સમયમાં આત્મા વર્તમાન એની દશામાં વિકાર હો, કર્મનો નિમિત્ત સંબંધ હો, વસ્તુ તરીકે એમાં વિકાર અને કર્મનો સંબંધ નથી. એવી એ ચીજ સચ્ચિદાનંદમૂર્તિ, જેમાં શક્તિપણે-ગૂઢપણે—સ્વભાવપણે અનંત-અનંત ગુણો અને એક એક ગુણનું અનંત સામર્થ્ય, એવા અનંત ગુણનું શક્તિરૂપ સત્ત્વ તેને આત્મા કહેવામાં આવે છે. એ આત્માની દશા અનાદિથી વિકારપણે, પુણ્ય-પાપના ભાવપણે, પુણ્ય-પાપ હું એવા મિથ્યાત્વપણે-વિકારપણે જે થઈ રહી છે એ દુઃખરૂપ દશા અને એ સંસાર છે. સંસારમાં સુખ છે? શેઠી! ક્યાં છે? સંસાર કહ્યોને?

આત્મા પદાર્થ છે સચ્ચિદાનંદ શુદ્ધ સ્વરૂપ. એની વર્તમાન દશામાં વિકાર છે તે સંસાર છે. અમરચંદભાઈ! સંસાર કોઈ શરીર, કર્મ, સ્ત્રી, કુટુંબમાં છે નહિ. એના સ્વરૂપની બેભાન ભ્રાંતિ, ભ્રાંતિ કે હું આ છું કે આ છું એની એને ખબર નથી. કારણ કે એ વસ્તુ ગૂઢ છે. દ્રવ્યસ્વભાવ—ચૈતન્યસ્વભાવ ગૂઢ છે. ગૂઢ નામ શક્તિનું એકલું સત્ત્વ છે. એનો પ્રયોગ કરે તો પ્રગટ થાય, પ્રયોગ કરે તો પ્રગટ થાય એવું એ ચૈતન્યતત્ત્વ છે. એથી એ ચૈતન્યતત્ત્વ જે ગૂઢ સ્વભાવથી ભરેલો આત્મપદાર્થ છે એની અનાદિથી દૃષ્ટિ નહિ હોવાથી વિકાર, પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના ભાવ થાય એ હું છું એમ અજ્ઞાની અનાદિથી માને છે, એનું નામ સંસાર. એ સંસાર એ દુઃખ છે. એ સંસાર અવસ્થા એ દુઃખરૂપ છે.

હવે જેને આનંદરૂપ થવું હોય અથવા આત્મામાં જે આનંદ.... કારણ કે આત્મા વસ્તુ છે એ તો આનંદનું ગૂઢ રહસ્ય તત્ત્વ છે. વસ્તુ પોતે દુઃખરૂપ ન હોઈ શકે. એની વર્તમાન દશામાં વિકારનું થવું, પછી શુભ કે અશુભ, એ દુઃખ છે. તો એ દુઃખનો જેને વ્યય નામ નાશ કરવો હોય અને જેને આત્મામાં—વસ્તુમાં અંતરમાં આનંદ છે તેને એકાગ્ર થઈને પૂર્ણ આનંદ જેને પ્રગટ કરવો હોય એ પૂર્ણ આનંદ પ્રગટ થાય તેને મોક્ષ કહે છે. સમજાય છે

કાંઈ? એ મોક્ષ પૂર્ણ આનંદમૂર્તિ છે. મોક્ષ તે પૂર્ણ આનંદનું સ્વરૂપ તે મોક્ષ. હવે એ મોક્ષ જેને કરવો હોય તો કેમ થાય? અને શી રીતે મોક્ષનું સ્વરૂપ છે એનું અહીં વર્ણન કરે છે.

**'इदानीं पूर्णं ज्ञानं विजयते' 'અહીંથી શરૂ કરીને...' 'पूर्णं ज्ञानं' 'શુદ્ધ જ્ઞાન અર્થાત્ સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ...'** જે ચૈતન્યનો પ્રકાશ છે શુદ્ધ શુદ્ધ, અંદર ચૈતન્યનો પ્રકાશ. આત્માનું અંતર દ્રવ્યપણું જે અનંતગુણપણું એના સત્ત્વની બેહદતા એ બીજાને લક્ષમાં આવી નથી. સમજાય છે કાંઈ? એનું જે આખું સત્ત્વ વસ્તુ જે આત્મા દ્રવ્ય એનું જે સત્ત્વ, સત્ત્વની અચિંત્ય અચિંત્ય મહિમા, બેહદ સ્વભાવનું સામર્થ્ય જે શક્તિરૂપે છે તેને પ્રગટ કરવું એવો જે પ્રયોગ, અજ્ઞાનીને એ વસ્તુનો ખ્યાલ આવ્યો નથી. અને સર્વજ્ઞ જે થયા એને આત્માના અંતર વસ્તુનું રહસ્ય—ગૂઢ ભાવ દૃષ્ટિમાં આવ્યો, આવીને એમાં સ્થિર થયા અને સર્વજ્ઞપણાને પામ્યા. સમજાય છે કાંઈ? જે સર્વજ્ઞસ્વરૂપ હતું શક્તિરૂપે... શક્તિનો અર્થ એ કંઈ એમ નથી કે આ પડી છે આ ચીજ. શક્તિ છે એની, ગૂઢપણાનું અંદર આખું રહસ્ય પડ્યું છે. એ સર્વજ્ઞપદ અનંતઆનંદ, અનંતદર્શન, અનંતવીર્ય સ્વભાવ સામર્થ્ય એવું અનંત ચતુષ્ટય સ્વરૂપ ભગવાન આત્માનું અનાદિ એમને એમ છે. એની અંતરમાં દૃષ્ટિ કરવી કે હું પૂર્ણાનંદ અખંડ છું, હું પુણ્ય-પાપ વિકાર વિનાનો છું એનું નામ સમ્યગ્દર્શન—ધર્મની પહેલી સીઢી કહેવામાં આવે છે. એનું સમ્યગ્દર્શન. કહો, સમજાય છે કાંઈ?

**શ્રોતા :—** દેખાય નહિ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દેખાય શું પણ? જે દેખે છે એ કેવડો છે? એમ કહે છે અહીં. દેખાય છે તો આ. ખરેખર તો આ પણ દેખાતું નથી. દેખવાના કાળમાં એની દેખવાની અસ્તિત્વની શક્તિનું સામર્થ્ય દેખાય છે. સમજાણું કાંઈ?

જેમકે, જુઓ આ લાકડું. તો જ્ઞાનમાં આ જણાણું પણ એ જ્ઞાનના સામર્થ્યમાં જણાણું ને. જ્ઞાનના સામર્થ્યમાં જણાણુંને. જ્ઞાનનું સામર્થ્ય એ પ્રગટ અંશમાં, પ્રગટ અંશમાં આ આ છે એમ જણાણું એ જ્ઞાનના અસ્તિત્વમાં—જ્ઞાનમાં સામર્થ્યમાં જણાણું છે. ખરેખર તો એ જ્ઞાનની સામર્થ્ય—શક્તિને જ જાણે છે, પણ માને છે કે હું આને જાણું છું. એટલે જાણનારો વર્તમાન પ્રગટ ભાવ છે એને પણ એ સ્વીકારતો નથી. સમજાય છે કાંઈ?

બીજી રીતે લઈએ તો વસ્તુ મોક્ષસ્વરૂપ છે—વસ્તુ મોક્ષસ્વરૂપ જ છે. શક્તિ—સત્‌નું સ્વરૂપ. હવે એનો પ્રગટ અંશ જે છે, એનો જ્ઞાનનો, દર્શનનો પ્રગટ અંશ એ અંશ એટલો તો મુક્ત છે. જેટલો પ્રગટ છે એ તો રાગ વિનાનો, વિકાર વિનાનો, નિમિત્ત વિનાનો છે, પણ એ પ્રગટ અંશમાં જે આ રાગ છે અને આ જણાય છે એ જ્ઞાનના સ્વપર-સામર્થ્યમાં આ જણાય છે, એ જણાય છે જ્ઞાનનું સામર્થ્ય, પણ સ્વનું લક્ષ નથી એટલે સ્વપરપ્રકાશની સામર્થ્યતા ઉપર એની દૃષ્ટિ નથી. સમજાય છે કાંઈ? તો એક સમયની જે વર્તમાન પ્રગટ વ્યક્ત અવસ્થા, એનું જે સામર્થ્ય કે પરને જાણવું એ પરને જાણતો નથી.

કહ્યું હતુંને એક ફેરી? કે આમ જળ—પાણી દેખે, તો જળને દેખતા જે તારા દેખાય અંદર એ જળની અવસ્થા દેખાય છે, તારા નથી એમાં. એ જળની સ્વચ્છ અવસ્થામાં તારાનું જ્ઞાન એ તો જળની સ્વચ્છતાનું જ્ઞાન છે. આ નદીનું પાણી હોય એમાં ઉપરથી તારા દેખાય છે. એ જળની અવસ્થાની સ્વચ્છતા દેખાય છે.

એમ ભગવાન આત્મા વર્તમાન જ્ઞાનની પર્યાયની પ્રગટતાની સ્વચ્છતામાં આ રાગ ને નિમિત્ત દેખાય છે ઈ સ્વચ્છતા દેખાય છે, પણ એકલી સ્વચ્છતા ઉપર જો એનું લક્ષ જાય તો તો સ્વભાવ ઉપર લક્ષ જાય, અહીંથી ખસીને. સમજાણું કાંઈ? જરી ઝીણી વાત છે. કોઈ દી એણે ધર્મ શું છે અને મોક્ષ એટલે શું છે એનું ફળ ઈ વાસ્તવિક સમજ્યો જ નથી. એમને એમ અજ્ઞાનપણે હાંકે રાખ્યા ગાડા. દયા કરી ને વ્રત પાળ્યા ને ભક્તિ કરી ને પૂજા કરી. ધૂળમાંય એમાં ધર્મ નથી, સાંભળને! માને છે ઈ કે અમે ધર્મ કરીએ છીએ. પણ એ તો વિકલ્પ ઉઠે છે. એ વિકલ્પના જાણનાર જે જોડે છે—વર્તમાન પ્રગટ અંશ, હોં! એ અંશના સામર્થ્ય ઉપર એની દૃષ્ટિ નથી. એની દૃષ્ટિ ઓલા રાગ ને આ કર્યું ને આ કર્યું ને આ કર્યું, આ થયું, આ થયું, આ થયું એમ નથી દૃષ્ટિ. આ થયું એમ જો દૃષ્ટિ ત્યાં સ્વચ્છતાના અંશમાં દૃષ્ટિ જાય તો સ્વચ્છતાનો ધરનાર કોણ, એ સ્વચ્છતાના ધરનાર ઉપર દૃષ્ટિ જાય. કાંઈ સમજાય છે કે નહિ? હીરાલાલભાઈ! અરે..! ભઈ, આવો કેવો ધર્મ હશે આ? શેઠી!

કહે છે કે ભગવાન આત્મા... આ સ્વચ્છતાના અંશમાં આ.. આ.. આ જણાય એ જણાય છે એ પોતે, છતાં એની માન્યતામાં એમ છે કે આ જણાય છે. એટલે એની દૃષ્ટિ સંયોગમાં ચાલી જાય છે, પણ સ્વચ્છતાના અંશમાં જણાય છે સ્વચ્છતાનો અંશ. એ અંશ કોનો? એ સ્વચ્છતાને ધરનાર દ્રવ્ય ઉપર દૃષ્ટિ જાય ત્યારે એ સ્વચ્છતાનો અંશ એકલો પરના પ્રકાશકના સામર્થ્યરૂપે જે દેખાય છે... શું કીધું? વર્તમાન પ્રગટ અંશ જે પરના જાણવારૂપ એટલો દેખાય છે, એ દેખનાર સ્વચ્છતાનો અંશ કોનો છે? કારણ કે એ સ્વ કેમ દેખાતો નથી? સ્વ અંશની કેમ પોતાને પ્રતીત આવતી નથી? આ જણાય છે અને આ કેમ નહિ પર્યાય? પર્યાય પોતે કેમ નથી જણાતી? એ પર્યાય પોતાને સ્વને જાણવા જાય ત્યાં એ ઢળી જાય દૃષ્ટિ જ્ઞાયકમાં.

**શ્રોતા :—** ... સુખી નથી?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં હતું સુખ? ધૂળમાં? આ રાડ્યું પાડે છેને આ બધા. રોગ થઈને પૈસા થયા છતાં ક્યાં ધૂળમાં સુખ છે? જેચંદભાઈ! હાજી કહે છે. ક્યાં પૈસા વયા ગયા છે? પૈસા છે, છોકરા છે, બધું છે. રાડેરાડ પાડે છે, મરી ગયા.. હાય.. હાય..! ધૂળમાંય નથી હાય. એ તો મરી જવા જેવું કહે છે ઘણીવાર. અહીંથી જાઈએ. જાણે ન્યાં બેઠી હશે માં એની. ડોશીમાં બેઠા છે? સમાચાર આવ્યા છે? અહીંથી જાણે છૂટીએ. ક્યાં જાઈશ

પણ ન્યાં? આત્મા તો છે તે છે. ભગવાન આત્મા અસ્તિ છે, સત્તા છે હોવાપણે, એ હોવાપણાનો ક્યા કાળમાં અભાવ થાય? ક્યા ક્ષેત્રે હોવાપણાનો અભાવ થાય? ક્યા સંયોગમાં રહ્યો એ હોવાપણાનો અભાવ થઈ જાય?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં પણ ક્ષેત્ર બીજું ક્ષેત્ર ક્યાં છે? જ્યાં જાય ત્યાં પોતાના ક્ષેત્રમાં ને પોતાના કાળમાં ને પોતાના ભાવમાં પોતે પડ્યો છે. આહા..હા..! એણે અંતર તત્ત્વને જોવાને વિચાર કર્યા નથી. એમને એમ ગાડા (હાંકી) ખોટેખોટી જિંદગી પૂરી થઈ ગઈ. ઘણાની અનંત ગઈ, પણ વાસ્તવિક તત્ત્વ સત્તા હોવાવાળું કોણ છે આ? એનો એણે વિચાર કર્યો નથી. વિચાર કરનાર જાગ્યો એટલે આત્મા જાગ્યા વિના રહે નહિ. ઓહો..! આ અવસ્થા! અવસ્થા જણાણી નહિ અને આ રાગ જાણું છું, રાગ જાણું છું, રાગ જાણું છું, કર્મ જાણું છું, આ જાણું છું એમ થયું. આ શું છે પણ? ઈ અવસ્થા, અવસ્થા એટલે હાલત—વર્તમાન સ્વચ્છતાના અંશને આ સ્વચ્છતાનો અંશ સૂક્ષ્મપણે પકડવા જાય તો એની દૃષ્ટિ સ્વચ્છતાનો ધરનાર દ્રવ્ય તેના ઉપર જાય. ત્યારે એને સ્વ અને પરનું પ્રકાશક સાચું જ્ઞાન થાય. સમજાણું કાંઈ?

આ '**इदानीं पूर्णं ज्ञानं विजयते**' આવે છેને? હવે... એટલે શું કહ્યું આ પહેલું? અપૂર્ણ જ્ઞાન વખતે,.. અહીં પૂર્ણ જ્ઞાન આવે છેને. મોક્ષ એટલે પૂર્ણ જ્ઞાનનું થવું. જ્ઞાનની શક્તિરૂપે જે પૂર્ણ હતું એની વર્તમાન અવસ્થામાં પૂર્ણ થઈ જવું એનું નામ મોક્ષ. મોક્ષ કાંઈ પોતાની પર્યાયથી છૂટી જાવું છે? પોતાના દ્રવ્યનો અભાવ થવો છે? મોક્ષમાં ગુણનો અભાવ થવો છે? અભાવ તો અશુદ્ધતાનો અને સંયોગનો અભાવ છે અને સ્વભાવની શક્તિનો તો વિકાસ થાય છે. સમજાણું કાંઈ?

એક ન્યાયે આ અધ્યાત્મ તત્ત્વને ગૂઢવાદ કહેવામાં આવે છે—રહસ્યવાદ. ભગવાન આત્મા..! શ્રીમદ્દ્ એને એમ કહ્યું છે, અરે..! સૃષ્ટિને અંતરના ચૈતન્યચમત્કારની ખબર નથી. ગુપ્ત ચમત્કાર. ભાઈ! શબ્દ વાપર્યો છેને. શ્રીમદ્દ્ આત્માને ગુપ્ત ચમત્કાર (કહ્યો છે). ગુપ્ત નામ ગૂઢ છે. જે આમ બહારમાં દેખાય એની અવસ્થા અલ્પ દેખાય. અનાદિનો અભ્યાસ આ. ગુપ્ત પડ્યું છે એટલે અન્યોને એક આત્મા આવડો એ ભાસ્યો નહિ એટલે બધું એક આત્મા માની બેઠા. સમજાય છે કાંઈ? ઘણાએ એક માન્યો, કેટલાકે એકલો આત્મા જ માન્યો, જડ નહિ. કેટલાકે જડ માન્યા, આત્મા નહિ, કોઈકે એક જ આત્મા સર્વવ્યાપક, કોઈકે એકજ વિજ્ઞાનઘન વ્યાપક, ગુણ જ એકલો વ્યાપક છે (એમ માન્યું); પણ એનું ગૂઢપણું ગુણ અને દ્રવ્યનું અનંત છે એવા સ્વભાવના ગૂઢવાદને ગુપ્ત ચમત્કારને કોઈ દી પ્રતીતમાં લીધો નથી. સમજાણું કાંઈ? આહા..! કહો, આમાં ગુજરાતી થાય તો કેટલું સહેલું થાય. ભઈ! ભાવ તો જે હોય ઈ આવે. ગુજરાતી થાય તો કંઈ ભાવ બીજો થઈ જાય? કહો, સમજાણું આમાં?

અરે..! ભગવાન ચૈતન્યપ્રભુ મહાચમત્કારનો ધણી. એ ચમત્કાર. આ તો દુનિયા... સમજાય છે? કોણ કો'ક કહેતું હતું? કે ચમત્કાર. એમ કોઈક કહેતું હતું. બહારનો. હેં! આ તો બહાર કોઈક કહેતું હતું કે ચમત્કાર ભાળીએ, ચમત્કાર દેખીએ. આ ચમત્કાર. થાળમાં કપડું ઢાંકીને લાડવા ખવરાવે એ ચમત્કાર. આવાને આવા મૂરખના કંઈ ગામ જુદાં હોય છે? આ તો બધા ગપ્પેગપ્પા. અને ભગવાન સંતોને ચમત્કાર હોય છે, પણ એ ચમત્કારની કિંમત કાંઈ નથી. એ કિંમત શું એમાં? એમાં સ્વના શાંતિ અને સુખને માટે સાધન શું થયું?

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પણ આ ઘી-ગોળ વિનાનો આનંદ આવે ઈ જરૂર કે ઘી-ગોળને લાવીને આનંદ? જેમાં ઘી-ગોળના વિકલ્પની જરૂર નહિ. ઘી-ગોળની તો જરૂર નહિ પણ ઘી-ગોળનો વિકલ્પ ઉઠે-વૃત્તિ ઉઠે એની જરૂર નથી. એવી ચીજ અંદરમાં એક સમયમાં અનંત ગૂઢ રહસ્યથી ભરેલો પદાર્થ છે. આહા..હા..! સમજાય છે કાંઈ? જેને શ્રીમદ્દે ગુપ્ત ચમત્કાર ભાષા વાપરી છે. બીજા કેટલાકે જૈનદર્શનને રહસ્યવાદ (શબ્દ) વાપર્યો છે. રહસ્ય છે, અંદરમાં દ્રવ્યમાં આખું રહસ્ય છે આવું. પ્રગટરૂપે અલ્પ દેખાય. રાગ દેખાય ને આ દેખાય પણ આ આખો પડ્યો (છે). ઈ આખો ક્યારે માને? કે અમને આમ દેખાય ત્યારે. પણ ક્યારે દેખાય? તું એના સામું જો ત્યારે દેખાય કે જોયા વિના? અને તે પણ જોવે ત્યારે એની પ્રતીતમાં એમ આવે કે આ વસ્તુમાંથી જે અંશ નિર્મળ આવ્યો અને આનંદનો અંશ જે આવ્યો એ મારી પાસે નહોતો કોઈ દી. એ આનંદનો અંશ વર્તમાન આવ્યો તો આખો પિંડ જ આનંદનો કંદ છે, જેમાં રહસ્ય—આખો અતીન્દ્રિય આનંદ જ પડ્યો છે. એવી પ્રતીતિ ક્યારે આવે? કે એના અંશની દૃષ્ટિ ખસી અને ત્રિકાળ ઉપર દૃષ્ટિ પડી પહેલો વિશ્વાસ આવે કે આ મહા અચિંત્ય પદાર્થ ભગવાન મહાન છે, જેને જોતાં આનંદ આવે, જેને સાંભળતા આનંદ આવે એવો તું છો. આહા..હા..! આહા..!

કહે છે કે ભગવાન આત્મા..! હીરો લેવા જાય તો એની કિંમત આપે તો હીરો મળે કે હોય પાંચ હજારનો હીરો અને બે લિંબોળી લઈને જાય કે બે હીરા આપજો. લિંબોળી સમજો છો? આ લીંબડાની લિંબોળી હોય છેને? એઈ..! શેઠ! શેઠી! પાંચ હજાર લિંબોળી લઈ આવું, છોકરો કહે છે. તમે પાંચ હજાર કહો છોને. પાંચ હજાર લિંબોળી લઈ આવું, ઘો. પણ લિંબોળીએ હીરો ન આવે.

એમ ભગવાન આત્મા જેટલી કિંમતનું અંદર તત્ત્વ છે, જેટલું સામર્થ્યવાળું એ તત્ત્વ છે એટલું પુરુષાર્થ વડે પ્રતીત કર્યા વિના, એની કિંમત આપ્યા વિના એ દૃષ્ટિમાં આવે નહિ. કેમ બરાબર છે? ધરમચંદજી! એ વસ્તુ પરમાત્મા પોતે સ્વરૂપ છે. શક્તિ—સત્ત્વરૂપ પરમાત્મા. એની શક્તિની પ્રતીતમાં કેટલી એણે કિંમત દેવી પડે? જેટલો છે એટલો પ્રતીતમાં લેવો પડે. જેટલો, જેવડો અને જેમ છે એમ પ્રતીતમાં લ્યે ત્યારે એનો અનુભવ થાય. અલ્પજ્ઞાન

છું, આ રાગ છું, આ પુણ્ય છું, આ એક અવસ્થા જેટલો અને પરને જાણવા જેટલો એ કિંમત આપતા આવડી નથી. એ આત્મા એમ લેવાય જ નહિ, આત્મા એમ લેવાય જ નહિ. આત્માની કિંમત એવી હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? આ ઉધાર—ઉછીનું ઉછીનું કહે છેને? ઘી ખૂટે ત્યારે ઉછીનું લઈ આવે. ઓલું હોયને? શું કહેવાય ઈ? પાટુડી. પાટુડી નહિ પણ ચાંદાની ઓલી હોયને? તપેલી. પાડોશી પાસે જાય કે આ તપેલી ઘી આપો, કાલે હું તમને (આપી દઈશ). પણ તપેલી ઘી લઈ આવીને બીજે દી તપેલી પાણી આપે તો? ભરેલું જ છે. કોઈ વાર એમ બને છે. જરી ઘી આવતા વાર લાગ્યું હોય તો જોડે ઘરવાળા હોય, સગાવહાલાના એક-બે ઘર નજીક હોય તો કહે, બેન! આ ભરી દ્યો આટલું. પહેલા તો સોંઘુ હતુંને. હવે ક્યાં... ચાર આનાનું પા શેર. રૂપિયાનું શેર નહિ, ચાર આનાનું પાર શેર. રૂપિયાનું અઢી શેર. રૂપિયાનું અઢી શેર. ચાર પાશેર ક્યાંથી આવ્યું? ૧૯ રૂપિયે મણ. આ દીક્ષામાં કીધું નહિ? આ દીક્ષા થઈ જ્યારે ત્યારે ૧૯ રૂપિયાનું મણ ઘી હતું. શોભાલાલભાઈ! કેટલું? વીસમાં એક ઓછું. દીક્ષા જ્યારે થઈને ત્યારે.

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ના, ના. બે શેર તો સારું. આ તો ઊંચું ઘી, હોં! આ દગા નહિ. એક મહિનાનું મળતું એટલું ખરું. એક મહિનાનું ઘી. કારણ કે દસ-વીસ મણ જોઈએ તો એટલું બધું ક્યાંથી લાવે? ગામડામાં ક્યાં ગોતવા જાય? અને દીક્ષા નક્કી થઈ ગયેલી. એટલે ખુશાલભાઈ ગયા, આટલા ડબ્બા લાવો. ડબ્બા મહિનાના છે. મહિનાનું ઘી છે. મહિના પહેલાનું. ઝાઝું નથી. એક મહિનાનું બનાવેલું. સમજ્યાને? અમરચંદભાઈ! એક મહિનાથી ભેગું કરેલું તાજું. એમ કે કાલનું બે દીનું નથી. એક મહિનાનું બનાવેલું છે. બનાવેલું સમજ્યા કે નહિ? તૈયાર કરેલું એક મહિનાનું છે. ૧૯ રૂપિયાનું મણ. ઘી-તેલના ડબ્બા જુદા. સાડા ત્રણ રૂપિયાની સાકર, મણની. સાડા ત્રણની સાકર ઊંચી તે દી હોં! (સંવત) ૧૯૭૦ની સાલમાં. એક ગાડી પચ્ચીસ મણની. દીક્ષા હતીને મોટી. પણ એની કિંમત પ્રમાણે કિંમત આપે તો મળે કે કિંમત વિના મળે? એમ કહેવું છે. કિંમતી ચીજ ભરીને લીધી અને પછી પાણી ભરીને દીધું. એમ ચાલે? ઉછીનું શું લઈ ગઈ હતી તું? ઘી લઈ ગઈ હતી. ઘીને ઠેકાણે આ શું લાવી? કે તલ ભરીને આપું લ્યોને એટલા. બાજરો ભરીને આપું. એમ ન ચાલે. ઘી લાવ એટલું ને એટલું. તાજું લાવજે, છીટુ નાખેલું નહિ. તને કાલે ચોખ્ખુ આપ્યું હતું. આ ઉછીનું લાવે છે કે નહિ? ઉછીનું સમજો છો?

એમ પ્રતીતમાં પહેલો આખો ભગવાન આત્મા શ્રદ્ધામાં-જ્ઞાનમાં બીજી વાત છોડી દઈને, વિકલ્પ નહિ, દયા, દાન, વ્રત નહિ, શરીર નહિ, એક સમયની અવસ્થામાં અવસ્થાયી આખો. આહા..હા..! કેટલું વીર્ય એમાં જોઈએ છે. અનંતને કબુલવા માટે અનંત વીર્યની રચના છે એમાં. એવો ભગવાન જ્ઞાનમય પ્રભુ એનો પહેલા આવો વિશ્વાસ આવતાં કે આ જ સ્વરૂપમાં

ઠરવાથી શક્તિની વ્યક્તતાની મુક્તિ મને થશે. એ વ્યક્તતાનું નામ અહીંયા જ્ઞાન '**इदानीं पूर्णं ज्ञानं विजयते**' '**અહીંથી શરૂ કરીને શુદ્ધ જ્ઞાન અર્થાત્ સમસ્ત આવરણનો વિનાશ થતાં થાય છે જે શુદ્ધ વસ્તુનો પ્રકાશ...**' મોક્ષપ્રકાશ. પૂર્ણ પ્રકાશનું જે બિંબ હતું, સત્ત્વ ગૂઢપણે—ગૂઢપણે—રહસ્યપણે—સત્ત્વપણે—શક્તિપણે—ભાવપણે. આહા..હા..! એની અંતરમાં પહેલી અનુભવમાં પ્રતીત કરી અને ભરોસો ચડેલો આત્મા એકાકાર થઈ અંદરમાં લીન થઈ જ્ઞાનપ્રકાશ થયો. '**पूर्णं ज्ञानं विजयते**' એ પૂર્ણ સમસ્ત આવરણનો વિનાશ થઈ '**શુદ્ધ વસ્તુનો પ્રકાશ...**' જુઓ, પૂર્ણ કેવળજ્ઞાન થવું એનું નામ મોક્ષ કહેવામાં આવે છે.

**શ્રોતા :—** સત્સંગ આજે આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો શી ખબર પડે ક્યારે આવશે. ગુજરાતી હોય ત્યારે આવે કેટલીક વાર.

'**આગામી અનંતકાળ પર્યંત તે જ રૂપ રહે છે,...**' જેવો અંદર સ્વભાવ હતો એવો જ્યાં શક્તિમાંથી વ્યક્તરૂપે એને કબુલીને ઠર્યો ને જે વ્યક્ત દઈ થઈ એ દશા એમને એમ રહેવાની. એમને એમ રહેવાની એનું નામ મુક્તિ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? '**આગામી અનંતકાળ પર્યંત...**' જુઓ, '**विजयते**'ની વ્યાખ્યા કરી. '**विजयते**'—વિશેષે જય હો! એટલે એવુંને એવું ચાલુ રહો. એનું નામ **विजयते**'. વિજય થયો પર્યાયનો. આહા..હા..! પૂર્ણ સ્વરૂપ ભગવાન એનો અંદરમાં વિશ્વાસ, વિશ્વાસ નિર્વિકલ્પ વિશ્વાસ, રાગ વિનાની પર્યાય દ્વારા વિશ્વાસ, રાગ વિનાના તત્ત્વને રાગ વિનાની પર્યાય દ્વારા વિશ્વાસ (આવ્યો). હજી તો માણસને એની કિંમત આવતી નથી. આ કરીએ ને આ ખાઈએ ને આ પીએ ને લઈએ ને દઈએ. ધૂળ, એ તો જડની ક્રિયા છે. ત્યાં શું તારા અસ્તિત્વમાં થાય છે? તારા અસ્તિત્વમાં આ કર્યું અને મૂક્યું એવો વિકલ્પ ઉઠે એ રાગ છે, એ આત્મા નથી.

કહે છે કે ભગવાન દ્રવ્યસ્વભાવે જેવું સ્વરૂપ છે, એકલો જ્ઞાનનો ચૈતન્યચમત્કાર કે જે ચમત્કારમાંથી કેવળજ્ઞાન જ્યોતિ પ્રગટે. એનો અનુભવ કરીને દૃષ્ટિ કરી, પછી સ્થિરતા કરીને ચારિત્ર થયું, વિશેષ ઉગ્ર સ્થિરતા થઈને શુક્લધ્યાન થઈને કેવળજ્ઞાન થયું. એ આગામી કાળ એમને એમ રહે છે. '**અન્યથા થતો નથી.**' એ કેવળજ્ઞાન પ્રગટ્યું ઈ બીજી રીતે થાય નહિ. મોક્ષ થયો પછી એને સંસાર હોય નહિ, એમ કહે છે. પછી એને અવતાર હોય નહિ.

'**કેવું છે શુદ્ધજ્ઞાન?**' '**कृतसकलकृत्यं**'. '**કર્યો છે કરવાયોગ્ય સમસ્ત કર્મનો વિનાશ જેણે, એવું છે.**' એ બધા કાર્ય કર્યા. મોક્ષનો અર્થ ઈ. આત્મા પોતાના મૂળ સ્વરૂપની દૃષ્ટિ અને સ્થિરતા કરી અને કેવળજ્ઞાનની પૂર્ણ મોક્ષદશા પ્રગટ કરી, કહે છે, '**कृतसकलकृत्यं**' કર્યા છે બધા પૂરા કાર્ય. થયા છે બધા પૂરા કામ. એ બધા કામ પૂરા થઈ ગયા ભગવાનના. મોક્ષ થયો એના પૂરા કામ થઈ ગયા. પૂર્ણાનંદ વસ્તુનો અનુભવ કરીને જે કેવળજ્ઞાન પ્રગટ્યું તો '**कृतसकलकृत्यं**'. બધા કાર્ય પૂરા થઈ ગયા. હવે કોઈ કર્મનો નાશ કરવો બાકી રહ્યો

નથી અને અપૂર્ણનું પૂર્ણ કરવું પણ હવે બાકી નથી. '**કર્યો છે...**' સકળ '**કરવાયોગ્ય સમસ્ત...**' એ સમસ્તની વ્યાખ્યા '**કર્મનો વિનાશ જેણે,...**' ... લીધું છે બાકી તો... પોતામાં અંતર સ્વરૂપમાં દૃષ્ટિનું જે કંઈ પૂર્ણ કરવાનું હતું એ કરી લીધું. હવે કાંઈ કરવાનું બાકી રહ્યું નહિ. મોક્ષ થયો એટલે કૃતકૃત્ય, કૃતકૃત્ય—કર્યા કાર્ય પૂરાં બધાં. હવે કોઈ કામ બાકી છે નહિ. આ સંસારના બહારના કામ તો એ કરી શકતો નથી. આ દેહ, વાણી, મન, વેપાર, ધંધો એ તો આત્મા કરી શકતો નથી. એ તો એને કારણે થાય. આત્મા અંદર રાગ-દ્વેષ કરું એવો મોહ—મમતા કરે. એ મોહ અને મમતા એના સ્વભાવમાં જતાં, સ્થિર થતાં પહેલો મોહ ટળ્યો, પછી સ્થિર થતાં એની અસ્થિરતા ટળી અને પૂર્ણ પ્રગટ દશા થઈ, એ કાર્ય પૂરા થયા. કાર્ય તો એ કરતો વિકારના, એ જ્યાં સ્વભાવની દૃષ્ટિ થઈને સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાનનું કાર્ય થયું સ્થિરતા થઈને કેવળજ્ઞાનનું કાર્ય થયું. એ કાર્ય પૂરા કર્યા એણે કરવાના હતા ઈ. બાકી બીજા કોઈ કાર્ય કરવાના હતા નહિ. કહો, સમજાણું આમાં? આહા..! ભારે.

લોકો તો એમ કહે છે કે આખો દી કામ વિના નવરો નથી ઘડીએ. આખો દી કામ કરે છે કે નહિ? મરવાની નવરાશ નથી એમ કહે છે. ફૂરસદ નથી, મરવાની ફૂરસદ નથી. હવે મરવું આવશે ત્યારે ટાંગા પડ્યા રહેશે ન્યાં તારા ઓલામાં. ફૂરસદ નથી શું? અહીં તો હમણાં મરવાની ફૂરસદ નથી. બહુ સારી વાત છે. ઓહો..હો..! અમે જાણે કામગરા. કામગરા એટલે કામના કરનારા ધૂળના શરીર ને... આ તો માટી—ધૂળ છે. એનું હલવું-ચલવું એ તારું કામ છે? આ કામ તારું છે? આ વાણી બોલે એ આત્માનું કામ છે? ધંધા-વેપારના પથરા ઉથામ્યા એ આત્માનું કામ છે? આવે છે કે નહિ ઓલામાં નથી આવતું? શું કીધું ઈ? 'જીંદગીમાં કેટલું કમાણા રે, જરી સરવાળો માંડજો'. શોભાલાલભાઈ! 'જિંદગીમાં કેટલું કમાણા જરી સરવાળો માંડજો' સરવાળો તો કરજો. 'આખો દી ઉથામ્યા પ્હાણા અને મરતા છેલ્લા લાકડા અને છાણા'. પ્હાણા એટલે પત્થર. છાણા ઉથામ્યા આખો દી. તમાકૂના ઓલા ને ઢીંગલા ને ફીંગલા.. કર્યું પણ શું એણે? રાગ અને દ્વેષ કર્યો. કેમ હશે? આહા..!

કહે છે, ભગવાન આત્મા જે એનું કામ હતું કે પહેલો પૂર્ણ સ્વભાવ છે એવી દૃષ્ટિ થઈ એ એનું કામ. પછી એમાં સ્થિરતા થઈ એ ચારિત્રનું કાર્ય—કામ. પછી વિશેષતા સ્થિરતા થતાં કેવળજ્ઞાનનું કાર્ય થયું. હવે કોઈ કાર્ય કરવાનું બાકી નથી.

**શ્રોતા** :— મહા સુખી થઈ ગયો.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— લ્યો, તમારું કીધું. આ મહાસુખ કીધું. આમને તો મનસુખ છે. મહાસુખ થઈ ગયું. એને એક મહાસુખ છે. મહાસુખ છે કે નહિ એક? ભૂરાભાઈનો નહિ? છેને એક મહાસુખ? કહો, સમજાણું કાંઈ? આ મહાસુખ આત્મામાં થઈ ગયું એમ કહે છે. બહારમાં ક્યાં મહાસુખ હતું? ધૂળમાંય નથી. આહા..હા..! અરે..! જ્યાં નિધાન પડ્યા ત્યાં નજરું નહિ અને જ્યાં પોલા ત્યાં ખીલી મારવા જાય. ખીલી ખીલી હોય છેને? થોર

થોર હોય છેને? થોર નહિ? એમાં કાંકરા કરવા જાય તો? ખીલી ગરી જાય અંદર ખીલો. એમ પોલેપોલા કામ જડના એ તો એને કારણે થાય, તારાથી કાંઈ થતા નથી. રાગ-દ્વેષના ઉધામા કર્યા એ તો અજ્ઞાનના કામ છે. ઉધામા કર્યા, ઉધામા સમજાણું? અમારી કાઠિયાવાડી ભાષા છે.

કહે છે, અહીં તો '**कृतसकलकृत्यं**'. ધર્મીજીવે પહેલામાં પહેલું કામ તો એ કર્યું કે સ્વરૂપની અનુભવની દૃષ્ટિ કરી એ પહેલું કામ. પછી સ્વરૂપમાં ઠરવાનું કામ કર્યું એ ચારિત્ર કામ. ધર્મનું આ કાર્ય. અને ઠરતાં કેવળજ્ઞાન થયું પૂર્ણ થઈ ગયું. હવે પૂર્ણમાંથી પૂર્ણ કરવાનું રહ્યું નહિ. એ તો પૂર્ણ છે એ પલટે છે, પરિણમન પલટ્યા કરે છે એટલું. પૂર્ણ એ પૂર્ણ, પૂર્ણ એ પૂર્ણ. '**વળી કેવું છે?**' '**उन्मज्जत्**'. એક શબ્દ પડ્યો છે આ. '**उन्मज्जत्**' એટલે શું? પ્રગટ થયું છે. '**उन्मज्जत्**' ઉપર આવ્યો, પ્રગટ્યો. જે '**અનાદિ કાળથી ગયું હતું...**' ગયું હતું એનો અર્થ શું? પર્યાયમાં એ પર્યાય નિર્મળ નહોતી. એ તો ખુલાસો '**उन्मज्जत्**'નો પહેલા કર્યા. ભાઈ! '**उन्मज्जत्**'નો અર્થ તો એટલો છે કે જે શક્તિરૂપે સત્ત્વ જ્ઞાન, આનંદનું હતું '**उन्मज्जत्**' એ પર્યાયમાં બહાર આવી ગયું. બહાર આવી ગયું. સમજાણું કાંઈ? તમારે તો હવે અહીં ગુજરાતી થયું હશે ઘણું, નહિ? ભાવનગરમાં છેને. કહો, સમજાણું આમાં?

'**उन्मज्जत्**', અનાદિ કાળથી ભગવાન આત્મા પોતાની પર્યાયમાં પોતે ગયો હતો. ગયો એટલે કંઈ વસ્તુ રહી નહિ. દૃષ્ટિમાં રહી નથી, એના રાગમાં નહોતી રહી. અનાદિ કાળથી ગયો હતો. ગયો એટલે ડૂબી ગયો હતો વિકારી પર્યાયમાં. એ જ એટલો હું એમ માન્યું હતું. '**તે પ્રગટ થયું છે...**' ભગવાન આત્મા પૂર્ણ સ્વભાવથી... સમજાય છે? ઉન્મગ્નજલા, નિમગ્નજલા બે નદી છે. સાંભળ્યું છે? ઉન્મગ્નજલા અને નિમગ્નજલા બે નદી છે. એ વૈચાલ પર્વતની વચમાં. ચક્રવર્તી જ્યારે બીજા ત્રણ ખંડ સાધવા જાય છેને? ત્રણ ખંડ તો અહીં આ. ત્યાં વચમાં બે નદીઓ આવે છે. એવી નદી કે એક નદીમાં કોઈપણ ચીજ પડી હોય તો ઠેઠ તળિયે લઈ જાય. બીજી નદી એવી છે કે કોઈ ચીજ પડી હોય તો કાંઠ કાઢી નાખે. કાંઠે—કિનારે. નિમગ્ન એટલે ડૂબાડી દે. એમ આ આત્મા ગયો તો એટલે વિકારને પોતાનો માનીને આત્મા ડૂબી ગયો હતો. એ '**उन्मज्जत्**'—પ્રગટ્યો. ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદ એની અંતર દૃષ્ટિ અને સ્થિરતા થઈ એટલે જે શક્તિરૂપે હતો એ બહાર આવ્યો. સમજાણું કાંઈ? ભઈ! આત્માને સમજવા માટે પણ કેટલીક યોગ્યતા જોઈએ, પાત્રતા જોઈએ.

આ તો ભગવાન આત્મા.. આહા..હા..! સમજાણું? કરોડો રૂપિયાના, અબજોના વેપાર હોય એ કંઈ દસ રૂપિયા ઘાંચીને મહિનો આપીને એને મુનિમ ઠરાવાતા હશે. દસ રૂપિયા પગાર કરીને કહે કે મારું આ બધું કામ કરજે. ઘાંચી હોયને ઘાંચી, તેલ વેંચનારા. એને શું આવડે અબજોના વેપાર કરતાં? એમ જેને આત્મા ભગવાનની પાટે બેસાડવો છે એને કહે કે રાગ કરજે, પુણ્ય કરજે, આ કરજે, તે કરજે એમાંથી તને મળશે. ધૂળેય નહિ મળે સાંભળને.

મહા નિધાનને થડે જેને બેસાડવો છે, થડો કહેવાયને દુકાનનો. પેઢી-પેઢી. શું કહેવાય? ગદ્દી. આ મહા ભગવાન આત્મા એની ગાદીએ બેસાડવો છે કે જો આત્મા તારું સ્વરૂપ, લે વારસો હવે શ્રદ્ધામાં. પ્રતીતમાં ... એને જ્ઞાનનો ભરોસો આદિ ઘણી કિંમત દેવી પડે. ઘણી પાત્રતા--ઘણી લાયકાત જોઈએ. સમજાય છે?

'**उन्मज्जत्सहजपरमानन्द**' ભાષા જુઓ લીધી. શું પ્રગટ્યું? કે '**દ્રવ્યના સ્વભાવરૂપે પરિણમતું અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ,...**' ભગવાન આત્મામાં અંતરમાં આનંદનું ગૂઢપણું—રહસ્યપણું—સત્ત્વપણું તો પડ્યું હતું. એ સત્ત્વ એવું નથી કે ઉપરથી ઓલો રાગ ગયો એટલે સત્ત્વ આમ બહાર આવ્યું, એમ નથી. રાગ ગયો ત્યારે સત્ત્વની શક્તિનો પ્રયોગ થતાં એનું પરિણમન વિકાસમાં થઈ ગયું. સમજાણું કાંઈ? તેથી કહે છે કે સહજ પરમાનંદ ભગવાન આત્મા પોતાનો દ્રવ્યસ્વભાવ જે આનંદરૂપે હતો, શક્તિરૂપે હતો, ગૂઢપણે પડ્યો હતો, પડદા પાછળ—રાગના પડદા પાછળ આખું ભગવાન તત્ત્વ પડ્યું હતું એને પ્રગટપણે અતીન્દ્રિય આનંદનું પરિણમન થઈ ગયું. '**દ્રવ્યસ્વભાવરૂપે પરિણમતું...** ' જુઓ, '**અનાકુલત્વલક્ષણ અતીન્દ્રિય સુખ...**' થઈ ગયું. કેવું? '**सरसं**' '**सरसं**' આનંદના રસવાળું સંયુક્ત. સમજાય છે કાંઈ? આહા..! જુઓ, '**सरसं**'—સરસ, સરસ. આનંદના રસવાળી દશા પ્રગટ થઈ. આ અનાદિની વિકારના રસવાળી દશા હતી એનું નામ સંસાર. આ અતીન્દ્રિય આનંદના રસવાળી દશા પ્રગટ થઈ એનું નામ મોક્ષ. ... આવે છેને? આ ગ્રંથને સરસ સરસ કહ્યો છે.

'**ભાવાર્થ આમ છે કે મોક્ષનું ફળ અતીન્દ્રિય સુખ છે.**' જેણે આત્માના પૂર્ણાનંદ સ્વભાવનો ભરોસો કરી ઠર્યો એને શક્તિમાંથી વ્યક્તતા પૂર્ણ આનંદની થઈ. અહીં વિકારનો નાશ કર્યો, ફલાણું કર્યું એ તો બધી અપેક્ષાથી વાત છે. એ તો અહીં સત્તામાં જે પ્રવાહ ભર્યો હતો એ વસ્તુ દ્રવી, દ્રવ્યું. દ્રવ્ય શુદ્ધ કીધુંને? શું કીધું જુઓ. '**દ્રવ્યસ્વભાવરૂપે પરિણમતું...**' દ્રવ્ય દ્રવ્યું. પાણી જેમ દ્રવેને, આમ પ્રવહે—વહે. એમ આત્મા પૂર્ણ આનંદનો જે કુંડ છે, સમજાણું? એની અંદર લીનતા થતાં એ પર્યાયમાં દ્રવી ગયું, આવી ગયો, પરિણમી ગયો. પરમાનંદરૂપે પરિણમ્યો એવું અનંત સુખ મોક્ષમાં છે. કહો, સમજાણું કાંઈ?

'**શું કરતું થકું જ્ઞાન પ્રગટ થાય છે?**' જુઓ, ભાવાર્થ આ રીતે છે, '**पुरुषम् साक्षात् मोक्षं नयत्**' '**पुरुषम्**' નામ '**જીવદ્રવ્યને...**' પુરુષ એટલે જીવદ્રવ્ય. સમજાણું કાંઈ? પુરુષ એટલે આ મનુષ્યવાળો પુરુષ એમ નહિ. સ્ત્રીનો આત્મા પણ પુરુષ છે એટલે જીવદ્રવ્ય છે. જીવદ્રવ્ય. એવો જે પુરુષ એટલે '**જીવદ્રવ્યને...**' '**साक्षात् मोक्षं**' '**સકળ કર્મનો વિનાશ થતાં શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ...**' '**नयत्**' એટલે '**પરિણમાવતું થકું.**' લ્યો.. ભગવાન આત્મા પોતાના અંતર સ્વરૂપના અવલંબનમાં પરિણમનરૂપે જ્યાં પૂર્ણ પરિણમ્યો એ દ્રવ્ય જ પોતે આખું પર્યાયમાં પરિણમી ગયું. આખું એટલે વર્તમાનમાં શુદ્ધપણે પરિણમ્યું.

સાક્ષાત્ મોક્ષ. સાક્ષાત્ મોક્ષ કેમ કહ્યો છે? વસ્તુ તો મોક્ષસ્વરૂપ જ છે. પ્રેમચંદભાઈ! શું? વસ્તુ છે તે મોક્ષસ્વરૂપ છે શક્તિરૂપે. આ સાક્ષાત્ મોક્ષ થયો. ભારે ભાષા, ભાઈ! વસ્તુ તો વસ્તુ મુક્ત નિર્લેપ જ છે. પદાર્થ—વસ્તુ. એ લેપ તો વર્તમાન રાગ ને એ તો ક્ષણિક અવસ્થામાં દેખાય છે, વસ્તુમાં ક્યાં છે એ. વસ્તુ તો મુક્તસ્વરૂપ જ આત્મા છે, એની પર્યાયમાં સાક્ષાત્ મોક્ષ થયો. શક્તિરૂપે હતો એ વ્યક્તરૂપે થયો. આહા..હા..! સમજાણું કાંઈ? '**સકળ કર્મનો વિનાશ થતાં શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ...**' શુદ્ધત્વ અવસ્થા પ્રગટી. સંસાર અવસ્થા એ વિકારી અશુદ્ધ હતી અને આત્માનો ધર્મ પ્રગટ્યો આત્માના સ્વભાવ સન્મુખમાં ત્યારે કેટલીક શુદ્ધતા પ્રગટી પણ કેટલીક અશુદ્ધતા પણ સાથે હતી. આ મોક્ષ થયો ત્યારે એકલી શુદ્ધતા રહી ગઈ. એકલી શુદ્ધતાનું પરિણમન તેનું નામ મોક્ષ. સમજાણું કાંઈ? '**શુદ્ધત્વ-અવસ્થાના પ્રગટપણારૂપ...**' '**नयत्**' એટલે '**પરિણમાવતું થકું.**' આત્માને પરિણમાવતો થકો આ રીતે આત્મા પ્રગટ થયો છે.

'**ભાવાર્થ આમ છે કે અહીંથી આરંભ કરીને સકળકર્મક્ષયલક્ષણ મોક્ષના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે.**' આ ગાથા શરૂઆત પહેલી છેને મંગળિકની. મોક્ષ અધિકારની પહેલી છે. '**અહીંથી આરંભ કરીને...**' આરંભ એટલે શરૂઆત કરીને '**સકળકર્મક્ષયલણ મોક્ષ...**' આ વ્યાખ્યા. સકળકર્મક્ષયલક્ષણ મોક્ષ, લ્યો. આવે છેને? તત્ત્વાર્થસૂત્રમાં. એના '**સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવે છે. વળી કેવું છે?**' '**परं**' '**ઉત્કૃષ્ટ છે.**' '**परं**' '**ઉત્કૃષ્ટ છે.**' મોક્ષદશા પરમોત્કૃષ્ટ છે. એના જેવું કોઈ ઊંચું છે નહિ. આત્માની સિદ્ધપદ દશા સિવાય ઊંચું શું જગતમાં હોય? સનાતન સત્યનો ભંડાર જ્યાં ઊછળી ગયો પર્યાયમાં, સતાનત સત્યનો ભંડાર પ્રભુ એ પર્યાયમાં વર્તમાન અંતરમાં એકાગ્ર થઈને વર્તમાનરૂપે ઊછળીને પરિણમી ગયો એના જેવું કોઈ ઉત્કૃષ્ટ છે નહિ.

'**વળી કેવું છે?**' '**उपलम्भैकनियतम्**' '**એક નિશ્ચયસ્વભાવને પ્રાપ્ત છે.**' આત્મા જે શક્તિરૂપે શુદ્ધ હતો એ પર્યાયરૂપે એક નિશ્ચય મોક્ષપણાને પ્રાપ્ત થયો. '**એક નિશ્ચયસ્વભાવને...**' નિશ્ચય જે સ્વભાવ છે તેને પર્યાયમાં પ્રાપ્ત કર્યો. હવે વિભાવ કે રાગ કે વિકલ્પ કે ગંધ રહી નહિ. ગાણા સાંભળવા ઓલા પડે એવા છે. આહા..હા..! જરી ધ્યાન રાખે તો રસવાળાને મજા આવે. આ શું કહે છે? આ ધર્મકથા ચાલે છે. આહા..હા..! વસ્તુ એવી છે એમ કહે છે. ગૂઢ આ, આ તો ગૂઢપણે શક્તિને સંકેલીને પડ્યો છે. ઉખળીને પર્યાયમાં પ્રગટ થયો. સમજાણું કાંઈ? આ પંખા-બંખા નથી હોતા? આ ચીનના બહુ લોકો પંખા કરે. આટલો પંખો હોય. આમ કરે. થાય છે કે નહિ? બે હોયને? આવી બે બાજુ. બસ, એટલું હોય. પંખા હોય છેને.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મનોહર ચિતરામણ અને ગોળા મનોહર ને કંઈક-કંઈક આવે

એમાં. એમ ભગવાન આત્મા અંતરમાં પરિણમનની પર્યાય હિણી હતી, પણ પારિણામિકભાવે તો પૂર્ણ હતો. સમજાણું કાંઈ? જેમ વનસ્પતિની કળી ખીલીને લાખ પાંખડીનું ગુલાબનું ફૂલ થાય. કળી કળી. કળી છેને? લાખ-લાખ પાંખડીનું ફૂલ છે, હોં! શાસ્ત્રમાં આવે છે. હજાર-હજારના તો અત્યારે કેટલાક થાય છે. મોટા મોટા ગુલાબ નહોતા ત્યાં? આપણે ગયા હતા. ઉન ઉન. ઉનમાં એક તળાવ છે ત્યાં બહુ મોટા થાય. ઉન તીર્થ નથી? ત્રણ તીર્થંકરો છે. શાંતિનાથ, કુંથુનાથ અને અરનાથ હેઠે ભોંયરામાં. ઉન ઉન કહે છેને? ત્યાં આગળ બહાર છે. બડવાની. બડવાની જતા આવે છે. ઉન આવે છે ત્યાં. ત્યાં બધે જોઈ આવ્યા છીએ. આખા હિન્દુસ્તાનમાં. ત્યાં તળાવમાં છે. ત્યાં પણ ગયા હતા. હતા કે નહિ રામજીભાઈ? પણ નહોતું. કોઈ કહે કે આ તળાવમાં એવા મોટા ગુલાબ થાય છે. ચાલો જોવા જોઈએ. પણ નહોતું. ગયા હતા. થાય છે. એવા ઝીણી ઝીણી પાતળી આમ... આ તો લાખ પાંખડીનું શાસ્ત્રમાં આવે છે.

કળી ખીલે એમ ભગવાન આત્મા પર્યાયમાં—અવસ્થામાં સંકોચ હતો. વસ્તુના અંતર સ્વભાવમાં પૂર્ણ હતો. એ અંતરમાં એકાગ્ર થઈને પૂર્ણ વિકાસ કેવળજ્ઞાનની જ્યોતે પ્રગટ્યો. આહા..હા..! **'નિશ્ચયસ્વભાવને પ્રાપ્ત છે.'** **'એક નિશ્ચયસ્વભાવ...'** જુઓ, એકરૂપે નિશ્ચયસ્વભાવ થઈ ગયો. પછી બે રૂપ રહ્યું નહિ. પરિણમન પૂરું એકાકાર થઈ ગયું. **'શું કરતો થકો આત્મા મુક્ત થાય છે?'** લ્યો હવે. **'बन्धपुरुषौ द्विधाकृत्य'**. લ્યો, આ એની ક્રિયા બતાવી. મોક્ષ થવાની ક્રિયા કઈ? કે દ્રવ્યકર્મ જડ, ભાવકર્મ—દયા, દાન, પુણ્ય-પાપ ભાવ અને નોકર્મ શરીર, એની ઉપાધિ. અહીં બંધનો અર્થ એ ત્રણની ઉપાધિ. અને શુદ્ધ જીવદ્રવ્ય એ પુરુષ. **'સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય'**. એ પરમાત્મા પોતાનો સ્વભાવ તે જ મારે અંગીકાર કરવાલાયક છે. ઉપાદેય એટલે પ્રગટ કરવાલાયક છે અને વસ્તુ તે વર્તમાન આદરણીય છે. વિકાર, કર્મ અને શરીર તે હેય છે. એમ પુરુષ અને ઉપાધિને બેને ભિન્ન પાડ તો આત્માને મોક્ષ થાય છે. આ વર્તમાનમાં ગડબડ કરી નાખી છે.

વસ્તુની શક્તિનું સત્ત્વ શું છે અને એની સન્મુખ થતાં જ એ શક્તિ વ્યક્ત થાય છે. એનાથી વિમુખ રહેતાં, વિકલ્પોની સામું જોતાં ન્યાં થાતાં એ પ્રગટે છે? વ્યવહાર કરતાં કરતાં.. પણ વ્યવહાર એટલે પરસન્મુખની ક્રિયા—રાગ. પરના સન્મુખે સ્વસન્મુખની ક્રિયા પ્રગટ થતી હશે? એવું ઊંધું માર્યું છેને આખું. અમરચંદભાઈ! આહા..હા..! આમ કરો, આ કરો, આ કરો, ભક્તિ કરો, પૂજા કરો, દાન કરો, જાત્રા કરો, આ કરો, આ કરો. પણ ઈ તો રાગ છે. ક્રિયા તો જડની છે અને અંદર વિકલ્પ ઉઠે એ રાગ છે. રાગ તો પરસન્મુખની દિશાને વિકાસ કરે છે. રાગ તો એની સામું જોવે છે આ.. આ.. આ.. દેવ-ગુરુ-શાસ્ત્રને જોવે છે. એની દિશા ક્યાં અંદર છે. અંદરનો જે સ્વભાવ, એની વર્તમાન દશા અંતરમાં વિકાર, વિકલ્પથી જુદું પાડવાની ક્રિયાથી આત્મા અને કર્મ બે જુદાં પડે છે. રાગને ભેગો

રાખીને રાગથી મને લાભ થાશે એમ રાખીને પુરુષ પ્રગટ થાય છે? શું કીધું આ?

આમાં પાછું આવ્યું નિશ્ચયભાવ એક જ મોક્ષનો માર્ગ છે એમ આવ્યું. શું આવ્યું? '**बन्धपुरुषौ द्विधाकृत्य**'. બંધ નામ દયા, દાન, વ્રત પરિણામ છે તે બંધભાવ છે, વિકાર-ભાવકર્મ છે અને ભગવાન આત્મા પુરુષ છે—આત્મદ્રવ્ય છે. ચૈતન્ય વસ્તુ છે એ પુરુષ છે એટલે આત્મા છે. દ્રવ્ય—તત્ત્વ છે અને પુણ્ય-પાપનો વિકાર, કર્મ, વિકાર .. અને નોકર્મ શરીરાદિ, એને ભિન્ન પાડવા, એને સાથે લઈને રાગને સાથે લઈને... સાથે લઈને સમજો છો? સાથમેં લેકર આત્માની પાસે જવાય એમ નથી. આ શું કહ્યું પહેલું? આ મોક્ષમાર્ગ પણ સિદ્ધ કર્યો ભેગો. '**बन्धपुरुषौ द्विधाकृत्य**' મોક્ષ કેમ થાય? કે બંધભાવ અને આત્મસ્વભાવ—બેને જુદાં પાડતાં મોક્ષ થાય. તો પહેલો મોક્ષ કેમ થાય—સમ્યગ્દર્શન? કે રાગ અને સ્વભાવ બેને ભિન્ન પાડતાં સમ્યગ્દર્શન—આ મોક્ષસ્વરૂપ છે એવી પ્રતીતિ પહેલી થાય. આહા..હા..! કહો, સમજાણું કાંઈ? શું કીધું?

શુદ્ધ જીવદ્રવ્ય એ પુરુષ અને બંધ એ દ્રવ્યકર્મ, ભાવકર્મ, નોકર્મ એ ઉપાધિ. હવે ઉપાધિ '**સર્વ બંધ હેય,...**' ઉપાધિ... શું કહ્યું જુઓ. '**द्विधाकृत्य**' '**द्विधाकृत्य**'નો અર્થ કર્યો કે '**સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય**' **એવા ભેદજ્ઞાનરૂપ પ્રતીતિ ઉપજાવીને.**' સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પૂર્ણ આનંદઘન અને રાગાદિ ભાવકર્મ બંધ, એ ઉપાધિ છે. ઉપાધિને અને ભગવાન આત્માને ભિન્ન પાડવા—જુદાં પાડતાં ભેદજ્ઞાન થાય, પૂર્ણ જુદાં પડ્યા ત્યારે મોક્ષ થઈ જાય. આ ક્યાંથી આવ્યું? વ્યવહાર પહેલો અને નિશ્ચય પછી. એવા ગોટા વાળ્યા. ક્યાંક લખાણમાં આવ્યું કોઈ અપેક્ષાએ ત્યાં કરી નાખ્યું લખાણ. થઈ ગયું તત્ત્વ. ભાઈ! એ ભગવાનની સામું જોવું એ બીજી પર્યાય છે અને પરની સામે જોવું એ બીજી વિકારી પર્યાય—ઉપાધિ પર્યાય છે. એ ઉપાધિ પર્યાયથી અંતરની દૃષ્ટિમાં અંતર્મુખના ગૂઢ રહસ્ય સન્મુખ થઈ શકે? સમજાણું કાંઈ?

એની અંતર નિર્ણયની ભૂમિકા તો સુધારે. શ્રદ્ધાની ભૂમિકાને સુધારે કે અહો..! આ વસ્તુ પૂર્ણ સ્વરૂપ એના અંતર્મુખ જતાં એની પ્રાપ્તિ થાય છે. બહિર્મુખની જેટલી વૃત્તિઓ ઉઠે છે એને કારણે અંતર્મુખમાં જવાય છે (એમ નથી). એને જુદું પાડે તો અંતર્મુખમાં જવાય. કહો, સમજાય છે આમાં? ઈશ્વરચંદજી! બહુ રાડ પાડે છે. એ.. એકાંત છે રે, એકાંત છે. ભગવાન! એકાંત છે. બાપુ! એકાંત છૂટું પડવાનો માર્ગ છે. ભાઈ! તને ખબર નથી, ભાઈ! એકાંત એકાંત છે એ બધું તને આકરા પડશે, બાપુ! સમજાય છે? આહા..હા..!

કહે છે, અરે..! એને આત્માની શું કિંમત છે, એને રાગ વડે વેચાતો લેવો છે આત્માને. ઉપાધિ વડે નિરુપાધિ આત્માને વ્હોરવો છે. વ્હોરવો કહેને? લેવો છે. ખરીદવો છે એ વ્હોરવું કહે છે. સમજાણું કાંઈ? તેથી આચાર્યે શબ્દ વાપર્યો છે કે '**बन्धपुरुषौ द्विधाकृत्य**'. ભગવાન આત્મા અને રાગાદિ ભાવબંધ, એ હેય એટલે લક્ષ છોડવાલાયક અને આ ઉપાદેય એટલે

આનું લક્ષ કરવાલાયક છે. સર્વ બંધ હેય, હોં! સર્વ બંધ શબ્દ વાપર્યો છે. '**દ્વિધાકૃત્ય**'માં કેટલું એણે વાપર્યું છે. ઓલું દ્રવ્યકર્મ અને શરીર જ હેય છે એમ નહિ. સર્વ બંધ હેય છે. પુણ્યનો વિકલ્પ ઉઠે એ પણ હેય છે. પેલા કહે, નહિ, છઠ્ઠું ગુણસ્થાન પુણ્યથી થાય છે. ગજબ કર્યો! સમજાણું? પુણ્યને ઝેર કહો છો, વિષ્ટા કહો છો. આહા..! ભાઈ! એ મેલ છે, બાપા! એ મળ છે, ભાઈ! એ મળના (આધારે) નિર્મળતા નહિ પ્રગટે. મળ વિનાની ચીજ નિર્મળ. મળ કારણ અને નિર્મળ કાર્ય? તેથી આચાર્ય મહારાજ મોક્ષ અધિકારની શરૂઆતમાં જ મોક્ષની વ્યાખ્યા કરી. પણ કેમ થાય? કે દ્વિધા કરીને થાય. એનો ઉપાય પણ સાથે (બતાવ્યો). સમજાણું કાંઈ?

'**સર્વ બંધ હેય, શુદ્ધ જીવ ઉપાદેય**' એવા ભેદજ્ઞાનરૂપ પ્રતીતિ ઉપજાવીને. જુઓ, એવી જુદાપણાની પ્રતીતિ ઉપજાવીને મોક્ષ થાય છે. હવે '**આવી પ્રતીતિ જે રીતે ઊપજે છે તે કહે છે—**' હવે એ પ્રતીતિ કેમ થાય એ ક્રમ મૂકે છે.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, કળશ-૧૯૩-૧૯૪
## પ્રવચન નં.૧૭૯, તા.૫-૧૦-૧૯૬૫
## (૧૪)

.. ચાલે છે. શુદ્ધાત્મદ્રવ્ય અધિકાર. થોડું ચાલ્યું છે. થોડું ફરીને લઈએ શરૂઆતથી. થોડા નવા આવ્યા છેને. સળંગ આવ્યું છે.

नीत्वा सम्यक् प्रलयमखिलान् कर्तृभोक्त्रादिभावान्
दूरीभूतः प्रतिपदमयं बन्धमोक्षप्रक्लृप्तेः।
शुद्धः शुद्धः स्वरसविसरापूर्णपुण्याचलार्चि-
ष्टंकोत्कीर्णप्रकटमहिमा स्फूर्जति ज्ञानपुञ्जः।।१-१९३।।

આ સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર કહે છે કાં શુદ્ધાત્મદ્રવ્ય અધિકાર, બેય એક વાત છે. સર્વવિશુદ્ધજ્ઞાન કહો કે શુદ્ધાત્મ દ્રવ્ય કહો (બેય એક છે). સમજાણું કાંઈ? ભગવાન આત્મા... શું કહે છે જુઓ, **'अयं ज्ञानपुञ्जः स्फूर्जति'**. આત્મા **'स्फूर्जति'** નહિ કહીને એમ કહ્યું **'अयं' 'આ વિદ્યમાન...' 'ज्ञानपुञ्जः स्फूर्जति'** જ્ઞાન **'स्फूर्जति'** ન કહ્યું. સમજાણું કાંઈ? **'ज्ञानपुञ्जः'** દ્રવ્ય. જ્ઞાનપુંજ જીવદ્રવ્ય **'स्फूर्जति' 'પ્રગટ થાય છે.'** એમ કહે છે. શું કહ્યું સમજાણું? આત્મા અર્થાત્ જ્ઞાનનો પુંજ એ જ આત્મા છે. જ્ઞાનવાન એમ પણ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનપુંજ—જ્ઞાનપુંજથી જીવદ્રવ્યને અહીંયા કહ્યું છે. દ્રવ્ય કેવું છે ભગવાન વસ્તુ? કે જ્ઞાનપુંજ છે, જ્ઞાનપુંજ છે તે દ્રવ્ય છે. સમજાણું કાંઈ? **'अयं'** વિદ્યમાન છે, મોજૂદગી રાખે છે, ત્રિકાળ ધ્રુવપણે ટકે છે એવો ભગવાન શુદ્ધ જીવદ્રવ્ય. એનો અર્થ કર્યો. જ્ઞાનપુંજ કહ્યુંને? તો જ્ઞાનપુંજ નામ શુદ્ધ જીવદ્રવ્ય. સમજાણું કાંઈ? જુઓ, આ વીતરાગની દ્રવ્ય—વસ્તુની કથન પદ્ધતિ. આવી વાત જૈન સિવાય ત્રણકાળમાં બીજા સ્થાનમાં હોય નહિ. અને વસ્તુ કહેતાં વસ્તુ, તો વસ્તુ તો વસ્તુનું સ્વરૂપ શું? એ સ્વરૂપ એ જ્ઞાનસ્વરૂપી આત્મા, જ્ઞાનસ્વરૂપી દ્રવ્ય, એમ અહીંયા કહ્યું. સમજાણું કાંઈ? જ્ઞાનનો પુંજ એ શુદ્ધ જીવદ્રવ્ય પ્રગટ થાય છે. પ્રગટ થાય છે નામ પર્યાયમાં પોતાની શુદ્ધ અવસ્થા પ્રગટ કરે છે. એટલી વાત પહેલાં લીધી.

હવે **'ભાવાર્થ આમ છે કે અહીંથી શરૂ કરીને જીવનું જેવું શુદ્ધ સ્વરૂપ છે તેવું કહે છે. કેવો છે જ્ઞાનપુંજ?'** એ જ્ઞાનપુંજ કહ્યું હતું. ભગવાન જ્ઞાનપુંજ વિદ્યમાન ધ્રુવ હયાતી... હયાતી... સત્તાવાન એવી જ્ઞાનપુંજ વસ્તુ કેવી છે? **'टंकोत्कीर्णप्रकटमहिमा'** **'સર્વ કાળ એકરૂપ એવો છે...'** ભગવાન વસ્તુ સર્વ કાળ—ત્રણે કાળ એ વસ્તુ એકરૂપ

છે. જુઓ, અહીંયા વજન એકરૂપમાં છે. એકરૂપ. પર્યાયમાં અનેકરૂપ છે એ દ્રવ્ય એવું નથી. વસ્તુ-વસ્તુ અસ્તિત્વ મહાન વિદ્યમાન પદાર્થ એક સર્વ કાળ—ત્રણે કાળ એકરૂપ જ્ઞાનપુંજ શુદ્ધ જીવદ્રવ્ય છે. કેવો છે?

'**સ્વાનુભવગોચર સ્વભાવ જેનો,...**' કેવો છે ભગવાન? એની મહિમાનો અર્થ જ એવો કર્યો. મહિમાનો અર્થ જ એમ કહ્યો કે સ્વાનુભવગોચર જ જેનો સ્વભાવ છે. જેનો સ્વભાવ જ સ્વાનુભવગમ્ય (છે). એ જ્ઞાનપુંજ છે તો જ્ઞાનની પર્યાયથી એ જણાય છે. સમજાણું કાંઈ? બીજા કોઈ ઉપાયથી એ ભગવાન આત્મા (જણાતો નથી). કારણ કે સ્વાનુભવગમ્ય સ્વભાવ છે. સ્વાનુભવગમ્ય એનો સ્વભાવ છે. સ્વભાવ એનું સ્વરૂપ જ એવું છે. સમજાણું કાંઈ? કહે છે કે પ્રગટની વ્યાખ્યા કરી સ્વાનુભવગોચર. પ્રગટની વ્યાખ્યા. પ્રગટ કહે છે. પ્રગટ છેને? પ્રગટ થાય છે. તો પ્રગટ શેનાથી થાય છે? સ્વાનુભવગોચર. સ્વાનુભવગોચર શું છે? એનો સ્વભાવ છે એ તો. બહુ સૂક્ષ્મ. બાલચંદજી! એકેન્દ્રિયા, બેઈન્દ્રિયા, ત્રણ ઈન્દ્રિયામાં .. એમાં આ જીવ્યા. આ તો બીજો જીવ નીકળ્યો.

કહે છે, સ્વાનુભવગમ્ય સ્વભાવ પ્રગટ અને મહિમા—બેની વ્યાખ્યા છે. પ્રગટ નામ પોતાને સ્વાનુભવગમ્ય એમ પ્રગટ. અને એવો જ એનો સ્વભાવ છે ત્રિકાળ. સમજાણું કાંઈ? સ્વસંવેદનજ્ઞાન—પોતાના જ્ઞાનથી જ્ઞાનનું (વેદન), જ્ઞાનપુંજ છેને? તો જ્ઞાનપુંજ એ જ્ઞાનથી અનુભવમાં આવવાવાળો, પ્રગટ થવાવાળો એ જ એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? પુણ્ય-પાપ, વિકલ્પ, વ્યવહાર કે શરીરાદિનું નિમિત્ત એનાથી એ પ્રગટ થાય એવો એનો સ્વભાવ જ નથી. એનો સ્વભાવ એવો છે કે પોતાનો ચૈતન્યપુંજ પ્રભુ પોતાની .. પર્યાયથી અંતર સ્વભાવથી અનુભવગમ્ય થાય છે એવો જ એનો અનાદિ સ્વભાવ છે. આહા..હા..! સમજાણું કાંઈ?

'**વળી કેવો છે?**' '**स्वरसविसरापूर्णपुण्याचलार्चिः**' '**स्वरस**' '**શુદ્ધ જ્ઞાનચેતના...**' જ્ઞાનપુંજ જે કહ્યું એને અહીંયા સ્વરસ કહ્યું. એ પોતાનો સ્વરસ—સ્વસત્ત્વ—સ્વશક્તિ—સત્ત્વ સ્વનું ત્વ—સ્વનું પોતાપણું કેવું છે? '**શુદ્ધ જ્ઞાનચેતના...**' એ તો છે. એ તો પોતાનો શુદ્ધ નિર્મળ જ્ઞાનચેતના એ જીવદ્રવ્ય છે. સમજાણું કાંઈ? '**विसर**' કેવી છે? '**અનંત અંશભેદથી સંપૂર્ણ એવું છે...**' શુદ્ધ ચેતના—જ્ઞાનચેતના વિસ્તારથી, વિસ્તારથી વિશાળતાથી વિસ્તાર અનંત છે. જેમાં જ્ઞાનનો વિસ્તાર સ્વભાવ—સામર્થ્ય અનંત છે. સમજાણું કાંઈ? એક સમયમાં શુદ્ધ ચેતનાનો સ્વભાવ કેવો છે? અનંત અંશભેદ છે, અનંત અંશભેદ છે. નથી સમજાતું?

એક સમયમાં એક જ્ઞાનચેતનાના એટલા અંશ પડે છે એ બધા અંશભેદસ્વરૂપ એ વસ્તુ છે. અનંત. એક અંશભેદ નહિ. અનંત અંશ સત્તા—સામર્થ્યરૂપ એક ચેતના—શુદ્ધચેતના છે. અનંત સ્વભાવ (છે). સ્વ-ભાવ, સ્વ-ભાવ એનું સામર્થ્ય કેટલું? સ્વભાવ.. અહીંયા ક્ષેત્રની મહિમા નથી. આટલું ક્ષેત્ર ભલે હો—અસંખ્ય પ્રદેશ, પણ એ ચેતનાની અનંત... અનંત...

અનંત... મહિમા છે. શું કહે છે? જેમ આકાશની મહિમા ક્ષેત્રથી અચિંત્ય છે. આકાશ ક્યાં સ્થિર થયું? ક્યાં અંત છે? છે અંત? ક્યાં છે? ક્યાં? ક્યાં? એવી એ વસ્તુ છે. જેનું ક્ષેત્ર છે એમાં નથી એવું ક્યાંય નહિ આવે. આકાશનું ક્ષેત્ર છે બહાર તો એ સર્વ સ્થાનમાં છે.. છે.. છે.. છે.. એમ ચાલ્યું જશે. છેમાં ક્યાંય નથી એમ નહિ આવે. સમજાણું કાંઈ?

એમ, એ તો અચેતન વસ્તુ છે. એને જાણનારો ભગવાન જેનો ચૈતન્યસ્વભાવ—આકાશનો ક્ષેત્રથી અંત નથી, છે.. છે એમાં નહિ ક્યાંય નહિ આવે, એમ શુદ્ધ ચેતનામાં કેટલું સામર્થ્ય? છે.. છે.. છે.. છે.. અનંત અનંત છે.. છે એવું સામર્થ્ય છે. એમાં છેમાં ક્યાંય મર્યાદા આવે એવી એ વસ્તુ નથી. સમજાણું કાંઈ? ખ્યાલમાં આવે છે કે નહિ, માલચંદજી? થોડું થોડું. તમે તો અહીંયા વારંવાર આવો છો.

અહીંયા કહે છે, ભગવાન આત્માનો શુદ્ધ ચેતનાસ્વભાવનું અસ્તિપણું—વિદ્યમાનપણાનો વિસ્તાર કેટલો? વિસ્તાર કેટલો? કે એ તો અનંત છે.. છે.. છે.. એવા સામર્થ્યના અનંતપણાનો પડ્યો પાથર્યો શુદ્ધ ચેતનાસ્વભાવ છે. જેમ ક્ષેત્રનો ક્યાંય અંત નથી, ક્યાંય અંત નથી, છેમાં ક્યાંય નથી એમ નહિ આવે. એમ ભાવના સામર્થ્યમાં કેટલું છે? કે છે.. છે.. છે. અનંત.. અનંત... અનંત.. અનંત.. અનંત.. અનંત છે. સમજાણું કાંઈ? એવો વિસ્તાર અનંત અંશથી '**आपूर्ण**' છે—સંપૂર્ણ છે. આહા..હા..! સમજાણું કાંઈ? એ ભવગાન આત્મા આવો છે. સંપૂર્ણ એના સામર્થ્યમાં એક-એક ગુણનો વિસ્તાર; અહીં ચેતનાનો લીધો છે એની સાથે એક એક પ્રત્યેક ગુણ અપાર-અપાર (સામર્થ્યવંત છે). અહીં ચેતના કેમ લીધું? સ્વપરપ્રકાશક સામર્થ્ય રાખે છે, તો સ્વપરપ્રકાશ સામર્થ્યનો—સામર્થ્યનો કેટલો ભાવ છે? કે અપાર ભાવ—એનો વિસ્તાર અપાર છે. આ ક્ષેત્રનો વિસ્તાર અપાર છે, અહીં ભાવનો વિસ્તાર અપાર છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** ખ્યાલ ન આવ્યો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ ખ્યાલ આવે એવી તો વાત છે. એમાં એવી કોઈ ચીજ નથી. સાધારણ ભાષા છે. એવી કોઈ શાસ્ત્રીય ભાષા બહુ ગૂઢ નથી. આ કહ્યું નહિ?

વસ્તુ છે કે નહિ? વસ્તુ જ્ઞાનચેતના પુંજ જ છે. એ ચેતનાપુંજ છે. કેટલો ભાવનો વિસ્તાર છે? વિસ્તારનો અર્થ અહીંયા ક્ષેત્રનો વિસ્તાર નથી લેવો. સમજાણું કાંઈ? ક્ષેત્રનો વિસ્તાર તો અસંખ્ય પ્રદેશ છે. પણ એનું ભાવસામર્થ્ય કેટલું છે? વિસ્તાર.. વિસ્તાર.. એ વિસ્તારના અસ્તિત્વમાં ક્યાંય વિસ્તારની નાસ્તિ આવે એવી ચીજ નથી. આહા..હા..! એવો વિસ્તાર એનો ચૈતન્યનો સ્વભાવ છે. આહા..હા..! કહો, સમજાય છે કે નહિ? ભાઈ! આમાં કંઈ ભાષા બહુ કઠણ નથી. કેમ?

વસ્તુ છે કે નહિ? પદાર્થ છે એ સ્વાભાવિક છે. એનો સ્વભાવ કેટલો? કે સ્વભાવ કેટલો એની શું વાત? અપાર.. અપાર.. અપાર.. વિસ્તાર અનંત-અનંત જેનું સામર્થ્ય છે.

આહા..હા..! સમજાણું કાંઈ? કેવો છે? '**સંપૂર્ણ એવું છે...**' સંપૂર્ણ એવું છે. ભગવાન આત્મા... વળી કેવો છે? '**નિરાવરણ જ્યોતિરૂપ...**' એમાં આવરણ-ફાવરણ છે જ નહિ. પુણ્ય નામ પવિત્રરૂપ. અહીં તો લેવું છે પુણ્ય નામ પવિત્રરૂપ. નિરાવરણ એ તો વિશેષણ લગાડ્યું, પણ એ એવો જ્યાતિરૂપ જ છે. જ્યોતિરૂપ એકલો ચૈતન્ય અપાર ભાવ સ્વભાવ જ્યોતિરૂપ અમાપ આવો છે. શેઠિયા! આહા..! સમજાણું કાંઈ? આ પોતાની વસ્તુ કેવી છે કેવડી છે ઈ કહે છે. આહા..હા..! શું વસ્તુ છે એની કોઈ દી (ખબર નથી). કહો, નેમિચંદજી!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પોતાની નિજ આત્મા. પોતાનું શું છે? સમજાણું કાંઈ?

સર્વવિશુદ્ધમાં દ્રવ્યસ્વભાવ (કહે છે). વિસ્તાર અસંખ્ય પ્રદેશ, ઈ નહિ. ભાવનો અનંત વિસ્તાર. ભાવનો અનંત વિસ્તાર શું વળી? જે સ્વભાવ છે એના સામર્થ્યનો પાર શું? હદ શું? મર્યાદા શું? સમજાણું કાંઈ? પ્રત્યક્ષ નાસ્તિકને પણ માનવું પડે કે ક્ષેત્રના અસ્તિત્વમાં ક્યાંય નાસ્તિ છે જ નહિ. આ ક્ષેત્ર દસે દિશામાં ચાલ્યું જાય છે તો એનો અંત ક્યાં છે? આમ દસે દિશાઓમાં ચાલ્યા જાઓ, પછી શું? પછી શું? અનંત યોજન, અનંત યોજન અનંત યોજનના અનંતગુણા વર્ગ કરો, પછી શું? પછી શું? છે.. છે.. ને છે. છે નહિ તો પછી શું? પછી નથી તો એના પછી શું? એ પણ અચિંત્ય સ્વભાવ જેના ક્ષેત્રનો છે, તો એના જાણનારનો સ્વભાવ તો એનાથી અનંતગુણો અચિંત્ય છે. ભાઈ! સમજાય છે કે નહિ? આ તો લોજીકથી વાત ચાલે છે, હોં! એવી કોઈ વાત નથી. ન્યાયથી ચાલે છે. ખ્યાલમાં આવે તો એવી કોઈ કઠણ વસ્તુ નથી. આમ લોકોને માનવું નહિ પડે? ક્ષેત્ર કેટલું? આ છે શું? અસ્તિ અસ્તિ ચાલી જાય છે, ક્યાં સુધી ચાલી જાય છે? અસ્તિ.. અસ્તિ... ક્ષેત્ર.. ક્ષેત્ર.. આકાશ.. આકાશ.. આકાશ. ચાલ્યું જાય છે એનો ક્યાંય અંત નથી. અંત આવે એવી ચીજ નથી. એ ક્ષેત્રથી અંત ન આવે એવી ચીજ તો આ આત્માનો સ્વભાવ—જ્ઞાનચેતનાનું સામર્થ્ય અંત ન આવે એવું એનું અસ્તિત્વ છે. સમજાણું કાંઈ?

ત્રણકાળ, ત્રણલોક એનાથી અનંતગુણું ક્ષેત્ર અને અનંતગુણું કાળ અને અનંતગુણો સ્વભાવ હોય તોપણ એના સ્વભાવના સામર્થ્યની મર્યાદા એટલામાં આવી જાય છે એમ પણ નથી. સમજાણું કાંઈ? આહા..હા..! એવો જ્યોતિરૂપ '**अचल**' '**નિશ્ચળ...**' છે એવોને એવો. કેવો? પાંચ દસ લાખનો એક હીરો હોય ઈ આમ પડ્યો હોય. ચમક.. ચમક.. ચમક થતી હોય. એવી ગતિ દેખાય છે. આ તો અચળ જ્યોતિ છે—ચૈતન્યજ્યોતિ છે. જ્ઞાનપુંજ છે, સ્વભાવજ્યોતિ અચળ છે. ચળે નહિ એવીને એવી, એવીને એવી અનાદિઅનંત છે. સમજાણું કાંઈ? આહા..હા..!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પૂર્ણ. પ્રદેશની વ્યાખ્યા અહીં નથી, ભાવની છે. ભાવ સંપૂર્ણ

છે. સંપૂર્ણનો અર્થ ક્યાંય એનો અંત નથી એવું શક્તિનું સામર્થ્ય છે. આહા..! સમજાણું કાંઈ? આવો સ્વભાવ જેની દૃષ્ટિમાં, માહાત્મ્યમાં આવી જાય તો બાકી બધું માહાત્મ્ય છૂટી જાય. વિકલ્પ અને એક સમયની પર્યાયનું માહાત્મ્ય જેમાંથી છૂટી જાય. સમજાણું કાંઈ? કેવળજ્ઞાન એક સમયની પર્યાયનું માહાત્મ્ય પણ છૂટી જાય. એ પણ અંશ છે. જેના સામર્થ્યમાં તો સંપૂર્ણ.. સંપૂર્ણ સામર્થ્ય પડ્યું છે. ગુણરૂપ—સ્વભાવરૂપ સામર્થ્ય.

કહે છે, આવા '**પ્રકાશસ્વરૂપ જેનું, એવો છે.**' ભગવાન જેનું પ્રકાશસ્વરૂપ. ચેતન પ્રકાશસ્વરૂપ હોં! '**એવો છે. વળી કેવો છે? શુદ્ધ શુદ્ધ છે, અર્થાત્** બે વાર **શુદ્ધ કહેવાથી ઘણો જ વિશુદ્ધ છે.**' સમજાણું કાંઈ? ભગવાન આત્મા સ્વાનુભવગમ્ય સ્વભાવ જેનો કહ્યો અપાર અપાર, વસ્તુ એવી અપાર છે, એવી જ એની સાધકપણાની નિર્મળ પર્યાય પણ અપાર સામર્થ્ય રાખે છે અને એના ફળરૂપ પર્યાય—પ્રગટ મોક્ષરૂપ પર્યાય અપાર સામર્થ્ય રાખે છે. સમજાણું કાંઈ? વસ્તુ શુદ્ધ પૂર્ણ અપાર, એનું સાધકપણું સ્વાનુભવગમ્ય સ્વભાવ પણ નિર્મળાનંદ અમાપ અચિંત્ય પર્યાયના સામર્થ્યથી એ સ્વાનુભવગમ્ય થાય છે. સમજાણું કાંઈ? અને એના ફળરૂપ કાર્યરૂપ પરમાત્મદશા એ તો મહા પૂર્ણ સામર્થ્યવાળી શુદ્ધ પર્યાય છે. ત્રણે અચિંત્ય માહાત્મ્ય રાખે છે. સ્વભાવ વસ્તુ, એની સાધકપણાની પર્યાય અને એની સિદ્ધપર્યાયની પૂર્ણ પર્યાય—કાર્ય પર્યાય. સમજાણું કાંઈ? એવો ભગવાન દ્રવ્યથી શુદ્ધ છે અને રાગાદિ રહિત શુદ્ધ છે.

'**बन्धमोक्षप्रक्लृप्तेः प्रतिपदम् दूरीभूतः**' ભગવાન આત્મા...! શું કહે છે? '**બંધ અર્થાત્ જ્ઞાનાવરણાદિ કર્મપિંડ સાથે સંબંધરૂપ એકક્ષેત્રાવગાહ...**' એટલી વાત લીધી. જુઓ ભાષા કરી ઈ. મોક્ષમાં બીજી ભાષા કહેશે. બંધ—જ્ઞાનાવરણાદિ આઠ કર્મનો નિમિત્તરૂપ સંબંધ ક્ષેત્રાવગાહ, એ સંબંધરૂપ એકક્ષેત્રાવગાહ તેનાથી રહિત, તેનાથી રહિત અને '**સકળ કર્મનો નાશ થતાં જીવના સ્વરૂપનું પ્રગટપણું,—**' જુઓ, ભાષા કેવી લીધી. જોયું! જીવના સ્વરૂપનું પર્યાયમાં પ્રગટપણું એ બેય વિકલ્પથી રહિત ચીજ છે. સમજાણું કાંઈ? બંધ—આમ સંબંધ, સંબંધ—બંધ, એ સંબંધ છે એનાથી પાર છે વસ્તુ સ્વભાવ અને કર્મનો નાશ થઈને જીવના સ્વરૂપનું પ્રગટપણું, એમ ભાષા લીધી. ઈ મોક્ષની વ્યાખ્યા કરી. એ તો જરી લીધું, કર્મનો નાશ થતાં, એટલું. મોક્ષ એટલે જીવના સ્વરૂપનું પ્રગટપણું, એટલું. સમજાણું કાંઈ? એ મોક્ષની એક સમયની પર્યાય અને કર્મના સંબંધરૂપ એક સમયની પર્યાયથી દૂરવર્તી દ્રવ્ય છે. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી! આહા..હા..! શું કહે છે?

'**જે બે વિકલ્પો, તેમનાથી...**' જે બે વિકલ્પો તેમનાથી. બે ભેદ તેમનાથી '**प्रतिपदम्**' '**એકેન્દ્રિયથી માંડીને...**' ઇન્દ્રિયની એક સમયની પર્યાય એકેન્દ્રિય, બેઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચૌ ઇન્દ્રિય, પંચેન્દ્રિય અને મિથ્યાત્વ ગુણસ્થાનથી માંડીને ચૌદ ગુણસ્થાનની સમય-સમયની પર્યાય, એવો '**प्रतिपदम्**' વર્તમાન મુક્તપર્યાય અને બંધ—સંબંધરૂપ પર્યાય તેનાથી '**ઘણો**

જ ભિન્ન છે.' સમજાણું કાંઈ? એકલું ધ્રુવ-ધ્રુવ સત્ત્વ ધામ, ભગવાન જ્ઞાનપુંજ શુદ્ધ ચેતના વિસ્તાર નિરાવરણ જ્યોતિ પિંડ પ્રભુ, બંધ—સંબંધ, બંધ—સંબંધ અને મુક્ત પર્યાય. ત્યાં કંઈ સંબંધ રહ્યો નહિ એટલે જીવનું સ્વરૂપ પ્રગટ થયું એમ લીધું. બંધ—સંબંધ. એમાં ત્રણે કાળે કોઈ સંબંધ જ નથી. અને મુક્તિની પર્યાય જે પ્રગટ થઈ એ બેય ભેદથી વસ્તુ ભિન્ન ત્રિકાળ છે. પ્રત્યેક પર્યાયમાં દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. દ્રવ્ય.. ધ્રુવ એ પર્યાયથી ભિન્નવર્તી દ્રવ્ય છે. સમજાણું કાંઈ? આહા..હા..!

વસ્તુ કોને કહે? શુદ્ધાત્મ દ્રવ્ય સર્વવિશુદ્ધ જ્ઞાન કહો. એ વિશુદ્ધ જ્ઞાનસ્વરૂપ એ સ્વરૂપ દ્રવ્ય, એમ. આવો ભગવાન આત્મા, એ પરિણમન પરિણમનથી પાર છે. ઓહો..!

**શ્રોતા :—** નજરે ભાળીએ તો ખુશી થાય એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ નજરે ભાળીને ખુશી થાય એવું છે. શું ધૂળમાં ખુશી છે? ક્યાં ગયા? ગયા? મલૂકચંદભાઈ આ બેઠા, લ્યો આ રહ્યા. ધૂળમાં ખુશી છે? પૈસા-બૈસા દેખાય આમ નજરે તો ખુશી થાય. આ પૈસા—લક્ષ્મી ભગવાન અંતર ચૈતન્યલક્ષ્મીનો મહા ભંડાર ભગવાન, જેના સ્વભાવનો પાર નથી. શક્તિનો—સત્ત્વનો—સ્વભાવનો પાર શું? સ્વભાવ જેને કહીએ એનો પાર શું? ભાવની શક્તિનો અંત ક્યાં? એ લક્ષ્મી નજરમાં આવતા આનંદ આવે છે, એમ કહે છે. ધૂળમાં દેખવાથી ક્યાં આનંદ છે. આહા..! સમજાણું કાંઈ? શરીર માટીનો પિંડ છે. આ તો માંસ, હાડકા, ચામડા છે. લક્ષ્મી ધૂળ છે. વાણી—અવાજ ધૂળ છે. કીર્તિ આદિનો અવાજ નીકળે છે એ તો ધૂળનો અવાજ નીકળે છે, એમાં આત્મા ક્યાં આવ્યો? એમાં સ્વ અને આનંદ ક્યાં આવ્યો? સમજાણું કાંઈ?

ભગવાન આત્મા '**ઘણો જ ભિન્ન છે.**' એમ ભાષા લીધી છે, જુઓ, શુદ્ધ દ્રવ્યસ્વભાવ વસ્તુ.. વસ્તુ.. વસ્તુ. ઓહો..હો..! એક દ્રવ્ય નિજ સ્વભાવ આવડો છે એની વ્યાખ્યા ચાલે છે. એવા એવા અનંત આત્મા છે. આખું ચૌદ બ્રહ્માંડ ગોદામ ભર્યું છે. કહો, સમજાણું કાંઈ? ભગવાન વસ્તુ સ્વભાવ, સ્વભાવવાનનો સ્વભાવ.. સ્વભાવ.. સ્વભાવવાન એકસ્વરૂપ. એનો એ સ્વભાવ પર્યાયથી, પ્રગટ પર્યાય પ્રગટ સંબંધ બેયથી અતિ ભિન્ન છે. કહો, સમજાણું કાંઈ? એવી વસ્તુમાં આ પર્યાય—પરિણમન, એ પરિણમનની પર્યાય વસ્તુમાં નથી. આહા..! પરિણમનની પર્યાય મુક્ત કે મોક્ષ કેવળજ્ઞાન આદિની બધી પર્યાયથી ભગવાન ઘણો જ દૂર છે. સમજાણું કાંઈ? એ નિશ્ચય કરનારી ભલે પર્યાય હો, પણ એ વસ્તુ છે એ પર્યાય પરિણમનરૂપ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..!

આત્મા શું છે અને કેવા આત્માનો અનુભવ કરવાથી સમ્યગ્દર્શન થાય છે એની ખબર નથી અને ધર્મ થઈ જશે. ક્યાંથી થાય? સમજાણું કાંઈ? ભગવાન ચૈતન્યપ્રભુ, જેની મહિમારૂપ સ્વભાવ, અપાર જેનો દ્રવ્યસ્વભાવ, જેના પરિણમનનો ભાવ એ પર્યાયરૂપ પરિણમનથી ધ્રુવ દ્રવ્ય ઘણું જ દૂર છે. શું કહ્યું?

**શ્રોતા :—** નજર કરવાની...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** 'આ અહીંયા છે' એમ નજર કરવાની પર્યાયથી પણ એ ભિન્ન અતિ દૂર છે. આહા..હા..! શેઠિયા! સમજાણું કાંઈ? આ ભગવાનનો દરબાર કેવો છે એની વાત ચાલે છે. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! સાંભળ્યું નથી, સમજ્યો નહિ, રુચિ નહિ અને દષ્ટિ નહિ અને થઈ ગયો અમારે ધર્મ. દયા, દાન, વ્રત, ભક્તિ કર્યા ને આમ કર્યા, ત્યાગ-ગ્રહણ, ત્યાગ-ગ્રહણ ધૂળમાંય નથી. અહીં તો ત્યાગ-ગ્રહણ તો નહિ, પણ એક સમયની કેવળજ્ઞાનની પર્યાય અને મુક્તિની સ્વરૂપપર્યાય પ્રગટ અને આ સંબંધ બેથી ધ્રુવ ભગવાન ઘણો દૂર છે. આહા..હા..! તો વ્યવહારરત્નત્રયથી ત્યાં ક્યાંય દૂર રહી ગયો. નિશ્ચય રત્નત્રયની પણ એક સમયની પર્યાય છે અને એના કાર્યરૂપ જીવનું સ્વરૂપ પ્રગટ પર્યાયમાં થાય, પ્રગટરૂપ થાય તેનાથી ભગવાન ઘણો દૂર છે. સમજાણું કાંઈ?

**'ઘણો જ ભિન્ન છે.'** ટીકાના શબ્દ કેવા કહ્યા છે, જુઓ, **'दूरीभूतः'** શબ્દ પડ્યો છે. આમ વજન આપે છે. **'दूरीभूतः'**. એનું સ્વરૂપ જ **'भूतः'** એવું છે કે પર્યાયથી અતિ ભિન્ન દ્રવ્ય ત્રિકાળ ધ્રુવ સ્વરૂપ પડ્યું છે. સમજાણું કાંઈ? આહા..હા..! ભૂત-ભૂત શબ્દનું વજન આવે છેને ક્યાંક? ભૂત નામ છે. દૂર છે, દૂર છે. પ્રગટ પર્યાય, પ્રગટ મુક્તની પર્યાય અને કર્મ, નોકર્મનો સંબંધ તેનાથી ભગવાન **'दूरीभूतः'** બિરાજમાન છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના, ના; વસ્તુ માટે છે. વસ્તુ પણ એવી એ પ્રતીતમાં સ્વભાવને લેવો પણ વસ્તુ આવી છે એ માટે છે. જે દષ્ટિમાં વસ્તુની પ્રતીતિ કરવી છે એ વસ્તુ કેવી છે? જે દષ્ટિમાં પ્રતીત, અનુભવ કરવો છે કે આ એ વસ્તુ કેવી છે? એમ કહે છે અહીંયા તો. સમજાણું કાંઈ? આહા..હા..!

સમ્યગ્દર્શનની પર્યાયથી દ્રવ્ય **'दूरीभूतः'** છે. ભગવાન ચીજ છે ઈ, વસ્તુ છે. એને **'दूरीभूतः'** ન હોય તો એક પર્યાયરૂપ થઈ જાય? પર્યાયમાં આવી ગયો? આહા..હા...! ઘણી સ્પષ્ટ વાત. અને અર્થકારે પણ એમ કર્યું છેને. **'ભાવાર્થ આમ છે કે એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી જીવદ્રવ્ય જ્યાં ત્યાં,...'** જુઓ, જ્યાં ત્યાં. **'દ્રવ્યસ્વરૂપના વિચારની અપેક્ષાએ, બંધ અને મુક્ત એવા વિકલ્પથી રહિત છે,...'** ઈ ગમે ત્યાં હો. નિગોદની પર્યાયમાં હો. સમજાણું કાંઈ? પંચેન્દ્રિયની પર્યાયમાં હો, ચૌદ ગુણસ્થાનની પર્યાયમાં હો, અરે..! સિદ્ધપર્યાયમાં હો. મુક્તપર્યાયમાં આવી ગયુંને એ તો. સમજાણું કાંઈ? આ વાત સર્વજ્ઞ સિવાય આવી ચીજ ક્યાંય હોઈ શકે નહિ.

વસ્તુ છે અને વસ્તુના સ્વભાવનું—ધ્રુવનું માપ શું? હદ શું? છે સત્ત્વ શાશ્વત. છે સત્ત્વ શાશ્વત. ઈ શાશ્વત તો પર્યાયથી ભિન્ન છે. એક સમયની પર્યાયમાં આવી જાય તો પર્યાય પલટીને આખા દ્રવ્યનો અભાવ થઈ જાય. સમજાણું કાંઈ? આ તો પુસ્તક આવી ગયું છે.

તમારી પાસે આવ્યું કે નહિ? માલચંદજી! આવ્યું છે? જોયું કે નહિ? જોયું છે.

જુઓ, '**એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધી જીવદ્રવ્ય જ્યાં ત્યાં,...**' જ્યાં ત્યાં, જ્યાં હોય ત્યાં, જ્યાં હોય ત્યાં '**દ્રવ્યસ્વરૂપના વિચારની અપેક્ષાએ,...**' ભગવાન આત્મા વસ્તુ વસ્તુ—પદાર્થ—દ્રવ્યસ્વભાવ સર્વવિશુદ્ધજ્ઞાન—શુદ્ધ દ્રવ્યસ્વભાવ—એવો વિચાર કરવામાં આવતા '**બંધ અને મુક્ત એવા વિકલ્પથી રહિત છે.**' બે ભેદ એમાં નથી. સમજાણું કાંઈ? વસ્તુમાં બે ભેદ કેવા? એ તો ઉત્પાદ-વ્યય પર્યાયમાં બે ભેદ છે. સમજાણું કાંઈ? '**દ્રવ્યનું સ્વરૂપ જેવું છે તેવું જ છે.**' લ્યો. એ તો જેવું છે એવુંને એવું અનાદિઅનંત એકરૂપ છે. હવે કહે છે

જુઓ,'**શું કરતું થકું જીવદ્રવ્ય (અર્થાત્ જ્ઞાનપુંજ) એવું છે?**' અહીં સુધી તો કાલે ચાલ્યું હતું. સમજાણું કાંઈ? '**શું કરતું થકું જીવદ્રવ્ય (અર્થાત્ જ્ઞાનપુંજ) એવું છે?**' શું કરતું થકું જીવદ્રવ્ય એવું છે? '**अखिलान् कर्तृभोक्त्रादिभावान् सम्यक् प्रलयम् नीत्वा**' '**अखिलान्**' '**ગણના કરતાં અનંત છે એવા જે 'જીવ કર્તા છે' એવો વિકલ્પ,...**' 'જીવ કર્તા છે' એવો એક વિકલ્પ, '**જીવ ભોક્તા છે' એવો વિકલ્પ, ઈત્યાદિ અનંત ભેદ...**' વિકલ્પના અનેક ભેદ. પર્યાય આવી છેને આ પર્યાય આવી છેને મોક્ષની પર્યાય આવી છેને મોક્ષમાર્ગની આવી છેને સમ્યગ્દર્શનની આવી છે, ચારિત્રની આવી છે—એવા વિકલ્પના—પર્યાયના અનંત ભેદ. સમજાણું કાંઈ? વિકલ્પના અનંત ભેદ. પર્યાય ભલે અભેદ થઈ જાય. '**મૂળથી...**' '**प्रलयम् नीत्वा**' '**વિનાશ કરીને.**' ભેદના વિકલ્પનો નાશ કરીને. વસ્તુ આવી છે. પર્યાયમાં લાવ્યા. દ્રવ્ય આવું છે એવી અંતર દૃષ્ટિ થવાથી એ સમસ્ત ભેદનો નાશ થઈ જાય છે, અભેદ રહી જાય છે. સમજાણું કાંઈ? એ પર્યાય પ્રગટ થઈ એ પણ દ્રવ્યની સાથે અભેદ થઈ ગઈ. ઓહો..! જ્ઞાનચંદજી! લોકોને સાધારણ જનતાને આ સાંભળવા મળતું નથી એટલે લોકોને એવું લાગે છે કે આ તો શું વીતરાગની વાત છે? જૈનદર્શનની છે? એ.. નેમિચંદજી! આમાં એવી વાત તો આવી નહિ, એકેન્દ્રિયની દયા પાળવી, ચોવિહાર કરવો, રાત્રિ ભોજન કરવું, કંદમૂળ ન ખાવા. ભગવાન! એ ચીજ ખાવી-ન ખાવાની વસ્તુ જ આત્મા નથી. એક સમયમાં રાગનો સંબંધ હતો અને અભાવ થયો એ પણ વસ્તુમાં નથી. આવી વસ્તુનો અનુભવ કરવાથી પ્રગટ થવાથી બધા વિકલ્પ, ભેદનો નાશ થઈ જાય છે. એ નિર્મળ પર્યાય પણ અભેદ થઈ જાય છે. સમજાણું કાંઈ?

આ જૈનનું લક્ષણ. (પર્યાય) અભેદ થઈ ગઈ. જૈન કોને કહીએ? જૈન કોઈ સંપ્રદાય નથી, જૈન વસ્તુનું સ્વરૂપ છે. વસ્તુનું સ્વરૂપ અનંત ગુણ પિંડ પ્રભુ ભવગાન, એની દૃષ્ટિ કરવાથી નિર્મળ પર્યાય અભેદ થઈ જાય, ભેદ છૂટી જાય એનું નામ જૈન સમ્યક્દૃષ્ટિ કહે છે. આહા..હા..! સમજાણું કાંઈ? પછી સર્વ ભેદ છૂટી જાય એટલે એકલી સિદ્ધ પર્યાય અભેદ રહી જાય. ભેદ રહે કે આ દ્રવ્ય અને આ પર્યાય એવો ભેદ નથી. કહો, સમજાણું

કાંઈ? આવો માર્ગ વળી ક્યાંથી કાઢ્યો? કો'ક વળી એમ કહેતું હતું કે કાઢ્યો. કાઢ્યો ક્યાં છે એ તો છે જ અનાદિનો. છે ઈ અનાદિનો છે. ખ્યાલમાં ન આવે એથી શું ચીજ ચાલી જાય છે?

ભગવાન આત્મા..! જુઓ, અહીંયા પહેલેથી લીધું હતુંને? જ્ઞાનપુંજ પ્રગટ થાય છે એમ લીધું હતું. '**स्फूर्जति**' છેલ્લે પૂરું કર્યું. એવી શૈલી કરી છેને. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એકલો જ્ઞાયક શુદ્ધચેતના પુંજથી પૂર્ણ ભરેલો એવો સ્વભાવ સ્વભાવ અચિંત્ય અમાપ અપાર, દૃષ્ટિ અને સ્થિરતામાં આવી ગયો તો સમસ્ત ભેદનો નાશ થઈને એકલી અભેદ દ્રવ્ય સાથે, દ્રવ્ય જેવું અભેદ છે એવી પર્યાય અભેદ રહી જાય છે. સમજાણું કાંઈ? બધા ભેદનો નાશ થઈ જાય છે. એનું નામ આત્મદ્રવ્ય નિર્મળ પર્યાય અભેદ સહિતને અહીંયા આત્મદ્રવ્યની પ્રગટતા કહેવામાં આવી છે. આહા..!

ચોર્યાશી લાખના અવતારમાં વિકલ્પની ઝાળથી બળતો આત્મા, એણે શીતળતા પ્રગટ કરવી હોય, વિકલ્પની ઝાળમાં બળતો, બળેલો ભગવાન આત્મામાં કહે છે કે એ બળેલાની દશા જ નથી. આહા..હા..! અને 'બળતી પર્યાયનો હું નાશ કરું' એવો વિકલ્પ પણ એમાં નથી. આહા..! સમજાણું કાંઈ? એવો ભગવાન આત્મા પોતાના અચિંત્ય સ્વભાવના માહાત્મ્યમાં સ્વભાવથી પ્રગટ થયો તો સમસ્ત ભેદનો નાશ કરીને પ્રગટ થયો. સમજાણું કાંઈ? આ સર્વવિશુદ્ધ ૧૦મા અધિકારનો પહેલો પડદો છે. નાટકના રૂપે લીધું છેને? આને નાટક ગણ્યું છેને. સમયસારને નાટકમાં ગણવામાં આવ્યું છેને. આ પહેલો પડદો પડ્યો કે ભગવાન આવો છે. આહા..હા..! જ્ઞાનચંદજી! પ્રલય—'**વિનાશ કરીને. આમ કહે છે.**' હવે કહે છે. સમજ્યા? ભાઈ! બીજા સાથે સંધિ કરી.

**कर्तृत्वं न स्वभावोस्य चितो वेदयितृत्ववत्।**
**अज्ञानादेव कर्तायं तदभावादकारकः।।२-१९४।।**

**ખંડાન્વય સહિત અર્થ :-** '**अस्य चित्: कर्तृत्वं न स्वभावः**' ભગવાન આત્મા ચિત્ ચિત્. અહીં ચિત્ શબ્દ લીધો. ત્યાં જ્ઞાનપુંજ લીધો હતો, શુદ્ધ ચેતના લીધો હતો. અહીં ચિત્ લીધું. શબ્દ ટૂંકો કરી નાખ્યો. ભગવાન ચૈતન્યમાત્ર સ્વરૂપ. ભગવાન ચૈતન્ય ચિત્ ચિત્માત્ર સ્વરૂપ. એવો જીવ '**જ્ઞાનાવરણાદિ કર્મને કરે અથવા રાગાદિ પરિણામને કરે એવો સહજનો ગુણ નથી;...**' ભગવાન આત્મામાં એવી કોઈ શક્તિ—ગુણ નથી કે રાગને ઉત્પન્ન કરે અને રાગને વેદે. એવો કોઈ આત્મામાં સ્વાભાવિક ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા પૂર્ણાનંદનો નાથ ધ્રુવ સ્વરૂપમાં અનંત શક્તિઓ છે, પણ એવી કોઈ શક્તિ નથી, એવો કોઈ ગુણ નથી, સ્વાભાવિક સામર્થ્ય નથી કે જે વિકલ્પને બનાવે—રચે અને વિકલ્પને વેદે, એવો કોઈ ત્રિકાળ વસ્તુના સ્વભાવમાં સહજ શક્તિ—સ્વભાવ નથી. સમજાણું

કાંઈ? આહા..હા..! ચૈતન્યનું તેજ પ્રભુ, ચૈતન્યનું નૂર, એકલો ચૈતન્ય નૂર પ્રભુ, એમાં શક્તિ અનંત છે તો એવી કોઈ શક્તિ—સ્વભાવ—ગુણ નથી કે એ રાગને રચે અને હરખને વેદે. દ્વેષને રચે અને દુઃખને વેદે એવો કોઈ આત્મામાં ગુણ નથી, ત્રણકાળ, ત્રણલોકમાં આત્મમા સ્વભાવમાં. આહા..! સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ રાગ છેને, શુભયોગ છેને, શુભોપયોગ છેને, એ શુભોપયોગ છે એમાં શુદ્ધતા આવે છે અને એમાં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર છે. આહા..હા..! શુભોપયોગમાં જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની શુદ્ધતાનો અંશ છે, ચોથા ગુણસ્થાને. એમ અહીંયા તો હમણા બહુ પ્રરૂપણા ચાલે છે. અહીં તો કહે છે કે શુભ વિકલ્પને કરવો એવો કોઈ ગુણ જ આત્મામાં નથી. તો શુભ વિકલ્પથી આત્મામાં લાભ થાય એવી કોઈ ચીજ જ નથી. આત્માનો ગુણ, એવો શબ્દ અહીંયા આવ્યો. આત્માને ગુણ કરે એવો કોઈ ગુણ, રાગથી ગુણ-લાભ થાય એવો કોઈ ગુણ જ નથી. સમજાણું કાંઈ? રાગ-વિકલ્પ વ્યવહારરત્નત્રયનો રાગ શુભોપયોગને રચવો અને શુભોપયોગનું વેદન કરવું એવું વસ્તુના સ્વરૂપમાં ત્રણે કાળમાં કોઈ ગુણ—શક્તિ નથી. સમજાણું કાંઈ? સમજાય છે? ઓહો..!

ભાઈ! આ જિનવાણીની ભક્તિ, મંદિરની ભક્તિ, ભગવાનની ભક્તિ, દયા, દાનના ભાવ કરતાં કરતાં આત્માને લાભ થશે, એવો કોઈ ગુણ જ નથીને પ્રભુ! કે જે ગુણ તને ગુણ કરે. જે ગુણ તને ગુણ કરે. સમજાણું કાંઈ? એ ગુણ તને ગુણ કરે એવો કોઈ ગુણ જ નથી. શુભરાગ બનાવીને તને લાભ કરે એવો કોઈ ગુણ જ તારામાં નથી. આહા..હા..! ભારે કઠણ વાત. જગતને સત્ય સાંભળવા મળે નહિ, એ સત્યના રાહે ચાલતા કેમ ચાલવું એની ખબર કેમ પડે એને? હીરાલાલજી! છે ન્યાં કુચામણમાં છે વાત? કુચા છે. આહા..હા..! જુઓ, શું કહે છે?

'**अस्य चित्ः**' અહીંયા ઈ લીધું છે. ત્યાં એમ લીધું હતું, '**अयम्**' એમ લીધું હતુંને? '**अयम्**' જ્ઞાનપુંજ એમ પહેલાંમાં લીધું હતું. '**अयम्**' વિદ્યમાન આમ. આ. તો કોઈ ચીજ હયાતીને બતાવનારી છે કે 'આ' સસલાના શીંગડા છે? ખરગોશ. આ વસ્તુ. એમ અહીંયા કહે છે, આ '**ચૈતન્યમાત્રસ્વરૂપ જીવનો,...**' '**अस्य चित्ः**' '**अस्य चित्ः**' જે છે એ ચૈતન્યમાત્રસ્વરૂપ જીવનો. ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ એ '**જ્ઞાનાવરણાદિ કર્મને કરે...**' આઠ કર્મને કરે. લ્યો અહીં તો કહે છે, 'પરદ્રવ્યને કરે નહિ' એમ જે માને તે જૈન નહિ. એવી વાત ઘણી આવી ગઈ છે. નેમિચંદજી! ઈન્દૌરમાં એમ કહેવાણું છે. કોઈ પરદ્રવ્યનો કર્તા ન માને તો એ દિગંબર જૈન નહિ. અહીં કહે છે કે દ્રવ્યસ્વભાવમાં કર્મને કરવા અને રાગને કરવો એ દ્રવ્યસ્વભાવમાં નથી અને એમ (કર્તા) માનનારો જૈન નહિ.

**શ્રોતા :—** શુદ્ધ અનુભવ ન થઈ શકે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાંથી થાય પણ. કર્તૃત્વબુદ્ધિ.... હજી રાગને કરવો એનો અર્થ

શું થયો? કે વસ્તુ છે એ કર્મને કરે તો કર્મ અને વસ્તુ બેય એક થઈ જાય. એક થઈ જાય તો કરે. એક તો થતાં નથી. રાગને કરે તો એમ છે કે ભગવાન આત્મા વિકારમય થઈ જાય તો વિકારને કરે. સમજાણું કાંઈ? વસ્તુ તો જ્ઞાનમય ચિદાનંદસ્વરૂપ છે. એ વિકારને શું કરે? વસ્તુસ્વભાવ છે એ શુદ્ધ ચૈતન્ય છે. એ રાગને શું કરે? કરે તો એ (રૂપ થઈ જાય). કરવાવાળો અને કરવાવાળાનું સ્વરૂપ અને જે કરે, એ બે એક હોય તો કરે. રાગ અને સ્વભાવ એક નથી. કર્મ અને ચૈતન્યસ્વભાવ એક નથી. ભગવાન આત્મા કર્મને રચે એવો કોઈ ગુણ જ આત્મામાં નથી. સમજાણું કાંઈ? તો પરદ્રવ્યની પર્યાય દયા પાળે એવો કોઈ વિકલ્પનો આત્મામાં ગુણ જ નથી. પરની દયા પાળી શકે એવી તો પર્યાયમાં પણ તાકાત નથી, પણ પર્યાયમાં જે વિકલ્પ છે એ સ્વભાવમાં રાગ ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ નથી. આહા..હા..!

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઈ કહે છે, સાંભળોને. અહીંયા કહે છે, અજ્ઞાનભાવથી ઉત્પન્ન થાય છે, વસ્તુમાં નથી. ઈ આવે છે જરી. આમાં જ આવશે. '**अज्ञानादेव कर्तायं**'. સમજાણું કાંઈ? આહા..હા..! શું સૂરજમલજી! બહુ ઝીણી વાત છે, સૂક્ષ્મ વાત તો છે.

**શ્રોતા** :— પાકી વાત છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પાકી ત્રિકાળ સત્યની વાત છે. પાકી શું? પાકેલી (એટલે) કાચી ને પાકી એમ નહિ, એ તો સત્ય જ ત્રિકાળ એવું છે. સમજાણું કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યનો પુંજ પ્રભુમાં અનંત શક્તિ છે અને એક-એક શક્તિનું અનંત સામર્થ્ય છે. કોઈ એક એવી શક્તિ—ગુણ—સ્વભાવ નથી કે એ વિકલ્પને રચે. પરને રચે એવી વાત તો છે જ નહિ, એની પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? શરીર ચલાવે, પરની દયા પાળે એવું તો એની પર્યાયમાં પણ નથી. નેમિચંદજી! મંદિરમાં કડક જ લાગે. ચૈતન્ય મંદિરની વાત... આહા..હા..! આ તો મહાભાગ્ય હોય એને તો કાને પડે એવી વાત છે. એવી યોગ્યતા હોય, એના ખ્યાલમાં એટલા ક્ષયોપશમની યોગ્યતા હોય તો આવી ચીજ કાને પડી. વસ્તુ તો એનાથી પણ પાર છે. સમજાણું કાંઈ?

કહે છે... ઓહો..! અહીંયા તો કર્તૃત્વ. કર્મ અને રાગ. દયા, દાન, વ્રત, ભક્તિ, પરદ્રવ્યના લક્ષે ઉત્પન્ન થવાવાળા, પરદ્રવ્ય આલંબી રાગ ઉત્પન્ન થાય છે પર્યાયમાં, પણ એ રાગને ઉત્પન્ન કરનારો ગુણ છે એમ નથી. તો કેમ ઉત્પન્ન થાય છે એ વાત પછી કહેશે. પર્યાયમાં અંશમાં રુચિમાં અટકીને અજ્ઞાનભાવથી, એક અંશમાંથી અજ્ઞાનભાવથી રાગ ઉત્પન્ન કરે છે. સમજાણું કાંઈ? અધ્ધર એક સમયની પર્યાયમાં સ્વરૂપના અબોધથી, સ્વરૂપના અભાનથી અંદર એક સમયની પર્યાયમાં યોગ્યતા અજ્ઞાનને કારણે એ વિકલ્પની સ્ફુરણા થાય છે. વસ્તુમાં અને ગુણમાં નથી. સમજાણું કાંઈ? જ્ઞાનીને વિકલ્પ ઉઠે છે એ વિકલ્પની અસ્થિરતા છે એ

સ્વભાવગુણથી નથી. નબળાઈથી આવ્યો એનો પણ જ્ઞાની જ્ઞાતા-દૃષ્ટા છે. સમજાણું કાંઈ? આહા..! પર્યાય એક સમયની અવસ્થા. એ અવસ્થા ગુણ નહિ. ગુણની એક વર્તમાન દશા છે. એ દશામાં સ્વભાવનું અજ્ઞાન છે, સ્વભાવનું અભાન છે, તેથી એ અંશમાં રાગ ઉત્પન્ન થાય છે. '**अज्ञानात् कर्तृत्वं**' થાય છે. જુઓ, '**अज्ञानादेव कर्तायं**'. ઈ તો હજી આવશે. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા ચૈતન્યપુંજ ભગવાન.. જુઓ, આમાં ક્રમબદ્ધ પણ આવી ગયું. બધું આમાં આવે છે. આવ્યું નહિ? આ રાગ થવાનો છે તેનો કર્તા આત્મા નહિ. અહીંયા આત્માના ગુણમાં રાગનું કર્તૃત્વ નથી એવી જ્યાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર થઈ તો ક્રમમાં આવનારા રાગનો પણ કર્તા નથી, જ્ઞાતા છે. સમજાણું કાંઈ? શાંતિથી... આ માર્ગ તો તદ્દન શાંત માર્ગ છે. આહા..હા..! એ ઠેકાણે પાડવાની તો વાત ચાલે છે. અહીં તો ઈ કહે છે, એમ કહે છે કે આ ક્રમબદ્ધનું વળી ક્યાં નાખ્યું પાછું આમાં? આને તો ઠેકાણે પાડો. એમ કહે છે ઈ. શેઠી!

એનો અર્થ છે કે કોઈ પણ પરદ્રવ્યની પર્યાય થાય છે અને પોતામાં પણ રાગાદિ થાય છે તેનો, દ્રવ્યસ્વભાવની દૃષ્ટિમાં આત્મા તેનો કર્તા નથી. રાગનો, વિકલ્પનો, પરની પર્યાયનો અકર્તા. એનો અર્થ થયો કે નિયમથી વ્યવસ્થિત પર્યાય સ્વ અને પરમાં થાય છે, એને જાણનારો આત્મા છે એવી દૃષ્ટિ થઈ ત્યાં કર્તૃત્વબુદ્ધિનો કાપ થઈ ગયો. કર્તૃત્વબુદ્ધિનો કાપ થઈ ગયો, મિથ્યાત્વગ્રંથિનો કાપ થઈ ગયો અને ભવનો અભાવ થઈ ગયો. આહા..હા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા '**ચૈતન્યમાત્રસ્વરૂપ જીવનો,...**' '**अयम् चित्**' '**अयम्**' એટલે જીવ. ચૈતન્યમાત્ર જીવ, એમ. ચિત્‌માત્ર જીવ. ચિત્‌માત્ર ભગવાન જ્ઞાનમૂર્તિ પ્રભુ, એમાં કર્મની પર્યાય રચે એવી કોઈ પર્યાયમાં તાકાત છે? અને રાગની ઉત્પત્તિ થાય એવી પર્યાયમાં પણ તાકાત છે? જુઓ જરી. હવે ગુણમાંથી પર્યાય આવી. ભગવાન આત્મા રાગાદિ પરનો કર્તા અને પરના કારણનો અભાવ એવો એમાં ગુણ છે. અકારણકાર્યત્વ નામનો ભગવાન આત્મામાં ગુણ છે. રાગનું કારણ થવું એવો ગુણ નથી. સમજાણું કાંઈ? અને રાગથી આત્મામાં—પોતામાં કાર્ય થાય એવો કોઈ ગુણ નથી. અકારણકાર્યત્વ. રાગનું કારણ નહિ થવું અને રાગથી કાર્ય ન થવું એવો આત્મામાં ગુણ છે. સમજાણું કાંઈ? પોતામાં એવો ગુણ છે કે રાગનું કારણ ન થવું એવો ગુણ છે અને.... સમજાણું કાંઈ? અને રાગને કારણે—નિમિત્તથી આત્મામાં નિર્મળ પર્યાયનું ઉત્પન્ન થવું એમ રાગ કારણ અને અહીંયા કાર્ય થવું એવો કોઈ ગુણ નથી. એ અકારણકાર્યત્વ ગુણ છે. સમજાણું કાંઈ? રાગનું કારણ ન થવું અને રાગથી પોતામાં કાર્ય ન થવું. વિકલ્પનું કારણ ન થવું. દ્રવ્ય, ગુણ, પર્યાય ત્રણેમાં. જેના ગુણમાં નથી તો ગુણનું કાર્ય શું? ગુણનું કાર્ય શું? ગુણમાં રાગનો અને પરનો કર્તા નથી અને ભોક્તા નથી તો કાર્ય શું? કે પરના કર્તા-ભોક્તારહિત અકર્તા-અભોક્તાનું કાર્ય એની પર્યાયમાં છે. જેમ દ્રવ્ય-ગુણમાં

અકર્તા-અકાર્ય છે અથવા રાગ અને રાગના હરખનું વેદન એવો ગુણ નથી તો એના ગુણની પર્યાયમાં પણ અકારણકાર્ય નામનો એ ગુણ થયો. તો પર્યાયમાં પણ રાગનું અકારણ અને રાગનું અકાર્ય. રાગથી કાર્ય ન થયું એવી પર્યાય, જે દ્રવ્યમાં અકારણકાર્યગુણ છે તે જ પરિણમન થઈને, દ્રવ્ય ઉપર લક્ષ હોવાથી કાર્ય-કર્તાનું લક્ષ છૂટી જવાથી પર્યાય પણ રાગની અકર્તા અને રાગથી કાર્ય થાય એવું પર્યાયમાં પણ નથી.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શુદ્ધ છે. સમજાણું કાંઈ? ઓહો..! અહીં તો પુણ્યથી, પુણ્યથી ચોથું ગુણસ્થાન થાય છે અને પુણ્યથી પાંચમું થાય છે અને પુણ્યથી છઠ્ઠું થાય છે. ત્યાં લગાવી દીધું. સાતમે પણ લગાવી દે છે. નેમિચંદજી! બહુ ગડબડ છે.

અરે..! ભગવાન વીતરાગસ્વરૂપ શાંતસ્વરૂપ પ્રભુ એમાં એક અંશનો શક્તિનો એવો ગુણ ક્યાં છે કે જે વ્યવહાર-વિકલ્પને ઉઠાવે અને એ વિકલ્પને વેદે એવો જો ગુણ હોય તો કદી નિર્મળાનંદની પર્યાય પ્રગટ થવાનો એને અવસર જ ન રહે. કારણ કે વિકારનો કર્તા અને વિકારનો ભોક્તા એ એનું સ્વરૂપ થઈ ગયું, તો વિકારમય આત્મા થઈ ગયો. સમજાણું કાંઈ? અને વિકારના વેદનમય આત્મા થઈ ગયો. એમ છે નહિ.

ભવગાન આત્મામાં દ્રવ્યમાં, ગુણમાં નથી તો એનો અર્થ ઈ થયો કે એની પર્યાયમાં પણ રાગને કરવું પર્યાયમાં પણ નથી અને રાગનું વેદન એની પર્યાયમાં પણ નથી. સમજાણું કાંઈ? એને આત્મદ્રવ્ય અને એની દૃષ્ટિ કરવી એનું નામ સમ્યગ્દર્શન કહે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કળશટીકા, કળશ-૧૯૪, ૧૯૫
## પ્રવચન નં.૧૮૦, તા.૬-૧૦-૧૯૬૫
## (૧૫)

જુઓ, શું અધિકાર છે? 'अस्य चित्ः कर्तृत्वं न स्वभावः'. 'अस्य' નામ આ આત્મા. ચિત્ ચિત્—ચૈતન્યમાત્ર જેનું સ્વરૂપ છે. ભગવાન આત્મા ચૈતન્ય ચૈતન્યજ્યોત—ચૈતન્યપ્રકાશ જેનું સ્વરૂપ છે. એ[illegible] આઠ કર્મને કરે અથવા વિકારને કરે એવો એનો કોઈ ગુણ આત્મ[illegible] કાંઈ? વસ્તુ ચૈતન્યપ્રકાશ પુંજ પ્રભુ અનંત શુદ્ધ ગુણની રાશિ. તો ક[illegible]વભાવ રાગ, વિકલ્પ, વ્યવહાર દયા, દાનાદિ વિકલ્પ કે કર્મ જડને રચે [illegible] ગુણ નથી. સમજાણું કાંઈ? '**कर्तृत्वं न स्वभावः**' સહજ ગુણ નથી. [illegible] તો સદાય રાગ અને કર્મના સંબંધ રહિત ચીજ છે એ સંબંધરહિત [illegible] સમજાણું કાંઈ?

જીવ અને પુણ્ય-પાપનો રાગ એટલે આસ્રવ, અજીવતત્ત્વ અને આસ્રવતત્ત્વથી ભિન્ન ભગવાન છે એવા ચૈતન્યમાં જો રાગ—આસ્રવ અને અજીવ બે તત્ત્વનો કર્તૃત્વ સ્વભાવ હોય તો દ્રવ્યસ્વભાવ કદી છૂટશે નહિ. એમ છે જ નહિ. સમજાણું કાંઈ? ચૈતન્યસ્વરૂપ જ્ઞાનપ્રકાશમય પ્રભુ એમાં અનંત ગુણ છે, પણ એવો કોઈ ગુણ નથી કે રાગરૂપે પરિણમે એવો કોઈ ગુણ છે અથવા રાગને કરે એવો કોઈ ગુણ છે કે કર્મની પર્યાયમાં નિમિત્ત થાય એવો કોઈ ગુણ છે એમ નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

આત્મા ચૈતન્ય અનંત ગુણનો પુંજ પ્રભુ છે, જેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન, આનંદ આદિની ઉત્પત્તિ થાય એ આત્મા જે સમ્યગ્દર્શનનો વિષય—વસ્તુ છે એમાં એવી કોઈ ત્રિકાળી શક્તિ—ત્રિકાળી સ્વભાવ—ત્રિકાળી ભાવ—ત્રિકાળી સત્ત્વ એવો કોઈ ગુણ નથી કે આત્મા વિકારને રચે અને કર્મબંધમાં નિમિત્ત થાય એવો કોઈ ગુણ છે જ નહિ. સમજાણું કાંઈ? જ્ઞાનચંદજી!

એક સમયની પર્યાયમાં વિકાર આદિ થાય છે અને કર્મબંધનમાં નિમિત્ત થાય છે એ અજ્ઞાનભાવ છે. સ્વરૂપ શુદ્ધ ચિદાનંદસ્વરૂપનો અબોધભાવ, અજ્ઞાનભાવ એક સમયમાં ઉત્પન્ન થવાવાળી અજ્ઞાનદશા એ જ કર્મના વિકારની રચના કરનારો છે અને નવા કર્મમાં એ જ નિમિત્તરૂપે થાય છે. સમજાણું કાંઈ? અહીં તો કહે છે, રાગાદિ પરિણામ શબ્દે શુભરાગ. દયા, દાન, વ્રત, ભક્તિ આદિનો જે વિકલ્પ છે, જે આસ્રવતત્ત્વ છે એ જ્ઞાયકતત્ત્વમાં જ્ઞાયકમાં તત્ત્વ નામ જ્ઞાયકતત્ત્વમાં—જ્ઞાયકભાવમાં—તત્ત્વમાં—સ્વભાવમાં કોઈ એવો સ્વભાવ નથી કે જે

શુભ પરિણામને રચે. સમજાણું કાંઈ? તો શુભ પરિણામને રચે એવો ગુણ નથી તો નવા આઠ કર્મમાં નિમિત્ત થાય એવો કોઈ એમાં ગુણ નથી. ઓ..હો..હો..! સમજાણું કાંઈ? સહજ ગુણ '**સહજનો ગુણ નથી**'...' ભગવાન આત્મામાં કોઈ શક્તિ—સત્ત્વ—સ્વભાવ—સત્‌નું સત્ત્વ ચૈતન્ય સત્‌.. સત્‌.. સત્, સત્‌નું સત્ત્વ. સત્ત્વ નામ એની શક્તિઓ—ગુણ, એ ગુણમાં કોઈ એક ગુણ એવો નથી, સહજ સ્વભાવમાં એક (ગુણ એવો) નથી કે વિકારનું પરિણામ કરી શકે એવો ગુણ—શક્તિ—સ્વભાવ નથી. સમજાણું કાંઈ? એ નિર્વિકારપણે પરિણમે એવો એનો ગુણ છે. સમજાણું કાંઈ? એનો સ્વભાવ જ નિર્વિકાર અથવા નિશ્ચયમોક્ષમાર્ગપણે પરિણમવું એવો એમાં ગુણ છે. સમજાય છે કે નહિ? જ્ઞાનચંદજી!

**શ્રોતા** :— ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સ્વભાવ—ગુણ નથી. કહ્યુંને. સ્વભાવ—ગુણ નથી. એ તો પર્યાયમાં અજ્ઞાનથી ઉત્પન્ન કરે છે, વસ્તુમાં નથી. સમજાણું કાંઈ? કોઈ શક્તિ—સામર્થ્ય એવું એમાં છે? સામર્થ્ય અનંત છે. એ તો (૧૯૩માં) કહ્યું '**विसर**'. સમજાણું કાંઈ? અનંત સામર્થ્ય છે. એક-એક ગુણનું અનંત સામર્થ્ય છે. એવા સામર્થ્યમાં કોઈ એવું સામર્થ્ય—સહજ સ્વભાવ નથી કે જે વિકાર, પુણ્ય-પાપ ઉદયરૂપ પરિણમે, એનો કર્તા થાય એવો કોઈ ગુણ—સહજ ગુણ નથી. સ્વાભાવિક ગુણ જો હોય તો એનો અર્થ થયો કે એ વિકારમય આત્મા થઈ ગયો. આત્મા વિકારમય છે જ નહિ. આત્મા કર્મ, શરીર અજીવતત્ત્વ અને તેના લક્ષે ઉત્પન્ન થયા શુભાશુભભાવ એ આસ્રવતત્ત્વ એનાથી (આત્મા) ભિન્ન છે. સમજાણું કાંઈ? તો આસ્રવતત્ત્વ ઉત્પન્ન કરે એવો સહજ શક્તિનો કોઈ ગુણ નથી. આહા..હા..! તત્ત્વ વસ્તુ એવી છે. એની ખાણમાં, એની ખાણમાં છે અનંત ગુણ, પણ કોઈ ગુણ એવો નથી કે રાગ ને શુભભાવને ઉત્પન્ન કરે એવો કોઈ ગુણ નથી, શુભભાવરૂપે કર્તા થઈને પરિણમે એવો કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? દૃષ્ટાંત. દૃષ્ટાંત પણ કેવો છે, જુઓ,

૯૯મી ગાથામાં પ્રદેશનો દૃષ્ટાંત આપીને પર્યાયને સિદ્ધ કરી. અહીં વેદયિતનો દૃષ્ટાંત આપીને કર્તૃત્વને સિદ્ધ કરે છે. આહા..હા..! શું કહે છે સમજાણું? ભગવાન આત્મા એક સમયમાં અનંત ગુણનો પિંડ સ્વભાવરૂપ વસ્તુ છે તો વસ્તુનો સ્વભાવ છેને. વસ્તુ છે તો વસ્તુની શક્તિ તો હોયને, શક્તિ હોયને. વસ્તુ હોય અને શક્તિ ન હોય તો વસ્તુ શું? સમજાણું કાંઈ? ગોળ છે—ગુડ, ગુડ કહે છેને? સાકર છે. તો સાકર વસ્તુ થઈ, પણ એમાં શક્તિઓ શું છે? કોઈ શક્તિ સાકરમાં એવી નથી કે કડવાશરૂપ થાય એવી કોઈ શક્તિ નથી. સમજાણું કાંઈ?

એમ ભગવાન આત્મા એક સેકંડના અસંખ્યભાગમાં પૂર્ણ શુદ્ધ ચૈતન્યદ્રવ્ય છે. જેની દૃષ્ટિ અથવા આશ્રય કરવાથી નિર્મળરૂપે મોક્ષમાર્ગરૂપે, મોક્ષરૂપે થવું એવો એનો સ્વભાવ છે. સમજાણું કાંઈ? કેમકે એ અબંધસ્વરૂપ છે, વસ્તુ અબંધસ્વરૂપ છે. તો અબંધસ્વરૂપમાં કોઈ

ગુણ એવો નથી કે બંધભાવને રચે, એવો કોઈ ગુણ નથી. સમજાણું કાંઈ? કેમ? **'वेदयितृत्ववत्' 'वेदयितृत्ववत्' 'જેમ જીવ કર્મનો ભોક્તા પણ નથી.'** શું કહે છે? કેમકે જીવસ્વભાવ જે છે એ વિકારનો ભોક્તા પણ નથી. જીવસ્વભાવ છે એ વિકારને કેમ ભોગવે? સ્વભાવ છે એ તો આનંદને ભોગવે. સમજાણું કાંઈ? એમાં આનંદ છે, એમાં શુદ્ધતા છે. શુદ્ધ છે. તો શુદ્ધતાનું વેદન અને ભોક્તા થાય. તો શુદ્ધતાના વેદનમાં અશુદ્ધતાનું વેદન નથી તો અશુદ્ધતાનો કર્તા નથી એમ સિદ્ધ કર્યું. સમજાણું કાંઈ?

એ પ્રશ્ન કર્યો છેને? નહિ? પહેલા ગાથામાં આવી ગયો છે. કર્તામાં આવી ગયો છે. ૧૦૯થી ૧૧૨. ૧૧૧-૧૧૨માં. શિષ્યએ તર્ક કર્યો છેને કે કેમ આમ નથી? વેદે છેને? ના, ના, તને ભાન નથી. આવ્યું છેને? કર્તા અધિકારમાં છેને. ૧૦૯ કે ક્યાંક છેને? ૧૧૨માં. ઈ યાદ છે. અહીં આનું સ્પષ્ટીકરણ વધારે કરે છે. પહેલા થોડી વાત આવી ગઈ હતી. જુઓ, પુદ્‌ગલ એક કર્તા છે, આત્મા નથી. કેમ? એમાં જીવને શું આવ્યું? ત્યારે કહે છે, **'પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો (ભોગવતો) જીવ પોતે જ મિથ્યાદષ્ટિ થઈને પુદ્‌ગલકર્મને કરે છે.'** શિષ્યે પ્રશ્ન કર્યો. **'પુદ્‌ગલમય મિથ્યાત્વાદિને વેદતો...'** વિકારને વેદતો જીવ પોતે જ પુદ્‌ગલને કરે છે. **'આ તર્ક ખરેખર અવિવેક છે,...'** ખરેખર મિથ્યાત્વનો ભોક્તા પણ આત્મા નથી. એ વાત આવી ગઈ. ૧૦૯થી ૧૧૨ કર્તાકર્મમાં. સમજાણું કાંઈ?

વસ્તુ એક સમયની ચીજ ભગવાન આત્મા, એમાં અનંત ગુણ વિસ્તારરૂપ અનંત સામર્થ્યરૂપ છે, પણ કોઈ ગુણ એવો નથી કે એ વિકારને વેદે. વિકારને વેદે એવો કોઈ ગુણ નથી. વિકારને વેદે એવો ગુણ નથી તો કર્તા થઈને કરે એવો ગુણ એમાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..! જીવ તો આનંદને વેદે કે દુઃખને વેદે? એમ કહે છે. દુઃખને વેદે—અનુભવે એવી કોઈ જીવમાં શક્તિ—ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? બહારની ચીજ તો વેદે—અનુભવે એમ છે જ નહિ. ક્યાં આવ્યા નથી? શું થયું? શરીર રોગ. રોગને વેદે કે નહિ? કોણ વેદે? રોગને, દાળ, ભાતને, શાકને, સ્ત્રીને, લક્ષ્મીને, મકાનને, દાગીનાને, કપડાને વેદે—અનુભવે કે નહિ? એ.. માલચંદજી! શું કીધું?

**શ્રોતા :—** પુણ્યના ફળ તો ભોગવેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પુણ્યના ફળ તો ભોગવને? એ તો કહે છે, ભગવાન! સાંભળ તો ખરો. જે ભિન્ન ચીજ છે... હવે આવ્યા. ભિન્ન ચીજ છે એને તો અજ્ઞાનભાવે પણ ભોગવી શકતો નથી. સમજાણું કાંઈ? પોતાથી જે ભિન્ન છે—શરીર, સમજાણું? સ્ત્રી, કુટુંબ, પરિવાર, લાડવા, દાળ, ભાત, મોસંબી, મકાન, દાગીના, કપડા, પત્તરવેલિયા, લાપસી, લાડુ, બાહ્યનો બધો વૈભવ લ્યો, જગતનો. એ ક્યાં ગયા? મોડું થયું. અહીં હમણાં તમને યાદ કર્યા. કહો, સમજાણું આમાં?

આત્મામાં ભગવાન વસ્તુ ચિદાનંદ પ્રભુ, એનો અર્થ ઈ છે કે જે વસ્તુ સ્વભાવ આત્માનો

છે એનો જે સમ્યક્ પ્રતીતિ-અનુભવ થયો તો એ સમ્યગ્દૃષ્ટિ પણ રાગનો કર્તા અને રાગનો ભોક્તા નથી. કેમકે એના ધ્યેયમાં દ્રવ્ય આવ્યું તો દ્રવ્યસ્વભાવમાં એવો કોઈ ગુણ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? પર આ શરીર, લક્ષ્મી આદિ તો પરપદાર્થ છે. કેમકે પર્યાયવાન એ દ્રવ્ય છે. પરપદાર્થ તો પર્યાય—અવસ્થા—કાર્યગતવાળી ચીજ છે, તો એની પર્યાય—વેદન તો જીવમાં છે જ નહિ. કોઈ એવો ગુણ નથી. પર્યાયમાં એમ નથી. સમજાણું કાંઈ?

પર્યાયમાં એમ નથી કે પરદ્રવ્યને વેદે અને પરદ્રવ્યને કરે, પણ અહીંયા તો વિકારને કરે અને વિકારને વેદે એવો કોઈ ગુણ નથી. નેમિચંદજી! બહુ વાત... આ તો અજબ ભગવાન આત્માની વાત છે. આત્મા શું ચીજ છે એને કોઈ દી પ્રતીતમાં લીધી જ નથી. આહા..હા..! સમજાણું કાંઈ? ભગવાન આત્મા જે ચૈતન્યપ્રભુ છે કે જેને આત્મા કહે છે, એ તો અનંત ગુણનો પિંડ છે. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ દેવે આત્મા એને કહ્યો. પોતાનો નહિ, બીજાનો પણ કહ્યો કે આ આત્મા. સર્વજ્ઞે જોયું કે આત્મા આ. શું? કે પુણ્ય-પાપના વિકલ્પ આસ્રવતત્ત્વ એ આત્મા નહિ અને કર્મ, શરીર અજીવ તે આત્મા નહિ—એમ ભગવાને જોયું છે. સમજાણું કાંઈ? ભગવાને દ્રવ્યનો સ્વભાવ એવો જોયો.. દ્રવ્ય એવું જોયું, હવે દ્રવ્યનો સ્વભાવ એવો જોયો કે પરનો કર્તા-ભોક્તા પર્યાયથી નહિ, પણ વિકારને કરે અને વિકારને વેદે એવો કોઈ ગુણ તારી શક્તિમાં છે, ભગવાન કહે છે એમ અમે જોયું જ નથી. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** શેનું વ્યાખ્યાન ચાલે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ આત્માનું વ્યાખ્યાન ચાલે છે. આત્મા કેવો છે અને કેવા આત્માનો અનુભવ કરે, પ્રતીત કરે તો ધર્મ થાય એ વ્યાખ્યાન ચાલે છે. ભગવાન આત્મા શુદ્ધ... આત્મા કોને કહે છે? અને જેવો આત્મા છે એવો અનુભવ, પ્રતીતિ કરે તો એને ધર્મ થાય છે, ઈ વાત ચાલે છે. કર્તા-ભોક્તા અધ્ધરથી પણ શું ચાલે છે આ? અમારે ઈ દલાલ છે દલાલ. ભીખાભાઈ!

વાત ઈ ચાલે છે કે જેને શાંતિ—ધર્મ કરવો છે તો કેવા આત્માની પ્રતીત, અનુભવ કરવાથી ધર્મ થાય છે? કે આવા આત્માની પ્રતીતિ અનુભવમાં કરવાથી ધર્મ થાય છે કે એ આત્મા ભગવાને જેવો જોયો એવો એ દેખે. ભગવાને એમ જોયું કે તારો આત્મા પુણ્ય-પાપના વિકલ્પ જે આસ્રવ છે તેનાથી રહિત મેં તારા આત્માને જોયો છે. તારા આત્માને આસ્રવસહિત નથી જોયો. આસ્રવથી ભિન્નતત્ત્વ અમે જોયું છે; અને કર્મ, શરીર તો અજીવતત્ત્વમાં જોયા છે, એમ ભગવાન પરમાત્મા ત્રિલોકનાથ કહે છે. સમજાણું કાંઈ? અને તારા આત્મામાં અમે એમ જોયું છે કે વિકારને રચે, કરે એવો કોઈ અમે તારા દ્રવ્યમાં જોતા નથી. સમજાણું કાંઈ? કેમ? કે ભગવાન આત્મા દુઃખને વેદે એવો એનો સ્વભાવ જ નથી. દુઃખ વિકૃતને, દુઃખ વેદવું, દુઃખની આકુળતાને વેદે એવી કોઈ શક્તિ નથી એમાં. એવો તમારા આત્માને જોયો છે. શેઠિયાજી! આહા..હા..! કેમ, સમજાય છે કે નહિ? આ તો સાદી ભાષા છે.

એમાં કાંઈ એવી બહુ (કઠણ નથી). કેમ, કાંતિભાઈ! સમજાય છે કે નહિ આ? તમારે આવ્યા છેને. કો'ક દી આવે. એમ તો સમજેને. એમ હોય? બુદ્ધિવાળા છે. કહો, સમજાણું કાંઈ? આમાં તો સાદી સીધી વાત છે.

ભગવાન વસ્તુ છે કે નહિ આત્મા? છે તો શાશ્વત છે કે નહિ? છે તો એની શાશ્વત શક્તિઓ શું છે? શાશ્વત શક્તિમાં કોઈ શક્તિ એવી નથી કે વિકારને રચે અને વિકારને વેદે એવી કોઈ શક્તિ નથી. અહીં તો ભગવાન આત્મા આવો છે કે જેની દૃષ્ટિ કરવાથી સમ્યગ્દર્શન કરવાથી આત્મા આવો પ્રતીતિમાં આવ્યો કે એ રાગનો કર્તા નથી અને દુઃખનો ભોક્તા નથી. સ્વભાવનો કર્તા અને આનંદનો ભોક્તા એવો દૃષ્ટિમાં આવ્યો. સમજાણું કાંઈ? આહા..હા..! આને સમ્યગ્દર્શન કહે છે. સમ્યક્ યથાર્થ અનુભવમાં પ્રતીતિ થવી. કોની? કે આત્માની. કેવો છે આત્મા? સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથે પણ જોયો છે, અમારો અને તારો, બધાનો કે તારો આત્મા અમે આવો જોયો છે અને એવો છે. છે એવો જોયો છે, જોયો છે એવો છે.

પરમાત્મસ્વરૂપ પોતાનો શુદ્ધ દ્રવ્યસ્વભાવ એમાં રાગને રચવું કોઈ ગુણ—સહજ શક્તિ નથી. કેમ? કે વસ્તુ વસ્તુસ્વભાવ, એ સ્વભાવ દુઃખને વેદે એવો સ્વભાવ હોય? સ્વભાવ વિકૃતને વેદે એવો સ્વભાવ હોય? સ્વભાવ.. સ્વભાવ એ તો શુદ્ધ ને આનંદ ને શાંતિ (સ્વરૂપ) એવો સ્વભાવ છે, તો એનો કર્તા અને એને વેદવાવાળા હોઈ શકે. આહા..હા..! સમજાણું કાંઈ? હજી આત્મા કેવો છે એની માન્યતાના ઠેકાણા નથી. ભગવાન કહે ઈ સાચું, પણ ભગવાન શું કહે છે એની ખબર નહિ. સમજાણું કાંઈ? હજી આત્મદ્રવ્યની વાત ચાલે છે. સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર છે. આહા..!

ભગવાન આત્મા નિજાત્મ પ્રભુ, કહે છે કે રાગને કરે એવી કોઈ સ્વાભાવિક શક્તિ નામ ગુણ નામ સામર્થ્ય નામ સત્ત્વ, સત્‌માં એવું સત્ત્વ છે જ નહિ. આત્મારૂપી સત્ વસ્તુ અનાદિ, એના સત્‌માં એવું કોઈ સત્ત્વ છે જ નહિ. કેમ? કે વિકારને વેદે એવો એમાં ગુણ નથી. **'કર્મનો ભોક્તા પણ નથી.'** સમજાણું કાંઈ? **'ભાવાર્થ આમ છે કે—જો જીવદ્રવ્ય કર્મનું ભોક્તા હોય તો કર્તા હોય;...'** ભોક્તા હોય તો કર્તા થાય. ભોક્તા નથી તો કર્તા નથી. આહા..! કેવી વાત કરી છે! આત્મા અતીન્દ્રિય આનંદની મૂર્તિ છે. અતીન્દ્રિય શાંત આનંદની, અતીન્દ્રિય આનંદના સ્વાદની મૂર્તિ છે. એની પ્રતીતિ કરવાથી સમ્યગ્દર્શન (થાય છે). **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'** સમજાણું કાંઈ? તો **'तत्त्वार्थ श्रद्धानं सम्यग्दर्शनम्'** તો અજીવ, આસ્રવ ભિન્ન રહી ગયા. હવે રહ્યો ભગવાન આત્મા—જીવતત્ત્વ. એ જીવતત્ત્વમાં એનો ભાવ શું? દ્રવ્યનો સ્વભાવ શું? કે સ્વભાવમાં એવી કોઈ એક શક્તિ—ગુણ—સામર્થ્ય સત્ત્વ નથી કે વિકારને રચે અને વિકારને વેદે. વસ્તુસ્વભાવ છે એ વિકારને કરે અને વેદે એમ વસ્તુમાં ક્યાં છે? વસ્તુ તો શુદ્ધ છે. સમજાણું કાંઈ? આહા..હા..!

શુદ્ધ સચેતન મૂર્તિ પ્રભુ, શુદ્ધ સચેતન સ્વભાવ ભગવાન આત્મા જેની દૃષ્ટિ કરવાથી

સ્વભાવના પરિણમનરૂપી પ્રતીત, જ્ઞાન થાય, જેની પ્રતીત કરવાથી શાંતિ અને આનંદનું વેદન થાય એવો એમાં ગુણ છે. શેઠિયાજી! આહા..હા..! દૃષ્ટાંત દઈને (સમજાવે છે). **'તે તો ભોક્તા પણ નથી, તેથી કર્તા પણ નથી.'** ત્યારે છે શું? થયું શું? આ શું ઊભું થયું? ઉઠાવગીરે ક્યાંથી ઉઠાવ્યું? આ સંસાર, રાગ, વિકલ્પ થયા ક્યાંથી? સમજાણું કાંઈ? સંસાર વિકાર તો દેખાય છે, એની પર્યાયમાં વિકાર તો દેખાય છે, દુઃખનો ભોક્તા પણ દેખાય છે. શરીરનો ભોક્તા નહિ. એ વખતે તમે આવ્યા હતા હમણાં. ત્યારે કહે, હમણાં નથી. સમજાણું કાંઈ? આહા..હા..!

ચૈતન્ય આતમરામ, એ નિજાનંદ પ્રભુ જેની દૃષ્ટિમાં અંતરમાં આવ્યો એ આત્મા કર્તા સ્વભાવનો અને ભોક્તા આનંદનો. સમજાણું કાંઈ? આહા..હા..! અરે..! આ ચીજની શું વસ્તુ... કહે છે કે જ્યારે ભોક્તા નથી, વેદતો નથી, વેદન—વિકારનું વેદન, અરે..! વિકૃત એક સમયનું વેદન શું ગુણસ્વભાવમાં છે તે વેદે? શું એમાંથી પર્યાય નીકળે છે—આનંદમાંથી દુઃખની વેદન પર્યાય? સમજાણું કાંઈ? છે જ નહિ. એમાં તો ભગવાન આત્મા સચ્ચિદાનંદ સિદ્ધસ્વરૂપ પરમાત્મા જેવા અરિહંત અને સિદ્ધ છે એવી જ અંતર વસ્તુ છે. એવી વસ્તુમાં એવો સ્વભાવ છે કે આવો આત્મા એની શ્રદ્ધા—પ્રતીત, અનુભવ કરવાથી સ્વભાવનું પરિણમન કરવાવાળો અને સ્વભાવનું વેદન કરવાવાળો ઈ આત્મા છે. કહો, સમજાણું કાંઈ? આહા..!

**'તે તો ભોક્તા પણ નથી,...'** ભગવાન દુઃખને ભોગવે? આહા..હા..! ભગવાન આત્મા મહિમાવંત પદાર્થ દુઃખને ભોગવે? એવો સ્વભાવ છે એનો? આહા..હા..! ચૈતન્ય પદાર્થ છે કે નહિ? તો પદાર્થ છે તો એમાં સ્વભાવ છે કે નહિ? ગુણ છે કે નહિ? સત્ત્વ છે કે નહિ? શક્તિઓ છે કે નહિ? કાયમી સ્વભાવ છે કે નહિ? તો કાયમી સ્વભાવવાળો ભગવાન શું રાગને વેદે? રાગને કરે? વસ્તુમાં નથી—દ્રવ્યમાં નથી, શક્તિમાં નથી. પર્યાયમાં રાગાદિના કર્તા-ભોક્તાનું વેદન ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાણું કાંઈ? આહા..હા..! શક્તિમાં આવ્યું છે, અકર્તા અભોક્તા. કર્મથી જેટલા વિકાર ઉત્પન્ન થાય એનાથી વિરમરૂપે આત્મા રાગનો અકર્તા છે, એમાં અકર્તા શક્તિ પડી છે. રાગનો અકર્તા અને રાગનો અભોક્તા એવી શક્તિ છે અને આનંદનો કર્તા અને આનંદનો ભોક્તા એવી શક્તિ છે. ૪૭ શક્તિમાં ઈ આવ્યું છે. સમજાણું કાંઈ? પહેલાં આત્માપ્રસિદ્ધિ બહાર આવી ગયું છે. અત્યારે તો અંદર છે. ૪૦-૪૧ વ્યાખ્યાન થયા છે. ઘણું સ્પષ્ટીકરણ બીજી પદ્ધતિથી આવ્યું છે બહુ સારું. એ તો જ્યારે બહાર આવે ત્યારે ખરું, એના ક્રમબદ્ધમાં આવવાનું હોય ત્યારે આવેને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા, જેને આત્મા કહે છે એમ કહે છે અહીંયા તો. આહા..હા..! રાગને કરે અને રાગને, શુભરાગને કરે અને શુભરાગ-આકુળતાને વેદે એ આત્મા જ નહિ. આહા..હા..! સમજાણું કાંઈ? ભારે વ્યાખ્યા ભાઈ, આ! પ્રભુ! તું તો સચ્ચિદાનંદ છોને. સચ્ચિદાનંદ છે.

તારામાં શાશ્વત અને આનંદ અને જ્ઞાનપ્રકાશની સાથે આનંદ પડ્યો છે. જ્ઞાનમૂર્તિ પ્રભુ. ચૈતન્યપ્રકાશનો એકલો પિંડ પ્રભુ. જ્ઞાનપુંજ પહેલાં કહ્યુંને. તો જ્ઞાનપુંજમાં એવી ક્યાં શક્તિ છે કે રાગને રચે અને રાગને વેદે? છે શું? ઉઠાવગીરે ક્યાંથી ઉઠાવ્યો? દ્રવ્યમાં નથી, શક્તિમાં નથી, સ્વભાવ નથી.

કહે છે, '**अयं कर्ता अज्ञानात् एव**' '**अयं**' '**આ જ જીવ રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે એવું પણ છે તે શા કારણથી?**' '**अज्ञानात् एव**' '**કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ એવો છે જે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ, તેના કારણે જીવ કર્તા છે.**' શું કહે છે? ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય પદાર્થ દળ, એનો અભાવ કરીને આ હું નથી, શુદ્ધ ભગવાન પરમાનંદ શુદ્ધ ચૈતન્યસ્વભાવ ચૈતન્યદળ છે એ નહિ, હું રાગાદિ છું એવી મિથ્યાત્વબુદ્ધિ ઉત્પન્ન થઈ, મિથ્યાત્વને કારણે રાગનો કર્તા અને ભોક્તા થાય છે. આહા..! સમજાણું કાંઈ? મિથ્યાત્વનો પડદો નાખી દીધો. ચિદાનંદ ભગવાન પરમાનંદની મૂર્તિ અનંત શુદ્ધ સ્વભાવ સાગર, અનંત શુદ્ધ સ્વભાવ સાગરને આડ મારી, આ નહિ, આ નહિ. એનો અબોધ થઈ ગયો. આ હું—વિકૃત ભાવ તે હું છું. એવો હું એક. તો એનો અર્થ કે 'આસ્રવ હું છું આસ્રવ હું છું' એવી જે મિથ્યાત્વ-બુદ્ધિ એ વિકારને કરવાવાળી અને ભોગવવાવાળી છે. સમજાય છે કાંઈ? શું કહ્યું જુઓ.

'**રાગાદિ અશુદ્ધ પરિણામને કરે છે એવું પણ છે તે શા કારણથી? કર્મજનિત ભાવ...**' અર્થાત્ જે રાગાદિ વિકલ્પ છે એમાં '**આત્મબુદ્ધિ...**' જે આત્મા અખંડ શુદ્ધ સ્વભાવ છે એમાં આત્મબુદ્ધિ છે એવી બુદ્ધિ નહિ કરીને, જે વિકલ્પ આવ્યો એમાં આત્મબુદ્ધિ. સમજાણું કાંઈ? પૂર્ણાનંદ પ્રભુ અંતર્મુખ અનંત શક્તિનો સાગર, એનો આદર, સાગરનો આદર છોડીને. ભગવાન આત્મામાં પર્યાયમાં કર્તા-ભોક્તા ક્યાંથી આવ્યું? કે શુદ્ધ સ્વરૂપનો પિંડ પ્રભુ જે વસ્તુ છે—સ્વભાવ છે એનું અનાદિથી લક્ષ છોડી દીધું. એ સ્વભાવવાન છે એની બુદ્ધિ છોડી દીધી અને વિકલ્પ જે નિમિત્તની અપેક્ષાથી ઉત્પન્ન થયા એવા વિકલ્પ જે રાગાદિ ભાવ એ આત્મબુદ્ધિ—એ આત્મા, એ આત્મા એવો જે મિથ્યાત્વભાવ, અજ્ઞાનભાવ એ જ રાગનો કર્તા અને ભોક્તા થાય છે. કેમ રાજમલજી! લોજીકથી છે કે નહિ? કે અંદર ગડબડ છે? ન્યાયથી તો વાત ચાલે છે. ઓહો..!

'**अयं कर्ता अज्ञानात् एव**' આ શબ્દ છે. ભગવાન '**अयं**' એટલે આ જીવ. જીવ એટલે વસ્તુસ્વભાવ પૂર્ણાનંદ એ જીવ. એ '**अज्ञानात्**' પોતાનું પૂર્ણ શુદ્ધ સ્વરૂપ, વસ્તુ સ્વરૂપ પરમાનંદ મૂર્તિનું અજ્ઞાન. એનું જ્ઞાન નહિ. આ હું એવું જ્ઞાન નહિ. ત્યારે શું છે? '**કર્મજનિત ભાવમાં આત્મબુદ્ધિ...**' જે પોતાના સ્વભાવમાં નથી એવા નિમિત્તના લક્ષે જે પુણ્ય-પાપના વિકલ્પ ઉઠ્યા, પર્યાયમાં વિકલ્પ ઉઠ્યા ઈ જ આત્મા, આ આત્મા, એ જ અસ્તિત્વમાં એમાં હું છું, ઈ જ હું છું—એવી જે વિકલ્પમાં મિથ્યા આત્મબુદ્ધિ અર્થાત્ આત્મા છે એમાં આત્મબુદ્ધિ

ન રહી. સમજાણું કાંઈ? શુભ-અશુભ રાગ, વિકલ્પ વૃત્તિ ઉઠી ઈ આત્મા. પોતાનું જેવું અસ્તિત્વ છે એવું દૃષ્ટિમાં તો આવ્યું નથી, લીધું નથી તો ક્યાંક પોતાનું અસ્તિત્વ માનવું તો પડશેને. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા એકલો શુદ્ધ ચૈતન્યપિંડ પ્રભુ દૃષ્ટિમાં, લક્ષમાં તો આવ્યો નથી. છે તો ખરો, ચીજ છે તો ખરી. અનાદિથી જે રાગાદિ ઉત્પન્ન થયા એમાં આત્મબુદ્ધિ (છે). એ હું છું, હું છું તો હું કર્તા છું, હું છું તો હું ભોક્તા છું. માલચંદજી! સમજાય છે કે નહિ? આમાં તો સહેલી ભાષા છે, બહુ ગૂઢ ભાષા નથી. આહા..! સમજાય છે કે નહિ? આ તો બધાને સમજાય એવી વસ્તુ છે. કેમ ભાઈ! આહા..હા..!

**શ્રોતા :—** અંદર આંટી...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કહ્યુંને. વાત તો ચાલે છે કે આંટી કેમ પડી અને આંટી કેમ નીકળે. સુતર હોયને? સુતરમાં આંટી પડેને, ગાંઠ પડી જાય છે. ખોલી નાખે ફડાક દઈને. અમારે અહીંયા કાઠિયાવાડમાં પ્રસંગ એવો હતો. જ્યારે લગન થાયને? લગન, તો એક સૂતરનો ફાળકો લઈને આમ આડોઅવળો કરી નાખે. પછી વરને ખોલવા માટે આપે. જો ખોલી નાખે તો ધીરજ છે, નહિતર ધીરજ નથી. પરણાવે તો ખરા, શું કરે? એમ અમારે કાઠિયાવાડમાં છે. તમારે ત્યાં છે? કેમકે આ કન્યા લેવા આવ્યો છે તો ગભરાટમાં, આવેગમાં કોઈ સૂતરની ગાંઠ પડી એને ઉકેલવાની ધીરજ છે કે નહિ? કે એકલો ગભરાટ જ છે કે કન્યા લેવી છે... કન્યા લેવી છે... કન્યા લેવી છે... સમજાણું કાંઈ? આપે. પછી આડુંઅવળું કરી દ્યે. આડુંઅવળું સમજ્યા? શું કહે છે? ગુંચવી નાખે. એ સૂતરનો ફાળકો ગૂંચવી નાખે પછી એને આપે. કેમ ખોલવી? આ ખેંચે તો આમ ગાંઠ પડે, આમથી ખેંચે તો આમ ગાંઠ પડે. બહુ ધીરજ જોઈએ, ધીરજ જોઈએ. એ લગ્ન પ્રસંગમાં પણ એટલી ધીરજ જોઈએ કે ફાળકાની ગાંઠ ઉકેલાવી જોઈએ. સમજાણું કાંઈ? તો આ ભગવાન આત્મા એક સમયમાં શુદ્ધ ભગવાન પૂર્ણાનંદ એમાં આંટી પડી ગઈ છે. વિકલ્પ આદિ ઉઠે છે એમાં આત્મબુદ્ધિ થઈ ગઈ છે. તેથી તે રાગ અને વિકલ્પનો કર્તા અને ભોક્તા છે એમ એને મનાઈ ગયું છે. ઈ જ હું છું, તેથી તેનો કર્તા છું અને હું ભોક્તા. સમજાણું કાંઈ?

'**अज्ञानात् एव**' ભગવાન પરમાત્મા નિજસ્વરૂપ શુદ્ધ ચિદાનંદને જ્ઞેય નહિ બનાવીને, એને જ્ઞેય નહિ બનાવીને, એને દૃષ્ટિમાં ઓઝલ કરીને જે વિકલ્પ આવ્યો 'ઈ જ હું છું એના અસ્તિત્વમાં જ મારી મોજૂદગી છે' એવો અજ્ઞાનભાવ જ રાગનો—વિકારનો કર્તા અને ભોક્તા થાય છે. વસ્તુ અને વસ્તુની શક્તિમાં નથી, પર્યાયમાં અધ્ધરથી ઉત્પન્ન થયા છે. સમજાણું કાંઈ? ઓહો..! '**કર્મજનિત ભાવમાં...**' પોતાથી જનિત ભાવ તો છે નહિ. સ્વભાવનો જન્મ તો પર્યાયમાં આવ્યો નહિ. સ્વભાવ શું છે એનો જન્મ તો થયો નથી. દર્શન—પ્રતીત તો છે નહિ. પ્રતીત હોય તો શુદ્ધની પર્યાયનો જન્મ થયો. સમજાણું કાંઈ? '**કર્મજનિત...**'

નિમિત્તના લક્ષે સ્વભાવનું લક્ષ નહિ રાખવાથી, એકલા વિકલ્પના લક્ષમાં પડ્યો એમાં પોતાનું અસ્તિત્વ માનીને પોતાનો સ્વભાવ દૃષ્ટિમાં છોડી દીધો. સમજાણું કાંઈ? આહા..હા..! વાત તો આચાર્યોએ કેટલી સ્પષ્ટ સાદી ભાષામાં આખી ભૂલ અને અભૂલ બેયનું વર્ણન કર્યું છે.

'**કરે છે એવું પણ છે...**' એવું પણ એટલે? વસ્તુના સ્વરૂપની ખબર નથી એટલે એવું પણ છે. છે તો શુદ્ધ સ્વભાવ. ઈ તો કહ્યું, ભગવાન શુદ્ધ જ્ઞાયકપુંજ છે. પણ એના બોધના અભાવને લીધે રાગ, વિકલ્પનું અસ્તિત્વ આસ્રવ હું નહિ (એમ માન્યું નહિ). પોતાનું છેપણું અહીંયા છે તો ત્યાં (સ્વભાવમાં) રહ્યું નહિ. અનાદિની એની દૃષ્ટિ 'અહીંયા હું છું' એવી રીતે પડી છે. તો એના અજ્ઞાનને કારણે તેને (તેમાં) આત્મબુદ્ધિ છે. સમજાણું કાંઈ? અહીંયા તો '**એવું પણ છે**' એનો અર્થ છે. ભાઈ! '**રાગાદિ અશુદ્ધ પરિણામને** કરે **છે એવું પણ છે...**' એવું પણ છે એટલે? ભાઈ! એવું પણ, શબ્દ વાપર્યો છેને. અહીં તો કર્તાને સિદ્ધ કરે છે હજી, હોં! અર્થાત્ જીવસ્વરૂપ એક સમયમાં શુદ્ધ ચિદાનંદ છે. એ તો છે જ એવો, પણ પોતાના સ્વભાવના અજ્ઞાનને કારણે રાગને પોતાનો માનીને કરે પણ છે. સમજાણું કાંઈ? આહા..હા..! છે તો આવો શુદ્ધ જ્ઞાનપુંજ ચિદાનંદ પ્રભુ, પણ એવો હોવા છતાં, વસ્તુ આવી શુદ્ધ જ્ઞાનઘન પૂર્ણાનંદ વસ્તુ હોવા છતાં તેના અજ્ઞાનને લીધે, તેનો બોધ કર્યા વિના, તેનું લક્ષ કર્યા વિના લક્ષ રહ્યું રાગ ઉપર, તો રાગમાં આત્મબુદ્ધિ (થઈ). વિકલ્પ ઉઠાવ્યો, કોઈપણ દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધાદિનો એમાં આત્મબુદ્ધિ (અર્થાત્) તે જ આત્મા, તે જ હું, એમ અજ્ઞાનપણે પોતાના સ્વરૂપના બોધ વિના એનું જ્ઞાન કરીને 'તે જ હું છું' એમ આત્મા પર્યાયમાં તેનો અજ્ઞાનથી કર્તા થાય છે.

દ્રવ્યસ્વભાવમાં નહિ હોવા છતાં, દ્રવ્ય અને દ્રવ્યના સ્વભાવમાં કર્તા-ભોક્તા નહિ હોવા છતાં તેની પર્યાયમાં ઉત્પન્ન થતાં રાગમાં પોતાપણું માનીને કર્તા-ભોક્તા પણ થાય છે. સમજાણું કાંઈ? '**તે શા કારણથી?**' કરે પણ છે એ ક્યા કારણથી? એમ થયુંને? અશુદ્ધ પરિણામનો કર્તા સિદ્ધ કર્યોને. કરે પણ છે એમ સિદ્ધ કરવું છેને. કરે પણ છે તે શા કારણથી? રાગમાં આત્મબુદ્ધિ કરી તે કારણથી. '**મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ, તેના કારણે જીવ કર્તા છે.**' આહા..હા..! સમકિતને ગ્રંથિભેદ કહે છે. કહે છે કે નહિ? રાગની એકત્વબુદ્ધિ અથવા રાગમાં આત્મબુદ્ધિ, એ તો એક જ વાત છે. રાગ, વિકલ્પ, આસ્રવ અને નિરાસ્રવી પ્રભુ-અનાસ્રવી પ્રભુ આત્મા અને આસ્રવ વિકલ્પ, બેને એક માનીને અથવા આસ્રવમાં આત્મા માનીને, એ બેય એક જ વાત થઈ. કર્તા પણ છે. શા કારણથી? અજ્ઞાનથી. અજ્ઞાનથી એનો અર્થ રાગમાં આત્મબુદ્ધિ રાખવાથી. ઓહો..!

'**મિથ્યાત્વરૂપ વિભાવપરિણઆમ,...**' જુઓ, સમ્યક્ સત્ય સ્વરૂપ, ભગવાન પરમ સત્ય સ્વરૂપ એની પ્રતીતિ, લક્ષ, ધ્યેય છોડીને રાગમાં આત્મબુદ્ધિ મિથ્યાબુદ્ધિ થઈ એ તો અસત્ય બુદ્ધિ થઈ. સમજાણું કાંઈ? '**એવા છે જે મિથ્યાત્વરૂપ વિભાવપરિણામ, તેના**

**કારણે જીવ કર્તા છે.'** કર્તા પણ કેવી રીતે છે? છે તો અકર્તા, કર્તા નથી એમ કહ્યું. વળી કર્તા કેમ સિદ્ધ કરો છો? કર્તા પણ છે. શા કારણથી? અજ્ઞાનથી. અજ્ઞાનનો અર્થ વિકાર અંશબુદ્ધિ વિકારમાં પડી છે તેથી મિથ્યાત્વને કારણે કર્તા પણ છે. કહો, સમજાણું કાંઈ?

**'ભાવાર્થ આમ છે કે—'** તાત્પર્ય એ છે કે **'જીવવસ્તુ રાગાદિ વિભાવપરિણામની કર્તા છે એવો જીવનો સ્વભાવગુણ નથી,...'** જુઓ, ખુલાસો કર્યો. ભગવાન આત્મા વસ્તુ છે તો એનો સ્વભાવ છે. શક્તિઓ અનંત છે અને એક-એક શક્તિમાં અનંત સામર્થ્ય છે અને અનંત સામર્થ્યના પુરરૂપ આત્મા છે, પણ એ સ્વભાવમાં એવી કોઈ એક શક્તિ ગુણરૂપ ત્રિકાળી શાશ્વત સ્વભાવ નથી કે જે રાગરૂપ પરિણમે. વિભાવપરિણામનો કર્તા થાય એવો તો કોઈ ગુણ નથી. ઓહો..! સમજાણું કાંઈ? જેમાં ગુણ નથી એમાં વિકારને કરવાવાળો ગુણ માનવો એ તો દ્રવ્યનો અજ્ઞાનભાવ થયો. સમજાણું કાંઈ? ભગવાન આત્મા એમાં અનંત સ્વભાવ સામર્થ્ય છે કે રાગનો કર્તા કોઈ સહજ ગુણ છે જ નહિ. વિકલ્પના ઉદયભાવનો કર્તા આત્મા છે એવો કોઈ ગુણ નથી, એમ કહે છે. પરમપારિણામિક સ્વભાવભાવ ભગવાન આત્મા એમાં ઉદયભાવ રચે એવો કોઈ સહજ ગુણ નથી.

**'પરંતુ અશુદ્ધરૂપ વિભાવપરિણતિ છે.'** અજ્ઞાનભાવથી વસ્તુના સ્વભાવના અબોધથી વસ્તુના સ્વભાવના અનાદરભાવથી, વસ્તુના સ્વભાવના બેલક્ષથી, સમજાણું કાંઈ? એ વિકારી ક્ષણિક પરિણામમાં પોતાનું અસ્તિત્વ માનીને એ વિભાવપરિણતિ છે, પાછુ એમ કહે છે. એની પર્યાયમાં વિભાવપરિણતિ છે. જુઓ, આ બીજા સાથે મેળ કરવા જશે, વેદાંત સાથે તો કોઈ વાત નહિ મળે. કોઈપણ આત્માની વાત અહીંયા નીકળે તો એમ કેટલાક (કહે છે) આત્મા આવો છેને આત્મા આવો છે. સમજાણું કાંઈ? એક જૈનને નામે નીકળ્યો છે રજનીશ. છેને? રજનીશ એક છે. તારણસ્વામીમાંથી છે. આત્મા આવો છે. ઈ વેદાંત સાથે લગાવી દે છે. કેટલાક એમ કહે છે, મહારાજ આત્મા કહે છે એવી જ વાત કરે છે. ભાઈ! તને ખબર નથી, પ્રભુ! તારી ચીજ અનંત ગુણનું સત્ત્વ સિદ્ધ અસ્તિત્વ ભિન્ન છે. બધા મળી એકસાથે છે એવી ચીજ નથી. એવા સત્ત્વનું અસ્તિત્વ સિદ્ધ કરીને એક સત્ત્વ અસંખ્ય પ્રદેશી અનંત ગુણ સ્વભાવવાળું અસ્તિત્વ સિદ્ધ કરે છે. પછી એમાં કોઈ ગુણ એવો નથી કે વિભાવનું પરિણમન—પર્યાય થાય, વિકારની પર્યાય થાય એવો ગુણ નથી. અન્યમાં પર્યાયને ક્યાં માની છે? સમજાણું કાંઈ?

ત્યારે **'અશુદ્ધરૂપ વિભાવપરિણતિ છે.'** છે ખરી અજ્ઞાનભાવથી. ઓ..હો..હો..! અને દુનિયાને તો અત્યારે દયા, દાન, વ્રત, ભક્તિ શુભભાવથી ધર્મ થાય. આહા..! અરે.. ભગવાન! ક્યાં તું આથડે છે? તારી દૃષ્ટિ ક્યાં ગઈ? આહા..હા..! કેટલો ભૂલ્યો, ભીંત ભૂલ્યો. બારણામાંથી બહાર નીકળવું હતું, ભીંત આવી, માથુ ફૂટશે. ત્યાં ભીંતમાંથી નીકળવાનો માર્ગ નીકળશે?

એમ ભગવાન આત્મા અકર્તા રાગનો અને અભોક્તા રાગનો, એ કર્તા-ભોક્તા માનવાવાળાએ ભગવાન સ્વભાવનો અનાદર કર્યો. અનંત સર્વજ્ઞઓએ તારો સ્વભાવ અને દ્રવ્ય જોયું એનો પણ તેં અનાદર કર્યો. હીરાલાલજી! આ તો સાદી ભાષા છે, હોં! બહુ કંઈ એવી બુદ્ધિ (લગાવવી પડે એવું નથી). રાજમલજીની એલ.એલ.બીની બુદ્ધિવાળા છે અને આને થોડી બુદ્ધિ એવું હશે? આમ કંઈ બુદ્ધિવિશેષની જરૂર નથી. સત્યના પડખાને લેવા માટે ખ્યાલમાં લેવા માટે યાદ હોવું જોઈએ. સમજાણું કાંઈ?

ભગવાન આત્મા.. કહે છે, અશુદ્ધ પરિણતિ, પરંતુ અશુદ્ધરૂપ પરિણતિ તો છે, હોં! વિભાવપરિણતિ છે; પણ પરિણતિ છે તો થઈ ક્યાંથી? સ્વભાવના અબોધથી અને રાગને પોતાનો માનવાથી. એવી પરિણતિ છે, આવો સંસાર છે, નિગોદથી માંડીને આવો સંસાર છે.

**શ્રોતા :—** આવું માની લીધું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આવો સંસાર એની પર્યાયમાં છે એમ માની લીધું છે. આહા..હા..! સમજાણું કાંઈ?

**'तदभावात् अकारकः'** જુઓ લીધું. **'મિથ્યાત્વ-રાગ-દ્વેષરૂપ વિભાવપરિણતિ મટે છે, તે મટતાં જીવ સર્વથા અકર્તા થાય છે.'** જે અજ્ઞાનભાવથી કર્તા હતો અજ્ઞાનભાવે, એ સ્વભાવનું ભાન થયું કે જ્ઞાયક ચૈતન્યસ્વરૂપ હું છું, હું તો જ્ઞાનનો પુંજ છે—એમ દૃષ્ટિ સમ્યક્ થતાં અકારક છે અર્થાત્ મિથ્યાત્વ અને રાગ-દ્વેષરૂપ પરિણમન સમ્યગ્દૃષ્ટિને હોતું જ નથી. સમજાણું કાંઈ? ઓહો..હો..! ભગવાન આત્મા પર્યાયમાં રાગબુદ્ધિથી અજ્ઞાનથી રાગની પર્યાયમાં પરિણમન કરતો હતો. તે કર્તાબુદ્ધિનો નાશ કરીને ભગવાન આત્મા વસ્તુ સ્વભાવ શુદ્ધ ચિદાનંદ છે એવી અંતરમાં સમ્યક્—સત્ય છે એવી જ્ઞાનમાં અનુભવમાં પ્રતીતિ કરવાથી રાગનો અકર્તા થાય છે અર્થાત્ વિભાવપરિણતિને એને ઉત્પન્ન થતી નથી. સમજાણું કાંઈ? મિથ્યાત્વ ગયું ત્યાં અશુદ્ધ પરિણતિ ઉત્પન્ન નથી થતી? છે જ નહિ, સાંભળ તો ખરો. અશુદ્ધ પરિણતિને રચવાવાળો ગુણ નથી, દ્રવ્ય નથી, તો ગુણ-દ્રવ્યની દૃષ્ટિ થઈ છે, તો હવે રાગને રચવાવાળો અને ભોગવવાળો સમ્યગ્દૃષ્ટિ નથી. સમજાણું કાંઈ? એ પરદ્રવ્યનો કર્તા અને ભોક્તા ન માને તો જૈન નહિ એમ અત્યારે ચાલે છે. આહા..હા..! અરે..! ભગવાન! અરે..! ભગવાન! તું શું કહે છે? પ્રભુ! આહા..હા..! અરે..! તારી પ્રભુતા કેટલી કેવી ક્યા પ્રકારની છે, ભગવાન! તૂં ભૂલી ગયો. આવો તર્ક ઉઠાવીને જડ પરદ્રવ્યને ન કરે એમ માને તે જૈન નહિ. અરે..! પ્રભુ! તું શું કહે છે? આહા..હા..! સમજાણું કાંઈ?

અહીં જિનેન્દ્ર પરમાત્મા ત્રિલોકનાથ તારો દ્રવ્યસ્વભાવ તારી દૃષ્ટિમાં આવી જાય તો દ્રવ્યસ્વભાવમાં રાગનું પરિણમન કે વિભાવનું પરિણમન છે જ નહિ તો ક્યાંથી થાય? તો પરનો કર્તા-ભોક્તા ત્રણકાળમાં કોઈ દી નથી. આહા..હા..! અજ્ઞાની પણ નથી. આહા..હા..! **'तदभावात्'** અર્થાત્ વિકારનો આસ્રવ આસ્રવપણે રાખીને જ્ઞાયકભાવમાં આસ્રવ નથી,

જ્ઞાયકભાવ તરફ જ્યાં ઝુકાવ થયો તો એના અનુભવની પ્રતીતિમાં એ રાગનો અકર્તા થઈ ગયો. સમજાણું કાંઈ? '**તે મટતાં જીવ સર્વથા અકર્તા થાય છે.**' સર્વથા શબ્દ તો જૈનમાં હોતો નથીને? અનેકાંત છેને? ઝઘડા.. ઝઘડા.. ઝઘડા. કથંચિત્ કર્તા, કથંચિત્ અકર્તા કહો. અજ્ઞાનભાવે કર્તા, સ્વભાવભાવે અકર્તા. પરનો અને સ્વભાવનો કર્તા. સમજાણું કાંઈ? એ ભગવાન સ્વભાવનું માહાત્મ્ય અને ચીજ શું છે એ આત્માની એણે વાત જ સાંભળી નથી. શ્રુત, પરિચિત, અનુભૂત કહ્યુંને પહેલા. એ વાત જ કદી સાંભળી નથી. ભાઈ! સાંભળી છે એ બધી વિપરીત સાંભળી છે. આહા..હા..!

કહે છે કે '**તે મટતાં...**' ભગવાન આત્મા અંતર સ્વભાવની બુદ્ધિ—વસ્તુબુદ્ધિ થવાથી, વસ્તુબુદ્ધિ થવાથી—પદાર્થબુદ્ધિ થવાથી તત્ તત્ સત્ એવી બુદ્ધિ અંતરમાં થવાથી વિકારનો અકર્તા છે, તો વિકારનો ભોક્તા પણ નથી. કહો, સમજાણું કાંઈ? એ એક શ્લોક થયો. હવે ત્રીજો છે.

> अकर्ता जीवोऽयं स्थित इति विशुद्धः स्वरसतः
> स्फुरच्चिज्ज्योतिर्भिश्छुरितभुवनाभोगवभवनः।
> तथाप्यस्यासौ स्याद्यदिह किल बन्धः प्रकृतिभिः
> स खल्वज्ञानस्य स्फुरति महिमा कोऽपि गहनः।।३-१९५।।

એ અજ્ઞાનની મહિમા પણ ગહન છે, એમ કહે છે. ઊંડી-ઊંડી અને અજ્ઞાનીને કંઈ પત્તો ન લાગે. આહા..હા..!

'**ખંડાન્વય સહિત અર્થ :—**' '**अयं जीवः अकर्ता इति स्वरसतः स्थितः**' છેલ્લે કહ્યુંને અકારક. સંધિ કરી. '**अयं जीवः**' ભગવાન આત્મા '**अकर्ता इति स्वरसतः**' સ્વસ્વભાવથી જ અકર્તા એવો સ્થિત થઈ ગયો. '**अयं**' '**વિદ્યમાન છે જે ચૈતન્યદ્રવ્ય તે જ્ઞાનાવરણાદિનું અથવા રાગાદિ અશુદ્ધ પરિણામનું કર્તા નથી એવું સહજ...**' '**स्वरसतः स्थितः**' '**स्वरसतः स्थितः**' '**સ્વભાવથી અનાદિનિધન એમ જ છે.**' સ્વશક્તિ સ્વસ્વભાવ એવો જ અનાદિથી સ્થિત છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કોઈ દી કર્યો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોઈ દી કર્યો નહોતો રાગનો ભોગ, મફતનો ભ્રમ ઉઠાવ્યો હતો. ભ્રમ ઉઠાવ્યો હતો. આહા..! અહીં તો હજી હું કરું, હું કરું, મકાન મેં બનાવ્યું, મેં મંદિર બનાવ્યું, મેં પૈસા આપ્યા, મેં આમ આપ્યું... કેટલું.. અરે..! પ્રભુ! તું ક્યાં ઘૂસી ગયો? સમજાણું કાંઈ? આવી વાણી મેં કરી, મેં પરને આવો ઉપદેશ આપ્યો. અરે..! ભગવાન! તું તે ક્યાં વાણીમાં આવે છે તે વાણી આપી? આહા..હા..! સમજાણું કાંઈ? મેં આમ કર્યું. તું કોણ? તારામાં શું છે તો તેં એનું કર્યું? આ કર્યું નથી? છોકરાને ભણાવ્યો, પૈસા કમાણો, શરીરની વ્યવસ્થા સરખી નિરોગ રાખી, પથ્ય આહાર લઈને નિરોગ રાખવી, એ બધું કરે

છેને? કોણ કરે છે? એ.. નેમિદાસજી! કહે છે, ભગવાન! એ તારા સ્વરૂપમાં છે નહિ ને તેં ક્યાંથી ઉઠાવગીર થઈને બનાવ્યું? આહા..હા..!

**'જ્ઞાનાવરણાદિનું અથવા રાગાદિ...'** ભાવકર્મ એવો **'स्वरसतः स्थितः'** એવો સ્વભાવથી સ્થિત થઈ ગયો. એનો સ્વભાવ અકર્તા છે. રાગને રચવો કે ભોગવવો એના સ્વભાવમાં નથી. સ્વભાવથી જ અકર્તા છે એવી અનાદિ ચીજ છે. એવી અકર્તાની વાત સિદ્ધ થઈ ગઈ. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર કળશ ટીકા, કળશ-૪૧ થી ૪૪
## પ્રવચન નં.૪૧, તા.૧૬-૫-૧૯૬૫
## (૧૬)

.. એમાં અજીવ અધિકાર ચાલે છે, એમાં જીવ કોણ છે એની વાત ચાલે છે. છેલ્લા ૯મા કળશમાં. કેવો છે ભગવાન આત્મા? કે જેની અંતર દષ્ટિ-અનુભવ કરવાથી આત્મા અનુભવમાં આવે છે અને જેને ધર્મ સમ્યગ્દર્શન થાય છે. કહે છે, **'स्वसंवेद्यं' 'પોતાથી જ પોતે જણાય છે.'** છે છેલ્લી લીટી? ૪૩ પાનું. એ ચૈતન્યમૂર્તિ આત્મા અજીવ અધિકારમાં એમ કેમ લીધું? અધિકાર તો અજીવ ચાલે છે. તો કહે છે કે આ આત્મા, એનું સમ્યગ્દર્શન, જ્ઞાન ધર્મ અજીવ આદિ વિકલ્પ દ્વારા કદી થતો નથી. સમજાય છે કાંઈ? પોપટભાઈ! શરીરની ક્રિયા દ્વારા કે રાગ દ્વારા કે મન દ્વારા કે વ્યવહાર રાગની મંદતા દ્વારા આત્માનું સમ્યગ્દર્શન થતું નથી. તેથી અજીવ અધિકારમાં લીધું છે.

**'પોતાથી જ પોતે જણાય છે.'** એ તો જ્ઞાનાનંદ સ્વરૂપ ચૈતન્યપ્રકાશના લક્ષણ દ્વારા જ અનુભવમાં આવે છે. એના સમ્યગ્દર્શનની પ્રાપ્તિ આ લક્ષણથી જ થાય છે. બીજો કોઈ ઉપાય નથી. સમજાય છે કાંઈ? **'વળી કેવું છે?' 'अबाधितम्' 'અમીટ (મટે નહિ એવું) છે.'** એ વસ્તુ કોઈ દી નાશ પામે છે એવું નથી અને તેને કોઈ વિઘ્ન કરે તો અભાવ થઈ જાય એવી ચીજ નથી. ચૈતન્યમૂર્તિ પ્રકાશનો પુંજ પ્રભુ એનો અંતરમાં જ્ઞાનલક્ષણથી અનુભવ કરવાથી જ્ઞાનનું વેદન કરવાથી રાગ, પુણ્ય, દયા, દાનના વિકલ્પનું લક્ષ છોડીને પોતાનો નિજ સ્વભાવ પોતાથી અંતરમાં વેદન થાય છે, એનું નામ ધર્મ અને એનું નામ સમ્યગ્દર્શન છે. કહો, સમજાય છે કાંઈ? એ ૯મો કળશ પૂરો થયો.

(શાર્દૂલવિક્રીડિત)

वर्णाद्यैः सहितस्तथा विरहितो द्वेधास्त्यजीवो यतो
नामूर्तत्वमुपास्य पश्यति जगज्जीवस्य तत्त्वं ततः।
इत्यालोच्य विवेचकैः समुचितं नाव्याप्यतिव्यापि वा
व्यक्तं व्यञ्जितजीवतत्त्वमचलं चैतन्यमालम्ब्यताम्।।१०-४२।।

ખંડાન્વય સહિત અર્થ :—'विवेचकैः इति आलोच्य चैतन्यम् आलम्ब्यताम्' **'જેમને ભેદજ્ઞાન છે એવા પુરુષો...'** જેને આત્મજ્ઞાન અને ધર્મ કરવો છે એવા પુરુષો ભેદજ્ઞાન 'विवेचकैः' શુભ-અશુભરાગનો ભેદ કરીને પોતાના ચૈતન્યનો અનુભવ કરવો જોઈએ.

સમજાય છે કાંઈ? ભેદ વિવેચક એટલે વિવેક કરવાવાળા ભેદજ્ઞાની જીવ '**જે પ્રકારે કહેવાશે તે પ્રકારે વિચારીને ચૈતન્યનો-ચૈતન્યમાત્રનો અનુભવ કરો.**' '**आलम्ब्यताम्**'નો અર્થ કર્યો. અરે..! આત્મા! ચૈતન્ય ભગવાન એ જાણક જાણન... જાણન.. રાગાદિ વિકલ્પ, પુણ્ય, દયા, મન, વાણી, દેહ નહિ. એ જાણનસ્વભાવ, એ જાણનસ્વભાવ તે આત્મા. જાણનસ્વભાવ દ્વારા આત્માનો અનુભવ કરો. બહુ સૂક્ષ્મ, અતિ સૂક્ષ્મ. ઈ શબ્દ આવે છે આગળ-અતિ સૂક્ષ્મ.

ભાઈ! એણે આત્મા એક સમયમાત્ર પણ કેવો છે એવો એનો કદી અનુભવ કર્યો નથી, માન્યો નથી. એ તો દેહની ક્રિયા આત્મા કરે, રાગ આત્મા કરે, પુણ્ય આત્મા કરે એ આત્મા. તો અહીં ભગવાન કહે છે, એ આત્મા જ નથી. સમજાય છે કાંઈ? આત્મા એને કહે છે, ભગવાન જ્ઞાનસૂર્ય અનાકુળ આનંદનું ધામ, એ પોતાના જ્ઞાન દ્વારા રાગથી ભિન્ન કરી ચૈતન્ય દ્વારા અનુભવ કરવાલાયક છે.

'**વિચારીને ચૈતન્યનો-ચેતનમાત્રનો અનુભવ** કરો.' તો આત્માની પ્રાપ્તિ થશે, તો સમ્યગ્દર્શન થશે, બીજા કોઈ કારણથી ઉપાયથી થશે નહિ. '**કેવું છે ચૈતન્ય?**' '**समुचितं**' એ જ '**અનુભવ કરવાયોગ્ય છે.**' વચ્ચે રાગાદિ શુભ આદિ ભાવ આવે એ અનુભવ કરવા લાયક નથી. જુઓ, સમજાય છે કાંઈ? કષાયની મંદતાનો ભાવ, કલ્પનાનો વિકલ્પ ઉઠે છે દયા, દાનાદિ એ અનુભવ કરવાલાયક નથી. કેમકે એ રાગ છે, મેલ છે. ચૈતન્ય '**सम-उचितं**' '**समुचित्तं**' એ જ્ઞાનાનંદ પ્રભુ એ જ અનુભવ કરવાને માટે લાયક છે, અનુભવ કરવાયોગ્ય જ એ વસ્તુ છે. રાગાદિ, પુણ્યાદિ, વ્યવહાર આદિ, વિકલ્પ કે શરીરાદિનો અનુભવ આત્માને થતો નથી. એ અનુભવ આત્માનો છે જ નહિ. કહો, ધરમચંદજી! શું કરવો ધર્મ ઈ કહે છે. આ કહે, રાગ ઘટાડો, આ ક્રિયા કરો, ક્રિયા કરો, આ કરો. અહીં કહે છે, એને અમે આત્મા જ નથી કહેતા. આહા..હા..!

અહીંયા તો ભગવાન આત્મા ચૈતન્યબિંબ ચૈતન્ય જાણન-દેખન શક્તિનો પિંડ પ્રભુ, એ જાણનશક્તિ દ્વારા આત્માનો અનુભવ કરો, એના દ્વારા જ સમ્યગ્દર્શન થશે, એના દ્વારા જ સમ્યક્ચારિત્ર થશે. બીજા દ્વારા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર થશે નહિ. '**વળી કેવું છે?**' '**अव्याप्ति न**' '**अव्याप्ति न**' શું '**अव्याप्ति न**'? ભગવાન આત્મા ચૈતન્યસ્વરૂપ, ચૈતન્યસ્વરૂપ છે એ '**अव्याप्ति न**' એટલે ચૈતન્યથી રહિત કોઈ દી નથી. સમજાય છે કાંઈ? પુણ્ય-પાપના રાગથી તો રહિત થઈ શકે છે, પણ ચૈતન્યથી રહિત થઈ શકતો નથી. '**જીવદ્રવ્યથી ક્યારેય ભિન્ન હોતું નથી,...**' કોણ? ચૈતન્ય. માથે કહ્યુંને '**ચેતનમાત્ર**'. ચૈતન્યસ્વરૂપ જાણક.. જાણક સ્વભાવ જાણકધામ ભગવાન ચૈતન્યબિંબ પ્રભુ. એ જાણક સ્વભાવથી રહિત આત્મા ક્યારેય થતો નથી.

'**अतिव्याप्ति न**' અને એ જાણકસ્વભાવ આત્મા સિવાય રાગ, પુણ્ય, દયા, દાન અને શરીરાદિમાં રહેતો નથી. સમજાય છે કાંઈ? '**अतिव्याप्ति न**' '**જીવથી અન્ય છે જે પાંચ**

**દ્રવ્યો તેમનાથી અન્ય છે.'** અહીંયા તો દ્રવ્ય કહ્યું પણ શુભ-અશુભભાવ જે છે એમાં પણ ચેતન વ્યાપ્ત નથી. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રકાશનો પુંજ પ્રભુ એનો ચૈતન્ય દ્વારા, લક્ષણ દ્વારા અંતર આત્માની પ્રતીતિ કરો, અનુભવ કરો, રાગથી ભેદજ્ઞાન કરો. કેમકે એ ચૈતન્યસ્વભાવ આત્માનો અવ્યાપ્તિ નામ આત્મા સિવાય, આત્મા ચૈતન્ય સિવાય રહી શકતો નથી. અને ચૈતન્ય પરમાં ક્યારેય નથી. પોતાના સ્વભાવમાં ચૈતન્યનો અભાવ નહિ અને રાગાદિમાં ચૈતન્યનો સદ્ભાવ નહિ. સમજાય છે કાંઈ?

ભગવાન ચૈતન્યમૂર્તિ તે આત્મા. તો એ ચૈતન્ય સિવાય આત્મા રહેતો નથી અને ચૈતન્યપણું દયા, દાન, વ્રત, ભક્તિ રાગાદિ, શરીરાદિની ક્રિયામાં એ ચૈતન્યપણું હોતું નથી. આત્મા ચૈતન્યપણા વિના રહેતો નથી અને વ્યવહાર વિકલ્પ આદિ, શરીરાદિ ચૈતન્યપણારહિત છે, એમાં ચૈતન્યપણું રહેતું નથી. સમજાય છે કાંઈ? તો કહે છે, **'પાંચ દ્રવ્યો તેમનાથી અન્ય છે.'** વળી કેવો છે ભગવાન ચૈતન્યસ્વરૂપ આત્મા? **'व्यक्त' 'પ્રગટ છે.'** વસ્તુ છે, વસ્તુ છે. ધામ. અનંત ગુણ. એવો પ્રગટ પદાર્થ છે, પદાર્થ છે, સત્ છે, મહાન પદાર્થ છે. એવા ચૈતન્ય પદાર્થથી મહાન પદાર્થ ભગવાન, એની અંતરમાં દૃષ્ટિ લગાવો અને એનો આશ્રય કરો તો આત્માને લાભ થાય. આત્માનો આત્માને લાભ થશે એટલે કે આત્માને ધર્મનો લાભ થશે. બીજી રીતે ધર્મનો લાભ નથી.

**'व्यञ्जितजीवतत्त्वम्' 'વળી કેવું છે? પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,...'** કોણે? એ ચૈતન્યે. ભગવાન આત્મા ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. ચૈતન્ય.. જાણન-દેખન એણે જીવતત્ત્વને પ્રગટ કર્યું છે કે આ જીવ છે. જાણન-દેખને જીવતત્ત્વને પ્રગટ કર્યું છે. પુણ્ય-પાપ વિકલ્પથી આત્મા પ્રગટ કર્યો છે એમ નથી. ઓહો..હો..! **'व्यञ्जितजीवतत्त्वम्' 'પ્રગટ કર્યું છે જીવનું સ્વરૂપ જેણે,...'** ચૈતન્યમૂર્તિ જ્ઞાનથી આત્માનું તત્ત્વ પ્રગટ કર્યું છે. પુણ્ય-પાપ, વ્યવહાર વિકલ્પ આદિથી આત્મતત્ત્વ પ્રગટ થતું નથી. કેમકે એમાં ચૈતન્યભાવ નથી. રાગાદિ વ્યવહાર, વિકલ્પ દયા, દાન, જેટલા વ્યવહારરત્નત્રય કહેવાય એમાં એ ચૈતન્યભાવ નથી, તો એનાથી જીવતત્ત્વ પ્રગટ થતું નથી, એમ કહે છે. ધન્નાલાલજી! ભારે વાત. અહીં તો એકલો વ્યવહાર જ ધર્મ થઈ પડ્યો છે. વ્યવહાર પણ ક્યાં છે? નિશ્ચય વિના-આવા ભાન વિના વ્યવહાર કોને કહેવો? આહા..હા..!

**શ્રોતા :-** પોતાનો અંશ પરમાં અને પરનો અંશ પોતામાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ રાગનો અંશ પોતામાં ભેળવવો નહિ અને જ્ઞાનનો અંશ રાગમાં નહિ ભેળવવો. પરનો અંશ તો જડમાં ગયો. અહીં તો રાગ આવે છે દયા, દાન, વ્રત, ભક્તિ, કષાયની મંદતા, એમાં ચૈતન્યની વ્યાપકતા નથી અને આત્મા ચૈતન્યની વ્યાપકતા રહિત નહિ.

**શ્રોતા :-** ૧૯મી ગાથામાં છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, એની અંતર દૃષ્ટિ કરવી, ત્યાં વ્યાપવું નહિ. રાગનું લક્ષ કરવાથી આત્માનું સમ્યગ્દર્શન થાય છે એમ ત્રણકાળમાં કોઈ દી નથી. સમજાય છે કાંઈ?

'વળી કેવું છે?' **'अचलं' 'પ્રદેશકંપથી રહિત છે.'** ભગવાન તો અકંપસ્વરૂપ છે. શુદ્ધ જ્ઞાનઘન દેહ પ્રમાણે અરૂપી આનંદઘનનો પિંડ પ્રભુ કંપરહિત છે. કંપ છે તે અજીવ છે. સ્વભાવ અકંપ છે તેને જીવ કહેવામાં આવે છે. કહો, સમજાય છે કાંઈ? **'ततः जगत् जीवस्य तत्त्वं अमूर्तत्वं उपास्य न पश्यति'** 'તે કારણથી...' 'ततः' એટલે તે કારણથી 'जगत्' નામ **'સર્વ જીવરાશિ જીવના નિજ સ્વરૂપને...'** જીવના નિજ સ્વરૂપને **'સ્પર્શ, રસ, ગંધ, વર્ણગુણથી રહિતપણું માનીને અનુભવતો નથી;...'** શું કહે છે? ભગવાન આત્માનો, 'હું અમૂર્ત છું, હું અરૂપી છું, હું રંગ, ગંધ, રસ, સ્પર્શરહિત છું' તેનાથી આત્માનો અનુભવ-સમ્યગ્દર્શન નથી થતું. કેમકે અમૂર્તપણું તો ધર્માસ્તિકાય આદિમાં પણ અમૂર્તપણું છે. એ અતિવ્યાપ્તિ દોષ થઈ ગયો. અમૂર્તપણું પરમાં વ્યાપે છે. પોતામાં પણ છે અને પરમાં પણ છે, માટે એ અમૂર્ત દ્વારા આત્માનો અનુભવ થતો નથી-આત્માનું સમ્યગ્દર્શન નથી થતું.

**શ્રોતા** :- ..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, આવી ગયું. **'अचलं' 'પ્રદેશકંપથી રહિત છે.'** અકંપ-કંપ રહિત છે. એકલો પિંડ છે. કંપ નાખ્યો અજીવમાં. પ્રદેશકંપન છે તે અજીવમાં (નાખ્યું). સ્થિર છે એનું નામ આત્મા છે. એ પહેલાં કહ્યું.

**શ્રોતા** :- આગલામાં આવ્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- આવ્યું હતું, ઓલામાં આવ્યું હતું. અસંખ્ય પ્રદેશ છે એ સ્થિર છે, સ્થિર.

**શ્રોતા** :- આ કંપન જે થાય છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ના, ના; કંપ થાય છે એ જીવ નહિ. કંપ થાય છે એ અજીવમાં ગયો, પુદ્‌ગલમાં ગયો. સમજાય છે કાંઈ? જોગમાં કંપન છે એ પુદ્‌ગલમાં ગયો, આત્મામાં નથી. અકંપ અસંખ્ય પ્રદેશ સ્થિર શુદ્ધ છે એનું નામ જ આત્મા અને એનો અનુભવ કરવો તેનું નામ સમકિત છે. કંપ તો વિકાર પુદ્‌ગલ છે. જોગમાં કંપન છે એ તો પુદ્‌ગલના પરિણામ અહીંયા ગણવામાં આવ્યા છે. રાગના પણ પુદ્‌ગલના પરિણામ ગણવામાં આવ્યા છે. એ તો પહેલેથી કહ્યુંને? સમજાય છે કાંઈ? અસંખ્ય પ્રદેશ છે એ આત્મા પણ એમાં કંપન છે એ (આત્મા) નહિ. એ પુદ્‌ગલ છે. કેમકે પુદ્‌ગલના સંયોગથી કંપન થાય છે તો એ પુદ્‌ગલનું કાર્ય છે. પોતાનો યોગ. કંપન. યોગ છે એ કંપન છે. કંપન છે એ અશુદ્ધ છે અને અશુદ્ધ છે એ આત્માના પરિણામ નહિ, આત્માની જાત નહિ. આહા..હા..!

મુમુક્ષુ :- જોગથી રહિત છે.

ઉત્તર :- જોગથી રહિત છે. એ સ્વરૂપ આત્મા છે. યોગસહિત હોય તો યોગ કદી છૂટે

નહિ. સદા કંપ રહે. સમજાય છે કાંઈ?

**'સર્વ જીવરાશિ જીવના નિજ સ્વરૂપને...'** મૂર્તપણાથી રહિતપણાથી અનુભવ ન કરી શકે. કારણ કે આત્મા અમૂર્ત છે. અમૂર્ત છે અને બીજા પણ અમૂર્ત છે, તો અતિવ્યાપ્તિ દોષ થઈ ગયો. **'ભાવાર્થ આમ છે—કોઈ જાણશે કે જીવ અમૂર્ત એમ જાણીને અનુભવ કરવામાં આવે છે...'** આત્મા અરૂપી છે, અરૂપી છે એમ (કરવાથી) અનુભવ નહિ થાય. કેમકે અરૂપીપણું તો ધર્માસ્તિ, અધર્માસ્તિ, આકાશમાં પણ છે. તો અતિવ્યાપ્તિ દોષ થયો. ચૈતન્યમૂર્તિ ભગવાન જ્ઞાનસ્વરૂપ છે એમ અનુભવ કરવાથી ચૈતન્યમાં અવ્યાપ્તિ, અતિવ્યાપ્તિ દોષરહિત એ ચૈતન્યલક્ષણ છે. **'પણ એ રીતે તો અનુભવ નથી. જીવ અમૂર્ત તો છે, પરંતુ અનુભવકાળમાં એમ અનુભવે છે કે જીવ ચૈતન્યલક્ષણ...'** જુઓ, અમૂર્ત છે. જ્ઞાન જાણનાર.. જાણનાર.. જાણનાર.. જાણનાર એ આત્મા. એવા લક્ષણથી લક્ષિત આત્માની પ્રતીત, અનુભવ શ્રદ્ધામાં થાય છે. ચૈતન્યલક્ષણ વિના અનુભવ, પ્રતીતમાં આત્મા આવતો નથી. સમજાય છે કાંઈ?

**'यतः अजीवः द्वेधा अस्ति'** **'કારણ કે અચેતનદ્રવ્ય બે પ્રકારનાં છે.'** અચેતન દ્રવ્ય છેને? આત્મા સિવાય અચેતન પાંચ છે એ બે પ્રકારના છે. **'તે બે પ્રકાર ક્યા છે?'** એક વર્ણાદિ સહિત, એક વર્ણાદિ રહિત. **'વર્ણ, રસ, ગંધ અને સ્પર્શથી સંયુક્ત છે.'** એ તો પુદ્ગલદ્રવ્ય છે અને વર્ણ, રસ આદિથી રહિત પણ છે. કેમકે ધર્મ, અધર્મ દ્રવ્ય, કાળ, આકાશ એ બીજા ચાર દ્રવ્યો પણ છે, એ તો અમૂર્ત છે. **'તે અમૂર્તપણું અચેતનદ્રવ્યોને પણ છે; તેથી અમૂર્તપણું જાણીને જીવનો અનુભવ નથી કરાતો,...'** ભગવાન આત્મા અરૂપી છે એમ કરીને અનુભવ નથી થતો. સમજાય છે કાંઈ? જૈન સિદ્ધાંત પ્રવેશિકામાં આવે છે. અતિવ્યાપ્તિ, અવ્યાપ્તિ, અસંભવ દોષ. **'ચેતન જાણીને જીવનો અનુભવ કરાય છે.'** એ તો જાણક.. જાણક.. ચૈતન્ય. એનું ત્રિકાળમાં વ્યાપકપણું રહે એવા જાણક સ્વભાવથી આત્માનો અનુભવ નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર જ્ઞાનથી અનુભવ કરવાથી થાય છે. સમજાય છે કાંઈ?

૧૧ શ્લોક. બહુ સાધારણ હતો એટલે એકદમ લઈ લીધો.

(વસંતતિલકા)

जीवादजीवमिति लक्षणतो विभिन्नं
ज्ञानी जनोऽनुभवति स्वयमुल्लसन्तम्।
अज्ञानिनो निरवधिप्रविजृम्भितोऽयं
मोहस्तु तत्कथमहो बत नानटीति।।११-४३।।

૧૧મો શ્લોક. આ અજીવ (અધિકારમાં) ૧૩ શ્લોક છે, જીવમાં ૩૨ છે. કુલ ૪૫. પછી કર્તાકર્મ આવશે.

**ખંડાન્વય સહિત અર્થ :—** 'ज्ञानी जनः' **'સમ્યગ્દષ્ટિ જીવ,...'** જુઓ, ધર્મીજીવ-ધર્મ કરવાવાળો જીવ. જ્ઞાની નામ સમ્યગ્દષ્ટિ જીવ. **'लक्षणतः' 'જીવનું લક્ષણ ચેતના તથા અજીવનું લક્ષણ જડ...'** જુઓ, **'એવો મોટો ભેદ છે...'** સવારે પ્રશ્ન થયો હતો. વર્ણ, ગંધ, રસ, સ્પર્શનો પ્રશ્ન કોનો હતો? અહીં જડ લીધું છે. સમજાય છે કાંઈ? સાથે કોણ હતું? રસ્તામાં નહિ..? વર્ણ, ગંધ, રસ એ પેટા ભેદ છે. ખરું લક્ષણ જડનું અચેતન અથવા જડ છે. **'તેથી જીવદ્રવ્યથી અજીવદ્રવ્ય-પુદ્ગલ આદિ સહજ જ ભિન્ન છે,...'** ભગવાન આત્માથી પુણ્ય-પાપના વિકલ્પ-રાગ, શરીર, કર્મ સહજ જ ભિન્ન છે, આત્માની સાથે એનો સંબંધ નથી.

**'આ પ્રકારે સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.'** ધર્મી સમ્યગ્દષ્ટિ જીવ પહેલાં દરજ્જાનો ચોથા ગુણસ્થાનવાળો ધર્મી, પ્રથમ દરજ્જાનો, 'હું જ્ઞાનાનંદ છું' એમ આત્માના આનંદનો સ્વાદ અનુભવે છે, તેને સમ્યગ્દષ્ટિ અને ભેદજ્ઞાની કહેવામાં આવે છે. સમજાય છે કાંઈ? શું કહે છે? **'આ પ્રકારે...' 'स्वयं' 'સ્વાનુભવપ્રત્યક્ષપણે...'** જુઓ, **'स्वयं'** સ્વાનુભપ્રત્યક્ષ. રાગનું અવલંબન, વિકલ્પનું, મનનું અવલંબન બિલકુલ નહિ. જ્યાં પ્રથમ સમ્યગ્દષ્ટિ ધર્મદષ્ટિ જ્યાં આત્માની થઈ, ત્યાં પહેલા દરજ્જામાં સ્વાનુભપ્રત્યક્ષ (પણે આત્માને અનુભવે છે). જ્ઞાનસ્વરૂપ ભગવાન આત્મા, એનું રાગનું અવલંબન છૂટી ગયું, બુદ્ધિપૂર્વક મનનું લક્ષ છૂટી ગયું. ચૈતન્ય ભગવાન આત્મા, એ પણ ચેતન આત્મા એટલો પણ ભેદ છે, એ ભેદ પણ છૂટી ગયો. ચૈતન્ય તે જ અખંડ આત્મા, તેના લક્ષણથી લક્ષ કરીને પ્રત્યક્ષ અનુભવે છે. એ અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવવો. આત્મામાં અનાદિથી પુણ્ય અને પાપ અશુદ્ધકર્મચેતનાનો સ્વાદ આવે છે એ અજ્ઞાન છે. શું કહ્યું? અનાદિથી શુભરાગ અને અશુભોપયોગ કે શુભોપયોગ, એનો જે સ્વાદ છે તે મલિન છે, અજ્ઞાન છે. તેના સ્વાદનો અનુભવ કરવો એ મિથ્યાદષ્ટિનો અજ્ઞાન સ્વાદ છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

અનાદિથી પોતાનો શુદ્ધ જ્ઞાયકમૂર્તિ પ્રભુ, એના અતીન્દ્રય આનંદ સ્વરૂપ જ્ઞાનનો અનુભવ કરવાથી અતીન્દ્રિય આનંદના સ્વાદનો અનુભવ થવો એનું નામ સમ્યગ્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્ર છે. બહુ ઝીણું. પદ્મરાજજી! અનંતરાજજી! આ તો અનંત આત્માની વાત ચાલે છે. ભગવાન આત્મા... ચેતન રાજા અનંત ચેતનરાજ પ્રભુ! જેમાં અનાદિકાળથી પોતાના ચૈતન્યસ્વભાવથી લક્ષિત થઈને અનુભવ કરવો એ અનાદિથી ભૂલી ગયો છે. અનાદિથી રાગની તીવ્રતા, મંદતા, રાગની તીવ્રતા, મંદતા, અવ્રત પરિણામ તીવ્ર રાગ, વ્રત વિકલ્પ સમ્યગ્દર્શન વિનાના મંદ રાગ, એ તીવ્ર-મંદ રાગનો અનુભવ એ જ સંસાર, એ જ મિથ્યાત્વ, એ જ દુઃખ (છે). સમજાય છે કાંઈ? કર્મ અને કર્મફળચેતનાનો એકાંત અનુભવ એ જ મિથ્યાદષ્ટિ છે. ભગવાન આત્મા અખંડાનંદ જ્ઞાનમૂર્તિ પ્રભુ એનાથી વિરુદ્ધભાવ શુભ અને અશુભોપયોગ, તેનો અનુભવ એ કર્મચેતના, કર્મફળચેતના-વિકારનો અનુભવ છે. એ અનાદિથી નરકથી, નિગોદથી

માંડીને નવમી ગ્રૈવેયક જૈન સાધુ નામ ધરાવીને, દિગંબર થઈને અઠ્યાવીસ મૂળગુણ જે પાળ્યા એ પણ કર્મચેતનાનો દુઃખરૂપ ભાવ છે.

ભગવાન આત્મામાં તો રાગ જ નથીને. તો રાગનો અનુભવ છે તો અશુદ્ધ અને મિથ્યાદષ્ટિ છે. એકલા રાગનો સ્વાદ આવવો, એકલા શુભાશુભરાગનો અનુભવ કરવો એ તો મિથ્યાદષ્ટિમાં છે, એ તો અનાદિથી કરતો આવ્યો છે. જૈન સાધુ નામ ધરાવીને ''મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો'' ઈ આવે છેને? ભાઈ! છ ઢાળામાં આવે છે. ''આતમજ્ઞાન બિન લેશ સુખ ન પાયો''. ઈ વાત ચાલે છે. પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ, રાગ મંદ પરિણામ એ કર્મચેતના છે. કર્મચેતના દુઃખરૂપ છે. એ દુઃખનો અનુભવ મિથ્યાદષ્ટિપણામાં થાય છે. આહા..! સમજાય છે કાંઈ?

ભગવાન આત્મા શુદ્ધ ચિદાનંદની મૂર્તિ અંતર જ્ઞાનાનંદમાં એકાકાર થઈને જે સ્વ અનુભવ સ્વયં **'સ્વાનુભવપ્રત્યક્ષપણે...' 'अनुभवति' 'આસ્વાદ કરે છે.'** અતીન્દ્રિય આનંદનો અનુભવ થાય એનું નામ સમ્યગ્દર્શન, જ્ઞાન અને ચારિત્ર કહે છે, એનું નામ આત્મા કહે છે. શુભભાવ એ અનાત્મા છે, દુઃખરૂપ છે, એનો અનુભવ એ અનાત્માનો અનુભવ છે, આત્માનો અનુભવ નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? એવી વાત છે, ભાઈ! અત્યારે ચાલતી નથી. અત્યારે તો આ બહારથી આ ન ખાવું, આ ન પીવું, આવા જોડા ન પહેરવા, આમ ખાવું ને ઊના પાણી પીવા. ભગવાન! પ્રભુ! કર્મચેતના. લ્યો, ભાઈ કહે છે. પદ્મરાજજી કહે છે, કર્મચેતના. શુભરાગ છે, પણ પ્રભુ! એ શુભરાગ છે એ આત્માની જાત નહિ. અહીંયા તો એને અજીવ કહેવામાં આવ્યું છે. અને એ અજીવનો અનુભવ, જીવના અનુભવરહિત એનો અનુભવ કરે છે તો મિથ્યાદષ્ટિપણું છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**શ્રોતા :-** રાડ પાડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** રાડ પાડી જાય? રાડ નહિ, ભગવાન! બાપા! તારી જાત એવી છે, પ્રભુ! તને આત્મા શું છે એની ખબર નથી. એ આત્મા રાગનો અનુભવ કરે એ આત્મા? એ તો અનાદિથી અનુભવ કરે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી જઈ આવ્યો છે. શુભાશુભ-ઉપયોગનો અનુભવ કરીને અનાદિથી કર્મફળચેતનાનો, કર્મફળ નામ કર્મ જડ નહિ, વિકારના પરિણામ એને અનુભવવા એ જ કર્મફળચેતના. સમજાય છે કાંઈ? એ આત્માનો અનુભવ નહિ અને એને આત્મા માનવો એ મિથ્યાદષ્ટિ અનાત્માને આત્મા માને છે. બહુ ભાઈ! ગડબડ. ગડબડ એવી થઈ ગઈ છે ધર્મને નામે કે છે અધર્મ અને માને છે ધર્મ. છે અનાત્મા અને માને છે આત્મા.

અહીં કહે છે ભગવાન અમૃતચંદ્રાચાર્ય મહારાજ, અનંત તીર્થંકરો, અનંત કેવળીઓ, અનંત સંતો સનાતન કેવળજ્ઞાની પરમાત્મા અનાદિથી ચાલ્યા આવ્યા છે અને અનાદિથી ભાવલિંગી મુનિપણું પણ ચાલ્યું આવે છે, એ કુંદકુંદાચાર્ય અને અમૃતચંદ્રાચાર્ય અહીંયા કળશમાં કહે છે,

ભગવાન! સ્વયં '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.**' એનું નામ આત્મા કહે છે. પુણ્ય-પાપના સ્વાદને છોડીને આત્માના આનંદનો સ્વાદ કરે એને આત્મા કહે છે. એ પુણ્ય-પાપ તો અનાત્મા છે, તેનાથી ભિન્ન પડીને આત્માના આનંદનો સ્વાદ લે એને આત્મા કહે છે. ભગવાન એને આત્મા કહે છે. સમજાય છે કાંઈ? કોઈએ તો કોઈ દી સાંભળ્યું પણ ન હોય. આ શું? વ્રત પાળવા, દયા કરવી, રાગ કરવો, પૂજા કરવી, ભગવાનની પૂજા (કરો), માથે ભગવાનને નાખો દહીં ને દૂધ ચડાવવું.

**શ્રોતા :-** પીવો ભગવાન.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પીવો ભગવાન. અરે..! ભગવાન! દહીં ને દૂધ. નીચે કીડીઓ કેટલી મરે, કેટલા.. આ વીતરાગમાર્ગ છે, બાપા! વીતરાગ માર્ગમાં એવું હોય નહિ. જેમાં હિંસા થાય. ભગવાનના અભિષેકમાં તો જળ હોય એક સાફ કરવા માટે. સમજ્યા? આ તો ભગવાનને નામે આમ (કરે). જુવાન બ્રહ્મચારી એક જોયો હતો અમે. આમ કરતો હતો. આમ શ્લોક બોલે. મેં કીધું, આ બિચારાને કંઈ ખબરેય નથી. વીતરાગમૂર્તિ પરમાત્મા એ તો શુભભાવમાં નિમિત્ત છે. શુભભાવ થાય છે ત્યારે નિમિત્ત છે. પણ એમાં ચડાવીને. નીચે કીડીઓ, કંથવા, જીવાત, ત્રસ (મરે). આ તે કંઈ વીતરાગમાર્ગ આવો હોય? ભાઈ!

**શ્રોતા :-** પહેલેથી ચાલ્યું આવે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમ જ ચાલ્યું આવે છે. લાકડાની હતીને? પહેલાં કાષ્ટની મૂર્તિ હતી. એમાંથી એ લાકડી ન ફરી જાય એમ પછી ચાલ્યું આવ્યું. કોઈ વિચાર કરતાં નથી. જો પકડ્યું એને છોડતા નથી. અભિપ્રાય જેણે પકડ્યો, જન્મ લીધો (એ છોડે નહિ). નહિ, અમારો માર્ગ છે. તકરાર કરો. ભગવાન! તકરાર ન હોય, બાપુ!

**શ્રોતા :-** છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિ પણ સ્નાન કરતાં નથી અને આ તો ભગવાનને દૂધ નાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૂધ નાખે, દહીં નાખે છે, સાકર નાખે. અરે..! ભગવાન!

અહીંયા તો કહે છે, પ્રભુ! એમાં જે શુભરાગ થયો એ શુભરાગનો અનુભવ એ મિથ્યાદૃષ્ટિ કરે છે. આહા..હા..! અરે..! પ્રભુ! તારી દૃષ્ટિ આત્મા શું છે એની ખબર નથી. આ તો વીતરાગમાર્ગ, પ્રભુ સર્વજ્ઞ પરમાત્માનો માર્ગ. એ કોઈ આલીદુઆલી... આલીદુઆલીને શું કહે છે તમારે? સાધારણ જનતાની આ વાત નથી. ભગવાન ત્રિલોકનાથ સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર (એનો આ માર્ગ છે). જેમાં આવી ત્રસની હિંસા થાય એવા પરિણામ ન હોય. અહીંયા તો એકેન્દ્રિયનો જળ અભિષેક કરે એમાં શુભ પરિણામની વિશેષતા હોય તો પુણ્ય છે, શુભભાવ છે, અશુભથી બચવા માટે; પણ એકલા શુભભાવનો અનુભવ કરવો એ તો મિથ્યાદૃષ્ટિ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો '**સ્વાનુભવપ્રત્યક્ષપણે આસ્વાદ કરે છે.**' એનું નામ સમ્યગ્દૃષ્ટિ જીવ છે.

છે? પુસ્તક છે? રાખોને એક પુસ્તક. પુસ્તક આપો, ભાઈ! એ શબ્દનો અર્થ (સમજવામાં) ઠીક પડે. શબ્દાર્થ છેને. જરી શબ્દને જોઈ લેવું પછી સાંભળવું. સ્વયં. આ તો શબ્દનો એ જ અર્થ પડ્યો છે એ કરે છે. કોનો અર્થ ચાલે છે ખ્યાલમાં આવે ને. **'કેવું છે જીવદ્રવ્ય? પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે.'** જુઓ, શું કહે છે જરી? ભગવાન આત્મા જ્ઞાનાનંદ સ્વરૂપ જ્યારે રાગ અને પુણ્યથી ભિન્ન પડીને પોતાના ગુણની પર્યાય નિર્મળ પ્રગટ થાય એવા ગુણ અને નિર્મળપર્યાયસહિતને આત્મા કહે છે.

ફરીથી. **'કેવું છે જીવદ્રવ્ય?'** **'उल्लसन्तम्'**. ભગવાન જ્ઞાન, આનંદનો પિંડ પ્રભુ એની અંતરમાં પુણ્ય-પાપના રાગથી ભિન્ન પડીને પોતાના આનંદકંદમાં એકાગ્ર થાય છે ત્યારે પોતાના ગુણ-પર્યાયથી પ્રકાશમાન છે. ભગવાન તો પોતાની શક્તિ જે જ્ઞાન, આનંદ તેની પર્યાયથી પ્રગટ પર્યાય પ્રકાશમાન છે. રાગની પર્યાયથી પ્રકાશમાન છે એવો આત્મા નથી. આહા..!

ફરીથી. કેવો છે પ્રભુ? જીવસ્વરૂપ જ્ઞાનાનંદ ધ્રુવ અનાકુળ આનંદરસ કંદ ચૈતન્યલક્ષણથી લક્ષિત એવો વિવેક કરવાવાળો જીવ રાગ અને પુણ્યથી ભિન્ન થઈને પોતાનો અનુભવ કરવાવાળો જીવ **'उल्लसन्तम्'** ચૈતન્યમાં જે અનંત ગુણ છે એ નિર્મળપર્યાયપણે ઉલ્લસે છે, પ્રગટ થાય છે. નિર્મળપર્યાયપણે પ્રગટ થાય છે તેને આત્મા કહે છે. રાગપણે, વ્યવહારપણે ઉત્પન્ન થાય છે તેને આત્મા કહેતા નથી. આહા..હા..! સમજાય છે કાંઈ? ભાઈ! પુસ્તક છે કે નહિ? જુઓ, **'उल्लसन्तम्'** ભગવાન આત્મા, જેની ખાણમાં. ખાણ કહે છેને? નિધિ. અનંતઆનંદ અને બેહદ અનંતજ્ઞાન પડ્યા છે. ધ્રુવ. બેહદ સ્વભાવ છે એની મર્યાદા શું? સ્વભાવ છે જ્ઞાન, આનંદ, શાંતિ એટલે ચારિત્ર. સ્વભાવ, હોં! સ્વભાવ. શાંતિ, આનંદ અને જ્ઞાન એવા અનંતવીર્ય આદિ શુદ્ધ ધ્રુવસ્વભાવ પડ્યા છે, એવો રાગ પુણ્ય-પાપ વિકલ્પથી રહિત અંતર દૃષ્ટિનો અનુભવ કરવાથી ગુણ જે શાંતિ અંદર પડી છે એ પર્યાયપણે ઉલ્લસિત થાય છે. નિર્મળ નિર્વિકારી અવસ્થા ઉત્પન્ન થાય છે એનું નામ આત્મા કહે છે. અહીંયા તો સંવર, નિર્જરા જે ઉત્પન્ન થાય એ જ આત્મા છે, જેમાં રાગ ઉત્પન્ન થાય એ આત્મા નહિ. આહા..હા..! સમજાય છે કાંઈ? રીતની ખબર નહિ, પ્રકારની ખબર નહિ. સમજાણું કે નહિ?

અમે શીરાનો દૃષ્ટાંત આપીએ છીએ. શીરો નથી બનાવતા? શીરો. હલવા.. હલવા. શીરો કહે છેને. પહેલા ઘીમાં લોટ શેકે. ઘીમાં લોટ શેકેને? પછી ગોળ અને સાકરનું પાણી નાખે. કોઈ એવી ડાઈ દીકરી નીકળે કે આ તો લોટ ઘી પી જાય છે. ગોળનું પાણી અને સાકરનું પાણી એમાં પછી નાખવું છે તો પહેલા ગોળના પાણીમાં લોટને શેકી નાખો. પછી નાખો ઘી.

**શ્રોતા :-** ન બને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ન બને? શીરો તો નહિ થાય, લુપરી પણ નહિ થાય. લુપરી સમજ્યા? લુપરી, લુપરી. પોટિસ.. પોટિસ. પોટિસ પણ નહિ થાય. કેમકે પોટિસમાં તો

ઘી જાતુંવળતું.. અમારી ભાષામાં છે. તમારી હિન્દીમાં કંઈક હશે. ઉપરછલ્લું. ઘી નાખે તો થોડું રહે, બહુ રહે નહિ અને ઘી વિના પણ રહે નહિ. એને ઉપરછલ્લું જાતુંવળતું કહે છે. બૈરાઓ એવી વાતું કરે કાઠિયાવાડમાં. જાતુંવળતું ઘી નાખવું. તદ્દન રહેવું ન જોઈએ અને તદ્દન અભાવ પણ ન હોય એવું ઘી (નાખવું). અહીં તો ગોળના પાણીમાં લોટને શેકીને ગોળનું પાણી નાખે તો પોટિસ પણ નહિ થાય. તારો લોટ, ગોળ અને ઘી ત્રણે ખતમ થઈ જશે. સમજાય છે કાંઈ?

એમ આત્મા શું છે? સમ્યગ્દર્શનમાં આત્માને શેક્યા વિના પાક્કો અનુભવ, નક્કી કર્યા વિના તારી ક્રિયાકાંડ (કોઈ કામના નથી). પહેલા ક્રિયાકાંડ કરી લ્યો. વ્રત લઈ લ્યો, વ્રત લઈ લ્યો. એ તો ગોળમાં લોટને શેકવા જેવી વાત છે. અનંતરાજજી! શિરો નહિ થાય, લુપરી પણ નહિ થાય, પોટિસ પણ નહિ થાય. ભાન નથી કે હું આત્મા કોણ છું? રાગ પુણ્યની ક્રિયાથી પણ મારી ચીજ રહિત છે. દેહની ક્રિયાથી તો તદ્દન ભિન્ન જ છે. એમ સમ્યગ્દર્શનમાં રાગથી ભિન્ન થઈને આત્માને પાક્કો કર્યા વિના, લોટને શેકે છેને? શેકે ને શું કહે છે? ઘીમાં. એમ સમ્યગ્દર્શનમાં આત્મા રાગથી ભિન્ન નક્કી કર્યા વિના, અનુભવ કર્યા વિના વ્રત ને નિયમ ને બ્રહ્મચર્ય ને ત્યાગ ને આ લે છે, પેલું લે છે, એ બધું ગોળના પાણીમાં લોટ શેકવા જેવું છે. સમજાય છે કાંઈ?

**શ્રોતા :–** અજ્ઞાની માને છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :–** માને છેને અજ્ઞાની, ઈ તો વાત ચાલે છે. ભગવાન આત્મા એક સેકંડના અસંખ્ય ભાગમાં એ શુભ-અશુભરાગથી રહિત પ્રભુ, એ આસ્રવ છે. શુભાશુભ પરિણામ એ તો આસ્રવ છે, શરીરાદિ અજીવ છે, ભગવાન જ્ઞાયક છે. એ ચિદાનંદસ્વરૂપનો સ્વયં અંતરમાં દૃષ્ટિ કરીને જ્ઞાન ઉલ્લસે, જ્ઞાનની પર્યાય નિર્મળ થઈ, શ્રદ્ધાની પર્યાય નિર્મળ થઈ, શાંતિ-ચારિત્રની પર્યાય નિર્મળ થઈ, આનંદની પર્યાય નિર્મળ પ્રગટ થઈ. એમ '**उल्लसन्तम्**' '**પોતાના ગુણ-પર્યાયથી...**' પોતાના ગુણ-પર્યાય ઈ. રાગાદિ વિકલ્પ એ પોતાના ગુણ-પર્યાય નહિ. સમજાય છે કાંઈ? એ વ્રતાદિના પરિણામ એ પોતાના ગુણ-પર્યાય નહિ. આરે..! સમજાય છે કાંઈ?

કહે છે, ભગવાન ચૈતન્યપ્રભુ વસ્તુમાં અનંત શાંતિ અને આનંદ ધ્રુવ પડ્યા છે. એ રાગથી વિવેક નામ ભેદજ્ઞાન કરીને પોતાના જ આત્મામાં દૃષ્ટિ લગાવીને પોતાના આનંદનું વેદન કરવું, એનાથી '**उल्लसन्तम्**' અનંત ગુણ એક સમયની પર્યાયમાં '**उल्लसन्तम्**' નામ પ્રગટ થાય છે. સમજાય છે કાંઈ? એને આત્મા કહે છે. જેમાં સંવર, નિર્જરા શુદ્ધ પર્યાય આત્મામાંથી ઉત્પન્ન થાય એને આત્મા કહે છે. પુણ્ય-પાપ ઉત્પન્ન થાય એને આત્મા કહેતા નથી. આહા..હા..! એ તો આસ્રવ, બંધ છે. સમજાય છે કાંઈ? એ અમારી ગુજરાતી ભાષા છે.

'**तत् तु अज्ञानिनः अयं मोहः कथम् अहो नानटीति बत**' '**આમ છે તો**

**મિથ્યાદષ્ટિ જીવને...'** અરે..! અજ્ઞાની જીવને આ પુણ્ય-પાપ કેમ નાચે છે? '**એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યો છે...'** શું કહે છે? ભગવાન આત્મા રાગ અને પુણ્યના વિકલ્પ નામ વૃત્તિથી ભિન્ન પ્રભુ એવી દૃષ્ટિ, અનુભવ કરવાથી પોતાની નિર્મળ શક્તિ જે વ્યક્ત શક્તિ પડી છે ધ્રુવ, એની પ્રગટ અવસ્થામાં આનંદના સ્વાદ આદિ પર્યાય પ્રગટ થાય છે. અરે.. અજ્ઞાની! આ રાગનો અનુભવ કેમ કરે છે? અને આવા મોહમાં કેમ પડ્યા છે? પોતાના સ્વભાવ સન્મુખ કેમ નથી થતા? એમ આચાર્ય મહારાજને આશ્ચર્ય પ્રગટ કર્યું છે. આશ્ચર્ય પ્રગટ કર્યું છે. આહા..હા..!

કહે છે કે, અરે..! '**મિથ્યાદષ્ટિ જીવને જે પ્રગટ છે એવો જીવ-કર્મના એકત્વરૂપ વિપરીત સંસ્કાર...'** એ પુણ્યનો જે વિકલ્પ છે, પંચમહાવ્રતનો કે દયા, દાનનો અને આત્મસ્વભાવ, બેને એકત્વ માનીને વિપરીત સંસ્કાર કેમ પ્રવર્તી રહ્યા છે? અરે..! અજ્ઞાની આવો આત્મા અનાત્મામાં કેમ પ્રવર્તી રહ્યો છે? એમ કહે છે. સમજાય છે કાંઈ? અરે..! ભગવાન! તારામાં તો અનંતશાંતિ અને આનંદ છે. રાગથી પૃથક્ થઈને તારા આત્માનો અનુભવ કરવો એ જ આત્મા છે. એવું છોડીને આ રાગાદિ, પુણ્ય આદિ વિકલ્પ રાગ, એની સાથે એકત્વબુદ્ધિ કરીને તું કેમ પ્રવર્તી રહ્યો છે? કેમ પ્રવર્તી રહ્યો છે? એ તો અનાત્મા છે, એમાં આત્મા નથી. આહા..હા..! ..ભાઈ! સમજાણું આમાં? એટલે એમાં સમજાય છે? એ અમારી કાઠિયાવાડી ગુજરાતી ભાષા છેને.

આચાર્ય કહે છે, '**बत**' આશ્ચર્ય છે, આશ્ચર્ય છે. અરે..! ભગવાન! તારું શુદ્ધ સ્વરૂપ ભગવાન આત્મા પડ્યો છેને. અનંત અનંતશાંતિ અને આનંદનો રસ આત્મા પડ્યો છે એને આત્મા કહે છે. પુણ્ય-પાપના ભાવને આત્મા કહે છે? એ તો આસ્રવતત્ત્વ છે. શરીરની ક્રિયા આત્મા કરે છે? એ તો જડની ક્રિયા છે. પૂજા કરી, આમ કર્યું, આ શરીરથી આમ કર્યું. મૂઢ છો. શેનો તેં આશ્રય કર્યો? આ તો જડની પર્યાય છે. સ્વાહા, સ્વાહા કરે છે કે નહિ? આ પૂજામાં નથી કરતાં? સ્વાહા, સ્વાહા. આ જડની ક્રિયા એ મારી અને એમાં રાગ આવ્યો એ મારો. તારો આત્મા એમાં સ્વાહા થઈ ગયો. ધન્નાલાલજી! આ ઈ કહે છે. શું કર્યું તેં? આખો આત્મા રાગમાં અને જડની ક્રિયામાં સ્વાહા કરી નાખ્યો.

**શ્રોતા :-** ભેળવી દીધો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ભેળવી દીધો. ઈ કહે છે. આહા..હા..! પ્રભુ! એ રાગ પણ આસ્રવ છે. દેહની ક્રિયા અજીવ છે, એનાથી ભિન્ન પોતાના સ્વરૂપની દૃષ્ટિ કરવાથી આત્મા ઉલ્લસિત થાય છે. એમાં આત્મા શાંતિ.. શાંતિ.. ચારિત્ર, આનંદ સમ્યગ્દર્શન આદિ પર્યાયથી ઉત્પન્ન થાય છે. રાગથી અને પરના લક્ષે કોઈ આત્માની પર્યાય ઉત્પન્ન નથી થતી. એ તો અનાત્મા રાગની પર્યાય ઉત્પન્ન થઈ; અને એમાં તેં માન્યું કે મેં ધર્મ કર્યો, મોટી મિથ્યાત્વની પર્યાય તેં ઉત્પન્ન કરી. અનંતરાજજી! સાંભળવી કઠણ પડે એવી વાત છે. કેટલાક એમ કહે છેને,

સોનગઢમાં વ્યવહારનો લોપ કરે છે. અરે..! સાંભળ તો ખરો. વ્યવહારના કાળે વ્યવહાર હોય છે. હોય છે, તો આ મંદિર-બંદિર શું છે? ભક્તિ નથી થતી?

હમણા રાજકોટમાં હતાને. સવા લાખનો તો માનસ્તંભ બનાવ્યો. બે લાખનું સમવસરણ બનાવ્યું. હજી પૂરું નથી થયું. બનશે તો... ઘણું બાકી છેને. બને છે, એ તો જડની ક્રિયા છે, અજીવની. શું આત્મા કરી શકે છે? એમાં ભક્તિભાવનો શુભભાવ આવે છે, હોય છે. પણ એકલા શુભભાવનો અનુભવ કરવો, કહે છે, ભગવાન આત્માનો તેં તિરસ્કાર કર્યો છે. (એ તો) વ્યવહાર પણ નથી. ભક્તિ નથી થાતી? કેટલા કરોડો રૂપિયા, ત્રીસ વર્ષથી અહીંયા લોકો કરોડો રૂપિયા ખર્ચે છે. બહારમાં શુભભાવ પણ કરે છે. નથી કરતા? બે વખત તો અહીંયા ક્લાસ ચાલે છે. અત્યારે ચાલે છે, શ્રાવણ માસમાં ચાલે છે, ઘણા ચાલે છે. એ ભાવ શુભ હોય. સમજ્યા? બહારની ક્રિયા ક્રિયાથી હો, પણ એને એકાંત માનવું કે આ પણ ધર્મ છે. તો કહે છે કે આશ્ચર્ય છે કે તું રાગને આત્મા માને છે, એ આશ્ચર્ય થાય છે. ભગવાન પિંડ ચિદાનંદ પડ્યો છે, ચૈતન્ય જ્યોત અનંત ગુણની રાશિ પડી છે, એને છોડીને કૃત્રિમ રાગ અને કૃત્રિમ બાહ્યની ક્રિયામાં એકત્વબુદ્ધિ કરે છે! આશ્ચર્ય થાય છે. આહા..હા..! સમજાય છે કાંઈ?

**'बत' 'ભાવાર્થ આમ છે કે સહજ જ જીવ-અજીવ ભિન્ન છે...'** જુઓ, સ્વાભાવિક જ જીવ અને અજીવ ભિન્ન છે. રાગાદિ અજીવ અને શરીરાદિ અજીવની ક્રિયા સહજ જ ભિન્ન છે, સ્વભાવિક ભિન્ન છે. ભગવાન આત્મા જ્ઞાનાનંદ ચૈતન્ય પિંડ છે. **'એવું અુભવતાં તો બરાબર છે,...'** શું કહે છે? ભગવાન શુદ્ધ ચૈતન્ય પ્રભુ અને અશુદ્ધ રાગાદિ અને જડ આદિ ક્રિયા ભિન્ન, એમ ભિન્ન અનુભવ કરતાં તો બરાબર છે, એ સત્ય પણ છે. **'મિથ્યાદષ્ટિ જે એક કરીને અનુભવે છે તો આવો અનુભવ કઈ રીતે આવે છે એ મોટો અચંબો છે.'** મિથ્યાદષ્ટિ એક કરીને અનુભવ કરે છે તો એવો અનુભવ કઈ રીતે આવે છે? આવો કેવો તું અનુભવ કરે છે? એકલો શુભભાવનો અનુભવ કરે છે, શું છે? ભગવાન આખો અંદર ચિદાનંદ પ્રભુ પડ્યો છે એની તો તને ખબર નથી. આહા..હા..! પરમાત્મ તત્ત્વ બિરાજે છે, સહજાનંદ પ્રભુ પરમ સ્વરૂપે અખંડાનંદ કારણપ્રભુ, કારણજીવ ધ્રુવ આ આખો પડ્યો છે અને એકલા રાગનો અનુભવ કરે છે, બહુ આશ્ચર્ય થાય છે એમ કહે છે. સમજાય છે કાંઈ? આહા..હા..! મોટો પ્રભુ પડ્યો છે એની સામે તો જોતો નથી અને રાગ ને વિકલ્પ સામે જોઈને અનુભવ કરે છે એ મોટો અચંબો છે તારો તો, અચંબો છે, એમ કહે છે. પોપટભાઈ!

**શ્રોતા :-** ઉપાડે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, ઉપડ છે ઉપડ. અંદરમાંથી ખસ એ તારી ચીજ છે. રાગમાંથી ખસી જા. હો ભલે, રાગ હોય છે, રાગ હોય છે. શું વીતરાગ છે કે રાગ ન થાય? સમજાય

છે કાંઈ? પણ રાગથી ખસીને ભગવાન અખંડાનંદ પ્રભુ ચૈતન્ય ધ્રુવ ધાતુ પરમાત્મસ્વરૂપ કારણપરમાત્મા નિજ સ્વરૂપ છે, એનો અનુભવ કરવો એ જ ધર્મ અને આત્મા છે. એને છોડીને એકલા રાગનો અનુભવ કરવો એ મોટો અચંબો છે. આ ક્યાંથી આવ્યું? એમ કહે છે. સમજાય છે કાંઈ? મોટો અચંબો છે. આહા..હા..!

**'કેવો છે મોહ?' 'निरवधिप्रविजृम्भितः' 'निःअवधि'** 'निःअवधि' છેને? અવધિ રહિત. એટલે **'અનાદિ કાળથી...' 'निःअवधि'** 'ર'નો વિસર્ગ છેને. **'અનાદિ કાળથી...' 'प्रविजृम्भितः' 'સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.'** શું? અરે..! ભગવાન! તારી ચીજ પૂર્ણાનંદ શુદ્ધને છોડીને આ રાગ ને પુણ્યના વિકલ્પની એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિથી ચાલ્યા આવે છે. કોઈ દી સંતાન તોડી નથી. અનાદિથી નિગોદમાં પણ શુભભાવ તો થાય છે. શું? શુભભાવ થાય છે. થાય છે, નથી થતા? ન્યાંથી થયા વિના મનુષ્ય આદિ કેવી રીતે થાય? નિગોદમાંથી નીકળીને...

**શ્રોતા :-** ખબર નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લ્યો, ખબર નથી. તો અધ્યાત્મ શું છે? છે શુભભાવ. શુભભાવ થાય છે અને મનુષ્ય ન હોય તો પણ શુભ નિરંતર થાય છે. અશુભ-શુભ, અશુભ-શુભ, અશુભ-શુભ નિગોદમાં થયા જ કરે છે. એકલો અશુભ છે જ નહિ. શુભ અને અશુભ એવા પરિણામ નિગોદ, નિત્યનિગોદમાં પણ થાય છે અને જ્યારે કોઈ નિગોદનો જીવ ન્યાંથી નીકળીને મનુષ્ય થાય તો એને તો શુભભાવ થાય છે. મનુષ્ય થાય. થાય, એમાં શું છે? તો કહે છે કે શુભભાવનો અનુભવ તો નિગોદને પણ છે. સમજાય છે કાંઈ? નિગોદને એવો શુભભાવ થાય છે. વીર્ય છેને? કરે છે કે નહિ આત્મા સ્ફુરણ છે. ભલે અજ્ઞાન હો, પણ શુભભાવનો કર્તા થઈને શુભભાવ અજ્ઞાનીને ત્યાં નિગોદમાં એકેન્દ્રિયને મન નથી, વાણી નથી, એકલું શરીર છે. અંદરમાં વિપરીત બુદ્ધિ છે અને શુભભાવ થાય છે. ત્યાંથી નીકળીને મોટો રાજા થાય.

સાંભળ્યું નથી? નિગોદમાંથી નીકળીને ભરતના પુત્ર, ભરતના પુત્રનું નથી સાંભળ્યું? કેટલા? બત્રીસ હજાર. નિગોદમાંથી નીકળીને ચક્રવર્તીના પુત્ર થયા. કેટલા પુણ્ય? શુભભાવ. એમાં શું છે? ચક્રવર્તીના પુત્ર બત્રીસ હજાર. બોલે નહિ. બત્રીસ હજાર? કેટલા? દસ હજાર. ૯૨૩. એ તો મમૂલાવાળા. એ નહિ, આ તો નિગોદમાંથી નીકળીને (આવ્યા). બોલતા નથી. નહિ? કેટલા દસ હજાર.. ? આંકડાની ખબર નથી. ન્યાંથી નીકળ્યા ને ભાષા નથી. રાજાના કુંવર સુંદર મૂર્તિ મણિરત્ન જેવી. રાજકુમાર ચરમશરીરી. બોલે નહિ. ભગવાન પાસે દર્શન કરવા ગયા. ભરત પણ ગયા. મહારાજ! આ રાજકુમાર કેમ બોલતા નથી? અમારા કુટુંબમાં જન્મ થયો, ચક્રવર્તીને ત્યાં, બોલતા કેમ નથી? ઘણા સુંદર. પ્રભુની વાણીમાં આવ્યું કે હમણા બોલશે કે અમને દીક્ષિત કરો, એમ બોલશે. ત્યાં સુધી તો કોઈ દી બોલ્યા જ નથી. ભાષા

જ નથી. રાજકુમાર. પછી એકદમ ભગવાન પાસે (બોલ્યા), પ્રભુ! અમને ભાવલિંગ અને દ્રવ્યલિંગ આપો. અમે મુનિ થવા માગીએ છીએ. બસ, બોલ્યા. બોલ્યા તે બોલ્યા. અંતરમાં અનુભવ દૃષ્ટિ કરીને ભાવલિંગ ચારિત્ર આનંદનું પ્રગટ કર્યું. એ દેહ છોડીને કેવળજ્ઞાન, કેવળજ્ઞાન પામીને (મોક્ષ ગયા). હો, એમાં શું છે પણ? નિગોદમાં શુભભાવ થયો, પણ અહીંયા ધર્મનો પુરુષાર્થ જુદો કર્યો. એ શુભભાવ કર્યો તો શુદ્ધભાવ થયો એમ નથી. મનુષ્યપણું થયું તો તેનાથી શુદ્ધભાવ થયો એમ છે જ નહિ.

પોતાના સ્વભાવમાં તે જ સમયે રાગથી ખસીને ભગવાન પ્રભુ.. ઈ લાયકાત. એટલો પુરુષાર્થ પડ્યો છે. આત્મામાં તો અનંતપુરુષાર્થ ભર્યો છે. જેમ તળાવમાં ઘણું પાણી ભર્યું હોય એમ જરી લીટી કરે, લીટીને શું કહે છે? લકીર. પાણી નીકળે છે ધોધમાર. ભગવાન આત્મામાં અનંતજ્ઞાન, અનંતવીર્ય આદિ સ્વભાવમાં પૂર્ણ ભર્યા છે. એકાગ્રતાની લીટી માર કે જેથી અંદરથી પ્રવાહ છૂટે. સમજાય છે કાંઈ?

અરે..! ભગવાન તો અહીં કહે છે, અમને અચંબો થાય છે. આવો પ્રભુ આત્મા શુદ્ધ ચિદાનંદને છોડીને તું એકલા રાગનો જ અનુભવ કરે છે, મિથ્યાદૃષ્ટિ! અમને અચંબો થાય છે. સમજાય છે કાંઈ? નવમી ગ્રૈવેયક જૈન દિગંબર સાધુ થઈને ગયો. મુનિવ્રત ધાર. અઠ્યાવીસ મૂળગુણ ધાર્યા મિથ્યાદૃષ્ટિ. રાગને જ ધર્મ માનીને શરીરની ક્રિયા મારાથી થાય છે અને રાગ મારો ધર્મ છે, એમ માનીને મિથ્યાદૃષ્ટિ રહીને આત્મજ્ઞાનનું સુખ પામ્યો નહિ. સમજાય છે કાંઈ? છ ઢાળામાં આવે છેને? ''મુનિવ્રત ધાર અનંત બૈર..'' અનંતવાર મુનિપણું ધાર્યું. શું થયું? એ તો રાગ છે, પુણ્ય છે. ''મુનિવ્રત ધાર અનંત બૈર ગ્રૈવેયક ઉપજાયો, પણ આતમજ્ઞાન બિન લેશ સુખ ના પાયો''. પદ્મરાજજી! એમાં છે કે નહિ? અર્થની ખબર નહિ. એમાં તો ઘણા અર્થ ભર્યા છે. ભાઈ! પ્રભુ!

અહીંયા આચાર્ય મહારાજ ઈ કહે છે, ભગવાન! તારું સ્વરૂપ તો શુદ્ધ આનંદ છેને. એવી દૃષ્ટિ છોડીને તું પુણ્ય પરિણામમાં, પાપના પરિણામ કે વિકલ્પ-રાગમાં એકત્વબુદ્ધિ કેમ કરે છે? સ્વભાવમાં એકત્વ નથી કરતો અને રાગમાં એકત્વ કરે છે, અમને તો અચંબો થાય છે. આચાર્ય કહે છે, **'કેવો છે મોહ?' 'निरवधि'** અનાદિથી સંતાનરૂપે. બાપનો દીકરો, દીકરાનો દીકરો એમ ચાલ્યું આવે છેને? એમ અજ્ઞાનમાંથી અજ્ઞાન, અજ્ઞાનમાંથી અજ્ઞાન અનાદિથી ચાલ્યું આવે છે. નિગોદથી માંડીને નવમી ગ્રૈવેયક સુધી અનંતવાર ગયો. અજ્ઞાનથી ગયો. પોતાનો આત્મા એ પુણ્ય-પાપના વિકલ્પથી રહિત, આસ્રવથી રહિત, અજીવથી રહિત એવા આત્માનો સમ્યક્ અનુભવ કર્યો નહિ, તો એના જન્મ-મરણનો છેદ થયો નહિ. સમજાય છે કાંઈ? ઠીક છે, સત્ય છે. તો અર્થ કે અઠીક છે અને અસત્ય છે. મિથ્યાદૃષ્ટિ જે રાગનો એકપણે અનુભવ કરે છે... સમજાય છે? એવો અનુભવ કેમ આવે છે? એવો અનુભવ આવે છે? ક્યાંથી આવ્યો? એમ કહે છે. એમાં છે નહિ ને આવ્યો ક્યાંથી આ? એમ કહે છે.

ભગવાન આત્મામાં તો એકલો આનંદ શુદ્ધતા ભરી છે. ઉઠાવગીર, તેં આ રાગને ક્યાંથી ઉઠાવ્યો? ક્યાંથી આવ્યો? અંતરમાં નથી. વસ્તુમાં નથી. રાગ ઉઠાવીને એકલા દયા, દાન, વ્રત, ભક્તિ, તપના પરિણામ ઉઠાવીને એકલો અનુભવ કર્યો, મિથ્યાદૃષ્ટિપણે રહ્યો, અમને તો અચંબો થાય છે. આહા..હા..!

**શ્રોતા :-** બહુ કરુણા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** વચ્ચે કરુણા કીધી. '**बत**' કહ્યુંને? '**तत् कथम् अहो बत**'. આ શું થાય છે? સમજાય છે કાંઈ? સાથે શેરડી પડી હોય. શેરડીને શું કહે છે? ગન્ના. ગન્ના કહે છેને ગન્ના? એ શેરડી પડી છે એને તું ખાતો નથી અને તું આ થોર ખાય છે? થોરને શું કહે છે? થોર નથી થતા? કાંટવાળા. થોર.. થોર. થોર કહે છેને? આ વાડ નથી હોતી? કાંટાવાળા. નામ હશે કાંઈક. અમારે થોર કહે છે. વાડીમાં હોયને. વાડ વાડ હોય ને. કાંટાવાળા. અરે..! આ શેરડી નહિ ખાઈને આ શું કરે છે?

'**સંતાનરૂપે પ્રસરી રહ્યો છે.**' અનાદિ અજ્ઞાન તો તેં કર્યું. ભગવાન ચિદાનંદ પ્રભુની દૃષ્ટિ કદી કરી નહિ અને રાગ ને પુણ્ય ને વ્યવહારના વિકલ્પમાં રોકાઈ ગયો, અમને તો અચંબો થાય છે. એમ આચાર્ય કહે છે. ધન્નાલાલજી!

**શ્રોતા :-** થોર ખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** હા, શેરડીનો રસ છોડીને એ થોર ખાય છે. કાંટા કાંટા.

૧૨મો શ્લોક. બે શ્લોક છે, હોં!

(વસંતતિલકા)

अस्मिन्ननादिनि महत्यविवेकनाटचे
वर्णादिमान्नटति पुद्गल एव नान्यः।
रागदिपुद्गलविकारविरुद्धशुद्ध-
चैतन्यधातुमयमूर्तिरयं च जीवः।।१२-४४।।

'**ખંડાન્વય સહિત અર્થ :- '**अस्मिन्**' 'અનાદિ કાળથી વિદ્યમાન છે એવો જે જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...**' જુઓ, શું કહે છે? કોઈ એમ કહે કે એમાં અજ્ઞાન અને મિથ્યાત્વ છે જ નહિ. જીવ તો શુદ્ધ જ છે, તો પર્યાયમાં પણ શુદ્ધ જ છે. ભ્રમ કહે છેને? બ્રહ્મ સત્ય, જગત મિથ્યા. એમ છે જ નહિ. બ્રહ્મ સત્ય છે પણ પર્યાયમાં અસત્ય અજ્ઞાન છે. અજ્ઞાન કોઈ નથી એમ નથી. તેથી કહે છે કે અનંત કાળથી '**अस्मिन्**' વિદ્યમાન. મિથ્યા.. કોણ? '**अविवेक**' '**જીવ-અજીવની એકત્વબુદ્ધિરૂપ મિથ્યા સંસ્કાર...**' ભગવાન જ્ઞાન પ્રભુ એ રાગ અને જ્ઞાનની એકત્વબુદ્ધિના સંસ્કાર અનાદિથી વિદ્યમાન છે, છે. બ્રહ્મ સત્ય, જગત મિથ્યા એમ નથી. જગતમાં અનંત દ્રવ્ય પણ છે, તારો આત્મા પણ છે અને તારી દશામાં મિથ્યાત્વની અશુદ્ધતા પણ છે. સમજાય છે કાંઈ? એને અવિવેક

કહ્યો. જુઓ, શું કહ્યું?

પહેલા વિવેચ્ય આવ્યું હતુંને? વિવેક આવ્યું હતુંને? વિવેચક નહોતું આવ્યું? વિવેચક આવ્યું હતું ૧૦મામાં. વિવેક. અહીં અવિવેક લીધો. ભગવાન આત્મા જ્ઞાનના પ્રકાશનુંપૂર, ચૈતન્યના પ્રકાશનું પૂર. પૂર કહે છેને? આ નદીમાં પૂર નથી આવતા? એમ ચૈતન્ય પૂર આત્મા છે. આનંદનું પૂર આત્મા છે. અને આ પુણ્ય-પાપ વિકલ્પ મેલ દુઃખ છે. બેનું એકત્વ કરવું અવિવેક છે. એવા અવિવેકના મિથ્યાસંસ્કાર. એકત્વબુદ્ધિ મિથ્યાસંસ્કાર. જૈન સાધુ થઈને પણ એમ માને કે એ શુભક્રિયા મને લાભદાયક છે, મિથ્યાસંસ્કાર તને મિથ્યાદષ્ટિના છે. સમજાય છે કાંઈ?

'**જીવ-અજીવની એકત્વબુદ્ધિ...**' અર્થાત્ ભગવાન જ્ઞાનજ્યોતસ્વરૂપ એની સાથે પુણ્ય વિકલ્પ જે દયા, દાન, વ્રતના ઉઠ્યા એ અજીવ  છે, આસ્રવ છે. બેની એકત્વબુદ્ધિ અર્થાત્ એ આસ્રવથી આત્માને લાભ થશે, એ આસ્રવથી ધર્મ થશે એમ બેમાં એકત્વબુદ્ધિ એવા '**મિથ્યાસંસ્કાર તે-રૂપ છે ધારાપ્રવાહરૂપ વારંવાર વિભાવપરિણામ, તેમાં પુદ્‌શગલ અર્થાત્ અચેતન મૂર્તમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિકાળથી નાચે છે.**' ભગવાન ચિદાનંદ સ્વરૂપ તો બહાર આવતું જ નથી. એ તો રાગાદિ નાચે છે. એ તો મોહ છે અને પુદ્‌ગલ છે ખરેખર, એમ કહે છે. સમજાય છે કાંઈ? શુભાશુભપરિણામ પુદ્‌ગલ છે, અચેતન છે, જડ છે. એનાથી ભિન્ન નહિ માનીને એકત્વ સંસ્કાર રાખીને '**નાટ્યે**' ધારાસંતાન, ધારાસંતાન. એકરૂપ અનાદિની પરંપરા. '**વારંવાર વિભાવપરિણામ,...**' પુણ્ય, પુણ્ય, પુણ્ય-પાપ, પુણ્ય-પાપ, પુણ્ય-પાપ. વિકારી પરિણામ '**તમાં પુદ્‌ગલ અર્થાત્ અચેતન મૂર્તિમાન દ્રવ્ય નિશ્ચયથી અનાદિ કાળથી નાચે છે, ચેતનદ્રવ્ય નાચતું નથી.**' ચેતનદ્રવ્ય તો જ્ઞાનાનંદ એને ચેતનદ્રવ્ય કહે છે. વિકારપણે પરિણમન થવું એ તો પુદ્‌ગલના પરિણામ છે. પુદ્‌ગલ નાચે છે. ભગવાન ચૈતન્ય એમાં આવતો નથી. ચૈતન્ય ભગવાન રાગથી ભિન્ન છે એવી દૃષ્ટિ કરાવવા માટે આ વાત કરે છે. વિશેષ કહેશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૭૫
## પ્રવચન નં.૫૨૦, તા.૨૮-૦૫-૧૯૬૮
## (૧૭)

કર્તાકર્મ અધિકાર, ૭૫મી ગાથા ચાલે છે. શિષ્યનો એ પ્રશ્ન છે કે ધર્મી થયો એની ક્યા લક્ષણથી ઓળખાણ થાય છે? આ પ્રાણી ધર્મી થયો, સમ્યગ્દષ્ટિ થયો, જ્ઞાની થયો એનું ચિહ્ન શું? લક્ષણ શું? એની ક્યાંથી, કઈ રીતે ઓળખાણ થાય છે? એમ શિષ્યનો પ્રશ્ન છે. સમજાય છે કાંઈ? કર્તાકર્મ છેને. જ્ઞાનીને પરનું કર્તૃત્વ છૂટી જાય છે એનું લક્ષણ શું? સમજાય છે કાંઈ? સમ્યગ્દષ્ટિ અને સમ્યગ્જ્ઞાનીનું સ્વરૂપ શું અને એનું કર્તાપણું અને કર્મપણું શું છે? એ કર્તા અને એનું કાર્ય શું છે? શેઠી! સમજાય છે કાંઈ?

કહે છે કે... ટીકા અહીં સુધી ચાલી છે. પહેલાં તો અંતરમાં જેટલા રાગ, દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિ વ્યવહાર વિકલ્પ જેટલા ઉઠે છે એ બધું વ્યાપ્ય કર્મનું છે અને કર્મ વ્યાપક છે, ધર્મી નહિ, સમ્યગ્દષ્ટિ નહિ. કેમ? કે સમ્યગ્દષ્ટિ વ્યાપક છે તો વ્યાપ્ય એની અવસ્થા સમ્યક્ શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ, નિર્વિકારી વીતરાગ પર્યાય સમ્યગ્દષ્ટિનું વ્યાપ્ય છે અને વ્યાપક એનો આત્મા છે. સમજાય છે કાંઈ? દેવચંદજી!

**શ્રોતા :-** સિદ્ધની વાત થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** સમ્યગ્દષ્ટિની. સિદ્ધની વાત ક્યાં કરે છે? અહીં તો સમ્યગ્દષ્ટિની–જ્ઞાનીની વાત છે.

જ્ઞાનીનો અર્થ પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુની અંતર દષ્ટિ થઈને અનુભવ થયો કે હું તો શુદ્ધ જ્ઞાયક ચિદાનંદ સર્વજ્ઞસ્વભાવી છું. એમ એના શ્રદ્ધા-જ્ઞાનમાં આત્માના આનંદના સ્વાદપૂર્વક જે અનુભવ અને પ્રતીતિ થઈ એ જ્ઞાનીનું કાર્ય શું? જ્ઞાનીનું કાર્ય તો જ્ઞાની આત્મા વસ્તુ શુદ્ધ દ્રવ્ય છે એ જ્ઞાની. જેની દષ્ટિમાં શુદ્ધ દ્રવ્યસ્વભાવ છે. તો જ્ઞાની કર્તા દ્રવ્ય અને એનું કર્મ નામ કાર્ય જ્ઞાન, દર્શન અને આનંદની પર્યાય એ એનું વ્યાપ્ય, એ એનું કર્મ, એ એનું કાર્ય, એ એના પરિણામ, એ એની પર્યાય છે. પ્રકાશચંદજી! સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા.. એક તો છોકરાઓને કહ્યું હતું. ચેતન અનુવિધાયી પરિણામ આવે છેને? ભાઈ! ઉપયોગ. જડની અસર થાયને .. એના ઉપરથી બહુ વિચાર ચાલ્યા. ભાઈ! ઉપયોગ બહાર છેને એ કેવળજ્ઞાન ઉપયોગરૂપી પરિણામ છે એ પણ કેવળજ્ઞાનોપયોગ... અહીં તો સાધકની વાત ચાલે છે. ત્યાં ગમે તે. કેવળજ્ઞાનના પરિણામ જે ધર્મીને થાય છે એ પણ અંતર જ્ઞાનાનંદ ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ કેવળજ્ઞાન થાય છે. એ સંઘયણ

પર છે, વજ્રનારાચ સંહનન છે, મનુષ્યપણું છે તો ઉત્પન્ન થાય છે એમ નહિ. એ તો નહિ પણ પૂર્વે મોક્ષમાર્ગની પર્યાય છે તેનાથી પણ કેવળજ્ઞાન થયું એમ નહિ. સમજાય છે કાંઈ? ચેતનને અનુસરીને પરિણામ થાય છે. શબ્દ એમ છે, ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. સમજાય છે કાંઈ? એ સમ્યગ્દર્શન-જ્ઞાનમાં જે પરિણામ મતિ-શ્રુતજ્ઞાનના થાય એ પણ અંતર ચૈતન્યને અનુસરીને થયા છે. એ કર્મનો ક્ષયોપશમ થયો જ્ઞાનાવરણીયનો તો અહીંયા જ્ઞાનની પર્યાય થઈ છે એમ નથી. પ્રકાશચંદજી! આહાહા..!

જ્યારે કેવળજ્ઞાન થાય છે તોપણ દ્રવ્ય ચેતન છે અને ચૈતન્ય ગુણ સ્વભાવ છે, તેને અનુસરીને તેના લક્ષે-આશ્રયે જે કેવળજ્ઞાનના પરિણામ ઉપયોગરૂપ થાય છે, મોક્ષદશારૂપ એ અંતર ચેતનને અનુસરીને થાય છે. કોઈ નિમિત્તને અનુસરીને અને પૂર્વ પર્યાયને અનુસરીને કેવળજ્ઞાન થાય છે એવો વસ્તુસ્વભાવ નથી. સમજાય છે કાંઈ? અહીં તો હજી આ ચશ્મા હોય તો થાય છેને ચશ્મા ન હોય તો ન થાય. અરે..! ભગવાન! શું કરે છે તું આ? આ વસ્તુ ક્યાંથી (લાવ્યો)? એઈ..! જેઠાલાલજી! લીંબડીમાં એક સાધુ આવ્યા હતા. પહેલા દી હતાને તમે? તમે વયા ગયા હતા. પહેલે દી સાંજે આવ્યા હતા. જડની અસર થાય છે. આપણે વાતચીત કરીએ. કહ્યું, અમે કોઈની સાથે વાતચીત કરતા નથી. આહાહા..! અરે..! ભગવાન!

ચેતન દ્રવ્ય છે, ચેતનદ્રવ્ય. એનો ચૈતન્યભાવ, ચૈતન્યભાવ એને અનુસરીને થાય ચૈતન્ય પર્યાય. ચાહે તો મતિ હો, શ્રુત હો. અહીં અજ્ઞાનમાં પણ એનાથી થાય છે, પણ અત્યારે આપણે એ વાત નથી. સમ્યક્જ્ઞાન જે સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થાય છે એ ચૈતન્યને અનુસરીને થાય છે. પૂર્વની પર્યાયથી પણ નહિ, રાગથી નહિ અને જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થયો તો મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. કેમ? કે એમાં જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ કર્તા થઈ જાય છે અને જ્ઞાનની પર્યાય કર્મ થઈ જાય છે, એમ બનતું નથી. સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા ચૈતન્યબિંબ પ્રભુ એ કર્તા થઈને એને અનુસરીને જે મતિ-શ્રુતજ્ઞાનનું નિર્મળ સમ્યક્જ્ઞાન, શાંતિ અને આનંદની સાથે જે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થયું તે જ્ઞાતાપણા ચૈતન્યસ્વભાવને અનુસરીને થયું છે. ચૈતન્યને અનુસરીને પરિણામ થયા છે. આ મહાસિદ્ધાંત. ઓહોહો..! એક-એક સિદ્ધાંત દિગંબર સંતોના.. એવી સ્પષ્ટ વાત! એ વાત ૩૨, ૪૫ સૂત્રમાં ક્યાંય નથી. એવો એક ટૂકડો, એક જ એક ટૂકડો બસ. ચૈતન્યને અનુસરીને થવાવાળા પરિણામને ઉપયોગ કહે છે. પંડિતજી! આહાહા..! ભગવાન આત્મા ચેતન એ દ્રવ્ય. ચૈતન્ય એ ભાવ અને મતિ-શ્રુતજ્ઞાન એની પર્યાય એ ભાવને અનુસાર થાય છે. કહો, સમજાય છે કાંઈ? કેવળજ્ઞાન એમ થાય છે. આહાહા..! એવા સૂત્રના સિદ્ધાંત.

**શ્રોતા :-** શુદ્ધોપયોગની વ્યાખ્યા છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, શુદ્ધોપોયગની વ્યાખ્યા નથી. એ તો આચરણની વાત છે. આ તો પાંચ જ્ઞાનના પરિણમન-પર્યાય પ્રગટ થાય એની વાત છે. શુદ્ધોપયોગ એ તો આચરણની વાત છે. સમજાય છે કાંઈ? એ પણ એનાથી જ થાય છે. એ પણ ચારિત્રને અનુસરીને શુદ્ધોપયોગનું આચરણ થાય છે. પણ અત્યારે આપણે આ સિદ્ધાંત સિદ્ધ કરવો છેને. સમજ્યા? આ તો મોક્ષ સુધી લઈ જવું છે. અહીંયા તો સાધકની વાત છે, હોં! સમજાય છે કાંઈ? ભગવાન!

ચૈતન્યસ્વભાવમાં તો સાગર ભર્યો છેને. જ્ઞાન-દર્શન શક્તિનો ભંડાર એ તો છે. એ શક્તિ અને શક્તિવાન દ્રવ્ય. તેને અનુસરીને વર્તમાન પર્યાયમાં સમ્યક્ મતિ-શ્રુતજ્ઞાન થાય તે તેનું વ્યાપ્ય છે, એ જ્ઞાનીનું કાર્ય છે અને આત્મા તેનો કરવાવાળો છે. તો કર્તા છે એ તો શુદ્ધ છે, કર્તા છે એ તો શુદ્ધ છે અને શુદ્ધના પરિણામ શુદ્ધ થાય છે. રાગાદિ વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે એ કાર્ય આત્માનું અને આત્મા કર્તા એમ નથી, એમ અહીંયા સિદ્ધ કરવું છે. નવનીતભાઈ! આહા..!

એ વ્યવહાર વિકલ્પ જે ઉઠે છે, મોહ, રાગ, દ્વેષ, સુખ-દુઃખની કલ્પના અંતરંગ પરિણામ એ વ્યાપ્ય જ્ઞાનીનું નહિ, એ જ્ઞાનીનું કાર્ય નહિ. વ્યાપ્ય કહો, કાર્ય કહો, કર્મ કહો, અવસ્થા કહો, અંશ કહો, પર્યાય કહો. સમજાય છે કાંઈ? અને કર્તા કહો, વ્યાપક કહો, દ્રવ્ય કહો, પરિણમનાર કહો, પરિણનારો. જ્ઞાનીનું પરિણમવાવાળું તો દ્રવ્ય છે. પ્રકાશચંદજી! સમજાય છે કાંઈ? કહે છે, ભગવાન! પરિણમવાવાળો શુદ્ધ ચૈતન્ય જ્ઞાનસ્વરૂપ આનંદ એ પરિણમન કરીને કઈ પર્યાય કરે? એ કર્તા થઈને કઈ પર્યાય કરે? રાગની પર્યાય કરે? ઈ એમાં છે? દ્રવ્યમાં છે? ગુણમાં છે? વિકાર છે? ઉદયભાવ દ્રવ્ય-ગુણમાં છે? સમજાય છે કાંઈ? વ્યવહાર રત્નત્રય તો ઉદયભાવ છે. દયા, દાન, વ્રત, ભક્તિ ચોથા ગુણસ્થાને આવે છે, પણ એ તો ઉદયભાવ છે, એ પારિણામિકભાવમાં છે? સમજાય છે કાંઈ?

ભગવાન જ્ઞાયકભાવ, ચૈતન્યભાવ, પરમપારિણામિકસ્વભાવ, ધ્રુવભાવ એ ભાવમાં શું રાગ પડ્યો છે? સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ તો જ્ઞાયક ઉપર છે. ધર્મીના પરિણામ તો રાગાદિ થયા તેને જાણવા એ પરિણામ એના, પણ એને જાણવા કહેવા એ હજી વ્યવહાર છે. એ તો પર્યાય અહીંયા ચૈતન્યને અનુસરીને જ સ્વપરપ્રકાશક પરિણામ થયા છે, ભાઈ! એ રાગને અનુસરીને રાગનું જ્ઞાન થયું છે એમ પણ નથી. આહાહા..! ગજબ વાત છેને! સ્વતંત્રતાના ઢંઢેરા પીટ્યા છે. નવનીતભાઈ! આહાહા..! શું કહ્યું? કઈ વાત ફરમાવી? ઘણી વાત થઈ ગઈ. છેલ્લી કઈ આવી?

એમ કહ્યું કે ભગવાન આત્મા ચેતન અને ચૈતન્યસ્વભાવ ગુણ. એને અનુસરીને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય થઈ છે. એ જ્ઞાતા છે એવા જ્ઞાનીને જરી નબળાઈથી કર્મના નિમિત્તે જે

વિકાર થાય છે એ વિકારને પણ જ્ઞાની જાણે છે. એ પર્યાય પણ રાગને અનુસરીને થઈ છે એમ નહિ. એ જ્ઞાનને અનુસરીને સ્વપરપ્રકાશક પર્યાય થઈ છે. ગોદિકાજી! સમજાય છે કાંઈ? સમજાય છે કે નહિ? પ્રકાશચંદજી! સમજાય છેને? આ તો ન્યાયથી વાત આવે છે. આહાહા..!

અહીંયા તો એ કહેવું છે કે જે રાગાદિ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય કોનું? એટલે કાર્ય કોનું? વ્યવહારરત્નત્રય દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો રાગ, પંચમહાવ્રતનો રાગ, સમકિતીને ભક્તિ-પૂજાનો વિકલ્પ આવે એ કાર્ય કોનું? કહે છે, એ કાર્ય વ્યાપક કર્મનું કાર્ય છે, ધર્મીનું નહિ. દેવચંદજી! ભારે વાત, ભાઈ! આહાહા..! વીતરાગમાર્ગ.. અને તે પણ કઈ રીતે? આ તો ચશ્માની વાત હતીને. મેં કીધું, શું કરે છે આ? ચૈતન્ય અનુવિધાયી પરિણામ ઉપયોગ. એ ઉપયોગની વાત છે, લબ્ધની વ્યાખ્યા નથી ત્યાં. વેપારની વાત છે. આ નહિ માટે ઓછું થયું, આ શું વાત કરે છે? સમજાય છે કાંઈ? અરે..! લૌકિક એ તો વાત જ ખોટી છે.

ભગવાન આત્મા પોતાને અનુસરીને જ્ઞાન, દર્શન સ્વભાવને અનુસરીને જે પર્યાય થઈ એ વ્યાપ્ય, એ એનું કાર્ય, કર્તા આત્મા. સમજાય છે કાંઈ? એમાં રાગાદિ થાય છેને? ભક્તિનો, પૂજાનો શુભોપયોગ એ શુભોપયોગ કાર્ય છે કર્મનું. કર્મ વ્યાપક થઈને, કર્મ કર્તા થઈને કર્મ રચના કરીને, વિકલ્પની રચના એ કર્મ કરે છે, ધર્મી નહિ. એનું જ્ઞાન એમ કહેવું એ પણ નહિ. એ તો ચૈતન્યને અનુસરીને પોતાની પર્યાયને કરે છે. રાગ વ્યવહાર છે તો એનું જ્ઞાન કરે છે, વ્યવહારને અનુસરીને એમ પણ નહિ. સમજાય છે કાંઈ? આહાહા..! જે રાગાદિ વ્યવહાર છે તો એનાથી અહીં નિશ્ચયની પર્યાય છે એમ તો છે જ નહિ. નિશ્ચયની નામ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના જે પરિણામ છે એ વ્યવહાર છે, રાગ છે તો આ ચારિત્રના પરિણામ છે એમ તો છે જ નહિ; પણ એ રાગ છે તો અહીં જ્ઞાન થયું, દર્શન, જ્ઞાન, ચારિત્રમાં જ્ઞાન હોય છેને? તો રાગ છે તો એને અનુસરીને પરપ્રકાશકનું જ્ઞાન થયું એમ પણ નથી. સમજાય છે કાંઈ? તો એ કર્તા થઈ જાય. રાગ કર્તા અને જ્ઞાનની પર્યાય કાર્ય, એમ નથી. કર્તા આત્મા, જ્ઞાયક આત્મા પરિણમવાવાળો આત્મા અને મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય સ્વપરપ્રકાશક થઈ તે તેનું કાર્ય, એ એનું વ્યાપ્ય, એ એની પર્યાય છે. રાગની પર્યાય, વ્યવહારની પર્યાય જ્ઞાનીની નથી. ગોદિકાજી! આવું છે.

**શ્રોતા** :- થોડું ખોલવું..

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ખોલવું પડશે? તો અત્યાર સુધી શું રોકાઈ ગયા ન્યાં? છ છોકરા છે. ચાર જણા ઉપાડે, એક મોઢા આગળ અને એક પાછળ. હીરાભાઈને માટે કહીએ છીએને. ચંદુભાઈ! તમારે સાત થઈ ગયા છે, નહિ? એને સાત છે આને. હીરાભાઈને સાત છે. ચાર ઉપાડે, એક મોઢા આગળ ચાલે દોણી લઈને, પાછળ ચાલે ઘાસ લઈને અને મોઢા આગળ દોડે કે મરી ગયા બાપા. એઈ..! આહાહા..! અરે..! ભગવાન! કોને છોકરા ને કોને

બાપા! અહીં તો રાગ પણ આત્માની પ્રજા નહિ, ત્યાં એ પ્રજા તો ક્યાંથી આવી? આહાહા..! ગોદિકાજી!

રાગની પર્યાય જ્ઞાનીની નહિ, તો આ શરીરની પર્યાય ને પ્રજાની પર્યાય આત્માની એ તો મિથ્યાદૃષ્ટિ માને છે. સેઠી! બાબુભાઈ મારી પ્રજા એ તો મિથ્યાદૃષ્ટિ માને છે એમ કહે છે. સારામાં સારો દાખલો દઈએને ઘરનો એને. એ.. મૂળચંદભાઈ! આહાહા..! ભગવાન! તારી પ્રજા, તો પ્રજા નામ પર્યાય, તો પ્રજાનો ઉત્પાદક તો દ્રવ્ય છે. તો શું દ્રવ્યમાં રાગ પડ્યો છે કે ઉત્પન્ન કરે? શરીરની પર્યાય ઉત્પન્ન કરે? છોકરાની-દીકરાની પર્યાય ઉત્પન્ન કરે? સમજાય છે કાંઈ? કહે છે,... રાગની પર્યાયનો ઉત્પાદક દ્રવ્ય નહિ. દ્રવ્ય નથી તો દ્રવ્યદૃષ્ટિવંત પણ નથી. દ્રવ્યમાં રાગ ક્યાં છે? અરે..! લોકોને.. બાપુ! માર્ગ એવો છે. એ વસ્તુ સ્વતંત્ર ચૈતન્ય જ્ઞાયકજ્યોત વસ્તુ છે. એવી વસ્તુની જ્યાં દૃષ્ટિ થઈ ત્યાં એ જ્ઞાનનો ઉકેલ કરીને પર્યાય એમાંથી ઉત્પન્ન થાય છે. વીતરાગપર્યાય. એ વીતરાગપર્યાય, એ જ્ઞાન પણ વીતરાગી થઈ, શ્રદ્ધા પણ વીતરાગી થઈ, સ્થિરતા પણ વીતરાગી. એ વીતરાગી પર્યાયનું કાર્ય-વ્યાપ્ય પોતાનું અને કર્તા આત્મા. સમજાય છે કાંઈ?

કહે છે કે સુખ-દુઃખની કોઈ કલ્પના થઈ. તો કહે છે, એ કલ્પનાનું કાર્ય આત્મા?—ના, એ તો અંતરંગમાં ઉત્પન્ન થતાં કર્મના પરિણામ છે, એ કર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? કઈ અપેક્ષાથી કહ્યું? વળી ગોમ્મટસારમાં આવ્યું, જ્ઞાનાવરણીયથી જ્ઞાન રોકાય છે. અહીં કહે છે કે કર્મથી રાગ થાય છે. બેય સરખું આવ્યું. પ્રકાશચંદજી! ભગવાન! એમ નથી. ત્યાં કહ્યું છે એ બીજી વાત છે. ત્યાં તો જ્ઞાનાવરણીય કર્મ, પોતાના જ્ઞાનની હિણી ઉપાદાન પર્યાય કરે છે, તો નિમિત્ત કોણ હતું એનું જ્ઞાન કરાવ્યું છે. અહીંયા રાગાદિ દ્રવ્યસ્વભાવમાં નથી તો દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થઈ તો દ્રવ્યમાંથી રાગ ક્યાં આવે છે? એ બતાવવા કહ્યું કે રાગનું કાર્ય કર્મનું છે, આત્મા રાગને જાણનારો એમ કહેવું તે પણ વ્યવહાર છે. આગળ કહેશે. સમજાય છે કાંઈ? આહા..! આગળ આવશે. છેને? '**પોતાના આત્માને જાણે છે,...**' '**કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' વચ્ચે છે. એ સૂક્ષ્મ છે. આગળ આવશે. '**કર્મપણે કરતા એવા પોતાના આત્માને જાણે છે,...**' વચ્ચે છે. દસ લીટી પછી. દસ પંક્તિ પછી અંદર છે.

કહે છે કે ધર્મીજીવ.. ભગવાન! આ તો અંતરનો માર્ગ છે. આ કંઈ બહારથી કોઈ ક્રિયાકાંડ કરી નાખે અને ધર્મ થઈ જાય એવી ચીજ નથી. સમજાય છે કાંઈ? કહે છે કે મોહ. મોહ શબ્દે અહીંયા મિથ્યાત્વ ન લેવું. અહીંયા સમકિતીની વાત છે. અહીં સમ્યક્જ્ઞાનીની વાત છે. પહેલો મોહ શબ્દ પડ્યો છેને મોહ, એ મિથ્યાત્વ ન લેવું. અહીં તો મોહ એટલે પર તરફની અસ્થિરતાની સાવધાની એટલું લેવું. પહેલો બોલ છેને પહેલો બોલ. અહીં જ્ઞાનીની વાત છે. જ્ઞાનીને મોહ હોતો જ નથી-મિથ્યાત્વ હોતું જ નથી. ફક્ત અસ્થિરતાનો જે ભાવ થાય

છે એ વ્યાપ્ય કર્મનું છે અને કર્મ તેનું વ્યાપક-કર્તા છે. એ અહીં સિદ્ધ કરવું છે. કેમ કે દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડી છે અને દ્રવ્યનું જ પરિણમન જ્ઞાનીને થાય છે. વિકારનું પરિણમન જ્ઞાનીનું નહિ. એ કાઢી નાખવાની ચીજ છે તો તે તેનું જ્ઞેય થઈ ગયું. સમજાય છે કાંઈ?

'**સુખ દુઃખ આદિરૂપે અંતરંગમાં ઉત્પન્ન થતું જે કર્મનું પરિણામ,...**' એ કર્મના પરિણામ છે. કર્મ વ્યાપક છે અને મોહ, રાગ, દ્વેષ, દયા, દાન, વ્યવહાર વ્રતના વિકલ્પ છે એ કર્મનું વ્યાપ્ય છે, કર્મનું કાર્ય છે, કર્મની પર્યાય છે, કર્મના પરિણામ છે. '**સ્પર્શ,...**' આ શરીરનો. સ્પર્શ આદિ '**રસ, ગંધ, વર્ણ, શબ્દ...**' એ પણ નોકર્મના પરિણામ છે. નોકર્મ. શરીરાદિ, વાણી આદિ નોકર્મ. આહાર, શરીર, ઇન્દ્રિય, શ્વાસ, ભાષા, મન, એને નોકર્મ કહેવામાં આવે છે. એ કર્મના પરિણામ છે દયા, દાનના વિકલ્પ ઉઠે ઈ અને આ નોકર્મ. શરીરની અવસ્થા થઈ, શબ્દની અવસ્થા થઈ એ નોકર્મના પરિણામ છે. નોકર્મ કર્તા છે અને શબ્દની પર્યાય તેનું વ્યાપ્ય છે, જ્ઞાનીને વ્યાપ્ય નથી. જ્ઞાનીને, શબ્દની દશા થઈ એનું જ્ઞાન પણ શબ્દને અનુસરીને નથી થયું. સમજાય છે કાંઈ? તો કહે છે કે, વર્ણ, રંગ, શબ્દ, બંધ. બંધ જે બહારની ચીજ છેને? નોકર્મની ચીજ. આ .. બંધ થાય એવો બંધ થાય છેને બહારનો? કોઈ ચીજ એકઠી થાય તો સંબંધ થાયને? એ પર્યાય નોકર્મનું કાર્ય છે. સમજાય છે કાંઈ? આ રજકણો અહીંયા એકઠા થયા છેને? .. એકઠા થયાને? એ બંધનું કાર્ય નોકર્મ જે છે તેનું એ વ્યાપ્ય છે, તેનું વ્યાપક નોકર્મ છે, આત્મા નહિ.

**શ્રોતા :-** એક જ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એક જ ક્યાં, અનંત પરમાણુ ભિન્ન-ભિન્ન છે. એક-એક પરમાણુ વ્યાપક થઈને પોતાની પર્યાયને કરે છે. બીજા પરિણામની સાથે સંબંધ નથી અને પરમાણુમાં પણ પૂર્વ પર્યાય કર્તા અને વર્તમાન પર્યાય કાર્ય, એમ પણ નથી. એ તો સીધું દ્રવ્ય પોતાના પરિણામને કરે છે તો કર્તા પરમાણુ અને પોતાની વ્યાપ્ય અવસ્થા તે તેનું કર્મ. જ્ઞાની અને અજ્ઞાની બેયનું એ કાર્ય નથી. અજ્ઞાનીને તો એની દૃષ્ટિ સ્વભાવ ઉપર નથી, હું પુણ્ય-પાપ કરું છે, મારી ક્રિયા છે, મારી ચીજ છે એમ માને છે, તેથી અજ્ઞાનીનું કાર્ય વિકાર છે અને વ્યાપક અજ્ઞાની આત્મા. સમજાય છે કાંઈ? પણ પરનું વ્યાપ્ય અજ્ઞાની આત્મા કરે શબ્દની જડની અવસ્થા એ તો અજ્ઞાનીમાં પણ નથી. સમજાય છે કાંઈ?

અહીંયા તો કહે છે, '**શબ્દ, બંધ, સંસ્થાન,...**' આ આકાર છેને? લાડવાના આકાર, દાળ-ભાતના આકાર, બધા સ્કંધના આકાર હોય છેને? એ સ્કંધનો આકાર એને કરનારા એ પરમાણુ છે અને એની વ્યાપ્ય પરમાણુની અવસ્થા છે. '**સ્થૂળતા,...**' આ લાકડા આદિ બધું સ્થૂળ છેને? '**સૂક્ષ્મતા..**' ભાષા આદિ. ભાષા આદિ સૂક્ષ્મ છે. ભાષા અંદર વર્ગણા, મનની વર્ગણા, મનની વર્ગણા એ સૂક્ષ્મ. એ મનની વર્ગણાની વ્યાપ્ય અવસ્થાને કરનાર એ પરમાણુ છે. વ્યાપ્ય મનની વર્ગણાનું કાર્ય મનની પર્યાય છે, આત્માની નહિ. સમજાય છે

કાંઈ? **'આદિરૂપે બહાર ઉત્પન્ન થતું...'** બહારના. પેલા અંતરંમાં ઉત્પન્ન થતાં. પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત વિકલ્પ જે અંતરંગ ઉત્પન્ન થાય છે એ વ્યાપ્ય અને તેને કરનારું કર્મ છે. કર્મ વ્યાપક છે અને એ કર્મના પરિણામ છે, ધર્મીના નહિ.

જ્યાં સુધી 'રાગ અને પુણ્ય હું છું' એવી મિથ્યાદૃષ્ટિ હતી, ત્યાં સુધી રાગ પરિણામ વ્યાપ્ય અને અજ્ઞાની આત્મા વ્યાપક એ તો બરાબર હતું. જ્યારે રાગથી પૃથક્ થઈને પોતાના વીતરાગી ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ થઈ તો રાગ વ્યાપ્ય અને આત્મા વ્યાપક છે એમ જ્ઞાનીને નથી રહેતું. સમજાય છે કાંઈ? એ **'બહાર ઉત્પન્ન થતું...'** જોયું! આ શરીર, ભાષા બધું બહાર ઉત્પન્ન થાય છે એ **'નોકર્મનું પરિણામ...'** એ નોકર્મનું પરિણામ. પરિણામ નામ કાર્ય. નોકર્મનું કાર્ય, આત્માનું નહિ. **'તે બધુંય પુદ્‌ગલપરિણામ છે.'** હવે બેય પુદ્‌ગલપરિણામ લીધા. બેને ભિન્ન પાડીને-અંતરંગ અને બહિરંગ ભિન્ન પાડીને બેય પુદ્‌ગલપરિણામ સામાન્ય લઈ લીધા. બેય પુદ્‌ગલપરિણામ. જેમ આ શરીરની પર્યાય છે, ભાષાની પર્યાય છે એ નોકર્મના પરિણામ છે, એમ પુણ્ય-પાપના રાગ કર્મનું પરિણામ; પણ એ બધા પુદ્‌ગલના જ પરિણામ છે. સમજાય છે કાંઈ?

**'પરમાર્થે,...'** હવે કહે છે કે પરમાર્થે એટલે ખરેખર. **'જેમ ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો (વ્યાપ્યવ્યાપકપણાનો) સદ્‌ભાવનો હોવાથી કર્તાકર્મપણું છે. '** **'જેમ ઘડાને અને માટીને...'** ઘડો વ્યાપ્ય છે-કાર્ય છે, માટી વ્યાપક છે-કર્તા છે. માટી કર્તા છે-દ્રવ્ય છે-વ્યાપક છે-પરિણમવાવાળી છે. ઘડો વ્યાપ્ય છે-કાર્ય છે-કર્મ છે-અવસ્થા છે-એનો અંશ છે. તો કહે છે કે **'ઘડાને અને માટીને...'** ઘડામાં પહેલો શબ્દ વ્યાપ્ય લેવો. માટીમાં વ્યાપક લેવો. ઘડો વ્યાપ્ય અને માટી વ્યાપક. ઘડો કાર્ય અને માટી કર્તા. ઘડો અવસ્થા, માટી અવસ્થાયી-પરિણામી. એ **'વ્યાપ્ય-વ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી...'** બેની વચ્ચે અવસ્થા અને અવસ્થાયી, કર્તા અને કર્મ બેનો સદ્‌ભાવ અસ્તિપણે હોવાથી **'કર્તાકર્મપણું છે.'** માટી કર્તા છે, ઘડો એનું કર્મ છે. સેઠી! કુંભાર નહિ. છે એની વાત કરી. પછી એમાં નથી એમાં આવી ગયું કે નહિ? એ.. પોપટભાઈ! આહાહા..! બનાવો સરખી. લાદીની. લાદી સંગ્રહો.

**શ્રોતા :-** નિમિત્ત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નિમિત્તથી થતી જ નથી એમ કહે છે. નિમિત્તની અસર આત્મામાં છે જ નહિ. સમજાય છે કાંઈ? આ વિકાર થાય છે એ નિમિત્તની અસરથી નહિ. અહીંયા તો રાગથી ભિન્ન પડેલો જ્ઞાની પોતાના જ્ઞાનસ્વભાવમાં પરિણમન કરવાવાળો એને જે થોડો રાગ રહ્યો તેનું વ્યાપ્ય આત્મા નથી, એમ સિદ્ધ કરવું છે. ભિન્ન નથી પડ્યો એવો અજ્ઞાની, એ વ્યાપ્ય એનું જ છે, કર્મનું છે જ નહિ. સમજાય છે કાંઈ? મિથ્યાત્વ, રાગ-દ્વેષ વ્યાપ્ય અજ્ઞાનીનું છે અને વ્યાપક આત્મા જ છે. કર્મ વ્યાપક અને વિકારી વ્યાપ્ય એમ તો છે

નહિ. અહીંયા તો સાધકસ્વભાવ જ્યાં પ્રગટ થયો, રાગ અને નિમિત્તથી ખસીને શુદ્ધ ઉપાદાન ચૈતન્ય વસ્તુની દૃષ્ટિ અનુભવ થયો તો પછી રાગથી પૃથક્ થયો, તો પૃથક્ ચીજનો કાર્ય કરવાવાળો આત્મા ક્યાંથી થયો? એમ કહે છે. સમજાય છે કાંઈ? જ્યાં સુધી રાગ અને વિકલ્પને પોતાના માનતો હતો ત્યાં સુધી તો એ પોતાનો થયો. એ તો કર્તા અજ્ઞાની આત્મા અને કાર્ય એનું જ છે. સમજાય છે કાંઈ?

અહીંયા તો કર્મ, શરીર અને આસ્રવ વિકલ્પ વ્યવહારથી ભિન્ન પડેલો ભગવાન, એવી જે દૃષ્ટિ થઈ તો એમાં આસ્રવ ક્યાં આવ્યો? એમાં ન આવ્યો તો બાકી રહેલો આસ્રવ આત્માનું કાર્ય નહિ, એ કાર્ય કર્મનું છે. આહાહા..! સમજાય છે કાંઈ? '**તે બધુંય પુદ્‌ગલપરિણામ છે. પરમાર્થે જેમ ઘડાને અને માટીને જ...**' કર્મ અને કર્તાપણાનો સદ્‌ભાવ છે. પહેલાં વ્યાપ્યવ્યાપક શબ્દ વાપર્યો ઈ બરાબર છે. પછી કર્તાકર્મ શબ્દ વાપર્યો એ મેળ માટે. ઘડો કર્તા નથી, ત્યાં માટી કર્તા છે. ઘડો તો વ્યાપ્ય કર્મ છે. મેળ આમ કર્યો. માટી કર્તા છે, ઘડો વ્યાપ્ય કર્મ છે. વ્યાપક માટી છે, એ કર્મ છે. એ સદ્‌ભાવ બરાબર છે.

'**તેમ પુદ્‌ગલપરિણામને અને પુદ્‌ગલને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્‌ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' શું કહે છે? જેમ માટીનું વ્યાપકપણું નામ કર્તાપણું અને ઘડાનું વ્યાપ્યપણું નામ કર્મપણાનો સદ્‌ભાવ હોવાથી બરાબર છે. તેમ પુણ્ય-પાપ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વ્યાપ્ય છે અને તેનું વ્યાપક પુદ્‌ગલ છે એ બરાબર છે. પ્રકાશચંદજી! એ.. બલુભાઈ! આ તો અવલદોમની વાત છે. કરે તો. સમજાણું કાંઈ? કરે તો ન્યાલ છેને? આહાહા..! વસ્તુ એવી છે ભગવાન. એક સમયનો ઉદય વિકૃત ભાવથી આત્મા ભિન્ન પડી ગયો. પોતાનો માની રાખ્યો હતો ત્યાં સુધી તો એ જ કર્તા અને તે જ એનું કર્મ. પણ જ્યાં 'રાગ વિકલ્પ મારામાં નથી અને એ હું નથી. હું તો અનંત જ્ઞાન, દર્શન, આનંદનો કંદ પિંડ આત્મા છું.' એવી દૃષ્ટિ જ્યાં જ્ઞાનમાં આવી અને ભાન, અનુભવ થયો તો એમાં જે થોડો રાગ બાકી રહ્યો, એ માટી કર્તા અને ઘડો કર્મ, એ રાગ વ્યવહારરત્નત્રયના વ્યાપ્ય પરિણામ એ કર્મ અને પુદ્‌ગલ એનું વ્યાપક નામ કર્તા છે. ધર્મી આત્મા કર્તા અને એ એનું વ્યાપ્ય એમ છે નહિ. ગોદિકાજી! કોણ પાળે? પંચમહાવ્રત પાળ્યા, એમ કહે છે. એ તો વ્યવહારથી કથન કર્યું. અને મહાવ્રત તો અસદ્‌ભુતવ્યવહારનયથી છે. વ્યવહાર પણ અસદ્‌ભુતવ્યવહાર છે ઈ. અસદ્‌ભુતવ્યવહારનો અર્થ એ આત્મામાં છે જ નહિ, એમ એનો અર્થ થયો. તો કરે ક્યાંથી આવ્યું? છે જ નહિ તો કરે ક્યાંથી આવ્યું? પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણ છે એ અસદ્‌ભુત વ્યવહારનયનો વિષય છે. અસદ્‌ભુતનો અર્થ સ્વભાવમાં નથી. સમજાય છે કાંઈ? પ્રકાશચંદજી! એવી વાત છે, ભગવાન! આહાહા..! લોકો સમજે નહિ. લઈ લો, સાધુ થઈ જાઓ. હજી ભાન નથી વસ્તુનું અને સાધુ ક્યાંથી આવ્યો? સમજાય છે કાંઈ? લોકોને આકરું લાગે છે. અરેરે..! પાળે છે. શું પાળે છે? એ તો મિથ્યાત્વ પાળે છે. ભગવાન! દેહની ક્રિયા હું કરું

છું અને વિકલ્પ ઉઠે છે તેના ઉપર તારી દૃષ્ટિ છે અને એ મારું કાર્ય માને છે તો મિથ્યાત્વનું પોષણ કરે છે. ક્ષણે-ક્ષણે મિથ્યાત્વનું પોષણ કરે છે. મિથ્યાત્વની પુષ્ટિ થાય છે. સમજાય છે કાંઈ? આ તો વસ્તુની સ્થિતિ છે. કોઈ વ્યક્તિગતની વાત નથી. વસ્તુ સ્થિતિ છે.

ભગવાન આત્મા આખો અનંત ગુણનો પિંડ ચૈતન્યની દૃષ્ટિમાં તો રહ્યો નહિ. જ્ઞાન પરિણતિને કરવાવાળો ભગવાન તો દૃષ્ટિમાં રહ્યો નહિ. કારણ કે દૃષ્ટિ અંદર થઈ નથી, અનુભવ થયો નથી, સમ્યગ્દર્શન છે નહિ. પછી જે રાગાદિ છે એ તો રાગનો કરવાવાળો અને રાગ મારું કાર્ય એ દૃષ્ટિ થયા વિના રહે જ નહિ. તો મિથ્યાત્વનું જ ક્ષણે-ક્ષણે પોષણ કરે છે. સમજાય છે કાંઈ? આહાહા..! એ મિથ્યાત્વ એનું વ્યાપ્ય છે અને આત્મા તેનો વ્યાપક છે.

અહીંયા તો રાગ અને વિકલ્પથી ભિન્ન પડેલા આત્માનું કાર્ય શું? એ વાત ચાલે છે. સમજાય છે કાંઈ? કર્મ તો નહિ, શરીર તો નહિ, પ્રજા તો નહિ, દેશ તો નહિ, કુટુંબ નહિ પણ અંદરમાં શુભ રાગાદિ છે તે પણ પોતાનો નથી. પોતાનો હોય તો પોતામાંથી નીકળે નહિ. એ પોતાનો છે જ નહિ. ... શુદ્ધ વસ્તુસ્વભાવ એ મારો પોતાનો છે. એવી દૃષ્ટિમાં રાગાદિ વ્યવહારરત્નત્રયના જે પરિણામ, મહાવ્રતના તો .. એ કર્મ વ્યાપક અને એ વ્યવહારના પરિણામ વ્યાપ્ય. ઘટ વ્યાપ્ય અને માટી વ્યાપક, એમ કર્મ વ્યાપક અને એ પરિણામ વ્યાપ્ય, એ સદ્ભાવ બરાબર છે. સમજાય છે કાંઈ? છે કે નહિ એમાં?

જુઓ, '**ઘડાને અને માટીને જ વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ...**' સદ્ભાવ-સાચો ભાવ. સાચો ભાવ હોવાથી '**કર્તાકર્મપણું છે...**' માટી કર્તા, ઘડો કાર્ય એ તો એનો યથાર્થ સદ્ભાવ છે. '**તેમ...**' તે જ પ્રકારે '**પુદ્ગલપરિણામ...**' પુદ્ગલપરિણામમાં બેય લેવા. દયા, દાન, વ્રતાદિ, રાગાદિ, સુખ-દુઃખની કલ્પના અંતરંગ અને બહિરંગ ભાષા આદિની પર્યાય, .. કરવાની પર્યાય. એ પુદ્ગલપરિણામમાં બેય લીધા. '**પુદ્ગલપરિણામને અને પુદ્ગલને...**' પહેલા એ પુદ્ગલપરિણામ લીધા. પુદ્ગલપરિણામમાં બે પ્રકાર આવ્યા, અંતરંગ પરિણામ અને બહિરંગ પરિણામ, એ બેય પુદ્ગલપરિણામ છે. કર્મપરિણામ અને નોકર્મપરિણામ બેય પુદ્ગલપરિણામ છે. વ્યવહાર વિકલ્પ છે એ પણ પુદ્ગલપરિણામ અને શરીરની અવસ્થા પણ પુદ્ગલપરિણામ, ભાષાની અવસ્થા પુદ્ગલપરિણામ. બેય પુદ્ગલપરિણામને પુદ્ગલ સાથે વ્યાપ્યવ્યાપક છે. એ પરિણામને અને પુદ્ગલને વ્યાપ્યવ્યાપકભાવનો સદ્ભાવ. એ પરિણામ-વિકારી પરિણામ અને શરીરની અવસ્થા એ વ્યાપ્ય અને કર્મ અને નોકર્મ વ્યાપક, એનો સદ્ભાવ બરાબર છે. બેનો '**સદ્ભાવ હોવાથી કર્તાકર્મપણું છે.**' છે પંડિતજી એમાં? એમ છે એમાં, જુઓ, સમજાય છે કાંઈ?

જેમ માટીમાં અને ઘડામાં એ જ માટી વ્યાપક થઈને, પ્રસરીને, ફેલાઈને ઘડારૂપ થાય છે તો ઘડો એનું વ્યાપ્ય-કાર્ય-દશા માટીનું. તેમ રાગ-દ્વેષ, દયા, દાન, વ્રત, ભક્તિના પરિણામ વ્યાપ્ય કર્મ પરિણામ અને પુદ્ગલ એનું વ્યાપક. પુદ્ગલ પ્રસરીને એ પરિણામ થાય છે. આત્મા

વિસ્તાર થઈને શું વિકાર થાય છે? શું આત્મામાં છે? સમજાય છે કાંઈ? કર્તાકર્મપણું છે. પહેલા એ સિદ્ધ કર્યું, હવે વિશેષ સિદ્ધ કરે છે. કર્તા કોને કહીએ? સ્વતંત્રપણે કરે તે કર્તા. કહે છે કે વ્યવહારરત્નત્રયનો જે વિકલ્પ ઉત્પન્ન થાય છે, ત્યાં નિશ્ચયરત્નત્રયના પરિણામ છે તેની થોડી અપેક્ષા રાખીને વ્યવહારનો વિકાર થાય છે? આ નિશ્ચય છે, શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવનું અંતર સમ્યગ્દર્શન-જ્ઞાન-સ્થિરતા થઈ દ્રવ્યના આશ્રયે એ નિશ્ચય મોક્ષનો માર્ગ એ છે, તો એટલી અપેક્ષા રાખીને વ્યવહારરત્નત્રયનો વિકલ્પ આવે છે કે એ સ્વતંત્ર છે? નિશ્ચયસમ્યગ્દર્શન-જ્ઞાન થયા એ કર્તા અને વ્યવહાર વિકલ્પ દયા, દાનનું એ કાર્ય એમ છે નહિ. એ તો પહેલા ના પાડી કે એમ નથી. ત્યારપછી વિશેષ સિદ્ધ કરે છે.

‘**પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક...**’ છે. જુઓ, દેવચંદજી! ગાથા બહુ ઊંચી છે. આહાહા..! સમજ્યા? આહાહા..! ભગવાન આત્મા ચૈતન્ય જ્ઞાયકસ્વરૂપ પૂર્ણાનંદ પ્રભુ એવા શુદ્ધ ચૈતન્યની દૃષ્ટિ થઈ તો એમાં વ્યાપક ભગવાન થઈને પોતે નિર્મળ પર્યાય તેનું વ્યાપ્ય છે. નિર્મળ પર્યાય વ્યાપ્ય છે તો તેના સ્થાનમાં દયા, દાન, વ્રતના પરિણામ એ ભૂમિકાને યોગ્ય જ આવે છે. ચોથા ગુણસ્થાનને યોગ્ય પૂજા, ભક્તિ આદિ છે, એ વ્રત ત્યાં નથી. પંચમમાં વ્રતાદિ વિકલ્પ, છઠ્ઠામાં પંચમહાવ્રતનો વિકલ્પ. તો એ ભૂમિકાને યોગ્ય પર્યાયને યોગ્ય એવા વિકલ્પ આવ્યા તો એને કોઈ નિશ્ચયની અપેક્ષા એ પરિણામમાં છે કે નહિ? વજુભાઈ! એને યોગ્ય હોય છે, એને યોગ્ય હોય છે; પણ એને યોગ્ય હોય છે એ કેવા હોય છે? સાંભળ તો ખરો. લોકો રાજી થાય કે આહા..! મુનિ થાયને.. નિશ્ચય હોય ત્યાં એવું હોય, એવું હોય. કહે છે કે, હોય છે ત્યાં નિશ્ચયની અપેક્ષા સહિત હોય છે કે સ્વતંત્ર હોય છે? એમ કહે છે. નહિ. સમજાય છે કાંઈ? પહેલા તો કર્મકર્મ સિદ્ધ કરી દીધું. વિશેષ સિદ્ધ કરે છે હવે. કર્તા-સ્વતંત્રપણે કરે તે કર્તા. દર્શન, જ્ઞાન થયા નિશ્ચય સ્વભાવમાં તો એટલી અપેક્ષા યોગ્ય રાખીને વ્યવહારરત્નત્રય ઉત્પન્ન થયા એવી કોઈ અપેક્ષા છે એને? એક વાત.

જેમ વ્યવહાર વિકલ્પની અપેક્ષા વિના નિશ્ચયસમ્યગ્દર્શન નિરપેક્ષ થાય છે. પોતાનો આત્મા પોતાની શુદ્ધ ચૈતન્ય વસ્તુની અપેક્ષા કરીને રાગ અને વ્યવહારની અપેક્ષા છોડીને નિશ્ચયથી સ્વના આશ્રયે પરની અપેક્ષા વિના સમ્યગ્દર્શન-જ્ઞાન જે થાય છે એ નિશ્ચયથી પરની અપેક્ષા વિના નિરપેક્ષ થાય છે. વ્યવહાર છે તો નિશ્ચય થાય છે એમ નથી. વ્યવહાર કર્તા અને નિશ્ચય કર્મ થાય એવી વસ્તુ નથી. હવે તો કહે છે કે વ્યવહાર હતો તો નિશ્ચય થયો એમ તો નથી, પણ નિશ્ચય છે તો વ્યવહાર છે એમ પણ નથી, એમ કહે છે. આહાહા..! ગોદિકાજી! બહુ સારી ગાથામાં આવી ગયા છો. એ વખતે કહ્યું હતું. તમે સોળ લાખ ખર્ચ્યા તો એમાં કોઈ ધર્મ નથી. તમારો રાગ મંદ થયો હોય તો પુણ્ય છે, ધર્મ-બર્મ નથી, એને કહ્યું હતું. સમજાય છે કાંઈ? એવી ચીજ નથી માખણ ચોપડવાની કે બહુ પૈસા ખર્ચ્યા એટલે જાઓ તમને ધર્મ થઈ જશે. ક્યાંથી ધર્મ થયો? પરની ક્રિયામાંથી ધર્મ થાય છે? એમાં કોઈ રાગની

મંદતા થઈ તો તેનાથી ધર્મ થાય છે? બિલકુલ નહિ.

અહીં તો કહે છે, એ રાગ પરિણામ છે તો નિશ્ચયસમ્યગ્દર્શન થાય છે એમ છે નહિ. આત્મા ધ્રુવ છે તો પરિણામ થાય છે એમ સિદ્ધ કરવું છે. સમજાય છે કાંઈ? સત્ સત્ત્વ ભગવાન શુદ્ધ સત્તા છે તો સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય તેનાથી થાય છે. રાગ છે, વ્યવહાર છે, વ્યવહાર એટલો અનુકૂળ થયોને? રાગનો શુભોપયોગ હોય તો શુભમાંથી શુદ્ધમાં (અવાયું ને)? બિલકુલ નહિ, એમ કહે છે. ઈ તો વ્યવહારથી કથન છે, વસ્તુ એવી નથી. દેવચંદજી! શુભોપયોગ હોય તો એને શુદ્ધતા થવામાં અનુકૂળતા રહે. એ વ્યવહારના કથન છે. સમજાય છે કાંઈ? ભગવાન આત્મા પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રનું નિશ્ચયનું આચરણ છે એમાં વ્યવહારની અપેક્ષા બિલકુલ છે જ નહિ. કેમકે કર્તા આત્મા સ્વતંત્ર થઈને પરની અપેક્ષા રાખ્યા વિના પોતાના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વ્યાપ્ય રૂપી કર્મ કરે છે. દીપચંદજી! એ ખ્યાલમાં આવે એવી વાત છે. બહુ સૂક્ષ્મ નથી. આહાહા..! પ્રકાશચંદજી! એમ કહ્યું, ક્રમબદ્ધનું.. પણ ક્રમબદ્ધ તો ઠીક પણ આ એક બીજી વાત અંદર એવી છે. (સંવત) ૨૦૧૩ની સાલમાં કહ્યું હતું, ક્રમબદ્ધ ન નીકળ્યું હોત તો જૈનદર્શનનો એક અંગ અધૂરો રહી જાત. તે દી કહ્યું હતુંને? ક્રમબદ્ધ.. ક્રમબદ્ધ. બહુ પ્રમોદ બતાવતા હતા. ક્રમબદ્ધ એવું આવ્યું, આ વાત ન હોત તો જૈનદર્શનનું એક અંગ અધૂરું રહી જાત. વસ્તુસ્થિતિ... ક્રમબદ્ધની જેમ આ વાત પણ જુદી છે. સમજાય છે કાંઈ? .. કેટલો સમાવેશ કરી દીધો છે! ઓહો..! ગજબ વાત! સંતોની શૈલી એમનો ભાવ તો અદ્ભુત પણ વાણીમાં કેવું આવ્યું! ભાવ આવો છે તો વાણી આવી એમ નથી, એમ કહે છે અહીં તો. આહાહા..! ભગવાન! આહાહા..!

અહીં તો વાણી આવી એમ તો નથી પણ નિશ્ચયની જેટલી ભૂમિકા નિર્મળ થઈ તે સ્વતંત્ર આત્મા કર્તા થઈને થઈ છે, વ્યવહારની અપેક્ષા રાખીને થઈ છે એમ નથી. એ વાત તો ત્યાં રહી. અહીંયા તો કહે છે, જે પંચમ અને છઠ્ઠા ગુણસ્થાનના પ્રમાણમાં પંચમહાવ્રતના કષાયની મંદતાના પરિણામ થાય છે તો એની નિર્મળ પર્યાયની ભૂમિકાની કંઈ પણ અપેક્ષા રાખીને થાય છે કે સ્વતંત્ર થાય છે? પંડિતજી! એમ છે કે નહિ? ભાગ્યશાળી... નહિ, એમ કહે છે. એની પર્યાયમાં એને કારણે છે, પરને કારણે નહિ. શેઠી! પરને કારણે તો નહિ, પણ એ વિકલ્પ આવ્યો તેને કારણે જ્ઞાનની પર્યાય થઈ એમ પણ નથી. માર્ગ બાપા! વસ્તુ સ્વતંત્ર છે.

ભગવાન આત્મા.. ઓહોહો..! જુઓને, પરમાં વ્યાપ્યવ્યાપક નથી ને કેટલી સ્વતંત્રતા બતાવે છે! ભગવાન આત્મા પોતાનું વ્યાપક થઈને એ વ્યાપ્ય જે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર વીતરાગી પર્યાય એ ધર્મરૂપી કાર્ય થયું તો કહે છે કે કર્તા તો દ્રવ્ય છે અને દ્રવ્ય તો સ્વતંત્ર છે. એ સ્વતંત્ર થઈને સમ્યગ્દર્શન-જ્ઞાન પર્યાય પ્રગટ કરી છે, કોઈ રાગ મંદ હતો તો તેની વ્યવહારની મદદથી થઈ છે એમ પણ નથી અને પૂર્વની પર્યાય થોડી નિર્મળ થઈ તો તેને

કારણે આ પર્યાય થઈ એમ પણ નથી. એ દ્રવ્ય જ સીધું સ્વતંત્ર કર્તા છે. દ્રવ્ય જ સ્વતંત્ર સીધુ કર્તા થઈને પોતાના શ્રદ્ધા, જ્ઞાન, શાંતિના પરિણામ-કર્મનો એ કર્તા છે. તો એ વખતે ભૂમિકાને યોગ્ય જે રાગ-વ્યવહાર આવે છે એ વ્યવહારનો કર્તા કોણ છે? એ વ્યવહારનો કર્તા પુદ્ગલ છે. તો પુદ્ગલ તો સ્વતંત્ર કર્તા છે. નિશ્ચય આવો છે તો આવો વ્યવહાર આવ્યો એટલી અપેક્ષા વ્યવહારને નથી. નિશ્ચયમાં વ્યવહારની અપેક્ષા નથી અને વ્યવહારમાં નિશ્ચયની અપેક્ષા નથી. છે એમ એમાં કે નહિ? શિક્ષક લોકોએ આ સમજવું જોઈએ. સમજાય છે કાંઈ? ગાથા એવી વસ્તુ છે આ.

કહે છે, સદ્ભાવ એ તો કર્તાકર્મને સિદ્ધ કર્યું, પણ હવે કર્તાએ કેવી રીતે કર્યું? કે પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર છે, સ્વતંત્ર થઈને કર્યું છે. એ ભૂમિકામાં ચોથે ગુણસ્થાનને યોગ્ય એવો વિકલ્પ આવ્યો, પંચમમાં એને યોગ્ય બાર વ્રતનો વિકલ્પ, છઠ્ઠામાં એને યોગ્ય મહાવ્રતના વિકલ્પ-રાગ. એ પરિણામમાં નિશ્ચયની જે ભૂમિકા છે (એની મદદથી થયા છે એમ નથી). આવે છે કે નહિ? એઈ..! ચરણાનુયોગમાં. દ્રવ્યાનુસારી ચરણ અનુસારી.. એ બધા અર્થ કર્યા છે એણે. આવે છેને ચરણાનુયોગમાં? દ્રવ્યને અનુસારે વિકલ્પ થાય છે. જેટલી ભૂમિકા નિર્મળ હોય એ પ્રમાણે વિકલ્પ થાય છે અને વિકલ્પને અનુસારે આવું હોય તો એને નિર્મળ આવું જ હોય એમ જ્ઞાન કરવા માટે છે. અહીં તો ના પાડી છે. ચરણાનુયોગમાં લીધું છે. સમજાય છે કાંઈ? દ્રવ્યાનુસારી ચરિત્રં. ચરિત્રાનુસારી દ્રવ્યં. એમાં બતાવવું છે કે ભગવાન આત્મા.. ત્યાં દ્રવ્ય એટલે નિર્મળ પર્યાય લેવી છે. જેટલી નિર્મળ પર્યાય થઈ તેને અનુસાર જ ત્યાં વિકલ્પની ભૂમિકા હોય છે અને વિકલ્પની ભૂમિકા અનુસાર પંચમહાવ્રત, અઠ્યાવીસ મૂળગુણના (વિકલ્પ હોય) ત્યાં એટલા જ નિર્મળ (પરિણામ) આ બાજુ નિશ્ચયના હોવા જોઈએ. એટલું બતાવ્યું છે. કર્તા બે નથી. હવે અહીં તો કાઢી નાખો. ચરણાનુયોગની વિધિ બતાવવામાં બતાવ્યું છે. તત્ત્વજ્ઞાનની દૃષ્ટિમાં એ કર્તાકર્મ છે જ નહિ. નિશ્ચયને અનુસારે વ્યવહાર છે અને વ્યવહારને અનુસારે નિશ્ચય છે એમ છે જ નહિ. સમજાય છે કાંઈ? ઓહોહો..! એનું વળી યાદ આવી ગયું. એ શ્લોક આવે છેને? બરાબર મેળવાળો શ્લોક છે, આવી ગયું મગજમાં. સમજ્યાને? એક કોર ભગવાન આમ કહે, વળી એક કોર આમ કહે. એ કહેવામાં આશય છે. ત્યાં તો વ્યવહારથી ભૂમિકામાં કેવો હતો એ જણાવ્યું છે, પણ એ વ્યવહાર ઉત્પન્ન થયો (એમાં) પુદ્ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. સમજાણું કાંઈ? કર્મ સ્વતંત્ર વ્યાપક છે. નિશ્ચય પર્યાય ઉત્પન્ન થઈ છે તો એને એવો વ્યવહાર આવવો જોઈએ એની અપેક્ષા રહે એવું વ્યવહારમાં છે જ નહિ. નહિતર સ્વતંત્ર કર્તા થઈ શકે નહિ. કર્તાની વ્યાખ્યા, સ્વતંત્ર થઈને કરે (તે કર્તા). સમજાય છે કાંઈ? આવી વાત છે. અલૌકિક વાત છે! હિંમતભાઈ!

વસ્તુ એવી રચે, એમ ભાષામાં લાવીને કહે... એવી કોઈ રચના સમયસારની કોઈ પળે થઈ ગઈ છેને! અલૌકિક રચના, અલૌકિક! કેવળજ્ઞાન ભગવાન! યોગને કાળે સમ્યગ્દર્શન-

જ્ઞાનની પર્યાયનો કર્તા આત્મા અને એ સમ્યગ્દર્શનની પર્યાયમાં રાગનો અભાવ છે અને વ્યવહારમાં નિશ્ચયનો અભાવ છે. એકબીજામાં તો અભાવ છે તો અભાવમાં આની અપેક્ષાએ આ અને આની અપેક્ષાએ આ, એમ હોય નહિ. માણસ ન સમજે એટલે કહે, એકાંત છે. અરે..! ભગવાન! ભાઈ! આ સાચું છે. નહિતર કોઈ મેળ નહિ પડે. કોઈ રીતે મેળ નહિ ખાય. વ્યવહારને વ્યવહાર સિદ્ધ કરવો હોય, નિશ્ચયને નિશ્ચય સિદ્ધ કરવો હોય તો પરની અપેક્ષા વિના સિદ્ધ થઈ શકે છે, અપેક્ષા રાખીને સિદ્ધ ન થઈ શકે. ઈ આવે છેને? આત્મમિંમાસામાં ધર્મી ધર્મ બે નિરપેક્ષ પહેલા સિદ્ધ કરવા. ધર્મીથી ધર્મ અને ધર્મથી ધર્મી એમ નહિ. આત્મમિંમાસામાં આવે છે. ધર્મી સ્વતંત્ર નિરપેક્ષ છે, ધર્મની અપેક્ષા વિના. ધર્મ સ્વતંત્ર છે ધર્મીની અપેક્ષા વિના, એવો પાઠ આત્મમિંમાસામાં છે. પછી વ્યવહાર. શું ધર્મ ધર્મીનો છે અને આ ધર્મીનો આ ધર્મ છે? બેય નિરપેક્ષ સિદ્ધ થયા વિના.. બે સિદ્ધ કરવા છે, બે સિદ્ધ કરવા છે તો પોતાની સ્વતંત્રતા સિદ્ધ થયા વિના બીજું સિદ્ધ ક્યાંથી થશે? પછી કહે કે આ નિશ્ચયવાળાને આમ છે, વ્યવહારવાળાને કેવો નિશ્ચય હોય છે. સમજાય છે કાંઈ? ચંદુભાઈ! કેટલાક .. બહુ તૈયાર છે.

કહે છે, આહા..! આવી ટીકા રચાતી હશે અને એ વખતે જ્ઞાનના ઘોલનમાં શું વાત હશે! વિકલ્પ ઉઠ્યો છેને સૂત્ર રચવાનો, સૂત્ર રચવાનો. એ વિકલ્પ, મારી જ્ઞાનપર્યાય નિશ્ચય આવી છે એટલે વિકલ્પ ઉઠ્યો છે એમ નહિ. એ વિકલ્પનો સ્વતંત્ર કર્તા પુદ્ગલ જ છે, હું નહિ. સમજાય છે કાંઈ? દેવચંદજી! આહાહા..! વીતરાગી સંતોની વાત તો જુઓ, વીતરાગ સંત છે. કહે છે કે આ રાગ આવ્યોને સૂત્ર રચવાનો? એનો કંઈક ભાગ ખરો કે નહિ? તમારા ભાવમાં હતું તો આમ થયું, એમ જ્ઞાનમાં હતું એવી કોઈ અપેક્ષાથી રાગ આવ્યો છે?—નહિ, તે કાળે કર્મના પરિણામરૂપ કર્મ સ્વતંત્ર થઈને પોતાથી ભિન્ન જે ચીજ છે અને તેનાથી હું ભિન્ન છું તો મારી પરથી ભિન્નતાના પરિણામ ભિન્ન રાગની અપેક્ષા વિના થયા છે અને મારા પરિણામથી ભિન્ન રાગાદિ છે એ પણ મારા પરિણામની અપેક્ષા વિના થયા છે. આહાહા..!

કહે છે કે અમે તો આત્મા છીએ અને અમારી શ્રદ્ધા, જ્ઞાન, ચારિત્રની પર્યાય નિર્મળ વીતરાગી છે. તો અમારા વીતરાગ પરિણામની અપેક્ષા રાખીને સમજાવવાનો વિકલ્પ ઉઠ્યો છે એમ બિલકુલ નથી. પરના હિત માટે ઉઠ્યો છે અમારા ભાવમાં એમ છે તો એમ છે? બિલકુલ નહિ; અને આવો વિકલ્પ ઉઠ્યો છે તો એની અપેક્ષા હોય તો મારી નિર્મળ અવસ્થા થાય છે, એમ બિલકુલ નથી. વ્યવહારની અપેક્ષામાં નિશ્ચયની અપેક્ષા નહિ અને નિશ્ચયયની અપેક્ષામાં વ્યવહારની અપેક્ષા નથી. બે વસ્તુ ભિન્ન છે. સેઠી! જરી ઝીણી વાત છે. આમ છે.

ભગવાન આત્મા... કહે છે, ઓહોહો..! ભગવાન વસ્તુ શુદ્ધ જ્ઞાયક વીતરાગસ્વરૂપ પ્રભુ એવી દૃષ્ટિ થઈ, જ્ઞાન એવું થયું. એ જ્ઞાન અને દૃષ્ટિની પર્યાય પોતાનું કાર્ય છે. પણ એ

દૃષ્ટિની પર્યાય એવી થઈ છે તો એ ભૂમિકાને યોગ્ય એનો રાગ છે તો નિશ્ચયની જરી અપેક્ષા છે અને રાગ ઉઠે છે એમ બિલકુલ નથી. છઠ્ઠા ગુણસ્થાનને યોગ્ય રાગ ઉઠ્યો છે માટે છઠ્ઠા ગુણસ્થાનની નિર્મળ અવસ્થાની કોઈ અપેક્ષા મહાવ્રતના પરિણામને છે?-એમ બિલકુલ નથી. અને મહાવ્રતના પરિણામ જે થાય છે એને નિશ્ચયની જરીયે અપેક્ષા છે?-બિલકુલ નહિ. દેવચંદજી! આહાહા..!

**શ્રોતા** :- બન્ને જુદેજુદાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- જુદેજુદાં. .. એનો અર્થ જ ભિન્ન-ભિન્ન. આહાહા..!

પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક છે. એ પુદ્‌ગલદ્રવ્ય કર્મ અને નોકર્મ બેય '**પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપક હોવાથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે...**' સ્વતંત્ર વ્યાપક છે. તેથી દયા, દાન વિકલ્પનો કરવાવાળો સ્વતંત્ર થઈને કરે છે. સમજાય છે કાંઈ? ઓહો..! ભગવાન જ્ઞાનસ્વરૂપ છે, રાગ અજ્ઞાનસ્વરૂપ છે. અજ્ઞાન નામ એમાં જ્ઞાન નથી. રાગથી ભિન્ન પડેલો આત્મા પોતાના સ્વભાવનો સ્વતંત્ર કર્તા છે, વ્યવહારની અપેક્ષા રાખ્યા વિના. વ્યવહાર પુદ્‌ગલના પરિણામ જે થયા એ સ્વતંત્ર પુદ્‌ગલ તેનો સ્વતંત્ર કર્તા છે, આત્માની નિર્મળ પર્યાયની અપેક્ષા રાખ્યા વિના. સમજાય છે કાંઈ? તેથી પુદ્‌ગલપરિણામનો કર્તા છે. કેમ? કે પુદ્‌ગલ સ્વતંત્ર વ્યાપક છે. પુદ્‌ગલ પરવસ્તુ આત્માથી ભિન્ન થઈ ગઈ એ સ્વતંત્રપણે તે ભૂમિકામાં એવા પરિણામ પોતાને કારણે આવે છે. પુદ્‌ગલપરિણામ કર્તા છે એટલે પુદ્‌ગલપરિણામનો એ પુદ્‌ગલ જ કર્તા છે. ક્યાં આવ્યું જેઠાભાઈ? ઈ શું અર્થ કર્યો? પુદ્‌ગલદ્રવ્ય સ્વતંત્ર વ્યાપકમાં શું વ્યાખ્યા કરી? એની વ્યાખ્યા શું કરી? કર્મ પરિણામ પણ નિશ્ચયની અપેક્ષા વિના. નિર્મળ પર્યાય છે તેની અપેક્ષા વિના વ્યવહાર ઉત્પન્ન થાય છે. પુદ્‌ગલનું કામ છે, નિશ્ચયની અપેક્ષા વિના. સમજાય છે કાંઈ? ઓહોહો..! તારો માર્ગ કેવો છે એની ખબર નહિ અને જાણે કે હું ધર્મ કરું છું.

ભગવાન! તારી ચીજમાં તો રાગ છે જ નહિ, પ્રભુ! ઉદયભાવ જ નથી. પરમપારિણામિકભાવ સ્વભાવમાં ઉદય ક્યાંથી આવ્યો? ભગવાન ચૈતન્ય સ્વભાવ એકલો ભાવ એ રૂપે પરિણમવાવાળો પ્રભુ એવો જ્ઞાની નામ ધર્મી નામ સમ્યગ્દૃષ્ટિ કર્તા દ્રવ્ય. એમાં વ્યાપક પર્યાય તો ... એમાં રાગની વ્યવહારની અપેક્ષા રાખીને કર્તા થઈને નિર્મળ પર્યાય થઈ છે એમ છે જ નહિ અને નિર્મળ પર્યાય થઈ છે ભૂમિકાયોગ્ય, તેટલા પ્રમાણમાં ત્યાં ભાષા.. જુઓ, કેવળજ્ઞાન થયું તો ભાષા કેવી નીકળે છે. એમાં કેવળજ્ઞાનની અપેક્ષા ભાષામાં છે કે નહિ? કહો! એવી ભાષા દિવ્યધ્વનિ નીકળે છે, બીજાને નથી. એટલું કેવળજ્ઞાન છે તો એટલા પ્રમાણમાં ભાષાના કાળે ભલે ભાષા નીકળી તો ભાષાને કેવળજ્ઞાનની કોઈ અપેક્ષા છે કે નહિ?-બિલકુલ નહિ. એઈ..! એ પુદ્‌ગલ સ્વતંત્ર કર્તા થઈને ભાષાની પર્યાયનું કાર્ય કરે છે. કેવળજ્ઞાનની અપેક્ષા છે તો આવી દિવ્યધ્વનિની પર્યાય થાય છે એમ છે જ નહિ.

પ્રકાશચંદજી! સાધારણ માણસને બિચારાને એવું થઈ જાય...

ભાષા જે દિવ્યધ્વનિ થાય છે.. કેવળજ્ઞાન અનુસાર થાય છે એમ શાસ્ત્રમાં આવે છે, લ્યો. બીજા કળશમાં ન આવ્યું? સર્વજ્ઞ અનુસારીણી વાણી. લ્યો, બીજો કળશે. ક્યાંનું ક્યાં યાદ આવી જાય છે. એમાં છે. એ તો નિમિત્તથી કથન છે. વાણીની પર્યાયમાં સ્વતંત્ર પુદ્‌ગલ પરમાણુ વ્યાપક થઈને વ્યાપ્ય થાય છે. કેવળજ્ઞાનની અપેક્ષા રાખીને વાણી થાય છે એમ છે નહિ. આહાહા..! એની પણ મોટી ચર્ચા થઈ છે. ખાણિયા ચર્ચા. શું વાણીમાં પરની અપેક્ષાથી પ્રમાણતા આવી છે?-બિલકુલ નહિ. સ્વની અપેક્ષાથી પ્રમાણતા છે. સમજાય છે કાંઈ?

**'અને પુદ્‌ગલપરિણામ તે વ્યાપક વડે સ્વયં વ્યપાતું હોવાથી...'** એ ભાષા થોડી બાકી છે, હોં! એ પછી કાલે આવશે. સ્વયં શબ્દ પડ્યો છેને, એનો અર્થ થશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ-૧૫-૧૬
## પ્રવચન નં.૫૪૪, તા.૧૩-૧૨-૧૯૭૦
## (૧૮)

આ સમયસારનું પરિશિષ્ટ છે. પહેલો અધિકાર. શક્તિનું વર્ણન. આત્મા વસ્તુ છે સર્વજ્ઞે જે જોઈ એને પ્રગટ કરી. એવો આત્માનું સર્વજ્ઞપદ છે. એનું પદ જ સર્વજ્ઞપદ છે આત્માનું. સર્વજ્ઞપર્યાય પ્રગટે એ જુદી વસ્તુ, પણ એનો સર્વજ્ઞગુણ છે એટલે સર્વજ્ઞપદસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? લ્યો, એમાં વળી ઈ આવ્યું. સર્વજ્ઞપદ છેને એ? સર્વજ્ઞશક્તિનું રહેવાનું પદ—સ્થાન આત્મા છે. સમજાણું કાંઈ? સર્વજ્ઞશક્તિ છેને? ગુણ કહો, શક્તિ કહો. સર્વજ્ઞસ્વભાવ--સર્વજ્ઞશક્તિ રહેવાનું સ્થાન આત્મા છે. એની સાથે અનંત શક્તિઓનું રહેવાનું સ્થાન આત્મા છે. એવી અનંત શક્તિઓનો સમૂહ એ દ્રવ્ય છે અને એની દૃષ્ટિ કરવી એનું નામ પ્રથમમાં પ્રથમ સમ્યગ્દર્શન છે. એમાં આ ૧૫મી શક્તિ આવી પરિણમ્યપરિણામકત્વ.

'**પર અને પોતે જેમનાં નિમિત્ત છે...**' શું કહે છે? જે આ જ્ઞાનસ્વભાવમાં જેટલા જ્ઞેયો છે અનંતા દ્રવ્યો, અનંતા કેવળીઓ, નિગોદ અનંત એ બધા '**જેમનાં નિમિત્ત છે એવા જ્ઞેયાકારો...**' એ જ્ઞેય આકારો જ્ઞાનમાં નિમિત્ત છે. જ્ઞાન એને ગ્રહે છે. ગ્રહ શબ્દ છેને? ગ્રહવું એટલે જાણવું. જ્ઞેયાકારો અને જ્ઞાનાકાર અને પોતાના જે જ્ઞાનાકાર છે એ પોતે જેમને નિમિત્ત છે. બીજા જ્ઞાનીના જ્ઞાનમાં પોતાનો જ્ઞાનાકાર સ્વભાવ જે છે એ બીજાને નિમિત્ત છે, એવો જ એનો સ્વભાવ છે. ઝીણું પરિણમ્ય-પરિણમાકત્વ.

એવા '**જ્ઞાનાકારોને ગ્રહણ કરવાના...**' એ જ્ઞેયાકારોને ગ્રહણ કરવું એમ લેવું. જેટલા જ્ઞેયો છે તેને જાણવું એવો જીવનો—આત્માનો સ્વભાવ—શક્તિ—ગુણ છે. '**ગ્રહણ કરવાના અને ગ્રહણ કરાવવાના...**' અને જ્ઞાનીના જ્ઞાનમાં આ આત્મા જ્ઞાનાકાર છે એ બીજાના જ્ઞાનમાં પ્રમેયપણે થઈ અને એને જણાવાયોગ્ય (થાય) એવો જીવનો સ્વતઃ સ્વભાવ છે. સમજાણું કાંઈ? ભારે ઝીણું આકરું એટલે આમાં માણસ... એથી આ બધું વળી ગયું છેને બધું બહારમાં? વ્યવહાર ને આ ને તે ને. આ વસ્તુ જ એવી છે કે નિર્વિકલ્પ વસ્તુ છે અને એ સ્વસંવેદનથી જ પ્રાપ્ત થાય એવી છે, એનું બીજું કોઈ સાધન નથી. સમજાણું કાંઈ?

'**પરિણમ્યપરિણામકત્વ...**' એટલે કે જ્ઞેયાકારોને જાણવું અને જ્ઞેયાકારોને બીજાને જણાવવું એવો સ્વભાવરૂપ પરિણમ્યપરિણામકત્વશક્તિ આત્મામાં છે. એ પરને જણાવું અને પરને જાણવું

એવો સ્વતઃ સ્વભાવ જીવનો છે, એમ કહે છે. એ પરને લઈને નહિ, એમ. સમજાણું કાંઈ? છ દ્રવ્યો આ જે જ્ઞેયાકારોનું જાણવું એ પરને લઈને નહિ, એનો પોતાનો ગુણ છે એને લઈને જાણે છે ઈ. સમજાણું કાંઈ?

'**પર જેમનાં કારણ છે...**' એટલે કે જ્ઞેયાકારો આત્મા સિવાયના જેટલા જ્ઞેયાકારો છે જગતના એ બધા '**જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના...**' એટલે જાણવું. જુઓ ભાષા તો ગ્રહણ કરવું છે. શું થાય? ભાષા તો ભાષાની રીતે આવે. જાણવું એનો સ્વભાવ છે. પરવસ્તુ આત્મા સિવાય જેટલી છે રાગાદિ માંડીને એ બધી જ્ઞેય એને આકારે આત્માને જ્ઞાન થાય એટલે પોતાના જ્ઞાનમાં એ જ્ઞેયને જાણે એવો એનો સ્વભાવ છે અને એ રાગમાં જણાવાનો એનો સ્વભાવ નથી કારણ કે રાગમાં જાણવાનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? આત્મામાં પરજ્ઞેયોને જાણવાનો, જ્ઞાનાકાર થવાનો સ્વભાવ છે અને પર જે જ્ઞાનસ્વરૂપ બીજા આત્માઓ છે, કોઈપણ મતિ-શ્રુત આદિ, એમ નહિ કેવળી જ તે. સમજાણું કાંઈ? એમાં જ્ઞાનાકાર પરને જ્ઞેય, પરને જ્ઞેય થાય, પરને જાણવામાં નિમિત્ત થાય એવો એનો સ્વતઃ સ્વભાવ છે.

**શ્રોતા :—** કાર્મણવર્ગણાને ગ્રહણ કરે તો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ગ્રહણ કરવાની વાત જ અહીં ક્યાં છે? કાર્મણવર્ગણાથી, રાગથી માંડીને બધા દ્રવ્યો જ્ઞેયો છે તેને જ્ઞેયાકારે થવાનો જીવનો જ્ઞાનાકાર થવાનો સ્વભાવ છે. આહાહા..! એ ચીજોને મારી માનવી એવો કોઈ એનો સ્વભાવ નથી. વ્યવહારથી માંડીને આવ્યુંને. રાગ જે ઉઠે વ્યવહારરત્નત્રયનો, એનાથી માંડીને આખું જ્ઞેયાકાર એને જાણવાનો સ્વભાવ છે એટલે કે પ્રમાણરૂપ જ્ઞાન થાય એવો એનો સ્વભાવ છે. આ વાત શું કહે છે? ભાઈ! અમને ધર્મ સમજવો છે. આ તારો ધર્મ છે. ધર્મ નામ એવો તારો સ્વભાવ છે.

**શ્રોતા :—** આમાં ક્યાં ધર્મ આવ્યો?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આમાં ક્યાં ધર્મ આવ્યો? આહાહા..! આમાં એ ધર્મ આવ્યો કે એવો તારો સ્વભાવ છે કે જેટલા રાગાદિથી માંડીને બધું છે એ બધા જ્ઞેયાકારોને જ્ઞાન જાણે એવો તારો સ્વભાવ છે. કોઈ જ્ઞેય ચીજને પોતાની માને એવો એનો સ્વભાવ નથી, તેમ બીજી ચીજમાં એવો સ્વભાવ નથી. બીજી ચીજ આમાં જણાય એવી પ્રમેય થવાની આમાં તાકાત છે અહીં જ્ઞાનમાં, પણ એ ચીજ રાગ આત્માનો થાય... આહાહા..! સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ નથી.

એટલે? પહેલો બોલ જે હતો એ પરિણમન છે—પરિણમ્ય. એટલે પ્રમાણનો છે એ. પ્રમાણ. જ્ઞેયાકારોને પોતાના જ્ઞાનમાં જાણે એવું પ્રમાણસ્વરૂપ પોતાનું છે અને પોતે બીજામાં જણાય એવો પ્રમેય થવાનો પોતામાં સ્વભાવ છે. આહાહા..! સમજાણું કાંઈ? પ્રમાણ અને પ્રમેય થવાની બે થઈને એક શક્તિ છે, બે શક્તિ નથી લીધી. સમજાણું કાંઈ? એ એક શક્તિ અનંત શક્તિમાં વ્યાપી છે. એક-એક શ્રદ્ધાગુણ, ચારિત્રગુણ, પ્રભુતાગુણ એ બધા ગુણોમાં

પરિણમ્યપરિણામકત્વ ગુણ વ્યાપક છે વિભુ. એટલે એ ગુણો પણ પોતામાં રહી અને સાથે જે જ્ઞાન છે અને જ્ઞેયો એને જાણે. જ્ઞેયોને એ જ્ઞાન જાણે અને જ્ઞાન આદિ બધી ચીજો અને બધા ગુણો બીજાના જ્ઞાનમાં પ્રમેય થાય એવો પ્રમાણ અને પ્રમેય નામની એક શક્તિ તારામાં બે થઈને એક છે. નવનીતભાઈ! આહા..! આ તો ધીરજના કામ છે, બાપુ! આ કાંઈ ધર્મ બહારથી કોઈ આવે એવો નથી. આહાહા..! શું કીધું આમાં? ચેતનજી! પ્રકાશજી!

હા. મહાવ્રતના પરિણામ થાય એ જ્ઞેયને આત્મામાં જ્ઞાન-પ્રમાણજ્ઞાન થવાનો જીવનો સ્વભાવ છે. મહાવ્રત આત્માના થઈ જાય એવો મહાવ્રતનો સ્વભાવ નથી અને મહાવ્રત આત્મામાં થઈ જાય એ આત્માનો એવો સ્વભાવ નથી. ઓહોહો..! જાણે. આહાહા..!

કહે છે, ઈ એક આપણે આ ફેરી નવું કાઢ્યું.. શું? કે બીજા બોલ તો આવી ગયા કે એક આત્મા એ એક-એક ગુણ અનંતગુણમાં વ્યાપે છે અને એક-એક ગુણ બીજા ગુણને નિમિત્ત છે એટલે કે બીજો ગુણ જે છે એ બીજાને લઈને નથી. એક ગુણ બીજાને નિમિત્ત છે. બીજા ગુણો પોતપોતાને કારણે છે. એટલે એક ગુણ બીજાને નિમિત્ત છે, એક ગુણ બધામાં વ્યાપક છે. એક ગુણ, ગુણનો ધરનાર દ્રવ્ય, એની દૃષ્ટિ થતાં તે ગુણનું પર્યાયમાં પરિણમન થાય છે. દ્રવ્ય અને ગુણમાં તો હતું. આવો ધર્મ આ તે કઈ જાતનો છે આ! શાંતિભાઈ! આવું ઝીણું છે. કેળવવું પડશે મગજને એમ કહે છે. આહા..! પ્રવિણભાઈ!

એ પરને જાણવામાં પ્રવિણ છે અને પરને જણાવામાં પ્રમેય છે. બસ! આટલી મર્યાદા સિવાય કાંઈ મર્યાદા પરમાં નાખવી કે સ્વમાં નાખે, દૃષ્ટિ વિપરીત છે. સમજાણું કાંઈ? અને એ એક-એક ગુણ પરિણમ્યપરિણામકત્વ—પ્રમાણ અને પ્રમેય એનો ગુણ જે ત્રિકાળ છે એ ધ્રુવ ઉપાદાન છે અને એની દૃષ્ટિ થતાં પર્યાયમાં ક્ષણિક ઉપાદાનપણે પરિણમે એ ક્ષણિક ઉપાદાન પર્યાયનું છે. સમજાય છે કાંઈ? અને એ ક્રમવર્તી જેટલી પર્યાયો નિર્મળ... મલિનની અહીં વાત છે નહિ.

પહેલું વસ્તુ જે છે અનંત શક્તિઓ—ગુણનો પિંડ છે. તો એ શક્તિઓ પરિણામિકભાવે છે એટલે કે પરની અપેક્ષા વિનાના ભાવવાળી છે અને એ શક્તિઓનો ધરનાર પણ પરિણામિકભાવે છે. એથી એ સહજ સ્વભાવે એ ગુણ છે. એ ગુણનું પરિણમન થતાં ખરેખર તો એ ગુણનો પારિણામિકભાવ એ પરિણમે છે. પણ શાસ્ત્ર અને પરના નિમિત્તની અપેક્ષાએ કહો કે ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષાયિક એમ કહેવામાં આવે છે. સમજાણું કાંઈ?

હવે વાત તો એક વિશેષ શું લીધી હતી? પહેલી તે દી નહોતી આવી. એક-એક શક્તિ પોતે પોતાથી પરિણમે છે દ્રવ્યને આધારે અને દ્રવ્ય પરિણમતા પરિણમે છે. તો એ નિર્મળ પરિણતિ એ એનું ઉપાદાન મુખ્ય છે અને રાગાદિ છે એના પરિણમનને લઈને આ પરિણમન છે એમ નથી. એટલે વ્યવહારનો એમાં અભાવ છે. સમજાણું કાંઈ? એ અનેકાંત છે. એ એ વખતે નહોતું આવ્યું. એય..! સમજાણું કાંઈ? શું કીધું ઈ? કે પ્રમાણ અને પ્રમેય થવાનો

જે ગુણ છે એ ગુણ જ્યારે દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં પૂર્ણ દ્રવ્યનો સ્વીકાર થતાં એ શક્તિનું પરિણમન પર્યાયમાં આવે છે. શક્તિ વ્યક્તરૂપે પર્યાયમાં પરિણમે છે. એ પર્યાય ક્ષણિક ઉપાદાન છે, ધ્રુવ ઉપાદાન ગુણ છે. આખું ઉપાદાન ગણીએ તો એ દ્રવ્ય ઉપાદાન ધ્રુવ છે. સમજાણું કાંઈ?

હવે, એ વસ્તુની દૃષ્ટિ થતાં નિર્મળ પરિણતિ—નિર્મળ અવસ્થા થાય એમાં વ્યવહારથી થાય એમ પણ નથી. કારણ કે વ્યવહાર તો જ્ઞેયાકારે જ્ઞાનમાં જણાય એમ વાત થઈ ગઈ. રતિભાઈ! આહાહા..! એટલે રાગાદિ વિકલ્પ છે—વ્યવહારરત્નત્રય કહો, વ્યવહાર ધર્મ કહો, પુણ્ય કહો એ તો જ્ઞેય આકારે જ્ઞાનનું થવું એ પ્રમાણજ્ઞાનમાં આવી જાય છે, પણ એ છે તો અહીં પ્રમાણજ્ઞાન થાય છે એમ નહિ અને એ રાગ છે તો પ્રમાણરૂપે પરિણમે છે પર્યાય એમ નહિ. એથી તે વ્યવહારનો તેમાં અભાવ છે અને નિશ્ચય એમાં સદ્ભાવ છે. એ અનેકાંત છે. વજુભાઈ! કહો, દરેક શક્તિમાં. સમજાણું કાંઈ? ભારે! કેટલું યાદ રાખવું એક કલાકમાં. યાદ રાખવાનું ક્યાં, એ તો વસ્તુ સ્થિતિ જ એવી છે. જેવી છે એવી એને જાણવામાં લેવી અને જાણીને સ્વને જ્ઞેય બનાવવું. આહાહા..! ચંદ્રકાંતભાઈ! ઓલા રૂપિયા જેવી વાત નથી અહીંયાં કે ઝટ દઈને પૈસા મળી જાય. બે લાખ, પાંચ લાખ. આ તો અનંતા લાખ લક્ષ્મી મળે ... પર્યાયમાં. આહાહા..!

ભગવાન આત્મા...! કહે છે કે પ્રમાણરૂપ અને પ્રમેયરૂપ થવાનો એક ગુણ છે. એ ગુણનો ધરનાર દ્રવ્ય છે. તો દરેક શક્તિઓ, દરેક શક્તિઓ પ્રમાણમાં વ્યાપી છે, દરેક શક્તિઓ પ્રમેયરૂપે થવાને લાયક છે. અને તેથી એ વસ્તુની દૃષ્ટિ પરિણમતા વાસ્તવિક તત્ત્વ છે એમ સમ્યક્ અનુભૂતિ થતાં વ્યવહારનો જાણનાર જ્ઞાન છે એ વ્યવહાર છે માટે જાણે છે એમ નહિ અને વ્યવહાર છે માટે નિશ્ચય થાય છે એમ નહિ. એ વ્યવહાર છે માટે અહીં પ્રમાણજ્ઞાન થાય છે એનું અને આનું એમ નહિ. આહાહા..! ભાઈ! આહાહા..!

અહીં તો કહે છે કે જે કાંઈ રાગાદિ હો, એને સ્થાનમાં, એને કાળે હો એ પણ એક અસ્તિત્વ છેને એનું? પણ વસ્તુના સ્વભાવની દૃષ્ટિમાં એ રાગ છે જ નહિ. દૃષ્ટિમાં તો નથી, એના દ્રવ્યદૃષ્ટિમાં નથી, એના ગુણમાં નથી અને એના પરિણમનમાં એ રાગ નથી. એના પરિણમનમાં... પરિણમન સમજાય છે? પરિણમન એટલે શું? એય..! શાંતિભાઈ! આ બધા ત્યાં રળનારા ઓલા એટલે નવું-નવું પૂછે જરી. પરિણમવું એટલે થવું—અવસ્થાનું થવું. ત્યાં તો ઝપાટા મારે રળવામાં. ભાઈ! તારી ચીજ આવી છે. ભગવાન! તારો પરમાત્મા, તારો પરમાત્મા એક-એક ગુણે પરમાત્મા પૂરો ઈશ્વર છે. એવા અનંતી ઈશ્વરશક્તિનો ધણી તું ઈશ્વર છો. તારો ઈશ્વર કોઈ જગતમાં બીજો નથી. આહાહા..! બીજા ઈશ્વરો હો તો એ જ્ઞેયાકારરૂપે થઈને અહીં જ્ઞાનમાં જણાય એવો એ આત્મા છે, આનો ઈશ્વર નથી. આહાહા..! આ સિદ્ધ ભગવાન ઈશ્વર નહિ, કબીર કહે છેને કે કાંઈક ભાઈ આ જૈનોનો મોક્ષ છે એનાથી

વળી આઘો અમારો એક .. વસે છે.

**શ્રોતા :—** સિદ્ધશીલા ઉપર

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉપર. ખબર છેને. એ સંસારનો ધણી.

**શ્રોતા :—** અનંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દુકાને ચોપડી આવી હતી એક કબીરની. જૈનો જ્યાં મુક્તિ કહે છે ત્યાં અમારો સાહેબ તો એનાથી આઘે દૂર છે. ધૂળેય નથી. કાંઈ ખબર નથી. સાહેબ તો સાહેબમાં છે. સમજાણું કાંઈ?

એ આત્મા એક એક સાહેબો અનંતગુણનો ધણી ઈશ્વર છે. એક-એક ગુણ ઈશ્વર છે એટલે સામર્થ્યવાળી શક્તિ છે, એમ. એક-એક ગુણ સામર્થ્યવાળી શક્તિ છે. એવી અનંતી શક્તિનું તત્ત્વ જીવ એવો મહા ઈશ્વર પ્રભુ, એની દૃષ્ટિ કરતાં એ ઈશ્વરતાની પર્યાય પર્યાયમાં પરિણમે છે. એમાં પામર રાગાદિનું પરિણમન એમાં છે નહિ. એ સમ્યગ્દર્શનથી માંડીને વાત ચાલે છે આ. આહાહા..! શાંતિભાઈ!

અહીં તો હજી એ સિદ્ધ કરવું છે. ઓલા લોકો કહે છેને વ્યવહારથી થાય, નિશ્ચયથી થાય તો અનેકાંત કહેવાય. પણ આમાં અનેકાંત કોઈથી મળશે નહિ આમાં ન્યાય. કારણ કે વસ્તુ પોતે જ્યાં પોતાથી પરિણમે છે. ગુણ અને ગુણનો ધરનાર દ્રવ્ય.. એ શક્તિનું વર્ણન તો ભેદથી કર્યું છે. કેમકે એ શક્તિનો ધરનાર દ્રવ્ય અને દ્રવ્યદૃષ્ટિનું વર્ણન કરવું છે અહીં. પણ આત્મા એક હોવા છતાં એની શક્તિઓ અનંત છે, છતાં અનંતના ભેદ ઉપર દૃષ્ટિ કરવાની નથી. એ અનંત શક્તિનું આખું તત્ત્વ છે. એના ઉપર દૃષ્ટિ આપતા શુદ્ધને અનુસાર બોધ થવામાત્રથી.. આવ્યુંને, ૧૧મી ગાથામાં આવ્યુંને? શુદ્ધને અનુસાર બોધ થવામાત્રથી રાગ અને આત્મા ભિન્ન પડી જાય છે. આહાહા..! ૧૧મી ગાથા. રાગ હોય છે. જ્ઞાનીને રાગ હોય છે એમ કહેવું એ પણ બરાબર નથી. કારણ કે જ્ઞાનીને એટલે દ્રવ્યને, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં તો રાગ નથી, તો જ્ઞાનીના દ્રવ્ય-ગુણ અને પર્યાય એ તો નિર્મળ છે. એટલે જ્ઞાનીને વ્યવહાર છે એમ કહેવું એ પણ વ્યવહારનું વાક્ય છે. આહાહા..! સમજાણું કાંઈ? હળવે-હળવે તો કહેવાય છે તો વિચારનો મોખ રહે ભેગો. આ કાંઈ પ્રોફેસર નથી. ઓલા એક કલાક બોલી જાય, સાંભળી જાય. આહાહા..!

કહે છે, એક સમયની પર્યાય ભેદ છે. પણ એ ભેદ સદ્‌ભુત ભેદ છે. એ સદ્‌ભુત ભેદ છે. એ ક્રમવાળી પર્યાય, અક્રમગુણ એ બધાનો સમુદાય થઈને એક આત્મા લક્ષમાં લેવાની વાત છે અહીં. ક્રમરૂપ અને અક્રમરૂપે પ્રવર્તતો જેટલો દેખાય આત્મા તેટલો એ આત્મા ખરેખર છે. રાગ અને શરીર ને વાણી-ફાણી આત્મામાં છે નહિ. એનો અર્થ એ થયો કે વ્યવહારનો વિકલ્પ એ ક્રમવર્તી નિર્મળ પર્યાય અને અક્રમવર્તી ગુણ એવું દ્રવ્ય એમાં એ વ્યવહાર નથી. એટલે વ્યવહાર છે. છે એ ભિન્ન છે. ભિન્ન છે એને જાણવાનો સ્વભાવ એ છે માટે

છે એમ પણ નથી. તેમ એ જાણવાનો સ્વભાવ હોં! પણ પર્યાય થવાનો સ્વભાવ, વ્યવહાર છે માટે પર્યાયનો સ્વભાવ નિશ્ચય થાય છે એમ તો નથી, નથી. આહાહા..!

અમૃતચંદ્રાચાર્ય મહારાજે આ શક્તિઓનું વર્ણન અલૌકિક કર્યું છે. કેટલું ગહન છે. ઓહોહો..! ગાગરમાં સાગર ભરી દીધો છે. સમજાણું કાંઈ? એ ગુણ જે છે એ વસ્તુના સર્વ ભાગમાં વ્યાપેલ છે અને એની પર્યાય નિર્મળ છે એ એક સમયમાં સર્વ ભાગમાં વ્યાપી છે. ગુણ છે એ સર્વ ભાગમાં ત્રિકાળ વ્યાપક છે અને એક સમયની નિર્મળ પર્યાય જે સમ્યગ્દર્શન-જ્ઞાન પરિણતિ એ એની પરિણતિ. એ એક સમયમાં, એક સમયમાં વ્યાપક છે. એ એક સમયનું વ્યાપક અને ત્રિકાળનું વ્યાપક ગુણ—બે થઈને આખો આત્મા એક અહીં ગણવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? પણ આનાથી કાંઈક સહેલું હશે? સહેલા આનાથી સહેલી એટલે ... આ વસ્તુ સહેલી કહો કે સરળ કહો એ વસ્તુ આ છે. સત્ત્વ સત્રૂપે રહેશે. એ કોઈની કલ્પનાથી સત્ અસત્ થઈ જાય અને અસત્થી સત્ (થઈ જાય એમ નથી). ઓહોહો..!

પરિણમ્ય-પરિણામકત્વ. આ તો જ્ઞાનપ્રધાનની અપેક્ષાએ વાત લીધી છે. પોતે પણ પ્રમાણરૂપે પરિણમે અને બીજાના જ્ઞાનમાં જ્ઞેયરૂપે થાય. જ્ઞાનમાં જ્ઞેયરૂપે થાય કે બીજામાં થાય? બીજા ગુણમાં થાય? સમજાણું? એવો જ એનો સ્વતઃ સ્વભાવ છે. જેમ સ્વભાવ છે એ રીતે ન જાણે અને બીજી રીતે કલ્પે તો (મિથ્યાત્વ થાય). વસ્તુની વસ્તુસ્થિતિ જ એવી છે, એવી ન જાણે તો વસ્તુની પ્રાપ્તિ દૃષ્ટિમાં થાય નહિ. એ દૃષ્ટિ ક્યાંક ને ક્યાંક ભમ્યા કરશે.

**શ્રોતા :—** એ જ થઈ રહ્યું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ જ થઈ રહ્યું છે. છેને સામે પુસ્તક છે કે નહિ? આ તો પુસ્તકનો અર્થ થાય છે આ.

**શ્રોતા :—** પુસ્તકમાં આવી વાત ક્યાં લખી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં લખ્યું છે બધું. આ તો ગાગરમાં સાગર ભરી દીધો છે. જગત શબ્દમાં શું બાકી રહ્યું? ત્રણ અક્ષર છે, શબ્દ એક. જગત. જ-ગ-ત એમાં કાનો, માત્ર, મીંડી કાંઈ નહિ.

**શ્રોતા :—** કોઈ માત્રા જ નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** માત્રા જ નથી. જ-ગ-ત. જ-ગ-ત. જ-ગ-ત. જગતમાં શું બાકી રહી ગયું? અનંતા સિદ્ધ બાકી રહી ગયા? સાધકજીવ બાકી રહી ગયા? બાધક રહી ગયા મિથ્યાદૃષ્ટિ? નિગોદ?

એમ આ એક-એક ગુણમાં એનો ધરનાર દ્રવ્ય એમાં બધું આવી જાય છે. આ આવે છે એમાં આની અપેક્ષાએ પર ચીજ નથી, પણ પરચીજ છે એનું જ્ઞાન પોતામાં થાય છે,

એ છેને એની અપેક્ષાએ, આની અપેક્ષાએ નથી. સમજાણું કાંઈ? એટલે શું કહ્યું વળી? વસ્તુ છે પોતાનો ચૈતન્યસ્વભાવ પરિણામ પ્રમાણ અને પ્રમેય એવી એક શક્તિરૂપ વસ્તુ છે એવી અનંત શક્તિમાં એ શક્તિ વ્યાપી છે. તો એ વ્યવહાર આદિનો રાગ છે એ રૂપે એ પર્યાય થઈ નથી અને પર્યાયમાં જ્ઞાન થાય છે તે વ્યવહાર છે માટે જ્ઞાન થાય છે એમ નથી. અને એ વ્યવહાર છે માટે નિશ્ચય થયો છે, પરદ્રવ્ય છે માટે પર્યાય નિર્મળ થઈ છે એમ નથી. એ અનેકાંત છે. આહા..હા..!

અનેકાંત એમ નથી કે વ્યવહારથી પણ આ થાય અને નિશ્ચયથી પણ આ થાય. એ અનેકાંત ન થયો, એ તો ફુદરડીવાદ થઈ. સમજાણું કાંઈ? એ આ શક્તિમાં એ વર્ણન છે. પહેલેથી આવ્યું છેને એ કે જ્ઞાનમાત્રની પર્યાય થતાં એમાં અનંતી શક્તિઓ ઊછળે છે. ઊછળે છે એટલે પર્યાયરૂપ પરિણમે છે. આત્મા જ્ઞાનથી જ લીધું છેને? અહીં તો જ્ઞાન તે જ આત્મા. બસ, ત્યાંથી જ ઉપાડી છે વાત. જ્ઞાનમાત્ર આત્મા. જ્ઞાન તે જ આત્મા. કારણ કે બધા જે ગુણો છે એ બધા જ્ઞાનમાં જણાઈ જાય છે. જ્ઞાન એ ગુણરૂપે થતો નથી, પણ એ ગુણો જ્ઞાનમાં જણાઈ જાય છે. બીજા ગુણોમાં જ્ઞાન જતું નથી, તેમ બીજા ગુણો જ્ઞાનને જાણતા નથી. શાંતિભાઈ! એ પરમાત્માના દરવાજા બહુ ખુલ્લા છે પણ એણે બંધ કરી દીધા છેને. સમજાણું કાંઈ? એવો એનો સ્વભાવ છે એ વાત જ ભૂલી ગયા. આ વાત રહી ગઈ આ કરવું. એય.. શાંતિભાઈ!

**શ્રોતા** :— કરવું-કરવું રહી ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— કરવું રહી ગયું? અમારે તો ન્યાલભાઈ કહે છે કે કરવું એ મરવું બે સરખા છે. કહે છેને? રાગનું કરવું એટલે ચૈતન્યનું મરવું. કારણ કે રાગનો કર્તા થાય એવો છે નહિ એટલે કર્તા થાય ત્યાં મિથ્યાદૃષ્ટિ થઈ જાય છે. અનંતા ગુણો એ રાગને કરે નહિ અને રાગને કરે એવો કોઈ એનામાં ગુણ નથી દૃષ્ટિની અપેક્ષાએ. પરિણમન છે એ જ્ઞાન જાણે. એ તો નયના અધિકારમાં કર્તાનય છેને. એ જાણે એ જુદી વાત છે. એ પર્યાયનું એટલું પરિણમન છેને જરી સાધક ગણધરને પણ. પણ એ કરવાલાયક છે એવું વસ્તુમાં નથી. વસ્તુનો કોઈ ગુણ એવો નથી કે રાગ કરવો, વ્યવહાર કરવો એવો કોઈ ગુણ નથી, પણ એનામાં ગુણ છે, પ્રમાણ—વ્યવહારનું પ્રમાણ થવું એવો એનામાં ગુણ છે. આહાહા..! ભાઈ! શાંતિથી સાંભળેને તો એને ખબર પડે કે માર્ગ આવો છે. પણ સાંભળ્યો નથી ને ગોટાળા કરે. એ આ છે.. આ છે... વિરોધ-વિરોધ એને ઘરે. એને ઘરે વિરોધ છેને. કો'કને ઘરે ક્યાં છે? આહા..!

ઓલા કહે, સાધુને માનતા નથી. ત્યાં વળી એ ચાલે છે ગુજરાતમાં. સાધુ આવ્યા હતાને ત્યાં? પછી પ્રશ્ન .. કરતા હતા. .. સમજવા માટે એ તો બીજાને. મહારાજ! તમારી બધી વાત સાચી લાગે છે, પણ એક વાત કે મુનિઓને તમે માનતા નથી હોં. મુનિઓને

નથી માનતા? મુનિના તો દાસાનુદાસ છીએ. આહાહા..! મુનિ એટલે શું? પરમેશ્વર. સમજાણું કાંઈ? જેને ગણધરનો નમસ્કાર પહોંચે એ મુનિ પરમાત્મા એને કેમ ન માને? પણ તમને એમ લાગે કે અમે જે દૃષ્ટિએ જેને માનીએ તેને તમે કેમ માનતા નથી? તો એ વાત ચર્ચાનો વિષય રહી ગયો. વજુભાઈ! સમજાણું કાંઈ? બબ્બે હજાર માણસ. ઓલા ગયાને? ૭૭માં બાહુબલીમાં. બે હજાર માણસ છેલ્લે ગયું. .. ગયા ત્યાં એ બાર ઘર અને બે હજાર માણસ, બે હજાર. મંડપ-મંડપ તોડી નાખો, ક્યાંય સમાય નહિ માણસો. શેરીમાં.. પણ આ એક પ્રશ્ન કર્યો રાતે. એ તો સમજવા માટે હોં. આપણે અહીંનો મુમુક્ષુ છે જેઠાલાલ. .. મહારાજ! બધી વાત સાચી તમારી લાગે છે હોં! પણ એક મુનિને માનતા નથી. એય..! નવલચંદભાઈ! શું કરવું એમાં કહો.

ભાઈ! મુનિને ન માને? પ્રભુ! શું તું કહે છે, ભાઈ! મુનિ તો પરમેશ્વર છે. મુનિ તો પંચપરમેષ્ઠીમાં પ્રિય વ્યવહારે છે. અહીં પ્રિય તો નિશ્ચયથી આત્મા છે. સમજાણું કાંઈ? પણ મુનિપણાને જે ગણધરદેવ જેને નમસ્કાર આગમ પ્રમાણે જાણે એને મુનિ કહેવાય. બાપુ! આ તે કાંઈ પક્ષ છે? અમે અમારી દૃષ્ટિએ જેને માનીએ મુનિ, એને તમે કેમ માનતા નથી? લ્યો, હવે ભાઈ તમે મૂકી દયોને વાત. તમે સમજો નહિ. એય..! આહાહા..!

એક રાગની પર્યાયનો કર્તા થાય ત્યાં એનું પરિણમન રાગરૂપે કરવું એમ થાય ત્યાં આખો આત્મા એણે વિકારી જ માન્યો. આખા અનંતા ગુણો જે પવિત્ર, નિર્મળાનંદ શુદ્ધ છે એને રાગરૂપે થવાના ગુણમાં એ શક્તિ એવી એણે માની, પણ એમ છે નહિ. આહાહા..! હજી તો એ શરીરની ક્રિયાને હું કરું. હું છું તો શરીર ચાલેને? હું છું તો બોલાયને? ભીંતમાં બોલાય છે કાંઈ? બાપુ! ભીંત પણ બોલે નહિ અને આત્મા પણ બોલે નહિ અને ઔદારિક શરીર છે આહારક એ પણ ન બોલે. બોલે એ બીજી વર્ગણા. શબ્દવર્ગણા એ બોલે છે બાપુ! તને ખબર નથી, ભાઈ! એ શબ્દવર્ગણા જ્ઞેયનું જ્ઞાન થાય જીવમાં. એ જ્ઞેય છે માટે થાય એમ નહિ, પણ શબ્દવર્ગણા આત્મા પર્યાય બનાવે અને એ પર્યાયનો કર્તા થઈને ઊભો રહે એવો એનામાં કોઈ ગુણ નથી. ઊભો નહિ રહી શકે દ્રવ્યમાં. કર્તા થવા જશે ત્યાં, દ્રવ્યમાંથી ખસીને મિથ્યાત્વમાં ચાલ્યો જશે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પર જેમના કારણ છે...**' કારણ કહ્યો હોં. એય..! ઉપચારિક. કારણ ઉપચારિક. વસ્તુ અનુપચારિક. વસ્તુ પર છે તે યથાર્થ છે, પણ આ જ્ઞાનમાં એનું જ્ઞેય થવું, નિમિત્ત થવું એ ઉપચાર છે. સમજાણું કાંઈ? '**પર જેમના કારણ છે એવા જ્ઞેયાકારોને ગ્રહણ કરવાના અને પોતે જેમનું કારણ છે...**' દેખો હવે, બીજા જ્ઞાનમાં આ આત્મા કારણ છે. દેખો ઠીક! શેમાં? ઓલા જ્ઞાન થવામાં હોં! જ્ઞાનની પર્યાય થવામાં કારણ થયું કે નહિ? એનો અર્થ શું? કે બીજી ચીજ છે એને નિમિત્ત તરીકે કહીને સ્વતઃ ચીજ છે તેને ઉપાદાન કીધી. સમજાણું કાંઈ? એ ભગવાનના ઘર ઝીણા છે બહુ અને એના ફળ પણ મોટા. 'સાદિ

અનંત અનંત સમાધિ સુખમાં.' ભાઈ! દુઃખનો અંત અને આનંદનું અનંતપણું પ્રગટવું, દુઃખનો અંત અને આનંદનું અનંતપણું પ્રગટવું એવું જે મોક્ષમાર્ગનું ફળ એ માર્ગ તો અલૌકિક જ હોયને. સમજાણું કાંઈ? કેટલાક કહે, પણ અમને સમજાય એવું કહોને. વળી એમ કેટલાક કહે છે. પણ તું તો જે સમજ્યો છે એ તો અમે જાણીએ છીએ કે આ અજ્ઞાન છેને બધું. હવે એને એ સમજવું હોય તો આમાં નવું આવ્યું શું? સમજાણું કાંઈ?

કહે છે, '**અને પોતે જેમનું કારણ છે...**' હવે કારણ આવ્યું કે નહિ આમાં? નિમિત્ત આવ્યું કે નહિ? સામે જ્ઞાન થવામાં આ આત્મા તે નિમિત્ત છે એમ કીધું, પણ એનો અર્થ શું થયો? અને આ જ્ઞાન થવામાં જ્ઞેયોને નિમિત્ત કીધું એનો અર્થ શું થયો? કે એક બીજી ચીજી સ્વથી ભિન્ન છે. ભિન્નનું જ્ઞાન થવું એ પોતાનું પોતાને કારણે છે, પણ એમાં બીજી ચીજ છે એટલે એને નિમિત્ત કહેવામાં આવે છે. જોકે એને કારણ કહેવું એ ઉપચાર છે, વસ્તુ તરીકે છે એ અનુપચાર નહિ, વસ્તુ તરીકે યથાર્થ છે. એની અપેક્ષાએ હોં! આ અપેક્ષાએ તો અયથાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**પોતે જેમનું કારણ છે...**' જુઓ, એનું જ્ઞાન થાય તો આત્મા કારણ છે, તો જ્ઞાન થાય. એમ નહિ? એમ નહિ. ત્યાં જ્યારે પર જ્ઞાનમાં જ્ઞાનનું કાર્ય થાય ત્યારે આ જ્ઞાનાકાર એને એ પ્રમેય તરીકે આમાં ગુણ છે તે જાણે એથી પરને આ નિમિત્ત કહેવાય અને પોતાને એ નિમિત્ત કહેવાય. ઉપસ્થિતિ છે. સમજાણું કાંઈ? આમાં તો કેટલા ફેસલા છે. નિમિત્તના ને વ્યવહારના ને અનેકાંતના ને.. આહાહા..! ધીરુભાઈ! ભગવાન! તારા ઘરની વાત છે હોં! પણ એને ધીરેથી સાંભળવું નથી, ધીરેથી વિચારવું નથી, પોતાની માન્યતાએ જો આત્મા સિદ્ધ થાય અને સાબિત થાય તો કરવો છે. એમ નહિ થાય. જે રીતે છે એ રીતે સાબિત થશે. બીજી રીતે સાબિત કરવા માગશે તો થશે નહિ. એટલે શું કહ્યું?

પોતાના જ્ઞાનમાં જ્ઞેયો નિમિત્ત છે એથી એ છે માટે અહીં જ્ઞાન થયું એમ સાબિત નહિ થાય અને એના જ્ઞાનમાં જ્ઞાનાકારો નિમિત્ત છે, માટે જ્ઞેયાકાર નિમિત્ત છે માટે તેને જ્ઞાન થાય છે સામસામે, એમ છે નહિ. પરિણમ્ય એટલે પ્રમાણરૂપે થવું. પરિણામકત્વ એટલે પ્રમેયરૂપે થવું. પ્રમાણ અને પ્રમેય બે એક શક્તિમાં નાખીને આખું અખંડ વર્ણન કર્યું છે. સમજાણું કાંઈ? આમાં ન સમજાય એવું કાંઈ નથી, પણ જરી એને ધીરી-ધીરી દૃષ્ટિ ધીરું જ્ઞાનને ત્યાં જરી વિચારમાં રાખવું જોઈએ, બીજું બધું ભૂલીને. બધાને છોડવું છે, મૂકવું છે, ભૂલી જવું છે તો અત્યારથી જ ભૂલી જાને. સમજાણું કાંઈ? શું કીધું વળી ઈ?

બધાથી રહિત થવું છે, બધાથી મુક્ત છો જુદો. બધાને ભૂલવા છે અને તારો ભગવાન તને યાદ આવે એમાં એ જ્ઞાન જણાઈ જશે. એટલે પરને તો ભૂલવું છે તારે. સમજાણું કાંઈ? અરે..! ઉપાધિ સુખ કલ્પના એ તો એણે મૂકી છે. નહિ મૂકે તોપણ એ મૂકાઈ જશે. બહારની ઉપાધિ એની પાસે રહેશે નહિ. રાગ પણ નહિ રહે અને આ પણ નહિ રહે. તો

જે રહેશે એને સંભારને. હું તો એક જગતનો સાક્ષી પ્રમાણરૂપે છું. હું જગતમાં જે જ્ઞાનીઓ છે જ્ઞાનમાં મતિ, શ્રુત કે કેવળી, અવધિ વગેરે એમાં જ્ઞેયરૂપે થાય. બસ એટલું જ્ઞેયરૂપે થવું. એના જ્ઞેયરૂપે થવું એમ કીધું, પણ એના કાર્યમાં આ કારણ છે માટે એ કાર્ય થાય એમ નથી. સમજાણું કાંઈ? કેટલું યાદ રહે આમાં? બધું યાદ ક્યાં (રાખવું છે)? એ તો પોતે છે એને સંભારવો છે. એ કાંઈ નવું લાવવું નથી, નવું કરવું નથી. છે એવું થાવું છે. છે એવું થાવું છે. એમાં છે એવું થાવું એમાં પરની અપેક્ષા કાંઈ રહેતી નથી. એવો પોતે પરિણમ્યપરિણામકત્વશક્તિ છે. લ્યો, એ ૧૫મી થઈ.

૧૬મી. ત્યાગોપાદાનશક્તિ. **'ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ.'** જુઓ, આમાં એક મહાસિદ્ધાંત છે. કહે છે, આત્મામાં જેમ જ્ઞાનસ્વભાવ અનાદિથી છે એવો જ ત્યાગોપાદાનશૂન્યત્વ નામનો ગુણ પણ અનાદિથી છે. સમજાણું કાંઈ? પરને ત્યાગુ તો ત્યાગ થાય એવો સ્વભાવમાં ભાવ નથી. પરના ત્યાગરૂપ અને પરના ગ્રહણના અભાવરૂપ જ તારો સ્વભાવ છે. પરના ત્યાગરૂપ સ્વભાવ છે એને એમ માનવું કે હું આને ત્યાગુ, શરીરને ત્યાગુ, વાણીને ત્યાગુ, બાયડીને ત્યાગુ, દેશને ત્યાગુ, તો એનો અર્થ થયો કે ગ્રહણ કર્યું તો હું ત્યાગુ છું, પણ એ ગ્રહણ કર્યું જ નથીને. એ તો એનાથી ત્યાગસ્વરૂપ જ આત્મા છે. સમજાણું કાંઈ? જુઓ, આ ત્યાગમાં પણ મિથ્યાત્વ કેમ આવી જાય છે? ચેતનજી! પ્રકાશચંદજી! શુ થયું? આહાહા..! આહાહા..! છોડો. ભગવાનનો માર્ગ નિવૃત્તિ છે. જેટલું છોડશો એટલી નિવૃત્તિ થાશે. જેટલું છોડશો એટલી નિવૃત્તિ થાશે. શું છોડશો? .. રાગને પણ છોડવો નથી. કારણ કે રાગ જે છે એ પણ સ્વભાવની એકતા થતા ઉત્પન્ન થતો નથી એને છોડ્યો કહેવામાં આવે તો પરવસ્તુને છોડું, રસનો ત્યાગ, ફલાણાનો ત્યાગ નથી કહેતા? .. ધારણા ભાવી, આટલા દ્રવ્ય ખપે, આટલા દ્રવ્ય ન ખપે. લ્યો આવે છે કે નહિ? સાતમું વ્રત. સાતમું વ્રત આવે છે. મહાવ્રત છેને શ્રાવકના? હમેશાં આટલા દ્રવ્ય ખપે અને આટલા દ્રવ્ય ન ખપે, લ્યો. એય..! પ્રકાશચંદજી! આવે છે કે નહિ? આહાહા..! અહીં ના પાડે છે કે રજકણથી માંડીને પરમાત્મા અને ઈશ્વરને સીધો એનો તારી દશામાં ત્યાગ છે. તારામાં ગુણ જ એવો છે કે એના ત્યાગરૂપે જ તું રહેલો છો અને એના ગ્રહણરૂપે તું રહ્યો નથી, પણ ગ્રહણના અભાવસ્વરૂપ તું રહ્યો છો. ગ્રહવું એવું તારામાં સ્વરૂપ જ નથી. આહાહા..! સમજાણું કાંઈ?

**'જે ઘટતું-વધતું નથી...'** આહાહા..! વસ્તુ તો જે છે ઈ છે. એમાં ઘટે શું ને વધે શું? પરનો ત્યાગ કરે તો ગુણ વધે, પરને ગ્રહણ કરે તો ગુણ ઘટે એવું છે નહિ, કહે છે. નટુભાઈ! એમાં વકીલાતમાં ધ્યાન રાખે. આમાં બહુ સમજાય એવું નથી હોં! ... આહાહા..! શું કહે છે? બનારસીદાસમાં આવે છે. 'વધે ન સિદ્ધ અનંતતા, ઘટે ન રાશ નિગોદ. જૈસે તૈસે તે રહેગી જિનવચન વિનોદ.' સિદ્ધ અનંતા-અનંતા છે એમાં વધે શું? અનંતમા ભાગે છે એ વધ્યા શું કહે છે. એ તો અનંત સંખ્યા છે ઈ છે. 'વધે ન સિદ્ધ અનંતતા ઘટે

ન રાશ નિગોદ.' નિગોદ રાશિમાં ઘટે નહિ. કેટલાક કહે છેને કે અત્યાર સુધી ઘટે પછી ઘટી જશે કે નહિ? અનંતકાળથી નિગોદમાંથી નીકળી-નીકળીને મનુષ્ય જાય છે, મોક્ષ જાય છે. તો ઘટી જાશે કે નહિ? શું ઘટે? સાંભળને! ભૂતકાળમાં લાખો વર્ષ અનંતકાળ ચાલ્યો જાય છે એમને એમ. અનંત તીર્થંકરો (થયા). પહેલાં પણ ભૂતકાળ હતો અને ભવિષ્ય હતો. એ ભવિષ્યમાંથી ભૂત ચાલ્યો જ જાય છે. ભવિષ્ય કેટલો ઓછો થયો? થોડોક ઓછો થયો કે નહિ? થોડાની વ્યાખ્યા શું? આહાહા..! થોડો જો અનંત કાળે ઓછો થાય તો એથી અનંતે-અનંતે કાળે વળી થોડો ઓછો થાય, તો ઘણા ઘણા કાળે પછી ઘટી જાય. આહાહા..! સમજાણું કાંઈ? એ તો છે એમ છે, કહે છે. આમ ચોસલું બધું.

એમ આત્માનો એવો જ કોઈ ગુણ છે, ભગવાને જોયેલો અને એવું એનું સ્વરૂપ છે કે ત્યાગોપાદાન '**ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ...**' પોતાના અનંતગુણમાં નિયત નિશ્ચયરૂપ. જુઓ, નિયતરૂપ આવ્યું. '(**નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-**)' ઘટે-વધે કાંઈ નહિ. જેમ છે એમ છે. સમજાણું કાંઈ? આ મતિજ્ઞાનમાં કેવળજ્ઞાન વધે છેને. એ તો એક-એક મતિજ્ઞાનની એક-એક પર્યાય આખા દ્રવ્યને સાબિત કરે છે. એમ કેવળજ્ઞાનની પર્યાય પણ આખા દ્રવ્યને સાબિત કરે છે. એક-એક પર્યાયમાં પૂરી તાકાત છે. શું કીધું ઈ? મતિજ્ઞાનનો એક પર્યાય ગુણનો એ એક સમયનો પર્યાય આખા દ્રવ્યને સિદ્ધ કરે છે. આખું દ્રવ્ય સાબિત થાય છે એને લઈને. એક જો કાઢી નાખો તો દ્રવ્ય સાબિત નહિ થાય. એ પર્યાયનો અંશ છે એમાં વધવા-ઘટવાપણું કાંઈ છે નહિ. આહાહા..! કેવળજ્ઞાન થયું તો વધી ગયું એમ પણ નથી અહીં કહે છે. સમજાણું કાંઈ? એ તો એનો સ્વભાવ હતો તે રૂપે પરિણમી ગયો છે. રાગ છોડ્યો માટે કેવળજ્ઞાન થયું, રાગ ગ્રહણ કર્યું માટે હિણી દશા થઈ એમ વસ્તુમાં નથી. આહાહા..! સમજાણું કાંઈ?

'**જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વ...**' નિયતત્વ એટલે '(**-નિશ્ચિતપણે જેમનું તેમ રહેવારૂપ-**)' નિયત્વરૂપ.. નિયતત્વરૂપ.. નિયતત્વરૂપ.. નિશ્ચયત્વરૂપ.. જેમ છે તેમ. જે ઘટતું-વધતું નથી એવા સ્વરૂપમાં નિયતત્વરૂપ રહેવારૂપ એવો ભગવાન આત્મા ત્યાગોપાદાનશૂન્યત્વ છે. પરના ત્યાગથી શૂન્ય છે અને પરના ગ્રહવાથી શૂન્ય છે. પરને કોઈ દી ગ્રહ્યું નથી, પરને કોઈ દી છોડતો નથી. સમજાણું કાંઈ? ભારે વાત! જેટલું-જેટલું દ્રવ્ય ઘટાડશો એટલી-એટલી શુદ્ધિ થાશે એમ કહે છેને?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બોલે છે? વસ્તુ.. તારામાં પરનું ગ્રહવું જ જ્યાં નથી, ત્યાં પરનું છોડવું જો માન તો પરનું ગ્રહણ છે એમ થયું, તો તારી ત્યાગોપાદાનશૂન્યત્વશક્તિ છે એ ગુણને તો તેં માન્યો નહિ. એ ગુણનો ધરનાર એવા દ્રવ્યને પણ માન્યું નહિ. એ દ્રવ્યથી પરિણમન થાય પર્યાયમાં. કારણ કે આ ગુણ છે ત્યાગોપાદાનશૂન્યત્વ નામનો ગુણ.

શૂન્ય-શૂન્ય. પરનો ત્યાગ અને પરના ગ્રહણથી શૂન્ય એવો જે ગુણ, એ ગુણનું પરિણમન પર્યાય છે. કારણ કે દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપે છે. અનાદિથી દૃષ્ટિ નહિ હોવાથી પર્યાયમાં એનું વ્યાપવાપણું નહોતું. સમજાણું કાંઈ? શું કીધું વળી?

પર્યાયમાં વસ્તુની દૃષ્ટિ અને ગુણદૃષ્ટિ નહિ હોવાથી પર્યાયમાં તે ગુણનું પરિણમનનું વ્યાપવાપણું હતું નહિ. આ વસ્તુ જ્યાં આત્મા એનામાં ત્યાગોપાદાનશૂન્યત્વ નામનો ગુણ છે અને એ ગુણ અનંતગુણમાં વ્યાપેલો છે. જો કોઈ એમ કહે કે ચારિત્રગુણમાં તો ત્યાગ અને ગ્રહણ હશે કે નહિ? ચારિત્રમાં તો ત્યાગ આવે કે નહિ? કે ત્યાગ વિના ચારિત્ર થઈ જતું હશે? ઋષભદેવ ભગવાનને પણ અંતે ત્યાગ કરવો પડ્યો કે નહિ? એવા પ્રશ્ન બહુ થતા ત્યાં હમણા ગુજરાતમાં. એમ કે આ બધા મુનિ થયા છે એ બધા ત્યાગ કરીને થયા છે, એમ. શેનો ત્યાગ? પરનો ત્યાગ અને ગ્રહણથી તો ભગવાન ખાલી છે. ખાલીને ભરવો છે એને? પરના ત્યાગવાળો માનવો છે? પરને ગ્રહણવાળો માનવો છે? શાંતિભાઈ! ભારે આકરું આ પણ. આકરું નથી, સહજ સ્વરૂપ જ એવું છે એનું. એથી આ બહારના રવાડે ચડી ગયા. અંતરનો ત્યાગોપાદાનશૂન્યત્વ ગુણવાળો દ્રવ્ય છે એવી જો દૃષ્ટિ હોય તો પરનો ત્યાગ કરું છું એ દૃષ્ટિમાં હોઈ શકે નહિ અને પરને મેં ગ્રહ્યું છે, છોડું છું એવું હોઈ શકે નહિ. આહાહા..! આવી વાત સમજાવવી કઠણ પડે બહુ. એ રસ્તો પછી આ સહેલો પડે લ્યો. મુનિ થવું, નગ્ન થવું, પંચમહાવ્રત ધારવા, અણુવ્રત આંદોલન કરવું. એને અણુવ્રત આંદોલન કરવું હતું તેરાપંથીમાં, ભાઈ!

કહે છે કે પરનો ત્યાગ અનાદિથી સ્વરૂપમાં છે. એને હું ત્યાગું તો એનો અર્થ થયો કે ગ્રહું છું. એવું થયું. .. છે આવે છેને? પુરુષાર્થસિદ્ધિ ઉપાય. પરિગ્રહના અધિકારે આવે છે. પરિગ્રહરહિત જ એનું સ્વરૂપ છે. બાકી જેટલો પરિગ્રહ ઘટાડશે એટલો નિવૃત્તસ્વરૂપ પ્રગટ થશે એમ કહે. ત્યાગની વ્યાખ્યા કરેને? ત્યાગના લખાણ બહુ આવતા પહેલા ભાઈ સુખીલાલ, સુખીલાલના નહિ? ... ત્યાગ કરો.. ત્યાગ કરો.. ત્યાગ કરો.

અહીં તો કહે છે કે રાગને પણ ગ્રહ્યો નથી તો રાગને છોડવો એ સ્વરૂપમાં નથી, લે. સમજાણું કાંઈ? પરને છોડું છું એ તો આત્મામાં પરના ત્યાગના અભાવવાળો ગુણ છે એને એણે માન્યો નહિ, એટલે એણે દ્રવ્યને જ જાણ્યું નહિ, દ્રવ્યને જ માન્યું નહિ, એટલે એણે આત્મા છે એવો એણે માન્યો નહિ. માન્યો નહિ એટલે મિથ્યાત્વ રહ્યું ત્યાં તો. આહાહા..! ભારે! સમજાણું કાંઈ? કહો, શાંતિભાઈ! આ શું આ સંથારા-બંથારાનું શું છે આ? સંથારા કર્યા, અપવાસ કર્યા, આ માણસ ચાલી નીકળ્યા. મિથ્યાત્વ હતું. આહાહા..! આકરું લાગે માણસને હોં બિચારાને. આવું કરતા હોય. પણ કહે છે કે બાપુ! તને ખબર જ નથી, ભાઈ! જેનો તારામાં ત્યાગ છે અનાદિથી, એને તું ત્યાગુ એમ માન તો એનો અર્થ કે સ્વદ્રવ્યે તેને પકડ્યું હતું એવો તે આત્માને માન્યો.

**શ્રોતા :—** મોટી ભૂલ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મિથ્યાત્વની મોટી ભૂલ, ભાઈ! તને તારા ગુણની ખબર નથી. આહાહા..! ગજબ વાત કરે છેને. આચાર્યોએ..

આ ગુણ અનંતગુણમાં વ્યાપક છે. શ્રદ્ધામાં, ચારિત્રમાં, જ્ઞાનમાં, આનંદમાં. એટલે ચારિત્રગુણમાં પણ કાંઈ ગ્રહવું છોડવું એવું છે નહિ. આહાહા..! બરાબર હશે? ચારિત્રમાં ન છોડવું? આ બાયડી-છોકરા છોડ્યા, ધંધો છોડવો. કોણ છોડે? ભાઈ! એના રહિત તો તું છો. હવે રહિત છો અને વળી રહિત થાઉં એટલે ડબલ થઈ ગયું ગ્રહવું. એણે આત્મામાં ત્યાગોપાદાનશૂન્યત્વગુણ એને માન્યો નહિ અને ગુણનો ધરનાર દ્રવ્ય માન્યું નહિ અને અનંતા ગુણોમાં વ્યાપક પરના ત્યાગ ને ગ્રહણથી રહિત એવા અનંતા ગુણને માન્યા નહિ અને એ ગુણનું પરિણમનમાં તો પરના ત્યાગ અને ગ્રહણરહિત પરિણમન છે એની પર્યાયને પણ એણે માની નહિ, એ મિથ્યાદૃષ્ટિમાં જાય છે. સમજાણું? એ મિથ્યાત્વનું પોષક ક્ષણે-ક્ષણે છે. સમ્યગ્દર્શનનું પોષક નથી.

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શક્તિ-૨૧-૨૨
## પ્રવચન નં.૫૪૮, તા.૧૭-૧૨-૧૯૭૦
## (૧૯)

.. વિના અનંતકાળ ગયો. કેવી રીતે એનું સ્વરૂપ છે એમ એને જાણવામાં આવ્યું નથી. એ મોટી ભૂલ રહી ગઈ. એ ભૂલને ટાળવાનો ઉપાય વાસ્તવિક વસ્તુ શું છે? અને એનો સ્વભાવ-સ્વરૂપ શું છે? વસ્તુ શું છે? એનો સ્વભાવ શું છે? એને બરાબર જાણીને અંતર્મુખ થવું એ ભૂલને ટાળવાનો ઉપાય છે. એથી આ વર્ણન શક્તિઓનું ચાલે છે.

એક દાખલો એવો છેને એવો કાંઈક લૌકિકમાં? એક માણસ હતો. એના ઘરમાં ઉંદર બહુ. ઉંદર-ઉંદર. ઉંદર સમજો છો? પછી ઉંદરને.. શું કરવું? એક મીંદડી રાખી. મીંદડી રાખી એટલે ઉંદર કરતા શક્તિ તો મીંદડીની વધારે. હવે આપણે એને ભજો, ઉંદરને ભજવા કરતાં. પહેલા ઉંદર મામાને ભજતા. આ તો મીંદડી આવે એને મારે છે. શક્તિવાળી તો મીંદડી લાગે છે. મીંદડીમાં એકવાર કૂતરો આવ્યો. મીંદડી ભાગી. ઓય મારા કૂતરામાં શક્તિ વધારે લાગે છે. હવે એને કરો આપણે. કૂતરો રાખો. એમ કરતાં એકવાર કરતા કૂરતો .. જાળીને ઉઘાડીને અંદર ગરવા માંડ્યો તો પોતે મારી લાકડી એટલે ટેં..ટેં.. (કરવા લાગ્યો). એના કરતાં તો મારામાં શક્તિ વધારે લાગે છે. શેઠ! ઉંદર કરતા મીંદડી અને મીંદડી કરતા કૂતરાની, અને કૂતરાની કરતા મારામાં. ત્યારે હું મારું સ્મરણ કરું નહિ, હું પોતે શક્તિવાન છું. સમજાણું કાંઈ? બહારનું માન્યું શક્તિવાન શરીરાદિ, એ તો રાખ્યા રહ્યા નહિ. એની શક્તિએ કામ કરે. રાગાદિના પરિણામ શક્તિવાળા માન્યા તો એ રાગ તો વિકાર છે. એને ... આત્માની શાંતિને ખાઈ જતો રાગ. આત્મા પોતાના ભાનમાં આવ્યો એટલે રાગને ઉત્પત્તિ થવાનું સ્થાન ટળી ગયું. એવો શક્તિવાન આત્મા હું છું. એવી દૃષ્ટિ અનુભવ કરવી કે જેમાં દ્રવ્યસ્વભાવ અને દ્રવ્યના શક્તિનો સ્વભાવ અભેદપણે પરિણમે એનું નામ ધર્મ અને મોક્ષનો માર્ગ છે. સમજાણું કાંઈ?

અહીંયાં આપણે ૨૧મી શક્તિ આવી છે. ૨૧. ૨૦ પછી. કહે છે કે આત્મામાં એવો એક ગુણ છે—શક્તિ છે—સામર્થ્ય છે કે **'સમસ્ત, કર્મથી કરવામાં આવતા,...'** કર્મના નિમિત્તથી થતાં પુણ્ય-પાપના ભાવ એ આવતાં **'જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...'** પણ આત્મા તો જાણનાર-દેખનાર છે. જાણનાર-દેખનારને, જાણવા-દેખવાના પરિણામથી એ રાગાદિના પરિણામ એ તદ્દન ભિન્ન છે. **'જુદાં જે પરિણામો તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...'**

છે. વિરામસ્વરૂપ છે. આહાહા..! શું કીધું? ભગવાન આત્મા એનામાં અકર્તૃત્વ નામની શક્તિ છે કે જે શક્તિનું કાર્ય, જે શક્તિના ધરનાર શક્તિવાન એમાં દૃષ્ટિ પડતાં એ શક્તિ અકર્તૃત્વ જે છે એ જાણવા-દેખવાના પરિણામપણે પરિણમે, રાગરૂપે પરિણમે નહિ એવું જ એના અકર્તૃત્વગુણનું કાર્ય છે. આહાહા..! ઝીણું ભારે. કહો, આ પંચમહાવ્રતના પરિણામ કર્મના નિમિત્તથી થયેલા છે. એનાથી કરણથી ઉપરમસ્વરૂપ જીવનું છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જુદા જ છે. વસ્તુ તો... પદાર્થના અભ્યાસે નહિ અને સ્વભાવનો અભ્યાસ નહિ એથી અહીં કંઈક અભ્યાસ તો હોય અનાદિથી. તો રાગના વિકલ્પનો અભ્યાસ તાદાત્મ્ય એકરૂપ માને અને મિથ્યાત્વથી રખડે. પ્રકાશદાસજી! શું કરવું આ પંચમહાવ્રતના પરિણામ? કર્મના કરેલા છે એમ કહે છે એ. દ્રવ્યસ્વભાવ આત્માના કરેલા એ નહિ. વેરી-દુશ્મન જે આત્માના સ્વભાવથી વિરુદ્ધ એવા કર્મના નિમિત્તથી દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજા અરે..! તીર્થંકરગોત્રનો ભાવ... આહાહા..! આકરું કામ જગતને. વસ્તુસ્થિતિ રહી ગઈ છે તારી દૃષ્ટિમાં. એની મર્યાદા, એનું માહાત્મ્ય, એની શક્તિઓ અને એ શક્તિનું કાર્ય અને શક્તિનો ધરનાર દ્રવ્ય. દ્રવ્ય-ગુણ અને પર્યાય છે એ ત્રણે. એની દૃષ્ટિમાં ઓજલ રહી ગયું છે અનાદિથી. આહાહા..! શાંતિભાઈ! આહાહા..! આવી ચીજ તો તારા ઘરની છેને બાપુ! ઘરમાં છે. ઘરમાં તારું એવું સ્વરૂપ છે કે કર્મના નિમિત્તથી થતાં જ્ઞાનની હિણી દશા, જ્ઞાનાવરણીયનો ઉદય અને આ હિણી—બે નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એનાથી નિવૃત્તસ્વરૂપ જીવનું છે, એમ કહે છે. આહાહા..! પછી આ મહેલ અને મકાન કે દી કરશે? એય..! ઠામડા લાવવાનું કોણ કરશે પછી આ? કહો, સમજાણું કાંઈ? લ્યો, આ બીડી-બીડીનું કોણ કરશે? આ એમ કહે છે, ના પાડે છે આમાં. બીડીની કોઈપણ અવસ્થા થાય તેનાથી વિરામસ્વરૂપ છે. એ તો વિરામસ્વરૂપ છે ઈ. એ તો અજ્ઞાનમાં પણ એનાથી વિરામસ્વરૂપ છે.

**શ્રોતા :—** આ તો એથી આગળ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એથી આગળ. આહાહા..! દર્શનનો ઉપયોગ ઝીણો દેખાય, કર્મ દર્શનાવરણીયનું નિમિત્ત, એમાંથી થયેલી પર્યાય એ નિમિત્ત-નૈમિત્તિકસંબંધ એ વ્યવહાર છે, એના પરિણામથી નિવૃત્તસ્વરૂપ જીવનું છે. આહાહા..! એનો અર્થ એ કે એની દૃષ્ટિ દ્રવ્ય ઉપર પડતા વિકારના અભાવસ્વભાવરૂપે એનું પરિણમન થાય છે, એમ છે. કહો, શાંતિભાઈ! આત્મપ્રસિદ્ધિ આવ્યું છે કે નહિ પુસ્તક? ૪૭ શક્તિનું? અને એક આત્મવૈભવ? એ છે? ઠીક. છે તો ખરું. પણ એને સમજાણું ન હોય, બહુ ઝીણું છે. આહાહા..! શું કીધું? એય..! પ્રકાશદાસજી! ક્યો બોલ ચાલે છે? વાંચો. ક્યો બોલ ચાલે છે? ૨૦માં પછી.

'**સમસ્ત કર્મથી કરવામાં આવતા,...**' હવે જુઓ આમ છે. ખરેખર તો વિકાર હિણી દશા અશુદ્ધ ઉપાદાન પોતાથી થાય છે, પરંતુ અશુદ્ધ ઉપાદાનનું થવું નિમિત્તને આધીન છે

એથી એનો સ્વભાવ નથી. સમજાણું કાંઈ? ભારે! **'સમસ્ત કર્મથી કરવામાં આવતા,...'** ભાષા તો એવી છે. એય.. ધન્નાલાલજી! કર્મથી વિકાર થાય એમ આમાં લખ્યું છે, પણ એનો અર્થ શો? દ્રવ્યકર્મ જડ અને એનો ઉદય જડ અજીવ એને તો આત્મા અડતો પણ નથી, અજ્ઞાની અડતો નથી. ફક્ત વસ્તુની દૃષ્ટિ ઉપર દૃષ્ટિ નહિ હોવાથી એનું લક્ષ પરના ઉદયમાં જાય છે. એથી તેની દશામાં જ્ઞાનની હિણી દશા, દર્શનની હિણી દશા, વીર્યની હિણી દશા અને દયા, દાન, વ્રતના, કામ, ક્રોધના પરિણામ થાય એવા પરિણામથી અકર્તૃત્વગુણને લઈને **'કરણના ઉપરમસ્વરૂપ...'** અટકવું, નિવૃત્તિ, અંત લાવવો, અભાવ છે. આહાહા..!

વસ્તુસ્વરૂપ એ હિણી દશા અને રાગની દશા, મહાવ્રતના પરિણામ એ કર્મના નિમિત્તથી કરાયેલા (છે). સ્વભાવમાં રાગનું થવું એવો કોઈ ગુણ છે? હા, એવો ગુણ છે કે રાગથી વિરામ પામે. આહાહા..! એવો ગુણ છે એનામાં. વાસ્તવિક તત્ત્વના સ્વભાવની પ્રાપ્તિ વિના અનંતકાળથી રઝળ્યો. સાધુ થયો, નિર્ગ્રંથ મુનિ થયો, પણ વસ્તુસ્થિતિ એ વિકલ્પનો કણ ઉઠે... આહાહા..! કેમકે વસ્તુમાં અકર્તૃત્વ નામનો ગુણ છે, જે ગુણના કાર્યમાં દૃષ્ટિ દ્રવ્ય ઉપર જતાં એના ગુણના કાર્યમાં રાગની હિણી દશાના થયેલા પરિણામ એનાથી વિરામસ્વરૂપ એનું પરિણમન છે. આહાહા..! એવડો અને એવો આત્મા છે. સમજાણું કાંઈ? ક્યાંથી આવો છો? ઠીક. સાંભળે છે બરાબર ઈ. તારી વાત ચાલે છે. એય.. મનિષ! તારા દાદાને કહે ક્યાંથી આવે છે? કે આવ્યો છે બે દીથી. કહો, સમજાણું કાંઈ?

કહે છે, ભગવાન! તારા ઘરમાં શું છે? તારા ઘરમાં પર્યાયમાં નિમિત્તને આધીન થતાં હિણી દશા જ્ઞાનની, દર્શનની, વીર્યની વિપરીત દશા વિકારની. ચાર કર્મથી કરાયેલા ભાવ છે એનાથી ઉપરમસ્વરૂપ. એ **'કરણના ઉપરમસ્વરૂપ (તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ) અકર્તૃત્વશક્તિ.'** છે. આહા..! આમ ન માનતા રાગનું કર્તૃત્વ મારું એ માન્યતા, એને અકર્તૃત્વગુણ અને અકર્તૃત્વગુણનો ધરનાર દ્રવ્ય એની એને શ્રદ્ધા નથી. શ્રદ્ધા એને રાગ કરું એવી શ્રદ્ધા છે, મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે આકરું કામ આવું. આવું બધું કરવું, અનાસક્તિ યોગે કરવું નથી ચાલતું? અનાસક્તિ યોગ રાખવો. આસક્તિ ન કરવી. કરવું ખરું. એય..! કાંતિભાઈ!

ભાઈ! પરદ્રવ્યની અસ્તિ, હયાતી છે. બીજા આત્માઓ અને બીજા પરમાણુઓ, એની વર્તમાન દશાનું થવું એ કાર્ય વિનાનું દ્રવ્ય હોઈ શકે નહિ, તો એનું કાર્ય બીજો કેમ કરે? અહીં તો અંદરમાં ભૂલવાળી જે દશા છે એની વાત ચાલે છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એનાથી ઉપરમ-નિવૃત્તસ્વરૂપ. એક-એક ગુણમાં લઈ લેવું. જ્ઞાનગુણની પર્યાયમાં જ્ઞાનાવરણીયના નિમિત્તથી થતી હિણી દશા એવા કાર્યથી વિરામસ્વરૂપ-નિવૃત્તસ્વરૂપ એવો આત્માનો સ્વભાવ એને અહીંયાં અકર્તૃત્વગુણ (કહે છે). કેમકે એ અકર્તૃત્વગુણ અનંત ગુણમાં વ્યાપેલો છે. આહાહા..! ભંડાર ખોલ્યો છે. સમજાણું કાંઈ?

સ્તુતિમાં આવે છે પદ્મનંદીમાં. હે ભગવાન! આપે આત્માનું નિધાન ખોલીને બતાવ્યું. હવે કોણ એવો હોય કે આ નિધાન પરના છોડે નહિ અને નિધાનને ખોલે નહિ? આ ધૂળના નિધાન રાજા અને આ મોટો શેઠિયો પાંચ કરોડ, દસ કરોડના ધણી એ નિધાનને કોણ ન છોડે, પ્રભુ? આપે આત્માના નિધાનને... સ્તુતિ કરી છે પદ્મનંદીએ. ઋષભદેવ ભગવાનની સ્તુતિ કરી છે. આત્માના નિધાન અરૂપી સ્વભાવના સાગરને ખોલીને અમને બતાવ્યો. એવો કોણ હોય કે સંસારના નિધાન ઉપર નજર આપે હવે? આહાહા..! એને છોડીને આત્માના નિધાન... અહો..! મનુષ્યપણાની એક પળ ચક્રવર્તીની સંપદા કરતાં જેના એક સમયનું મૂળ ઘણું છે. કેમકે એક સમયમાં સમયાંતર જ્યાં આત્માનું ભાન થાય, એક સમયમાં અનંત સંસાર તૂટી જાય છે. કહો, સમજાય છે કાંઈ? એક સમયની એની કિંમત આ રીતે, હોં! ભગવાન આત્મા થોડું સમજે, થોડું વાંચ્યું હોય એની કાંઈ દરકાર નથી. પણ જે છે એને વાંચે. આહાહા..! અકર્તૃત્વ. ઓહોહો..! ગજબ કામ કરે છેને! ત્યારે કોણ કરે? કર્મ કરે? કર્મ કરે એ તો સોનગઢવાળા ના પાડે છે, એમ કહે.

**શ્રોતા :—** એ હા પાડે છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઈ હા પાડે છે. અમે તો કહીએ છીએ, વિકાર કરાવે છે કર્મ. લ્યો! જુઓ, આવ્યું કે નહિ આમાં? વિકાર કરાવે છે કર્મ. કરવામાં આવતા, એનાથી કરવામાં આવતા એમ કહ્યું છે. આગળ છે. એય..! ધન્નાલાલજી! શું હા એ હા પાડો છો? બીજા માણસ એમ કહે છે કે '**સમસ્ત કર્મથી કરવામાં આવતા,...**' એમ શબ્દ છે, પણ એનો ભાવ શું છે એ જાણવું જોઈએ કે નહિ? સળગાવો કહીને નાખ્યું ભડકામાં. કીધું નહિ? ફતેહપુરમાં થયું પછી લોકો.. ફાનસ સળગાવો કહ્યું, નાખ્યું ભડકા માંહી. સળગાવો ફાનસ. ત્યારે છોકરો કહે, સાહેબ! આપે સળગાવો કહ્યું હતુંને. શું? ફાનસ સમજ્યા? લાલબત્તી. લાલબત્તી સળગાવો એમ કહ્યું. સળગાવ્યું ભડકામાં નાખ્યું. અગ્નિના ભડકામાં. પણ એ સળગાવ્યું કહેવાય? એટલે દીવો કર એમ એનો અર્થ છે. સમજે નહિ. 'સમજાવ્યા સમજે નહિ, કરે કાંઈનું કાંઈ; ફાનસ સળગાવો કહ્યું નાખ્યું ભડકામાંહી.' એ અમારી એક છોડી હતી ત્યાં બહુ બોલતી. પોપટભાઈના દીકરાની દીકરી નહિ બોટાદ. પોપટભાઈનો દીકરો નટુભાઈ હતો. છોડી બહુ બોલકી હતી. સાત વર્ષે .. હતી. સાત વર્ષની ઉંમરે. રૂપાળી બહુ રૂપાળી. ક્ષય થઈ ગયો. છેલ્લે આમ .. જોઈ હતી ક્ષય થઈ ગયો. આહાહા..! એવું બોલતી હતી શ્લોક આ. ૨૫-૫૦ બોલ મોઢે કર્યા હતા. એનો બાપ શીખવે નવરાશે. પોપટભાઈ! આહાહા..!

કહે છે, '**સમસ્ત કર્મથી કરવામાં આવતા,...**' એટલે? દ્રવ્યસ્વભાવથી થવામાં આવતા નહિ. ઠીક! આના સ્વભાવથી થવામાં આવતા નહિ એટલે પરના સ્વભાવથી થવામાં આવતા એમ કહેવામાં આવે છે. '**જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...**' આહાહા..! જાણનાર-દેખનાર ભગવાન છે. જેનું મહાસત્ત્વ ચૈતન્ય છે. જુઓ, એને મહાસત્ત્વ કીધું છેને. અષ્ટપાહુડમાં આવ્યું ને?

આહાહા..! હમણાં જ આવ્યું હતું. જેનું મહાસત્ત્વ, મહાસત્ત્વ, મહાસત્ત્વ. .. મોટું ... સાઠો નથી થાતો સાઠો? ઘઉંનો સાઠો થાય. બહુ પચે એને બહુ પચી જાય. સાઠો શેકેલો હોયને ઘઉંનો. ઓલો બિચારા એવું ખાય હોં! ગરીબ માણસ બિચારા બિહારમાં. ઘઉંનો લોટ શેકેલો બસ શેકેલો લે શેર-બે શેર અને મીઠું થોડું. મરચું-મરચું. શેઠ! બિહાર. બિહાર દેશમાં ગરીબ માણસો હોયને બહુ બિચારા.

**શ્રોતા** :— સમ્મેદશિખરમાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સમ્મેદશિખરમાં જોયું હતુંને. ઘઉંનો લોટ શેકેલો અને એમાં મીઠું-મરચું ખાય. લોટ ખાય. બહુ ગરીબ, બહુ ગરીબ. આ મમરા રાખ્યા હતાને એને ઘરે. બિચારા લેવા આવતા હોં ગરીબ માણસ. આહાહા..! મમરા.. લાડવા.. મમરા? તોપણ બહુ આવતા માણસો. બિચારા ગરીબ બહુ માણસ. અરે..! એમાં ગરીબ માણસ અનાદિનો અજ્ઞાનમાં... જરીક એક રાગ થાય તો કહે, મારો. ભિખારી છે કે નહિ? આહાહા..!

કહે છે કે, ભાઈ! તારા સ્વભાવનું સ્વરૂપ ત્રિકાળી (છે એ) ત્રિકાળી સ્વરૂપમાં અકર્તૃત્વ નામની શક્તિ છે. ભાઈ! એ ગુણ અને દ્રવ્યનો સ્વભાવ રાગાદિના પરિણામથી નિવૃત્તરૂપ, ઉપરમસ્વરૂપ, વિરામરૂપ એવો તારો સ્વભાવ છે. આહાહા..! સમ્યગ્દર્શનમાં સમ્યગ્દૃષ્ટિને એ રાગાદિના પરિણામથી વિરામસ્વરૂપ છું, જાણનાર-દેખનાર પરિણામ છું. એના પરિણામથી, ભિન્ન પરિણામથી તો નિવૃત્તસ્વરૂપ છું. વ્યવહારનો અભાવ છે એમ કીધું.

**શ્રોતા** :— નિવૃત્ત છે એમ આવ્યું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અભાવ છે આમાં તો એમ આવ્યું. વ્યવહાર વ્યવહાર તરીકે હો, પણ પોતાના પર્યાયમાં નથી એમ અહીં તો સિદ્ધ કરે છે.

**શ્રોતા** :— સ્વભાવમાં શું ચીજ પડી છે...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— સ્વભાવ.. સ્વભાવ અરૂપી ચૈતન્યરત્ન મહા સિદ્ધ સમાન જેનો હીરા-માણેકની કિંમત કરતાં મહા કિંમતી જેની ચીજ. આહાહા..! ઇન્દ્રના ઇન્દ્રાસન જ્યાં ડોલી જાય જેના એક સમયની શુદ્ધની પર્યાય આગળ, એવો જે ભગવાન આત્મા, કહે છે, પ્રભુ! તારું દ્રવ્યસ્વરૂપ તો આવું છે. એવું જ્યારે તને માનવામાં આવે ત્યારે તને રાગના પરિણામથી નિવૃત્તસ્વરૂપ છું એવો તને ભાવભાસ થાય, એને સમ્યગ્દર્શન કહેવાય. આહાહા..! કહો, સમજાણું કાંઈ? એક વાત. રાગની મંદતાની શુભભાવની ક્રિયા કરતાં-કરતાં આગળ નિશ્ચયમાં અવાય. ના પાડે છે અહીં. એ ક્યાંથી તું લાવ્યો? એ વસ્તુનો સ્વભાવ નથી.

**શ્રોતા** :— ઉપરમસ્વરૂપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઉપરમસ્વરૂપ છે, ભાઈ! રાગને પડખે તો કર્મ છે, રાગને પડખે તારું સ્વરૂપ છે નહિ. આહાહા..! વાસ્તવિક દૃષ્ટિ અને વાસ્તવિક તત્ત્વનો એણે પ્રયત્ન અને પ્રસાય જ કર્યો નથી. પછી થોથેથોથા... સમજાણું કાંઈ?

અહીં તો કહે છે કે એ કર્મના નિમિત્તે થતાં શુભભાવ એનાથી તો પર્યાય નિવૃત્તસ્વરૂપ છે. દ્રવ્ય-ગુણ તો નિવૃત્ત છે, પણ પર્યાય નિવૃત્તસ્વરૂપ ધર્મીની છે. એને ઠેકાણે રાગના શુભભાવથી શુદ્ધતા થાય (એમ માને એ તો), ઘણી ઊંધાઈનો પાર ન મળે કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? એ અનંતગુણમાં વ્યાપ્યો છે. જુઓ, શ્રદ્ધાગુણમાં પણ એ વ્યાપેલ છે. શ્રદ્ધાગુણમાં અકર્તૃત્વપણું વ્યાપેલ છે. એટલે શ્રદ્ધાગુણ કષાયની મંદતાના ભાવથી એની પર્યાય વિરામ પામેલી છે. આહાહા..! સમકિત મોહનીયના નિમિત્તના સંબંધે કાંઈક જે અંદર મેલ દેખાય, એનાથી પણ સમકિતીનો આત્મા અને એની પર્યાય નિવૃત્તસ્વરૂપ છે. આહાહા..!

વસ્તુ એવી છે એટલે વસ્તુની દૃષ્ટિવંત પણ એવો જ છે. માર્ગ એવો છે જગતમાં વીતરાગનો. મહાવીરનો માર્ગ આ છે. એને મૂકીને બધી વાતું કરે એ બધી કુમાર્ગની પુષ્ટિ કરવા જેવી છે. સમજાણું કાંઈ? એની પહેલાં શ્રદ્ધાના પક્ષમાં, શુદ્ધનયના પક્ષે તો આવે કે આ જ વસ્તુ છે. રાગનું થવું એનાથી વિરામ પામવું એ આત્માની ચીજ છે. રાગથી થવું મારામાં (નહિ), નિવૃત્ત થવું એ મારી ચીજ છે; એને ઠેકાણે રાગથી મારામાં લાભ થાય એવો કોઈ ગુણ નથી. આહાહા..! આ વાદવિવાદે પાર ન પડે એવી વાત છે. સમજે તો સમાય એવું છે. સમજાણું કાંઈ?

કહે છે, '**સમસ્ત કર્મથી કરવામાં આવતા,...**' શું પણ આચાર્યે કામ કર્યું છેને ગજબ! વાચક શબ્દોમાં વાચ્ય કેટલું ભર્યું છે! આહાહા..! હીરા સરાણે ચડાવ્યા છે. ચૈતન્યને હિલોળે ચડાવ્યો છે આમ અંદરથી. આહાહા..! હો, રાગાદિ હો, એને ઠેકાણે એના સ્થાનમાં. ત્યારે આ કહે કે પણ સમકિતીને વ્યવહાર કરવો તો પડેને? જ્ઞાનીને વ્યવહાર કરવો ન પડે? અહીં તો કહે છે કે વ્યવહારથી વિરામ—નિવૃત્તસ્વરૂપ તો તારું છે, કરવો પડે ક્યાંથી આવ્યું અહીં? સમજાણું કાંઈ?

'**જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...**' જ્ઞાતૃત્વ (અર્થાત્) જાણવા-દેખવાના પરિણામમાત્રથી જુદા બધાય. આહા..! ચાહે તો આહારક શરીરના પરિણામ હો બાંધવાના કે તીર્થંકરગોત્રના બાંધવાના હો, સમકિતમોહનો ભાવ હોય. તીર્થંકરગોત્ર મોક્ષનું કારણ છે, લ્યો. એવું શાસ્ત્રમાં આવે ખરું કથન વ્યવહારમાં. આહાહા..! અહીં તો કહે છે કે તીર્થંકરના પરમાણુ જે બંધ પડ્યા એનાથી તો નિવૃત્તસ્વરૂપ અજ્ઞાની પણ છે. એને અજ્ઞાનીને તો બંધ હોય નહિ, પણ આ તો અજ્ઞાની જડના પરિણામથી તો નિવૃત્તસ્વરૂપ જ છે, એ તો ત્યાગસ્વરૂપ જ છે, ફક્ત 'એ મારા' એવો મમતાનો ત્યાગ નથી. એ કહે છે કે મમતાના પરિણામથી પણ વિરામસ્વરૂપ તારું છે. શાંતિભાઈ! ભારે માર્ગ ભાઈ, આવો. એઈ.. શું? પ્રકાશદાસજી! ન્યાં તો એકલી શુદ્ધનય સ્થાપે છે, શુદ્ધનય સ્થાપે છે એમ બહારમાં ચાલે છે અહીંની વાત. એ સાંભળતા આવ્યા હોયને. ભાઈ એમ કહે છે. 'શુદ્ધનય સ્થાપતા સેવના સેવતા રહે ન દુવિધા સાથ રે.' આનંદઘનમાં આવે છે. 'વ્યવહારે લક્ષ દોહ્યલા કાંઈ ન આવે હાથ રે.' શ્વેતાંબરમાં આનંદઘનજી હોં એમ

કહે છે. આહાહા..!

વ્યવહારે લક્ષ દોહ્યલા કાંઈ ન આવે હાથ રે,
પરમાર્થ પણ સેવતા રહે ન દુવિધા સાથ રે.'

આહાહા..! 'વ્યવહારે લક્ષ...' સમજ્યાને ઈ? બેય ગાથામાં આવે છે.

વ્યવહારે લક્ષ જે કહે એના ભેદ અનેક રે,
શુદ્ધનય સ્થાપના સેવતા રહે ન દુવિધા સાથ રે.

પરમાર્થને સેવતા રહે ન સાથ. પરમાર્થ વસ્તુ ભગવાન. આનંદઘનજી પણ એમ કહી ગયા છે. શ્વેતાંબરના આનંદઘનજી હોં! પર્યાયને માને નહિ એ લોકો. ભૂતડો થઈ ગયો છે, કહે ભૂતડા જેવો. કાંઈ ઝાઝા માણસ નહિ, આચાર્ય સંઘ નહિ, લોકો આમ માણસ ભેગા થાય અને આમ.. સભામાં બેઠા હોય અને બધું ઘોડી ઉપર આમ ભગવાન બિરાજતા હોય અને વાંચતા હોય. પાંચ-પાંચ હજાર માણસ ભેગા થાય. માથે ચંદરવા બાંધ્યા હોય. હવે એવી શોભા વિના ધર્મ હોય ક્યાંય? એને લઈને શું છે પણ હવે. એ તો એવા બધા .. એવા તો ઈન્દ્રમાં દેવમાં છે મોટા-મોટા. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ઈન્દ્રમાં છે એવું અહીં છે જ ક્યાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં છે જ ક્યાં? અભવિ ત્યાં ઊપજે છે દેવ. એને એવા બધા ચાકળા-બાકળા ઊંચા આવા હોય ને.. આહાહા..! એને લઈને આત્મા શું છે? એ તો એનાથી અભાવસ્વરૂપ છે. આહાહા..! એનાથી એની કિંમત ટાંકવી... કહો, બહારના ભભકાથી કિંમત ટાંકવી આત્માની કે આ ઊંચે પદે છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ધૂળેય થાતું નથી. બહારના મૂઢને થાય. આહાહા..!

અંતર સ્વરૂપ ભગવાન આત્મા, કહે છે કે એ શ્રદ્ધામાં, જ્ઞાનમાં, ચારિત્રમાં લ્યો. ચારિત્રનો ગુણ છે આત્મામાં. એ ચારિત્રગુણ અચારિત્ર એવા પંચમહાવ્રતના પરિણામ એ કર્મના નિમિત્તથી થયેલા એનાથી વિરામસ્વરૂપ—ઉપરમસ્વરૂપ—અંતસ્વરૂપ—અભાવસ્વરૂપ છે. આહાહા..! આવો આત્મા દૃષ્ટિમાં ન લે. એવું એનું સ્વરૂપ છે. એવું ન લે ત્યાં સુધી મિથ્યાદૃષ્ટિ છે. શ્રદ્ધાના પક્ષમાં તો પહેલો લે (કે) આવો જ આત્મા છે. સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો એમ કહે છે કે આત્મામાં આનંદગુણ છે આનંદ. આનંદગુણનું પરિણમન તો આનંદરૂપે થાય. એનું પરિણમન કર્મના નિમિત્તથી થતા દુઃખદશા એનાથી તો વિરામસ્વરૂપ છે. વજુભાઈ! ભારે આવો ધર્મ પણ ભાઈ! ખેંચી ખેંચીને.. .. એવો છે, બાપુ! તારી મોટપની વાતું કેવળીના મુખે પૂરી ન આવી. એવો એક-એક આત્મા.

જે સ્વરૂપ સર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
કહી શક્યા નહિ તે પણ શ્રી ભગવાન,

એ સ્વરૂપને અન્યવાણી તે શું કહે?
અનુભવગોચર માત્ર રહ્યું તે જ્ઞાન જો.

એવી ચીજ છે એને સાંભળે અને સાંભળતા એને એમ થઈ જાય કે ઉંહ, આ તો નિશ્ચય થઈ ગયો. પણ નિશ્ચય થઈ ગયું એટલે હતું એવું થઈ ગયું એમ કહે. સત્ થઈ ગયું સત્. સત્ જે હતું એ સત્રૂપે થઈ ગયું. સમજાણું કાંઈ? આ ખાવું ને આ પીવું આ ન ખપે, ન ખપે. મારી નાખ્યો એને. કચડી નાખ્યો એને.

**શ્રોતા** :— ઊંચા ક્લાસની વાતો...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— ઊંચા ક્લાસની, સમ્યગ્દર્શનની છે અહીં તો. આહાહા..! સમજાણું કાંઈ? એના ઘરની પહેલા સમયની સમ્યગ્દર્શનની દશાની આ વાત છે. આથી વિરુદ્ધ કંઈ પણ માને, કરે, કરાવે એ બધા મિથ્યાત્વના પોષણ કરી નિગોદને પંથે જવાના છે.

**શ્રોતા** :— એ રહિત.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ રહિત. દશા એ રહિત. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે, ભારે કામ કર્યું છે. પણ ભાષા કેવી છે! એક તો '**સમસ્ત...**' એટલે કોઈ કર્મ બાકી નહિ. આઠેય કર્મ અને એના જેટલા પેટા ભેદ ૧૪૮ એના '**કરવામાં આવતા,...**' એના નિમિત્તના સંબંધમાં થતો વ્યવહાર. એ '**જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...**' ભગવાન તો જાણવાના-દેખવાના સ્વભાવવાળો પ્રભુ છે. એને આ ભક્તિના પરિણામ જે થાય એનાથી વિરામસ્વરૂપ છે. ગજબ વાત છેને! આહાહા..! એઈ..! વળી સવારે દેવદર્શન કરવા. છ આવશ્યકો. શ્રાવકને છ આવશ્યક હોય. એઈ..! કાંતિભાઈ! .. તમારું ક્યાં ઠેકાણું છે? વળી કહે, કેળવવું નહિ અને વળી.. હમણાં અડધા કલાકમાં (ભક્તિ) ચાલશે. શું પણ અડધા કલાકમાં થાશે? થાય છે શું? થયું શું એમાં? એ તો જ્ઞાન જ્ઞેયની ક્રિયા થાય છે. રાગ થયો એ રાગને જાણે છે. એમાં થયું શું? ત્યાં કાળમાં ફરી જાય છે કાંઈ? આહાહા..! સમજાણું કાંઈ? અહીં તો કહે છે કે અનંત તીર્થંકરો સર્વજ્ઞની ભક્તિ અને ગુરુની ભક્તિ, એવો જે વિકલ્પ, એનો વિનય, એનો જે વિકલ્પ એ કર્મના નિમિત્તથી થયેલો વિકલ્પ એનાથી નિવૃત્તસ્વરૂપ ભગવાન આત્મા છે. આ પુસ્તકનો વિનય. શું કહેવાય તમારે? ...

**શ્રોતા** :— .. વિનય કરવો ને ફલાણું કરવું નહિ, ઢીંકણું કરવું નહિ. સવારે .. નામ આવ્યું હતુંને.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— હા, આવ્યું હતુંને. ક્રિયાવાદીનું આવ્યું હતું શ્વેતાંબરનું. એણે એમ લખ્યું છે. ઓલા ટીકાકાર છેને. એમાં નાખ્યું છે. ક્રિયાવાદી શ્વેતાંબરમાં નાખ્યું. .... જ્યાં ત્યાં નોકાર બહુ.. .. મરીને નરકે જાશે, એમ કહે. ભાઈ! એ પોતે આત્મા છે ભગવાન. એવી ભાષા ન કરાય.

**શ્રોતા** :— ...માં નથી લખ્યું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી લખ્યું. .. પણ એના ટીકામાં આવું કર્યું. જ્યાં ત્યાં નોકાર.. નોકાર.. નોકાર.. ભાઈ! એ બિચારા આત્માઓ છે. એની ભૂલ છે એ બતાવવી, જાણવી;. પણ એથી કાંઈ કોઈ આત્માનો તિરસ્કાર કરવો? અરે..! દુઃખમાં ઝળ્યા બળ્યાનો તિરસ્કાર કરવો એ કાંઈ ધર્મીનું કામ છે? દુઃખને તો આવ્યા છે અને દુઃખમાં તો જવાના છે. આહાહા..! ગજબ વાત!

એ '**જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...**' ત્યાં તો જાણવા-દેખવાના પરિણામ એકલા હશે? '**જ્ઞાતૃત્વમાત્રથી જુદાં...**'નો અર્થ? છે તો બધા પરિણામ શુદ્ધ, પણ એની સાથે આ જાણવા-દેખવાના પરિણામની પ્રધાનતા બતાવીને એ જાણનાર-દેખનાર રહે છે. રાગનો એ જાણનાર (રહે છે). વ્યવહાર જાણેલો પ્રયોજનવાન છે. આ અર્થ છે એનો લ્યો! સૌને ૧૨મી ગાથા નડે. ખટકે. ખટક્યા કરે. પેલો નહોતો આવ્યો? સ્થાનકવાસી વઢવાણવાળો. એ કહે, આમાં આવું નાખ્યું. હમણાં આવ્યા હતા હોં ક્યાંક આપણે. નહિ ભાઈ! નટુ. હવે ફરી ગયું. હવે ફરી ગયું. ભાઈ તો ઓળખેને. કપુરભાઈનો દીકરો. હવે પણ ફરી ગયો છે હોં! વાત કાંઈક જુદી છે એમ ફરી ગયો. ભાઈ! બધાને ફરવું પડશે. ખોટે રસ્તે દોરાઈ ગયા છે અને એમાં માની બેઠા કે સાચો રસ્તો છે, ફરવું પડશે જો ફરવું મટાડવું હોય તો. ચોર્યાસીનું ફરવું મટાડવું હોય તો ફરવું પડશે. આહાહા..!

તારા નિધાનમાં તો કહે છે કે વ્યવહારરત્નત્રયનું કરવાપણું પણ તારા સ્વરૂપમાં નથી, ભગવાન! એને તું સોંપ. એ આંખને સોંપ ઉલેચવાનું, .. કાઢવાનું, ખાડો ખોદવાનું. ખોદી શકે? એમ ભગવાન આત્માને રાગનું કર્તાપણું સોંપ. ન કરી શકે. એનો સ્વભાવ નથી. કરવા જાય ત્યાં મિથ્યાદૃષ્ટિ થઈને સ્વરૂપનો અનાદર થઈ જશે. આહાહા..! ભારે કામ. સમજાણું કાંઈ? લ્યો!

'**તે પરિણામોના કરણના ઉપરમસ્વરૂપ...**' '**અટકવું તે;...**' લ્યો એ તો એનાથી અટકેલું જ સ્વરૂપ છે એમ કહે છે. નિવૃત્તિ સ્વરૂપ જ છે. એનો અંત જ છે એમાં. એનો અભાવ છે. '(**તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ**) **અકર્તૃત્વશક્તિ.**' કૌંસમાં '(**જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના,...**' જ્ઞાતાપણા સિવાયના. એમાં તો એમ લીધું. જાણવાપણાના સિવાયના. પણ એ જ્ઞાતાપણાના એટલે દ્રવ્ય જ્ઞાતા છે એની સાથે અનંતા પરિણામ છે શુદ્ધ. આવી ગયા. તે પરિણામોના કરવાની નિવૃત્તિસ્વરૂપ '(**જે શક્તિથી આત્મા જ્ઞાતાપણા સિવાયના, કર્મથી કરવામાં આવતા પરિણામોનો કર્તા થતો નથી,...**' આહાહા..! '**એવી અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.**)' એ એક શક્તિ અનંતગુણને નિમિત્ત છે. એ એક શક્તિમાં ધ્રુવ અને ક્ષણિક બે ઉપાદાન છે. શક્તિ તે ધ્રુવ ઉપાદાન છે અને એની દૃષ્ટિ પડતાં પરિણમન થાય તે ક્ષણિક ઉપાદાન છે. ક્ષણિક ઉપાદાન વ્યવહારને લઈને થાય, વ્યવહારનો જેમાં અભાવ છે એ જ એનું અનેકાંતપણું છે. વ્યવહારથી પણ

થાય, નિશ્ચયથી થાય એ અનેકાંત નથી, એ તો ફુદડીવાદ-અજ્ઞાનવાદ છે. સમજાણું કાંઈ?

અકર્તૃત્વગુણ છે એની એક સમયની પર્યાય જ્ઞાતા-દૃષ્ટાની એ ષટ્કારકનું પરિણમન પોતાથી છે. રાગને લઈને આનું પરિણમન છે એમ છે નહિ. વ્યવહારને લઈને નથી. નિશ્ચયની પરિણતિ પોતે જ ઊભી થઈ છે. એનું કર્તૃત્વ, કર્મ, સાધન. સાધન શું? સાધન શું? એમ કહેતા બધા. શ્રીમદ્‌માં અગાસમાં. વાત તમારી બધી સાચી નિશ્ચયની, પણ એનું સાધન? સાધન આ ભક્તિ કરવી, વાંચવું, સંભળાવવું એ બધા સાધન. નહિ? ત્યારે કરવું શું પણ આ સાધન નહિ તો? સ્વરૂપમાં એકાગ્ર થાવું એ સાધન છે. આહાહા..! બહુ ઉગમણો-આથમણો ફેર છે.

અહીં તો આત્માને એટલો ને એવડો વર્ણવ્યો કે વ્યવહારના વિકલ્પ ને હિણી દશાના કાર્યથી ભિન્ન એવા પરિણામનો અને એવા ગુણ અને દ્રવ્યનો સ્વરૂપથી એક એવો આત્મા છે. રાગવાળો આત્મા છે અને વ્યવહારવાળો આત્મા છે એમ છે નહિ. સમજાણું કાંઈ? એમાં તો ઉપાદાન-નિમિત્ત આવી ગયું. નિમિત્ત એમાં છે નહિ. ક્ષણિક ઉપાદાન છે એમાં ઓલું વ્યવહાર સાધન છે નહિ. વ્યવહાર તો નિમિત્ત છે, નિમિત્તનો તો અભાવ છે. આહાહા..! ધીરેથી જોતાં એને જાણવામાં આવે. ભાઈ! આ તો એવી વાત છે. વાદવિવાદ કરવા જાય તો આ વસ્તુ (હાથ નહિ આવે). એને કરીને એને કામ શું કરવું છે એને? જે કરવું છે કામ એ તો અંતર્મુખમાં છે. વાદવિવાદ કરીને શું કરવું છે એને? આહાહા..!

એક તો આખો દી સંસારના કામમાં કર્તૃત્વબુદ્ધિ અને એમાં હોંશના સડકા આવે એ જીવને મારતો તો આવે છે બિચારો. ..જી! આહાહા..! હરખ-હરખ થઈ જાય. છોકરો પરણે ત્યાં હરખ. પાંચ-પચાસ હજાર મળે એક દીના કે એક મહિનાના લ્યોને. ફાવ્યા ઓણ તો. ઓણનું વર્ષ મોસમમાં ફાવ્યા. વર્ષો વર્ષ પંદર હજાર, વીસ હજાર, પચ્ચીસ હજાર, પચાસ હજાર (કમાતા). ઓણ તો બે લાખની પેદાશ. ખર્ચ વીસ હજારનો અને એક લાખ અને એંશી હજારની પેદાશ. ફાવ્યા. એય..! ગુમાવ્યો છે તેં આત્માને. આહાહા..! એય... જાધવજીભાઈ! કેમ ફાવે બાપુ? ફાવે ત્યાં ફાવવાની ચીજ હોય ત્યાં ફાવે. અંતરમાં છે ફાવવાની ચીજ. એય..! ધીરૂભાઈ! શું છે આ? સંચા-બંચામાં ચાલે, વીસ હજાર પેદા થાય, પચાસ હજાર પેદા થાય. દસ હજાર ખર્ચ થાય. ચાલી હજાર વધ્યા. ફલાણું-ઢીંકણું. વધ્યું કે ઘટ્યું તારું? સાંભળને! એય..! છોકરા કહ્યાગરા થાય, બુદ્ધિવાળા. પોતા કરતાં પણ બુદ્ધિ લાગે વધારે. આ છોકરાને કેટલીક વાત તો મેં કીધી નથી અને ઉગારે છે અંદરથી. વેપાર ધંધામાં .. આ તો હુશિયાર થઈ ગયા હોં! આ હુશિયાર જાગ્યા એના વખાણ કર્યા એમાં તારા આત્માનું ખૂન થઈ ગયું છે. વજુભાઈ! કેમ હશે આ? પણ આવડો મોટો ફેર છે? બાવા થઈ જાય, જંગલમાં વયા જાય તો થાય. એ તો અહીં કહે છે. રાગનું કરવાપણું પણ તારામાં નથી તો હવે શું કરવું છે? કોને તારે સાથે રાખવા છે? વ્યવહારનો સાથ પણ તને નથી. આહાહા..! એય.. જયંતિભાઈ! આ ઓલા બિચારા જુઓને, રજનીશ અને એકકોર આ

અમરચંદજી, એક કોર તુલસી. ભાઈ! ધમાધમ કરે છે. મિથ્યાત્વના પોષક. શું થાય? બિચારા એને, અરે..! એને સૂઝ ન પડી એના ઘરની.

મારું ઘર કેવું છે? મારું ઘર તો રાગના, મેલના કરવાથી વિરામસ્વરૂપ એવો હું છું. એને ઠેકાણે આ કરો, અણુવ્રત પાળો, અણુવ્રત પળાવો. એય..! અણુવ્રત પળાવું હતુંને તમારે પણ? મહાવ્રત લઈને પછી અણુવ્રતનું આંદોલન કરવું હતું એને. રખડવાનું. આમાં એ આવ્યું કે નહિ ભાઈ? આ તો વસ્તુની સ્થિતિ એવી છે. એમાં કાંઈ કોઈ વ્યક્તિને માટે (વાત નથી). આહાહા..! અણુવ્રત ને મહાવ્રત એ તો વિકલ્પ છે. વિકલ્પથી નિવૃત્ત—ઉપરમસ્વરૂપ તારા પરિણામ છે. એના કર્તારૂપના પરિણામ અને એ તારા પરિણામ એમ તો એમાં કાંઈ છે નહિ. કહો, હિંમતભાઈ! શું કરવું આમાં? હવે આ તો બધાને મુંડાવી જ નાખે છે. જાવ આ કાંઈ નહિ. તું એવો છો, બાપુ! મુંડાય શું? તારામાં રાગ નથી, રાગનું કર્તૃત્વ નથી, એવડો તું છો. એને તારે શું સોંપવું છે? સમજાણું કાંઈ?

શું ચાલ્યું આવે છે? કે જ્ઞાનમાત્રની એક સમયની પર્યાય દ્રવ્યસ્વભાવની દૃષ્ટિ થતાં જે ઉત્પન્ન થાય છે એમાં આવા અનંતા ગુણોની એ સમયની પર્યાયમાં ઉછળતા ઉત્પન્ન થાય છે. થાય છે, કરવું નથી, એમ કહે છે ત્યાં પણ. આ અકર્તૃત્વના પરિણામ કરવા નથી. આહાહા..! સમજાણું કાંઈ? જ્ઞાન ભગવાન આત્મા ચૈતન્યનો બિંબ પ્રભુ, પ્રકાશનો પુંજ છે. એની અંતર દૃષ્ટિ થતાં જેટલા ગુણો છે એ બધા જ્ઞાનમાત્રની એક સમયના જ્ઞાતા પરિણામોના પરિણામમાં એ બધા પરિણામ એક સમયે ઉત્પન્ન થાય છે. અકર્તૃત્વના પરિણામ, અભોક્તાના પરિણામ, જીવતરના પરિણામ, ચિતિ, દર્શિ, જ્ઞાન, સુખ, વીર્ય આવ્યુંને બધું? એ પરિણામ બધા એકસાથે ઉત્પન્ન થાય છે. થાય છે. એને કરવા નથી. એને પણ કરવા નથી. થાય એને કરવું શું? રાગનું તો કરવું નથી, પણ અકર્તૃત્વ પરિણામ થાય છે, ઉત્પન્ન થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? ભારે! મગજ કામ કરે નહિને પછી ઓલા બહારમાં ચડી જાય. આવી ઊંચી ઊંચી વાતું કરી... એ તો એમ કહે છે. એને શું કરવું એ તો બતાવતા નથી. એવું આવે છે એક. યશોવિજય થઈ ગયા છેને મોટા વિદ્વાન શ્વેતાંબરમાં. છે માર્ગ એવો ને. એ વસ્તુ જ એવી છે અચિંત્ય અકળ. એ અંતરના ભાન વડે કળાય એવી છે. બાકી કોઈ રીતે કળાય એવી નથી. આહાહા..!

**શ્રોતા :—** કોઈ કળા તો કરવી પડશેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, આ કળા નહિ? કેવળજ્ઞાન કળા લીધી છે. મતિ-શ્રુત એની કળાનો એક અંશ છે. કળા આવે છે કે નહિ? મતિ-શ્રુત કળાએ કેવળકળા સાથે રમત માંડી છે. ઓલામાં તો બોલાવે છે કીધું. આ તો સમયસારમાં. મતિ-શ્રુતની જ્ઞાન પર્યાય પરથી ભિન્ન પડીને રાગના કર્તૃત્વથી જુદી પડેલી સમ્યગ્દર્શનની પર્યાય એ કેવળજ્ઞાન સાથે ક્રિડા કરે છે, કેલિ (કરે છે). લાવ કેવળ, લાવ કેવળ, લાવ કેવળ. રાગ નહિ, અલ્પતા ન રહે

હવે. પૂર્ણ લાવ.

જય ધવલમાં તો એમ પણ કહ્યું છે કે મતિ અને શ્રુતજ્ઞાન આવું જે દ્રવ્યસ્વભાવનું થયું એ કેવળજ્ઞાનને બોલાવે છે. બોલાવે છે એનો અર્થ કે કેવળજ્ઞાન આવવાનું છે. આહાહા..! ભારે માર્ગ, ભાઈ! આત્માનો માર્ગ એણે કોઈ દી જોયો નથી, જાણ્યો નથી, પ્રાપ્ત થયો નથી. એટલે બહારમાં ભટક્યા ભટક કરી શાસ્ત્રને બહાને પણ બહારની વાતુંમાં ઘુંચાઈ હેરાન થઈ ગયો છે ચોર્યાસીના અવતારમાં. નિગોદ... નિગોદ... નિગોદ... દુ:ખી... દુ:ખી.. દુ:ખી...

એક હાથની ઈયળ હોય લાંબી એમાં ચાલતા-ચાલતા અડધા ભાગ ઉપર પડે પાંચ મણનો પથરો. ઈયળ થાય છેને મોટી? ઈયળ સમજો છો? જીવડા. કીડા હોય છે લાંબા. અળસિયા હોય છે. ઈયળ મોટી થાય છે. જીવાંત. આવડી હોય. ઉપર પાંચ મણનો પથરો પડે અડધામાં અને અડધો બહાર. હવે ઈ હહળીને નીકળી ન શકે બહાર. આહાહા..! મરે છૂટક્યો ત્યાં સૂકાઈને. એવા ભાવ અનંતવાર થયા અને અનંતવાર એણે કર્યા છે. પણ એનાથી છૂટવાનો રસ્તો શું છે એણે કોઈ દી જોયો નહિ, જાણ્યો નહિ, સાંભળ્યો નહિ, રુચિ કરી નહિ, શ્રદ્ધા કરી નહિ. કરવા જેવું કર્યું નહિ, નહિ કરવાની માંડી. આહાહા..! પણ દુનિયામાં વખણાય એ માણસો હોં! નહિ? વજુભાઈએ નામ કીધું. પુનમચંદ મલૂકચંદ. ઘણા ઓળખે છે જુઓ. ઘણા કહે, પૂનમચંદ? હા. ઓલા ૨૨ માળના મકાન કરે ઈ? હા. રસ ભારે! મોટા મકાન. કીધું, એનો બાપ અહીં આવે છે, રહે છે.

**શ્રોતા :—** ઓળખે એમાં કાંઈ બ્લડ પ્રેશર મટી જાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ બહારમાં એમ થઈ જાય આવો.. આવો.. આવો. કારણ કે એવા મોટા પૈસાવાળા હોય એવા બે-પાંચ હજાર હશે એ ખરચશે. એમ ગરીબ માણસ શું આપે?

**શ્રોતા :—** ભર્યું ઘર હોય એ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભર્યું ઘર ધૂળેય નથી. શું આપે કોને અને દે કોને? સાંભળને. પૈસા દેવાની ક્રિયાનો કર્તા આત્મા થાય એ મૂઢ અને મિથ્યાદૃષ્ટિ છે. અહીં રાગના કર્તાથી નિવૃત્ત છે એમાં વળી પૈસા લેવાની ક્રિયાથી તો નિવૃત્ત છે જ.

**શ્રોતા :—** એ તો થઈ શકે નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** થઈ શકતું નથી એનાથી. આહાહા..! સમજાણું કાંઈ? ભારે વાત કરી હોં! આમાં જુઓને વ્યવહારનો અભાવ સિદ્ધ કર્યો. વ્યવહારથી તો નિવૃત્તસ્વરૂપ છે. તેથી વ્યવહારથી તો લાભ થાય એ વાત રહેતી નથી અને જેનાથી લાભ માને એને જુદો માની શકે નહિ. આહાહા..! પંચમહાવ્રતના પરિણામ, અઠ્યાવીશ મૂળગુણના પરિણામ, ઈર્યા સમિતિ આદિના વિકલ્પો, એનાથી લાભ માને, એનાથી નિવૃત્ત થવા કેમ માગે? કારણ કે જેનાથી લાભ માને એને પોતાનું સ્વરૂપ માન્યું છે. આ તો પોતાનું સ્વરૂપ વિકલ્પાદિ નથી.

આહાહા..! લ્યો, એ ૨૧મી શક્તિ થઈ.

**શ્રોતા :—** થોડુંક અધુરું આવ્યું.

**પૂજ્ય ભાઈશ્રી :—** એ તો ભાઈ જે આવતું આવતું આવે. પાંચ મિનિટ રહી ગઈ કહે છે. છ મિનિટ. અકર્તા. આહાહા..!

યશોવિજયજીમાં આવે છે હોં. 'હું કર્તા પરભાવનો એમ જેમ જેમ જાણે, તેમ તેમ અજ્ઞાની કરે નિજ કર્મને ઘાણે.' ઘાણે સમજો છો? આ તેલનો ઘાણો. તલનો ઘાણો હોય છેને? તલ પિલાઈ. ઘાણી. ઘાણો મોટો હોય મોટો. ઘાણી નાની હોય અને ઘાણો મોટો હોય. 'હું કર્તા તો એક...' એવી વાત કરે પણ પાછા વળી અંદર વ્યવહાર બીજો (નાખે) આનાથી થાય, આનાથી થાય, વ્યવહાર એ સમકિતી. ક્યાંથી આવ્યું પાછું? વ્યવહાર એ સમકિતી. વ્યવહારથી તો નિવૃત્તસ્વરૂપ છે.

**શ્રોતા :—** બે નય છેને. આ નયે આ અને આ નયે આ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ નયથી એ શું? એ નયથી જાણવાનું હોય, એ નયથી કરવાનું હોય છે? આહાહા..! એ આવે છે. શું કહેવાય ઈ? 'જ્યાં લગી આત્મતત્ત્વનું લક્ષણ નવિ જાણ્યું, ત્યાં લગી ગુણસ્થાન ભલુ કેમ આવે તાણ્યું?' એવું તો આવે છે એમાં. એ આત્મતત્ત્વની વાતું બાપા મહા અલૌકિક વાત છે.

**શ્રોતા :—** મેળ વગરની વાત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મેળ વગરની. પાછી એક કોર વ્યવહારી તે સમકિતી એમ આવે. અહીં કહે કે વ્યવહારથી તો મુક્ત આત્મા છે. એમાં વળી વ્યવહારી સમકિતી ક્યાંથી આવ્યું? એ વ્યક્તિને માટે નથી. આ વસ્તુનું સ્વરૂપ આવું છે. સમજાણું કાંઈ? આહા..! જેને સત્ મેળવવું હોય અને અસત્ જન્મ-મરણ ટાળવા હોય એને માટે વાત છે. બાકી તો લહેર કરે છે અનાદિથી દુઃખમાં. દુઃખમાં. આહાહા..!

કહે છે, એ '**અકર્તૃત્વ નામની એક શક્તિ આત્મામાં છે.**' એ અકર્તૃત્વ ગુણવાળો છે. એ રાગના કર્તૃત્વગુણવાળો છે નહિ. બીજો. ૨૨. '**સમસ્ત, કર્મથી કરવામાં આવતા, જ્ઞાતૃત્વમાત્રથી જુદાં પરિણામોના અનુભવના ઉપરમસ્વરૂપ અભોક્તૃત્વશક્તિ.**' છે. લયો! આહાહા..! કહે છે કે જ્ઞાનની હિણી અવસ્થાને અનુભવવું એ સ્વરૂપમાં નથી. એય..! રાગ ને દયા, દાનના વિકલ્પને ભોગવવા એવો એનામાં ગુણ નથી. ઓહોહો..! અધ્યાત્મમાં એક જ ભાવ હોય છેને મુખ્ય! રાગનું વેદન એનાથી ઉપરમસ્વરૂપ આત્મા છે. શરીરની વેદના, એનું તો એને વેદન છે જ નહિ. શરીરના રોગ એનું તો વેદન જીવને છે જ નહિ—અજ્ઞાની કે જ્ઞાનીને. વેદન છે રાગ અને દ્વેષના પુણ્ય-પાપનો ભાવ. પણ એ વેદન કર્મના નિમિત્તથી થયેલા વિકારી ભાવ એ સ્વભાવદૃષ્ટિવંત અથવા દ્રવ્યસ્વભાવમાં અભોક્તાગુણ હોવાથી તેને વિકારનો ભોક્તા ધર્મી અને દ્રવ્ય નથી. કહો, સમજાણું કાંઈ? આમાં શું છે જુઓને. આમાં

ના પાડે છે. દુઃખને જ્ઞાની ભોગવતો નથી એમ કહે છે.

**શ્રોતા :—** આપ વાંચો છો એમ વાંચતા આવડતું નથી અમને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ આમાં લખ્યું છે. એય.. ધન્નાલાલજી!

**શ્રોતા :—** સિદ્ધની વાત થાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કોની? સિદ્ધની. હા, વાત તો સિદ્ધ આત્માની જ વાત ચાલે છે. સર્વ જીવ છે સિદ્ધસમ. આહાહા..! આખો દી કરવું અને કહે કરતો નથી. પણ કોણ કરે? તારી નજરમાં ફેર છે, ભાઈ! આહાહા..!

કહે છે કે દ્રવ્યસ્વભાવમાં અભોક્તા નામની એક શક્તિ અને સ્વભાવ છે કે જે અભોક્તાનું કાર્ય જાણવા-દેખવાના અનુભવના આત્માના ભોગવવાના પરિણામ છે. એ રાગના ભોગવવાથી તો નિવૃત્તસ્વરૂપ આત્મદ્રવ્ય, પર્યાય છે. દ્રવ્ય-ગુણ તો નિવૃત્તસ્વરૂપ છે. કારણ કે અભોક્તા નામનો ગુણ દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેમાં વ્યાપ્યો છે. સમજાણું કાંઈ? ધર્મી—જ્ઞાની સાતમી નરકનો નારકી સમકિતી કહેવો. આહાહા..!

**શ્રોતા :—** ભોગવતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** કહેવું શું કરવું પણ ઓળખાવામાં? આહાહા..! કહેવો કે સાતમી નરકનો નારકી. એમ નથી, પણ એનું ક્ષેત્ર અને સ્થાન બતાવવા માટે ભાષા છે. આહાહા..! સમજાણું કાંઈ? એ ત્યાં પણ કહે છે, કર્મના નિમિત્તથી થતો દાહ—આકુળતા એનાથી તો ભગવાન દૃષ્ટિ પર્યાય ઉપરથી હઠી ગઈ છે. વસ્તુ ઉપર ગઈ છે અને વસ્તુમાં અભોક્તા નામની શક્તિ—ગુણ પડ્યો છે એથી વિકારના અનુભવથી નિવૃત્તસ્વરૂપ છે એ. આહાહા..! ભાઈ! થોડું વિકારને અનુભવે અને થોડું ન અનુભવે એમ બે રાખોને. અહીં એક જ વાત અધ્યાત્મની દૃષ્ટિમાં પરમ અધ્યાત્મ સ્વરૂપ એવો ભગવાન આત્મા. સમજાણું કાંઈ? એને આત્મા કહીએ, એને આત્મા જાણ્યો કહીએ કે જે આત્મા ભગવાને કહ્યો એ પુણ્ય-પાપના રાગને ભોગવે નહિ એને આત્મા કહીએ. કહો, સમજાણું કાંઈ?

બહારની ચીજ તો ભોગવી શકતો નથી. અરૂપી ભગવાન આત્મા સચ્ચિદાનંદ પ્રભુ સિદ્ધસ્વરૂપી. જેવા સિદ્ધ થયા એવો જ આ આત્મા છે. અંદરમાંથી સિદ્ધ થયા છે. કાંઈ સિદ્ધપણું બહારથી આવતું નથી. એવા સિદ્ધ ભગવાન જેવો પ્રભુ, કહે છે કે કર્મના નિમિત્તથી થતા વિકલ્પો હરખ-શોકના એનો ભોગવટો એનામાં નથી. એ ભોગથી નિવૃત્તસ્વરૂપ એ આત્મા છે. વિશેષ આવશે...

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી કલશટીકા, કળશ-૧૨૯-૧૩૦
## પ્રવચન નં.૧૨૯, તા.૨૩-૧૦-૧૯૭૭
## (૨૦)

'કળશટીકા', ૧૨૯ કળશ.

सम्पद्यते संवर एष साक्षा–
च्छुद्धात्मतत्त्वस्य किलोपलम्भात्।
स भेदविज्ञानत एव तस्मात्
तद्भेदविज्ञानमतीव भाव्यम्।।५-१२९।।

'**तद् भेदविज्ञानम् अतीव भाव्यम्**' શબ્દાર્થ. '**તે કારણથી...**' તે કારણથી એટલે પૂર્વે કહ્યું હતુંને કે રાગાદિ ભાવ હોય પણ એનાથી ભિન્ન પડીને '**दूरेस्थितानां**' રાગાદિને દૂર રાખી એનાથી ભિન્ન આત્માના સ્વભાવનો અનુભવ કરવો એ સંવર—એ ધર્મ. '**તે કારણથી સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' સંવર અધિકાર છેને. રાગ, પુણ્ય-પાપના વિકલ્પો એ આસ્રવ છે. એનાથી ભિન્ન, રાગથી ભિન્ન આત્માને ભાવવો એટલે કે પર ઉપર જે લક્ષ છે તે લક્ષને છોડી અને ચૈતન્યસ્વરૂપ, આનંદસ્વરૂપ પ્રભુ, તે ઉપર લક્ષ કરવું.

'**સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન...**' ચાહે તો વિકલ્પ દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધાનો હો કે ગુણ-ગુણીના ભેદનો વિકલ્પ હો એ બધા પરદ્રવ્ય છે, પોતાનો ત્રિકાળી સ્વભાવ નથી. તેથી પરદ્રવ્યથી '**સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપ છે એની સન્મુખ થઈ એના આનંદનું વેદન કરવું, આત્માનો અનુભવ કરવો એટલે કે શાંતિના વેદનમાં આવવું. અશાંતિ જે પુણ્ય-પાપના ભાવ એ અશાંતિ છે, દુઃખ છે. એનાથી ભિન્ન પડી અને પોતાના સ્વરૂપના અનુભવમાં આવવું એ શાંતિ છે. રાગનો ભાગ કાંઈ સૂક્ષ્મ પણ હોય એ દુઃખરૂપ છે. એનાથી ભેદ પાડવાનો અર્થ એટલે કે આ રાગ છે માટે એને હું છોડું. એ વિકલ્પ લેશે ભેદજ્ઞાનનો અહીંયાં. લક્ષ આમ છે એને આમ છોડવું. પરથી લક્ષ છોડી સ્વમાં આવવું. એમાં જરી ભેદજ્ઞાનનો અંશ અંદર રાગનો અંશ રહે છે. જેવું કેવળજ્ઞાનનું સ્વરૂપ છે એવું એ ભેદજ્ઞાનનું સ્વરૂપ નથી. સમજાણું કાંઈ?

એથી અહીં કહે છે કે '**સમસ્ત પરદ્રવ્યોથી ભિન્ન ચૈતન્યસ્વરૂપનો અનુભવ...**' ભગવાન જ્ઞાનસ્વરૂપી પ્રજ્ઞાબ્રહ્મ, પ્રજ્ઞાબ્રહ્મ પ્રભુ. જ્ઞાન અને બ્રહ્મ નામ આનંદ એ એનું કાયમ અસલી

ધ્રુવ નિત્યસ્વરૂપ છે. આહાહા..! તેને ધ્યેય બનાવી એટલે કે અખંડ પરિપૂર્ણ દ્રવ્ય—વસ્તુ છે એને ધ્યેય બનાવી, એનો અર્થ એવો નથી કે આ અખંડ છે માટે એને ધ્યેય બનાવવું. એ પણ વિકલ્પ છે; પણ વર્તમાન પર્યાય રાગથી ભિન્ન પડતા અંદર તરફ જાય છે ત્યારે એનો વિષય સામાન્ય રહી જાય છે. આ સામાન્ય છે અને હું લક્ષ કરું છું એમ નથી. ઝીણી વાત બહુ, પ્રભુ!

આ ધ્રુવ છે માટે ... અહીંયાં તો એ પર્યાય વર્તમાન જે રાગના સંબંધમાં છે... ડોક્ટરે એ પૂછયું હતુંને કાલે કે આ શું કરવું? શું કરવું? બહાર સ્થુળ સાંભળ્યું હોય બહારનું. કાલે ઓલા ડોક્ટર આવ્યા હતા ને 'કલકત્તા'થી, ભેદ કેમ કરવો? આહાહા..! પણ માણસ નરમ. નરમાશ બિચારાને. આ વાત તો.. આહાહા..! ચૈતન્યસ્વરૂપ જેનું, સ્વરૂપ એટલે જ્ઞાન-દર્શન-આનંદ એનું રૂપ એવો જે ત્રિકાળી પ્રભુ, એને રાગથી ભિન્ન પાડી એટલે કે તેમાં તરફના લક્ષને છોડી, ભલે એના ખ્યાલમાં ન આવે કે આ રાગ છેને રાગને છોડું છું, પણ તે તરફનું લક્ષ આમ છે એને છોડીને સ્વમાં ત્રિકાળીના લક્ષમાં જામવું એ રાગથી ભિન્ન પડીને ભેદજ્ઞાન છે. આહાહા..! છે?

**'ચૈતન્યસ્વરૂપનો અનુભવ 'अतीव भाव्यम्'** આમ શબ્દ પડ્યો છે. અર્થ કર્યો છે **'સર્વથા ઉપાદેય છે...'** આહાહા..! અંતર્મુખ વળતાં, પરસન્મુખના લક્ષને છોડતાં જે એકાગ્રતા થાય અંદર એ સર્વથા ઉપાદેય છે. એકાગ્રતા ઉપાદેય છે એમ અત્યારે છે. સર્વથા ઉપાદેય છે એમ માનીને... આહાહા..! ચૈતન્યસ્વરૂપી ત્રિકાળી પ્રભુ, એ જ સર્વથા વસ્તુને ઉપાદેય છે. તો પર્યાયમાં પણ એ પર્યાય આવી એ પણ ઉપાદેય છે. રાગ હેય છે એમ કહેવું છે. સંવર છે ખરોને. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થાય તોપણ હજી રાગભાગ રહે છે, દુઃખ રહે છે સમકિતીને. તેથી એણે જ્યારે ચારિત્ર કરવું હોય.. ૮૨ ગાથામાં આવ્યું હતું. તમે નહોતા. કહ્યું નથી. 'નિયમસાર' ૮૨ ગાથા. ભેદ અભ્યાસ. અભ્યાસ કરતાં કરતાં ચારિત્ર થાય છે. ૮૨ ગાથા છે. નિશ્ચય પ્રતિક્રમણનો અધિકાર. એટલે શું? ગંભીર વાત છે, પ્રભુ! એ પ્રતિક્રમણ એટલે જે રાગ છે અંદર, સમકિતી જ્ઞાનીને પણ હજી રાગ છે એટલે કે દુઃખ છે હજી, એનાથી પાછું ફરવું અને અંદરમાં જાવું એને નિશ્ચય પ્રતિક્રમણ કહે છે અથવા એ ચારિત્રનો એક ભાગ છે.

નિશ્ચય પ્રતિક્રમણ, પ્રતિક્રમણ. રાગાદિ જ્ઞાનીને પણ છે એની વાત છે. પહેલા ભિન્ન પાડીને સમ્યગ્દર્શન કર્યું, છતાં હજી જ્ઞાનીને પણ રાગ અને દુઃખદશા છે. હવે એને ચારિત્ર કરવું છે. ચોથે ગુણસ્થાને દશા થઈ જ્ઞાનની, પણ હવે ચારિત્રની દશા પ્રગટ કરવી છે. ત્યારે તેને રાગના ભાગને એ દુઃખરૂપ દશાને, જ્ઞાની તેનાથી પાછો ફરી અને એનાથી ભેદજ્ઞાનનો અભ્યાસ કરી અને સ્થિરતા અંદર કરે તેને ચારિત્ર કહેવામાં આવે છે. આવી શરતું અને આટલી... આહાહા..! સમજાણું કાંઈ? **'अतीव भाव्यम्'** કહ્યું છેને? સર્વથા ઉપાદેય વસ્તુ.

**'એમ માનીને અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે.'** એ પર્યાય. આહાહા..!

ભગવાન ચૈતન્યસ્વરૂપ જેમ ત્રિકાળી ધ્રુવ છે તેને લક્ષે રાગના લક્ષને છોડી દઈને. કેમકે રાગ છે એ આસ્રવ છે એટલે કે બંધનું કારણ છે, એના તરફથી લક્ષ છોડી અને અંતરના ચૈતન્યસ્વરૂપની પૂર્ણ તરફ દૃષ્ટિ કરી અને એની ભાવના કરવી. આહાહા..! એમાં એકાગ્ર વિશેષ થવું. આહાહા..! આવી વાત ઝીણી બહુ, બાપુ! બહારની વસ્તુમાં લોકો મોહી ગયા છે. એને અંતર વસ્તુનો મહિમા આવતો નથી. જેને પુણ્ય અને પાપના ભાવ અને એના ફળ તરીકે સંયોગી લક્ષ્મી આદિ, એનું જેને હૃદયમાં મહાત્મ્ય અને મહિમા રહે છે એને ભગવાન શુદ્ધ ચૈતન્યસ્વરૂપનો મહિમા થતો નથી. આહાહા..! અને જેને ચૈતન્યસ્વરૂપ પ્રભુ, એની જેને મહિમા આવે છે, મહાત્મ્ય આવે છે એણે એ પુણ્ય-પાપ અને પુણ્ય-પાપના ફળનું મહાત્મ્ય ઊડી જાય છે. આવી વાત છે.

**'અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે.'** એના બે અર્થ કર્યા હતા નહિ કાલે? કે એક તો પર તરફના લક્ષવાળો જે રાગ, તેનાથી લક્ષને છોડી અને સ્વરૂપમાં ઉપયોગ જામી જાય. 'હું એક ધ્યાતા છું અને ધ્યાન કરું છું' એવો પણ જ્યાં વિકલ્પ છૂટી જાય, ઉપયોગ અંદર જ્ઞાનાનંદમાં જામી જાય એ રીતે અખંડધારાએ ઉપયોગને જમાડવો. બીજી રીતે વિકલ્પ આવે, પણ અંતરના સ્વરૂપની જે દૃષ્ટિ અને જ્ઞાનની રમણતા છે એ કાયમ ટકે એને પણ અખંડધારાપ્રવાહ કહેવામાં આવે છે. શું કહ્યું એ? કાલે કહ્યું હતું નહિ? **'धारावाहिना'** ધારાવાહીનો અર્થ કર્યો હતો કાલે. એ આ અખંડધારાના બે અર્થ આમાં છે. આહાહા..!

એક તો પર ઉપરથી લક્ષને છોડી દઈ અને અંદર જ્ઞાતા ચિદાનંદ સહજાનંદ પ્રભુ મૂર્તિ, એમાં ઉપયોગને જોડી દેવો અને એમ ને એમ કાયમ રહેવું એ અખંડધારા પ્રવાહ કહેવામાં આવે છે. પણ એમાં જો ન રહી શકે તો વિકલ્પ ઊઠે ધર્મી—જ્ઞાનીને પણ ચોથે ગુણસ્થાને, પાંચમે, છઠ્ઠે. ચોથે ગુણસ્થાને તો એ નિર્વિકલ્પ અનુભવ અંતર્મુખ બહુ અલ્પકાળ રહે. ઉપયોગ અંદર વધારે ન રહી શકે. એટલે એને રાગ (આવે છે). ત્રણ કષાય છે ખરોને? એટલે રાગ આવે. પણ કહે છે કે ઉપયોગમાં રાગ ભલે આવ્યો, પણ અંદર દૃષ્ટિ અને જ્ઞાનની જે પ્રગટ શક્તિ થઈ છે એ કાયમ રહે એને અખંડધારાવાહી કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? બે પ્રકાર કહ્યાને, એક ઉપયોગરૂપ અને એક લબ્ધરૂપ.

**શ્રોતા :-** બે પ્રકારનો થઈ ગયો—એક લબ્ધરૂપ, એક ઉપયોગરૂપ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ઉપયોગરૂપ. બે પ્રકારની અખંડધારા. કાલે કહ્યું હતું.

મુનિને પણ સાચા સંત છે, છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે, જેની દશા પરમેશ્વરપદમાં ભળી ગઈ. ઓહો..! નમો લોએ સવ્વ ત્રિકાળવર્તી સાહુણં. એમાં ભળી દશા એવા મુનિને પણ સપ્તમ ગુણસ્થાનની દશાનો ઉપયોગ પોણી સેકન્ડની અડધો રહે છે. શું કહ્યું? સમજાણું? મુનિ છે. ચોથા ગુણસ્થાનવાળાનો ઉપયોગ તો બહુ થોડો રહે અંદર અને વિકલ્પો આવે.

શુભના પણ આવે અને અશુભના હો. પાંચમાં ગુણસ્થાનવાળામાં પણ બે કષાયનો અભાવ છે. શાંતિ પ્રગટી છે ચોથા ગુણસ્થાન કરતાં વિશેષ, છતાં એ વિકલ્પ એને આવે; પણ આને છઠ્ઠે ગુણસ્થાને વિકલ્પ પંચમહાવ્રતાદિના વિકલ્પ-રાગ છે. એને છોડીને સ્વરૂપના ધ્યાનમાં આવી જાય સાતમે. એ ઉપયોગમાંથી ખસવું નહિ અને એક ધારાવાહી રહે તો અલ્પકાળમાં કેવળજ્ઞાન થાય. પણ એ ઉપયોગ મુનિને પણ સાતમે કાયમ ઘણો કાળ ન રહે તો એકદમ વિકલ્પ આવે છઠ્ઠે (ગુણસ્થાને) તો નીચે પડી જાય. મુનિને હજારો વાર, એક દિવસમાં હજારો વાર છઠ્ઠી અને સાતમી ભૂમિકા આવે છે. આહાહા..! સપ્તમ દશા ઉપયોગ જામી જાય એ દશા પણ રહે પણ પોણી સેકન્ડનો અડધો ભાગ રહે અને છઠ્ઠે આવે ત્યારે પોણી સેકન્ડ લગભગ એથી ડબલ ભાગ રહે. ત્યારે એને વિકલ્પ આવે. પ્રમાદ છે એ. પ્રમાદ છેને એટલો? ભલે પંચમહાવ્રતનો વિકલ્પ પણ પ્રમાદ છે, એ દુઃખ છે, એ આકુળતા છે. આહાહા..! સમજાણું કાંઈ? એમાંથી છૂટીને ઉપયોગમાં જામી જાય અને ત્યાંથી ન ખસે એને પણ અખંડધારા પ્રવાહ કહે છે અને એમાંથી ખસી ગયો અને વિકલ્પ આવ્યો પણ અંદર જે વિકાસ થયો છે સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રની પ્રાપ્તિ નિર્મળ થઈ છે એ ધારાવાહી કાયમ રહે, ભલે વિકલ્પ આવ્યો, એને પણ અહીંયાં અખંડ ધારાવાહી કહેવામાં આવે છે. આહાહા..! સમજાણું કાંઈ? એવી વાતું છે, ભાઈ! આ તો સંવર અધિકાર છેને. આહાહા..!

એ **'એ અખંડિતધારાપ્રવાહરૂપ અનુભવ કરવાયોગ્ય છે.'** આહાહા..! ભગવાન આનંદસ્વરૂપ પ્રભુ અતીન્દ્રિય આનંદનો અનુભવ કરવાયોગ્ય છે. આહાહા..! એ સંવર અને એ ધર્મ અને એ મોક્ષનો માર્ગ છે. વચમાં રાગ આવે, હોય પણ એ દુઃખરૂપ છે, આસ્રવ છે, ઉપાધિ છે, મેલ છે. આહાહા..! ઝેર છે. શુભોપયોગ આવે એ ઝેર છે. ભારે આ વાત. કેમકે પ્રભુ આત્મા તો અમૃતનો સાગર, શાંતિનો સાગર અને રાગ તો અશાંતિ છે. આહાહા..! છતાં કહે છે કે રાગનો ભાગ અશાંતિ આવે પણ જેટલે અંશે સમ્યગ્દર્શન-જ્ઞાન અને શાંતિ પ્રગટી છે એ એમનેમ કાયમ રહે તોપણ અખંડ પ્રવાહધારા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? આવી વાતું અને ઉપદેશ.

**'શાથી?' 'किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते '** આહાહા..! **'નિશ્ચયથી જીવના શુદ્ધસ્વરૂપ...'** શુદ્ધાત્મતત્ત્વ છેને? શુદ્ધ ચૈતન્ય ભગવાનઆત્મા, એ શુદ્ધદ્રવ્યના સ્વરૂપની **'પ્રાપ્તિ થવાથી...'** એ શુભ-અશુભરાગથી ભિન્ન પડી અને શુદ્ધ સ્વરૂપ ભગવાન શક્તિરૂપે સામર્થ્ય—સ્વભાવરૂપે છે તેની પર્યાયમાં પ્રાપ્તિ થવાથી. આહાહા..! શું કહ્યું એ? કે જે પર્યાયમાં અનાદિથી રાગ અને દ્વેષ, પુણ્ય અને પાપ છે એ તો એકલું મલિન અને એકલું દુઃખ, પણ જેને એ આસ્રવમાંથી ભિન્ન પાડી અને સ્વભાવની શક્તિને વ્યક્તતા પર્યાયમાં પ્રગટ કરી છે સમ્યગ્દર્શન-જ્ઞાન-શાંતિ, એટલી સંપદા એ શુદ્ધસ્વરૂપને પામે છે. એ શુદ્ધસ્વરૂપને પામે છે તેટલો સંવર અને ધર્મ છે. સમજાણું કાંઈ?

'**किल शुद्धात्मतत्त्वस्य उपलम्भात् एषः संवरः साक्षात् सम्पद्यते**' જોયું! '**નિશ્ચયથી જીવના શુદ્ધસ્વરૂપની પ્રાપ્તિ થવાથી નૂતન કર્મના આગમનરૂપ આસ્રવના નિરોધલક્ષણ...**' અંદરમાં પૂર્ણ સંવરની વાત છેને. અંદરમાં પૂર્ણ સંવર થઈ ગયો એટલે આસ્રવનો નિરોધ થયો, પુણ્ય-પાપનો ભાવ રહ્યો નહિ. '**નિરોધલક્ષણ સંવર...**' છે. '**साक्षात् सम्पद्यते**' '**સર્વથા પ્રકારે થાય છે;...**' આહાહા..! સાક્ષાત્‌નો અર્થ સર્વથા કર્યો. અંદર આત્મામાં આનંદસ્વરૂપમાં તદ્દન લીન થતાં રાગનો વિકલ્પમાત્ર અબુદ્ધિપૂર્વક પણ ન રહે, અંદરમાં ઠરી જાય એને સાક્ષાત્ સંવર થાય છે. એને સર્વથા સંવરધર્મ થાય છે. એ ઉપર-ઉપરની વાત છે, સાતમા ઉપરની. સાતમા ઉપરની વાત છે. પૂર્ણની વાત છેને પૂર્ણની?

**શ્રોતા :—** બુદ્ધિપૂર્વકનો...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બુદ્ધિપૂર્વક રાગ રહે છતાં અંદર આત્મા ઉપર એને સંવર જ કહેવામાં આવે.

**શ્રોતા :—** ... સર્વથા કહી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અપેક્ષાથી સર્વથા. સર્વથા સંવર બારમે (ગુણસ્થાને) થાય. સમજાણું કાંઈ? અંદર અબુદ્ધિપૂર્વક રાગ થોડો રહે પણ એને ગૌણ કરીને અહીંયાં સંવર સાક્ષાત્ થયો એમ કહેવામાં આવે. પણ સાક્ષાત્ પૂર્ણ સંવર બારમે ગુણસ્થાને વીતરાગ થાય ત્યારે થાય. આહાહા..! ક્ષીણમોહ. ત્યાં સાક્ષાત્ થાય. પણ અહીં પણ અપેક્ષાએ સાક્ષાત્ કહેવામાં આવે છે. આહાહા..! અલ્પ રાગને ગણ્યો નથીને.

**શ્રોતા :-** ચોથે અપેક્ષાએ તો પૂર્ણ સમજવોને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નહિ, ચોથે તો છે જ નહિ પૂર્ણ. સંવર પૂર્ણ ચોથે તો છે જ નહિ, પાંચમેં પણ છે નહિ અને છઠ્ઠે પણ નથી.

**શ્રોતા :-** અપેક્ષા લઈને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ના, અપેક્ષા નથી. સંવર એનો છે ચોથે. મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો સંવર છે, એટલો છે. બીજા આસ્રવને ગૌણ કરીને એમ કહેવામાં આવે કે સમ્યગ્દૃષ્ટિને આસ્રવ નથી.

**શ્રોતા :-** કહેવામાં આવે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ કહેવામાં આવે, વાસ્તવિકમાં નથી.

**શ્રોતા :-** દૃષ્ટિ અપેક્ષાએ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** દૃષ્ટિ અપેક્ષાએ જેટલો મિથ્યાત્વ અને અનંતાનુબંધી ટળ્યો એને મુખ્ય જ્યારે આસ્રવ કહીએ ત્યારે એને આસ્રવ નથી એમ કહેવામાં આવ્યું, પણ હજી પુણ્ય-પાપના ભાવ છે એ આસ્રવ છે, એને ગૌણ કરીને કહ્યું.

એ વાત ન કરી? ૧૧મી ગાથા. સાંભળો! '**ववहारोऽभूदत्थो**' એમ પરમાત્મા કહે છે

કે પર્યાયમાત્ર જૂઠી છે—અસત્ય છે. કેવળજ્ઞાનની પર્યાય પણ અસત્ય છે. સંવર-નિર્જરાની પર્યાય પણ અસત્ય છે, મોક્ષમાર્ગની પર્યાય તે અસત્ય છે. ન્યાં એમ કહ્યું. કઈ અપેક્ષાએ? પર્યાયને ગૌણ કરીને અસત્ય કહ્યું છે, અભાવ કરીને અસત્ય કહ્યું હોય તો મહા મોટો અનર્થ થઈ જાય. સમજાણું કાંઈ? એ અર્થમાં કર્યું છેને, 'જયચંદ્ર પંડિતે'. અર્થમાં લખ્યું છે. બહુ સરસ લખ્યું છે. કે ભાઈ ચોથે સમ્યગ્દર્શનમાં એમ કહેવામાં આવ્યું કે પર્યાયમાત્ર નથી. એક દ્રવ્ય જ સત્ય છે. ત્રિકાળી દ્રવ્ય સત્યાર્થ ભૂતાર્થ આશ્રિત સમકિત. એટલે ભૂતાર્થ એક સમયમાં પૂર્ણ વસ્તુ તે જ સત્ય છે અને પર્યાયમાત્ર સમ્યગ્દર્શન થયું એ પર્યાય પણ માત્ર અસત્ય છે. આહાહા..!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો પર્યાયનું લક્ષ છોડાવવા ગૌણ (કહ્યું). પર્યાય ન હોય તો કાર્ય પર્યાયમાં થાય છે. સમ્યગ્દર્શન પર્યાય છે, મોક્ષમાર્ગ પર્યાય છે. અરે..! સિદ્ધ પોતે પર્યાય છે. મોક્ષ એ પર્યાય છે, એ ક્યાં ગુણ અને દ્રવ્ય છે; છતાં ત્યાં એમ કહ્યું કે પર્યાયમાત્ર જૂઠી છે—અસત્ય છે, અભૂતાર્થ છે. આહાહા..! એ ગૌણ કરીને ત્રિકાળીના મુખ્યને નિશ્ચય કરીને, નિશ્ચયને મુખ્ય કરીને નહિ. ત્રિકાળી સત્યાર્થ વસ્તુને મુખ્ય કરીને, નિશ્ચય કરીને સત્ય કહ્યું અને પર્યાયને ગૌણ કરીને, વ્યવહાર કહીને અસત્ય કહ્યું. આમાં કાંઈ ફેર પડે તો મોટો ગોટો ઉઠશે. સમજાણું કાંઈ? આહાહા..! અહીંયાં તો ચોખ્ખું કહ્યું. તેથી એ કહ્યું હતુંને? 'નાથુરામ શાસ્ત્રી' હતો 'મુંબઈ'માં. નાથુ શું કહેવાય? નથુરામ પ્રેમી. એ એમ કહેતા આ ગાથાને લઈને કે 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. બિલકુલ ખોટી વાત છે. કારણ કે પર્યાય નથી એમ કીધીને, પર્યાય જૂઠી છે, તો દ્રવ્ય થઈ ગયું, એકલું દ્રવ્ય રહ્યું વેદાંતની પેઠે. એટલે એણે એમ કહ્યું કે 'સમયસાર'ને 'કુંદકુંદાચાર્યે' વેદાંતના ઢાળામાં ઢાળ્યું છે. બિલકુલ જૂઠી વાત છે. તરત જ બીજી ગાથામાં કહ્યું. '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण**' લ્યો! ક્યાં છે એ? વેદાંતમાં એ ક્યાં છે? બીજી ગાથામાં એ જ કહ્યું પાધરું. '**जीवो चरित्तदंसणणाणठिदो**' ભગવાન જ્ઞાન-દર્શન-ચારિત્ર આત્મામાં ઠર્યો એમ ન લેતા આમ આત્મા આમ ઠર્યો એમ લીધું. કેમકે આત્મા જે પર્યાયમાં રાગ અને પુણ્ય-પાપમાં હતો એ પરસમય હતો, એ અણાત્મા હતો. ભગવાન પૂર્ણાનંદનો નાથ પુણ્ય અને પાપના ભાવમાં હતો પર્યાયમાં ત્યારે તેને અણાત્મા કહેવામાં આવ્યો. એ પોતે ભગવાન ચિદાનંદ પ્રભુ, પોતાના દર્શન-જ્ઞાન-ચારિત્રની નિર્મળ પર્યાયમાં સ્થિત છે તેને આત્મા કહેવામાં આવ્યો છે. આહાહા..! 'શશીભાઈ'! આવા પ્રકાર છે.

અહીં કહે છે, '**साक्षात् सम्पद्यते**' આમ લેવું. જ્યાં પૂર્ણ સર્વથા થાય એને લેવું. એ ભેદવિજ્ઞાન '**શુદ્ધસ્વરૂપનું પ્રગટપણું...**' જુઓ, પાછું કહેશે ભેદવિજ્ઞાન નાશવાન. કારણ કે હજી અધુરી દશા છેને, નાશવાન. પૂર્ણ કેવળજ્ઞાન થાય ત્યારે ખલાસ થઈ જાય. '**શુદ્ધસ્વરૂપનું**

પ્રગટપણું (-પ્રાપ્તિ) **'भेदविज्ञानतः'** **'શુદ્ધસ્વરૂપના અનુભવથી નિશ્ચયથી થાય છે;...'** આહાહા..! **'तस्मात्' તેથી ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે...'** જુઓ, કારણ કે હજી અધૂરી પર્યાય છેને. એ પૂરી નાશ થઈ જાય ત્યારે કેવળજ્ઞાન થાય. આહાહા..! એને પણ એક વિકલ્પ કીધો છે અહીં. છેને? 'તથાપિ ઉપાદેય છે.' નાશવાન છે, વિકલ્પ છે એમ કહ્યું છે. આવે છેને. વિકલ્પ કહેશે. પોતે કહેશે જુઓ હમણા. તે ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પરૂપ છે. ૧૩૦માં આવશે. તરત જ ૧૩૦ છે. ૧૨૯ તરત.. આ વંચાય છે જ એ ગાથા. ૧૩૦. ૧૨૯ ચાલે છેને એના પછીની. આ ૧૨૯ કળશ નથી ચાલતો? બસ, એ તરત જ બીજામાં છે. પછી ૧૩૦માં. ૧૩૦ જુઓને. પાછળ.

**શ્રોતા :-** ત્યાં ભેદવિજ્ઞાન પણ એક વિકલ્પ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** **'એક વિકલ્પ છે, કેવળજ્ઞાનની માફક...'** ભેદ જ્ઞાન છેને? પર્યાય છેને એટલી? એટલે એ અપેક્ષાએ એને વિકલ્પ કહ્યો, તે નાશવાન છે. કેવળજ્ઞાનની પેઠે એ કાંઈ પૂર્ણ સ્વરૂપ નથી, એમ. આહાહા..! આવું છે.

નિશ્ચયથી **'ભેદવિજ્ઞાન પણ વિનાશિક છે તથાપિ ઉપાદેય છે.'** પ્રથમ એને આદરવાલાયક છે. રાગથી ભિન્ન પાડવું છે અને ભેદજ્ઞાનથી સંવર છે એ અપેક્ષાએ એને આદરવાલાયક કહ્યો છે. મૂળ તો એકલો અખંડાનંદ ઉપર દૃષ્ટિ કરવાની છે. આમ ભેદ પાડવો એ નહિ. રાગથી આત્માને ભિન્ન પાડવો હજી ત્યાં વિકલ્પ અને ભેદ રહી ગયો. પણ એ ભેદ જ પાડવો નથી, પછી તો અખંડાનંદમાં અંદર ઠરી જવું એનું નામ કેવળજ્ઞાન છે. અરે..! આવી વાતું હવે. આવો માર્ગ છે. આહાહા..! ૧૨૯ થઈ. હવે આવશે ૧૩૦.

भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया।
तावद्यावत्पराच्च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते।।६-१३०।।

જુઓ, હવે આમાં આવશે. **'इदम् भेदविज्ञानम् तावत् अच्छितधारया भावयेत्'** **'પૂર્વક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ,...'** રાગથી ભિન્ન. આહાહા..! તો રાગ છે એનાથી ભિન્ન. કોઈ એમ કહે કે સમકિતીને રાગ છે એ તો નાશ થતો જાય છે, પણ નાશ તો એક સમયની પર્યાય જેટલો નાશ થાય. બાકી આખો રાગ તો દસમા ગુણસ્થાન સુધી રહે છે. ચોથે ગુણસ્થાને એમ કે રાગ સમકિતીને આવે એ નાશ કરતો (જાય છે), માટે એને રાગ નથી. બિલકુલ જૂઠી વાત છે. સમજાણું કાંઈ? એ જ અહીં કહે છે.

**'પૂર્વોક્તલક્ષણ છે જે શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો તેટલા કાળ સુધી...'** જોયું! **'તેટલા કાળ સુધી...'** સમ્યગ્દર્શન થયું અને જ્ઞાન પણ થયું માટે થઈ ગયો આસ્રવરહિત એમ નહિ. સમજાણું કાંઈ? સમ્યગ્દર્શન થયું, સમ્યગ્જ્ઞાન થયું, આનંદનો સ્વાદ આવ્યો, મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો આસ્રવ રોકાઈ ગયો, એથી એ પૂર્ણ આસ્રવરહિત થઈ ગયો અને આસ્રવ નથી એમ નહિ. શું કીધું?

'तावत्' 'તેટલા કાળ સુધી અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...' આહાહા..! એ ૮૨ ગાથા 'નિયમસાર'ની. સમ્યગ્દર્શન થયું, અનુભવ થયો, જ્ઞાન થયું છતાં હવે ચારિત્રને માટે ભેદાભ્યાસ કહ્યું હતુંને કાલે કાઢ્યું હતુંને? 'નિયમસાર' હોં! ૮૨. '**एरिसभेदब्भासे मज्झत्थो होद तेण चारित्तं**' સમ્યગ્દર્શન છે, અનુભવ છે, સમ્યગ્જ્ઞાની છે, પણ એને હજી રાગભાગ બાકી છે આસ્રવ છે. ચોથે ગુણસ્થાને ત્રણ કષાયનો રાગ છે એ આસ્રવ છે તેટલો. પાંચમે ગુણસ્થાને પણ બે કષાયનો આસ્રવ છે. મુનિને હજી એક કષાયનો આસ્રવ છે. તો કહે છે કે 'આવો ભેદ-અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે.' સમ્યગ્દષ્ટિને પણ સમ્યગ્જ્ઞાનનો અનુભવ હોવા છતાં એને હજી મધ્યસ્થદશા, વીતરાગદશા થઈ નથી. એણે રાગને ભિન્ન પાડી ત્યાં સુધી તેને ભિન્ન પાડવો કે જ્યાં સુધી વીતરાગતા પૂર્ણ ન થાય ત્યાં સુધી. આહાહા..! છે. પાઠ છે. 'तावत्' શબ્દ પડ્યો છેને. 'तावत्' એટલે? ચારિત્ર થાય છે. સમજ્યાને? '**मज्झत्थो होद तेण चारित्तं**' '**ભેદ-અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે.**' આહા..! ઘણો અર્થ ટીકામાં તો બહુ સરસ કર્યો છે. '**તેને (ચારિત્રને) દઢ કરવા નિમિત્તે હું પ્રતિક્રમણાદિ કહીશ.**' 'કુંદકુંદાચાર્ય' કહે છે. આહાહા..! સમકિતી જીવને પણ, આત્મજ્ઞાની થયા તેને પણ હજી પુણ્ય-પાપના ભાવનો આસ્રવ છે, દુઃખ છે. એને જુદું પાડીને સ્થિર થવા માટે હું ચારિત્રનો અધિકાર કહીશ. આહાહા..!

ચારિત્ર નથી ત્યાં અવિરતપણું ચોથે ગુણસ્થાને છે. ભલે ક્ષાયિકસમકિત હો શ્રેણિક રાજાને, પણ હજી ત્રણ કષાયનો ભાવ એ તો અવ્રતભાવ છે, અવ્રતી છે એ. અવિરતી સમ્યગ્દષ્ટિ ચોથે ગુણસ્થાને હોય, પાંચમે દેશવિરતી પંચમ ગુણસ્થાન હોય, છઠ્ઠે સર્વવિરતી છઠ્ઠે ગુણસ્થાને મુનિ હોય. એટલે એમ જ માની લે કે 'ચોથું ગુણસ્થાન થયું એટલે હવે આસ્રવ અને દુઃખ છે જ નહિ.' એ એકાંત મિથ્યાદષ્ટિનું પોષણ છે, બીજી નયને ભૂલી જાય છે એ. સમજાણું કાંઈ? આહાહા..! આવો માર્ગ છે.

'**તેથી ચારિત્ર થાય છે.**' એમ કહ્યુંને? અહીં 'तावत्' કહ્યું અહીં. અહીં કહ્યું છેને? '**તેટલા કાળ સુધી.**' અહીં આપણે ચાલે એમાં. '**અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...**' આનંદનો અનુભવ કરવો અને આનંદની ધારામાં રહેવું. જ્યાં સુધી તે પૂર્ણ આસ્રવરહિત થાય ત્યાં સુધી એણે અખંડિતધારારૂપ આનંદમાં રહેવું. આહાહા..! સમજાણું કાંઈ? મુનિને અપ્રમત્ત દશા થાય—સાતમું ગુણસ્થાન તોપણ હજી અબુદ્ધિપૂર્વક આસ્રવ રાગ છે અને રાગ છે તેટલું અપ્રમત્ત છે. ઉપયોગ છે ધ્યાનમાં, પણ અહીંયાં રાગ છે એમાં રાગનું વેદન પણ અંદર છે, એનો ઉપયોગ એ બાજુ નથી. આહાહા..! ઉપયોગ જો રાગમાં, વેદનમાં ન હોય તો તો પૂર્ણ આનંદનું વેદન જોઈએ. 'ચંદુભાઈ'! આહાહા..! પૂર્ણ આનંદનું વેદન જ્યાં છે ત્યાં તો આસ્રવની ગંધ નથી. પણ જ્યાં આગળ પૂર્ણ આનંદનું વેદન નથી... ચોથે તો અલ્પ આનંદનું વેદન છે. ચોથે ગુણસ્થાને સમકિતીને તો અલ્પ આનંદનું વેદન છે અને ત્રણ કષાયનો

આસ્રવ છે અને એટલું દુઃખ છે અને એટલું એને બંધન છે.

**શ્રોતા** :- ભક્તિ આદિમાં તો શાંતિ દેખાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કાંઈ ધૂળેય નથી શાંતિ. એ તો પ્રશ્ન કરે છે જાણવા માટે. એમ કે ભક્તિમાં શુભભાવ છે. ત્યાં શાંતિ કેવી? એ પર તરફનું લક્ષ છે એ ભાવ આવે ખરો, પણ છે અશાંતિ, આકુળતા.

**શ્રોતા** :- ભક્તિમાં બહારના બધા ભાવ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એ તમારે બીડી-તમાકુનું ભૂલી જાય છે, પણ અંદર રાગ નથી ભૂલી જોત ત્યાં. શેઠ! બીડી તમાકુ ભૂલી જાય, એ ભૂલી જાય, પણ આમ ભગવાન છે એ રાગ થાય છે એટલો આસ્રવ છે.

ભગવાન ત્રિલોકનાથ તો એમ કહે છે કે પ્રભુ! તું મારી સામું જોઈશ તો તને રાગનો આસ્રવ થશે. આહાહા..! આ વાણી વીતરાગની છે. તું તારી સામું જોઈને ઠરી જા તો તને વીતરાગતા થશે. કારણ કે અમે તો તારા કરતાં પરદ્રવ્ય છીએ. અને 'અષ્ટપાહુડ'ની મોક્ષ અધિકારમાં ૧૬મી ગાથામાં (કહ્યું કે) **'परदव्वादो दुग्गइ'** પ્રભુ એમ કહે છે કે અમારા ઉપર તારું લક્ષ જશે તોપણ તારી ગતિ ચૈતન્યની નથી, એટલી દુર્ગતિ છે. રાગ છે એ દુર્ગતિ છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં મોક્ષપાહુડની ૧૬મી ગાથા છે. સમજાણું કાંઈ? એ તો વીતરાગ કહે, બાપુ! મોઢા સામું કોળિયો કોને ખરાબ લાગે? એ તો કહે છે કે મારી સામું જોઈશ તો તને રાગ થાશે. ભલે પુણ્યનો રાગ, પણ છે રાગ. અને તેથી **'परदव्वादो दुग्गइ'** પ્રભુ! સાંભળ એકવાર. અમારી સામું જોતા પણ તને રાગની ગતિ થશે, એ ચૈતન્યની ગતિ નહિ, એ દુર્ગતિ છે. આહાહા..! 'અષ્ટપાહુડ'માં છેને? આહાહા..! મોક્ષપાહુડ, હોં! મોક્ષપાહુડ. ૧૬મી છે, ૧૬મી.

**परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ होइ।**
**इय णाऊण सदव्वे कुणह रई विरह इयरम्मि।।१६।।**

હે ભગવાન! પરદ્રવ્ય ઉપર જો તારું લક્ષ જશે—અમે તીર્થંકર છીએ, સંત દિગંબર મુનિ હોય છે એના ઉપર તારું લક્ષ જશે તો તને રાગ થશે અને તે ચૈતન્યની ગતિ નહિ, એ તો દુર્ગતિ છે. આહાહા..! **'परदव्वादो दुग्गइ सदव्वा हु सुग्गइ'** ચૈતન્ય ભગવાનની અંદર જતાં એકાગ્ર થાય તેને સુગતિ કહીએ. આકરી વાતું, બાપુ! આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ હળદરના ગાંઠીયે ગાંધી થઈ જવાય એવું નથી. આ તો ચારે કોરના પડખા એણે જોવા જોઈએ. આહાહા..! જોયું! '**પરદ્રવ્યસે દુર્ગતિ હોતી હૈ ઔર સ્વદ્રવ્યસે સુગતિ હોતી હૈ યહ સ્પષ્ટ જાનો. ઈસલિયે હે ભવ્યજીવો! તુમ ઈસપ્રકાર જાનકર સ્વદ્રવ્યમેં રતિ કરો...**' ભગવાન આનંદના નાથમાં લીન થાઓ. પરદ્રવ્યમાં લીનતા છોડી દે. 'શાંતિભાઈ'! આવી વાતું છે.

અહીં તો બીજું ઘણું કહ્યું. 'परदव्वरओ बज्झदि विरओ मुच्चेइ विवहकम्मेहिं।' ૧૩મી ગાથાથી શરૂ કર્યું છે. જેટલું તારા દ્રવ્યસ્વભાવથી બહાર જા ત્યાં સુધી તને કર્મબંધન છે. ચાહે તો દેવ, ગુરુ ને શાસ્ત્ર હો, ત્રણલોકના નાથ તીર્થંકર હો સમવસરણમાં. અનંતવાર પ્રભુની આરતી ઉતારી. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે. ભગવાન તો ત્યાં તીર્થંકર તો સદાય ત્રણે કાળે હોય છે. મહાવિદેહમાં અનંતવાર જન્મ્યો છે દરેક ક્ષેત્રે. ભગવાનના સમવસરણમાં ગયો હતો, વાણી સાંભળી હતી, હીરાના થાળ, મણિરત્નના દીવા, કલ્પવૃક્ષના ફૂલ. જય નારાયણ, એમ કહ્યું. પણ એ બધો શુભભાવ. સુમેરુજી! એ શુભભાવ. આહાહા..! આચાર્યને કહેતા કાંઈ સમાજ સમતોલ રહેશે કે નહિ એની દરકાર નથી. અમે તો કહીએ છીએ કે ભગવાન તરફ તારું લક્ષ જાય એ તારી પર્યાય દુર્ગતિ છે, એ ચૈતન્યની ગતિ જ નથી. આહાહા..! કહો, મીઠાલાલજી! આવી વાતું કરે. એ કુંદકુંદાચાર્ય ખુલ્લું મૂકે. સમાજની પણ દરકાર નથી. નાગા બાદશાહથી આઘા.

परदव्वाओ बज्झदि विरओ मुच्चेइ विवहकम्मेहिं।
एसो जिणउवदेसो समासदो बंधमुक्खस्स।।१३।।

ભગવાનનો ટૂંકામાં આ ઉપદેશ છે એમ કહે છે. 'एसो जिणउवदेसा' જેટલું પરદ્રવ્ય ઉપર તારું લક્ષ જશે તેટલું તને બંધન છે. સ્વદ્રવ્યમાં અંદર જશે તેટલું તેનું અબંધ છે. શેઠ! એ પુસ્તક પાના ઓલા ચૈતાલય ભર્યા છેને અંદર? શું કહેવાય એ ચૈત્યાલય કહેવાય? પુસ્તકો. શુભભાવ. દુર્ગતિ. દુર્ગતિ એટલે? નરકગતિ એમ નહિ, પણ ચૈતન્યની જે ગતિ છે જ્ઞાનાનંદની એનાથી ખસીને રાગમાં આવ્યો એ અપેક્ષાએ દુર્ગતિ. એનું ફળ નરક કે નિગોદ છે એમ નથી કાંઈ.

**શ્રોતા :-** મંદિર બનાવવામાં આવ્યા ... ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એમાં બધો શુભભાવ એ આસ્રવ. આ છવ્વીસ લાખનું મકાન બનાવ્યું. છવ્વીસ હજાર તો માણસ આવ્યું હતું ત્યારે. છવ્વીસ હજાર. માણસ સમાય નહિ. પંડાળ નાખ્યો હતો. અગિયાર લાખનો ખર્ચ હતો અને સાડત્રીસ લાખનું મકાન થયું. એમાં શું હતું પણ? એથી કાંઈ ધર્મ છે? એ તો અંદરમાંથી લક્ષ ગયું બહાર તો એટલો શુભભાવ આવે, આસ્રવ છે એ. આહાહા..! હોય છે, જ્યાં અપૂર્ણ દશા હોય છે ત્યાં એવો ભાવ આવે, પણ એ ભાવ છે તો બંધનું કારણ. 'સુમેરુમલજી'! આવી વાત છે, ભગવાન! આહાહા..!

**શ્રોતા :-** આપનું સપનું સાકાર થયું આ બધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ સાકાર પણ છતાં એ તો શુભભાવ છે. બીજું શું છે? વાત સાચી. ૭૧ની સાલમાં સપનું આવ્યું હતું. ૭૧-૭૧. એક દાયકો થયો. આખા આકાશમાં શાસ્ત્રો—પાટિયા. આહાહા..! પાટિયા છેને? આવડા-આવડા લાંબા મોટા અને પહોળા શાસ્ત્ર લખેલા. તે આખા આકાશમાં એમ. આમથી જુઓ તો આમ સુધીનું .. એવું સપનું આવ્યું

હતું. આખા આકાશમાં શાસ્ત્ર જ શાસ્ત્ર. છૂટા-છૂટા ઓલા આટલું પહોળું અને આટલું ઊંચું. એવા એવા આખા આકાશમાં. આવડા-આવડા પાટિયા. આ કુદરતે બન્યું. આહાહા..! અને એક ફેરી આખા આકાશમાં ચંદ્ર જોયા આખા આકાશમાં. છઠનો ચંદ્ર હોય ને? છઠનો? છઠનો. બીજ-ત્રીજ એવા-એવા લાખો કરોડો છેક અહીંથી આમ અને અહીંથી બહાર ઊભો હતો ઓલો. આખા આકાશમાં. ચંદ્ર.. ચંદ્ર... લાખો કરોડો ચંદ્ર. છઠના જેટલા આખા આકાશમાં ચંદ્ર. ... આહાહા..! આ વાણી વીતરાગની.

મુનિ છે છઠ્ઠે ગુણસ્થાને. ત્રણ કષાયનો અભાવ, વીતરાગ... વીતરાગ... વીતરાગ... પ્રગટ દશા થઈ છે. ક્યાં ચોથું, પાંચમું અને આ તો છઠ્ઠું. જેટલો પંચમહાવ્રતનો વિકલ્પ આવે છે એટલું આસ્રવ અને દુઃખ છે અને એટલું બંધનમાં છે. આહાહા..! આપણે કહ્યું નહોતું? સમયસારમાં કહ્યું હતું. 'નાટક' નહિ? સમયસારનાટક. આમાં જ કીધું. મોક્ષ. ૪૦મો બોલ છે. ૪૦મો બોલ. જુઓ,

**ता कारन जगपंथ इत, उत सिव मारग जोर।**
**परमादी जगकौं धुकै, अपरमादि सिव ओर।।४०।।**

'**ता कारन जगपंथ इत,**' જેટલો વિકલ્પ ઊઠ્યો મુનિને રાગ, પાંચ મહાવ્રતનો, ભક્તિનો એ જગપંથ છે. 'બનારસીદાસ' 'મોક્ષ અધિકાર'નો ૪૦મો બોલ. આહાહા..! '**ता कारन जगपंथ इत,**' એ જગપંથ છે. રાગ એ સંસારપંથ છે. આહાહા..! '**उत सिव मारग जोर**' ભગવાન અંદર આનંદના નાથમાં જેટલો લીન થાય તે શિવમાર્ગ છે. '**परमादी जगकौं धुकै**' મુનિ પણ સાચા સંત છે એને પંચમહાવ્રતના પરિણામ આવે એ પ્રમાદી છે. એ પ્રમાદી '**जगकौं धुकै**' જગમાં જુકી ગયા છે એ તો કહે છે. આહાહા..!

શ્રોતા :- જગમાં?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- સંસાર. એ રાગ એ સંસાર છે એટલો. આહાહા..! શાંતિભાઈ! આવી વાતું છે. બાપુ! આ તો ત્રણલોકનો નાથ. વીતરાગ સર્વજ્ઞ જિનેન્દ્ર અનંત તીર્થંકરો થયા. લાખો કેવળીઓ મહાવિદેહમાં વિચરે છે. તીર્થંકરો વીસ છે અત્યારે. અનંત તીર્થંકરો થશે તેનો આ એક અવાજ છે. સમજાણું કાંઈ? આહાહા..!

શું કહ્યું જુઓ, કે '**શુદ્ધસ્વરૂપનો અનુભવ, તેનો તેટલા કાળ સુધી...**' કરવા જેવો છે. '**અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...**' આહાહા..! એમ કે પ્રથમ સમ્યગ્દર્શન થયું માટે બસ થઈ ગયું બધું. એમ નથી, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ? '**તેટલા કાળ સુધી અખંડિતધારાપ્રવાહરૂપે આસ્વાદ કરવો...**' કેટલા કાળ? '**यावत् परात् च्युत्वा ज्ञानं ज्ञाने प्रतिष्ठते**' આહાહા..! '**જેટલા કાળમાં પરથી છૂટીને આત્મા શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.**' ત્યાં સુધી અંદરમાં રહેવા જેવું છે, બહારમાં નીકળવા જેવું નથી. ૧૩૦. ૧૩૦ કળશ. આહાહા..! '**यावत्**' તેટલા કાળ સુધી કે જ્યારે પૂર્ણ રાગથી રહિત થઈને સ્વરૂપમાં

ઠરી જાય ત્યાં સુધી તેણે રાગથી ભિન્ન પડીને અભ્યાસ કરવો. આહાહા..! સમકિત થયું અને સમ્યગ્જ્ઞાન થયું એટલે બસ થયું. બાપુ! હજી તો અનંતગુણી દશા બાકી છે. હજી તો એને ચારિત્ર અને પછી કેવળજ્ઞાન, શુક્લધ્યાન એ તો બહુ બાકી, બાપુ! આહાહા..! સમજાણું કાંઈ?

'**જેટલા કાળમાં પરથી છૂટીને...**' પર એટલે આસ્રવ. રાગથી છૂટીને જ્યાં સુધી પૂર્ણ સ્થિર ન થાય ત્યાં સુધી તેનો ધારાવાહી અનુભવ કરવો. આહાહા..! સમજાય છે કે નહિ આમાં? '**यावत्**' ક્યાં સુધી? કે જ્યાં સુધી આત્મા રાગથી—બિલકુલ રાગના અંશથી ખસી અને પૂર્ણ અહીં ન થાય ત્યાં સુધી એણે આત્માનું ધ્યાન કરવું. આહાહા..! આવો માર્ગ છે, ભાઈ! '**પરથી છૂટીને...**' પર એટલે આસ્રવ. સંવર અધિકાર છેને? એટલે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઉઠે તે આસ્રવ છે. મુનિને આસ્રવ છે, પાંચમે ગુણસ્થાને આસ્રવ છે, ચોથે આસ્રવ છે. ચોથે દુઃખ છે, પાંચમે દુઃખ છે, છઠ્ઠે દુઃખ છે. આહાહા..! એ દુઃખથી, '**પરથી છૂટીને આત્મા શુદ્ધસ્વરૂપમાં એકરૂપ પરિણમે.**' એકરૂપ. સંગ રહે જ નહિ પછી જરીએ આસ્રવ. એકાકાર અંદરમાં થઈ જાય અને આસ્રવ ન રહે ત્યાં સુધી ભેદજ્ઞાન ભાવવું. '**भावये**' છેને પાઠ? '**भावयेद्भेदविज्ञानमिदमच्छिन्नधारया**' ક્યાં સુધી રાગથી ભિન્ન પાડીને ભેદજ્ઞાન કરવું? કે જ્યાં સુધી પૂર્ણ ઠરે નહિ અને રાગનો એક અંશ ન રહે ત્યાં સુધી ભેદજ્ઞાન કરવું. માલચંદજી! આ તો સમજાય એવી ભાષા છે. આહાહા..!

ત્રણલોકના નાથ તીર્થંકર સર્વજ્ઞ પરમેશ્વર એનો આ હુકમ છે. આહાહા..! પ્રભુ! તું તારા સ્વરૂપમાં પૂર્ણ જ્યાં સુધી ન ઠરે અને રાગનો એક પણ અંશ ન રહે ત્યાં સુધી ધ્યાનમાં ભેદ અભ્યાસ કરજે. આહાહા..! સમજાણું કાંઈ? એ સમ્યગ્દર્શન થયું એટલે સંતોષાઈ જાય કે બસ, થઈ ગયું અમને. બાપુ! હજી તો વાર છે, ભાઈ! અને સમ્યગ્દર્શનમાં પણ જ્યાં સુધી દુઃખ અને આસ્રવ છે એને ન માને તો એ સમ્યગ્દૃષ્ટિ જ નથી. કેમકે જ્યાં સુધી અંતર આનંદનો અનુભવ આવ્યો, પણ એની સાથે અપૂર્ણ આનંદ છે એટલે દુઃખનું વેદન એના જ્ઞાનમાં આવે છે. અજ્ઞાનીને તો આનંદ પણ નથી અને કાંઈ છે નહિ, દુઃખ છે પણ એ દુઃખ છે એની પણ ખબર નથી. ભાઈ! એ સમજાય છે? આહાહા..!

આત્મા પોતાનો આનંદ પ્રભુ, સચ્ચિદાનંદ પ્રભુ, એના અનુભવમાં આવ્યો, સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનો અંશ સ્વરૂપાચરણ થયું ત્યારે એને ખ્યાલ આવ્યો કે ઓહોહો...! આ તો આનંદનો નાથ પ્રભુ પૂર્ણ આનંદસ્વરૂપ છે. એનો નમૂનો આવ્યો, એ નમૂનાથી જાણ્યું કે આનંદસ્વરૂપ છે આ. અને આમ જાણ્યું કે અરે..રે..! હજી આનંદની સાથે આ રાગ-દુઃખ છે. એ આનંદની સાથે મેળવ્યું કે આ તો દુઃખ છે. એનાથી બે વાત થઈ—એક તો સમ્યગ્દર્શનનો અનુભવ થતાં એ આનંદનો અંશ અને સમ્યગ્જ્ઞાનનો અંશ આવતા આ આખો આત્મા પૂર્ણ આનંદમય છે એ નમૂનાથી આખો જાણ્યો. ભાઈ! આહાહા..! અને તે નમૂનામાં હજી પાછું દુઃખ વેદાય

છે સાથે એ પણ ત્યારે જાણવામાં આવ્યું. નહિતર તો અજ્ઞાનમાં તો દુઃખના વેદનની ખબર જ ક્યાં છે. આહાહા..! મોટું ધોકડું હોયને રૂનું? ધોકડાને શું કહે છે? ગાંઠ, બોરા. થોડો નમૂનો કાઢે ત્યારે ખ્યાલ આવે કે આ આખું ધોકડું આવું રૂનું છે અને એની સાથે બીજા કપાસને મેળવે કે આ તો હજી મેલું છે. આની સાથે મેળવે તો આ મેલું છે. આની સાથે મેળવે તો આ પૂર્ણ છે. સમજાણું કાંઈ? વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી બહેનશ્રીના વચનામૃત, બોલ-૧૦૭ થી ૧૦૯**
**પ્રવચન નં.૩૮, તા.૧૫-૭-૧૯૭૮**
**(૨૧)**

૧૦૬ ચાલ્યું હતુંને? ગુજરાતી હવે ચાલે છે. કાલે તો ઓલા હિન્દી આવ્યા હતા ને. **'શાશ્વત શુદ્ધિધામ એવું જે બળવાન આત્મદ્રવ્ય તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** જુઓ સિદ્ધાંત. વસ્તુ જે છે આત્મા એ શાશ્વત છે, ત્રિકાળી છે, ઉત્પન્ન અને ધ્વંશ વિનાની ચીજ છે. ઉત્પન્ન અને વ્યય એ વિનાની એ ચીજ શાશ્વત છે વસ્તુ. આહાહા..! એને સંયોગી ચીજ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, રાગ ઉપરથી દૃષ્ટિ ઉઠાવી, એક સમયની પર્યાયની દૃષ્ટિ ઉઠાવી.. સૂક્ષ્મ વાત છે. શુદ્ધિ ધામ. **'શાશ્વત શુદ્ધિધામ...'** પ્રભુ. વસ્તુ પોતે એવી છે. શાશ્વત એને શુદ્ધિધામ. શુદ્ધનું સ્થળ, શુદ્ધનું સ્થાન, જેમાંથી શુદ્ધિ પાકે, આનંદ અતીન્દ્રિય પાક થાય, અતીન્દ્રિય જ્ઞાન થાય એવું એ શુદ્ધિ ધામ આત્મા છે. આહાહા..! આવી વાત. આહાહા..!

**'શાશ્વત...'** ત્રિકાળી વસ્તુ છે કાયમી ચીજ. એક સમયની પર્યાય સિવાય તે ચીજ. રાગથી તો રહિત, સંયોગના સંબંધથી તો રહિત, પણ એક સમયની પર્યાયથી પણ રહિત. આહાહા..! આવું હવે એને જાવું. શું કહે છે સમજવું કઠણ પડે. એ ભગવાન શુદ્ધધામ નિત્યપ્રભુ તું છો, તારી પાસે છે તું જ છો તે. આહાહા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** શાશ્વત શુદ્ધનું ધામ, શુદ્ધિ પવિત્રતા આનંદનું ધામ સ્થળ. આહાહા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** જોરદાર આત્મદ્રવ્ય, એમ કહે છે. આહાહા..!

**'તેની દૃષ્ટિ પ્રગટ થઈ...'** જો એ શાશ્વત શુદ્ધિધામ બળવાન આત્મપદાર્થ વસ્તુ ત્રિકાળ. એ ઉપર દૃષ્ટિ થઈ. આહાહા..! અંતર્મુખ શાશ્વત તત્ત્વ છે એ ઉપર દૃષ્ટિ થઈ, આહાહા..! એનું નામ સમ્યગ્દૃષ્ટિ. બાબુલાલજી! ઝીણી વાત છે. આવી વાત છે. આહાહા..! ભાઈને તો ઘણો અભ્યાસ હતો ઈન્દ્રચંદને. એને તો અભ્યાસ. છેલ્લે સ્થિતિ જરી પક્ષઘાત. એ તો દેહની સ્થિતિ છે. આહાહા..! આ ચીજ. દેહના અસ્તિત્વમાં જેનું હોવાપણું નથી. રાગના હોવાપણામાં જેનું હોવાપણું નથી, જેની એક સમયની પર્યાયમાં હોવાપણું નથી, આહાહા..! જેનું હોવાપણું શાશ્વત છે. અંદર ભગવાન આત્માની વાત ચાલે છે હોં આ. આહાહા..! એ શાશ્વત શુદ્ધિનું સ્થળ.. આહાહા..! એવું એ બળવાન આત્મદ્રવ્ય. જેમાં અનંત-અનંત વીર્ય અને બળ પડ્યું છે. આહાહા..!

એક બાજુ એમ કહેવું કે આત્મવીર્ય છે અને એ વીર્ય અનંત જે બળનો ધણી સ્વરૂપ એવું આત્મદ્રવ્ય જેણે પકડ્યું એનું વીર્ય સ્વરૂપની રચના કરે. એક બાજુ એમ કહેવું કે એ વીર્ય છે એ સ્વરૂપની પર્યાયને રચે નહિ. આહાહા..! ગહન વિષય. સર્વજ્ઞ. સર્વજ્ઞ. પ્રભુ! તું સર્વજ્ઞ છો. જે સર્વજ્ઞ થયા એ પર્યાયમાં થયા એ આવ્યા ક્યાંથી? આહાહા..! અહીંયાં એ શુદ્ધિધામ શાશ્વત ઉપર દૃષ્ટિ પડતાં બળવાન આત્મદ્રવ્ય હોવાથી.. આહાહા..! **'તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** આહાહા..! શુદ્ધ ત્રિકાળીનો જ્યાં સ્વીકાર થયો એટલે શુદ્ધ નામ આનંદની દશા સમ્યગ્દર્શનની દશા, શાંતિની દશા, ઈશ્વરતાની પ્રભુતાની દશા એ શુદ્ધતા પ્રગટે જ. આહાહા..! આવી વાતું છે. લોકોએ બધું બહારમાં એવું કરી નાખ્યું છે. જાણે આ ત્યાગ કર્યો બાહ્યનો અને આ ફલાણા થઈ ગયા અમે સમકિતી ને થઈ ગયા અમે ચારિત્રવંત. આહાહા..! ભાઈ! બાપુ! એ વસ્તુને કેમ કહેવી અને કેમ સમજવી એ કોઈ અલૌકિક વાત છે. આહાહા..!

એ શાશ્વત શુદ્ધનું ધામ-સ્થળ એના ઉપર દૃષ્ટિ થવી એ કાંઈ વાત સાધારણ નહિ. એ કાંઈ વાત વાતથી ઉપદેશથી કાંઈ પ્રાપ્ત થાય એવી છે? એ તો અંતરની દૃષ્ટિ કરે ત્યારે પ્રાપ્ત થાય. આહાહા..! **'એવું જે બળવાન આત્મદ્રવ્ય...'** આહાહા..! **'તેની દૃષ્ટિ પ્રગટ થઈ તો શુદ્ધ પર્યાય પ્રગટે જ.'** અતીન્દ્રિય આનંદ અને અતીન્દ્રિય જ્ઞાનનો અંશ પ્રગટે જ. એ શુદ્ધિધામ શાશ્વત બળવાન ભગવાન ઉપર દૃષ્ટિ આપતાં ધર્મની વીતરાગી મોક્ષમાર્ગની પર્યાય પ્રગટે જ. આહાહા..! એ દેવ-ગુરુ ને શાસ્ત્રની શ્રદ્ધા કે પંચમહાવ્રતના પરિણામ એ તો રાગ છે. રાગની શ્રદ્ધા કરવી એ તો મિથ્યાત્વ છે. રાગ મારું સ્વરૂપ છે એમ માનવું એ તો મિથ્યાત્વભાવ છે. આહાહા..! પણ રાગ વિનાની ચૈતન્ય શુદ્ધિનું સ્થળ મહાપ્રભુ ચેતનપ્રભુ, પૂર્ણ જ્ઞાન ને આનંદથી ભરેલો, ગુણવાળો નહિ પણ અનંતગુણથી ભરેલો, પદાર્થ છે. એ ગુણ પણ શાશ્વત અને દ્રવ્ય પણ શાશ્વત. આહાહા..! જેમ એ દ્રવ્ય શાશ્વત છે, તેમ એની શક્તિઓ જે છે અનંત જ્ઞાન, દર્શન એ પણ શાશ્વત છે. આહાહા..! એથી અનંતગુણના ધરનાર ગુણી એના ઉપર દૃષ્ટિ થતાં શાંતિ અને આનંદ ને સમ્યગ્દર્શન અને વીતરાગી પર્યાય પ્રગટ થાય જ. આહાહા..! ભગવાન! આવો માર્ગ છે, પ્રભુ! એને પોતાની મોટપ સૂઝતી નથી. મોટપ પરમાં કાંઈક મહિમા. સંયોગોમાં કે સાધન અનુકૂળ હોય ને એમ કહે કે કાંઈક છોકરા-બોકરા રળવા શીખી જાય, સાધન સરખું થાય તો આપણને નિવૃત્તિ મળે. અરે.. ભગવાન! શું છે તને આ? તું તો રાગથી પણ નિવૃત્તસ્વરૂપ જ ત્રિકાળ છો. આહાહા..! રાગની તો અહીં વાત નથી. શુદ્ધિનું ધામ કીધું છે એ તો. આહાહા..!

શુદ્ધનો આનંદનો કંદ પ્રભુ છો અંદર નિત્યાનંદ દળ અને બળવાન જોરદાર આત્મદ્રવ્ય છે. આહાહા..! એ બળવાનનો જેણે આશ્રય લીધો, એ બળવાન ઉપર જેણે દૃષ્ટિ મૂકી અને એ દૃષ્ટિએ જેને આખા પૂર્ણને સ્વીકાર્યું, એની શુદ્ધ પર્યાય પ્રગટે જ પ્રગટે. આહાહા..!

પ્રવિણભાઈ! આવી વાતું છે. સાધારણ બાયુને ભારે કઠણ પડે. અભ્યાસ નહિ ને અભ્યાસ નહિ. આહાહા..!

'**શુદ્ધ પર્યાય પ્રગટે જ. વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' આહાહા..! જેટલો અંદરમાં વિકલ્પ નામ રાગ ઉત્પન્ન થાય, ચાહે તો દયાનો, દાનનો, ભક્તિનો અરે.. પરમેશ્વર પરમાત્માની શ્રદ્ધાનો રાગ ઉત્પન્ન થાય. પંચપરમેષ્ઠી ગુરુ, શાસ્ત્ર એનો પણ વિકલ્પ ઉત્પન્ન થાય શ્રદ્ધાનો કે આ પરમાત્મા છે. એ વિકલ્પથી.. આહાહા..! '**વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' એનાથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને શાંતિ વીતરાગતા તેનાથી પ્રગટતી નથી. આહાહા..!

એ તો આમાં યાદ આવ્યું હતું હમણાં પહેલું વાંચ્યાં પહેલાં. ઓલી કડી શ્રીમદ્‌ની. 'સુખધામ અનંત સુસંત ચહી' ઓલું શુદ્ધિ ધામ આવ્યુંને? શ્રીમદ્ રાજચંદ્ર. આત્મજ્ઞાની થઈ ગયા. ગૃહસ્થાશ્રમમાં હતા. એક ભવ અને મોક્ષ જશે. એવી શક્તિ હતી. આમ ઝવેરીનો ધંધો હતો લાખોનો, પણ એ બધું પર. પર. આહાહા..! દૃષ્ટિમાં તો ભગવાન તરવરતો હતો પૂર્ણાનંદનો નાથ. એ પોતે કહે છે કે અરે.. મારે કાંઈક રાગ બાકી લાગે છે. આહાહા..! પૂર્ણાનંદની પૂર્ણ પ્રાપ્તિની વચ્ચે એમને જરી દખલ લાગે છે રાગ. એ રાગ થોડો અસ્થિરતાનો-અસ્થિરતાનો છૂટતો નથી. પુરુષાર્થની કમી છે. આહાહા..! શું આવ્યું નથી ઓલા રણનું? રણમાં ભૂલી ગયો. ભાષા નથી આવતી? મહારણ પ્રગટ થયું એને.

ઘણી ત્વરાથી પ્રવાસ પૂરો કરવાનો હતો, પણ વચમાં સહરાનું રણ. ભાષા ભૂલી ગયા. એકદમ શુદ્ધિની દૃષ્ટિ પડી છેને. આહાહા..! જેમાંથી શુદ્ધિની પૂર્ણતા પ્રગટવાની ભાવના છે. છતાં સહરાનું રણ, કચ્છનું રણ છેને એકલી રેતી. એકલી રેતી. પાણી નહિ, ઝાડ નહિ. પાણી નહિ અને ઝાડ પણ નહિ. આહાહા..! એમાંથી નીકળે. અરે.. સહરાનું રણ પ્રાપ્ત થયું. પગે નિકાચીત થાક ગ્રહ્યો. આમ આવ્યુંને? આહાહા..!

અરે.. ભગવાન પૂર્ણાનંદનો નાથ શુદ્ધિને ધામમાં અમે ગયા પણ સ્થિર થઈ શક્યા નથી, હજી સ્થિર કરી શક્યા નથી. એને લઈને 'અશેષ કર્મનો ભોગ છે, ભોગવવો અવશેષ રે.' કંઈક બાકી લાગે છે રાગ. હજી આ છૂટતો નથી, પુરુષાર્થની કમી છે. આહાહા..! 'તેથી દેહ એક ધારીને જાશું સ્વરૂપ સ્વદેશ.' એકાદ દેહ ધારણ કરવો પડશે હજી એવું લાગે છે. આહાહા..! ગૃહસ્થાશ્રમમાં હતા, ભાઈ! બાબુલાલ! શ્રીમદ્ રાજચંદ્ર. ગૃહસ્થાશ્રમમાં ઝવેરાતનો ધંધો મુંબઈમાં. .. આવ્યા અને પછી બેઠા હતા. પણ છતા અંદરમાંથી નાળિયેરમાં જેમ ગોળો છૂટો પડી જાય.. આહાહા..! અને એ કાચલી. શું કહેવાય કાચલી? નરેટી તૂટીને ગોળો જુદો પડી જાય ત્યારે સિદ્ધ થઈ જાય. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં એ કાચલીમાંથી- નરેટીમાંથી છૂટો ગોળો અંદર રહે ત્યાં સુધી એને સમકિતી અને જ્ઞાની કહેવામાં આવે, પણ એમાંથી પૂર્ણ તોડી નાખીને પૂર્ણ સિદ્ધદશા પ્રાપ્ત થાય, આહાહા..! ત્યારે એકલું પરમાત્મપદ પ્રાપ્ત

પર્યાયમાં થયું. એ અહીંયાં સહરાના રણમાં અરે.. આવ્યા જઈ ચડ્યા છીએ. આહાહા..! અમે પૂર્ણાનંદના નાથમાં પહોંચી વળવા.. આહાહા..! ઘણો પ્રયાસ છે પણ પ્રયાસ અટકી ગયો છે. આહાહા..! રાગની મંદતામાં અટકી રહ્યો છે જરી.

'સુખ ધામ અનંત સુસંત ચહી, દીન રાત રહે તદ્ ધ્યાન મહી
પ્રશાંતિ અનંત સુધામય જે, પ્રણમું પદ તે વરતે જય તે.'

આ છેલ્લી ઘડી છે. દેહ છૂટવાને છેલ્લી ઘડી. આહાહા..! ભાઈને કહ્યું, ભાઈ! નાની ઉંમર. ૩૩ વર્ષની ઉંમર. ૩૩ વર્ષ અને ચાર માસ. ભાઈને, ભાઈ! બાને દિલગીર થવા દઈશ નહિ. વાણી નીકળી. બાને. માતા હતા, પિતા હતા, દીકરા હતા, વહુ, બૈરા હતા. ભાઈ! બાને દિલગીર થવા દઈશ નહિ. હું હવે સ્વરૂપમાં સમાવ છું. દેહ છૂટવાનો કાળ આવી ગયો છે. હું મારા અંદર સ્વરૂપમાં જાવ છું. ખુરશી ઉપર કે બીજેથી બેઠા હતા ઊભા થઈને આરામ ખુરશીમાં આળોટ્યા.

અતીન્દ્રિય આનંદના ધામમાં દૃષ્ટિ મૂકીને લીન, પણ હજી પૂર્ણ સ્થિરતા થઈ નહિ. એથી એકાદ દેહ કાઢવો પડશે. આહાહા..! આવું જે શુદ્ધિનું ધામ પ્રભુ, પરમાત્મ સ્વરૂપ જ પોતે છે. આહાહા..! પરમ-આત્મ, પરમસ્વરૂપ, પરમ ભગવાન એ જ્યાં દૃષ્ટિ થઈ. આહાહા..! તો કહે છે કે શુદ્ધદશા-ધર્મદશા ત્યારે પ્રગટ થાય. ધર્મી એવો જે શુદ્ધિધામ એને અંતર સ્વીકારતા શુદ્ધ પર્યાય પ્રગટ થાય જ. પૂર્ણ આશ્રય લે તો પૂર્ણ શુદ્ધ પર્યાય પ્રગટ થાય, અલ્પ આશ્રય લે તો સમ્યગ્દર્શન-જ્ઞાનની પર્યાય પ્રગટ થાય. ભગવાન શુદ્ધધામનો મધ્યમ આશ્રય લે તો ચારિત્ર કે આદિ કેવળજ્ઞાનાદિ થાય. આહાહા..! અંતરમાં એકદમ પૂર્ણ આશ્રય થતાં એકદમ સર્વજ્ઞ થઈ જાય, સિદ્ધ થઈ જાય. આહાહા..! એવું જે ભગવાન આત્મદ્રવ્ય એ '**વિકલ્પના ભેદથી શુદ્ધ પર્યાય પ્રગટતી નથી.**' તું ગમે તેટલી વિકલ્પવૃત્તિ કર, 'હું શુદ્ધ છું ને પૂર્ણ છું ને અભેદ છું ને અખંડ છું ને' શુદ્ધિધામ છું. એવી વિકલ્પ વૃત્તિ ઉઠાવ એનાથી શુદ્ધિ નહિ પ્રગટે. આહાહા..! સમજાણું કાંઈ?

'**એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.**' ભગવાન અનંતગુણનો ધામ એને જેણે દૃષ્ટિમાં લઈ લીધો, એનું જેણે આલંબન લીધું, આહાહા..! '**એકને ગ્રહણ કર્યું તેમાં બધું આવી જાય છે.**' એમાંથી જ્ઞાન થાય, દર્શન થાય, ચારિત્ર આનંદ થાય. બધું થાય. આહાહા..! એક જાણ્યો એમાં બધું આવી જશે. એને જાણ્યા વિના બધી લાખ વાતું તું જાણ, શાસ્ત્રની કે વાતું કરવાની જગતની, આહાહા..! એમાંથી શુદ્ધતા નહિ આવે. આહાહા..! એકને જેણે પકડ્યો પૂર્ણાનંદના નાથને અંદર, આહાહા..! એમાં બધું આવી ગયું. કારણ કે એમાં કેવળજ્ઞાન, કેવળદર્શન આદિ બધું પડ્યું છે. આહાહા..!

'**દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન વિવેક કરે.**' શું કહ્યું એ? વસ્તુ જે શુદ્ધિનું ધામ-સ્થળ, એમાં જેની દૃષ્ટિ પડી અને પકડ્યું એણે. એણે એકને જાણ્યું એમાં બધું આવી ગયું.

ભગવાન આત્મા જાણ્યો એણે બધું જાણ્યું. આહાહા..! કેમ? કે **'દૃષ્ટિ સાથે રહેલું સમ્યગ્જ્ઞાન...'** એ દૃષ્ટિ તો થઈ અને બધું પ્રગટ દૃષ્ટિમાં લીધું. હવે પર્યાય ઓછી છે, કાંઈ રાગ છે એને દૃષ્ટિ સાથે થયેલું જ્ઞાન એને વિવેક કરીને જાણે છે. જાણે છે કે છે. હજી રાગ છે. હજી હું પૂર્ણ શુદ્ધ થયો નથી. પૂર્ણ શુદ્ધને પકડ્યો છે, પણ અપૂર્ણતા છે તેને દૃષ્ટિ જામતી નથી. દૃષ્ટિનો વિષય તો ત્રિકાળી છે. પણ દૃષ્ટિ થતાં જે જ્ઞાન થયું એ જ્ઞાન ત્રિકાળને પણ સ્વીકારે છે અને એ જ્ઞાન અપૂર્ણતા હજી મારામાં પુરુષાર્થની કચાશ છે. આહાહા..! જેટલો તીવ્ર આશ્રય લેવો જોઈએ એટલો છે નહિ એવું જ્ઞાન સમય-સમયમાં જેટલો રાગાદિ છે અને શુદ્ધાશુદ્ધિની અપૂર્ણતા છે તેને જાણે છે, જાણે છે. એ એમ જાણતો નથી જ્ઞાન કે હું પૂર્ણ પર્યાયમાં થઈ ગયો. આહાહા..! સમજાણું કાંઈ? મારે આવી વાતું હવે. ઓલા કહે સામાયિક કરવા, પડિક્કમણા કરવા અને પોષા કરવા. બાપુ! મારગડા બીજા, ભાઈ! જેમાં 'કરવું'ના વિકલ્પને પણ જ્યાં અવકાશ નથી. આહાહા..! અરે.. જેને ગુણગુણીના ભેદનો વિકલ્પ છે એનાથી પણ તે પ્રાપ્ત થાય એવો નથી. એ બીજી રીતે કઈ રીતે પ્રાપ્ત થાય ભાઈ? પંચમકાળ હોય કે ચોથો કાળ હોય કે નરકનો કાળ હોય કે તિર્યંચનો, આહાહા..! પણ ભગવાન શુદ્ધિનું ધામ તો શાશ્વત બધે ઠેકાણે પોતે જ પડ્યો છે આખો. આહાહા..! એક સ્થળમાં જતાં એની નિર્મળદશા પ્રગટ થાય. થાય જ અને બીજું કોઈપણ વિકલ્પથી તે પ્રગટે નહિ. આહાહા..! સમજાય છે કાંઈ? આહા..! આવી વાતું છે. આકરું લાગે તેથી. ઘણા બિચારા હમણાં આવ્યા હતા. એક .. આર્જિકા .. બાપુ કીધું સમ્યગ્દર્શન ભાઈ. પણ સમજે નહિ. સાંભળ્યું નથી. ખબર નહિ બિચારાને. એમ કે આ ત્યાગ કરે છે એટલો એટલો. અરે... બાપુ! શું કરીએ, ભાઈ! આહાહા..! શેનો ત્યાગ? ભાઈ! એમ કે આ બાયડી-છોકરા છોડ્યા અને ઘર છોડ્યું. ધર્મ છોડ્યો છે. અરે.. બાપુ! તને ખબર નથી. પણ એમ સમ્યગ્દર્શન અમારા બધાઓમાં નથી એમ શી રીતે તમને ખબર પડે? પ્રભુ શું કહીએ? બાપુ! આહાહા..! અરે.. બાપુ! શ્રુતજ્ઞાન શું ચીજ છે? શ્રુતજ્ઞાનમાં તો કેવળીને પણ પરખી લે છે, એ શ્રુતજ્ઞાન ક્યાં કઈ રીતે સમ્યગ્દર્શન હોય અને ન હોય એ શ્રુતજ્ઞાન બધું જાણી શકે છે. એ અવધિજ્ઞાન અને મનઃપર્યવ થાય તો જાણી શકાય એવું કાંઈ છે નહિ.

તેથી કહ્યુંને **'એકને ગ્રહણ કર્યું એમાં બધું આવી જાય છે.'** આહાહા..! એના જ્ઞાનમાં બધો વિવેક આવી ગયો. એ જ્ઞાન જ્યાં જ્યાં અપૂર્ણ છે પોતાની દશા એને જાણે. આહાહા..! સામાની દશા પણ મિથ્યા કઈ રીતે છે તેપણ એ જાણે. આહાહા..! એવું જે સમ્યગ્જ્ઞાન દૃષ્ટિની સાથે થયું એ બધો વિવેક કરે છે. અલ્પજ્ઞ છું પર્યાયમાં હજી. આહાહા..! એક બાજુ એમ કહેવું કે કેવળજ્ઞાન પ્રત્યક્ષ જાણે અને શ્રુતજ્ઞાન પણ પરોક્ષ જાણે, પણ પૂરું જાણે એમ કહ્યું અને એક બાજુ એમ કહેવું કે શ્રુતજ્ઞાનની પર્યાય કેવળજ્ઞાનની પર્યાયને અનંતમે ભાગે છે. આહાહા..! કઈ અપેક્ષા છે? સમજાણું કાંઈ? એને પ્રત્યક્ષ થયું નથી. એટલે એને અપૂર્ણ

અને અનંતમાં ભાગમાં ગણવામાં આવી. આહાહા..! એવો જે ભગવાન આત્મા એને સાથે દૃષ્ટિ થઈને જ્ઞાન થયું એ વિવેક કરે છે. આહાહા..! ૧૦૭. ૧૦૭ થયો એ. શું કહેવાય આ પેરેગ્રાફ? બોલ. ૧૦૭ બોલ. આહાહા..!

૧૦૮. '**જગતમાં એવી કોઈ વસ્તુ નથી કે જે ચૈતન્યથી વધી જાય.**' આહાહા..! સિદ્ધ પણ ચૈતન્યના દ્રવ્યથી વધી જાય એ ચીજ નથી. પર્યાય છેને પર્યાય. આહાહા..! શાસ્ત્રજ્ઞાન આદિ બાર અંગના થાય, આહાહા..! તોપણ એ ચૈતન્યવસ્તુથી એ વધી ન જાય. આહાહા..! ચૈતન્યવસ્તુ તો અલૌકિક. આહાહા..! શાસ્ત્રમાં તો આવે છેને એક-એક આચારંગ શાસ્ત્ર, એના ૧૮ હજાર પદ હોય છે, એક પદમાં ૫૧ કરોડ જાઝેરા શ્લોક હોય છે. એના અક્ષરો કેટલા એના ગણે? એવું જ્ઞાન પણ અનંતવાર થયું. આહાહા..! પણ એ બધું પરલક્ષે જ્ઞાન. ભગવાન અનંત જ્ઞાનનો દરિયો ભર્યો છે એના તરંગ આમાંથી ઉઠવું જોઈએ. પાણીનું તરંગ પાણીમાંથી ઉઠવું જોઈએ. આહાહા..! આકરી વાત છે ભાઈ!

ચૈતન્યતત્ત્વ પ્રભુ માહાત્મ્યસ્વરૂપ એને જગતમાં એના સિવાય કોઈ ચીજ મોટી છે નહિ. છે? '**જગતમાં એવી કોઈ વસ્તુ નથી...**' કોઈ વસ્તુ નથી '**કે જે ચૈતન્યથી વધી જાય.**' આહાહા..! કેવળજ્ઞાનની પર્યાય પણ એક સમયની સ્થિતિ. આહાહા..! અને ચૈતન્ય તો ત્રિકાળી અનંત ગુણનો સાગર દરિયો. આહાહા..! એનાથી વધી જાય એ કઈ ચીજ જગતમાં? આહાહા..! અહીં દ્રવ્યનું લેવું છે હોં! કેવળજ્ઞાન એ પણ પર્યાય છે, પણ વસ્તુ જે છે ચૈતન્ય ત્રિકાળ, અરે.. ભાઈ! એ ત્રિકાળ શબ્દ ભલે હો. આહાહા..! પણ એ ત્રિકાળ રહેનારી ચીજ આમ ને આમ કાયમી ચીજ છે એ ધ્રુવમાં દૃષ્ટિ આવવી.. આહાહા..! તો એના જેવી મોટી ચીજ જગતમાં કોઈ છે નહિ. આહાહા..! આવી બધી નિશ્ચયની વાતું. લોકોને એવી લાગે કે, અજાણ્યા માણસને એવું લાગે કે આ શું પણ કઈ જાતનો ધર્મ? વીતરાગનો ધર્મ? વીતરાગના ધર્મમાં તો દયા પાળવી છ કાયની, વ્રત પાળવા, અપવાસ કરવા, રાત્રે આહાર ન કરવો, ચોવિહાર કરવો. ચોવિહારનો ત્યાગ કરવો એમ કરવો એટલે. આહાહા..! અરે.. પ્રભુ! સુન તો સહી. પર્યાયદૃષ્ટિનો ત્યાગ કરવો અને દ્રવ્યદૃષ્ટિને ગ્રહણ કરવી એ મૂળ ચીજ છે. આહાહા..! બહારનો ત્યાગ તો અંદરમાં ત્રિકાળ વર્તે જ છે. વસ્તુમાં બાહ્ય ચીજનો તો અભાવ જ છે, એને અડ્યો જ નથી. કર્મ, શરીર તો આત્માને અડ્યો જ નથી. અને તે ચીજનું અસ્તિત્વ તેમાં હો, પણ આત્માના અસ્તિત્વની હયાતીમાં તો એની નાસ્તિ છે. હવે જેની નાસ્તિ છે એનો ત્યાગ કરવો છે પાછો? આહાહા..! પણ એની પર્યાયમાં રાગાદિભાવ છે મલિન અવસ્થા તેને ત્રિકાળની દૃષ્ટિ કરીને તેની ઉત્પત્તિ ન થાય, તેને તેનો ત્યાગ કર્યો એમ વ્યવહારથી કહેવાય છે. આહાહા..!

અરે..! આ ચીજ વિના બાહ્યના ત્યાગ કરીને અભિમાન ચડી જાય. અમે ત્યાગ્યું છે, તમે ત્યાગ્યું નથી. અમે.. આહાહા..! એક વખત આહાર લઈએ, લુખ્ખો આહાર લઈએ,

અમારા માટે કરેલો એ પણ ન લઈએ. એવી સ્થિતિમાં હોય તોપણ, એ કાંઈ વસ્તુ નથી કાંઈ. શેઠ! આવી ચીજ છે આ. આહાહા..!

**'જગતમાં એવી કોઈ વસ્તુ નથી...'** કેવળજ્ઞાન પણ જેના ચૈતન્યદ્રવ્ય પાસે કોઈ ઉત્કૃષ્ટ નથી. આહાહા..! એવો ભગવાન તું પોતે છેને, પ્રભુ! આહાહા..! તને હીણો કલ્પવો એ મહાભ્રમણા છે. આહાહા..! તને ગતિવાળો માનવો એ ભ્રમણા છે. આહાહા..! તને પરદ્રવ્યના સંબંધવાળો માનવો, પ્રભુ! તને ભ્રમણા છે. ભગવાન સ્વરૂપે પ્રભુ બિરાજે એને પરદ્રવ્યનું માહાત્મ્ય આવે એ સ્વદ્રવ્યનું માહાત્મ્ય ઊડી ગયું છે એને. આહાહા..!

જેને જગતમાં એના જેવી ઊંચી ચીજ નથી. આહાહા..! પ્રભુ! **'તું આ ચૈતન્યમાં-આત્મામાં ઠર,...'** એના જેવી કોઈ ઊંચી ચીજ નથી. તત્ત્વ વસ્તુ ભગવાન આત્મા, દ્રવ્ય વસ્તુ, પદાર્થ વસ્તુ અસ્તિત્વ જેની મોજુદગી પૂર્ણ સ્વભાવથી ભરેલી એનાથી કોઈ મોટી ચીજ નથી. માટે મોટી ચીજમાં જા. એ મોટીના માહાત્મ્ય કર. જેની પાસે પર્યાયનું માહાત્મ્ય પણ ઊડી જાય. આહા..! અનુભૂતિ કે સમકિત કે ચારિત્ર પર્યાય એનું પણ સર્વોત્કૃષ્ટ ચીજ પ્રભુ ઉત્કૃષ્ટ એની પાસે આ ચીજનું માહાત્મ્ય છે જ નહિ. આહાહા..! પણ એ વસ્તુ અંતરમાં અંતરમાં યથાર્થપણે ગ્રહણ થવું અને દૃષ્ટિમાં ત્યાં એનો વિષય કરવો-બનાવવો. આહાહા..! તો તું ત્યાં જા અને ત્યાં ઠર, તને શાંતિ થશે. ત્યાં જઈને ઠર. જે વસ્તુ પહેલી જોઈ છે દૃષ્ટિમાં, જાણી છે દૃષ્ટિમાં, જાણી છે જ્ઞાનની પર્યાયમાં, તે વસ્તુમાં હવે ઠર. આહાહા..! એનું નામ ચારિત્ર છે. આહાહા..! આઠ આઠ વર્ષના રાજકુમારો. આવે છેને ભરત ચક્રવર્તીના નહિ? શું છોકરાઓના નામ? ગેંદ રમે છે. રવિ-કીર્તિ. ૧૦૮ છોકરાઓ. સોનાના દડા. ગેંદ અને શું કહેવાય એ? ગેલી-દડો. ગેલી અને દડો. સોનાની ગેડી અને દડો સોનાનો. રમતા હતા. એમાં બહારથી વાત આવી કે અરે.. સેનાપતિ! શું નામ? જયકુમાર સેનાપતિ છન્નું કરોડ પાયદળના સ્વામી મુનિ થયા. આહાહા..! ભાવલિંગી જેને અંતર આનંદ પ્રગટ્યો એવું છોકરાઓએ સાંભળ્યું. રમતા હતા ગેડીએ. અને માએ એક માણસ સાથે મોકલેલો કે ધ્યાન રાખજે, ક્યાંય જાય નહિ. એક માણસ સાચવવા. ઓલા રમે છેને ત્યાં? આહાહા..! ક્યાંય જાડ નહિ, આડા-અવળા થાય નહિ. આહાહા..! ઘરે પાછા વાળજો એને. એ છોકરાઓએ જ્યાં સાંભળ્યું.. આહાહા..! જેને જયકુમારે ઘર તપાસ્યું અને ઘરમાં ગયા એ તો કહે છે. આહાહા..! એ ઘરમાં ગયા મુનિપણા લઈને. આહાહા..! એ માણસ હતો જોડે એને કહ્યું ભાઈ! ચાલો-ચાલો આપણે ભગવાન પાસે દર્શન કરવા. એમ કરતા કરતા કરતા લઈ ગયા. નહિતર તો ઓલો જવા દે નહિ. ભગવાન પાસે દર્શન કરીએ. આહાહા..! જ્યાં સમવસરણમાં ગયા. આહાહા..! પ્રભુ! અમને દીક્ષિત કરો. આહા..! ચક્રવર્તીના પુત્રો, મણિરત્નના પુતળા જેવા જેના શરીર, મણિરતનના જેવા શરીર એવા હો. ચક્રવર્તીના દીકરા એટલે આહાહા..!

જેને એક સેકન્ડની અબજોની પેદાશ એ ઘણી થોડી કહેવાય. અત્યારે છેને એક સાધારણ રાજા નહિ? અરબસ્તાનમાં. એક દિવસની એક અબજની પેદાશ અત્યારે છે.

**શ્રોતા** :- ઈરાક.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- હા, ગમે તે નામ હોય. ઓલું પેટ્રોલ નીકળેલું. જગ્યા નાની છે. કૂવા નીકળ્યા પેટ્રોલના. એટલો પ્રવાહ આવે છે પેટ્રોલનો. એટલો પ્રવાહ આવે છે પેટ્રોલનો કે એક-એક દિવસની અબજની પેદાશ. અત્યારે છે હવે આ તો હલકો કાળ, પંચમકાળ અને અનાર્યદેશ. બીજો એક દેશ છે, એને એક કલાકની દોઢ કરોડની પેદાશ છે પેટ્રોલની. પેટ્રોલના એવા કૂવા નીકળ્યા. કૂવામાંથી વસ્તુ એ નીકળવા માંડી. લાખો-કરોડોનો ધોધ. આહાહા..! અને એક કૂવો હમણા અહીં ન કીધું ગામમાં કાંઈક? ક્યુ ગામ?

**શ્રોતા** :- કોડીનાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- કોડીનાર. એક કૂવો એવો નીકળ્યો એમાં એવું પાણી નીકળ્યું ઊંડેથી કે જે કાંઈ અંદર જાય એ મરી જાય. ઝેર ચડી જાય. ઝેરવાળુ પાણી. જેમ પેટ્રોલનું પાણી, આ ઠંડું પાણી એમ એ પાણી એવું કોઈ ઝેરીલું કે અંદર જોવા જાય ત્યાં ખલાસ. હમણા થયું આઠ માણસ મરી ગયા. પહેલો દીકરો જોવા ગયો તો મરી ગયો, એનો બાપ જોવા ગયો તો મરી ગયો, એનો કાકો જોવા ગયો તો મરી ગયો, એનો દીકરો જોવા ગયો તો મરી ગયો. એમ બીજા ચાર જોવા ગયા કે શું થયું પણ આ છે શું અંદર? એ છે ત્યાં આમ જોવા જાય ત્યાં. એ પાણી એટલું ઝેરીલું પાણી કે જેની ગંધ આવીને મરી જાય માણસ. આહાહા..! હવે એવા અબજોપતિ પણ અત્યારે જીવ છે. એમાં શું ચીજ એથી. અબજો પૈસા પેદા. એની ચીજ એ શું છે? એની મોટપ છે? આહાહા..!

ભગવાન ચૈતન્યસ્વરૂપ છે. મહા અનંત-અનંત આનંદનું ધામ, અનંત-અનંત અમર્યાદિત જ્ઞાનનું સ્થાન, અનંત-અનંત પ્રભુતા ઈશ્વરની ઈશ્વરતાથી ભરેલો ભગવાન.. આહાહા..! હવે તારે અહીં બે-પાંચ-દસ કરોડ રૂપિયા થાયને જ્યાં, ત્યાં તો એમ થઈ જાય કે આહાહા..! આપણે શું કમાયા ને આપણે શું વધી ગયા! વધી ગયા દુરગતિમાં જવા માટે વધી ગયા. આહાહા..! એ બાપુએ પાંચ-પાંચ દસ-દસ કરોડના બંગલા, એ મૂકીને જાશે. અને મારાપણે માનીને બેઠા એને છૂટતા વખતે આકુળતાનો પાર નહિ થાય અને એ આકુળતામાં જઈને ક્યાંય તિર્યંચ આદિમાં વયા જશે. બાપુ! ત્યાં એ પૈસાને શું કરશે?

અહીં કહે છે કે મોટામાં મોટી ચીજ પ્રભુ તારી પાસે કૂવો પડ્યો છે મોટો. આહાહા..! જેમાંથી અતીન્દ્રિય આનંદના ઝરણા ઝરે. અતીન્દ્રિય કેવળજ્ઞાનના પ્રગટ પર્યાય પ્રગટ થાય એવો મોટો કૂવો છે એ. સમજાણું કાંઈ? એ આવે છેને, 'કહે વિચિક્ષણ પુરુષ સદા હું એક હું, અપને રસ સે શું ભર્યો અનાદિ ટેક હું.' અનાદિ વસ્તુ છું. 'મોહ કર્મ મમ નાહિ,

નાહિ બ્રહ્મકૂપ હૈ. શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હે.' સિંધું. શુદ્ધ ચેતનાનો દરિયો ભગવાન અંદર છે, બાપા! આહાહા..! 'શુદ્ધ ચેતના સિંધુ હમારો રૂપ હૈ.' આહાહા..! અરે.. એ દૃષ્ટિ જ્યાં સુધી ન થાય ત્યાં સુધી બધા રખડવાના રસ્તા છે. સમજાણું કાંઈ? દૃષ્ટિમાં એ મહાપ્રભુ મોટી ચીજ, એનો સ્વીકાર ન થાય અને એનાથી સાધારણ ચીજનું પણ માહાત્મ્ય આવે, દૃષ્ટિ વિપરીત છે. આહાહા..! અરે.. અગ્યાર અંગના જ્ઞાનનું પણ માહાત્મ્ય આવે, એક અંગમાં તો કેટલું ૧૮ હજાર પદ અને ૫૬ કરોડ જેવા શ્લોક. આહાહા..! ૧૮ હજાર પદ અને એક પદમાં ૫૧ કરોડ જાજેરા તો શ્લોક. આહાહા..! એક-એક શ્લોક ૩૨ અક્ષરનો. કેટલા અક્ષર કંઠસ્થ! એથી શું? આહાહા..! એવા એક નહિ, પણ અગ્યાર અંગના જ્ઞાન એના માહાત્મ્ય શા? આહાહા..! મહાપ્રભુ જેમાંથી કેવળજ્ઞાન ઠરે એવો એ ઊંડો કૂવો પેટ્રોલ જરે જેમ અંદરમાંથી. કરોડોની પેદાશ જેને છે અત્યારે. આ તો અનંત આનંદનું ઝરણું, સ્વભાવનું ઝરણું છે. આહાહા..! એમાં દૃષ્ટિ કર, પ્રભુ! અને ત્યાં જઈને ઠર. દૃષ્ટિ કર અને ઠરીને ઠર. આહાહા..! આ કરવાનું છે.

**'નિવાસ કર.' 'ચૈતન્યમાં-આત્મામાં ઠર, નિવાસ કર.'** આહાહા..! નિવાસ. વાસ-રહેવાનું સ્થાન એને બનાવ. આહાહા..! નિવાસસ્થાન. ક્યા ગામના? કહે ફલાણા ગામના. અહીં ક્યા ગામના? કહે અમે આત્મ ગામના. આહાહા..! આત્મામાં જેનો નિવાસ છે. આહાહા..! જુઓ, ભાષા તો સાદી. સાદી ભાષા અને ભાવ તો ઘણા ઊંડા આહાહા..! **'નિવાસ કર.'** આહાહા..! **'આત્મા દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'** ભગવાનમાં દિવ્ય જ્ઞાન અક્ષય અનંત દિવ્ય જ્ઞાન. આહાહા..! એ દિવ્યધ્વનિમાં એમ આવ્યું, પ્રભુ! તારું જ્ઞાન તો દિવ્યજ્ઞાન છેને. કેવળજ્ઞાનની પર્યાયની પણ એની સામે કાંઈ કિંમત નથી. આહાહા..! એવી જ્ઞાનની લગડી, જ્ઞાનનો સાગર, જ્ઞાનસ્વભાવનું દળ એવો તું પ્રભુ છો ને. આહાહા..! એવું **'દિવ્ય જ્ઞાનથી,...'** દિવ્યજ્ઞાન. આહાહા..! અને **'અનંત ગુણોથી...'** એવા બીજા. અનંત પાછા એક નહિ. અરે.. એને આત્માના ગુણો, એની અચિંત્યતા અને અનંતતા સાંભળી નથી એણે. આહાહા..!

અનંત **'દિવ્ય જ્ઞાનથી, અનંત ગુણોથી સમૃદ્ધ છે.'** ભગવાન અનંતગુણોથી સમૃદ્ધિવાળો છે. અનંતગુણની સંપદાવાળો છે. આહાહા..! બાકી તો બધી આપદાવાળા છે. આહાહા..! એ પુણ્ય ને પાપ ને શરીર મારા, લક્ષ્મી મારી એ બધા આપદાવાળા છે. આ તો સંપદાવાળો છે. આહાહા..! **'અનંત ગુણોથી સમૃદ્ધ છે. અહો! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** બહારની ઋદ્ધિ આ કરોડોપતિના મોટા બંગલા કરોડો-કરોડોના, પાંચ કરોડના, દસ કરોડના બંગલા. આહાહા..! બાપુ! એ તો ધૂળ સ્મશાનની રાખ છે. તારામાં જે સમૃદ્ધિ છે એ અલૌકિક છે. એ ક્યાંય નથી બીજે. એવો અનંતી સમૃદ્ધિનો સ્વામી આત્મા ભગવાન છે.

આહાહા..!

**'અહો! ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** લ્યો ૧૦૮. મણકા ૧૦૮ હોય છેને માળાના? આ મણકો ૧૦૮નો આવ્યો. ૧૦૮ બોલ. આહાહા..! **'ચૈતન્યની અગાધ ઋદ્ધિ છે.'** ભગવાન! એકવાર તો ભગવાન આમ કીધું હતુંને તો બહાર ગઈ વાત હિન્દુસ્તાનમાં. કહે આત્માને ભગવાન કહે છે. અરે.. પ્રભુ! સાંભળને ભાઈ! પર્યાયે ભગવાનની વાત નથી, વસ્તુએ ભગવાન છો. એ ભગવાન કહેતા ઓલા ક્રિયાકાંડીઓને ન બેઠું. આ વ્રત લીધા, તપસ્યા લીધી, ઢીંકણું કર્યું. ભગવાન આત્મા! નહિ, નહિ; અત્યારે ભગવાન આત્મા નહિ. અહીં તો ત્રિકાળી ભગવાન આત્મા છે. આહાહા..! એને કોઈ કાળ લાગુ પડતો નથી, એને કોઈ રૌદ્રધ્યાનની પર્યાય હોય તોપણ તે.. આહાહા..! એના ત્રિકાળમાં લાગુ પડતી નથી. આહાહા..!

જેને આંસુની નિરંતર ધારા વહે એવી દુઃખદશામાં હો, પણ વસ્તુ તો વસ્તુ છે એમાં કાંઈ ફેરફાર નથી. એની ઋદ્ધિ તો ત્રિકાળ એ વખતે પૂર્ણ ભરી છે. આહાહા..! અરેરે.. એ વાત સાંભળવા મળે નહિ, જેના વિચારમાં એ વાત આવે નહિ, એ વિચાર સ્વભાવ તરફ ઢળે નહિ અને ઢળીને પછી સ્થિર થવું. આહાહા..! આવી વાત છે. ત્યારે તેનું કલ્યાણ થાય અને મોક્ષ થાય. આહાહા..!

૧૦૯. **'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે...'** શેત્રુંજય, ગીરનાર, સમ્મેદશિખર એ તો એને ભાવ થાય તો શુભભાવ થાય, પુણ્ય છે, એ કાંઈ આત્મા નહિ. આહાહા..! આવ્યા હતા એક સાધુ નામ ધરાવેલ. એમ કહે કે અમારી પાસે એક સમ્મેદશિખરના માહાત્મ્યનું પુસ્તક છે. શ્વેતાંબરમાં શેત્રુંજયના માહાત્મ્યનું પુસ્તક છે. આ કહે કે અમારી પાસે આ છે. મેં કીધું શું છે એમાં? કહે સમ્મેદશિખરના દર્શન કરે તો ૪૯ ભવે મોક્ષ થાય. કીધું એ ભગવાનનું વચન નહિ. આહાહા..! લાખ-અનંતવાર સમ્મેદશિખરની (યાત્રા) કરે નહિ. એ તો શુભરાગ છે. આહાહા..! આ લોકોએ સમ્મેદશિખર અહીં બતાવી દીધું શ્વેતાંબર લોકોએ આ શેત્રુંજય. બહુ માહાત્મ્ય અને ઘણું માહાત્મ્ય. ત્યાં માથે સાધુ ગમે તેવો ઊભેલો હોય તો જાત્રા કરીને ઉતરે તો એને આહાર-પાણી દેવાથી આમ થાય ને ઢીંકણું થાય. આહાહા..! અરર.. ક્યાં ક્યાં મનાવ્યું! અહીં તો કહે છે કે તારું તીર્થ જે છે એ તો અહીં તારી પાસે છે. આહાહા..!

**'આત્મારૂપી પરમપવિત્ર તીર્થ છે...'** પરમપવિત્ર તીર્થ છે. આહાહા..! કેમકે તરવાનો ઉપાય તેમાંથી પ્રગટ થાય છે, એને તીર્થ કહીએ. કેવળજ્ઞાનને પામવાનો જે ઉપાય છે તે એમાંથી આવે છે એટલે કે એનો આશ્રય કરવાથી આવે છે. આહાહા..! એ સ્વરૂપમાં આરૂઢ થાય એ તીર્થ છે. એ તીર્થની જાત્રા એણે કરી. આહાહા..! કુંદકુંદાચાર્ય પંચમ આરાના સાધુ. ભગવાન પાસે સદેહે જાત્રા કરી, પણ એ શુભરાગ. આહાહા..!

આ આત્મા પરમતીર્થ છે કે જેમાં આરૂઢ થવાથી પવિત્રની ધારા પ્રગટ થાય. આહાહા..!

અતીન્દ્રિય આનંદનો ધોધ વરસે એવો એ ભગવાન આત્મા પવિત્ર તીર્થ એમાં સ્નાન કર, જા એમાં જા. આહાહા..! છે? **'તેમાં સ્નાન કર.'** તારો સંસાર રાખ થઈ જશે બળીને અને પવિત્રતા પ્રગટશે, પ્રભુ! આહાહા..! અહીં તો બહારની જરી શેત્રુંજયનું તીર્થ કહીને માહાત્મ્ય જાત્રા કરીને આવે અને પછી અમે તો આવીને નવ્વાણુ કરી ને ફલાણું કરી ને ઢીંકણી કરી. અમે તો જાણે તરી ગયા. આહાહા..! એય.. ધીરૂભાઈ! ધીરૂભાઈના બાપને લઈને આવ્યો તીર્થ કરીને અહીં કીધું કે એમાં કાંઈ નથી, એ તો પુણ્ય શુભભાવ છે. રાડ નાખી ગયા. હાય.. હાય.. આ ધર્મ કઈ જાતનો? શેત્રુંજય જઈને જાત્રા કરીને આવ્યા તો કહે આ શુભભાવ છે, ધર્મ નહિ. ઓલા સમ્મેદશિખર આમાં નથી આવતું? 'એક વાર વંદે જો કોઈ...' આવે છેને? આહાહા..! એ તો અશુભથી બચવાની અપેક્ષાએ વાત છે. બાકી ખરું સમ્મેદશિખર તો પ્રભુ પોતે છે. આહાહા..! એકલો સમતાનો સાગર, સમતાનો ડુંગર, વીતરાગભાવથી ભરેલો ડુંગર એ સમ્મેદશિખર છે. ત્યાં એકવાર જવાથી તારું પવિત્ર ધામ થઈ જાય

આમાં આવું આવે એટલે લોકોને અરેરે.. અમારું તીર્થને ઉડાવે છે, દેવ-ગુરુ-શાસ્ત્રની શ્રદ્ધા અને ભક્તિને રાગ કહે છે. બાપુ! એ તો રાગ છે, ભાઈ! બાપુ! તારો નાથ તો વીતરાગભાવથી ભરેલો છેને. એ વીતરાગસ્વરૂપ જ, જિનસ્વરૂપ જ છે. અંદર ભગવાન જિનસ્વરૂપ જ આત્મા છે. એવા જિનસ્વરૂપમાં આરૂઢ થા. આહાહા..! **'તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે,...'** પવિત્ર તીર્થ કીધુંને પહેલું? પવિત્ર તીર્થ કેમ? કે પવિત્રતાનો પિંડ છે એકલો. પવિત્રતાનું ધામ છે, પવિત્રતાથી તો ભરેલો ભગવાન છે. આહાહા..! એમાં ડૂબકી માર. આહાહા..! ભારે કામ તે. રાગમાં રૂંધાઈ ગયો છે, ભાઈ! અહીં જાને અંદર. આહાહા..! જ્યાં ભગવત્ સ્વરૂપ પૂર્ણ છે. આહાહા..! **'તેમાં સ્નાન કર. આત્મા પવિત્રતાથી ભરેલો છે, તેની અંદર ઉપયોગ મૂક.'** આહાહા..!

જાણવા-દેખવાનો ઉપયોગ રાગમાં જે વર્તે છે, એ વર્તે તો છે, એ ઉપયોગને આત્મામાં જોડી દે. ત્યાં મૂક. જાણવા-દેખવાનો વેપાર જે છે પર્યાય એને દ્રવ્યમાં જોડી દે. આહાહા..! એ જાણનારને જાણવાની પર્યાય કર. એ જાણનાર એ પરને જાણે છે જેની સત્તામાં આ શરીર એના રાગ આમ જણાણું. એ જણાતું નથી. ખરેખર તો જ્ઞાનની પર્યાય ત્યાં જણાય છે. ઓલી ચીજ તો દૂર રહી ગઈ. એ સંબંધી જ્ઞાનની પર્યાયની સત્તા છે તે જણાય છે. હવે અહીં તો કહે છે કે જે જ્ઞાનની પર્યાયમાં તું પરને જાણવાનું તને લાગે છે એ પર્યાયને અહીં જણાવી દે. આહાહા..! સમજાણું કાંઈ? આવો માર્ગ! પણ આમાં કોઈ બે-પાંચ લાખ, કરોડ રૂપિયા ખર્ચે તો કલ્યાણ થાય કે નહિ?

**શ્રોતા :-** તમે ના પાડો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ કરોડ પૈસા તો જડ છે, એ મારા છે એમ માનીને આપે તો મિથ્યાત્વ છે. આહાહા..! ત્યાં રાગ ભલે મંદ હોય તો પુણ્ય હોય, પણ એ મારા છે એમ માન્યું તો મિથ્યાત્વનું મહાપાપ છે. આહાહા..! જડ છે એ ચૈતન્યનુ ક્યાંથી આવ્યું? તારી પવિત્રતા તો તારામાં પડી છે, એ ક્યાંય બહારમાં છે ક્યાંય? સમજાણું કાંઈ? ઉપયોગ મૂક. આહાહા..! **'આત્માના ગુણોમાં તરબોળ થઈ જા.'**

(**શ્રોતા :-** પ્રમાણ વચન ગુરુદેવ!)

**શ્રી નિયમસાર, ગાથા-૦૦**
**પ્રવચન નં.૦૦૦, તા.૦૦-૦૦-.....**
**(૨૨)**

આ નિયમસાર. નિશ્ચયપ્રત્યાખ્યાન અધિકાર ચાલે છે. પ્રત્યાખ્યાન નામ રાગનો ત્યાગ. નાસ્તિથી કથન હો તો આત્મામાં જે રાગ થાય એનો ત્યાગ અને સ્વરૂપમાં અરાગી પરિણતિ એને પ્રત્યાખ્યાન કહેવામાં આવે છે. ઈ પચ્ચખાણ. પહેલો મિથ્યાત્વનો ત્યાગ. અને સમકિતનું ગ્રહણ એટલે શુદ્ધ ચૈતન્ય દ્રવ્યસ્વભાવ, એનો આશ્રય લઈને સમ્યગ્દર્શન થાય એ મિથ્યાત્વનું પ્રત્યાખ્યાન છે, મિથ્યાત્વનો ત્યાગ છે. અને પછી રાગાદિનો અસ્થિરતાનો ત્યાગ અને અંદર સ્થિરતાની વૃદ્ધિ—શુદ્ધિ થવી એનું નામ પ્રત્યાખ્યાન ચારિત્રની અપેક્ષાનું પ્રત્યાખ્યાન.

અહીંયાં આપણે શ્લોક અધુરો રહી ગયો છેને હજી? **'એવી રીતે શ્રી પ્રવચનસારની (અમૃતચંદ્રાચાર્યદેવકૃત તત્ત્વદીપિકા નામની) ટીકામાં (૧૨મા શ્લોક દ્વારા) કહ્યું છે કે:–'** **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** એટલે? ચારિત્રની વીતરાગ નિર્મળતા દ્રવ્યાનુસાર હોય છે એમ જો કહીએ તો બીજું નહિ મળે. સમજાણું કાંઈ? **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** ત્યાં તો કદાચ એમ થાય કે ચારિત્રની વીતરાગતા એ દ્રવ્યને અનુસારે હોય છે. પણ એમ અહીંયાં અર્થ કરવા જાય તો બીજો અર્થ નહિ મળે. એટલે ત્યાં એમ અર્થ કરવો કે **'ચરણ દ્રવ્યાનુસાર હોય છે...'** એટલે કે ચૈતન્યદ્રવ્ય એને અનુસરીને વીતરાગ પરિણતિ થઈ એને અનુસારે વિકલ્પની મર્યાદા હોય છે. કહો, દેવીલાલજી!

ચરણ એટલે કે તે તે ગુણસ્થાનની મર્યાદામાં—જેમકે ચોથે ગુણસ્થાને એને અન્યાય, અભક્ષ્ય, અનુપસેવ્ય આદિ વિકલ્પ હોય નહિ. બીજા વિકલ્પ હોય સુદેવ, સુગુરુ, શાસ્ત્રની શ્રદ્ધાનો, ભક્તિનો એ રાગ હોય. ચરણ દ્રવ્યાનુસાર એટલે શુદ્ધની પરિણતિ જે સમ્યગ્દર્શન પ્રગટ્યું છે એના પ્રમાણમાં એને રાગની મંદતાનો ભાવ હોય. સમજાણું કાંઈ?

**'ચરણ...'** એટલે કે વર્તમાન રાગની મંદતાનો ભાવ ચોથે, પાંચમે કે છઠ્ઠે. અહીં વિશેષ છઠ્ઠાની વાત છે અહીં. રાગની મંદતા એના પ્રમાણમાં ચરણ. એ ચરણ એટલે રાગની મંદતા એના પ્રમાણમાં ચરણ એ ચરણ એટલે રાગની મંદતા **'દ્રવ્યાનુસાર હોય છે...'** એટલે દ્રવ્યને અનુસરીને શુદ્ધ પરિણતિ થઈ એના પ્રમાણમાં એનું ચરણ નામ રાગની મંદતા હોય છે.

**શ્રોતા :—** ચરણ ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ. નહિ. એ તો કહ્યુંને પહેલું સમજ્યા નહિ? તો અહીં

વાંધો આવશે. દ્રવ્ય ચરણાનુસાર હોય છે. દ્રવ્ય ચરણાનુસાર હોય છે? શુદ્ધ પરિણતિ તે એને અનુસારે દ્રવ્ય હોય છે? શું કહ્યું?

**શ્રોતા :—** ચરણને અનુસરીને દ્રવ્ય હોય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ અહીં દ્રવ્ય જે લીધું છે એ શુદ્ધ પરિણતિવાળું દ્રવ્ય એ શુદ્ધ પરિણતિને દ્રવ્ય લીધું છે. સમજાય છે કાંઈ? આહાહા..!

**શ્રોતા :—** પર્યાયને કેમ ન લીધું?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં ક્યાં પણ કઈ પર્યાય? કહ્યુંને, શુદ્ધ પરિણતિની પર્યાય લીધી.

**શ્રોતા :—** દ્રવ્ય શું કરવા કહ્યું? ભૂલમાં પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના. ના. એ ભૂલ નહિ. શબ્દ ચોખ્ખો છેને. શું? કે '**ચરણ દ્રવ્યાનુસાર હોય છે...**' એટલે કે વિકલ્પની મર્યાદા એની શુદ્ધ પરિણતિની મર્યાદા પ્રમાણે વિકલ્પની મર્યાદા હોય છે. એવો અર્થ ન કરે તો પછી બીજો નહિ મળે. '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે...**' એટલે વસ્તુ ત્રિકાળી ચારિત્રની પરિણતિની અપેક્ષાએ રહે છે. એમ છે? એમ નથી. દ્રવ્ય તો દ્રવ્ય જ છે. દ્રવ્ય તો નિગોદની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે અને સિદ્ધની દશા હોય તોપણ દ્રવ્ય તો દ્રવ્ય જ છે. એ અહીં વાત નથી. સમજાણું કાંઈ?

અહીં તો પર્યાયની રાગની મંદતા એની મર્યાદા એટલી હોય કે જેટલી આ દ્રવ્યને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એના પ્રમાણમાં એ શુદ્ધ પરિણતિને અહીં દ્રવ્ય લીધું છે. પંડિતજી!

**શ્રોતા :—** એ તો વ્યવહાર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** વ્યવહાર-વિકલ્પની મર્યાદા નિશ્ચયની શુદ્ધતાના પ્રમાણમાં હોય છે. શુદ્ધતા છઠ્ઠા ગુણસ્થાનની હોય અને રાગની તીવ્રતા કુદેવ-કુગુરુ માનવાની હોય કે વસ્ત્ર-પાત્ર લેવાની હોય એમ હોઈ શકે નહિ એમ કહે છે. ઝીણી વાત છે થોડી. એય..! જ્ઞેય અધિકાર પછી ચરણાનુયોગ ત્યાં લીધો એ વ્યવહારની વાત લીધી છે. ત્રીજો અધિકાર વ્યવહારનો છે. ચરણ નામ ચારિત્ર છે એ તો શુદ્ધ પરિણતિ છે. સમજાણું કાંઈ? આહાહા..!

ચરણ એટલે કે મહાવ્રતના વિકલ્પો આદિની મર્યાદા છઠ્ઠે જે હોય એ દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને મહાવ્રતના જ વિકલ્પ હોય. સમજાય છે કાંઈ? એને વસ્ત્ર-પાત્ર લેવાના કે ધંધો કરવાના કે ભોગ ભોગવવાના ભાવ હોય નહિ. શુદ્ધિની પરિણતિ પ્રમાણે એની રાગની મંદતા હોય છે. એને ઓળંગીને રાગ તીવ્ર હોય એમ હોઈ શકે નહિ. એમ નિશ્ચય અને વ્યવહારની આમ સંધિ કરી છે નિમિત્ત-નૈમિત્તિક. સમજાણું કાંઈ?

'**ચરણ...**' એટલે કે વ્યવહારના ચારિત્રના વિકલ્પની હદ દ્રવ્યની શુદ્ધિના પ્રમાણમાં એને તે રાગની મંદતા હોય છે. સમજાણું કાંઈ? ભીખાભાઈ! શુદ્ધિ અનુસાર. ઘણી શુદ્ધિ પ્રગટી હોય અને રાગ તીવ્ર હોય એમ ન બને એમ કહે છે. સમ્યગ્દર્શનની શુદ્ધિ પ્રગટી અને પર્યાયમાં

અન્યાય અને અભક્ષ્યનો ભાવ હોય એમ ન હોય એમ કહે છે. સમજાણું કાંઈ? એમ પંચમ ગુણસ્થાનની, વસ્તુ ભગવાન આત્મા એને અવલંબે નિર્મળ અવસ્થા જે પ્રગટી પંચમ ગુણસ્થાનની એને યોગ્ય ત્યાં રાગની મંદતા હોય. એને અવ્રતના તીવ્ર રાગ એની ભૂમિકામાં હોય નહિ એમ કહે છે. શું કીધું સમજાણું આમાં? અટપટી વાત લાગે એવી છે પણ છે તો બહુ સીધી.

**શ્રોતા :—** ... છતાં સાપેક્ષ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ વળી જુદું. સાપેક્ષ નહિ એ. એ વળી જુદું. એને લઈને એ છે એ વ્યવહાર છે. એમ અહીં નથી. એ એમ પણ નહિ કહે. ગાથા અટપટીનો અર્થ ઝીણો છે.

આ તો બે હોય છે. અહીં આત્મા અખંડ આનંદ પ્રભુ, એનો આશ્રય લઈને—અવલંબન લઈને આત્માના સ્વાદના ભાનમાં પ્રતીતિ થઈ એ સમ્યગ્દર્શન. હવે એ સમ્યગ્દર્શનની પરિણતિના પ્રમાણે એને રાગની મંદતા હોય. એને કાંઈ કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રને માનવાનો રાગ કે અન્યાય અને અભક્ષ્ય કરવાનો રાગ એને હોઈ શકે નહિ એમ કહે છે. એ વ્યવહાર વિકલ્પની વાત છે. આહાહા..! સમજાણું કાંઈ?

અને છઠ્ઠા ગુણસ્થાને મુનિને જે ત્રણ કષાયના અભાવની શુદ્ધ પરિણતિ થઈ તે દ્રવ્યાનુસાર એને કહેવામાં આવે છે. એના પ્રમાણમાં એને અઠ્યાવીશ મૂળગુણના વિકલ્પ (હોય). વસ્ત્ર નહિ, પાત્ર નહિ, એકવાર ઊભા ઊભા આહાર એવી વિકલ્પની હદ એ ચરણ નામ વિકલ્પ વ્યવહારચારિત્ર કહેવામાં આવે છે. પણ એ વ્યવહાર ચારિત્ર શુદ્ધની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય. કોઈ કહે, અમને શુદ્ધ પરિણતિ મુનિની પ્રગટી છે, પણ અમે વિકલ્પમાં અમારે વસ્ત્ર, પાત્ર અન્યાય આદિનો ભાવ થાય છે. તો એ નિશ્ચય અને વ્યવહાર એકેય વાતને સમજતા નથી. એમ કહે છે. આહાહા..! જેઠાભાઈ! સમજાણું કાંઈ?

મુનિપણું અમને છે પણ અમે અમારે માટે આધાકર્મી ઉદ્દેશિક આદિ આહાર લેવાનો ભાવ છે. તો કહે છે કે એ જૂઠું છે. જ્યાં નિશ્ચયની ભૂમિકા મુનિયોગ્ય જ્યાં પરિણતિ પ્રગટી એને રાગની મંદતાની મર્યાદા હોય છે. આવો રાગ એને હોતો નથી. આહાહા..! આ તો વીતરાગમાર્ગમાં આ હોય. એવી સંધિ કરે છે. સમજાણું કાંઈ? નિશ્ચય-નિશ્ચય કરે. એક જણા અહીં આવ્યા હતા. મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. સ્થાનકવાસીના સાધુ હતા પછી દેરાવાસી થઈ ગયેલા. મેં મોક્ષમાર્ગ પ્રકાશક વાંચ્યું. .. આવ્યા હતા અંદર ઓલામાં. આવ્યા અહીંયાં. કહે નિશ્ચય હોય એને પછી માંસ અને દારૂ ખાવા કે ન ખાવા એની મર્યાદા શું એને? ઠીક! એને શું? નિશ્ચય અને વ્યવહાર શું પછી? અરે..! સાંભળ તો ખરો! આહાહા..!

જેને નિશ્ચય સમ્યગ્દર્શન આત્માને આશ્રયે પ્રતીત અને અનુભવ થયો એવી શુદ્ધ પરિણતિના કાળમાં એને માંસ ને દારૂ ને ખાવાનો ભાવ હોય એવો વિકલ્પ એને હોય નહિ. એવું એને

ચરણ એ પ્રકારનું હોય નહિ એમ કહે છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આ તો ઘણું સમજવું પડે એવું છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ તો વીતરાગમાર્ગ છે. આ કાંઈ કલ્પેલો, કલ્પેલો નથી કે આમ હોય ને તેમ હોય. આ તો આમ જ છે વસ્તુનું સ્વરૂપ. સર્વજ્ઞ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકરદેવ એમણે કેવળજ્ઞાનમાં જોયું કે જેને સચ્ચિદાનંદ પ્રભુ આત્મા, જેને શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાન પ્રગટ્યા છે એના પ્રમાણમાં એને રાગની એને પરસ્ત્રીના સેવન અને અન્યાય અને અભક્ષ્ય હોય એવો ભાવ ત્યાં વ્યવહારમાં હોય નહિ. લડાઈ આદિનો હોય. ઇન્દ્રિયના વિષયનો રાગ હોય. સમજાય છે કાંઈ? ચોથે ગુણસ્થાને. પણ એને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર એ માનતો હોય એવો એને વિકલ્પ હોય તો એ નિશ્ચય પ્રમાણે એને વ્યવહાર નથી તો બેય જૂઠા છે. સમજાણું કાંઈ?

બીજો. '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે-**' હવે '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે-**' એનો અર્થ કરો. દ્રવ્ય એટલે ત્રિકાળી વસ્તુ, એ ચારિત્રની નિર્મળ પરિણતિ પ્રમાણે દ્રવ્ય હોય છે એમ થાય? અથવા વ્યવહારના વિકલ્પ પ્રમાણે દ્રવ્ય હોય છે. એમ થાય?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના. ના. આ તો વ્યવહારના વિકલ્પ ચારિત્રની હદવાળા હોય એના પ્રમાણમાં દ્રવ્ય રહે. એમ છે? દ્રવ્ય તો દ્રવ્ય જ છે. પણ એનો અર્થ એ કે દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ. શેઠ! બહુ ઝીણું છે આ. આ તો કુંદકુંદાચાર્યના શાસ્ત્ર ગંભીર પેટથી ભરેલાં છે. આહાહા..!

**શ્રોતા :—** બહુ ગંભીર.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બહુ ગંભીર. ઓહોહો..! પર્યાય પર્યાયની જ્યાં નિર્મળતા પ્રગટી છે જેના પ્રમાણમાં, એના પ્રમાણમાં રાગની કષાયની મંદતા આદિ કે તીવ્રતા હોય. સમજાય છે? એનાથી મર્યાદા ઓળંગીને હોય તો એ નિશ્ચય પણ જૂઠો અને વ્યવહાર પણ જૂઠો. સમજાણું કાંઈ? હીરાભાઈ! આ તો વધારે સ્પષ્ટ (કરીએ છીએ), પાછું મુંઝાય નહિ માણસ.

'દ્રવ્ય...' એટલે કે દ્રવ્ય એટલે કે દ્રવ્યની શુદ્ધ પરિણતિ. સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્ર. જે વસ્તુ ત્રિકાળ ભગવાન આત્મા એના અવલંબે એના સ્વાદનું ભાન અને ઉગ્ર સ્વાદની દશા, એ કહે છે કે દ્રવ્ય કહેવાય એને. દ્રવ્યની શુદ્ધ પરિણતિ જે ચારિત્ર, વીતરાગી ચારિત્ર છે એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવ્યું છે. ભાઈ! આહાહા..! આમ વીતરાગી નિર્વિકલ્પ દશા એના પ્રમાણમાં વિકલ્પ (હોય). આ બેને નિમિત્ત-નૈમિત્તિક સંબંધ સિદ્ધ કર્યો છે. આહાહા..! શેઠી! આ પ્રવચનસાર તો છે કે નહિ? શેઠી તરફથી છપાણું છે કે નહિ? નથી હિન્દી? નેમિચંદ પાટણી?

**શ્રોતા :—** હા, પહેલા એના તરફથી છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એના તરફથી છે. એમ નહિ. વિભાગ બોલોને હળવે આમ. નવું કરો. એમ કે નિમિચંદ પાટણી તરફથી છપાણું છે એટલું. એમાં એ શૈલી લેવી જોઈએ. સમજાણું કાંઈ? નેમિચંદ પાટણીથી છપાણું છે આ પ્રવચનસાર પહેલું?

અહીં કહે છે.. આહાહા..! ગજબ વાત વીતરાગ માર્ગની શૈલી. કહે છે કે જેવો એનો ચરણ હોય છે એટલે વિકલ્પ વ્યવહાર ચારિત્રનો રાગ એને અનુસારે દ્રવ્ય હોય છે. એટલે કે એને અનુસારે એની શુદ્ધની પરિણતિ હોય છે. દ્રવ્ય એટલે એ. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :—** એ જે મહાવ્રત હોય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** મહાવ્રત હોય અને અહીં શુદ્ધ પરિણતિ ન હોય તો એ વસ્તુ જ નથી એમ કહે છે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ હોય નહિ. એ અત્યારે અહીં નથી લેવું એ. પાંચમે ગુણસ્થાને હોય એ જેમ આઘે જાય એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનો મેળ નથી. એથી એને દ્રવ્યલિંગી કહેવાય છે. અંતર ચોથું ગુણસ્થાન હોય શુદ્ધ શ્રદ્ધા-જ્ઞાનનું પરિણમન અને આમ વિકલ્પમાં છઠ્ઠા ગુણસ્થાનના વિકલ્પની મર્યાદા હોય, પણ એને દ્રવ્યલિંગી કીધા છે. આ તો અહીં ભાવલિંગનું નૈમિત્તિક નિમિત્ત, નૈમિત્તિક અને નિમિત્તનો મેળ કેવો હોય એની વાત કરે છે. અમરચંદભાઈ! આહાહા..! આ એમ ને એમ માની લે ને કેટલાક કે આપણે નિશ્ચય તો આવું આવ્યું, વ્યવહાર ગમે તે જાતનો હોય. એય.. ચેતનજી! કીધું હતુંને ઓલું ઉપાદાન ગમે તેવું, નિમિત્ત ગેમે તેવું હોય. એને કહ્યું હતું એક જણાએ. આમ હોય પછી ગમે તેવું હોય. એમ હોય નહિ. સમજાણું કાંઈ? સમકિત પામનારને કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રનું નિમિત્ત હોય એમ હોઈ શકે નહિ.

**શ્રોતા :—** શરીરની દવા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ શરીરનું અહીં કાંઈ કામ નથી. શરીરની એ દવા નથી. એ વિકારની દવા છે મિથ્યાત્વની. મિથ્યાત્વમાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્ર નિમિત્ત હોય. શું કહ્યું છે નહિ? ગોમ્મટસારમાં કહ્યું છેને. કર્મ, નોકર્મ-નોકર્મ. એ મિથ્યાત્વનું નોકર્મ કુદેવ, કુગુરુ છે. નોકર્મ એટલે નિમિત્ત. સમ્યગ્દર્શનમાં નિમિત્ત તો સાચા દેવ-ગુરુ અને શાસ્ત્રનું નિમિત્ત હોય છે. એ એનું નોકર્મ છે. અને એની વિકલ્પ મર્યાદામાં એના સાચા દેવ-ગુરુ-શાસ્ત્રનો વિકલ્પ હોય છે. એવી એની મર્યાદા છે. અહીં સમ્યક્ પ્રગટ્યું અને અહીંયાં કુદેવ, કુગુરુ, કુશાસ્ત્રની શ્રદ્ધાનો પણ વિકલ્પ રહે, બેય જૂઠી વાત છે.

**શ્રોતા :—** અહીંયાં દ્રવ્ય એટલે ત્રિકાળ શુદ્ધદ્રવ્યની જ વાત

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નહિ. નહિ. એ કહ્યુંને. ત્રિકાળ દ્રવ્ય તો દ્રવ્ય છે એને શું કરવું હતું? ચરણાનુસાર દ્રવ્ય છે? એ માટે તો અર્થ ચાલે છે આ. વિકલ્પને અનુસાર દ્રવ્ય રહે.

એમ છે? અને નિર્વિકલ્પને અનુસારે દ્રવ્ય રહે એમ છે? કેવળજ્ઞાન પ્રગટ્યું. તો તો દ્રવ્ય છે તે છે અને કાંઈ દ્રવ્યમાં સુધારો થયો છે? અને અક્ષરમાં અનંતમા ભાગમાં કેવળજ્ઞાનનો અંશ નિગોદમાં રહ્યો. એથી દ્રવ્યમાં ઘટાડો થયો છે કાંઈ? કેવળજ્ઞાન થયું તો એમાં સુધર્યું શું દ્રવ્યમાં? અને અજ્ઞાન અને મિથ્યાત્વ થયું તો દ્રવ્યમાં બગડ્યું શું? દ્રવ્યમાં સુધરતું અને બગડતું છે જ નહિ. એય.. શેઠ! આ બધું સમજવું પડશે. ઓલા બહારમાં જાડી બુદ્ધિ ગાળી છેને બીડીયુંમાં. એટલે આ બધું સમજવું પડશે આ. એમ ને એમ નહિ ચાલે.

**શ્રોતા :—** દરેક વખતે ઝીણી વાત ઝીણી વાત...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આત્મા ઝીણો છેને ભાઈ! શેઠ! આહાહા..! એની વાતો પણ અલૌકિક વીતરાગદેવની. આહાહા..! સર્વજ્ઞદેવ પરમાત્મા ત્રિલોકનાથ તીર્થંકર એની વાણી અને એના આગમ અને એનો કહેલો ભાવ. જેઠાભાઈ! સમજાણું કાંઈ? આ ચરણાનુયોગની પહેલી ગાથા છે. જ્ઞેયનો અધિકાર પૂરો કર્યો અને ત્યારે આ ગાથા છે. અને ચરણાનુયોગ શરૂ કર્યો ત્યારે બીજી ગાથા છે એ. બીજી કરી છે ત્યાં. આ તો બેની સંધિ કરવાની ગાથા છે.

**શ્રોતા :—** ૨૦૦ ગાથામાં.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** છેલ્લી. છેલ્લી કેમ કે જ્ઞેય અધિકાર દર્શનનો પૂરો કરી અને હવે ચરણાનુયોગ એટલે વિકલ્પની મર્યાદાની વાત કરવી છે એટલે આને આ ગાથા બીજા અધિકારની છેલ્લી અને ત્રીજા અધિકારની બીજી છે. આહાહા..!

કહે છે... ધીમે ધીમે સમજો. આપણે ક્યાં ઉતાવળ કાંઈ કરતા નથી. શેઠ! ધીમે ધીમે તો વાત ચાલે છે આમાં. વિચારમાં પણ મૂકાય. આહાહા..! આ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા દેવ સિવાય આ વાત ક્યાંય ત્રણકાળ ત્રણલોકમાં હોઈ શકે નહિ. નૈમિત્તિક શુદ્ધ પરિણતિ એ તો પર્યાય લીધી. દ્રવ્ય તો ત્રિકાળી છે. હવે દ્રવ્ય જે ત્રિકાળી છે એને આશ્રયે જે શુદ્ધ પરિણતિ નિર્મળ, નિર્વિકારી આનંદના સ્વાદની આવી એ પરિણતિ સિદ્ધ કરી. પર્યાય છે એમ સિદ્ધ કરી. અહીં દ્રવ્ય છે એના પ્રમાણમાં જેટલો આશ્રય લીધો એટલા પ્રમાણમાં અહીં શુદ્ધ પરિણતિ છે અને જેટલી શુદ્ધ પરિણતિ છે એ ધર્મ છે વાસ્તવિક. એને શુદ્ધ પરિણતિ છે એના પ્રમાણમાં રાગની મંદતાનો વ્યવહાર વિકલ્પ હોય છે. આહાહા..! અશુદ્ધતાનો વિકલ્પ પણ શુદ્ધતાની પરિણતિની મર્યાદા પ્રમાણે હોય છે. જુઓ તો એક વાત! આહાહા..! ચીમનભાઈ! ક્યાં ગયા શાંતિભાઈ છે? આવું આ બધું સમજવું પડશે આ. ઓલું ઝવેરી બજારમાં ઓલું ઝવેરાતમાં કાંઈ ધૂળમાંય નથી ત્યાં. આહાહા..!

ત્રીજું, કે જેટલી દ્રવ્ય વસ્તુને આશ્રયે શુદ્ધ પરિણતિ પ્રગટી એ પર્યાય શુદ્ધ થઈ અને એના પ્રમાણમાં તેને વિકલ્પની મર્યાદા એમ સિદ્ધ કરી. ઓલું સિદ્ધ પછી તો થઈ ગયું કે એને વસ્ત્ર-પાત્રનો યોગનો અજીવનો સંયોગ ન હોય. સમજાણું કાંઈ? અને વસ્ત્ર ઓઢેલું, વિકલ્પથી ઓઢેલો એવો સંયોગ એને હોય નહિ. આહાહા..! આવી જેને દશા પ્રગટી છે.

સમજાણું કાંઈ? જેને આત્મદર્શન, આત્માનું જ્ઞાન થયું એને એ હનુમાન, શિકોતર અને અંબાજી પાસે બેઠો હોય અને ભક્તિ કરતો હોય એવો ભાવ હોય (એમ બને નહિ). એ ભાવ ન હોય ને એ સંયોગ ન હોય એને એવો. આહાહા..! કહો, એય..! તમારે બહુ ચાલે છે ત્યાં કાંપમાં અંબાજીનું. વઢવાણમાં. વઢવાણમાં શું કહેવાય ઓલું? બુટ માતા ચાલે છે તમારે.

**શ્રોતા :—** બંધ થઈ ગયું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બંધ થઈ ગયું હવે. પણ અમારું જ્યારે ચોમાસું હતું ત્યારે બહુ માણસ બબ્બે હજાર સ્થાનકવાસી આવે, જૈનો આવે. કાંઈ ભાન ન મળે. વ્યવહારના પણ ભાન ન મળે. એ લાલપરનો એક આવ્યો હતો. મોટો ગૃહસ્થ થઈ ગયો અત્યારે કરોડપતિ. એ શું લાલ? મીઠાલાલ. મીઠાલાલ. એનો છોકરો નીકળ્યો હતો હમણા. મીઠાભાઈ હતા બિચારા. બહુ પ્રેમી. કરોડપતિ થઈ ગયા આફ્રિકામાં. એના છોકરાનું મગજ અસ્થિર હતું. એ આવ્યો હતો. એ મરી ગયો પછી છોકરો. એલા પણ આ તમે શું કરો છો આ? જૈન નામ ધરાવી અને આ બુટદેવી ને અંબાજી ને શિકોતેર ને. એ તો મિથ્યાત્વનો ભાવ (છે). એને જૈનની શ્રદ્ધા છે નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** .. દેવ છે ત્યાં. વાત સાચી છે ભાઈની.

સમ્યગ્દર્શનનો અધિકાર પૂરો કર્યો છે. જ્ઞેય અધિકાર કહો કે સમ્યગ્દર્શન કહો. બીજો ભાઈ! પહેલો જ્ઞાન અધિકાર, બીજો સમ્યગ્દર્શન અધિકાર, હવે ત્રીજો ચરણાનુયોગ વ્યવહાર અધિકાર. એના પહેલા બેની સંધિ કરી છે આ. પ્રવચનસાર. સમજાણું કાંઈ? આહાહા..! જેને કહે છે કે આત્મા પૂર્ણ આનંદ શુદ્ધ (પ્રગટ થયો છે), પર્યાય અને રાગની રુચિ છૂટી ગઈ છે, એવી જેને સમ્યગ્દર્શનની પરિણતિ પર્યાય પ્રગટી એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે. કારણ કે દ્રવ્યનો ભાવ શુદ્ધ માટે તેને દ્રવ્ય (કહીએ). એમ. દ્રવ્યનો ભાવ એટલે ત્રિકાળી નહિ. વર્તમાન શુદ્ધ પરિણતિ. એવા સમકિતીને ચરણ નામ વ્યવહારનો રાગ કેટલી મર્યાદાવાળો હોય એને અહીંયાં નૈમિત્તિક શુદ્ધ પરિણતિ અને રાગની મર્યાદા નિમિત્ત. એ નિમિત્ત-નૈમિત્તિક સંબંધનું જ્ઞાન કરાવ્યું છે. પંડિતજી! આહાહા..!

આ વસ્તુ બીજે ક્યાંય (નથી). સંયોગમાં કેવી દશા હોય, એના વિકલ્પમાં કેટલી મર્યાદા હોય, એની નિર્વિકલ્પ પરિણતિની હદ જેટલી હોય રાગની મર્યાદા અને સંયોગ એમ બધું અહીં સ્પષ્ટ કરીને બતાવ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? દ્રવ્ય-એટલે કે જો દ્રવ્ય તમે એમ લ્યો કે શુદ્ધ પરિણતિ અહીંયાં. સમજાણું? પહેલા ચરણમાં જો શુદ્ધ પરિણતિ લ્યો તો અહીં પાછું **'દ્રવ્ય ચરણાનુસાર હોય છે-'** એટલે દ્રવ્ય નહિ પણ દ્રવ્યની શુદ્ધ પરિણતિ. સમજાય છે કાંઈ?

વીતરાગ જેવો આત્મસ્વભાવ છે, વીતરાગ એવો સ્વભાવ છે એનો તો. અને જેટલી

વીતરાગતા સમ્યગ્દર્શન-જ્ઞાન અને ચારિત્રના પ્રમાણમાં પ્રગટી એને અહીંયાં દ્રવ્ય કહેવામાં આવે છે અને તે દ્રવ્ય ચરણાનુસાર હોય છે. એની રાગની, કષાયની, ચોથે તીવ્રતા પણ હોય, પણ એ હદવાળી હોય. અનંતાનુબંધીના તીવ્રનો રાગ એને ન હોય. સમજાણું કાંઈ? કે અન્યાય અને અસેવના એ સેવે અને અભક્ષ્ય આદિ માંસ ને દારૂ ને શિકાર આદિનો ભાવ હોય અને અહીં સમકિત હોય એમ ત્રણકાળમાં બને નહિ. સમજાણું કાંઈ? આહાહા..! વીતરાગમાર્ગ તો કોઈ જુદી જાતનો છે આ. આહાહા..! સમજાણું? બીજે તો કાં એકાંત આત્મા એક છે, શુદ્ધ છે. થઈ રહ્યું. એને પર્યાય નહિ અને વિકારની મર્યાદા નહિ અને સંયોગની હદ કેટલી કાંઈ ન મળે.

**શ્રોતા :—** .. બચાવવાની વાત કરો છો.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ આ જ માર્ગ છે, બાપા! આહાહા..! અરે..! એને કોઈ દી વીતરાગ ત્રિલોકનાથ એના પંથનો નિશ્ચય અને એના પંથનો વ્યવહાર અને એ વ્યવહારના પ્રમાણમાં એને સંયોગી સ્થિતિ કેવી હોય એ વીતરાગ માર્ગમાં છે, બીજે ક્યાંય હોઈ શકે નહિ. જેઠાલાલભાઈ! આમ બહારમાં કહે, ભાઈ અમે વસ્ત્ર, પાત્ર બધું રાખીએ અને મુનિપણું અંદરમાં હોય. તો કહે છે, સંયોગની મર્યાદાની એને ખબર નથી.

બીજી વાત. અને એ સંયોગનો વિકલ્પ જે છે એને એ વિકલ્પની છઠ્ઠે ગુણસ્થાને એવી વિકલ્પની મર્યાદા હોઈ શકે જ નહિ. ભાઈ! તેથી એકવાર કહ્યું હતું કે કુંદકુંદાચાર્ય એમ કહે છે કે વસ્ત્રનો ધાગો રાખે અને નિગોદમાં જાય એ અતિશયોક્તિ કહી છે? નહિ. ન્યાયસરની કીધી છે. કેમકે એને નવેય તત્ત્વમાં ભૂલ પડે છે. પંડિતજી! કહીએ છીએ ને ઘણીવાર કહેવાણું છે આ. આ તો અહીંયાં આવ્યું કે જેને દ્રવ્યની શુદ્ધિની પરિણતિ છઠ્ઠા ગુણસ્થાન યોગ્ય થઈ એને વિકલ્પની મર્યાદા પંચમહાવ્રત કે અઠ્યાવીશ મૂળગુણ કે શ્રવણ કરવું કે ઉપદેશ કરવો એ જાતના વિકલ્પ હોય. એને વિકલ્પ આહાર ને પાણી એને માટે બનેલાનો વિકલ્પ કે વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ હોય નહિ. તો જેણે એ મર્યાદા જાણી નથી એને શુદ્ધ પરિણતિ કેવી હોય એની ખબર નથી. છઠ્ઠે ગુણસ્થાને શુદ્ધ પરિણતિ કેવી હોય એની ખબર નથી અને સંવર-નિર્જરાની ખબર નથી. કેટલો આશ્રય દ્રવ્યનો લીધો છે ઉગ્ર એવા જીવની પણ અહીં ખબર નથી. અને એવા સંવર-નિર્જરાની દશામાં એને કેટલા પ્રકારની મર્યાદાવાળો રાગ હોય, તીવ્ર રાગ હોય નહિ તો એને આસ્રવતત્ત્વની પણ ખબર નથી. અને સંયોગો એને આવા મુનિની દશાવાળાને વસ્ત્ર-પાત્રનો સંયોગ ન હોય, તો અજીવનો સંયોગ કેટલો એની પણ એને ખબર નથી. એટલે અજીવ તત્ત્વની ખબર નથી, આસ્રવની ખબર નથી, બંધની ખબર નથી, સંવર-નિર્જરાની ખબર નથી અને જીવનો ઉગ્ર આશ્રય આટલો લીધો હોય તો આવી પરિણતિ હોય એની જીવની ખબર નથી એને. અમરચંદભાઈ!

**શ્રોતા :—** બધી વાત મર્યાદામાં છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા. એમ કે આવી પર્યાય અમારી ગમે તેવી થાય.

એક જણા કહેતા હતા. ક્ષુલ્લક હોય અને એક જાતનો ઉદય અનેક પ્રકારનો ન હોય. પરમાર્થ વચનિકામાં આવે છેને? પરમાર્થ વચનિકા છે આપણે. છેલ્લે. એનું હિન્દી થઈ ગયું છે હવે તો. એમાં છે કે ઉદય એક પ્રકારનો હોય, કેવળીને પણ ઉદય અનેક પ્રકારનો હોય. એટલે ક્ષુલ્લકને પણ ઉદય એક પ્રકારનો ન હોય. પૈસા પણ રાખે, આમ પણ કરે એવો પણ ઉદય હોય. અરે.. હોય નહિ. ગપ શું મારે છે? એ બિચારા મરી ગયા. પણ એવું કહેતા હતા એકવાર. ખાનગી મને કહે કે આવું ચાલ્યું છેને આમાં? કીધું બધી ખબર છે અમને એ શું લખ્યું છે એ. પરમાર્થ વચનિકા છેને ભાઈ! એમાં એ લખ્યું છે. કેવળીને પણ એકસરખો ઉદય ન હોય. પણ સરખો ન હોય એનો અર્થ શું? આમ ક્ષુલ્લક નામ ધરાવવા અને પૈસા રાખવા અને પૈસાની વ્યવસ્થા કરવી. શું કહેવાય એને ઓલું? બધો પૈસાનો વહિવટ. વહિવટ કરવો, એના માટે માલિકી રાખવી એવો રાગ હોય નહિ. એવો રાગ હોય તો એને મુનિપણું નથી અને ક્ષુલ્લકપણું નથી.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એ તો વાત ચાલે છે. એ ભાષા બહુ ન કરી શેઠ! શેઠે ખુલ્લું કર્યું અંદરનું. ગ્રંથમાળા ચલાવતા હોય તો? એમ કહે. પૈસા ભેગા કરાવે ને આ કરાવે એવો વિકલ્પ એને હોય નહિ. ઈ કહે છે આ.

**શ્રોતા :—** એ તો તીવ્ર રાગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** તીવ્ર રાગ. શુદ્ધની પરિણતિ છે એના પ્રમાણમાં આવો તીવ્ર રાગ હોઈ શકે જ નહિ. આહાહા..! ગજબ કર્યો છેને પણ શ્લોક કુંદકુંદાચાર્ય. ગજબ વાત! આહાહા..! એની હદ સંયોગની, રાગની, પરિણતિની, આશ્રયની ગજબ વાત છે. ઓહો..! સંતોએ તો માર્ગને સહેલો કરીને મૂક્યો છે આમાં. સમજાય છે? આવી ગંભીરતાની આ ગાથા (છે). દ્રવ્ય કેવું? અને એ દ્રવ્યનો ઉગ્ર આશ્રય કે મંદ આશ્રય હોય તો એની પરિણતિ કેટલી? અને એના પ્રમાણમાં રાગની મર્યાદા કેટલી? આ એના પ્રમાણમાં એને સંયોગનો અભાવ કેટલો અને સંયોગ કેટલો? સમજાણું? મીઠાલાલભાઈ! લ્યો આવો આ માર્ગ છે. આહાહા..! એ દિગંબર સંતો સિવાય આ માર્ગ ક્યાંય હોઈ શકે નહિ. સમજાણું કાંઈ? ઓઘે ઓઘે કહે કે આત્મા છેને આમ છેને તેમ છે. આત્મા શુદ્ધ નિર્મળ છે. વેદાંત કહે, એક જ નિર્મળ છે. એમાં ભેદ-બેદ નથી. પણ સમજવા બેઠો છો એ શું ચીજ છે? એ તો ભેદ છે રાગ. છે અને નથી એ તો પ્રત્યક્ષ મિથ્યાત્વભાવ છે. સમજાણું કાંઈ? આહાહા..!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને ક્યાં બુદ્ધિપૂર્વક હતો? એ તો પુણ્યના સંયોગે અઘાતિનું ફળ છે. અહીં તો એનો વિકલ્પ છે લેવાનો, મૂકવાનો એ વાત છે. એનો સંબંધ છે. એ

સંબંધ જૂઠો છે. વસ્ત્ર-પાત્ર લેવાનો વિકલ્પ અને એ સંયોગ, બેય મુનિને યોગ્ય દશા નથી. બેય જૂઠો છે. એની શુદ્ધ પરિણતિની ખબર નથી, એને દ્રવ્યની ખબર નથી, એને રાગની મર્યાદા કેટલી હોય એની ખબર નથી. અને એ તીવ્ર જ્યાં સંવર-નિર્જરા પ્રગટી છે છઠ્ઠે એના પ્રમાણમાં રાગ હોય. એટલે એ છઠ્ઠાની દશા છે એ મોક્ષનું કારણ છે. રાગની તીવ્રતા એ બંધનું કારણ છે. પણ અલ્પ બંધનું કારણ હોય એને ઠેકાણે તીવ્ર બંધનું કારણ એને ઠેકાણે ગોઠવાણું, તો એને બંધ તત્ત્વની પણ ખબર નથી.

**શ્રોતા :—** મૂર્છા ન હોય

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ભાઈ, એ મૂર્છા વિના લીધા વિના રહે નહિ. મૂર્છા વિના, રાગ વિના વિકલ્પ આવતા હશે દેવાનો? એ તો કહે છેને, મૂર્છા પરિગ્રહ હોય તો. મૂર્છા ન હોય તો પરિગ્રહ નથી એમ કહે છે. અરે.. હોય? બ્રહ્મચર્યનો અંદર ભાવ હોય અને વાણીમાં એમ આવે કે વિષય ભોગવવામાં વાંધો નથી. એવી વાણી હોય? વાણીનો સંયોગ જ એવો ન હોય એમ કહે છે. એ કરતાં નથી વાણીને. પણ જેને અંદરમાં સમ્યગ્દર્શન અને બ્રહ્મચર્યનો ભાવ પ્રગટ્યો એની વાણીમાં એમ આવે કે કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રને માને તો વાંધો નથી. એ વાણીનો સંયોગ હોય નહિ એવો. સમજાણું કાંઈ? પોપટભાઈ! બહુ ઝીણું પણ ભારે. આ તો જરી ઓલો વિચાર ભાઈ આવ્યો ને. શુદ્ધ ચરણને શુદ્ધ પરિણતિ જો મૂકો તો મેળ નહિ ખાય. અને દ્રવ્ય આખું મૂકો તો મેળ નહિ ખાય. એ તો જરી ખટક્યું લોકોને કાલે. કે આ કઈ રીતે આ? દેવીલાલજી જેવા પંડિત માણસ કહેવાય એ કહે મારું આ ભારે ગંભીર છે. વસ્તુસ્થિતિ જ એવી છે. આહાહા..!

કેવળજ્ઞાન પ્રગટ્યું અને એને આહાર લેવાનો વિકલ્પ હોય અને આહાર હોય સંયોગે, એ વસ્તુની ખબર જ નથી એને. સમજાણું કાંઈ? જેને કેવળજ્ઞાન પૂર્ણ પરિણતિ ઉગ્ર પ્રગટ થઈ ગઈ એને આહારનો, કોળિયાનો સંયોગ હોય, એ સંયોગ હોઈ શકે નહિ.

**શ્રોતા :—** દવાનો સંયોગ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** દવા-ફવાનો હોય નહિ એને.

**શ્રોતા :—** ....

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીં ક્યાં? આહાહા..! સમજવાની વાત છે, બાપા! આમાં કોઈ પક્ષની વાત નથી આ. આ તો વસ્તુની મર્યાદા દ્રવ્યની, ગુણની, પર્યાયની, વિકલ્પની અને સંયોગની આ સ્થિતિ છે આખી. સમજાણું કાંઈ? મણિભાઈ! સમજાય છે કે નહિ? બરાબર સમજાય એમ બોલે. ઠીક હવે સાંભળે તો છે. ત્યાં પડ્યા રહે છે એના કરતાં અહીં સાંભળે તો ખરા. પણ અહીં ક્યાં એમ કે બોજા જેવું છે. આહાહા..! હજી ત્રીજી વાત આવશે આમાં.

**શ્રોતા :—** હજી શું બાકી છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમાં બાકી ઘણું છે.

કહે છે કે '**દ્રવ્ય ચરણાનુસાર હોય છે-**' એટલે કે ચરણ નામ રાગની ક્રિયાની પંચમહાવ્રતાદિના પરિણામ એના પ્રમાણમાં તેના દ્રવ્યની શુદ્ધિ હોય છે. આને લઈને હોય છે એમ અહીં પ્રશ્ન નથી. આને લઈને હોય એમ નહિ, પણ આવું જ્યાં હોય ત્યાં આવું એને દ્રવ્યને કારણે હોય છે. અને આવા દ્રવ્યને કારણે શુદ્ધિ જ્યાં હોય આટલી, ત્યારે એને રાગની મંદતા વ્યવહારને કારણે, એને કારણે હોય છે. શુદ્ધ પરિણતિ થઈ માટે અહીં રાગ આવો આવે છે એમ નથી. આહાહા..! અહીં તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ કરવો છેને, ભાઈ! તો નિમિત્ત આવું છે તો નૈમિત્તિક આવું છે. એમ નહિ. એને લઈને છે એમ નહિ. પણ નિમિત્ત આવું જ હોય. આહાહા..! સમજાણું કાંઈ? આહાહા..!

'**એ રીતે...**' બે થઈ ગયા ને? '**તે બન્ને...**'. '**મિથો**' છેને '**મિથો**'? '**પરસ્પર અપેક્ષાસહિત છે;...**' આ હોય, આટલું હોય તો આટલું, આટલું હોય તો આટલું. એટલી અપેક્ષા છે વ્યવહારની. નિશ્ચયમાં તો નિરપેક્ષ છે. પણ પરસ્પર જ્યારે આવી નિર્મળતા પ્રગટી જેને ભગવાન આત્માની એને રાગની અનંતાનુબંધીની તીવ્રતાનો રાગ હોય નહિ એમ કહે છે. જેને શ્રાવકપણું પ્રગટ્યું સાચું અંતર સમકિત સહિતનું એને રાગની તીવ્રતા કુદેવ, કુગુરુની કે અવ્રતની એવો રાગ એને હોય નહિ. એવો નિમિત્ત-નૈમિત્તિકનો સંબંધ છે એમ કહે છે.

'**એ રીતે તે બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' એમ છેને? '**द्रव्यं मिथो द्वयमिदं ननु सव्यपेक्षम्।**' એટલે કે આવું હોય ત્યાં આવું હોય. આવી હોય નિર્મળતા ત્યાં આટલી જ રાગની મંદતા હોય. એટલી અપેક્ષા છે. નિશ્ચયમાં. આ તો વ્યવહાર સિદ્ધ કરવો છેને આમાં? એટલે અપેક્ષા લીધી છે. આહાહા..! '**બન્ને પરસ્પર અપેક્ષાસહિત છે;...**' જ્યાં આત્માની વીતરાગ નિર્મળ ધર્મની દશા જેટલા પ્રમાણમાં પ્રગટી હોય, તેટલા જ પ્રમાણમાં એને રાગની તીવ્રતા અને મંદતાનો ભાગ હોય. એથી એને ઓળંગી જાય એવો રાગ મંદ અને તીવ્ર હોય નહિ. અને રાગની મંદતા અને તીવ્રતા જેટલા પ્રમાણમાં છે એના પ્રમાણમાં એ શુદ્ધની પરિણતિ દ્રવ્યને આશ્રયે પોતાને કારણે એવી જ વીતરાગતા હોય. આહાહા..! સમ્યક્ પ્રગટ્યું હવે અમારે નિશ્ચય છે. પછી માંસ ખાવું ને દારૂ પીવું ને લંપટપણું ગમે તે સ્વચ્છંદપણે વર્તીએ એમ હોઈ શકે નહિ. આહાહા..! સમજાણું કાંઈ? એમ મુનિપણું પ્રગટ્યું. પછી અમારે ગમે તે રીતે અમારે માટે આહાર બનાવ્યા હોય, ચોકા બનાવ્યા હોય... શું કહેવાય આ વસ્ત્ર-પાત્ર વગેરે.. વગેરે અમારે માટે બનેલા હોય તોપણ લઈ શકીએ. કારણ કે એમાં નિશ્ચયમાં ક્યાં વાંધો છે? એમ છે જ નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** કાળ હલકો હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હલકો કાળ કે દી હતો? હલકો કાળ (હતો) તો લોટને ઠેકાણે ગારો નાખ્યો શેરામાં? કહો, આ હલકો કાળ છે. હલવો બનાવે ને હલવો? શેઠ! આ હલવો

બનાવે છે કે નહિ હલવો? શિરો. તો લોટને ઠેકાણે ધૂળ નાખી કાંઈ? કાળ હલકો છે. ઘીને ઠેકાણે પેશાબ નાખે છે કાંઈ શેરામાં? અને સાકરને ઠેકાણે કાદવ? કે ગોળને ઠેકાણે કાદવ નાખ્યો? હલકો કાળ છે. હલકા કાળનું ભાન નથી. એય.. મલૂકચંદભાઈ!

**શ્રોતા :—** ..

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એને માટે કર્યો તો ખબર નથી કે બે-પાંચ જણા છીએ અને ઘરના ચાર માણસ છે. આ ચોકો કરીને બેઠા છે. ખબર નથી એટલી? એણે બધા ગોટા વાળ્યા હશે ને એણે? શેઠ! ગોટા જ વાળ્યા હશે ને? આપણે બધા કરતા હોય અને ન કરે તો પાછા જુદા પડી જાય. પછી ભાગીને વયા આવ્યા. કહો, સમજાણું આમાં? ત્રણ બોલ થયા. હવે ચોથો. એ ચોથો પણ આકરો છે જરી.

'**તેથી કાં તો દ્રવ્યનો આશ્રય કરીને...**' એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિનું જ્ઞાન રાખીને. આવી શુદ્ધિ છે એને આવો જ રાગ હોય. એમ દ્રવ્યની શુદ્ધિનું જ્ઞાન રાખીને, આશ્રય કરીને એનો અર્થ જ્ઞાન કરીને. '**દ્રવ્યનો આશ્રય કરીને...**' એટલે કે દ્રવ્યની શુદ્ધિની પરિણતિ સમ્યગ્દર્શનની, પંચમ ગુણસ્થાનની, છઠ્ઠા ગુણસ્થાનની એની પરિણતિનું જ્ઞાન રાખીને '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' એ ભૂમિકામાં રાગની મંદતાનો ભાવ એનું જ્ઞાન રાખીને કે આવો જ રાગ હોય. એનું જ્ઞાન રાખીને. આશ્રય કરીને અનો અર્થ કે એ શબ્દ નથી બીજો અહીંયાં. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** એવું લખાણ કેમ છે?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એવું લખાણ છે. એ વ્યવહારના લખાણ એવા હોય.

**શ્રોતા :—** આશ્રયનો અર્થ સમજવો જોઈએ ને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આશ્રયનો અર્થ સમજવો. ઠીક પૂછે છે બરાબર મૂળચંદભાઈ પણ આવું છે. એનો અર્થ એ છે. દ્રવ્યનો આશ્રય કરીને એઠલે? દ્રવ્યની શુદ્ધિ પ્રગટી છે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર આદિ જેટલા પ્રમાણમાં એનું જ્ઞાન રાખીને કે આવી શુદ્ધિ હોય એનું જ્ઞાન આમ હોય. અને '**અથવા તો ચરણનો આશ્રય કરીને...**' એ શુદ્ધ દશાની ભૂમિકામાં જે પ્રકારનો રાગ હોય છે, આવો જ રાગ હોય એવું જ્ઞાન કરીને. આ ચારેય પદની વ્યાખ્યા જુદી થઈ. દેવીલાલજી!

**શ્રોતા :—** પાપથી બચવા માટે પુણ્યનો આશ્રય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ના. એ બિલકુલ વાત છે નહિ. આશ્રય-ફાશ્રયની વાત નહિ. આશ્રયનો અર્થ જ્ઞાન છે. '**प्रतीत्य**' શબ્દ પડ્યો છેને. '**द्रव्यं प्रतीत्य यदि वा चरणं प्रतीत्य**' એ ચોથું પદ છે. પંડિતજી! ચોથું પદ છે જુઓ. એ આ અર્થ અમારા પંડિતજીએ કર્યો હતો બરાબર ચોખ્ખો પહેલો હોં! એ આ અમારા પંડિતજી. પૂછયું હતું કે કીધું આ શું આ? એય..! પોપટભાઈ! આ તમારા મિત્ર. એમણે પહેલો અર્થ કર્યો હતો હોં પંડિતજીએ. આપણને

શબ્દ આવડે નહિ, વ્યાકરણ-બ્યાકરણ આવડે નહિ. ભાવનો ખ્યાલ હોય પણ ભાવમાં મેળ ખાય શી રીતે? અને આમાં દ્રવ્યનો આશ્રય કીધો છે. આશ્રયનો અર્થ પ્રતીત. દ્રવ્યનું જ્ઞાન એટલે શુદ્ધ પરિણતિ આવી હોય એનું જ્ઞાન કરીને અને અશુદ્ધતાનો રાગ આવો હોય એનું જ્ઞાન કરીને. બસ. સમજાણું કાંઈ?

**શ્રોતા** :— શુદ્ધ પરિણતિ આશ્રય કરવા લાયક નહિ?

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— આશ્રયમાં તો વાત જ અહીં પ્રશ્ન નથી. અહીં તો પ્રતીતનો અર્થ જાણવું. એને આશ્રય શબ્દ વાપર્યો છે. આટલી શુદ્ધ પરિણતિ હોય છઠ્ઠે એની શુદ્ધ પરિણતિ આવી જ હોય એમ જાણી—જ્ઞાન કરીને અને એ કાળે રાગ આવો જ હોય એવું જ્ઞાન કરીને. બસ. હવે પછી અંતરમાં ઊતરી જા એમ કહે છે. આહાહા..!

આ વાંચજોને ઘરે. આ પુસ્તક પડ્યા છે બધા ઘણાય. આ એક એક શબ્દનું શું છે. વાંચવું પડે છે કે નહિ? નામું લખે ત્યારે કેટલાય તપાસે છે. આ બીડીના નામા માટે જુઓને શોભાલાલ શેઠ જાય છે ત્યાં કાનપુર. કેટલાય રૂપિયા લઈ આવે છે. બધા નામા મિંઢવતા હશે કે નહિ કે ભાઈ તમારી પાસે અમારું લેણું આટલું છે પાંચ હજારનું. ઓલા કહે પોણા ચાર હજાર નીકળે છે. સવા હજારનો વાંધો છે ક્યાંક. નક્કી બરાબર તપાસ. ક્યાંક રહી ગયું હશે સવા હજારની રકમ જમા કરવાની. શેઠ! પૈસા માટે આ જાય છેને નાના શેઠ? કાનપુર.

**શ્રોતા** :— એ આપણી પાસે વાત ન થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ કો'ક વાત કરતું હતું ભાઈ આપણને ક્યાં ખબર અહીં હોય? ઓલા રતનલાલજી હતા, નહિ? એ ને? કાનપુર હતા ને? મેડી ઉપર આહાર કરવા ગયા હતા. ત્યારે શેઠ હતા.

**શ્રોતા** :— ... જલ્દી ખબર પડી જાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એ જલ્દી ખબર પડે ત્યાં ધ્યાન રાખે છે કે નહિ એટલું અહીં તો કહેવું. તો અહીં ધ્યાન રાખવું એમ કહેવું છે. આહાહા..!

**શ્રોતા** :— ત્યાં જલ્દી ખબર પડે તો આમાં જલ્દી ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— એમ. આની રુચિ થાય તો જલ્દી ખબર પડે. પડ્યા વિના રહે નહિ. આહાહા..! લ્યો!

'**કાં તો દ્રવ્યનો...**' જ્ઞાન કરીને એટલે કે શુદ્ધ પરિણતિની આવી મર્યાદા ગુણસ્થાનમાં હોય એનું જ્ઞાન કરીને. ચોથે શુદ્ધ પરિણતિ ત્રણ કષાયના અભાવની ન હોય. એક કષાયના અભાવની, મિથ્યાત્વના અભાવની હોય. બીજે બે કષાયના અભાવની અને મિથ્યાત્વના અભાવની હોય. ત્રીજે ત્રણ કષાયના અભાવની મિથ્યાત્વના અભાવની પરિણતિ હોય. એવું બરાબર જ્ઞાન કરીને. સમજાણું કાંઈ? મુમુક્ષુ ધર્માત્મા '**મોક્ષમાર્ગમાં આરોહણ કરો.**' આહાહા..! સ્વરૂપમાં અંદર આરોહણ કરો. વ્યવહારનો વિકલ્પ છે એમાં પણ આરોહણ કરો એમ કહેવામાં

આવે. સમજાણું કાંઈ? લ્યો એ ગાથા પૂરી થઈ. ૫૦મી. લ્યો, અમારે ચીમનભાઈ ખુશી થયા. આહાહા..!

વસ્તુ તો વસ્તુ છે ભગવાન આત્મા. પણ એનો જેટલો આશ્રય લઈને ઉગ્રતા કે મંદતા આશ્રયમાં એ જે પરિણતિ જેટલી પ્રગટી છે શુદ્ધ એને બરાબર જાણવી. અને એના પ્રમાણમાં શુદ્ધિની બહુ ઉગ્રતા હોય તો રાગની ઘણી જ મંદતા હોય. શુદ્ધિની થોડી હોય તો રાગની કંઈક તીવ્રતા પણ હોય. એવી બેની મર્યાદા બરાબર જાણવી. અને એવી હોય એને સંયોગનો કાળ પણ કુદરતે હોય સહજ એ અહીં નથી નાખ્યું. કારણ કે સહજ આવે છે. અહીં તો પુરુષાર્થથી થાય બે વાત એટલી નાખી છે. ભાઈ! ઓલો સંયોગો આવવા-જવા એ કોઈ વ્યવહારના વિકલ્પથી પણ આવવું-જવું થતું નથી. એટલે એ વાતને નાખી નહિ. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** સહજ હોય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ તો સહજ હોય છે નગ્ન દશા. એ કાંઈ વિકલ્પથી વસ્ત્ર છૂટી જાય છે એમ છે? વિકલ્પ કર્તા અને વસ્ત્રનું છૂટવું કાર્ય એમ છે? માટે એ વાત લીધી નથી. ફક્ત બેની અંદર નિમિત્ત-નૈમિત્તિક અંદરનું લીધું. સમજાણું કાંઈ? ભાઈ! વીતરાગ માર્ગ ગંભીર છે, ઊંડો છે. પાતાળ કૂવામાંથી આવેલી વાત છે આ તો. સમજવા માટે બુદ્ધિને કેળવવી પડે. આહાહા..! આ લોટ બાંધે છેને આટા—લોટ. એને પણ કેળવે પછી રોટલી થાતી હશે કે એમ ને એમ બાંધીને રોટલી થાતી હશે? કેળવવું પડે. કેળવે તેલ નાખીને આમ આમ કરીને. ત્યારે માંડ રોટલી સરખી આમ આવે. એમ આ વસ્તુ એની પરિણતિ શુદ્ધ અને રાગની મર્યાદા એને કેળવણીથી બરાબર જાણવી જોઈએ. આહાહા..! આવો જ માર્ગ છે અને આ સિવાય બીજો કોઈ ઓછો, અધિક, વિપરીત કહે, બધો વિપરીત માર્ગ છે. આવું ભાન થયા વિના એને વિપરીતતાનો ત્યાગ નહિ થઈ શકે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** આમાં કોઈ અપવાદને સ્થાન છે જ નહિ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આમાં હોય? પણ સત્યને શું વળી અપવાદ? જીવ છે તે જીવ છે. અપવાદે પણ અજીવ હોય. શુદ્ધ પરિણતિ પણ પોતે અપવાદે શુભ હોય એમ હોય? શુદ્ધ પરિણતિના કાળમાં આવો રાગ હોય એ જુદી વાત છે એ તો. એ અપવાદ થઈ ગયો. એ અપવાદ છે. એ પોતે અપવાદ છે. સમજાણું કાંઈ? ભારે! લ્યો એ ગાથા પૂરી થઈ.

'**વળી (આ ૧૦૩મી ગાથાની ટીકા પૂર્ણ કરતાં ટીકાકાર મુનિરાજ શ્લોક કહે** છે) :-' ૧૩૯.

चित्तत्त्वभावनासक्तमतयो यतयो यमम्।
यतंते यातनाशीलयमनाशनकारणम्।।१३९।।

આહાહા..!

'**શ્લોકાર્થ :- જેમની બુદ્ધિ ચૈતન્યતત્ત્વની ભાવનામાં આસક્ત** (રત, લીન) છે...' આહાહા..! સમ્યગ્દષ્ટિને ચૈતન્યની ભાવનામાં તીવ્ર રસ—લીન નથી. લીનતા છે પણ તીવ્ર નથી. એથી અહીંયાં આસક્ત-રક્ત-લીન વિશેષ કહેવું છે મુનિને. '**જેમની બુદ્ધિ ચૈતન્યત્તત્વની..**' ભગવાન આત્મા એની ભાવના એટલે એકાગ્રતા. એમાં જેની લીનતા છે. લ્યો, ભાવનામાં આસક્ત-આસક્ત. આહાહા..!

**શ્રોતા :—** ઓલો રાગમાં આસક્ત, આ શુદ્ધિમાં આસક્ત.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** અહીંયા આસક્ત. ઓલો આસક્તિ અને અહીં આસક્ત.

ચૈતન્ય વસ્તુ વીતરાગભાવ સ્વરૂપ એની ભાવના—અંતર્મુખ એકાગ્રતા, એમાં જે લીન છે '**એવા યતિઓ...**' એવા યતિઓ, એવા મુનિઓ '**યમમાં પ્રયત્નશીલ રહે છે...**' દેખો! યમમાં એટલે શુદ્ધ પરિણતિ રાગાદિ રહિત એમાં પ્રયત્નશીલ રહે છે. '(**અર્થાત્ સંયમમાં સાવધાન રહે છે**)...' એમ કહે છે. સમકિતી સમ્યગ્દર્શન અને જ્ઞાન અને અંશે સ્થિરતામાં સાવધાન છે. શ્રાવક સમ્યગ્દર્શન-જ્ઞાન અને અંશે સ્વરૂપાચરણ ચારિત્ર ઉપર શાંતિ એમાં લીન હોય છે. મુનિ સંયમમાં મહા પ્રયત્નશીલ. ભાષા છેને? એનો પ્રયત્નનો સ્વભાવ જ એવો થઈ ગયો છે એમ કહે છે. તેથી સંયમમાં સાવધાન રહે છે. આહાહા..!

'**કે જે યમ (-સંયમ)...**' એ સંયમ નામ સ્વરૂપમાં આનંદના અનુભવ સહિતની જ્યાં રમણતા (થઈ) એવી.. આ તો લોકો સમ્યગ્દર્શન વાત મૂકી દઈને ઉપરની વાતું બધી. જુઓ ભાઈ! આ સ્વર્ગમાં ચારિત્ર નથી. માટે ચારિત્ર મહાવ્રત લઈ લ્યો. મુનિપણું બીજી ગતિમાં નથી, દેવમાં પણ નથી અને મનુષ્યપણામાં છે માટે એને લઈ લ્યો. પણ શું લઈ લે? પંચમહાવ્રતના વિકલ્પ લીધા, નગ્નપણું એ છે ચારિત્ર? એ તો રાગ છે. સમજાણું કાંઈ? આ એને તો એકલી શુદ્ધ પરિણતિ વિનાનો રાગ એને તો વ્યવહારાભાસ કહી દીધો છે. સમજાણું? અને રાગની એકલી ક્રિયા હોય એને શુદ્ધતાનું ભાન નથી. એ વ્યવહારાભાસ છે. અને શુદ્ધ પરિણતિ એની આવી હોય તો એના પ્રમાણમાં રાગની તીવ્રતા હોય એવી ખબર નથી એટલે નિશ્ચયાભાસી છે. સમજાણું કાંઈ?

**શ્રોતા :—** મુનિરાજ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ઉપદેશ તો જે છે એ બધા સમકિતીનો એ આવે. મુનિનો ઉપદેશ પહેલો (આપે) પણ મુનિપણું કેવું? સમ્યગ્દર્શન સહિતનું કે સમ્યગ્દર્શન વિનાનું આ લઈ લ્યો લૂગડા છોડ્યા. રત્નકરંડ શ્રાવકાચાર, પુરુષાર્થ સિદ્ધિ ઉપાયમાં પહેલું સમ્યગ્દર્શન લીધું વાતમાં. પછી એના વ્રતના વિકલ્પની વાત લીધી. જુઓ, રત્નકરંડ શ્રાવકાચાર. રાગ-દ્વેષના નાશને માટે મુનિપણું અંગીકાર કરવું. એવું છે ન્યાં. ભાન છેને કે રાગ-દ્વેષ મારામાં નથી. એવું ભાન છે. એ રાગ-દ્વેષના નાશ માટે વીતરાગતાને અંગીકાર કરે છે.

'**કે જે યમ** (-સંયમ) **યાતનાશીલ યમના** (-દુઃખમય મરણના) **નાશનું** કારણ

છે.' આહાહા..! એ દુઃખમય મરણ. '**યાતનાશીલ યમ**...' યમ એટલે મરણ. દુઃખમય. જમ-જમ. યમના મરણના નાશનું કારણ છે. આહાહા..! સ્વરૂપની અનુભવદષ્ટિ અને સંયમદશા એ દુઃખમય પીડા, મરણ એના નાશનું એ કારણ છે. પંડિત મરણ થવાનું એ કારણ છે. આહાહા..! વિશેષ કહેશે...

(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૩૯૦ થી ૪૦૪
## પ્રવચન નં. ૪૭૨, તા.30-0૧-૧૯૬૮
## (૨૩)

સર્વવિશુદ્ધજ્ઞાન અધિકાર. બીજો પેરેગ્રાફ છે આ બાજુ. ગુજરાતી.

'**હવે, એ પ્રમાણે સર્વ પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે...**' છેને પહેલી લીટી? કોને? કે શુદ્ધજ્ઞાન, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન, આત્માનો પરમાર્થરૂપ શુદ્ધસ્વભાવ, સાક્ષાત્ સમયસારભૂત, નિર્ભેળ એટલે રાગ અને પરના ભેળસેળ વિનાનું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ એને '**પરદ્રવ્યો સાથે વ્યતિરેક વડે અને સર્વ દર્શનાદિ જીવસ્વભાવો સાથે અવ્યતિરેક વડે અતિવ્યાપ્તિને અને અવ્યાપ્તિને દૂર કરતું થકું, અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ પરસમયને દૂર કરીને,...**' ચારિત્ર લેવું છેને એટલે. નહિતર તો.. સમજાણું? અહીં સ્થાપ્યું છે અનાદિ વિભ્રમ. સ્થાપવું છે ચારિત્ર.

કહે છે કે '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...**' ભગવાન આત્મા શુદ્ધ જ્ઞાયક ચૈતન્ય છે એનું ભાન થતાં તો એની એકતા થાય. શુદ્ધ ચૈતન્ય વસ્તુ છે એની શક્તિ અને સમૂહ એનું સમ્યગ્દર્શન થતાં, એનું જ્ઞાન થતાં તો એની એકતા થાય અને વિભ્રમ થતાં ખંડ પડે. સમજાણું કાંઈ? 'હું આ શુદ્ધ ચૈતન્યવસ્તુ છું' એમ નહિ અનુભવતાં રાગને અને એક સમયની પર્યાયને અનુભવતાં ખંડ-ખંડ થઈને શુભ અને અશુભભાવ ઉત્પન્ન થાય. એ પરસમય અધર્મભાવ છે. સમજાણું કાંઈ?

શુદ્ધ ચૈતન્યવસ્તુ અનંત શાંત અને આનંદરસનું એકરૂપ, એની અંતર દૃષ્ટિ થતાં, સમ્યગ્દર્શન થતાં તો તેની એકતા થાય. ખંડ ન થતાં સ્વભાવમાં એકતા થાય એ તો સ્વસમય ધર્મ છે. નવું આવ્યું વળી બીજી ગાથાનું પરસમય, સ્વસમય પરિણમન આવ્યુંને? '**जीवो चरित्तदंसणणाणठिदो**' સમજાણું? અને સ્વરૂપનો ભ્રમ થતાં, વિભ્રમ એટલે મિથ્યાભ્રમ થતાં શુદ્ધ ચૈતન્યવસ્તુનો દૃષ્ટિમાં અભાવ રહે. 'હું પુણ્ય છું, પાપ છું કે આ પર છું' એવી માન્યતામાં તો ખંડ ખંડ શુભ ને અશુભ, શુભ ને અશુભ એવા ભાવ ઉત્પન્ન થાય. એ તો અધર્મ અને દુઃખરૂપ પરસમય છે. સમજાણું કાંઈ?

'**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા...**' શુભ-અશુભ પરિણામને '**પરસમયને દૂર કરીને,...**' જુઓ, બનવાનું હશે એ બનશેનો પ્રશ્ન છે ભાઈનો. બનવાનું હશે એ બનશે તો પછી અમારે પુરુષાર્થનું શું કામ ત્યાં? ખરું કે નહિ? ત્યાં દૂર કરીને રહ્યું નહિ. એમ નથી.

બનવાનું હશે એ બનશે શેમાં? કે પર્યાયમાં-અવસ્થામાં. એ બનવાનું હશે એ બનશે અવસ્થામાં, એનું જ્ઞાન ક્યારે થાય? સમજાય છે કાંઈ? બનવાનું હશે એ બનશે એ તો કેવળીએ જોયું અને કહ્યું. સમજાય છે કાંઈ? અને એની પર્યાયમાં બનવાનું હશે તે કાળે બનશે એવું એને જ્ઞાન ક્યારે થાય? કો'કના જ્ઞાને કામ કરે એમ ન કામ આવે. હિંમતભાઈ! સમજાણું કાંઈ? બનવાનું હશે એ બનશે પર્યાયમાં એવું જેને જ્ઞાન થાય અને નિર્ણય કરે એને તો બનવાનું હશે એ બનશે અવસ્થામાં એ દૃષ્ટિ ઉઠી જાય અને જ્ઞાયક ચૈતન્યમૂર્તિ જ્ઞાનસ્વરૂપ છે એમાં દૃષ્ટિ જાય, ત્યારે તેને બનવાનું હશે એ બનશે એવી પર્યાયનું જ્ઞાન ત્યારે થાય. એમાં સ્વભાવ સન્મુખનો પુરુષાર્થ છે. પોપટભાઈ!

આ શુભ-અશુભભાવ આવ્યાને? શુભ ને અશુભભાવ હું કરું તો બનવાનું હશે એ બનશે. હું કરું-કરું થાય છે તો બનવાનું હશે એ બનશે એની શ્રદ્ધા નથી એને. કરું.. કરું.. કરું... બનવાનું હશે એ બનશે એ રહ્યું નહિ. જ્યારે પુણ્ય-પાપના ભાવ કરું.. કરું.. ત્યાં બનવાનું હશે એ બનશે એ રહ્યું નહિ. ત્યારે બનવાનું હશે એ બનશે એ થશે ક્યારે? કે પુણ્ય-પાપના ભાવ જે કાળે થાય છે તે જ કાળે તેની દૃષ્ટિ છોડીને, સ્વભાવ જ્ઞાયક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કરશે, ત્યારે બનવાનું હશે એમ બનશે તેનો જ્ઞાતા-દૃષ્ટા થઈ જશે. સમજાણું કાંઈ?

બનવાનું હશે એ બનશે એમાં સ્વભાવ તરફનો પુરુષાર્થ છે. આહાહા..! સમજાણું કાંઈ? તે સમયની અવસ્થા તે કાળે થવાની હતી અને તે થઈ એમ ક્યારે જાણે? કે તે અવસ્થાનું જ્ઞાન નહિ પણ ત્રિકાળ જ્ઞાયક ચૈતન્ય છે એનું જ્યારે જ્ઞાન કરે ત્યારે તે અવસ્થાનું જ્ઞાન એને યથાર્થ થાય, ત્યારે બનવાનું હશે એ બનશે એની શ્રદ્ધામાં યથાર્થ બેઠું. કો'કના જ્ઞાને અને કો'કના ઉધાર જ્ઞાન લઈને બનવાનું હશે એમ બનશે એમ ન ચાલે, એમ કહે છે. ચીમનભાઈ! ઉધારું જ્ઞાન છે એ તો કો'કનું. તારા જ્ઞાનમાં એમ ભાસવું જોઈએ કે આ સમયે બનવાનું હશે એ બનશે એ શેમાં? કે અવસ્થામાં. તો એ અવસ્થાનું જ્ઞાન ક્યારે થાય? એ અવસ્થાની અંશ દૃષ્ટિ છે એ છોડી દઈ અને જેમાં અવસ્થા થાય છે એવો ચૈતન્ય પ્રભુ ભિન્ન જ્ઞાન છે એની દૃષ્ટિ થતાં જે શુભાશુભ પરિણામથી રહિત દૃષ્ટિ થઈ ત્યારે શુભાશુભ થાય તેનો જ્ઞાતા-દૃષ્ટા બનવાનું હશે એમ બનશે, એનો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. વાત એવી છે, ભાઈ! સમજાણું કાંઈ?

અહીં એ સિદ્ધ કરે છે. ક્રમે-ક્રમે પર્યાયને સિદ્ધ કરી, જે સમયે જે પર્યાય જે થવાની, વર્ણ, ગંધ જે દેખાય તેનું અહીં જ્ઞાન થાય એ પોતાની પર્યાય છે, નહિ કે એનાથી થયો. પણ એ પર્યાયનું જ્ઞાન પણ થાય ક્યારે? સમજાણું કાંઈ? જ્ઞાયક ચૈતન્ય શુદ્ધ.. અહીં એ કહે છે, જુઓ, '**સાક્ષાત્ સમયસારભૂત, પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું...**' એક અવસ્થિત દેખવું. દેખવાના પછી ત્રણ પ્રકાર લેશે અર્થમાં.

ભગવાન આત્મા જેની અવસ્થામાં, જે પર્યાય જે કાળે થવાની તે થવાની. એ થવાની

થવાનું જ્ઞાન કોને થાય? કો'કનું ઉધારે લઈને જ્ઞાન કર્યું કે ભાઈ, આ થવાનું હશે એ થાશે એમ હું માનું છું. એમ નહિ. સમજાણું કાંઈ? '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ...**' છેદીને, દૂર કરીને. જ્યારે આત્માનું જ્ઞાન થયું શુદ્ધ ચૈતન્યમૂર્તિ, ત્યારે તે સમયની અવસ્થા થવાની તેને જાણી, રાગ થાય તેને જાણ્યો, નિર્મળ અવસ્થા થઈ તેને જાણી. કરું છું આને અવસ્થાને અને આને કરું એ વાત રહેતી નથી. કર્તાબુદ્ધિ ઉડાવવા થવાનું હશે તે થશે એમાં ભાવ જ્ઞાતા-દૃષ્ટાનો ભર્યો છે. ભારે વાત!

**શ્રોતા :-** ... એટલે કે નથી સમજાતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** નથી સમજાતી? એ તો પહેલું કહી ગયા હતા કે હું આ દયા, ભક્તિ કરું, પુણ્ય કરું, આ રાગ કરું, શુભ કરું, અશુભ કરું એ કર્તાબુદ્ધિ છે તે મિથ્યાત્વબુદ્ધિ છે. સમજાણું કાંઈ? હું શુભ કરું. થાય છે તેને કરું શું? થાય છે તેને કરું શું? થાય છે તેને કરું શું અને ન થાય તેને કરું શું? સમજાણું કાંઈ? ન્યાય જરી ઝીણી વાત છે, ભાઈ! થાય તેને કરું શું? થાય છે; અને નથી જે થયું એને કરું શું? તો જેને કરું છું એમ જે થાય છે એમાં કરું છું, એ દૃષ્ટિ ખોટી છે એની. સમજાણું કાંઈ? થાય છે એને જાણું છું, ત્યારે થાય છે એને કરું છું એ વાત ઊડી જાય છે. ન્યાય સમજાય છે કાંઈ? આહાહા..!

ભગવાન આત્મા જાણનાર-દેખનાર શુદ્ધ ચૈતન્ય પ્રભુ છે. એ તો પોતાની અવસ્થા અને પરની અવસ્થાને જાણે છે. જાણે બસ. જાણેમાં કરું. જે અવસ્થા થાય, ભાવરૂપ થાય છે એમાં કરું શું? સમજાણું? આવે છેને? શેઠિયામાં પણ આવે છે નહિ સ્તવનમાં ક્યાંક? દ્રવ્યે ભાવ છેને ભાવે ભાવ... બેય આવે છેને? એક ભજન આવે છે. એ ભજન છે. સમજ્યાને એવું આવે છે. છે ખરું પણ મળતું નથી. મારી ચોપડી નથી અહીં. નહિ? અહીંયાં છે ક્યાંક. થાય તેને કરું શું? આપ્યું હતુંને તમને? તમને નથી આપ્યું? આપ્યું છે. નહિ? નથી આપ્યું? ઝીણું છે, તમને નહિ આપ્યું હોય. કારણ કે જરી ખૂંચે એવું છે. ભાઈનું છે. શેઠિયા છે સરદાર શહેરના. કેટલામાં છે ખબર છે? કેટલામું પણ એ? દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ,... એ તો ખબર છે મગજમાં. કેટલામું અહીં તો વાત ચાલે છે. આવ્યું આવ્યું લ્યો, એ જ આવ્યું. ૧૭મું. ૧૭મું આવ્યું. જુઓ, હવે સાંભળો. પાનું-૨૪. દ્રવ્ય બના હૈ ભાવ બના હૈ. જુઓ, સરદારશહેરના એક ગૃહસ્થ છે અત્યારે. જેને ૪૦ વર્ષ પહેલાં એના મામા ૬૦ લાખ દેતા હતા. એ ૬૦ લાખ ન લીધા એમણે આ ગાયન બનાવ્યું છે આ બધું. શું કીધું? ના, પહેલું શું કીધું? એના મામા પાસે ૬૦ લાખ રૂપિયા હતા ૪૦ વર્ષ પહેલાં. એને આપતા હતા. અહીં આવે છે. દીપચંદ શેઠિયા. ૪૦ વર્ષ પહેલાં ૬૦ લાખ! શું કરું સાંઈઠ લાખને?

**શ્રોતા :-** એવા નિઃસ્પૃહી માણસ મળ્યા હતા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એવો નિઃસ્પૃહી માણસ, એમ. એ અત્યારે બહુ છે આત્મામાં.

જુઓ, અહીંયાં એ ગાયન બનાવ્યા છે એમણે. ચોપડી છે. પણ તમને ન આપી શું કરવા? કે તમને પકડવું કઠણ પડે. જુઓ, 'દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ હોના ભી સાથ બના હૈ.' છે? દ્રવ્ય એટલે વસ્તુ, ભાવ એટલે ગુણ. 'દ્રવ્ય બના હૈ, ભાવ બના હૈ, હોના ભી સાથ...' પર્યાય. ભાવ એટલે ત્રિકાળ. 'હોના ભી સાથ બના હૈ. બને બનાયે જડ-ચૈતન્યમેં અન્ય ક્યા કરને જાવે જી? હે જ્ઞાનેશ્વર હમ ક્યા કરને જાવે?' હે જ્ઞાન-ઈશ્વર શું તું કરવા જાય છે? દ્રવ્ય પણ બન્યું છે, ભાવ પણ બન્યો છે અને પર્યાય પણ બની છે. છેલ્લું. 'હોના ભી થા બના હૈ.' પર્યાય જે થવાની છે એ પણ સાથે છે.

'બને બનાયે જડ ચૈતન્ય...' બેયમાં. 'અન્ય ક્યા કરને જાવે જી? જ્ઞાનેશ્વર અન્ય ક્યા કરને.. ઈચ્છા માફિક વિશ્વકરણ કી બેહદ હાય મચાવે.' 'ઈચ્છા માફિક વિશ્વકરણકી...' વિશ્વ નામ જગતના પદાર્થને કરું, બનાવું, ફેરવું, આમ કરું. 'બેહદ હાય મચાવે.' બેહદ હાય મચાવે. 'કૌન સુને જૂઠે ક્રંદકો...' તારા ખોટા ક્રંદને કોણ સુણે? 'વ્યર્થ હી ધૂમ મચાવે જી, જ્ઞાનેશ્વર વ્યર્થ હી ધૂમ મચાવે.' 'બડપન મદરી લાય લગી હૈ, ઊલટી તો રીતિ સુહાવે. સુખદ રીતિ તો વિષવત્ લાગે, દુઃખ હી દુઃખ ઉપજાવેજી.' મોટી .. નહિ. મોટો છું, મોટો છું, આ મોટો છું અને આનો છું, આ મોટો, ફલાણો મોટો. મદ લાગી છે. મદ લાગ્યો છે મદ. મદરી લાય લગી. મદની લાય. અભિમાનની લાય લાગી છે, અભિમાનની લાય-અગ્નિ લાગી છે. 'બડપન મદરી લાય લગી હૈ,...' મોટપની મદની લાય-અગ્નિ લાગી છે તને. કહો, ભગવાનભાઈ! હું મોટો છું, આમાં મોટો છું, બુદ્ધિમાં મોટો, ઢીકણામાં મોટો. ધૂળેય નથી હવે સાંભળને. ભાન નથીને તને.

'બડપન મદરી લાય લગી હૈ,...' બડપનની મદની-મદરી એટલે મદની લાય એટલે અગ્નિ લાગી છે. 'ઊલટી તો રીતિ સુહાવે.' તારી ઊંધી રીત છે બધી. 'સુખદ રીતિ તો વિષવત્ લાગે.' જ્ઞાન-દર્શન અને આનંદમાં રહેવું એ તને દુઃખરૂપ લાગે છે. 'દુઃખ હી દુઃખ ઉપજાવે, મન સે ગુપ્ત, વચન સે ગુપ્ત, કાયા સે ગુપ્ત હી પાવે. ગુપ્ત ગુફામેં આય બિરાજે, નિર્ભર આનંદ પાવે જ્ઞાનેશ્વર નિર્ભય આનંદ પાવે.' લ્યો! રાખજો રાખજો તો ખરા તમારી પાસે. આ કુદરતે આવી ગયું એટલે. કહો, સમજાણું કાંઈ? શું કીધું હવે? રાખજો તમારી પાસે. ન સમજાય તો પૂછજો કો'કને ન્યાં.

શું કહ્યું આ? કહે છે, 'બની બનાયી...' દ્રવ્ય પણ બનેલું જ છે, છે વસ્તુ. શક્તિઓ એટલે ભાવ-ગુણ એ પણ છે અને એની અવસ્થા પણ થાય છે. થવું તે થાય છે, થાય છે. હવે થાય છે એને તારે કરવું શું? થાય છે એને કરવું છે એ મિથ્યાભ્રમ છે. થાય છે એને જાણું એ સુખદશા છે. સમજાણું કાંઈ? હું થાય છે તેને જાણનાર છું. થાય છે તેને જાણનારો ક્યારે થાય? કે જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ઉપર દૃષ્ટિ પડતાં જે જ્ઞાન થાય તેને થાય છે તેને જાણે, એને દૃષ્ટિ ફેરવવાનું છે, બીજું કાંઈ ફેરવવું તો છે જ નહિ. સમજાણું કાંઈ?

થાય તેને જાણવા માટે, થાય તેને જાણવા માટે, થાય તેને પર્યાય ઉપર લક્ષ છે માટે જાણતો નથી. થાય તેને જાણવા માટે જ્ઞાયક ઉપર દૃષ્ટિ પડે તો થાય તેને જાણવા માટેનો જ્ઞાતા-દૃષ્ટા થઈ ગયો. ભગવાનજીભાઈ!

**શ્રોતા :-** ભગવાન જાણે છે ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** જાણક છે. જાણે, બીજું કરે શું ઈ? સર્વજ્ઞ ભગવાન જાણે છે એક સમયમાં બધું. તું તારી યોગ્યતા પ્રમાણે જ્ઞાનમાં જાણ કે રાગ છે આ છે, છે એ જાણ. બસ! જાણવાની ક્રિયા. જાણવાનું તારું કામ છે. થાય તેને કરું અને ન થાય તેને કરું એ વસ્તુમાં ક્યાં છે? પોપટભાઈ!

**શ્રોતા :-** .. તો કાંઈ પુરુષાર્થ રહેતો નથી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-**આ પુરુષાર્થ (છે) પણ. એ જ પુરુષાર્થ થયો નહિ? થાય છે તેને જાણવું એવું જ્ઞાયકમાં રહેવું એનું નામ પુરુષાર્થ છે. પુરુષાર્થ શું .. છે બહારમાં? સમજાણું કાંઈ? ન કીધું? 'બડપનની મદરી લાય લગી હૈ.' મોટપની મદની અગ્નિ સળગી છે. પોપટભાઈ! જ્યાં બેઠો હોય ત્યાં જાણે અમે પૈસાવાળા છીએ, અમે શરીરવાળા છીએ. ધૂળેય નથી. આ તો પર છે મારું.

**શ્રોતા :-** .. પૈસા કમાય...

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** ધૂળેય કમાણો નથી. કમાય કોણ? મિથ્યાત્વ કમાણો છે એ. આહાહા..! ઓલામાં પણ નથી આવતું આપણે ૧૪મી ગાથામાં? પુરુષાર્થસિદ્ધિ-ઉપાય. ઓલામાં આવે છે નહિ? ૩૨-૩૩ (ગાથા) પ્રવચનસારમાં. નિર્ભેળ આત્મા અને નિર્ભેળ આત્માને અનુભવું છું. શ્રુતકેવળી. અમે તો નિર્ભેળ આત્માને અનુભવીએ છીએ. નિર્ભેળ એટલે કર્મ નહિ, આસ્રવ નહિ, પુણ્ય નહિ કાંઈ નહિ એવો જે શુદ્ધ જ્ઞાનમૂર્તિ એને અનુભવવો, એને જાણવું એનું નામ પુરુષાર્થ અને ધર્મ છે. આહાહા..!

**શ્રોતા :-** પુરુષાર્થ નહિ થાયને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પણ ક્યો પુરુષાર્થ? આ જડનો કરી શકે? આ રજકણ. એ તો કીધું. જડ-ચૈતન્યની બની બનાઈ અવસ્થા બને એને શું કરવું છે તારે હવે? કહે. એય..! પોપટભાઈ! લાદીનું આમ કરવું છેને ફલાણું આમ કરવું છે, છોકરા સૂશો નહિ. જાગજો. દિવાળીના દી આવ્યા. ફલાણું કરજો. શું કરવું છે પણ તારે? કહે છે કે જાણનારને જગાડ. બસ! જાણનાર જાગ્યો એટલે જાગશે, એ પુરુષાર્થ છે. 'ચૈતન્યમૂર્તિ આત્મા છું તો જાણનાર સ્વપરને, દ્રવ્યને અને પર્યાયને, સ્વને અને પરને જાણકસ્વરૂપ એ મારું છે.' એવો જે પુરુષાર્થથી અનુભવ નિર્ણય કરવો તે પુરુષાર્થ છે. પુરુષાર્થ શું કૂદવો છે ક્યાંય? સમજાણું કાંઈ? આહાહા..!

અહીં તો **'અનાદિ વિભ્રમ જેનું મૂળ છે...'** જોયું! એ ભ્રમણા છે. કહે છે કે હું કરું.. કરું.. કરું... એ ભ્રમણા છે. થાય છે તેને શું કરવું? થાય છે જે કાળે જે થવાનું હોય

તે થાય છે. એ થાય છે તેને જાણવાનો પ્રયત્ન એ આત્માની સન્મુખ થાય ત્યારે પ્રયત્ન થશે અને એ વિના પ્રયત્ન સાચો થશે નહિ. આહાહા..! '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-અધર્મરૂપ (પુણ્ય-પાપરૂપ, શુભ-અશુભરૂપ) પરસમયને દૂર કરીને,...**' જુઓને ભાઈ! એને તો પરસમયને દૂર કરીને ચારિત્ર લેવું છે. ચારિત્ર લેવું છે પાછું. આમાં તો ઘણા પ્રશ્ન ઉઠ્યા હતા મગજમાં. પહેલા તો એક કે પુણ્યફળા કીધુંને હમણાં? '**पुण्यफला अरहंता**'. એના ઉપોદ્ઘાતમાં એમ લખ્યું છે કે પુણ્યફળ અરિહંતને અકિંચિત્કર છે. કાંઈ કરતું નથી એમ પાઠ છે માથે ઉપોદ્ઘાતમાં. હવે આ કહે છે કે પુણ્યના ફળમાં અરિહંતપદ પામે. આ વાત જ ક્યાં છે? સમજ તો ખરો. આવા ને આવા શું કરે છે આ? કોણ જાણે શબ્દની ખબર ન મળે. સમજાણું કાંઈ? આ શું છે? આ સમયસાર છે.

આ તો '**पुण्यफला अरहंता**' ઓલા કહે છેને? પુણ્યના ફળરૂપે અરિહંત પદ પામે. કાંઈ કરે નહિ, એમ કહે છે. સાંભળ તો ખરો, સમજ તો ખરો કાંઈક. જુઓ, '**पुण्यफला अरहंता**' '**अथैवं सति तीर्थंकृतां पुण्यविपाकोऽकिंचित्कर एवेत्यवधारयित-**' એમ નક્કી કરવું. પુણ્યનું ફળ તીર્થંકરોને કાંઈ નુકસાન કરતું નથી એટલે કે પુણ્યનું ફળ ક્રિયા જે ચાલે છે એ આત્માને નુકસાન કરતું નથી. લાભ કરતું નથી એ તો પ્રશ્ન અહીં છે જ નહિ. પુણ્યનું ફળ લાભ કરે છે એ તો પ્રશ્ન અહીં છે જ નહિ, પણ પુણ્યનું ફળ જે ક્રિયા છે, ઉદયની, બોલવાની, ચાલવાની એ આત્માના સ્વભાવને ઘાત કરતી નથી, એમ સિદ્ધ કરવું છે. આરે.. ભગવાન! શું કરે છે? આ તો એક સાદો સાધારણ શબ્દાર્થ કરે એને પણ સમજાય એવું છે આ તો. ભાવ વળી પછી. સમજાય છે? એનો અર્થ કરે કે પુણ્યના ફળ તરીકે અરિહંતપદ પામે છે. તમે તે પુણ્યને કેમ નિષેધ કરો છો? શું કરે છે પ્રભુ આ તું? ક્યાં ને ક્યાં ઉગમણી-આથમણી ગાંડપણાના પાગલની વાતું કરે છે. આહાહા..!

અહીં તો કહે છે કે આત્મા ભગવાન જ્યારે સર્વજ્ઞ સ્વરૂપે પ્રગટ થાય છે ત્યારે એને પૂર્વના જે પુણ્ય હોય છે એ ઉદયમાં હાલવામાં, ચાલવામાં નિમિત્ત થઈને ક્રિયા જડની થાય. એ ક્રિયા જડની આત્માના સ્વભાવને ઘાત કરતી નથી. થઈ રહ્યું. આમ કહેવું છે. ક્ષાયિકી છે એમ કહેવું છે. ઓલો ઉદયનો ભાવ છે એ ક્ષણે-ક્ષણે નાશ થતો જાય છે-ક્ષાયિકી છે એમ સિદ્ધ કરવું છે. અરે..! ભગવાન! શું કરે છે? બહાર આવું આવ્યું ત્યારે સમુળગા ઊંધા પડ્યા. ઘણા ઊંધા પડ્યા.

અહીં કહે છે.. આમાં તો ઘણા બોલો છે, ભાઈ! અહીં સ્વસમય પણ છઠ્ઠે શરૂ થઈ ગયો. અહીં સ્વસમય. ઓલો કહે કે સ્વસમય થાય સિદ્ધને. પરસમય હજી ચૌદમા સુધી હોય. દિલ્હીમાં કહેતો હતો. કીધું, આ શું કહે છે આ? જુઓ આ. આ બોલમાંથી કેટલા ન્યાય નીકળે છે, જુઓ, કે '**અનાદિ વિભ્રમ જેનું મૂળ છે એવા ધર્મ-**' એટલે શુભભાવ હોં! અહીં શુભભાવ. દયા, દાનના શુભભાવ અને અધર્મ એટલે પાપભાવ, એને પરસમય,

એ પરસમય છે. શુભ-અશુભભાવ બેય પરસમય એટલે વિકાર છે, દોષ છે, દુઃખરૂપ ભાવ છે. એને દૂર કરીને. દૂર કરીને એટલે? દૂર કરીને અહીં શબ્દ છે. સમજાવે છે એને. આ બાજુ ઠરે છે એટલે દૂર થઈ જાય છે એને દૂર કરીને એમ કહેવામાં આવે છે. શૈલી તો શું કરવી સમજાવવા! સમજાણું કાંઈ?

પરસમય. એને પરસમય કીધો. શુભાશુભપરિણામને પરસમય કીધો, ભાઈ! ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય (હોય). ચૌદમા ગુણસ્થાન સુધી પરસમય (હોય, એમ કહે છે). દિલ્હીમાં વ્યાખ્યાન પૂરું થઈ રહ્યું. પા કલાક એણે... પરસમય ચૌદમા સુધી, સ્વસમય સિદ્ધને. તો ઓલો બીજો પંડિત કહે વાહ! બઢિયા! વ્યાખ્યા. શું આમાં કાંઈ.. કોણ જાણે.. ઓલા ઊંટ અને ગધેડા જેવું છે બધું. શું કરે છે કીધું આ? શું કહે છે કાંઈ વિચાર પણ કરો છો કોઈ કાંઈ?

અહીં તો જુઓ મુનિને કહે છે. મુનિએ પુણ્ય-પાપના ભાવને દૂર કરીને, હટાવીને સ્વરૂપમાં દૃષ્ટિ કરીને ઠરવું, ત્યારે તેને ચારિત્ર અને સ્વસમય થાય છે. સ્વ નામ આત્મામાં આવ્યો અને આત્મામાં ઠર્યો એમ સ્વસમય કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? છે? જેઠાભાઈ! '**પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવજ્યારૂપ પામીને (અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' આ દીક્ષા એનું નામ. એનું નામ દીક્ષા. ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્ય વસ્તુ, એની દૃષ્ટિ થઈ. હવે ઓલા શુભાશુભભાવ પણ જે હતા એને દૂર કરીને સ્વરૂપમાં ઠર્યો છે. શાંતિ... શાંતિ.. શાંતિ... શાંતિ... શાંતિ.. અતીન્દ્રિય આનંદ એવું જે ચારિત્ર એને પામીને, એમ અહીં કહ્યું છે. આ ચારિત્ર પામીને તો વર્તમાન પોતે કહે છે કે આ પામીને હું આ થાઉં છું એમ કહે છે. પ્રવચનસારમાં આવ્યુંને ભાઈ? .. પહેલાં ૯૨માં એમ કહ્યું, ૯૨માં. '**પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ**' રૂપી ધર્મને પ્રાપ્ત થયા છીએ. પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગને પ્રાપ્ત થયા છીએ, એમ કહે છે ત્યાં. આહાહા..! સમજાણું કાંઈ? ૯૨માં છે. પહેલે જે શરૂ કર્યું છે એ છેલ્લે ઉપાડ્યું.

અહીં તો પહેલેથી જ એ લખ્યું છે. એ ભાવના નિકટ રહે છે આત્મા સ્વયં પોતે ધર્મ થાય છે. લ્યો ઠીક! કેવી રીતે? જુઓ, '**ધર્મ થાય તે ખરેખર મનોરથ છે. તેને વિઘ્ન કરનારી તો એક બહિર્મોહદૃષ્ટિ જ છે. અને તે (બહિર્મોહદૃષ્ટિ) તો આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી...**' અમને ખબર છે કે હણાઈ જાય. જુઓ, હણાઈ ગઈ એ અમને ખબર છે, કહે છે. આત્મા જ્ઞાનસ્વરૂપ છે એના ભાન દ્વારા મોહદૃષ્ટિ હણાઈ ગઈ છે એમ અમને ખબર છે. '**હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.**' બીજો કોલકરાર. અમે આત્મા શુદ્ધ આનંદ છીએ એવી જે દૃષ્ટિ થઈ છે અનુભવ એ હવે ફરીને પડવાની નથી. એક વાત. '**માટે વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો (-વીતરાચારિત્રરૂપ પર્યાયે પરિણમેલો) મારો આ આત્મા...**' મારો આ આત્મા. જુઓ, આચાર્ય પોતે કહે

છે. **'વીતરાગચારિત્રરૂપે પ્રગટતા પામેલો મારો આ આત્મા સ્વયં ધર્મ થઈને, સમસ્ત વિઘ્નનો નાશ થયો હોવાથી સદાય નિષ્કંપ જ રહે છે.'** જુઓ, આ મુનિપણું. લૂગડા ફેરવ્યા, નાગા થઈ ગયા અને નગ્ન થઈ ગયા અને સાધુ થઈ ગયા. ક્યાંથી લાવ્યો પણ?

ભગવાન આત્મા શુભાશુભપરિણામરહિત થઈ, શુદ્ધ ચિદાનંદના આનંદમાં કેલી કરતો નિષ્કપંન્નપણાના આનંદને પ્રાપ્ત થાય, વીતરાગચારિત્રરૂપી શુદ્ધોપયોગને પ્રાપ્ત થાય તેને અહીંયાં ચારિત્ર અને સાચી દીક્ષા કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? **'અતિ વિસ્તારથી બસ થાઓ. જયવંત વર્તો સ્યાદ્વાદમુદ્રિત...'** વગેરે લેશે. પછી છે જુઓ, **'અને જયવંત વર્તો પરમ વીતરાગચારિત્રસ્વરૂપ શુદ્ધોપયોગ કે જેના પ્રસાદથી આ આત્મા સ્વયમેવ (-પોતે જ) ધર્મ થયો.'** જુઓ આ. ઓલા કહે કે અમને સમ્યગ્દર્શનની ખબર ન પડે, ચારિત્રની ખબર ન પડે. આંધળે આંધળા છે.

**શ્રોતા :-** ચારિત્રની તો ખબર પડે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** એ ચારિત્ર તો આ વ્રત ને ક્રિયા એ ચારિત્ર. આ ચારિત્રનું ભાન કે દી હતું એને. સમજાણું કાંઈ?

અહીં તો કહ્યું કે **'આગમકૌશલ્ય તથા આત્મજ્ઞાન વડે હણાઈ ગઈ હોવાથી હવે મને ફરીને ઉત્પન્ન થવાની નથી.'** આત્મજ્ઞાન દ્વારા, જ્ઞાન અને આત્મા શુદ્ધ એમ કર્યું, ભ્રાંતિનો નાશ થઈ ગયો. સ્વરૂપમાં ઠર્યા, વીતરાગચારિત્ર શુદ્ધોપયોગે અમે પરિણમી ગયા છીએ, એ અમારું ચારિત્ર અને દીક્ષાપણું છે. સમજાણું કાંઈ? કેટલું સ્પષ્ટ કર્યું છે પોતે. કહે છે કે નિશ્ચયચારિત્ર તો અત્યારે છે નહિ-નિશ્ચયસમકિત. અને વ્યવહારસમકિત તમે કહો છો કે નિશ્ચય વિના હોય નહિ. માટે વ્યવહારસમકિત પણ નહોતુંને કુંદકુંદાચાર્યને? તમારા સોનગઢને હિસાબે. એમ કહે છે. આ વ્યવહાર તો હતો નહિ, નિશ્ચય એક જ હતો. એમ કહે છે. વીતરાગચારિત્ર. વ્યવહારનું તો જ્ઞાન હતું. વ્યવહાર વિકલ્પ જરી બાકી આવતો છઠ્ઠે. સાતમે તો એકલા વીતરાગચારિત્રનું પરિણમન છે. સમજાણું કાંઈ? આહાહા..!

ત્યાંથી ઉપાડ્યું છેને. .. આવે છે એને ઓળંગી જઈને સામ્યને પ્રાપ્ત કર્યું છે. એ છેલ્લે સરવાળો કરી નાખ્યો. વર્તમાન મુનિ પોતે આવા ચારિત્રવંત મુનિ એને મુનિ કહેવાય. સમજાણું કાંઈ? છે કે નહિ આમાં ચોખવટ કાંઈ? કે બાકી છે આમાં કાંઈ? આહાહા..! સર્વજ્ઞસૂર્ય જ્યાં છે ત્યાં શું વાત બાકી હોય! પરમાત્માએ પૂર્ણ જાણીને ઈચ્છા વિના વાણી નીકળી ગઈ. ધોધમાર વસ્તુનો જે સ્વભાવ છે એને બતાવ્યો છે.

ભાઈ! તારું ચારિત્ર એટલે શું? પહેલાં તો વિભ્રમનો નાશ કર એટલે કે 'પુણ્ય-પાપ તે હું છું' એ દૃષ્ટિ છોડી દે અને 'પુણ્ય-પાપના પરિણામ હું કરું છું' એ કર્તૃત્વબુદ્ધિ છોડી દે. તો જ્ઞાયકબુદ્ધિ થતાં તને મિથ્યાત્વનો નાશ થશે અને મિથ્યાત્વનો નાશ થઈને પછી સ્વરૂપ તરફ દૃષ્ટિ સ્થિર થતાં શુભાશુભપરિણામનો નાશ થશે, ત્યારે સ્વસમય નામ શાંતિનું વેદન

એવું ચારિત્ર તને પ્રગટ થશે. કહો, સમજાણું કાંઈ? પોપટભાઈ! વાત વિસારે વઈ ગઈ બધી. જે સાચી હતી તે વઈ ગઈ અને ખોટી હતી તે રહી ગઈ. ભારે કર્યા.

અહીં તો કહે છે, જોયું! '**પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' ઠીક! ભગવાન આત્મા ચૈતન્યબિંબ છે એવું પહેલું ભાન સમ્યગ્દર્શનમાં થયું અનુભવ થઈને. પછી અહીં તો કહે છે. એ પહેલેથી ઉપાડે છે વાત એવી કે વિભ્રમનું મૂળ શુભાશુભભાવ. ખંડ-ખંડ ભાવ છે એને સ્વરૂપની સ્થિરતા દ્વારા છોડી દીધો. એટલે વિભ્રમ છોડતા એ છોડી દીધો એમ કહેવામાં આવે છે.

'**પરસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' એટલે એમાં શું છે? ભાઈ! કર્મનો અભાવ થયો માટે ચારિત્ર પામ્યો એમ નહિ, શુભાશુભપરિણામ ગયા માટે (પામ્યો એમ નહિ), હું પોતે જ પોતાને ચારિત્રપણાની દશાને પ્રાપ્ત થયો. અસ્તિથી વાત કરે છે. શું કીધું? ફરીને. દૂર કરીને તો નાસ્તિથી થયુંને. કર્મને દૂર કરીને તો પ્રશ્ન જ નથી. કારણ કે કર્મ તો રજકણો છે, એને કારણે જાય ને આવે, પણ શુભ-અશુભભાવ છે એને દૂર કરીને એટલે એના ઉપરથી લક્ષ છોડી દઈને, સ્વરૂપ તરફ થઈને જ્યાં સ્થિરતા શાંતિ... શાંતિ... શાંતિ... શાંતિ... આનંદનો શેરડો ઉભો થયો અંદર, સ્વસંવેદન આનંદ વધ્યો એવા જે ચારિત્રને પામીને, એમ કહે છે, એનું નામ ચારિત્ર છે, એનું નામ સાધુપદ છે. સમજાણું કાંઈ?

ન હોય સાધુપદ એ વાત જુદી, પણ જેવું હોય એવું એની શ્રદ્ધામાં પણ ન આવે તો એ કરશે કે દી? આગળ વધશે કે દી? અને એની શ્રદ્ધા સાચી થશે કે દી? સમજાણું કાંઈ? જ્યાં નથી ત્યાં માનશે એટલે થઈ રહ્યું એ રખડે છે એમ ને એમ અનંતકાળથી. પંચમહાવ્રતના પરિણામ, કોઈ ક્રિયા દયા, દાનના, વ્રતના થયા. થઈ રહ્યું જાવ. 'માણસ હોના મુશ્કેલ હૈ, સાધુ કહાં સે હોય? સાધુ હુઆ તો સિદ્ધ હુઆ, કહેણી ન રહી કોઈ.' સાધુ! આહાહા..! સમજાય છે કાંઈ?

આચાર્ય કહે છે.. અહીં તો પૂરી વાત કરવી છેને? એ વિભ્રમનું મૂળ જે એવા શુભ-અશુભભાવ, એવો પરસમય એટલે વિકારી ભાવ, ભગવાન નિર્વિકારી પરમાત્મ પોતાનું સ્વરૂપ, તેનો આશ્રય લઈને, દૂર કરીને પોતે પ્રવ્રજ્યારૂપ પામીને. '**(અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' આ દીક્ષા. કહો, સમજાણું કાંઈ? અત્યારે તો દીક્ષા જુઓને બધાને મુંડે છે જેને-તેને. છોકરો આવ્યો કો'ક આવ્યો ગરીબ માણસ, રોટલા ન મળતા હોય તો આવો, દીક્ષા લઈ લે ભાઈ. તારી જો બધા સેવા કરશે. દીક્ષા કોને કહેવી તને ભાન પણ નથી. સમજાણું? દીક્ષા તો ઈન્દ્રોને પૂજ્ય છે. ઈન્દ્રોને પૂજ્ય છે અને દીક્ષા તો ચારિત્રવંતને પણ પૂજ્ય છે. ચારિત્રવંત સંતો પણ દીક્ષાવંતને નમસ્કાર કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

કહે છે કે ભગવાન આત્મા પહેલો ભ્રમણા ટાળે કે 'પુણ્ય-પાપ તે હું છું અને મને એનાથી લાભ છે અને એનું કર્તૃત્વ મારું છે' એ છોડી દે. ત્યારે તેને વિભ્રમ નાશ થઈને જ્ઞાયક

ચૈતન્યમૂર્તિ... સમજાય છે કાંઈ? વસ્તુ સ્વભાવ ચૈતન્ય ધ્રુવ તેને અવલંબીને જે સમ્યગ્દર્શન-જ્ઞાન થાય તેનાથી વિભ્રમનો નાશ થયો. થયું આ. નાશ થયો નાસ્તિથી થયું આ. હવે શુભાશુભપરિણામને દૂર કરીને એટલે એ તો નાસ્તિથી કથન કર્યું. સ્વરૂપમાં સ્થિરતા દ્વારા આત્માની ચારિત્રદશા દીક્ષા નામ રમણતા સ્વસમયને પામીને, અંદર સ્વસમયનું પરિણમન પામીને, એ મોક્ષમાર્ગને પામીને, એમ કહે છે. આહાહા..! ચાર બોલ કહ્યા. પ્રવ્રજ્યા એને કીધી, એને દર્શન-જ્ઞાન-ચારિત્ર કીધું, એને મોક્ષનો માર્ગ કીધો, એને સ્વસમય કીધો.

ફરીને. નિજઘરની રમતુંની ખબર ન મળે, પરઘરમાં રખડે અને માને કે અમે ધર્મ કરીએ છીએ. સમજાણું કાંઈ? કહે છે કે ભગવાન આત્મા શુદ્ધ ચૈતન્યઘન છે, આનંદકંદ છે. એની અંતર દૃષ્ટિનું પરિણમન કરી અને પુણ્ય-પાપ પરિણામ ભિન્ન છે એમ કર્યું. હવે આમ ઠર્યો અંદર ત્યારે ચારિત્રપણાને પામ્યો. તો શુભાશુભપરિણામ દૂર થયા અને ચારિત્રની પર્યાયપણે પરિણમ્યો જીવ.

'**(અર્થાત્ પોતે જ નિશ્ચયચારિત્રરૂપ દીક્ષાપણાને પામીને),...**' કહો, આવી દીક્ષા છે આ. જેઠાભાઈ! પરમ વીતરાગચારિત્રરૂપ શુદ્ધોપયોગ તે ચારિત્ર છે. આહાહા..! શું કરે છે? ઓલામાં નાખ્યું છે. આ તમારી વાંચો છોને ખાણિયા? એમાં આવશે. એમાં પંડિતજીએ નાખ્યું છે. નહિ આમ થાય, તેમ થાય, ફલાણું થાય. શુભોપયોગ છે તે સાતમા ગુણસ્થાન સુધી હોય, શુદ્ધ હોય નહિ, શુદ્ધ તો ઉપર હોય. હવે અહીં તો કહે છે, શુદ્ધ સાતમે હોય અને ત્યારે જ એને ચારિત્ર કહેવાય અને ત્યારે એને સમ્યગ્દૃષ્ટિ સહિત કહેવાય છે. સમજાણું કાંઈ? આવું તો કેટલાકે સાંભળ્યું પણ નહિ હોય દીક્ષા લે છે ઈ. આ પૈસાવાળા માણસ કોઈ દીક્ષા લેતો હોય, મુંડતો હોય તો આપણે ભાઈ દીક્ષા લઈ શકતા નથી, તો દીક્ષા લ્યો, પાંચ-દસ હજાર ખર્ચો જાવ. વરઘોડો કાઢો ઘરેથી.

**શ્રોતા :-** કરવું, કરાવવું અને અનુમોદવું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** પાપ કરે, કરાવે અને અનુમોદે છે—ત્રણ. સમજાણું કાંઈ?

'**પરમસમયને દૂર કરીને, પોતે જ પ્રવ્રજ્યારૂપને પામીને...**' પ્રવ્રજ્યા નામ દીક્ષા, દીક્ષા નામ નિશ્ચયચારિત્ર. નિશ્ચયચારિત્ર એટલે યથાસ્વરૂપરમણતા. આત્મામાં આનંદની રમણતા તેને ચારિત્ર કહે છે. આ પુણ્ય-પાપની રમણતા તેને અચારિત્ર અને દુઃખ કહે છે. આહાહા..! ચારિત્રમાં આનંદ છે. પુણ્ય-પાપના ભાવમાં દુઃખ છે, પણ એને ભાન નથી. ચારિત્ર તે દુઃખરૂપ હોય કે ચારિત્ર તે સુખરૂપ હોય? સમજાણું કાંઈ? આ તો કહે કષ્ટ સહન કરવા પડે અને બાપા પાણી ઊના પીવા પડે, લોંચ કરવા પડે એને ચારિત્ર માને. એય..! પોપટભાઈ!

**શ્રોતા :-** લોઢાના ચણા ચાવવા..

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** લોઢાના ચણા ચાવવા. આહાહા..! એમને આપી હશે દીક્ષા એટલે .. ગયા હશો કે નહિ ભેગા? એની ભત્રીજીએ દીક્ષા લીધી છે તો ત્યાં બેસાડ્યા હોયને

મોટા છે તો ત્યાં. દીક્ષા.

**શ્રોતા** :- .. અહીં આવી ગયા.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- એને એમ કે અટકાવ્યું વળી. દીક્ષા કેવી? મિથ્યાત્વની દીક્ષા છે. ભ્રમણા પાકી કરવી કે એમાં ધર્મ નથી અને ધર્મ માનવો એ પાકી ભ્રમણા થઈ. સમજાણું કાંઈ?

અહીં તો આચાર્ય કહે છે... ઓહોહો..! '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમયને પ્રાપ્ત કરીને,...**' જુઓ, દર્શન-જ્ઞાન. સ્વરૂપનું દર્શન, સ્વરૂપનું જ્ઞાન અને સ્વરૂપમાં રમણતા એ ચારિત્ર, એવી સ્થિતિ. ત્રણની સ્થિતિરૂપ સ્વસમય એને સ્વસમય કહ્યો અહીં તો. કહો, સમજાણું કાંઈ? એ તો અંતરાત્માને બહિર્આત્મા અને પરસમય કહ્યો છેને એ બારમા ગુણસ્થાન સુધી. એ જુદી અપેક્ષાએ વાત છે. એ તો પૂર્ણ નથી એ અપેક્ષાએ. પણ તેરમે તો સ્વસમય જ છે. આ પણ સ્વસમયની શરૂઆત થઈ ગઈ છે. અન્ય સ્વસમય જ આખો ગણ્યો છે. સમજાય છે કાંઈ? દિલ્હીમાં છે કે નહિ ભાઈ આ? વ્યાખ્યાન થયું હતુંને? વિદ્યાનંદજી. .. નહિ, સભામાં. અમારા વ્યાખ્યાન પછી પા કલાક બોલ્યા હતાને? એમાં બોલ્યા હતા. સિદ્ધમાં સ્વસમય હોય છે, ચૌદમે પરસમય હોય છે. પહેલા મંદિરમાં પણ સવારે બોલ્યા હતા. એ પ્રતિમા.. ત્યાં પણ બોલ્યા હતા. અહીં પણ બોલ્યા હતા. મેં પૂછયું કોઈને... પણ આ શું કહે છે? એ તો કોઈ અપેક્ષાએ કહેતા હશે. ગપ મારે તો પણ કોઈ અપેક્ષાએ.

**શ્રોતા** :- ...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- .. મુક્ત એટલે શું પણ? એ તો મુક્તની, સિદ્ધની અવસ્થાને સ્વસમય કહે છે એમ કહે છે. અહીં છેને? જુઓને, અહીંથી શરૂઆત કરી છે. ચોથે ગુણસ્થાનથી સ્વસમય શરૂ થાય છે. છઠ્ઠાની તો પોતે મુનિ છે ત્યાંથી વાત કરી છે વધારે. સમજાણું કાંઈ? હજી દર્શનશુદ્ધિની ખબર ન મળે એને ચારિત્ર ક્યાં આવ્યા અને ક્યાં પ્રવજ્યા આવી અને દીક્ષા ક્યાં હતી? ... માને કે અમે સાધુ છીએ.. સાધુ છીએ... સાધુ છીએ. મિથ્યાત્વને ઘૂંટે, મિથ્યાત્વ વધારે, નિગોદમાં જાય અને માને કે અમે ધર્મ કર્યો હતો. આવું છે લ્યો! એય.. જેઠાભાઈ! તમે એવું કર્યું હતું કે નહિ? તમે એવું બધું કરાવ્યું હતું કે નહિ?

**શ્રોતા** :- ઘણું કર્યું હતું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- ઘણું કર્યું હતું. ઓહોહો..! આ ખોટાઓને ખોટ પડશે. આહાહા..! અરે..! ભાઈ!

આહા..! ચારિત્ર! જેને કુંદકુંદાચાર્ય નમસ્કાર કરે. નમો લોએ સવ્વસાહૂણં. આહાહા..! એ તે પદ કેવું છે? સ્વરૂપની દૃષ્ટિ થઈ, શુદ્ધ ચૈતન્યનો અનુભવ થઈ અને પુણ્ય-પાપના ભાવથી દૂર થઈ, અસ્થિરતાથી દૂર થઈ અને સ્થિતિને પામ્યો, એમ કીધુંને? '**દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમય...**' એમાં સ્થિતિરૂપ સ્વસમય. એ તો જે બીજી ગાથામાં

લીધું. **'સ્વસમયને પ્રાપ્ત કરીને, મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...'** ભાષા જુઓ, એ મોક્ષમાર્ગનું સ્વરૂપ એ છે કે મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને, આ નિશ્ચયમોક્ષમાર્ગને પોતામાં પરિણત કરીને. એટલે શું? શુદ્ધ આનંદસ્વરૂપની શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ આત્મામાં પરિણત કરીને. એ વિકલ્પ અને રાગ એ કોઈ મોક્ષમાર્ગ છે નહિ. સમજાણું કાંઈ?

કેટલું સિદ્ધ કર્યું છે આટલામાં! સ્વસમય, પરસમય, દર્શન-જ્ઞાન-ચારિત્ર, **'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...'** છે? એ શું કીધું એમાં? ભગવાન ચૈતન્યઘન છે, એનો અનુભવ કરીને, સ્થિરતા કરીને, શ્રદ્ધા, જ્ઞાન અને શાંતિ કરી એ નિર્વિકારી પરિણતિ, વીતરાગ અવસ્થા પોતે, પોતે પરિણત કરીને. પુણ્યના ભાવ એ પર છે, એ રૂપે પરિણત થવું એ મોક્ષમાર્ગ નથી. દયા, દાન, વ્રતાદિના, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો રાગ એ મોક્ષમાર્ગ નથી, એમ કહે છે.

**શ્રોતા :-** બંધમાર્ગ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :-** બંધમાર્ગ છે. ભારે વાત!

**'સ્વસમયને પ્રાપ્ત કરીને,...'** દર્શન-જ્ઞાન-ચારિત્ર... ત્યાં પણ કહ્યું,

**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**
**पोग्गलकम्मपदेसट्ठिदं च तं जाण परसमयं।।२।।**

વિકારમાં સ્થિત અને વિકારરૂપે પરિણમે છે એ પરસમય છે, અનાત્મા છે; અને જે આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ પોતાના દર્શન, જ્ઞાન અને ચારિત્રરૂપે પરિણમે છે, તે સ્વસમય ને આત્મા છે. એને આત્મા કહેવામાં આવે છે. સમજાણું કાંઈ? પુણ્યપણે પરિણમે એ આત્મા ક્યાં છે? પુણ્ય તો અનાત્મા છે. શુભરાગ પ્રશસ્ત એ આત્મા ક્યાં છે? એ તો આસ્રવ છે, અનાત્મા છે. એથી અહીં કહે છે કે **'મોક્ષમાર્ગને પોતામાં જ પરિણત કરીને,...'** ભગવાન આત્મા શુદ્ધ ઘન ચૈતન્ય, અંતર અનુભવ દષ્ટિ કરી, પછી સ્વરૂપમાં સ્થિરતારૂપ અને એનું જ્ઞાન, એ ત્રણ રૂપે પોતે પરિણમીને, પોતાનો શુદ્ધ સ્વભાવ એ રૂપે થઈને, **'જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...'** લ્યો ઠીક! સમજાણું? **'જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને પ્રાપ્ત કર્યો છે...'** પહેલાં દષ્ટિનું શુદ્ધનયનું લેશે, શુદ્ધનયથી આત્માને દેખવો, દર્શન-જ્ઞાનની નિર્મળતા કરવી, પછી સ્થિરતા. સાતમે ગુણસ્થાને સ્થિરતાથી આત્માને સ્થિર કરવો એ બીજા પ્રકારનું દેખવું છે અને ત્રીજા પ્રકારનું પૂર્ણ જ્ઞાન થઈ ગયું એ ત્રીજા પ્રકારનું દેખવું છે. કાલે પૂછતા હતાને દેખવાનું? સમજાણું કાંઈ? એ છેલ્લો શબ્દ આવે છે ખરોને. દેખવું.

આ તો ભાઈ, અધ્યાત્મ છે અને માખણ વાત છે. એટલે થોડા શબ્દોમાં તો ઘણું ભર્યું હોય છે. સમજાણું? કાર્ડમાં બે લીટી હોય. ચૈત્ર સુદ બીજના ધોકડાનો ચાલતો હોય ૫૬૦નો

ભાવ, પણ ૬૧૦ ને ૨૦ સુધી મળે તો લાખ દોકડા લેજો. એટલું કાર્ડમાં લખ્યું હોય. ચૈત્ર સુદ બીજના એક લાખ ધોકડા ૬૨૫ના ભાવ લીધા. ૫૬૦નો ભાવ ચાલતો હોય. એટલો .. ખુલ્યો મૂક્યો હોય કવર વિનાનો અને ઓલો દેવા આવે પોસ્ટમેન. દોઢ લીટી છે. એને કાંઈ ખબર ન પડે શું છે આ. એમાં જો અભણ હોય તો કાંઈ ખબર ન પડે. એ પોસ્ટમેન અભણ ન હોય. સમજ્યાને? પણ એને ખબર ન પડે કે આ શું છે. વાંચે તો ખબર પડે કે આ તે શું કહે છે? જેને લખે છે એની પાસે કેટલી મૂડી હશે? અને કેટલી હિંમત હશે? અને જે લખે છે એની કેટલી તાકાત અને કેટલો મૂડીવાળો હશે? આ આટલા ભાવે ચાલતા ભાવથી વધારે ભાવ લાખ ધોકડા લેજો. એની હિંમત કેટલી? એના ઘરે પૈસા કેટલા? એની પેદાશ કેટલી? શું હશે? એ દોઢ લીટીમાં બધું નીકળે છે. નીકળે છે? એમ આ લીટીમાં બધું નીકળે છે.

**શ્રોતા** :- એ દૃષ્ટાંત ઉપરથી દૃષ્ટાંત...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- દૃષ્ટાંત છે. આમ જ્યાં કાર્ડ નાખવા જાય તો બેઠો હોય. ગાદી તકિયે ગાદી હોયને? બેઠો હોય. નાનું ઓલું હોય. કારણ કે માલ .. હોય નહિ ઘરે. અદ્ધરથી અને અદ્ધરથી પૈસાની મૂડી અને આબરૂ અને કીર્તિ હોય એટલે જાવ પાંચસો ધોકડા લઈ આવો, હજાર લઈ આવો. દસ-પંદર ધોકડા.. એની પાસે પૈસા કેટલા હશે? એની મૂડી કેટલી હોય? કદાચિત લીધું અને તરત લેવા આવે તો દેવું પડે. તરત લેવા આવે તો દેવું પડે. કે ભાઈ આ તમે લીધા એ લાવો પૈસા અમારા અત્યારે. ત્યાં ના ન પડાય. દેવાળિયો કહેવાય. એટલે પૈસા તો ઘરે રાખવા જ પડે. કહો, સમજાણું? વ્યાજે લીધા હોય, ... અમુક દસ હજાર, પંદર, વીસ હજાર, પચ્ચીસ હજાર તો પડ્યા જ હોય એની પાસે. કારણ કે કો'ક આજે આવ્યો હોય તો ના ન પડાય. સમજાણું?

એમ જેની પાસે આત્માની લક્ષ્મી પ્રગટી છે એને પ્રતિકૂળતા આવે તો સહન કરવાની એનામાં શાંતિની તાકાત હોવી જોઈએ. સમજાણું કાંઈ? 'હું જ્ઞાતા-દૃષ્ટા છું. મને .. કોઈ છે નહિ. હું વીતરાગ પરિણતિએ પરિણમેલો આત્મા છું.' એનું નામ ચારિત્ર અને સાધુ કહેવામાં આવે છે. એને પરિષહ અને ઉપસર્ગ કાંઈ ગણવામાં આવતા નથી. એમ કહે છે. '**મોક્ષમાર્ગને...**' ભાષા કેટલી! મોક્ષમાર્ગ સિદ્ધ કર્યો, સ્વસમય સિદ્ધ કર્યો, પરસમય સિદ્ધ કર્યું, શુભાશુભ રહિત પ્રવજ્યા સિદ્ધ કરી, દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિ તે સિદ્ધ કરી. ઓહોહો..! સમજાણું કાંઈ?

**શ્રોતા** :- બધું ભરી દીધું.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- બધું ભરી દીધું? ભગવાનના ઘરમાં શું બાકી હોય? બધું ભરી દીધું એને. આહાહા..!

ભાઈ! તું પૂરો પ્રભુ છો, ભાઈ! તારામાં જ્ઞાન ભર્યું છેને! અને એ જ્ઞાનનો ઉકેલ કરીને

કેવળજ્ઞાન પ્રગટ કર, તો પણ તે કેવળજ્ઞાન અંદરથી બીજું ચાલ્યું આવે, ત્રીજું ચાલ્યું આવે અનંત કેવળજ્ઞાન આવે એવો તારો ગુણનો દરિયો છે. શું કીધું? અનંત કેવળજ્ઞાન પામે, એક સમયનું કેવળજ્ઞાન, બીજા સમયનું કેવળજ્ઞાન, ત્રીજા સમયનું કેવળજ્ઞાન. એવા અનંતા કેવળજ્ઞાન કાઢ તો એ દરિયો ખૂટે નહિ એટલું એ પાણી છે. પાતાળ કૂવો છે ઊંડો. સમજાણું?

આ જનડાનો કૂવો છેને બોટાદ પાસે, જનડાનો કૂવો. અઢાર કોષ જોડે અઢાર. અઢાર કોષ. આ બોટાદ પાસે. પાણી ખૂટે જ નહિ. જનડાનો નહિ? પાટી પાસે. આપણે જોયો નથી. છેટેથી નીકળ્યા હતા. આમાં અઢાર કોષ પાણી ભરે. અઢાર કોષ એકસાથે ચાલે ચારે બાજુ. પાણી ખૂટે જ નહિ. પાણી નહોતું ત્યારે દેખાતું નહોતું. બહુ ખોદેલું, બહુ ખોદેલું. પછી એક થોડું આઠ તળ, દસ તળ બાકી રહી ગયેલું પાતાળમાં. એમાં નીકળી જાન. અને જાન નીકળી આઘે જાવું હશે. રાતના ચાલી હશે બે-ત્રણ વાગે વહેલી. પાંચેક વાગે, ત્રણ વાગે ભાઈ અહીં ખોટી થાવ. પાણી-બાણી કાઢીએ. કૂવો છે એમ ધારીને. કૂવામાં આમ જ્યાં નાખ્યું દોરડું તો દેખાય નહિ પાણી. પાણી ન મળે શું આ? આ કૂવો ખાલી લાગે છે. અંધારે દેખાય નહિ. એક જણે પથરો મોટો ઉપરનો હતો ૨૫ મણનો. નાખ નીચે કહે એમાં નાખ પથરો. એનો કાઢેલો બહાર પડેલો. નાખ્યું ને તૂટ્યું. તૂટ્યું ને પાણી બહાર. હવે અઢાર કોષ જોડે છે તો પાણી ખૂટતું નથી.

એમ રાગની એકતાની આડમાં જ્ઞાન અંદર કૂવો બંધ થઈ ગયેલો છે. મહેનત કરી-કરીને મરી ગયો કષાયને મંદ કરીને, ક્રિયા કરી કરીને પણ કૂવો ખોદાય નહિ—પાણી નીકળે નહિ અંદરથી. સમજાણું કાંઈ? કષાય મંદ કરી, દયા, દાન, ભક્તિ, વ્રત, તપ કરી સૂકાઈ ગયો બિચારો, પણ પાણી નીકળે નહિ; પણ એક રાગની એકતા તોડી, રાગ અને આત્મા એક નથી એ તો ભિન્ન છે. તોડી ત્યાં જ્ઞાનનો પ્રવાહ ફાટ્યો અંદરથી. સમજાણું કાંઈ? એને કેવળજ્ઞાનની શ્રદ્ધા થઈ ગઈ. ઓહોહો..! આ તો જ્ઞાનનો દરિયો એકલો. સમ્યગ્દર્શનમાં પ્રતીત થઈ કે કેવળજ્ઞાન આ છે શક્તિરૂપે. હું તો કેવળજ્ઞાનનો પિંડ જ છું. શ્રદ્ધામાં કેવળજ્ઞાન પ્રગટ થઈ ગયું. આહાહા..! પછી સ્વરૂપની સ્થિરતા કરતાં પુણ્ય-પાપના ભાવથી રહિત થશે. એ ચારિત્ર છે.

એટલે ત્રણ ભેગા કર્યા. દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિતિરૂપ સ્વસમય. સ્વસમય એટલે આત્મા. પોતાના આત્માની આ રીતે પરિણતિને પ્રાપ્ત કરીને મોક્ષમાર્ગને પોતામાં પરિણત કરીને.. હવે મોક્ષમાર્ગના બે પ્રકાર ક્યાંથી લાવશે આમાં? આત્મા સ્વઆશ્રયે પોતાની શ્રદ્ધા-જ્ઞાન-શાંતિને પરિણમાવે તેને મોક્ષમાર્ગ કહે છે. કહો. સમજાણું કાંઈ? બે હતા કે દી? બે મોક્ષમાર્ગ ન માને એ ભ્રમમાં પડ્યા છે. ટોડરમલ કહે, બે મોક્ષમાર્ગ માને એ ભ્રમમાં પડ્યા છે. ભગવાન! શું કરે છે? ભાઈ! આપણા બાપને શોભતું નથી આ. કોને ખબર છે કે બાપ કોણ છે? અરે..! પણ શું બોલે છે તું આ! અરે...! ગજબ કરે છેને! કોણ બોલે છે? શું કરે છે આ? સમજ્યાને? ભાઈઓમાં તકરાર થાયને? ભાઈઓ ભાઈઓમાં? અરે..! આપણને આ

બાપને શોભે નહિ. કોના બાપના દિકરા આપણે? ત્યારે ઓલો સામો કહે, પણ મારો બાપ કોણ છે મને ખબર નથી. અરે..! મૂર્ખા, બોલાય નહિ. આ શું કરે છે તું? આ બેમાં અનુકૂળતા અથવા મારું ખોટું પાડવા આ બોલે છે, તું શું બોલે છો આ? ભગવાનજીભાઈ! ભાન ભૂલી ગયો. અરે..! શું કહે છો આ? કાળા કેર. બાપ તો મા જાણે. અરે..! શું તું કહે છો આ? આ શબ્દો. મારી સામે ખોટું પાડવા અને તારી અધિકાઈ રાખવા આ વચ્ચે આવી વાત લાવ્યો? ગુલાબભાઈ! શોભે?

અહીં આચાર્ય કહે છે, ભગવાન આત્મા.. પ્રજા વિકાર છે એ પર છે, ભગવાન સ્વ છે. એની અંતરમાં રાગની એકતા તૂટી ને સ્વરૂપની સ્થિરતા થઈ તેને સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કહે છે. ફલાણે ઠેકાણે રાગથી લાભ કીધો, ઢીકણાથી લાભ કીધો. હવે નથી કીધો ક્યાંય સાંભળને. ભગવાનને તું જાણે છો? અને આત્માને જાણ્યા વિના તું આવા ઊંધા અર્થ કરે છો. સમજાણું કાંઈ?

‘**જેણે સંપૂર્ણ વિજ્ઞાનઘનસ્વભાવને...**’ સંપૂર્ણ કીધુંને એટલે ત્રણ પ્રકાર લેશે પછી. વિજ્ઞાનઘન સ્વભાવ પ્રાપ્ત કરીને, છેલ્લું કહે છેને કે ‘**એવું, ત્યાગ-ગ્રહણથી રહિત,...**’ જુઓ, હવે કહ્યું. શું કહે છે? રાગનો ત્યાગ કરું અને સ્વરૂપનું ગ્રહણ કરું એ પણ રહ્યું નથી, સ્થિર થઈ ગયો. પરવસ્તુનો ત્યાગ અને ગ્રહણ તો આત્મામાં છે જ નહિ. પરવસ્તુ તો આવી જ નથી, છોડી પણ નથી. એ તો પર પરમાં જ છે. પર પર થઈને રહી છે. એક રાગ અને પુણ્ય પોતાના માનીને જે અસ્થિરતામાં પરિણમ્યો હતો, એનો ત્યાગ અને ગ્રહણ પછી રહ્યું નહિ. એ ભાવ છૂટી ગયો, સ્વરૂપમાં સ્થિર થઈ ગયો. એટલે પછી સ્થિર થવાનું રહ્યું નહિ, ત્યાગ કરવાનો રહ્યો નહિ. ત્યાગ-ગ્રહણથી રહિત સ્વરૂપમાં સ્થિર થઈ ગયો. આ ઉત્કૃષ્ટ વાત લીધી ચારિત્રની.

‘**ત્યાગ-ગ્રહણથી રહિત,..**’ ઓલું આવે છે ખરુંને આગળ? છઠ્ઠી ગાથામાં. ‘**ત્યાગ-ગ્રહણથી રહિત,...**’ આવે છેને છઠ્ઠીમાં? પ્રયોગથી વિસ્તાથી પરનો ત્યાગ છે જ નહિ. એ આવવાનો એનો ઉપોદ્‌ઘાત કરે છે. આ શૈલી એવી છેને. સમજાય છે કાંઈ? ત્યાગ-ગ્રહણથી રહિત ભગવાન છે એમ કહે છે. એટલે શું કહ્યું એ? એ પરનો ત્યાગ કરું અને પરને ગ્રહણ કરું એવું તો એનામાં છે જ નહિ, પણ રાગને છોડું અને સ્થિર થાઉં એવું પણ પછી રહ્યું નહિ. સ્વરૂપની દૃષ્ટિ થઈને સ્થિર જ્યાં થયો, ત્યાગ-ગ્રહણરહિત થઈ ગયો. જેમ છે તેમ જ્ઞાતા-દૃષ્ટાનો ઘન થઈ ગયો પિંડ.

‘**સાક્ષાત્ સમયસારભૂત,...**’ આ લ્યો! આ શુદ્ધજ્ઞાન ને. ઓલું કહેને ‘**અવ્યાપ્તિને દૂર કરતું થકું,...**’ શું? કે શુદ્ધજ્ઞાન, આવું જે જ્ઞાન. ‘**સાક્ષાત્ સમયસારભૂત,...**’ સાક્ષાત્ આત્મા થયો હવે. ભગવાન આત્મા પોતાના અનુભવની દૃષ્ટિસહિત સ્થિરતાની વીતરાગ પરિણતિએ સાક્ષાત્ સમયસાર થયો. લ્યો! ‘**સમયસારભૂત,...**’ સ્વસમય, મોક્ષમાર્ગ, દર્શન-

જ્ઞાન-ચારિત્ર, સાક્ષાત્ સમયસાર. કેટલા શબ્દો સમાડ્યા છે! આહાહા..! '**સાક્ષાત્ સમયસારભૂત,...**' સમય એટલે સમ્યક્ પ્રકારનું, સાર એટલે વિકારરહિત એવું આત્માનું સ્વરૂપ એવું પરિણમીને સાક્ષાત્ સમયસાર આત્મા થયો.

'**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન...**' લ્યો! એવું ખરેખરરૂપ શુદ્ધજ્ઞાન. એને ખરેખર શુદ્ધજ્ઞાન કહીએ. '**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક અવસ્થિત દેખવું...**' ઈ દેખવાના ત્રણ પ્રકાર પાડશે પછી. '**(-નિશ્ચળ રહેલું) દેખવું...**' પહેલાં તો શુદ્ધ સમ્યગ્દર્શનથી એને શુદ્ધનયથી શુદ્ધ છે એમ દેખવું એટલે પ્રતીત કરીને જોવું. પછી જેવું જાણ્યું છે એમ ઠરવું, ઠરીને દેખવું. અને પછી વિશેષ કેવળજ્ઞાન થઈને જેમ છે તેમ દેખવું—એવા ત્રણ પ્રકારે દેખવાની પદ્ધતિ એના અર્થમાં લેશે. સમજાણું કાંઈ? આહાહા..! એના અમૃતના ઘરની વાતું એણે કોઈ દી સાંભળી નથી. સૂરજના કિરણ કોઈએ મેલા કર્યા? કોઈ કારીગર નીકળે એવો કળાબાજ તો?

એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. એની પરિણતિ છે એ નિર્મળ જ હોય. એની મલિન કોઈ કરનાર ત્રણકાળમાં છે નહિ. એ પોતે અટકીને કરતો એ તો પર્યાયબુદ્ધિ હતી માટે. ભગવાન ચૈતન્યસ્વરૂપ, જ્ઞાનસ્વરૂપ, આનંદસ્વરૂપની જ્યાં દૃષ્ટિ થઈ, અનુભવ થયો, એમાંથી તો નિર્મળ પર્યાય-કિરણ જ વહે છે. બસ, એ નિર્મળ પર્યાયનું વિશેષ પરિણમન અને શુદ્ધ થવું એને અહીંયાં સ્વસમય અને સમયસાર કહેવામાં આવે છે એને શુદ્ધજ્ઞાન કહે છે. શુદ્ધજ્ઞાન હોં! શ્રુતજ્ઞાન એમ નહિ.

પરમાર્થરૂપ. '**પરમાર્થરૂપ શુદ્ધજ્ઞાન એક...**' જુઓ, એક પાછું લીધું. '**એક અવસ્થિત (નિશ્ચળ રહેલું)...**' સ્થિર... સ્થિર... સ્થિરબિંબ વીતરાગ. વિકલ્પની જાળ હોય છેને ઘડીકમાં કંઈક.. ઘડીકમાં કંઈક.. સળગતો હોય છે અગ્નિ વિકલ્પની જાળથી. ક્યાંય શાંતિ ન મળે. કહે છે કે જ્યાં વિકલ્પ તોડ્યા છે, દૃષ્ટિ થઈ છે અને વિકલ્પના અભાવે સ્થિરતા થઈ છે. ત્યાં શાંત... શાંત... બરફનો હિમ. સમજાણું? શીતળ સ્વભાવનો હિમ એવો ભગવાન, શીતળ સ્વભાવે ઠરેલો દેખવો. એનું નામ મોક્ષનો માર્ગ અને મોક્ષ કહેવામાં આવે છે. કહો, સમજાણું કાંઈ? આટલામાં ચાલ્યું ભાઈ, લ્યો! કેટલા નિવેડા આવ્યા આમાં તો. ઘણી વાત કરી છે આચાર્યે તો. ઓહોહો..! દીક્ષા ને ચારિત્ર ને પરસમય ને સ્વસમય ને મોક્ષમાર્ગ ને પોતાને આધારે પરિણમી ને.. વિકલ્પ-ફિકલ્પ... કેટલા પ્રકાર પાડ્યા! આ સરવાળો તો આ લાવ્યા એય.. પંડિતજી! ભલે પહેલું કહ્યું હતું કે વર્ણનું જ્ઞાન તે જ્ઞાન નથી, જ્ઞાનની પર્યાય છે. એટલે અટકાવ્યું નહિ. પર્યાયની સ્વતંત્રતા બતાવી બસ એટલું. આ જ્ઞાયક ચૈતન્યમૂર્તિ ભગવાન છે એમાંથી વિભ્રમ છોડી દઈ, ભ્રાંતિના મિથ્યાત્વ છોડી દઈ, સમકિત અંગીકાર (કરી), સ્વરૂપની દૃષ્ટિ અંગીકાર કરી, શુભાશુભપરિણામરહિત થઈ સ્વરૂપની સ્થિરતા અને ચારિત્ર અંગીકાર કરી, સ્વસમયને પ્રાપ્ત કરી, મોક્ષમાર્ગને પ્રાપ્ત કરી, પોતે પ્રવજ્યારૂપ થઈ પરિણમીને, આત્મા પોતે મોક્ષમાર્ગને પ્રાપ્ત થયો. આત્મા તે રીતે પરિણમીને મોક્ષમાર્ગ પોતાની પરિણતિ નિર્મળ સિવાય

દૂર હોતો નથી. સમજાણું કાંઈ? સંસારની સમજણ કરવી હોય તો માથાફોડ કરે, લ્યો. મેટ્રીક ભણવું હોય તો જુઓને પહેલા તો બાંધતા, ચોટલી બાંધતા. ચોટલા-બોટલા વયા ગયા. પહેલા ચોટલી રાખતા.

**શ્રોતા** :- હવે અહીં ચોટલી રાખે છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :- પણ ત્યાં ન બાંધે, ક્યાં બાંધે? પહેલા અહીં રાખતાને. ઝોલું આવે તો તણાય એટલે જાગી જાય. મેટ્રીકમાં મહેનત માટે. હવે તો એવી નથી. મેટ્રીક માટે મહેનત કરતા, લ્યો! ઘણા વખત પહેલાંની વાત છે. .. વર્ષ પહેલાં. એક મેટ્રીક પાસ થયો. ૬૫ની સાલ. જમનાદાસ હતો. જમનાદાસ. જીવા, જીવા મંગલ બોઘા. મેટ્રીકમાં પાસ થયો. ૬૫ની સાલ. ઓહોહો..! એમ થાતું, લ્યો! મને ખબર છે એટલે હોં. મેટ્રીકમાં પાસ થયો! જીવા મંગલિક હતા. મંગલસિંહ બોઘા. જીવાભાઈ નહોતા, જીવાભાઈ? સમજાણું? છોકરાને બધાને લઈને એની વહુ મરી હતી. એનો એક દીકરો બચી ગયો. જીવો બચી ગયો. એની વહુને બહુ ઓલું થયું મગજમાં. છોકરા જે હતાને લઈને કૂવામાં પડી, મરી. મંગલિક બોઘા હતા. એમાંથી આ જીવો બચી ગયો. એ ન ગયો. એ તરીને વયો ગયેલો. એ બચી ગયો. એટલે પછી.. એનો દીકરો હતો જમનાદાસ. એ ઉમરાળામાં બહુ બન્યું હતું ઘણા વર્ષ પહેલા. હમણાં પણ બન્યું છે નહિ ઓલું? લુહાર. હમણા બન્યું છે. એને ધણીની સાથે ન કાંઈક થયું. રાતે ૧૦ વાગે ત્રણ છોડીયું બસ હતી. છોકરો નહોતો. એક છોકરી તો બેજીવ હતી. અને પોતે. એટલે સગર્ભા અને બીજી છોકરી એ લઈને બંદરે કૂવો છે ત્યાં. ચારેય પડ્યા. ધણીનું પોતાનું નામ ન રાખું. ગજબ કરે છેને આ! આત્મામાં જેમ રાગનું નામ ન રાખું, એમ ધણીનું નામ ન રાખું. એ ઊલટો પડે તો આમ કરે છે. સુલટો પડ્યો તો રાગનો કણ ન રાખવો. વીતરાગપણે પરિણમી જાવું. હવે મારું કૂળ જ ચાલે નહિ. એવા પરદ્રવ્યને પોતાથી ભિન્ન દેખીને અનુભવ કરવો. વિશેષ કહેશે...

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, શ્લોક-૨૬૨
## પ્રવચન નં.૫૨૨, તા. ૩૧-૧૦-૧૯૭૦
## (૨૪)

આ સમયસાર પરિશિષ્ટ, ૨૬૨ કળશ છે.

इत्यज्ञानविमूढानां ज्ञानमात्रं प्रसाधयन्।
आत्मतत्त्वमनेकान्तः स्वयमेवानुभूयते।।२६२।।

'**શ્લોકાર્થ** :- આ રીતે અનેકાંત...' શું કહે છે? કે આ આત્મા વસ્તુ તરીકે એની હયાતી જાણપણાના સ્વભાવવાળું તત્ત્વ છે. એમ કહેતાં એકલું જ્ઞાનમાત્ર છે એમ નહિ, પણ તે જ્ઞાનસ્વભાવ પણ છે અને બીજી ચીજનો એમાં અભાવ પણ છે એવું સ્યાદ્વાદ. 'છે આત્મા' એમ કહેતાં પરથી નથી એમ અંદરમાં સિદ્ધ થાય છે. એ સ્યાદ્વાદ એટલે અનેકાંત અજ્ઞાનમૂઢ પ્રાણીઓ કે જેને અનાદિથી મૂઢતા છે કે આત્મા અંતર વસ્તુ જ્ઞાન ચૈતન્ય સ્વભાવભાવવાળો પદાર્થ એ પોતાના સ્વરૂપે છે અને શરીર, વાણી, મન, સ્ત્રી, કુટુંબ પરિવાર એ તો તદ્દન પરદ્રવ્ય છે, એ વડે એ નથી, તેમ અંદરમાં પુણ્ય-પાપના ભાવ થાય વિકારી એ વડે પણ એ નથી. 'એ પુણ્ય ને પાપના ભાવ અને આ શરીર, વાણી, મન, પૈસા, આબરુ, લક્ષ્મી એ સહિત છું' એ માન્યતા આત્માના સ્વભાવની હિંસા કરનારી મિથ્યા દશા છે. આહાહા..! સમજાણું કાંઈ?

ભગવાન આત્મા તો ચૈતન્યનો પુંજ છે. એકલો જ્ઞાનસ્વભાવનો સાગર એ પોતે પોતાના સ્વભાવથી છે અને એ પુણ્ય-પાપના ભાવ જે આસ્રવતત્ત્વ છે અને કર્મ, શરીર, વાણી, પૈસા, આબરુ, કીર્તિ એ બધા અજીવતત્ત્વો છે. એ અજીવતત્ત્વો અને આસ્રવતત્ત્વથી રહિત છે. સમજાણું કાંઈ? છતાં એને પુણ્ય-પાપના રાગવાળો સહિત માનવો, પૈસાવાળો, શરીરવાળો, આબરુવાળો, બાયડી-છોકરાવાળો, દેશના અધિપતિવાળો એમ જે માનવું એ મિથ્યાત્વ મહાપાપ અને અધર્મ છે.

**શ્રોતા** :— પૈસા હોય અને પૈસાવાળો માનવો એમાં...

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— પૈસા કોને હોય? પૈસા પૈસાને હોય કે પૈસા જીવને હોય? જીવને હોય? જડ જીવને હોય? જડને હોય. જીવને ક્યાં, એ તો જડ જડને હોય. બલુભાઈ! સવારમાં નહોતું કહ્યું? પૈસા, શરીર, કર્મ, મકાન, આબરુ, લક્ષ્મી એ બધી ચીજો અજીવ થઈને અજીવપણે રહેલી છે, એ જીવપણાની અવસ્થામાં આવી ગઈ છે એમ નથી; પણ

અજ્ઞાનીને અનાદિથી પોતાની સત્તા ભિન્ન છે એવી શ્રદ્ધાનું ભાન નથી અને 'આ બધા સહિત છું' એ એકાંત મિથ્યાદૃષ્ટિ છે. આહાહા..! મિથ્યાદૃષ્ટિ નામ પાપદૃષ્ટિ છે.

**શ્રોતા :—** મિથ્યાદૃષ્ટિ ભલે રહ્યો પણ પૈસાવાળો તો છેને?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ક્યાં રહ્યું? બલુભાઈ! એમાં રહ્યું કાંઈ? એ તો આપણે આમાં શ્લોક કહે છેને છેલ્લો જુઓને. છેલ્લો શ્લોક છે છેલ્લો. છે? છેલ્લો. ૬૪૬ પાને છે એ. એ આંગળી છે ઈ. જુઓ, અંદર છે. અહીં તત્-અતત્‌માં પણ એ જ આવે છે.

**एवमयं कर्मकृतैर्भा वैरसमाहितोऽपि युक्त इव।**
**प्रतिभाति बालिशानां प्रतिभासः स खलु भवबीजम्।।१४।।**

**'એ રીતે આ આત્મા...'** ભગવાન જ્ઞાનસ્વભાવી આનંદની મૂર્તિ છે ઈ. એને કર્મકૃત રાગાદિ પુણ્ય-પાપના વિકલ્પો અને શરીરાદિ. શરીર, લક્ષ્મી, આબરુ, કીર્તિ એ ભાવોથી અસંયુક્ત છે, એ ભાવથી સહિત નથી. ભીખાભાઈ! કેમ હશે આ? હીરાભાઈ સહિત નહિ?

**શ્રોતા :—** આપ ના પાડો છો એટલે શું થાય?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન્યાયથી એણે વિચારવું પડશે કે નહિ? એણે ન્યાયથી વિચારવું પડશેને. આ એક આંગળી છે એ આંગળીપણે છે અને આ આંગળીપણે નથી, ત્યારે તો એનું હોવાપણું બરાબર વ્યાજબી રીતે સિદ્ધ થાય.

એમ આત્મા અંદર જ્ઞાન અને આનંદની મૂર્તિ એ આત્મા. એ આત્માને પુણ્ય-પાપના વિકલ્પો, દયા, દાન, વ્રત, કામ, ક્રોધ, રળવા, ભોગવવાના વિકલ્પો આદિ અને શરીર, કર્મ, આબરૂ અને લક્ષ્મી એ બધા ભાવ વિકારી અને આ ચીજ, એનાથી '**असमाहितो**' અસંયુક્ત છે, અસંયુક્ત છે. આહાહા..! અસંયુક્ત છે. અસંયુક્ત એટલે સહિત છે નહિ. એની હોવાવાળી ચીજ જ જુદી છે. આહાહા..! છે ભાઈ? બલુભાઈ તમારી પાછળ છે. મહાસિદ્ધાંત છે આ.

ભગવાન આત્મા અસ્તિ છેને, સત્તા છેને, હોવાવાળો પદાર્થ છેને, તો હોવાવાળો પદાર્થ આત્મા એ તો જ્ઞાન, આનંદ આદિ સ્વભાવવાળો હોવાવાળો છે. એવા હોવાવાળાને શુભ-અશુભભાવ રાગાદિ ભાવ, પુણ્ય દયા, દાનના, કામ-ક્રોધના, રળવાના, ભોગ આદિના ભાવ એ સહિત નથી, એનાથી અસંયુક્ત છે. કોઈ દી નિર્ણય કર્યો નથી. ઠેકાણા નથી. એથી અહીં કહે છેને '**अज्ञानविमूढानां**' અજ્ઞાનમૂઢ પ્રાણીઓને. આપણે ચાલતી ભાષામાં. અજ્ઞાનમૂઢ પ્રાણીને '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો...**' અહીં કહે છે કે એ આત્મા.. થોડા શબ્દોમાં આખું ભરેલું છે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો. એમ કહે છેને માણસ એના સ્વાર્થમાં.

અહીં ભગવાન પરમાત્મા એમ કહે છે, ભાઈ! તું ક્યાં કેવડો? કોણ છો? તું કેવડો છો? કે હું તો જ્ઞાન અને આનંદવાળો છું. જાણવું અને આનંદ એવા સ્વભાવવાળો છું. એમ હોવા છતાં જેનામાં એ પુણ્ય અને પાપના વિકલ્પો લાગણી, કર્મ, શરીર, આબરુ, લક્ષ્મી, બંગલા-હજીરા એ એમાં નથી. તે સંયુક્ત નામ સહિત આત્મા નથી, અસંયુક્ત છે. છતાં

અજ્ઞાનીઓને સંયુક્ત જેવો પ્રતિભાસે છે. મૂઢજીવને હું આનાથી છું. આહાહા..! એ રાગ થાય દયા, દાનનો, ભક્તિનો એ સહિત છું. એ પાપ પરિણામ થાય હિંસા, જૂઠા, ચોરીના, ભોગના, વાસનાના, કમાવાના, રળવાના, વ્યાજ ઉપજાવવાના, ધંધાના એ બધા પાપભાવ છે. એ પાપભાવ સહિત નથી આત્મા. આહાહા..! એનાથી રહિત છે. એ ચીજ જ જુદી છે. આહાહા..! અને શરીરાદિ. આ શરીર, વાણી, લક્ષ્મી અજીવતત્ત્વો આ જગતના બધા, એનાથી ભગવાન આત્મા સહિત સહિત—એના સાથમાં એ જીવ નથી. આહાહા..! પણ સંયુક્ત જેવો પ્રતિભાસે છે. મૂઢ મિથ્યાદૃષ્ટિને વસ્તુના સ્વરૂપની પોતાની જાતની શું ચીજ છે એ મિથ્યા ભ્રમમાં, પાખંડમાં એને સૂઝતું નથી. એથી અસંયુક્ત નામ સહિત ન હોવા છતાં એને સહિત ભાસે છે, તે પ્રતિભાસ ખરેખર સંસારનું બીજ છે, એ ચોર્યાસીમાં રખડવાનું એ બીજડું છે. પૂનમભાઈ! છે એમાં? એય.. ન્યાલભાઈ! સમજાણું કાંઈ?

જ્યાં-ત્યાં હું પૈસાવાળો, હું શરીરવાળો, હું આબરુવાળો, હું સારા ધંધામાં મારી પ્રસિદ્ધિ. મૂઢ છો? પાખંડનું ભૂત વળગ્યું છે તને? એમ કહે છે. એય.. મલૂકચંદભાઈ! પાણી ઊતરી જાય એવું છે આમાં તો. આવો છું.. આવો છું... હું વેપારમાં આગળ વધેલો છું, પૈસામાં આગળ વધેલો છું, આબરુમાં આગળ વધેલો છું, સ્વભાવથી પાછો પડી ગયો છું. ..ભાઈ! એમાં આવ્યું કે નહિ? આનાથી વધ્યો છું અને આનાથી નાશ થઈ ગયો છું. એ જ અહીં કહે છે.

જેણે ભગવાન આત્માને એ દયા, દાન, વ્રત, ભક્તિ, પૂજાના ભાવ રાગ પુણ્ય છે. હિંસા, જૂઠું, ચોરી, વિષયભોગ, રળવું, કમાવાનો ભાવ પાપ છે અને એના ફળ તરીકે બહારની સામગ્રી આવે છે એ બધી અજીવ છે. આ બાયડી-છોકરાનો આત્મા પણ આ જીવની અપેક્ષાએ એ અજીવ છે. આહાહા..! એવા રહિત, અનાદિનો એના રહિત હોવા છતાં શ્રદ્ધામાં સહિત ભાસે છે એ મિથ્યાત્વભાવ નરક અને નિગોદમાં રખડવાના રસ્તાનો ભાવ છે. એય.. ન્યાલભાઈ! આ તો સાદી ભાષા છે. આમાં કાંઈ બહુ સંસ્કૃત ને વ્યાકરણ ને બહુ (કઠણ નથી). કહો, ધીરૂભાઈ! આહાહા..!

ત્રિલોકનાથ પરમાત્મા સર્વજ્ઞદેવે એક સેકન્ડના અસંખ્ય ભાગમાં ત્રણકાળ, ત્રણલોકને જાણ્યા. એની વાણીમાં એમ આવ્યું, અરે.. આત્મા! તું તારા સ્વરૂપે જ્ઞાન ને આનંદસ્વરૂપે તું છો. પણ એ પુણ્ય અને પાપના રાગ અને શરીરાદિ અને લક્ષ્મી એ વિનાનો તું છો. જો એ સહિત હોય તો જીવ અને અજીવ બે એક થઈ જાય છે. પુણ્ય-પાપના ભાવસહિત હોય તો આત્મા અને વિભાવ બે એક થઈ જાય છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત ભાઈ! એણે અંતરની વાતું સાંભળી નથી. સાંભળી નથી એટલે સમજણમાં આવી નથી અને સમજણમાં નથી આવી એટલે અજ્ઞાનમાં મૂઢ થઈને રખડે છે. સમજાણું કાંઈ? કાંઈ સમજાણું એમ કહેવાય છેને. બધું સમજાયાની ક્યાં વાત છે? શું કહે છે એમ કાંઈ ખ્યાલમાં

આવે છે? આહાહા..! ભારે કામ ભાઈ, આ તો!

કહે છે, '**અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ...**' કરે છે ભગવાન. એ તો જાણક ચૈતન્યસૂર્ય છે. જેમ આ સૂર્ય છે પ્રકાશનો પુંજ એના કિરણો પણ પ્રકાશ છે. એમાં કોલસા ને કાળપ ને લાલપ ને એવી બધી એના કિરણોમાં અને એના સૂર્યમાં એનો અભાવ છે. એમ ભગવાન આત્મા ચૈતન્યસૂર્ય છે. આ જડસૂર્ય પરમાણુનો પ્રકાશ છે. એ પ્રકાશનો પણ પ્રકાશક એવું ચૈતન્યતત્ત્વ પ્રભુ, એ પોતાના જ્ઞાન અને આનંદ વીતરાગી શાંતિ એવા સ્વભાવવાળો સ્વભાવસહિત છે. અને પુણ્ય અને પાપના રાગ અને બાહ્ય એના ફળ તરીકે સામગ્રીઓ એ બધી અજીવતત્ત્વપણે રહી છે, એને આત્મતત્ત્વપણે માનવી કે એના સહિત હું છું, એનાથી હું મોટો છું. આહાહા..! કહે છે કે મિથ્યાત્વનું મહાપાપ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ? ચીભડાના ચોરને ફાંસી નથીને આ? કહે છેને? ચીભડાના ચોરને શું કહે છે? ફાંસીની સજા. એમ તો નથીને? ના, ના, ભાઈ! તને ખબર નથી. સમજાણું કાંઈ?

અહીં તો કહે છે, '**અજ્ઞાનમૂઢ પ્રાણી...**' કે જેને આત્મા જ્ઞાનાનંદ ચૈતન્યની જ્યોત અને જેના કિરણો પણ જ્ઞાનના જ કિરણો હોય છે એમાં. એમાં દયા, દાન, વ્રત, ભક્તિ, કામ, ક્રોધના પરિણામ, રળવા, ભોગવવા, વાસનાના ભાવ એ વિનાનું ભગવાનતત્ત્વ છે. એ વિનાનું હોવા છતાં 'એ સહિત છું' એ માન્યતા નરક અને નિગોદમાં પરિભ્રમણના પંથે પડવાનો રસ્તો છે. એઈ.. ન્યાલભાઈ! એના બાપ કહેતા હતા મારી પાસે બેઠા હતાને. ત્યાં ન કહી શકે. .. દબાય છે. અહીં મારી પાસે બેઠા તો કહેતા હતા. .. પૈસા ઘણા. પણ છોડી દે તો. ત્યાં નહિ કીધું હોય, અહીં કીધું મારી પાસે. કીધું અહીં સાંભળવા નવરા ન હોય. કહો, સમજાણું કાંઈ? આહાહા..! આ તો એક વાત છે હોં! એની અને બધાની વાત છેને આ? આહા..! જયસુખભાઈ!

પ્રભુ! તું એકલો છો એને બેકલો માનવો એનું નામ મિથ્યાત્વ છે. સાદી અને સીધી ભાષા. સુમનભાઈ! ભગવાન તારું તત્ત્વ તો ચિદાનંદ સ્વરૂપ આનંદનું ધામ છેને. એને એમ માનવું કે મને આ સ્ત્રીમાંથી આનંદ આવે છે, પૈસામાંથી ઠીક પડે છે, આબરૂમાંથી મને મજા પડે છે, હજીરા મોટા પાંચ લાખ, દસ લાખના કર્યા હોય તો સૂવાની સેજુમાં ઠીક પડે છે. મૂઢ છો. એ વસ્તુથી કાંઈ સુખ નથી છતાં એનાથી સુખ માને છે એનો અર્થ કે એના સહિત માને છે. આહાહા..! એને ચોર્યાસીના અવતારમાં રઝળવાનું બીજડું જે મિથ્યાત્વ, એ અહીં કહ્યું છે. આહાહા..! સમજાણું કાંઈ? ગજબ વાત છેને! ભગવાનની ભક્તિનો ભાવ, દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિનો ભાવ એ પણ રાગ, એનાથી રહિત આત્મા છે, છતાં સહિત માને તો ભવનું બીજ મિથ્યાત્વ છે. આહાહા..! એય.. શાંતિભાઈ! આહાહા..! શાંતિસાગર નામ છે. એ સાધુ થવાના હતા એય.. ન્યાલભાઈ! ગૃહસ્થ માણસ છે. દિગંબર સાધુ હોં! નગ્ન મુનિ થવાના હતા. દિલ્હીના છે. બૈરા છે, છોકરા..

**શ્રોતા :—** કેમ ન થયા?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** નથી આત્મામાં. માન્યું છે કે આ મારામાં છે અને મારા છે. એ મોટી મૂઢતા ભગવાનને ભ્રમમાં નાખ્યો છે. ભગવાનને ઘાણી પીલમાં પીલાવા નાખ્યો છે એણે. એય.. પૂનમભાઈ! ભારે વાતું ભાઈ આવી. આવી તો સાંભળવા મળે નહિ. ત્યાં કાંઈ સ્વીત્ઝરલેન્ડમાં તો મળે નહિ, મુંબઈમાં પણ મળે નહિ. ત્યાં ક્યાં હોળી આખો દી કષાયની. રાગ ને દ્વેષ.. રાગ ને દ્વેષ...

અહીં પરમાત્મા ત્રિકાળ જ્ઞાની તીર્થંકરદેવ, અરિહંતો, સર્વજ્ઞો એમ ફરમાવે છે, ભાઈ! તું અજ્ઞાનમૂઢ છો તેથી તને આત્મા આનંદમૂર્તિ જ્ઞાનસ્વરૂપી છે, એકલો છે એમ તું માનતો નથી. એથી હું રાગવાળો છું, શરીરવાળો, આબરુવાળો, પુણ્યવાળો, પુણ્યના ભાવવાળો એ આ સહિત માનનાર અજ્ઞાની મૂઢ પ્રાણી છે એને જ્ઞાનમાત્ર આત્મ પ્રસિદ્ધ કરતો. એની મેળાએ નથી પકડાય એવું હોં! ત્યાં તમે જાણે કે ડાહ્યા છીએ એટલે જાણે સમજાશે. કહો, સમજાણું કાંઈ? મો-માંથુ સૂઝે એવું નથી. ગજનો આંકો સૂઝે એવું નથી ત્યાં. ઘડિયાળમાં ડહાપણ કરે ત્યાં આ ફલાણો પાર્ટ આવો છેને ઢીકણો પાર્ટ આવો છે. મૂર્ખાઈ ભરેલું જ્ઞાન. એય..! મૂરખ અને અજ્ઞાન બે એક જ છેને. આહાહા..!

ભગવાન કહે છે, સ્યાદ્વાદ એટલે પોતાના આનંદના જ્ઞાનસ્વભાવે છે અને એ રાગ ને પુણ્ય ને પરના શરીરાદિથી નથી. છે અને પરથી નથી એવું સ્યાદ્વાદનું સ્વરૂપ છે. એવું અનેકાંત આત્માનું અનેક ધર્મવાળું પોતા વડે છે એવો અસ્તિત્વ ધર્મ અને પુણ્ય-પાપ અને પર વડે નથી એવો નાસ્તિત્વ ધર્મ. એક ક્ષણમાં આત્મામાં બે ધર્મ રહ્યા છે. આહાહા..! સમજાણું કાંઈ? એક ક્ષણમાં આત્મામાં બે શક્તિ રહી છે એને અનેક અંત કહે છે. અંત એટલે ધર્મ અને અનેક એટલે અનેકાંત. એક ક્ષણમાં આત્મામાં બે ધર્મ એવા અનંતા ધર્મ છે. આહાહા..! આવું બધું ઝીણું મુંબઈમાં ન કંતાય હોં! ત્યાં નહિતર દસ હજાર માણસમાં શું માંડ્યું છે આ? ચાલવા જ માંડે. લોકોને બિચારાને તૈયારી ન મળે. આહાહા..! શું થાય? અરે..! એની એને દયા નથી, એને એની દયા નથી હોં! અરે..! મારું શું થશે? હું ક્યાં જઈશ? ચોર્યાસીના અવતારે મિથ્યાત્વનો માનનાર, સેવનાર એ વંટોળિયામાં ઊડતા તણખા ક્યાં જઈને પડશે એમ મિથ્યાત્વભાવવાળો કઈ ગતિમાં જશે ખબર નથી એને. સમજાણું કાંઈ?

કહે છે, અનેકાંત એટલે બે ધર્મો. અનેક-અંત. અંત નામ ધર્મ અને અનેક એટલે ઘણા. ઘણા ધર્મવાળો આત્મા એટલે કે પોતાપણે છે. વિકાર ને કર્મ ને લક્ષ્મી ને પૈસા આબરુ-કીર્તિ એ બધા જડની દશાઓ છે, એ વડે ભગવાન આત્મા નથી. એવા અનેકાંત ધર્મને નહિ જાણતા અજ્ઞાનમૂઢ પ્રાણીઓ. એ વિકલ્પ ઉઠે છે. આહાહા..! ગજબ વાત છે. ભગવાન કહે છે કે મારી પ્રત્યેની ભક્તિનો ભાવ એ રહિત તારું સ્વરૂપ છે. એને ઠેકાણે એ સહિત માન અથવા એ રાગના ભાવથી મારા આત્માનું કલ્યાણ માન, એ રાગસહિત માન્યો એ

મૂઢ અજ્ઞાની પ્રાણી છે. આહાહા..! ભારે જવાબદારી છે. કહો, નેમિદાસભાઈ! શું હશે આમાં? તમે પણ બે જણા છો, પણ આ ઝાઝા હોય એને શું સમજવું? બે જણામાં પણ હું એકલો નથી પણ બેકલો છું એ મૂઢ છે એમ કહે છે. એકડે એક અને બગડે બે. એક ભગવાન ચૈતન્યસ્વભાવી આત્માને વિકલ્પના ભાવથી અને પૈસા શરીરથી માનવો, બગડે બે. એનો આત્મા બગડી ગયો છે. આહાહા..! બગાડ છે, એના પર્યાયમાં મિથ્યાત્વનો બગાડ વળગ્યો છે, ભૂતડું વળગ્યું છે. સમજાણું કાંઈ? આ તો સાદી ભાષા છે. એમાં કાંઈ કોઈ પલાખા શીખવા પડે એવું નથી કાંઈ. આહાહા..! પણ એણે કોઈ દી દરકાર કરી જ નથી. આવો મનુષ્યનો ભવ મળ્યો. સમજાય છે કાંઈ?

બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો,
તોયે અરે! ભવચક્રનો આંટો નહિ એકેય ટળ્યો,
સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે,...

પરવસ્તુથી મને ઠીક પડે છે, રાગથી મને ઠીક પડે છે, સ્ત્રીથી મને મજા પડે છે, લક્ષ્મીથી મને ઠીક પડે છે, આબરુથી હું રાજી રહું છું. કહે છે.. આહાહા..! 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે...' પરથી મને સુખ અને પરસહિત એવી માન્યતાથી તારા આત્માના આનંદની લૂંટ પડે છે. ૧૬ વર્ષે કહ્યું. નવનીતભાઈ! ૧૬ વર્ષે. શ્રીમદ્દે મોક્ષમાળા લખી. 'સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે લેશ એ લક્ષે લહો.' અરે..! થોડું તો લક્ષમાં લે, પ્રભુ! શું થયું તને આ?

સુખ પ્રાપ્ત કરતાં સુખ ટળે છે, લેશ એ લક્ષે લહો,
ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે કાં અહો રાચી રહો?

એ બધું આવી ગયું આમાં આપણે કે રાગને પોતાનું સ્વરૂપ માનનારો આત્માનો નાશ કરે છે, આત્માને જીવતો રાખતો નથી. આહાહા..!

અનેકાંતી સમ્યગ્દૃષ્ટિ ધર્મી જીવ જેમ સ્વરૂપ છે તેવું જાણતો હું મારા જ્ઞાનસ્વભાવે છું, એ રાગના વિકલ્પ અને બાહ્યના કોઈ પદાર્થસહિત નથી ને તેવાળો નથી અને તે મારામાં નથી, તેનામાં હું નથી. આહાહા..! એમ મને જ્યાં અનુભવ્યું, તો તો કહે છે આત્મા જાણ્યો એણે. એ સમ્યગ્દૃષ્ટિ અને જ્ઞાની થયો. પણ એમ ન જાણતાં રાગનો વિકલ્પ એ નાનામાં નાનો સૂક્ષ્મ હોં! આહા..હા..! એ મારો છે, એ મને મજા કરે છે. 'ક્ષણ ક્ષણ ભયંકર ભાવમરણે...' હે આત્મા! ક્ષણે-ક્ષણે તારું ભાવમરણ થાય છે, પ્રભુ! આહાહા..! એ તારી જીવનજ્યોત જ્ઞાનથી ઝળહળતી જ્યોત છે એવી ચૈતન્યમાં રાગ ને વિકલ્પ ને પૈસા ને શરીરવાળો માનતા ક્ષણ-ક્ષણ ભગવાન તારું ભાવમરણ થાય છે. શરીરની સ્થિતિ પૂરી થાશે ત્યારે વળી બહાર જાશે, પણ અહીં તો ક્ષણે-ક્ષણે તારું મૃત્યુ થાય છે. આહાહા..! સમજાણું કાંઈ? એટલે? કે જાણનાર-દેખનાર આનંદવાળા જીવનને જીવ તરીકે ન માનતા એને રાગ ને શરીર ને લક્ષ્મીવાળો માનતા એમાં તારું જીવન જે ભિન્ન છે એનો સંહાર થાય છે. આહાહા..! ભારે વાત, ભાઈ!

સમજાણું કાંઈ?

લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
લક્ષ્મી અને અધિકાર વધતાં શું વધ્યું તે તો કહો?
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો.

આહાહા..! 'લક્ષ્મી અને અધિકાર વધતાં...' બહુ ટૂંકામાં પણ કેટલું કહ્યું જુઓ તો ખરા!

શું વધ્યું તે તો કહો?
વધવાપણું સંસારનું નર દેહને હારી જવો.
એનો વિચાર વિવેકપૂર્વક શાંતભાવે જો કર્યા,

'એના વિચાર વિવેકપૂર્વક...' વિવેક એટલે રાગ અને પરથી ભિન્ન એવી ચીજ એવો વિવેકથી વિચાર કરતાં શાંત ધીરજભાવે જો કર્યા 'તો સર્વ આત્મિક જ્ઞાનના સિદ્ધાંત તત્ત્વ અનુભવ્યા.' ૧૬ વર્ષે કહ્યું. શરીરના ૧૬ વર્ષ હોં! આત્માને ક્યાં વર્ષ છે? એક જણો અહીં હતો તો પૂછ્યું મેં કે એલા શરીરનું આયુષ્ય કે આત્માનું આયુષ્ય? એ આપણને ખબર ન મળે. આવા જૈનમાં જન્મેલા. સમજાણું? કોણ આવ્યું હતું? નહિ? કો'ક આવ્યું હતું. ધારીવાળા. હા. હા. ધારીવાળા અમારે એક આવ્યા હતાને. જુવાન હતો. વેપારી આ તમારામાં ચુનિલાલનો ભાગીદાર થવાનો હતો. ચુનિલાલ અહીંયાં છેને. ભૂપેન્દ્ર ડાઈંગમાં હતાને ચુનિલાલ કર્તા હર્તા? ..ભાઈનો દીકરો અમારે ભાણેજ થાયને. એ જુદો પડ્યો. એને રંગનો વેપાર. ભાગીદાર રાખવાના હતા. બધા આવ્યા હતા અહીંયાં. મેં કીધું, આ આયુષ્ય છે ૫૦, ૬૦, ૭૦ ગણાય એ શરીરનું કે આત્માનું? ન્યાલભાઈ! કોને ખબર? આ તે પણ તમે કોણ છો? એય.. પૂનમભાઈ! આયુષ્ય આત્માનું હોય? આત્મા તો અનાદિઅનંત છે. એય..!

**શ્રોતા :—** ..માં લખ્યું હોય એ સાચું.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પણ લખ્યું પણ એને વિચારમાં આવતું નથી એટલી મૂઢતા? માણસ થયો, વાણિયો થયો. કીધું, આમાં આયુષ્ય કોનું? આ ૫૦ કહેવાય, ૬૦ કહેવાય, ૭૦ કહેવાય, ૨૦ કહેવાય એ કોનું? એ અમને ખબર નથી. બલુભાઈ! કોઈ વિચારવાનો અવકાશ નહિ. પાપના વિચારની કાંતણ આડે, પાપની કાંતણ આડે સત્ય શું છે એને કોઈ દી વીંખ્યું ને પીંખ્યું જ નથી એણે. આહાહા..! અરે..! પણ આયુષ્યની મુદ્દત. મુદ્દત કહેવી એ તો જડને હોય. અહીં રહેવું આટલું એને. આત્માની મુદત હોય? આત્મા તો અનાદિઅનંત છે. આત્મા છે, છેને છે. અનાદિનો છે, અણુત્પન્ન છે, ઉત્પન્ન કરેલો નથી, ઉત્પન્ન થયેલો નથી અને તેનો નાશ નથી. એવો ભગવાન આત્મા એને આયુષ્યની સ્થિતિવાળો માનવો એ મૂઢતા છે એમ કહે છે. આહાહા..! સમજાણું કાંઈ? આયુષ્યની સ્થિતિ તો દેહની છે. જેટલો કાળ રહેવાનો છે એટલો જ રહેવાનો છે. મરી જાય, સૂકાઈ જાય અને મોટા કરોડો રૂપિયા ખર્ચે તો એક સમય વધે એમ છે નહિ. તો એ આયુષ્યની સ્થિતિ દેહની છે, જડની

છે. એ સ્થિતિવાળો હું છું. આહાહા..! તો એની અનાદિ સ્થિતિ રહી નહિ એની. સમજાણું કાંઈ? આહાહા..! થઈ રહ્યું દેહ આવ્યો, હું થયો, દેહ ગયો. ભાઈ મરી ગયા. મરી ગયો હું. પણ મરીને ક્યાં જા તું? આત્મા અવિનાશી છેને? મરે કોણ અને જીવે કોણ? સાંભળને. એ તો શરીરના સંયોગે જન્મ કહેવાય અને શરીરના વિયોગે મરણ કહેવાય. બાકી એ ક્યાં જન્મે-મરે છે? આહાહા..! કાંઈ પણ એકેય પલાખું સાચું ન મળે. ભગવાનજીભાઈ! અને સંસારના ખોટા પલાખામાં હુશિયારનો દીકરો મોટો ફરે મોઢા આગળ. દેવનો દીકરો વાતું કરવા બેઠા હોય ૨૫, ૫૦, ૧૦૦ માણસમાં અને એ બાગ હોય અને એમાં ખુરશી નાખી હોય અને ઉડતા હોય સરખાયના મોસંબી પાણી, આઈસ્ક્રીમના અને ઓલું શું કહેવાય? સમજ્યાને? નેતરની ખુરશી આમ. જોઈ લ્યો પાગલ તમારે. એય.. બલુભાઈ! અહીં તો આ છે. પાગલ છો? ત્યાં સુખ છે? એમાં સુખ છે? એ તારામાં છે? એ તું ત્યાં છો? ખબર નથી તને એટલી? આહાહા..! ન્યાલભાઈ! આ તો બધી સાદી વાત છે હોં! અને એમાં કાંઈ ના પડાય એવી નથી. આહાહા..!

કહે છે, **'અજ્ઞાનમૂઢ પ્રાણીઓને જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.'** હું તો એક આત્મા જ્ઞાન અને આનંદના સ્વભાવવાળો અને જ્ઞેયો જગતના અનંત છે. પુણ્ય અને પાપના ભાવ પણ જ્ઞાનનું પરજ્ઞેય છે. શરીર, વાણી, જડ કર્મ એ પણ એ લક્ષ્મી આ જ્ઞાનનું, પર જાણવાયોગ પરજ્ઞેય છે. એવી ચીજમાં 'મારું સ્વરૂપ તો સ્વયમેય ચૈતન્ય છું. રાગ અને પરથી હું નથી.' એમ અંતર દૃષ્ટિ થતાં ભગવાન ચૈતન્યનો અનુભવ થાય એને સમ્યગ્દર્શન અને ધર્મની કણિકા જાગી કહેવાય. સમજાણું કાંઈ? આને ધર્મની કણિકા કહેવાય. માથા ફોડીને મરી જાય. જાત્રા કરે, ભક્તિ કરે, સમ્મેદશિખર જાય ને આ કરે ને તે કરે. એઈ..!

એક સ્થાનકવાસી હતો. પહેલાં ગયા હતાને ભાઈ ૧૩માં. મુંબઈ ૧૩માં. એક હતા ને બરવાળાવાળા. સંતબાળને માનતા. પછી અમે ગયા હતા ત્યારે આવ્યો હતો. એ લોકો સ્થાનકવાસી મૂર્તિને ન માને. પછી કહે જાત્રા જાવ છોને ત્યાં? એ શું? કીધું જો ભાઈ! જે સ્થાનમાંથી સર્વજ્ઞ પરમાત્મા દેહ છૂટીને મોક્ષ પધાર્યા છે એ ત્યાંથી મોક્ષ પધાર્યા હોય ત્યાં માથે બિરાજે છે. તો ત્યાં જતાં એનું સ્મરણ કરવા માટે વિકલ્પ ઉઠે કે ઓહો..! પરમાત્મા અનંત આનંદનો નાથ અહીં જે છૂટ્યો હતો તે અહીં ઉપર ક્ષેત્રે જ છે. એના નીચે રહીને એનું સ્મરણ કરવું એ માટે આ વાત છે. સ્થાનકવાસી હતા. નહિ આ?

**શ્રોતા :—** ...ભાઈના કાકા.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા ..ભાઈના કાકા. અજમેરા. હા. વાત તો સાચી. અમે હઠ કરીને બેઠા. અહીં મૂર્તિ છેને ઢીંકણું છે. સાંભળને. જાત્રામાં હેતુ આ છે.

હું પૂર્ણસ્વરૂપ નથી, પણ મારી ચીજ તો જ્ઞાન અને આનંદ છે. જેણે જ્ઞાન અને આનંદની

પૂર્ણ પ્રાપ્તિ કરી એ આ ક્ષેત્રથી માથે જ બિરાજે છે. સિદ્ધ ભગવાન. સમજાણું કાંઈ? જેમ અહીંયા શેત્રુંજય. ત્રણ પાંડવો ત્યાંથી મોક્ષ પધાર્યા. ધર્મરાજા, ભીમ અને અર્જુન. સહદેવ અને નકુલ ત્યાંથી સર્વાર્થસિદ્ધમાં ગયા છે. તો જ્યાંથી દેહ છૂટે, પૂર્ણાનંદનો અનંત આનંદનો ગોળો ઉપર બિરાજે છે. એ ક્ષેત્રમાં એનું જેને સ્મરણ, જેને 'સિદ્ધ જેવું સ્વરૂપ છે એવું મારું સ્વરૂપ છે' એવું જેને ભાન હોય, 'રાગસહિત નહિ, પરથી સહિત નહિ, પરથી રહિત છું.' એવું જેને ભાન હોય એ ત્યાં આગળ ભાનમાં પૂર્ણ પરમાત્મા સામા છે ઉપર એમ યાદ કરે છે. સમજાણું કાંઈ? એમાં વિકલ્પ છે એટલું પુણ્યબંધનું કારણ છે અને સ્વને આશ્રયે જેટલો 'આવો આત્મા છે એવો હું છું' એવું જેને સ્વઆશ્રયનું ભાન વર્તે છે એટલો તેને એમાં ધર્મ છે. સમજાણું કાંઈ? આહાહા..! બહારથી માંડીને તકરારું કરી કરીને મરી જાય બિચારા. સમજાણું કાંઈ?

કહે છે, **'આત્મતત્ત્વ પ્રસિદ્ધ કરતો સ્વયમેવ અનુભવાય છે.'** દેખો! સ્વયમેવ. ઓહો..! હું ચૈતન્યના સ્વભાવના હોવાવાળા પદાર્થ ભાવવાળો છું એ એક ધર્મ થયો. અને પુણ્ય-પાપના રાગ અને શરીર, વાણી એ સ્વરૂપે હું નથી એવો બીજો નાસ્તિ ધર્મ થયો. એવા અસ્તિ ધર્મને લક્ષમાં લેતાં પરથી નાસ્તિ છું એવો એને આનંદનો અનુભવ થાય તેને આત્મા જાણ્યો ને અનુભવ્યો ને માન્યો કહેવામાં આવ્યો છે. આહાહા..! સમજાણું કાંઈ?

**'ભાવાર્થ :- જ્ઞાનમાત્ર આત્મવસ્તુ અનેકાંતમય છે.'** ખુલાસો કરે છે કે આત્મા જ્ઞાનમાત્ર કહ્યો, ચૈતન્યસ્વભાવવાળો છતાં તેમાં અનેક ધર્મો છે, અનેક શક્તિઓ છે, અનેક અંદર ભાવો છે. **'પરંતુ અનાદિ કાળથી પ્રાણીઓ પોતાની મેળે...'** અજ્ઞાનથી **'અથવા એકાંતવાદનો ઉપદેશ સાંભળીને...'** એકાંતવાદનો ઉપદેશ સાંભળીને કે આત્મા આવો છેને આત્મા તેવો છે અને આત્મા રાગવાળો છેને આત્મા પુણ્યવાળો છે. સમજાણું કાંઈ? **'જ્ઞાનમાત્ર આત્મતત્ત્વ સંબંધી...'** ભગવાન ચૈતન્યમૂર્તિના સંબંધમાં **'અનેક પ્રકારે પક્ષપાત કરી...'** પક્ષપાત કરે છે. શું રાગ ત્યારે જડને હોય? રાગરહિત છે આત્મા? તો રાગ જડને હોય? હવે સાંભળને! તેં સાંભળ્યું નથી. તારું સ્વરૂપ તો ભગવાન ચૈતન્યજ્યોત રાગરહિત છે. રાગરહિત છે અને સ્વભાવસહિત છે. એમ જ્યાં અસ્તિપણાના અનુભવની દૃષ્ટિ થઈ, ત્યાં રાગ વિનાનો શુદ્ધનો અનુભવ એને થાય. કારણ કે રાગ વિનાનું એ તત્ત્વ છે. આહાહા..! સમજાય છે કાંઈ? લ્યો, વર્ષની બોણી આ છે. ભેગા ઘણા થયા છે. વર્ષ બેસતાને દી આ હમણાં આટલા ૩૬ વર્ષમાં ભેગા નથી થયા. આ ૩૬મું ચાલે છેને આ. ૩૬મું વર્ષ બેઠું. ૩૬. ૬ ને ૩ = ૯. ૩૬મું વર્ષ ચાલે છેને આ. ૯૧માં આવ્યા છીએ. ૯૧ની દિવાળી .. ભલે એક-બે ત્યાં કાઢી રાજકોટ. ૯૫ અને ૯૯.

**શ્રોતા :—** બોણી ઘણી ઊંચી થઈ.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** બહુ ઊંચી થઈ? લ્યો અમારા આત્મરામજી કહે છે. આવી બોણી

છે, ભાઈ! તારા ઘરની વાત છે. શું કહીએ તને બેસે નહિ. કોઈ દી વિચાર નથી, કોઈ દી સત્ય કેવું હોય, અસત્ય કેવું હોય એના કોઈ દી વિચાર કર્યા નથી. શાસ્ત્ર વાંચીને પણ ઊંધું જ કાઢ્યું એણે. વાંચી-વાંચીને પણ ઊંધુ કાઢ્યું. તેને પુણ્ય થાય તો ધર્મ થાય, પુણ્ય કરતાં-કરતાં પરંપરાએ મોક્ષ થાય. અરે..! ઊંધું કાઢ્યું તેં સાંભળને. પુણ્યના શુભભાવ વિનાના આત્માને શુભભાવથી આગળ ધર્મ થાય, એ શુભભાવથી રહિત છો એમ તેં માન્યું નથી. કહો, સમજાય છે કે નહિ આમાં? આમાં સમજાય છે કે નહિ? ઓલા સમજીને બેઠા એ નહિ. આહાહા..! પ્રકાશદાસજી!

'**અથવા તો...**' '**જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનો નાશ કરે છે.**' જુઓ, શું કહે છે? જેણે ઊંડાણમાં વિકલ્પની લાગણી જે છે અને શરીર, લક્ષ્મી આદિ છે એનાથી રહિત છું એમ માન્યું નથી અને એકાંત એનાથી સહિત છું એવું માન્યું છે એ આત્મતત્ત્વનો નાશ કરે છે. શ્રદ્ધામાં આત્મા પરથી ભિન્ન છે એની એને નાસ્તિ છે. સમજાણું કાંઈ? આહાહા..! ભારે વાત, ભાઈ! કોઈને મારતો નથી, કોઈને હણતો નથી. તો કહે છે, નાસ્તિક છે. હણી નાખ્યો, સાંભળને. તારા ચૈતન્ય ભાવપ્રાણ જ્ઞાન ને આનંદના ભાવપ્રાણથી જીવ જીવતો છે એને તું રાગના વિકલ્પ ને શરીરના નિમિત્તના સાધનથી કંઈક મને લાભ થાય એ સહિત માન્યો તેં. આત્માનો નાશ કર્યો છે. આહાહા..! સમજાણું કાંઈ? આમાં કાંઈ બહુ ઊંડી વાત નથી ન સમજાય એવી. ભલે ભાવ સારા ઊંચા છે, પણ ભાષામાં કાંઈ બહુ એવી ભાષા આકરી નથી. ન્યાલભાઈ!

**શ્રોતા :—** સમજાય છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સમજાય શું? ચાર ચોપડીનો ભણેલો હોય એને સમજાય. છોડીને સમજાય આઠ વર્ષની હોય એને.

**શ્રોતા :—** ન ભણ્યો હોય એવાને પણ સમજાય.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ન ભણ્યો હોય એને પણ સમજાય. એમાં શું છે? ત્યાં ભણવાના અક્ષરનું કામ છે અહીં? આહાહા..!

અહીં તો ભગવાન આત્મા સત્તા—હોવાવાળો પદાર્થ એને રાગથી માનવો, પુણ્યથી માનવો, લક્ષ્મી અને શરીરથી મને ઠીક પડે, મને ઠીક પડે એમ માનવું એ આત્માના આનંદની જ્યોતનો નાશ કરે છે. આહાહા..! મારું સુખ મારાથી છે એવી શ્રદ્ધાનો એ નાશ કરે છે. આહાહા..! સમજાણું કાંઈ?

'**તેમને (અજ્ઞાની જીવોને) સ્યાદ્વાદ જ્ઞાનમાત્ર આત્મતત્ત્વનું...**' સ્યાદ્વાદ એટલે અનેકાંત. '**અનેકાંતસ્વરૂપપણું પ્રગટ કરે છે-સમજાવે છે.**' ભાઈ! તારા હોવાપણામાં તું છો. પરના હોવાપણામાં તું નથી અને પરનું હોવાપણું તારામાં નથી. પરના હોવાપણાને લઈને તારું હોવાપણું ટકી રહ્યું છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? ભાઈ! આ દેવ-ગુરુ-

શાસ્ત્ર સારા હોય તો આત્માને લાભ થાય. એનો અર્થ થયો કે એને લઈને હું ટકું, મારે લઈને હું ટકું એવો હું છું નહિ. આહાહા..! ગજબ વાત વીતરાગમાર્ગની રીત! સમજાણું કાંઈ?

'**અનેકાતસ્વરૂપપણું પ્રગટ કરે છે-સમજાવે છે. જો પોતાના આત્મા તરફ દેખી અનુભવ કરી જોવામાં આવે...**' ભગવાન આત્મા આ જાણનાર... જાણનાર... જાણનાર... જાણનાર... એવા સ્વભાવવાળો એનો અનુભવ, એના તરફ દેખી '**અનુભવ કરી જોવામાં આવે તો (સ્યાદ્વાદના ઉપદેશ અનુસાર) જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ...**' જ્ઞાનમાત્ર છું, રાગ નહિ, પુણ્ય નહિ, પાપ નહિ. ચક્રવર્તી છ ખંડના રાજમાં રહેલો, છન્નું હજાર પદમણી જેવી સ્ત્રીના સંગમાં દેખાય, પણ અંતરમાં કહે છે કે એના વિનાનો છું ભાઈ! આહાહા..! જેને ઈન્દ્ર જેવા મિત્રો હોય, અસંખ્ય દેવનો લાડો જે ઈન્દ્ર એકાવતારી છે, એક ભવે મોક્ષ જનાર સુધર્મ ઈન્દ્ર અને એની ઈન્દ્રાણી—એની પત્ની, બેય એક ભવ કરીને મોક્ષ જનારા છે. એને આવું ભાન છે. આહાહા..! અમે વિમાનમાં, એ ઈન્દ્રાણીના સુખની કલ્પનામાં અમે નહિ. આહાહા..! જ્યાં અમે છીએ ત્યાં એ કલ્પના અને ઈન્દ્રાણીઓ ને વિમાનપણું એમાં નથી અને જ્યાં એ છે ત્યાં અમે આવતા નથી. આહાહા..! સમજાય છે કાંઈ? હો જગતની ચીજ તો જગતપણે રહેશે જ. એમાં તારે લઈને ક્યાં રહી છે અને એને લઈને તું ક્યાં રહ્યો છો? આહાહા..! સમજાણું કાંઈ?

'**જ્ઞાનમાત્ર આત્મવસ્તુ આપોઆપ અનેક ધર્મોવાળી...**' એટલે? આ બધા ધર્મો એ? એક વસ્તુ અનેક ધર્મવાળી દેખાય. એક જ આત્મા છે એમ પણ દેખાય, અનેક આત્મા છે એમ પણ દેખાય, પર્યાય વિનાનો પણ દેખાય, પર્યાયવાળો પણ દેખાય એવા અનેક ધર્મ એમ હશે ત્યાં? એમ નહિ. અનેક ધર્મવાળો એટલે કે 'હું પૂર્ણ આનંદ અને જ્ઞાનસ્વભાવી છું અને વિભાવના વિકલ્પ અને અજીવતત્ત્વ એ હું નથી.' એવા અસ્તિ-નાસ્તિના અનેક ધર્મવાળો આત્મા અનુભવમાં આવે. આહાહા..! પૂનમભાઈ! સમજાય છે કે નહિ આ? સમજાય એવી આ તો સાદી ભાષા છે આ. ૨૭મું વર્ષ બેસે છે આ. ૨૦૨૭ એ પણ ૭ ને ૨ = ૯ છે. કહો, સમજાણું આમાં? આહાહા..!

ભગવાન! તારા ઘરમાં શું છે અને શું નથી એનો કોઈ દી વિચાર મંથન કર્યા નથી. એમ ને એમ ચાલી નીકળ્યા. ધર્મ કરશું, આમ થાશે ધર્મ કરશું. શું ધૂળ થાય ધર્મ? સાંભળને. કહે છે, ભગવાન આત્મા ચૈતન્યના પ્રકાશના નૂરનું પૂર એ હું. અને વિકલ્પમાત્ર ને કર્મની સામગ્રી અને બાહ્ય સંયોગ એથી રહિત '**આપોઆપ અનેક ધર્મોવાળી પ્રત્યક્ષ અનુભવગોચર થાય છે.**' દેખો, શું કહે છે? આહાહા..! આત્મા..

**શ્રોતા :—** સ્વયમેવ છેને.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** સ્વયમેવ છેને. સ્વયમેવ પ્રત્યક્ષં. 'હું આત્મા મારા ચૈતન્યની

સત્તાના સત્ત્વવાળો છું અને રાગ અને પરના સત્ત્વના સત્ત્વ વિનાનો છું, પરના સત્ત્વ વિનાનો છું. મારા સ્વભાવના સત્‌વાળો છું.' એવું પ્રત્યક્ષ જ્ઞાનમાં આત્મા પ્રત્યક્ષ વેદનમાં આવે એણે આત્માને જાણ્યો, માન્યો અને અનુભવ્યો એમ કહેવામાં આવે છે. આહાહા..! ભારે વાત ભાઈ!

'**માટે હે પ્રવીણ પુરુષો!**' અહીં તો એ સંબોધન કર્યું છે. હે ડાહ્યા! '**તમે જ્ઞાનને તત્સ્વરૂપ,...**' ભગવાન આત્મા ચૈતન્ય સ્વભાવને તે સ્વરૂપે જો. '**અતત્સ્વરૂપ,...**' અને જ્ઞેયો જેટલા છે—પુણ્ય-પાપના રાગ એનાથી અતત્ છું, એનાથી હું તત્ નથી. સ્વભાવે તે છું, પરથી હું નથી એમ અનુભવ કર. આહાહા..! એય.. પ્રેમચંદભાઈ! વાત તો છે બહુ ઊંચી નહિ પણ બહુ સાદી અને સહેલી, પણ એણે એવા ઊંધા આંકડા ભણ્યો છેને. શાસ્ત્રને બહાને ઊંધું માર્યું છે. ભગવાન આમ કહે છે, ભગવાન આમ કહે છે એમ કરીને. અરે..! સાંભળને! ભગવાન શું કહે એ તને ખબર પડે? બાપા! ખબર પડે તો તો કલ્યાણ થયા વિના રહે નહિ. સમજાણું કાંઈ? એવા ભવ તો અનંતા ચાલ્યા ગયા, ભાઈ! પણ તું તો તે છો તે છો.

તત્સ્વરૂપે. તે જ અતત્સ્વરૂપ છે. જે તત્સ્વરૂપ છે તે જ્ઞાનાનંદસ્વરૂપ છે. તે તત્ છે તે જ અતત્ છે. અતત્ એટલે? પુણ્ય ને પાપાદિ અને શરીર, વાણી, લક્ષ્મી આદિ તે નથી. આહાહા..! આનું નામ અનેક ધર્મવાળું તત્ત્વ, એનો અનુભવ થતાં સમ્યગ્દર્શન અને અનેકાંતના અમૃતનો સ્વાદ આવ્યા વિના રહે નહિ. આહાહા..! આ બધા દુઃખના ઝેરના સ્વાદ છે. ઘોળી ઘોળીને ઝેરને પીવે છે. સમજાણું કાંઈ? એ પૈસા ને આબરૂ ને કીર્તી ને હજીરા ને અધિકાર ને એનાથી છું, એનાથી મોટો છું. એ મિથ્યાત્વના ઝેરને પીવે છે. આહાહા..! એ ઝેરના રગડા કરીને ઝેરને પીવે છે. આહાહા..! પણ હું એ નથી. હું છું ત્યાં તો રાગ પણ નથી, પુણ્ય પણ નથી અને બહારની સામગ્રીનો ત્રિકાળ અભાવ છે. એવા સ્વભાવને પોતાપણે છે અને રાગાદિ પરજ્ઞેય છે એ તો. આહાહા..! ત્રણલોકના નાથની ભક્તિનો રાગ તે રૂપે પણ હું નહિ. આહાહા..! આ તે કાંઈ વાત ગળે ઉતરવી કઠણ માણસને. સમજાણું કાંઈ? ભગવાન એમ કહે છે. ભગવાન એમ કહે છે કે અમારા પ્રત્યેનો બહુમાનનો જ્યારે વિકલ્પ તને થાય છે એનાથી તું અતત્ છો. આહાહા..! ભગવાનજીભાઈ! આહાહા..!

અરે..! એણે જોયું નહિ. હું મારાપણે શું છે અને મારામાં શું નથી એની કોઈ દી તપાસ કરી નથી. ઘરમાં તપાસ કરવા જાય કે એલા કેટલી મૂડી છે ઘરમાં આપણે? આ લેવા આવે તો શું જવાબ દેશું? ઉઘરાણીમાં રોકાણા છે ૨૫ લાખ. ઘરમાં પાંચ લાખ પડ્યા છે તિજોરીમાં. આપણાથી ના નહિ પડાય. એટલા તો રાખી મૂકો તિજોરીમાં. આપણે વ્યાજે લીધેલા છે કો'કના. શાહુકારને ના પાડી શકે કે હમણાં નથી. આવે ત્યારે કહે, હા ભાઈ લ્યો આ. એટલા તો એણે તિજોરીમાં રાખવું પડે. એવો વિચાર કરે છે મૂઢ જીવ અજ્ઞાનનો.

પણ આ તારામાં શું છે અને તારામાં શું નથી એની કાંઈ ખબર છે? આપણને કાંઈ ખબર નથી. કાંઈ ખબર નથી તો મૂઢ છે કહે છે. આહાહા..! ભલે શાસ્ત્રનો ભણ્યો હોય અગિયાર અંગ, નવ પૂર્વ ભણ્યો હોય શાસ્ત્રને અને નગ્ન મુનિ દિગંબર એક લંગોટી પણ ન રાખતો હોય, વનમાં વસતો હોય, પણ જેણે એ પંચમહાવ્રતના વિકલ્પના રાગવાળો હું છું અને એ રાગથી મને લાભ છે એમ માનનારો મૂઢ મિથ્યાદૃષ્ટિપણે છે, આત્માનો નાશ કરે છે. સમજાણું કાંઈ?

આ વર્ષ બેસતાની બોણી છે આ. આહાહા..! કેવી શૈલીની વાત છે! અરે..! એણે કોઈ દી વિચાર્યું નથી. અરે..! એને ઘરના અંતર આંગણે આવીને, આંગણામાં આવીને આ અંતર શું અંગ છે મારું? (એ જોયું નથી). આ અમારે અંગીતો છે, આ અમારા અંગીતો–અંગત માણસો છે. ધૂળેય નથી સાંભળને. સમજાણું કાંઈ? આહાહા..! તારા અંગ અને અંગીપણું તો અંદરમાં હોય. અંગી એવો આત્મા અને એની નિર્મળદશા તેનું અંગ. એને ન માનતા રાગ અને બહારના સાધનો સહિત છું અંગીવાળો. અમારા ખાસ અંગીમાં તમે .. છે અંગીમાં. જાણકાર ને એવા હોયને ખાસ વિશ્વાસુ માણસને રોકે. તો એ દગો ન કરે એની ગેરહાજરીમાં. એમ માને એમને એમ હોં. ધીરુભાઈ! આ વેપારના પોગળ બધા. આહાહા..! તેં તને રોક્યો છે ક્યાંય? કે હું એક મારામાં છું અને રાગ ને પરથી નથી. તત્ અને અતત્ એ બે બોલમાં આવે છે એટલું. સમજાણું?

'**એકસ્વરૂપ, અનેકસ્વરૂપ,...**' છે બેય આત્મા. કઈ રીતે? વસ્તુ તરીકે એક છે અને પર્યાયોની અવસ્થા તરીકે અનેક છે. બેય એનો સ્વભાવ છે. અનેક (એટલે) રાગસહિત અને શરીરસહિત અનેક એમ નહિ, પણ વસ્તુ તરીકે જ્ઞાનાનંદ સ્વભાવ એક છું અને એની અવસ્થાઓ વર્તમાનમાં દશાઓ ધર્મની દશાઓ થાય એ અનેક અવસ્થાઓ છે. સમ્યગ્દર્શન–સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર–આનંદ એવી અનેક અવસ્થાસહિત છું. એક પણ છું અને અનેક પણ છું. આવો એનો સ્વભાવ છે. પણ એ અનેક છું એ રાગસહિત અનેક છું, શરીરસહિત અનેક છું એમ નહિ. આહાહા..! સમજાણું કાંઈ? હું એક અને તું બે, એમ નહિ. સમજાણું કાંઈ? આ તો હું વસ્તુએ એક અને મારામાં અનંતા ગુણો છે—શક્તિ છે. એની અનંતી વર્તમાનમાં નિર્મળ અવસ્થા થાય છે તે અનેક છે. એક છું તે જ અનેક છું, અનેક છું તે જ એક છું. આહાહા..! સમજાણું કાંઈ? બે બોલ થયા.

'**પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ,...**' હું તો મારું દ્રવ્ય એટલે વસ્તુ એનાથી છું. મારું અસંખ્ય પ્રદેશી ક્ષેત્ર એનાથી છું. એ બાગ-બગીચાના ક્ષેત્રથી હું નથી. આહાહા..! એ પર આત્માના ક્ષેત્રથી હું નથી. હું તો મારું અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્ર છે એનાથી છું, મારી ત્રિકાળ શક્તિ અવસ્થાથી છું અને હું ત્રિકાળી ભાવસ્વરૂપ છું. મારા દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સત્સ્વરૂપ છું.

'**પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ,...**' છું. શરીર, વાણી, લક્ષ્મી, કર્મ આદિ દ્રવ્ય એનાથી હું અસત્ છું, પરના ક્ષેત્રથી અસત્ છું, પરની અવસ્થાથી અસત્ છું, પરના ભાવથી અસત્ છું. કહો, સમજાણું આમાં? ઘણું આવી ગયું છે આ તો. આ તો ઉપર ટૂંકું રહ્યું છે. આ તો ઘણા દિવસથી ચાલે છે આ. જૈનદર્શનનું રહસ્ય સાર સ્યાદ્વાદ મુદ્રાછાપ જેની છે.

કહે છે, અસત્ પરથી (છું). પરની ચીજો, પરનું ક્ષેત્ર, પરની અવસ્થા અને પરની શક્તિઓ એનાથી તો અસત્ છું. મારાથી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે સત્ છું અને પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્સ્વરૂપ છું. બહુ વિસ્તારથી આવી ગયું છે ઘણા દી થી. '**નિત્યસ્વરૂપ, અનિત્યસ્વરૂપ...**' બેય હું છું. વસ્તુ તરીકે હું નિત્ય છું અને પર્યાય—અવસ્થા બદલે છે એ અપેક્ષાએ હું અનિત્ય હું નો હું છું. અનિત્ય માયા છે અને નિત્ય હું છું એમ નહિ. આહાહા..! એમ નહિ. એવો આત્માનો સ્વભાવ છે જ નહિ. હું નિત્ય પણ છું ધ્રુવની અપેક્ષાએ અને અવસ્થાના કાર્યો બદલે છે શ્રદ્ધા, જ્ઞાન, શાંતિ. દુઃખની અવસ્થા બદલીને સુખની થાય છે એવી અનિત્ય અવસ્થાવાળો પણ હું જ છું. અવસ્થાની બદલવાની અપેક્ષાએ અનિત્ય છું, વસ્તુની અપેક્ષાએ નિત્ય છું.

'**ઈત્યાદિ અનેક ધર્મસ્વરૂપ પ્રત્યક્ષ અનુભવગોચર...**' થાય. '**અનુભવગોચર કરી પ્રતીતિમાં લાવો.**' આહાહા..! '**એ જ સમ્યગ્જ્ઞાન છે.**' એને સમ્યગ્જ્ઞાન કહેવાય. '**સર્વથા એકાંત માનવું તે મિથ્યાજ્ઞાન છે.**' સર્વથા એકાંત માનવું પરથી પણ હું છું, અનિત્ય હું નથી, નિત્ય જ છું, નિત્ય જ છું અને અનિત્ય નથી એમ માનવું એ એકાંત મિથ્યાજ્ઞાન છે.

(**શ્રોતા** :- પ્રમાણ વચન ગુરુદેવ!)

## શ્રી સમયસાર, ગાથા-૨
## પ્રવચન નં.૯, તા.૧૬-૬-૧૯૭૮
## (૨૫)

સમયસાર, ગાથા બીજી. ગાથાર્થ પહેલો ચાલે છે. 'હે ભવ્ય! જે જીવ...' ગાથાર્થ. '**चरित्रदर्शनज्ञानस्थितः**' એ તો પદની રચના માટે ચારિત્ર પહેલો આવ્યો છે. ખરેખર તો દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત રહ્યો છે. '**તેને નિશ્ચયથી સ્વસમય જાણ**;...' અહીંયાં તો ત્રણ બોલ લીધા છે. દર્શન, જ્ઞાન અને ચારિત્ર. છે તો અનંતગુણની પર્યાય દર્શન-જ્ઞાન-ચારિત્રની સાથે નિર્મળપણે થઈ છે, પણ મુખ્ય અહીંયાં દર્શન-જ્ઞાન-ચારિત્ર મોક્ષનો માર્ગ જે દુઃખથી મુક્ત થવાનો એને મુખ્યપણે કહ્યું છે. એટલે કે દર્શન-જ્ઞાન-ચારિત્ર આત્મા અનંતગુણસ્વરૂપ એ અનંત-અનંતગુણની વર્તમાન પર્યાયપણે વ્યક્તપણે સ્થિત થાય તેને અહીંયાં સ્વસમય નામ આત્મા કહ્યો છે. આત્મા તો આત્મા છે, પણ જેને એની શ્રદ્ધા-જ્ઞાન અને ચારિત્રમાં એ આવ્યો આત્મા-ધ્રુવ પરિણમન થયું-તેના ખ્યાલમાં આવ્યો એને અહીંયાં આત્મા સ્વસમય કહેવામાં આવે છે.

આત્મા તો આત્મા છે, પણ અહીંયાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં.. ઝીણી વાત છે, ભાઈ! આહા..! એમાં આત્મામાં ગુણ તો અનંત છે. રાત્રે કહ્યું હતું, જેમ આ આકાશ છે એના અહીંના પ્રદેશથી શરૂ કરીએ, અહીં આકાશની શરૂઆત કરીએ તો અંત આમ નથી. શરૂઆત અહીંથી કહેવાય, પણ આમ પ્રદેશનો અંત નથી ક્યાંય. અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... એમ અહીંની શરૂઆત કરીને આમ લઈ જાય તોપણ અનંત-અનંત અને બેનું ભેગું કરી દે તો અનંત-અનંત. અહીં અનંત, અહીં અનંત. એક સમયના એક શ્રેણિના પ્રદેશ. એવી તો અનંત શ્રેણિ છે. એના એક શ્રેણિ, એક પ્રદેશની શ્રેણિ જેનો અંત અને આદિ અહીં અંત નથી એવી શ્રેણિ એક એક. એવી અનંતી શ્રેણિઓ છે.

હવે અહીં તો એમ કહેવું છે કે જે અનંત-અનંત આકાશના પ્રદેશ જેનો અંત ક્યાંય છેડો શું? છેડો શું? પછી શું? એમ કાળની પણ આદિ નથી. વર્તમાન એનો અંત આવે. અનાદિઅનંત. આદિ નહિ અને અંત આવે. ભવિષ્યની અંત નહિ, પણ શરૂઆત અહીંથી કહેવાય તો સાદિઅનંત કહેવાય અને સમ્મુચય કહેવાય તો અનાદિઅનંત કહેવાય. આહાહા..! એમ આત્મામાં અને પરમાણુઓમાં કેટલા ગુણો છે? કે એ આકાશના પ્રદેશથી પણ અનંતગુણા. એનો અર્થ શું થયો? આહાહા..! ગંભીર ગજબ વાત છે કોઈ!

આત્મામાં અનંત સંખ્યાએ ગુણ છે. એમ અહીં ત્રણમાં સ્થિત કહ્યું, પણ છે તો અનંતગુણમાં સ્થિત. એ અનંતગુણ છે એમાં પહેલો પછી નથી, પણ એ અનંતગુણ છે એમાં ગણતરી કરવા જાય કે આ એક, બે, ત્રણ, ચાર, પાંચ, છ.. તો એનો છેલ્લો ક્યો ગુણ? એ આવે નહિ એમાં. આહાહા..! ક્ષેત્ર ભલે શરીર પ્રમાણે અને ક્ષેત્ર એટલે પોતાનું ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ પ્રમાણે, પણ એના જે ગુણોની સંખ્યા અનંત એમાં પહેલો પછી એવું નહિ કે પહેલું જ્ઞાન અને પછી દર્શન એમ નહિ. એકસાથે (છે), પણ એકસાથે હોવા છતાં એને ગણતરીથી ગણવા માંડે કે આ એક, બે, ત્રણ, ચાર તો એનો છેલ્લો ગુણ ક્યો? આહાહા..! છેલ્લો છે જ નહિ. આહાહા..! આ તે કાંઈ વાત છે! શું કહે છે? પંડિતજી!

અનંત જે સંખ્યાએ આત્મામાં ગુણ છે એ ગુણ પહેલો-પછી નથી, છે એકસાથે; પણ એકસાથેમાં કે આ એક, બે, ત્રણ, ચાર એમ છેલ્લો ક્યો? આહાહા..! ગણતરીમાં છેલ્લો આવતો જ નથી. શું કહે છે આ? અરે..! એણે નિજ તત્ત્વ કેવડું અને કેટલું છે એવું એણે અંતરથી સાંભળ્યું નથી. આહાહા..! એના ગુણરૂપી ભાવ એની સંખ્યા અપાર, તો ગુણ... ગુણ... ગુણ... ગુણ... જ્ઞાન... જ્ઞાન.. દર્શન, ચારિત્ર, આનંદ શાંતિ, અસ્તિત્વ, વસ્તુત્વ એમ કરતાં ક્યાંય છેલ્લો ગુણ આવે એવો ક્યાંય અંત નથી. આહાહા..! જેમાં અંત વિનાના છેલ્લો નહિ એ વિનાના અનંત ગુણ. આ તે શું કહે છે? આહાહા..! અરે..! એણે નિજતત્ત્વને જાણવાનો પ્રયત્ન એણે કર્યો જ નથી. બાકી બધું આ સંસારની હોળી પાપ આખો દી.

અહીંયાં તો કહે છે કે '**जीवो चरित्तदंसणणाणठिदो तं हि ससमयं जाण।**' એમાં તો જેટલા ગુણો છે, જે ગુણોની સંખ્યાનો છેડો કોઈ અંત નથી એટલી સંખ્યા... એટલી સંખ્યા... એટલી સંખ્યા... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત... અનંત.... અનંત... એને અનંતને અનંતગુણા વર્ગ કરો તોપણ આ છેલ્લો આ ગુણ જેમાં નથી, આહાહા..! એવડું આ તત્ત્વ અસ્તિત્વ. એના જેટલા ગુણો છે તેટલી જ એની પર્યાય છે. એક સમયમાં અનંતી પર્યાય છે, એમાં પહેલી પછી એ શબ્દ નથી. કારણ કે એક સમયમાં જ અનંતી સાથે છે. છતાં એ પર્યાયની ગણતરીથી ગણવા માંડો એક, બે, ત્રણ, ચાર, સંખ્ય, અસંખ્ય અનંત... અનંત... અનંત... અનંત... અનંત... તો એ અનંતી પર્યાયમાં છેલ્લી કઈ પર્યાય? એ નહિ આવે એમાં. આહાહા..! ઝીણું તત્ત્વ બહુ, બાપુ! આહાહા..! આ ગંભીર (તત્ત્વ) સર્વજ્ઞ સિવાય કોઈએ જોયું નથી, જાણ્યું નથી અને કહ્યું નથી. આહાહા..!

એના અનંતા ગુણોની સંખ્યા, આકાશ તો ક્ષેત્રથી અંત નહિ. આકાશ... આકાશ... આકાશ... આકાશ... આકાશ... દશેય દિશામાં પછી શું? પછી શું? ક્યાંય આકાશનો અંત નથી. એટલા બધા આકાશના પ્રદેશોથી અનંતગુણા અહીં ગુણ. જેનો આકાશના પ્રદેશનો અંત નથી, આહાહા..! એથી અનંતગુણા ગુણો. સંખ્યાએ અનંતગુણા ગુણ એ રહ્યા અસંખ્ય પ્રદેશમાં, રહ્યા એક સમયમાં. રહ્યા અસંખ્ય પ્રદેશમાં, રહ્યા એક સમયમાં, રહ્યા અનંત, પણ અનંતનો આ છેલ્લો

ગુણ આ (એમ આવે નહિ). આ તે કાંઈ વાત છે! શું છે? આહાહા..! એ છેલ્લો એ શબ્દ જ નથી ત્યાં અને ભાવમાં એ નથી. આહાહા..! એવા અનંત-અનંત ભાવરૂપ ગુણ—એ અહીં કહેશે નીચે. એ અનંતધર્મમાં રહેલું એક ધર્મીપણું તે દ્રવ્ય છે, એમ આવશે નીચે. આહાહા..! ભાષા સાધારણ જાણીને એની ગંભીરતા ન બેસે તો... ભાષા જડ છે.

એ અનંતગુણ જે છે એનો કોઈ છેડો નહિ. છેડો નહિ એટલે? આ છેલ્લો ગુણ... છેલ્લો ગુણ... છેલ્લો ગુણ... અનંત.. અનંત... અનંત ગણતા એક આ છેલ્લો એ એમાં છે નહિ. આ શું કહે છે આ? આ વાત પહેલી વહેલી છે. કોઈ દી કહેવામાં આવી નથી. સમજાણું કાંઈ? અનંત છેને એમ બધું ઘણીવાર કહ્યું. પણ અનંત છે એ અનંતમાં અનંતનો છેલ્લો છેલ્લો છેલ્લો ક્યો? આહાહા..! અસંખ્ય પ્રદેશમાં એક સમયમાં અનંતની સંખ્યામાં આ છેલ્લો એ કોઈ છેલ્લો આવતો જ નથી. છેલ્લાનો છેડો જ નથી. આહાહા..! આ તે વાત! આહાહા..!

**શ્રોતા :—** વ્યાખ્યાનમાં આપને કહેવાની વિનંતી કરી હતી. રાતે વાત તો થઈ હતી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આ બહેનોને કાને પડેને. રાતે વાત થઈ હતી. પહેલી વહેલી કરી છે. આટલા વર્ષમાં પહેલી જ આ કરી છે કે અનંત ભાવમાં એ અનંતની સંખ્યાનો છેલ્લો ગુણ ક્યો? એવું છે જ નહિ એમાં. આહાહા..!

એમ અનંતગુણની એક સમયની (પર્યાય). કાળમાં એક સમય અને અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ ક્ષેત્રનો. એમાં થતી અનંતી પર્યાય. ગુણમાં તો અસંખ્ય પ્રદેશ છે આખા. આમ એક પર્યાય છે એનો એક છેલ્લો, અસંખ્ય પ્રદેશનો છેલ્લો અંશ, એમાં ઉત્પન્ન થતી અનંતી પર્યાય. ક્ષેત્ર એટલું અંશ, કાળ એક સમય, એ પર્યાયની સંખ્યા એટલી અનંતી... આહાહા..! કે આ પર્યાય છેલ્લી એમ ગણતરીની ગણતરામાં છેલ્લી પર્યાય હોય જ નહિ. આહાહા..!

આમ અનંત-અનંત તો કહે છે, પણ અનંત એટલે કઈ રીતે? આહાહા..! ક્ષેત્રનો અંત તો હજી એમ કંઈક હશે, હશે અંદર; પણ આ એટલામાં ભાવનો અંત નહિ, ભાવની સંખ્યા જેટલી છે એટલી સંખ્યાનો ક્યાંય અંત નહિ. સમય એક, ક્ષેત્ર અસંખ્ય પ્રદેશ અને ભાવની સંખ્યાનો છેડો નહિ. છેલ્લો આ એવો છેડો નહિ. આહાહા..! એવી જ અનંતી પર્યાય. પ્રદેશનો એક અંશ, સમયનો એક સમય અને સંખ્યામાં અનંત પર્યાય. એમાં પણ આ પહેલી-પછી તો નથી એમાં કાંઈ. એકસાથે છે અનંત. છતાં અનંતમાં આ... આ... આ... આ... આ... આ... આ... આ... આ... અનંત-અનંત છેલ્લી આ (એમ નથી). આહાહા..! આવું તત્ત્વ ભગવાન સર્વજ્ઞ સિવાય ક્યાંય કોઈએ જોયું નથી અને કોઈએ કહ્યું નથી.

એક સમયની અનંતી પર્યાય. એમાં એક પર્યાય હવે લેવો. જ્ઞાનની એક પર્યાય. અનંતી પર્યાયની સંખ્યામાં છેલ્લી પર્યાય નહિ, છેડો નહિ એટલી પર્યાય. આહાહા..! કેમ પ્રદેશની સંખ્યાનો અંત નથી અહીં અને પર્યાયની સંખ્યાનો અંત નથી. આહાહા..! હવે એક-એક પર્યાયમાં જ્ઞાનની એક પર્યાય એ જ્ઞેય પ્રમાણે. જ્ઞાનની એક પર્યાય જ્ઞેય પ્રમાણે, જ્ઞેય કેટલા?

કે અનંતા આત્મા અને અનંતા પરમાણુઓ એ જ્ઞેય. એ જ્ઞાન જ્ઞેય પ્રમાણે, જ્ઞેય કેટલા? કે લોકાલોક પ્રમાણે. આહાહા..! એક સમયની પર્યાયમાં પ્રમેય લોકાલોક. જેના ભાવનો અંત નથી તે તે પરમાણુના ગુણનો અને તેની પર્યાયનો એ બધો અહીંયાં એક સમયની પર્યાયમાં જણાઈ જાય. શ્રુતજ્ઞાનની પર્યાયમાં પણ, હોં! કેવળજ્ઞાનની તો વાત શું કરવી? આહાહા..! એવી એક સમયની પર્યાયમાં પણ અનંતા અવિભાગ પ્રતિચ્છેદ. જ્ઞાનની એક સમયની પર્યાયમાં અનંતા દ્રવ્યો અને એક-એક દ્રવ્યના અનંતા ગુણો જેનો પાર નહિ અને એક-એક ગુણની પર્યાય જેનો પાર નહિ, એનો પાર પર્યાયે—શ્રુતજ્ઞાને પાર જાણી લીધો. આહાહા..! એક જ્ઞાનની એક સમયની પર્યાયના આવા અનંતા લોકાલોક જાણ્યા, દ્રવ્યો, અનંત ગુણો તો એટલા ભાગ પડી ગયા એક પર્યાયમાં—અંશો. કેટલા અંશો? કે એ અંશનો છેડો નહિ. આહાહા..!

**શ્રોતા** :— અનંત હોય એનો છેડો કેમ હોય.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અનંત એમ નહિ. છેડો નહિ. એમ ભાષા કરો એમ કામ ન આવે. અનંતો... અનંતો... અનંતો.. દ્રવ્ય પણ છે અનંત. પણ એનો અંત આવી જાય છે. ક્ષેત્ર અનંત, કાળ અનંત, ભાવ અનંત, પર્યાય અનંતનો કાંઈ પાર નથી. આહાહા..! એની સંખ્યામાં કેટલી છે? અને એનો છેડો છેલ્લો ક્યો? એટલી સંખ્યાએ એની પર્યાય અને એક એક પર્યાયમાં અનંત દ્રવ્યો અને અનંત એના ગુણો. જેના ગુણનો અંત નહિ, પર્યાયનો અંત નહિ એટલી સંખ્યાએ. કાળે અનંત એમ નહિ. કાળે ભલે એક સમય હો, પણ એક સમયના તેના ગુણ અને પર્યાય એક સમયની પર્યાયમાં જણાઈ જાય, એક સમયની પર્યાયના ભાગ કેટલા? એના ભાગ કટકા કરતાં... કરતાં... કરતાં... કરતાં છેલ્લો અ-વિભાગ—જેનો બીજો ભાગ ન થઈ શકે... ઓહોહો..! એવા એક સમયની પર્યાયમાં અનંતા અવિભાગપ્રતિચ્છેદ, એમાં અવિભાગપ્રતિચ્છેદમાં છેલ્લો ક્યો? અંત નથી.

હવે અહીં તો એમ કહેવું છે કે જેટલા ગુણો છે એટલા જ્યાં દર્શન-જ્ઞાન-ચારિત્રમાં સ્થિત થાય છે, અત્યારે વાત ત્રણની લીધી છે અહીં, ભાઈ! પણ અનંતા ગુણોની પર્યાય ત્યાં વ્યક્ત થઈને સ્થિર થાય ત્યાં. શુદ્ધિમાં કેટલીક શુદ્ધિ થાય અને કેટલીક શુદ્ધિ ન થાય એમ નહિ. પણ અહીંયાં દર્શન-જ્ઞાન-ચારિત્રની મુખ્યતા ગણીને તેમાં જીવ જે આખો અનંતગુણનો પિંડ છે તે સ્થિર થાય છે આમ. આમ રાગમાં સ્થિર થાય છે એ પછી કહેશે. આહાહા..! અંદર પોતાના અનંતા જે ગુણો છે એનું એકરૂપ દ્રવ્ય છે. અનંત ધર્મ જે ગુણો એનો ધરનાર એક તત્ત્વ. એ તત્ત્વ જ્યારે પોતાની નિર્મળ પર્યાયમાં સ્થિત થાય છે, ત્યારે તેના જેટલા ગુણો છે તેટલા ગુણોનો વ્યક્તતામાં અંશો બધા ગુણોના પ્રગટ થાય છે. છતાં અહીં ત્રણ કહ્યા છે એ મુખ્ય મોક્ષમાર્ગની પર્યાયની અપેક્ષાએ. સમજાણું કાંઈ? ગંભીર છે, ભાઈ! આહાહા..!

**શ્રોતા** :— અગાધ અને ગંભીર.

**પૂજ્ય ગુરુદેવશ્રી** :— અગાધ ગંભીર દરિયો. બીજા ઘણા વિચારો આવ્યા છે. પાર

પમાય એવું નથી.

**'અને જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં સ્થિત થયેલ છે...'** હવે અહીં કર્મના પ્રદેશોમાં સ્થિત શબ્દ એમ વાપર્યો છે. વાત ઈ છે કે પુદ્ગલના નિમિત્તે થતી વિકારી અવસ્થા તેમાં સ્થિત છે. એ સ્થિતમાં અનંતા ગુણો વિકારપણે નથી. નિર્મળપણામાં અનંતા ગુણ નિર્મળપણે હતા. સમજાણું કાંઈ? પહેલાંમાં જે દર્શન-જ્ઞાન સ્થિતમાં ત્રણ મુખ્ય લીધા, પણ તેમાં જેટલી સંખ્યામાં ગુણ છે, જેનો છેડો નહિ એ બધા ગુણોની અંશે વ્યક્તતા પ્રગટમાં સ્થિત છે. આહાહા..! તેને અહીંયાં સ્વસમય આત્મા કહે છે. આ તો ૧૯મી વાર વંચાય છે આ. કાંઈ એનું એ આવે કાંઈ? આહાહા..!

હવે આમાં બીજું કહેવું છે કે **'જે જીવ પુદ્ગલકર્મના પ્રદેશોમાં...'** એ પુદ્ગલકર્મ તો અજીવ જડ છે, પણ તેના અનુભાગમાં સ્થિતિ એક સમયની છે ત્યાં વર્તમાન. આમ ભલે કાયમ રહેનારું એમ નહિ, પણ તેના અનુભાગમાં જે એકાગ્ર થાય છે એમાં જેટલા ગુણો છે એ બધા ગુણો કર્મના પ્રદેશમાં સ્થિત થતાં નથી. કેટલાક ગુણોની પર્યાય તો નિર્મળ સદાય રહે છે. સમજાણું કાંઈ? એક વાત.

બીજું, કર્મપણે પરિણમેલા જે પરમાણુ છે એમાં પણ પરમાણુમાં જેટલા ગુણો છે એ બધા ગુણો કર્મપણે પરિણમે છે એમ નથી. આહાહા..! ક્યાં નવરાશ જગતના પાપ આડે. એકલું પાપ પોટલા બાંધી ચાલ્યા જવાના ચાર ગતિમાં રખડવા. આહાહા..! હજી પહેલી શું ચીજ છે એ સમજવાને પણ વખત લે નહિ. આહાહા..! આહાહા..! અને આવો જે અપાર સ્વભાવ અને પર્યાય એનો પત્તો અંદર લાગે, જે જ્ઞાન અને શ્રદ્ધા એનો પત્તો લે એને રાગમાં રસ ઊડી જાય. રાગ ઊડી જાય એમ નહિ, રાગ રહે. સમજાણું કાંઈ? આવા જે અનંતા ગુણો, અનંતી પર્યાયો છેડા વિનાની, છેલ્લા વિનાની એવી દ્રવ્યની દૃષ્ટિ જેને થાય, એના અસ્તિત્વનો સ્વીકાર થાય એના રસ આડે એને રાગમાં રસ રહે નહિ.

રાગ તો અમુક ગુણોની પર્યાય અને અહીં તો અનંતા.. અનંતા.. અનંતા.. છેડા નહિ આવે એટલા ગુણો. આહાહા..! ઝીણું બહુ, બાપુ! વીતરાગમાર્ગનું પ્રથમ સમ્યગ્દર્શન શું ચીજ છે? ગજબ વાત છે! આહાહા..! એના વિના રખડી મર્યો ચોર્યાસીના અવતારમાં. આહાહા..! એ અબજોપતિ શેઠિયા કહેવાય, એ મરીને ગધેડા થાય, કૂતરા થાય. કેમકે ધર્મ શું ચીજ છે એની અંતર ખબર નથી અને માંસ આદિ ખાતા ન હોય દારૂ આદિ એટલે નરકમાં તો ન જાય. સિદ્ધાંત તો એમાં લેખ છે શાસ્ત્રમાં કે એ બધા જવાના તિર્યંચમાં. ઢોર આડા (થવાના). આહાહા..!

જેવું સ્વરૂપ છે એવું જેણે જાણ્યું નથી, માન્યું નથી, ઓળખ્યું નથી, એના વિરુદ્ધ ભાવો જે આડા, વિકારી ભાવોને આડોડાઈ કરીને કર્યા છે એ આડોડાઈ એટલે ટેડાઈ થઈ ગઈ છે, એ મરીને આડોડાઈ—તિર્યંચના શરીરમાં જવાના. કારણ કે તિર્યંચના શરીર આમ

આડા છે. મનુષ્યના આમ ઊભા છે. ગાય, ભેંસ, ખિસકોલી આડા છેને? ટેડા. એ મોટી સંખ્યા એ છે. ઘણી સંખ્યા ત્યાં પૂરવાના છે. આહાહા..!

અહીં બીજું કહેવું છે કે કર્મના પ્રદેશમાં સ્થિત છે તે બધા ગુણો કંઈ વિકારી પર્યાયમાં સ્થિત નથી. એક વાત. અને કર્મ જે છે પરમાણુઓ એ તો વિભાવરૂપે પરિણમેલ છે. એક પરમાણુ સ્વભાવરૂપે છે અને આ તો વિભાવરૂપે પરિણમેલ, પણ વિભાવરૂપે પરિણમનમાં કર્મની પર્યાયપણે બધા ગુણો પરિણમ્યા છે એમ નથી. સમજાણું કાંઈ? જેમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણમનમાં સર્વ ગુણ શુદ્ધપણે વ્યક્તપણે પરિણમ્યા છે, એમ વિકારપણે બધા ગુણો પરિણમ્યા છે પરમાણુમાં એમ નથી.

આત્મામાં પણ એમ છે. આત્મામાં પણ અશુદ્ધપણું પરિણમન જે છે એ બધા ગુણો અશુદ્ધપણે થાય છે એમ નથી. કેટલાક ગુણો અશુદ્ધ થાય છે. બાકી તો કેટલાક ગુણો અભવિને પણ શુદ્ધ રહે છે પર્યાયમાં. જેમ અસ્તિત્વ. એ અસ્તિત્વનું અશુદ્ધ શું થવું? અસ્તિત્વનું અશુદ્ધ શું થવું? હોવું ઓછું થઈ જવું? વાત સમજાય છે? આહાહા..! પંડિતજી!

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** એમ છે. એ તો એમાં એક પ્રદેશત્વ નામનો ગુણ છે સામાન્યમાં એ વિકારરૂપે પરિણમે. એ બે પરમાણુ, ચાર પરમાણુમાં થાય ત્યારે, એકલો નહિ. આહાહા..! તે કર્મપણે પરિણમેલા પર્યાયો એમાં પણ પરમાણુના જેટલા ગુણો છે એ બધા કર્મપણે પરિણમ્યા નથી. અમુક જ ગુણની પર્યાયો કર્મપણે થઈ છે. આહાહા..! એમાં જે રોકાયેલો છે જીવ, આમ અનંતગુણમાં ન આવતા અનંતા પર્યાયો કર્મના રસની છે ત્યાં અટક્યો છે એ પરસમય એટલે અણાત્મા છે.

**શ્રોતા :—** હજારો શ્લોક યાદ કરીને પણ આ તત્ત્વનો વિરોધ કરે છે તે આડા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** આડાઈ કરે છે. વિરુદ્ધ અર્થ કરે, વિરુદ્ધ શ્રદ્ધા કરે, આત્માથી વિરુદ્ધ વિકારના ભાવ કરે. આહાહા..! ગોમ્મટસારમાં પાઠ છે. તિર્યંચ કેમ થાય? તિર્યંચ છેને એ શબ્દ? તિર્યંચ એટલે તિરછું, તિરછું એટલે આડું. ઘણી સંખ્યા તો એ જ છે. આહાહા..! પણ કોને પડી આ? આ બહારમાં અનુકૂળતા થોડી રહે, મરી જઈએ ને પછી ક્યાં જઈએ? કોણ જાણે એ ગોલણ ગાડા ભરે.

**શ્રોતા :—** ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શું કીધું? એની ક્યાં પડી છે એને?

અહીંયાં કહે છે... એક શ્લોકમાં કેટલું સમાડી દીધું છે! અને તે કર્મના પ્રદેશ કીધા છે. કર્મના પ્રદેશ તો પરમાણુ જડ છે, પણ એનો અનુભાગ જે છે, એનો પ્રદેશનો ભાગ એનો કહેવાય, એના તરફના લક્ષમાં જઈને જે વિકારપણે પરિણમ્યો છે તે અણાત્મા પરસમય કહેવામાં આવે છે. આહાહા..! આવી વાત છે. કર્મપણે પણ પરમાણુના અનંત ગુણો પરિણમ્યા નથી.

આહાહા..! એમ ભગવાન આત્માના અનંતા ગુણો મિથ્યાત્વ, અવ્રત, કષાય આદિ પરિણમવામાં અનંત ગુણો નથી પરિણમ્યા, કેટલાક જ ગુણો (પરિણમ્યા છે). બહુ વિચાર કરીને કાઢ્યા હતા ઘણા વર્ષ પહેલાં. બહુ વધારે ન નીકળ્યા. ૨૧ ગુણ કાઢ્યા હતા વિપરીતપણાના. ઘણા ગુણ પહેલા (કાઢેલા). ગામડામાં હોયને એકાંત. વિપરીત. આત્મામાં જે મિથ્યાત્વ, ચારિત્ર, આનંદ, પ્રદેશત્વ, કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન એવા એવા ગુણો વિકારપણે થયા છે, બધા ગુણો નથી થયા. સમજાણું? વિચાર તો બધા આવ્યા હોયને એકે-એક ઘણા. આહાહા..!

અહીં કહે છે કે '**જે જીવ પુદ્‌ગલકર્મના પ્રદેશોમાં**...' એટલે કે એ કર્મનો જ ભાગ છે વિકાર, આત્માનો સ્વભાવ નથી. વિભાવ પુણ્ય ને પાપ, દયા ને દાન, વ્રત ને ભક્તિ, કામ ને ક્રોધ, રળવું, કમાવાનું ધ્યાન એ બધા પાપ. આહાહા..! એમાં જે સ્થિત છે. છે? '**તેને પરસમય જાણ.**' તેને અણાત્મા જાણ. આહાહા..! કેમકે એની પર્યાયમાં વિકારપણે થવું એ વિકાર આત્મા નથી. વિકાર એ આત્માનો કોઈ સ્વભાવ નથી. વિકારપણે પરિણમ્યો છે, થયો છે તે અણાત્મા છે. આહાહા..! એ તો શબ્દાર્થ થયો. હવે એની ટીકા.

'**ટીકા :- સમય**...' પહેલો સમય .. લ્યો ટીકા. '**સમય શબ્દનો અર્થ આ પ્રમાણે છે : 'सम्' તો ઉપસર્ગ છે,**...' વ્યાકરણના નિયમ પ્રમાણે '**सम्**' ઉપસર્ગ છે. '**તેનો અર્થ એકપણું એવો છે;**...' તેનો અર્થ એકપણું એવો છે. '**सम्**' એકપણું. '**अय् गतौ**' સમય છેને સમય? '**सम्**' અને '**अय्**' બે શબ્દ ભેગા છે. '**सम्**' નો અર્થ એકપણું, '**अय् गतौ**' '**ધાતુ છે**...' '**अय् गतौ**' '**ધાતુ છે**...' ધાતુ. પરિણમન કરવું. આહાહા..! એ '**अय्**' '**ધાતુ છે એનો ગમન અર્થ પણ છે**...' '**अय्**' એટલે ગમન કરવું, પરિણમવું, ગમન કરવું. '**અને જ્ઞાન અર્થ પણ છે;**...' ગમન કરવું અને પરિણમવું જ્ઞાનરૂપે હોં! ગમનપણે પરિણમવું અને જ્ઞાન અર્થ. '**તેથી એકસાથે જ (યુગપદ્) જાણવું તથા પરિણમન કરવું એ બે ક્રિયાઓ જે એકત્વપૂર્વક કરે**...' બે ક્રિયાઓ એક સમયમાં એકત્વપૂર્વક કરે, પરિણમે અને જાણે. પરિણમે અને જાણે એવી એક સમયમાં બે ક્રિયાને એકપણે કરે. આહાહા..! છે? '**તે સમય છે.**' એક સમયની વ્યાખ્યા કરી.

ફરીને. '**सम्**' અને '**अय्**' આત્મા લેવો છેને અત્યારે? એટલે '**सम्**' એકપણે '**अय्**' ગમવું, ગમન કરવું, પરિણમવું અને જાણવું. એવી બે ક્રિયા એક સમયમાં જે કરે તેને સમય કહેવામાં આવે છે. સમય કેમ કહ્યો? ઓલા પૂછતા હતા મને તે દી. દિલ્હી. વિદ્યાનંદજી. સમય કેમ કહ્યો? અરે..! કીધું, સમય વસ્તુનું સ્વરૂપ છે. '**सम्**' અને '**अय्**' એ માટે સમય કર્યો છે. આહાહા..!

આત્માને સમય કેમ કહ્યો? કે એકપણે પરિણમે અને જાણે. એક સમયમાં એકપણે બે ક્રિયા કરે તેને સમય કહેવામાં આવે છે. એ સમય તે આત્મા છે. એ આત્મા જ પરિણમે

અને જાણે. બીજા પદાર્થમાં પરિણમન ગમન છે, પણ જાણવું નથી. ગમનની અપેક્ષાએ બીજાને સમય કહેવાય, પણ અહીં તો જાણવું અને ગમન કરવું બે અર્થમાં જે હોય તેને સમય કહીએ. આહાહા..! પછી સ્વસમય લેશે. હજી તો સમય કોને કહીએ? આહાહા..!

**'આ જીવ નામનો પદાર્થ...'** **'સમ્'**નો અર્થ કર્યો. હવે જીવની સાથે મેળવે છે. **'આ જીવ નામનો પદાર્થ એકત્વપૂર્વક...'** એકત્વપૂર્વક સુધાર્યું છે. **'એક જ વખતે...'** એકત્વપૂર્વક એક જ કાળે **'પરિણમે પણ છે અને જાણે પણ છે તેથી તે સમય છે.'** તેથી તેને સમય આત્માને કહેવામાં આવે છે. જાણવાનું કાર્ય પણ કરે અને પરિણમે. એકી સાથે બે કરે. આહાહા..! સમય એક, બે ક્રિયા. પરિણમવાની અને જાણવાની. એકસાથે કેમ કહ્યું? એક પરિણમે પહેલો અને જાણે પછી એમ નહિ. પરિણમવું અને જાણવું એક જ સમયે છે. આહાહા..! એકત્વપૂર્વક કરે, બેને એકપણે કરીને કરે. આહાહા..! આવી ઝીણી વાત છે. સમયસાર સમજવો, સાંભળવો બાપુ! આકરું કામ છે. બાકી તો બધું દુનિયા કરે છે આખી. ઢોરની જેમ મહેનતું કરે ઢોર જેવા બધા. આખો દી રાગ ને આ ને આ ને. ઢોર થવાના અને ઢોર જેવી મહેનતું કરે છે. આહાહા..!

**શ્રોતા :—** પૈસાવાળા...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** પૈસાના બાપ હોય મોટા અબજોપતિ મોટા ઢોર થવાના. પશુ. કાગડામાં કાગડી થવાના, બકરાના બચ્ચા થવાના, ઢેઢગરોળીના કૂખે ઢેઢ ગરોળી થાશે. આવડી થાય છેને? બાપુ! વસ્તુસ્વરૂપ એવું છે. આહાહા..! અરે..! એણે જાણ્યું અને જોયું છે ક્યાં? એને દરકાર ક્યાં છે? આહાહા..! અનંતકાળ વીતી ગયો, પ્રભુ! તેં આ રીતે ઊંઘાઈ કરી છે. આહાહા..!

ભગવાન આત્મા અનંતગુણનું પરિણમન એક સમયે અને જ્ઞાનનું જાણવું એ સમયે. બીજા અનંતા ગુણો પરિણમે છે પણ જાણતા નથી. આહાહા..! એક સમયમાં એટલે કે સૂક્ષ્મ કાળમાં. આહાહા..! ભગવાન આત્મા અનંતા જે ગુણો છેડા અને છેલ્લા વિનાના કીધા એ બધા ગુણોનું એક સમયમાં પરિણમન, બદલવું, હલચલ થવી... ધ્રુવ છે એમાં હલચલ નથી, ઉત્પાદ-વ્યયમાં હલચલ છે. એટલે એ ધ્રુવ ધ્રુવપણે રહી અને અનંતા ગુણનું હલચલ નામ પરિણમન થાય અને તે જ વખતે જ્ઞાન જાણવાનું કામ કરે એને આત્મા કહીએ. આ બધું તમારે ઝવેરાત-બવેરાતના મીંડા વળે છે અહીંયાં. આહાહા..! અરે.. પ્રભુ! આવું ક્યાં છે, ભાઈ? આહા..!

અનંતકાળના અસંખ્ય ક્ષેત્રમાં અનંતવાર ઊપજ્યો. આહાહા..! એવો આત્મા કેટલો, કેવડો છે અને એ કેવડો આત્મા એક સમયમાં અનંતા ગુણોનો છેડો નહિ, છેલ્લો નહિ એનું પરિણમન કરે. આહાહા..! અને તે જ સમયે જ્ઞાન કરે. એકત્વપૂર્વક બેની ક્રિયા કરે. આહાહા..! કાળભેદ નહિ. આહાહા..! ભાઈ! જે વખતે પરિણમે છે એ વખતે જાણે એને અને જ્ઞાન પણ જે વખતે પરિણમે છે તે વખતે એને જાણે?-કે હા.

**શ્રોતા :—** એક સમયની પર્યાય બે સમયે કેમ હોય? ...

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** જ્ઞાન પોતે પરિણમે પણ છે. પરિણમન તો આવી ગયુંને? બધા ગુણો પરિણમે છે એમાં જ્ઞાન પણ પરિણમન તો આવી ગયું અને સાથે જાણે પણ છે. પરિણમે છે અને જાણે છે. જે સમયે પરિણમે છે તે સમયે જાણે છે. તેથી એકત્વપૂર્વક કરે છે એમ કીધુંને? આહાહા..! આવી વાત છે બાપા ઝીણી. સર્વજ્ઞ ત્રિલોકનાથની પ્રમાણથી વાત નીકળી છે. આહાહા..! ગણધરો, સંતો, કેવળીના નિકટવાસીઓ નજીકમાં રહીને સાંભળેલા અને અનુભવેલા... આહાહા..! એનું કહેલું આ શાસ્ત્ર છે. એથી એ પ્રમાણભૂત છે. આહાહા..! સમજાણું કાંઈ? આહા..!

**'એક જ વખતે પરિણમે પણ છે...'** પરિણમે એમાં એ જ્ઞાન પણ પરિણમે છે એ ભેગું આવી ગયુંને? આહાહા..! એક જ સમયે જ્ઞાન પરિણમે છે અને અનંતગુણ પણ પરિણમે છે, પણ એક જ સમયે જ્ઞાન પરિણમતું જ્ઞાનને જાણે છે અને બધાને જાણે છે. આહાહા..! છે? આહાહા..! **'એક જ વખતે પરિણમે પણ છે અને...'** એકત્વપૂર્વક **'જાણે પણ છે...'** બધાને પાછું હોં! જે સમયે પરિણમન થાય છે પોતાનું અને બધા ગુણોનું તે જ સમયે તેને જાણે છે. આહાહા..! હજી તો આત્મા કહેવો કોને એની ખબરું ન મળે. આહાહા..! અને એને ધર્મ થઈ જાય. આહાહા..! રખડપટ્ટી કરી-કરીને મરી ગયો ચોર્યાસીના અવતારમાં. એવા તો અનંતા અવતાર કર્યા. શાસ્ત્ર પણ જાણ્યા-વાંચ્યા. પણ આ ભાવ આ રીતે છે એ અંદર પરિણમ્યો નહિ. એમ કીધું અહીં. અહીં પરિણમન કીધુંને? આહાહા..!

**'એકત્વપૂર્વક એક જ વખતે...'** પોતાનું જ્ઞાનનું અને અનંતગુણનું પરિણમન એક સમયમાં તે જ સમયે તે બધાનું જ્ઞાન પણ તે સમયે કરે. આહાહા..! પરિણમવું અને જ્ઞાન કરવું એક જ સમયમાં છે. પરિણમે છે અને પછી જાણે છે એમ નથી. આહાહા..! સમજાણું કાંઈ? આવી વાત છે. જૈનધર્મ!

**શ્રોતા :—** આ જૈનધર્મ?

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** હા, આ જૈનધર્મ. આહાહા..!

**'તેથી તે સમય છે.'** આહાહા..! **'આ જીવ-પદાર્થ કેવો છે? સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...'** આહાહા..! એ **'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી,...'** એ તો એનો સ્વભાવ છે અને સ્વભાવમાં રહેલો છે એટલે **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.'** ત્રણ લીધા. **'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો...'** પરિણમે છે એ ઉત્પાદ-વ્યય, સ્વભાવમાં છે ધ્રુવ. આહાહા..! છે? **'સદાય પરિણામસ્વરૂપ...'** બાપુ! આ તો મંત્રો છે. આ કાંઈ વાર્તા નથી. આ તો સર્વજ્ઞ ત્રિલોકનાથ જેની પાસે એક ભવમાં મોક્ષ જનારા ઈન્દ્રો સાંભળે છે. એ ગલુડિયાની જેમ સભામાં બેઠા હોય છે. આહાહા..! એ કોઈ વાર્તા નથી, કોઈ કથા

નથી. આહાહા..! એ ચૈતન્ય હીરલાની વાતું, ચૈતન્ય મણિની વાતું છે એ તો. આહાહા..! એ ચૈતન્ય હીરો કેવો છે? આહાહા..!

કહે છે, '**સદાય પરિણામસ્વરૂપ...**' એની પર્યાયનું બદલવું સદાય ધારા છે. આહાહા..! એક ધારાવાહી સદાય પરિણમન છે. પર્યાય... પર્યાય... પર્યાય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય... ઉત્પાદ-વ્યય થયા જ કરે. નવી ઉત્પાદ થાય, જૂની વ્યય થાય, બીજે સમયે નવી ઉત્પન્ન થાય, જૂની વ્યય થાય. એમ પરિણમન સદાય ક્રમસર (ચાલ્યા જ કરે છે). આહાહા..! જુઓ, એમાં ક્રમબદ્ધ પણ નીકળે છે. '**સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો...**' એ ધ્રુવ. આહાહા..! એ પરિણામસ્વરૂપ ઉત્પાદ-વ્યય અને સ્વભાવમાં રહેલો એ ધ્રુવ. આહાહા..! એ ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય સ્વરૂપમાં રહેલો છે. એટલે કે પરિણમનમાં રહ્યો છે એ ઉત્પાદ-વ્યય અને ધ્રુવમાં રહ્યો છે એ કાયમનું નિત્ય સ્વરૂપ. આહાહા..!

**શ્રોતા :—** કાયમ રહેવું અને બદલવું એ તો પરસ્પર વિરુદ્ધ છે.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** ટકતું અને બદલતું બે સ્વરૂપ છે. નિત્ય પરિણામી. ધ્રુવ, ઉત્પાદ-વ્યય. આહાહા..! અરે..! એણે પોતાની ચીજને અને તે સર્વજ્ઞ પરમેશ્વરે કેવળી પરમેશ્વરે કહી છે એ વાત એણે સાંભળવા દરકાર કરી નથી. આહાહા..! અને આવું સ્વરૂપ દિગંબર સંત સિવાય ક્યાંય છે નહિ. બધે ઊંધું જ માર્યું છે લોકોએ. એકે-એક. આહાહા..! પણ પરીક્ષા નથી ત્યાં ગોળ અને ખોળ સરખું. આહાહા..! જેની એક-એક કડી અને એક-એક લીટી પાર પામે નહિ એટલી વસ્તુ છે એમાં. આહાહા..! કહે, સમયસાર અમે વાંચી ગયા. વાંચ્યા, બાપા!

**શ્રોતા :—** શબ્દો વાંચ્યા, ભાવ ન ખબર પડી.

**પૂજ્ય ગુરુદેવશ્રી :—** શબ્દો વાંચ્યા એમાં શું થયું, ભાઈ? અંદર ભાવ શું છે એ ખ્યાલમાં ન આવે એ વાંચ્યા એ વાંચ્યું શું? ગડિયો ગોખી ગયો. ગડિયો સમજો છોને? શું કહે છે તમારે? એને કાંઈક કહે છે. એ ગડિયાની ભાષા બીજી કરે છે. પહાડા. પહાડા-પહાડા. ચંદુભાઈ તો અત્યારે નથી આવ્યા. રાતે નહોતા અને અત્યારે નથી. બેયમાં નહોતા.

આવી વાત જીંદગીમાં પહેલી કહેવાણી છે. ભાવની છેડા વિનાના ભાવ. છેડા વિનાની પર્યાય, કાળ એકસાથે ભલે હો. છેડા વિનાના અવિભાગપ્રતિચ્છેદ, છતાં તે જ્ઞાનની પર્યાય એનો અંત લઈ લે છે. અંત લઈ લે માટે ત્યાં અંત થઈ ગયો છે એમ નથી. જ્ઞાનની પર્યાય એનો અંત લઈ લે છે. જાણે છે કીધુંને. અનંતા દ્રવ્યોનું ધ્રુવપણું અને અનંતા દ્રવ્યોનું ઉત્પાદ-વ્યયપણું. અહીં આત્માની વાત કરે છે, પણ આત્માની પર્યાયમાં અનંતા દ્રવ્યના ગુણ-પર્યાયો પરિણમનમાં જણાઈ જાય છે. એ જ્ઞાનના પરિણમનમાં જણાઈ જાય છે. આહાહા..! એના પોતાના અસ્તિત્વમાં જ અનંતા દ્રવ્ય-ગુણ-પર્યાયો એ જ્ઞાનની પર્યાયે પરિણમન થતાં તેમાં જણાઈ જાય છે. આહાહા..!

**'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ...'** શું કહ્યું જોયું? પરિણમન છે ઉત્પાદ-વ્યયનું. ઊપજે-વ્યય એક સમયમાં, ધ્રુવ પણ એક સમયમાં. એ ત્રણની એકતારૂપ અનુભૂતિ એટલે ત્રણનું એકપણે થવું. ત્રણનું એકપણે થવું. **'જેનું લક્ષણ છે...'** એમ. થવું. અનુસરીને થવું. ઉત્પાદ-વ્યય-ધ્રુવને અનુસરીને થવું. આહાહા..! આહાહા..!

**'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવની એકતારૂપ...'** ત્રણની એકતા એક સમયમાં. સમયમાં ભેદ નથી. જે સમયે ધ્રુવ છે તે સમયે ઉત્પાદ-વ્યય છે, જે સમયે ઉત્પાદ-વ્યય પરિણમે છે તે સમયે ધ્રુવ અપરિણમનસ્વરૂપ પડ્યું જ છે. આહાહા..! **'ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ અનુભૂતિ જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.' 'આ જીવ પદાર્થ કેવો છે?'** ત્યાંથી શરૂ કર્યું. પછી શરૂ કરીને અહીં લઈ લીધું કે **'સદાય પરિણામસ્વરૂપ સ્વભાવમાં રહેલો હોવાથી, ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યની એકતારૂપ...'** એક સમયની અનુભૂતિ, તે રૂપે થવું **'જેનું લક્ષણ છે એવી સત્તાથી સહિત છે.'** ઉત્પાદ-વ્યય અને ધ્રુવ ત્રણેય સત્ છે, એ સત્તા છે ત્રણેય સત્તા. તે ત્રણ સત્તાથી તે જીવ સહિત છે. એ જીવની પહેલી કેવો જીવ છે એમ કરીને વ્યાખ્યા કરી. આહાહા..! સમજાણું?

**'આ વિશેષણથી, જીવની સત્તા નહિ માનનાર નાસ્તિકવાદીઓનો મત ખંડિત થયો...'** કોણ જાણે શરીર ક્યાં છે અહીં? એમ માનનાર નાસ્તિક. **'પુરુષને અપરિણામી માનનારા સાંખ્યવાદીઓનો વ્યયચ્છેદ,...'** આત્મા છે એ બદલતો નથી, કાયમ એકરૂપ રહે છે એવાનો અહીં વ્યયચ્છેદ કર્યો. છેને? **'પરિણમનસ્વભાવ કહેવાથી, થયો. નૈયાયિકો અને વૈશેષિકો સત્તાને નિત્ય જ માને છે...'** છે એને એક જ રૂપે માને. **'બૌદ્ધો સત્તાને ક્ષણિક જ માને છે;...'** એક સમયની સત્તાવાળું જ બૌદ્ધ માને. **'તેમનું નિરાકરણ, સત્તાને ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યરૂપ કહેવાથી થયું.'** આહાહા..! અર્થકાર પંડિતે પણ.. ઉત્પાદ-વ્યય સાંખ્ય માનતા નથી, બૌદ્ધ ધ્રુવ માનતા નથી. એટલે બેયનો નિષેધ થયો. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યસ્વરૂપ જ એ વસ્તુ છે. એક જ સમયમાં એકતારૂપે વસ્તુ છે. એવો જે જીવ નામનો પદાર્થ છે. વિશેષ કહેશે... **(શ્રોતા :- પ્રમાણ વચન ગુરુદેવ!)**

ૐ

નમઃ સિદ્ધેભ્યઃ